મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત શ્રીભાગવત વ્યાખ્યા

# રાજસ સાધન પ્રકરણ

# સુબોધિની

## (દશમસ્કન્ધ અન્તર્ગત અધ્યાય ૪૭-૫૩)



जय श्रीकृष्ण

श्रीवल्लभाधीशो जयति

પ્રકાશક : શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ



जय श्रीकृष्ण

श्रीवल्लभाधीशो जयति

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત શ્રીભાગવત વ્યાખ્યાઃ

# રાજસ સાધન પ્રકરણ
# સુબોધિની

(સુબોધિની અનુસાર અધ્યાય ૪૭-૫૩)


અનુવાદક :

ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી


जय श्रीकृष्ण

श्रीवल्लभाधीशो जयति


પ્રકાશક : શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ

**પ્રકાશક :**
**શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ,**
કંસારા બજાર, માંડવી-કચ્છ, ગુજરાત, ૩૭૦૪૬૫

**શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ**
ફુલાભાઈ પાર્ક, હાલોલ, પંચમહાલ, ગુજરાત, ૩૮૯૩૫૦

**સમ્પાદક :** શ્રીશરદ્ ગોસ્વામી

**પ્રકાશન વર્ષ :** વિ.સં.૨૦૭૭
**શ્રીવલ્લભાબ્દ :** ૫૪૨

**પ્રતિ :** ૧૦૦૦

**મુદ્રક :**
પૂર્વી પ્રેસ્ પ્રા. લિ., રાજકોટ

# શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ

**શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ, ફુલાભાઈ પાર્ક, હાલોલ, જિ.પંચમહાલ પિન.૩૮૯૩૫૦.**
**ફોન : ૯૩૧૩૪ ૩૬૨૦૦**

| ગ્રન્થ | પ્રકાશનસહાય |
|---|---|
| **પુષ્ટિમાર્ગની પ્રાથમિક સમજ માટે** | |
| પ્રવેશિકા, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી(ગુજરાતી) | ૧૦ |
| પ્રવેશિકા, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી(હિન્દી) | ૧૦ |
| Praveshika, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (અંગ્રેજી) | ૧૦ |
| પુષ્ટિપ્રવેશ ૧-૨, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (ગુજરાતી) | ૨૦ |
| પુષ્ટિપ્રવેશ ૧-૨, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (હિન્દી) | ૨૦ |
| પુષ્ટિપથ, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (ગુજરાતી) | ૧૦ |
| પુષ્ટિપથ, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (હિન્દી) | ૧૦ |
| પ્રમેયરત્નસંગ્રહ, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (ગુજ.) | ૨૦ |
| Manual of the devotionalpath of Pushti. લેખક : ઉપરમુજબ (અપ્રાપ્ય) | ૬૫ |
| **શ્રીભાગવતસુબોધિનીનું શ્રીનાનુલાલ ગાંધીએ કરેલ ભાષાન્તરઃ** | |
| **પ્રથમસ્કન્ધ** | ૧૦૦ |
| **દ્વિતીયસ્કન્ધ** | ૧૦૦ |
| **તૃતીયસ્કન્ધ** (બે ભાગમાં) | ૪૦૦ |
| **જન્મપ્રકરણ**(દશમસ્કન્ધ અધ્યાય ૧-૪) | ૧૫૦ |
| **તામસ પ્રમાણ પ્રકરણ** (દશમસ્કન્ધ અધ્યાય ૫-૧૧; પ્રક્ષિપ્ત અધ્યાય૧૨-૧૪) | ૧૨૫ |
| **તામસ પ્રમેય પ્રકરણ** (દશમસ્કન્ધ અધ્યાય ૧૨-૧૮) | ૧૨૫ |
| **તામસ સાધન-ફળ પ્રકરણ** (દશમસ્કન્ધ અધ્યાય ૧૯-૩૨) | ૨૦૦ |
| **રાજસ પ્રમાણ પ્રમેય પ્રકરણ** (દશમસ્કન્ધ અધ્યાય ૩૩-૪૬) | ૨૦૦ |
| **તત્ત્વદર્શનવિષયક રાષ્ટ્રીય સેમિનારમાં પ્રસ્તુત થયેલ વિભિન્ન શોધપત્રો તથા ચર્ચા નો સંગ્રહ** | |
| શબ્દખંડીયા વિદ્વત્પરિચર્ચા (સંસ્કૃત-અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| અન્યખ્યાતિવાદીયા વિદ્વત્સંગોષ્ઠી (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૧૫૦ |
| કાર્યકારણભાવમીમાંસા વિદ્વત્સંગોષ્ઠી (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| પ્રત્યક્ષપ્રમાણ વિદ્વત્સંગોષ્ઠી (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૧૫૦ |
| અન્ધકારવાદ વિદ્વત્સંગોષ્ઠી (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| વલ્લભવેદાન્ત લેખકઃ ગો.શ્રીશ્યામ મનોહરજી(સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | નિઃશુલ્ક |
| **સામ્પ્રદાયિક વિચારગોષ્ઠીમાં પ્રસ્તુત થયેલા વિભિન્ન શોધપત્રો તથા તેના ઊપર થયેલ ચર્ચા નું સંકલન** | |
| વાર્તાપરિચર્ચા | ૧૫ |

| | |
|---|---|
| અધિકારપરિચર્ચા | ૧૦૦ |
| સાધનાપ્રણાલી | (અપ્રાપ્ય) |
| પુષ્ટિભક્તિમાં કથાસાધના વિચારગોષ્ઠી | (અપ્રાપ્ય) |
| શરણાગતિ વિચારગોષ્ઠી | ૫૦ |
| શરણાગતિ વિચારગોષ્ઠી (પૂરક પ્રશ્નોત્તરી) | (અપ્રાપ્ય) |
| સેવા-સમર્પણ વિચારગોષ્ઠ | ૫૦ |
| પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં જઘન્યાધિકાર વિચારગોષ્ઠી | ૮૦ |
| પ્રતિબન્ધ (પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં પ્રતિબન્ધ) | ૧૦૦ |
| પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં ફળ | ૧૦૦ |

## નિત્યસ્તોત્રપાઠ

| | |
|---|---|
| **પુષ્ટિપાઠાવલી** (ગુજરાતી) પાકું બાઈંડિંગ | અપ્રાપ્ય |
| **પુષ્ટિપાઠાવલી** (હિન્દી) પાકું બાઈંડિંગ | અપ્રાપ્ય |
| **પુષ્ટિપાઠાવલી** (ગુજરાતી) કાચું બાઈંડિંગ | ૨૦ |
| **પુષ્ટિપાઠાવલી** (ગુજરાતી) કાચું બાઈંડિંગ ૪''.૩'' નાની સાઈઝ | ૨૦ |
| **પુરુષોત્તમસહસ્રનામ-ત્રિવિધલીલાનામાવલી** (અનુવાદ સહિત) | ૨૦ |

## અધ્યયનોપયોગી ગ્રન્થો

| | |
|---|---|
| **શ્રીભાગવતમહાપુરાણ**(ચારભાગ. મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય સમ્મત અર્થવાળું) | ૫૦૦ |
| **ષોડશગ્રન્થ**(સરળ ગુજરાતી ભાવાર્થ-વિવેચન સાથે. પેજ સં. ૨૩૦) | નિઃશુલ્ક |
| **જિન શ્રીવલ્લભરૂપ ન જાન્યો** | અપ્રાપ્ય |
| ગો.શ્રીશ્યામ મનોહરજી લિખિત સર્વોત્તમસ્તોત્રની વિસ્તૃત ભૂમિકાનો ગુજરાતી અનુવાદ, શ્રીવલ્લભાષ્ટક, સપ્તશ્લોકી,શ્રીવલ્લભસ્તોત્રો, પઞ્ચશ્લોકી, શિક્ષાશ્લોકી આદિ ગ્રન્થોનું વિવેચન ૪૫૦થી વધુ પાનામાં સંકલન | |
| **કૃષ્ણાશ્રય,** શ્રીકલ્યાણરાયજી લિખિત સંસ્કૃત ટીકાનો ગુજ અનુવાદ | અપ્રાપ્ય |
| **ભગવદ્ગીતા** | ૧૦૦ |
| અનુવાદક : શ્રીનાનુલાલ ગાંધી. શબ્દાર્થ, શ્લોકાર્થ, વિવેચન,પાદાનુક્રમણિકા, ગીતાતાત્પર્ય તથા ન્યાસાદેશવિવરણ ગુજરાતી અનુવાદ સાથે. | |
| **પુષ્ટિઅસ્મિતા સંવર્ધક શિબિર, રાષ્ટ્રીય સંમેલન-ભરૂચ** (પ્રશ્નોત્તરી) | ૨૫ |
| **ષોડશગ્રન્થગત ઉપદેશો અને તેમની ૬૪વાર્તાઓ,** લે.ભૂપેન્દ્રભાઈ ભાટીયા | અપ્રાપ્ય |
| **ષોડશગ્રન્થગત ઉપદેશો અને તેમની ૨૮વાર્તાઓ,** લે. ઉપર મુજબ | અપ્રાપ્ય |
| **ભગવદ્ગીતાનો ભક્તિયોગ, બારમો અધ્યાય,** લેખક : ગો.શ્રીશ્યા.મ. | નિઃશુલ્ક |
| **ભગવદ્ગીતાનો પુરુષોત્તમયોગ, પંદરમો અધ્યાય,** લેખક :ગો.શ્રીશ્યા.મ. | નિઃશુલ્ક |
| **દ્રવ્યશુદ્ધિ.** અપરસ-સુતક બાબતનો નિર્ણય ગ્રન્થ. લે.: ગો.શ્રીપુરુષોત્તમજી | નિઃશુલ્ક |
| **ભાગવત શાસ્ત્ર-સ્કન્ધ-પ્રકરણ-અધ્યાયનો અર્થ.** લેખકઃ શ્રીનાનુલાલ ગાંધી | ૧૦ |
| **શ્રીભાગવતાર્થપ્રકરણ,** અનુવાદકઃ ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી. | ૧૫૦ |
| (શ્રીવલ્લભાચાર્ય રચિત તત્ત્વાર્થદીપનિબન્ધાન્તર્ગતનું પ્રકરણ. શ્રીમદ્ભાગવત ના | |

શાસ્ત્ર-સ્કન્ધ-પ્રકરણ અને અધ્યાય ના અર્થોનું વિસ્તૃત વિવેચન.)

**શાસ્ત્રાર્થપ્રકરણ** ૫૦

(શ્રીવલ્લભાચાર્ય વિરચિત તત્ત્વાર્થદીપનિબન્ધમાંનું પ્રથમ પ્રકરણ. શ્રીપુરુષોત્તમજીની આવરણભંગ ટીકાના ગુજરાતી અનુવાદ સાથે)

**પુરુષોત્તમ પ્રતિષ્ઠાપ્રકાર** નિઃશુલ્ક

(શ્રીગુસાંઈજી રચિત સેવ્ય સ્વરૂપને પુષ્ટ કરાવવાની વિધિનું વિસ્તૃત ગુજરાતી વિવેચન) લે : ગો.શ્રીશ્યામમનોહરજી

**ગૃહસેવા અને વ્રજલીલા** વ્યાખ્યાતા ગો. શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક

**પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ** વ્યાખ્યાતા ગો. શ્રીશ્યામ મનોહરજી અપ્રાપ્ય

**શ્રીકૃષ્ણચરિત્ર** (દશમસ્કન્ધનો સરળ ગુજરાતી ભાવાનુવાદ) ૧૨૫

અનુવાદક : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી

**રસદષ્ટિની તરફેણમાં**. લેખક : ગો. શ્રીશ્યામ મનોહરજી અપ્રાપ્ય

**સિદ્ધાન્તનું આચમન પ્રશ્નોત્તરી** ઉત્તરદાતા : ગો. શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક

**ભક્તિવર્ધિની** વ્યાખ્યાતા : ગો. શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક

**સેવાઃ ઋતુ-ઉત્સવ-મનોરથ.** વ્યાખ્યાતાઃ ગો. શ્રીશ્યામ મનોહરજી અપ્રાપ્ય

**હમકું ઈતની સમજ ભલી**(પ્રાચીન-અર્વાચીન-આધુનિક આચાર્યોના વચનામૃતો) અપ્રાપ્ય

**તત્ત્વાથદીપનિબન્ધાન્તર્ગત સાધનપ્રકરણ.** મૂળ સહિત ગુજરાતી અનુવાદ ૨૫

**પુરુષાર્થવ્યવસ્થા** પ્રવક્તા : ગો.શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક

**पुष्टिविधानम्-२**(व्याकरणम्) અપ્રાપ્ય

श्रीवल्लभाचार्य-श्रीगोपीनाथजी-श्रीगुसांईजी रचित ५६ ग्रन्थोंका पदच्छेद-अन्वय-शब्दपरिचय-वृत्तिपरिचय.

**पुष्टिविधानम्-३**(व्रजभाषा) ૧૫૦

श्रीवल्लभाचार्य-श्रीगोपीनाथजी-श्रीगुसांईजी रचित षड्ग्रन्थोंका शब्दार्थ-श्लोकार्थ-विवेचन-पादानुक्रमणिका.

**तत्त्वार्थदीपनिबन्धान्तर्गत शास्त्रार्थप्रकरणम् सर्वनिर्णयप्रकरणम्** (व्रजभाषाटीका) १००

**वेदान्तचिन्तामणी** (हिन्दी अनुवाद सहित) तथा **सत्सिद्धान्तमार्तंड** ५०

(गुजराती प्रश्नोत्तर संक्षेप) श्रीगट्टुलालजी विरविचत.

**विवेकत्रयम्**, प्रपञ्च-जीव-मूलरूप (संस्कृत) ૧૦

**श्रीपुरुषोत्तमग्रन्थावली-५**(संस्कृत) ૧૦૦

(દશદિગન્તવિજયી ગો.શ્રીપુરુષોત્તમજી રચિત દ્રવ્યશુદ્ધિદીપિકા, ભક્તિમાર્ગીય અપરાધનિરૂપણવિવૃતિ તેમજ ઉત્સવપ્રતાન મૂળ ગ્રન્થો તેમજ તેનો વ્રજભાષા-હિન્દી-ગુજરાતી અનુવાદ)

**श्रीपुरुषोत्तमग्रन्थावली-६**(संस्कृत) ૨૦૦

(દશદિગન્તવિજયી ગો.શ્રીપુરુષોત્તમજી રચિત ઉપનિષદો, ભગવદ્ગીતા તથા ન્યાસાદેશતાત્પર્ય ની સંસ્કૃત ટીકા)

**गृहसेवा और व्रजलीला**(व्रजभाषा). व्याख्यात: गो.श्रीश्याम मनोहरजी निःशुल्क

**भगवद्गीताका भक्तियोग**. व्याख्यात: गो.श्रीश्याम मनोहरजी निःशुल्क

**सेवा : ऋतु–उत्सव–मनोरथ,** विवेचक : गो.श्रीश्याम मनोहरजी निःशुल्क

**ब्रह्मवाद** (हिन्दी) लेखक : गो.श्रीश्याम मनोहरजी निःशुल्क

**सेवाकौमुदी**(नवधाभक्ति) हिन्दी, व्याख्याता : गो.श्रीश्याम मनोहरजी अप्राप्य

**तृतीयस्कन्ध सुबोधिनी** (संस्कृत) दो खंडोंमें. १०००

**श्रीमद्ब्रह्मसूत्राणुभाष्यम् : सप्रदीप–विवरणम्.** (संस्कृत) तीन खंडोंमें. १०००

महाप्रभु श्रीवल्लभाचार्य विरचित ब्रह्मसूत्राणुभाष्यं तथा उस पर भगवदीय श्रीइच्छाराम तथा गो.श्रीगिरिधिरजी विरचित 'प्रदीप' तथा 'विवरण' टीका.

## ઇતિહાસ

**આધુનિક ન્યાયપ્રણાલી અને પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી નો આપસી ટકરાવ** નિઃશુલ્ક

લે. : ગો. શ્રીશ્યામ મનોહરજી (ગુજરાતી/હિન્દી)

**શ્રીગોપીનાથપ્રભુચરણ**(ગુજરાતી/હિન્દી) ૨૫

શ્રીગોપીનાથજીના વિષયમાં ઉપલબ્ધ (ચિત્રજી, હસ્તાક્ષર, પદ, ઈતિહાસ, રચના વગેરે) તમામ માહિતિનો સંગ્રહ.

## સન્દર્ભ ગ્રન્થો

**પુષ્ટિવિધાનમ્ પાદાનુક્રમણિકા.** ૧૦

શ્રીવલ્લભાચાર્ય-શ્રીગપીનાથજી-શ્રીગુસાંઈજી રચિત ૨૬ ગ્રન્થોની પાદાનુક્રમણિકા

**હમકું ઈતની સમજ ભલી.** અપ્રાપ્ય

એક વાર વાંચવા જેવું. પ્રાચીન-અર્વાચીન-આધુનિક આચાર્યોના માર્મિક વચનામૃતોનો સચિત્ર સંગ્રહ.

**Summary of Shuddhadvaita Vangmaya.** Aut:SriSharad Goswami 15

(મુંબઈ યુનિવર્સિટીનો અભ્યાસ ગ્રન્થ) શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી તથા શ્રીગુસાંઈજીના ગ્રન્થોનો અંગ્રેજીમાં ટુંક પરિચય.

**ગોશાળા :** મહિલાબાગ પાસે, માંડવી-કચ્છ તથા શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠમાં, હાલોલ.

**જીર્ણોદ્ધાર :** શ્રીબાલકૃષ્ણજીના બેઠકજી. ગામ : વિંજાણ, તા.અબડાસા-કચ્છ

## શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ :

શ્રીવલ્લભાચાર્ય નગર, રેફરલ હોસ્પિટલ પાછળ, હાલોલ, જિ. પંચમહાલ.

અધ્યયનોપયોગી ગ્રન્થાલય, આચાર્યભવન, હસ્તલિખિત ગ્રન્થાગાર, અધ્યયનકક્ષ, છાત્રાલય, વૈષ્ણવ આવાસ, ભોજન, અધ્યાપક વગેરે અત્યાવશ્યક સુવિધાઓથી સુસજ્જ

## પુષ્ટિસ્વાધ્યાય :

અઠવાડીયાના લગભગ બધા દિવસ આબાલ-વૃદ્ધ બધા પુષ્ટિમાર્ગીઓ માટે સમ્પ્રદાયના મૂળ ગ્રન્થોનું અધ્યાપન વિદ્વાન્ આચાર્યવંશજો દ્વારા ટેલિફોનિક કોન્ફરન્સ્ માધ્યમથી કરવામાં આવે

છે : વધુ માહિતિ માટે ફોન સમ્પર્ક : ૯૪૨૬૬૨૩૫૬૫

Pushti-Vidya
**‘पुष्टिविद्या’ मोबाईल् एप्लिकेशन्**

**व्होट्स्एप** द्वारा विद्यापीठ तथा पुष्टिमार्ग सम्बन्धी महत्त्वपूर्ण जानकारीयां प्राप्त करनेकेलिए सम्पर्क करें : 9426623565

**http://www.vallabhacharyavidyapeeth.org/**
**http://www.pushtimarg.net/**

**Like our page on Facebook :**
Sri Vallabhacharya Vidyapeeth

Subscribe us on You Tube:
**'Pushtiswadhyay'**

गोस्वामी श्रीश्याम मनोहरजीद्वारा सम्पादित-पुनर्मुद्रित

## शुद्धाद्वैत पुष्टिभक्ति सम्प्रदायके मूल संस्कृत ग्रन्थ

१. सव्याख्यषोडशग्रन्थ (संयुक्तप्रकाशन, दुर्लभ)
- खंड १. श्रीयमुनाष्टकम् से सिद्धान्तरहस्यम्
- खंड २. नवरत्नम् से भक्तिवर्धिनी
- खंड ३. जलभेदः से सेवाफलम्

ष. प्रकाश-रश्मि सहित ब्रह्मसूत्राणुभाष्यम्
- खंड १. प्रथमाध्याय (नाथद्वारा टेम्पलबोर्ड, अतिदुर्लभ)
- खंड २. प्रथमाध्याय (नाथद्वारा टेम्पलबोर्ड, अतिदुर्लभ)
- खंड ३. द्वितीयाध्याय
- खंड ४. तृतीयाध्याय
- खंड ५. चतुर्थाध्याय

३. श्रीमद्भागवतसुबोधिनी
- खंड १. प्रथम-द्वितीयस्कन्ध
- खंड ४. जन्मप्रकरण
- खंड ५. तामसप्रमाणप्रकरण

खंड ६. तामसप्रमेय–साधनप्रकरण

खंड ७. तामसफलप्रकरण

खंड ८. राजसप्रमाण–प्रमेयप्रकरण

खंड ९.राजससाधन–फलप्रकरण

खंड १०.सात्त्विकप्रमेयसाधनफलप्रकरण

खंड ११. गुणप्रकरण तथा यावत्प्राप्य एकादशस्कन्ध

४. तत्त्वार्थदीपनिबन्ध

खंड १. शास्त्रार्थ–सर्वनिर्णयप्रकरण

खंड २. भागवतार्थप्रकरण स्कन्ध १–५

खंड ३. भागवतार्थप्रकरण स्कन्ध ६–१४

५. सव्याख्यषड्ग्रन्थाः [संयुक्तप्रकाशन, दुलर्भ]

६. वेदान्ताधिकरणमाला–भावप्रकाशिका

७. विविधविवरणोपेत पत्रावलम्बनम्

८. प्रस्थानरत्नाकर

९. विद्वन्मण्डनम्

१०. श्रीबालकृष्णग्रन्थावली

११. श्रीवल्लभमहाप्रभुस्तोत्राणि

१२. श्रीपुरुषोत्तमप्रतिष्ठाप्रकारः

१३. वल्लभाख्यान (सप्तटीकोपेत)

१४. पुष्टिविधानम् [गुजराती, व्रज तथा संस्कृत संस्करण]

१५. वादावली

ब्रह्मवाद, वादकथा, विग्रहवाद, प्रपंचवाद, प्रपंचसंसारभेदवाद, ब्रह्मजीवतदैक्यस्वरूपनिरूपणम्, विरुद्धधर्माश्रयत्वविवेचनम्, आत्मवादः, प्रश्नोत्तरसाहस्रीपर्यालोचनम्, प्रश्नोत्तरसाहस्रीचर्चित–प्रकृत्यधिकरण–समालोचनम्, केवलाद्वैतवादाभिमताविद्यास्वरूपविमर्शः, अक्षरपुरुषोत्तम–द्वैतनिरासवादः

१६. अवतारवादावली

खंड २. भेदाभेदवाद,सृष्टिभेदवाद,आविर्भावतिरोभाववाद,ख्यातिवाद,प्रतिबिम्बवाद, अन्धकारवाद.

खंड ३. ब्राह्मणत्वादिदेवतावादः, जीवव्यापकत्वखण्डनवाद, जीवप्रतिबिम्बत्व–खण्डनवादः, भागवतस्वरूपविषयकशंकानिरासवादः,उपदेशादिविषयकशंकानिरासवादः,भगवत्प्रतिकृति–पूजनवादः, ऊर्ध्वपुण्ड्रधारणवादः, तुलसीमालाधारणवादः, शंखचक्रधारणवादः,

भक्तिरसत्ववादः, भक्त्युत्कर्षवादः, नामफलादिप्रकारवादः, जयश्रीकृष्णोच्चारणवादः, स्ववृत्तिवाद ः, वस्त्रादिसेवावादः, मूर्तिपूजनवादः, भागवतपाठादेः शंकानिरासवादः.

१७. सत्सिद्धान्तमार्तण्डः. भारतमार्तण्ड–पञ्चनदी श्रीगोवर्धन(गट्टुलाल)शर्मा विरचित.

१८. वेदान्तचिन्तामणी. भारतमार्तण्ड–पञ्चनदी श्रीगोवर्धन(गट्टुलाल)शर्मा विरचित.

४क्र.१, ष तथा ४/१, ४/ष को छोड कर सभी ग्रन्थ श्रीवल्लविद्यापीठ–श्रीविट्ठलेश्वर–प्रभुचरण आ.हो.ट्रस्ट (कोल्हापुर) द्वारा प्रकाशित.

- वाल्लभवेदान्त निबन्धसंग्रह (हिन्दी)
- पुष्टिप्रवाहमर्यादाभेद (गुजराती)
- विवेक (हिन्दी)
- विशोधनिका (चार खंड) (गुज–हिन्दी)
- पुरुषोत्तमयोग (गुजराती–हिन्दी)
- नवरत्नम् (गुजराती–हिन्दी)
- श्रीयमुनाष्टकम् (हिन्दी)
- सिद्धान्तनुं आचमन (गुजराती)
- सिद्धान्तसूक्ति (गुजराती)
- भगवद्गीतासु भक्तियोग
- वार्तान्की सैद्धान्तिक संगति
- पुरुषार्थव्यवस्था (हिन्दी–गुजराती)
- चतुःश्लोकी(हिन्दी)
- रसदृष्टिनी तरफेणमां (हिन्दी–गुजराती)
- गृहसेवा और व्रजलीला (गुजराती–हिन्दी)
- ब्रह्मवाद (वादावली सम्पादकीय)
- सेवाकौमुदी/नवधाभक्ति (हिन्दी)
- चिरकुट चर्चा समीक्षा (हिन्दी–गुज)
- पुष्टिमार्गीय पीठाधीश स्वरूप और कर्तव्य
- अणुभाष्य(साधनफलाध्याय) भूमिका (गुज.)
- नवरत्नोपदेशका मानसविश्लेषण(गुज–हिंदी)
- श्रीवल्लभाचार्यके दर्शनका यथार्थ स्वरूप
- शरणागतिविचारगोष्ठी एक पूरक प्रश्नोत्तरी (गुजराती)
- धर्म–अर्थ–काम–मोक्षकी पुष्टिमार्गीय विवेचना(हिन्दी–गुजराती)
- भगवत्सेवानो सिद्धान्तशुद्ध प्रकार : एक प्रश्नोत्तरी (गुजराती)

- साकारब्रह्मवाद (तत्त्वचिन्तन भक्ति और संस्कृति विमर्श) (हिन्दी)
- तत्त्वार्थदीपनिबन्धान्तर्गत शास्त्रार्थप्रकरणोपक्रम(गुज.)
- तत्त्वार्थदीपनिबन्धान्तर्गत संक्षिप्त शास्त्रार्थ-सर्वनिर्णयप्रकरण तथा विवेकधैर्याश्रय, नवरत्न, सिद्धान्तमुक्तावली एवं भक्तिवर्धिनी का गुजराती अनुवाद-विवेचन(गुज.)
- श्रीवल्लभाख्यान : श्रीमद्भागवतको प्रारूप और श्रीवल्लभाख्यान
- सूक्तित्रय : सिद्धान्त, उत्सव, भक्ति.
- पुष्टिभक्तिका व्यापारीकरण (कुशंका, खिलवाड-समाधान)
- ब्राह्मिक याथार्थ्य और ब्रह्मवाद की नानावादानुरोधिता (लघुग्रन्थसंग्रह-२)
- पुष्टिमार्गकी आचार्यत्रयी
- अमृतका आचमन
- गोपीगीत
- नलकूबर-मणिग्रीव स्तुति

**सम्पर्क :**

गोस्वामी श्रीश्याम मनोहरजी, व्रजकमल, ६३ स्वस्तिक सोसायटी, ४था रास्ता,
जुहु स्कीम, विलेपार्ले(पश्चिम) मुम्बई-**५६**

## ।। પ્રકાશકીય ।।

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિત શ્રીભાગવતના દશમસ્કન્ધ ઉત્તરાર્ધ સુબોધિનીજીના **રાજસ સાધન** પ્રકરણ તેમજ **રાજસ ફળ** પ્રકરણ (અધ્યાય ૪૭ થી ૬૦; પ્રચલિત ક્રમાનુસાર અધ્યાય ૫૦ થી ૬૩) ના ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી કૃત ગુજરાતી અનુવાદનું શ્રીવલ્લભવાઙ્મયના અધ્યેતાઓ સમક્ષ પ્રકાશન કરતાં આનન્દ અને કૃતાર્થતા નો અનુભવ થઈ રહ્યો છે.

**પ્રથમ સંસ્કરણ:** શ્રીનાથદ્વારા કૃષ્ણભંડારે વિ.સં.૨૦૦૦ ની સાલમાં અતિ ઉદારતા દાખવીને રૂ. ૨૦૦૦ સામ્પ્રદાયિક ગ્રન્થોના પ્રકાશન માટે ફાળવ્યા હતા. તેમાંથી ૧૫૦૦ રૂપીઆ ગો.વા.શ્રીરણછોડદાસ વૃન્દાવનદાસ પટવારીને સામ્પ્રદાયિક ગ્રન્થોના પ્રકાશન માટે માકલાવ્યા હતા. તે રકમમાંથી શ્રીરણછોડભાઈએ રાજસ સાધન તથા રાજસ ફળ પ્રકરણ ના પ્રથમ સંસ્કરણો વિ.સં. ૨૦૦૧ અને ૨૦૦૨ માં શ્રીનાથદ્વારા કૃષ્ણભંડારના નામે પ્રકાશિત કરાવ્યા હતા. કાગળ ખુબ મોંઘા હોતાં આ ગ્રન્થની ફક્ત અઢીસો-અઢીસો (૨૫૦) પ્રતો કુલ રૂપીઆ ૧૫૦૦ માંથી છાપવામાં આવી હતી! આમાંથી બચેલી (?!) રકમનો વિનિયોગ શ્રીનાનુલાલ ગાંધીએ અનુવાદ કરેલ સુબોધિનીના શેષ ભાગો છાપવામાં કરવામાં આવેલ!!

રાજસ ફળ પ્રકરણ સુબોધિની ના પ્રકાશકીય નિવેદનમાં શ્રીરણછોડદાસ પટવારી લખે છે:

> શ્રીનાથજીનું મંદિર પુષ્ટિમાર્ગનું કેન્દ્રસ્થાન છે. શ્રીનાથજીનું સ્વરૂપ ગોસ્વામી બાળકોના માથે વર્ષો થયાં બિરાજે છે. શ્રીનાથજીના પ્રતાપથી અત્યારે પણ શ્રીકૃષ્ણ ભંડારની આવક એટલી છે કે ભંડાર તરફથી દર વરસે સામ્પ્રદાયિક અનેક ગ્રન્થોનું પ્રકાશન થઈ શકે. ઉમેદ છે કે પૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮ શ્રીગોવિન્દલાલજી શ્રીતિલકાયત મહારાજ સાંપ્રદાયિક સાહિત્યમાં રસ લઈ આવો પ્રબંધ કરાવશે!!!

એ તો કાંઈ થયું નહીં પરન્તુ, હા, વર્તમાન તિલકાયતશ્રીએ મશીન દ્વારા શ્રીનાથજીનો મહાપ્રસાદ વેચવાની વ્યવસ્થા જરૂર ઉભી કરી છે!

આ ખંડમાં પણ શ્રીસુબોધિનીના અધ્યયનમાં ઉપકારક એવા મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિત શ્રીભાગવતાર્થ પ્રકરણનો સંબાધિત અંશ તથા શ્રીરઘુનાથચરણ વિરચિત નામચન્દ્રિકા ટીકાના ગુજરાતી અનુવાદ સહિત

શ્રીપુરુષોત્તમનામસહસ્ર સ્તોત્રમાંના સમ્બન્ધિત નામો તથા ગ્રન્થની વિગતવાર અનુક્રમણિકા છાપવામાં આવી છે.

સમ્પૂર્ણ રાજસ સાધન તથા ફળ પ્રકરણના સુબોધિનીજીનું પ્રુફરીડીંગ ભરૂચ નિવાસી શ્રીમતી પ્રીતિબેન દલાલે કર્યું છે, ગ્રન્થને પ્રેસમાં મોકલવા લાયક તૈયાર કરવાનું તેમજ છપાવવા નું કાર્ય શ્રીપીયૂષ ગોંધીયા તથા શ્રીપ્રવીણભાઈ એ કર્યું છે જે આ પ્રસંગે અવિસ્મરણીય છે.

**શ્રીરામ જન્મોત્સવ** **શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ દ્વારા**

શ્રીવલ્લભાબ્દ ૫૪૩; વિક્રમસંવત ૨૦૭૮ શરદ્ ગોસ્વામી

# || અનુક્રમણિકા ||

**શ્રીભાગવતાર્થપ્રકરણમાં નિરૂપિત રાજસ સાધન-ફળ પ્રકરણનો અર્થ તથા અધ્યાયાર્થ.**

**શ્રીપુરુષોત્તમનામસહસ્ર સ્તોત્રમાં નિરૂપિત રાજસ સાધન-ફળ પ્રકરણના ભગવન્નામો તથા તેના પર શ્રીરઘુનાથ-ચરણ વિરચિત નામચન્દ્રિકા ટીકાનો ગુજરાતી અનુવાદ.**

## દશમસ્કન્ધ ઉત્તરાર્ધ અન્તર્ગત રાજસ સાધન પ્રકરણ

## (શ્રીસુબોધિની અનુસાર અધ્યાય ૪૭-૫૩)


**અધ્યાય ૪૭. ભગવાને જરાસન્ધને સત્તર વાર હરાવ્યો.** ૦૧

કંસવધને કારણે જરાસંધનો ક્રોધ અને મથુરા પર આક્રમણ. શ્રીકૃષ્ણ-બલરામ અને જરાસંધ વચ્ચે સત્તર વખત તુમુલ યુદ્ધ થયું. દર વખતે જરાસંધનો પરાજય. અઢારમી વખત જરાસંધના આવતાં પહેલાં નારદની પ્રેરણાથી  કાલયવનનું મથરા પર આક્રમણ. બેવડો ભય ઉપસ્થિત થતાં, સ્વજનોની રક્ષા માટે અદ્ભુત દ્વારકા નગરીનું નિર્માણ કરી તેમને ત્યાં મોકલી આપી શ્રીકૃષ્ણ નિરાયુધ મથુરાની બહાર પધાર્યા.

**અધ્યાય ૪૮. ભગવાને મુચુકુન્દ ઉપર કરેલો અનુગ્રહ.** ૫૨

નિઃશસ્ત્ર શ્રીકૃષ્ણની સાથે યુદ્ધ કરવા કાલયવન પણ એકલો નિઃશસ્ત્ર સામો આવ્યો. રણછોડ શ્રીકૃષ્ણ પાછા ભાગીને મુચુકુન્દ વિશ્રામ કરી રહ્યા હતા તે ગુફામાં પ્રવેશ્યા. મુચુકુન્દને શ્રીકૃષ્ણ સમજીને પદપ્રહાર કરતાં જાગેલા મુચુકુન્દની ક્રોધદષ્ટિથી કાલ યવન ભસ્મ. મુચુકુંન્દની કથા. મુચુકુન્દને શ્રીકૃષ્ણે દર્શન આપ્યાં. મુચુકુન્દે પરિચય આપવા વિનન્તી કરતાં શ્રીકૃષ્ણનું આત્મપરિચય આપવું. શરણાગત મુચુકુન્દે ભગવાનની સ્તુતિ કરી. તેને ભગવત્પ્રાપ્તિનું વરદાન.

**અધ્યાય ૪૯. રુક્મિણીજીએ ભગવાનને લખેલો પત્ર.** ૧૦૬

મુચુકુન્દની બ્રદ્રિકાશ્રમમાં તપસ્યા. મથુરા પાછા પધારી મ્લેચ્છસેનાનો સંહાર કરી શ્રીકૃષ્ણનું દ્વારકા પ્રસ્થાન. અચાનક આવી ચઢેલા જરાસન્ધને જોઈ બંન્ને ભાઈઓનું રહસ્યમય પલાયન. જરાસન્ધ પાછળ પડ્યો. શ્રીકૃષ્ણ-બલરામ પ્રવર્ષણ પર્વત ઉપર ચઢી ગયાં. જરાસંધે પર્વતને આગ ચાંપી. પર્વત ઉપરથી કૂદીને બન્ને ભાઈઓ દ્વારકા પધાર્યા. રુક્મિણીહરણની કથા. બ્રહ્મણના મુખે શ્રીકૃષ્ણના રૂપ-ગુણનો પરિચય થતાં રુક્મિણીજી મનોમન શ્રીકૃષ્ણને વર્યાં. મોટો ભાઈ તેમનો વિવાહ શિશુપાલ સાથે કરવા માંગે છે તે જાણી રુક્મિણીજીએ બ્રાહ્મણ દ્વારા શ્રીકૃષ્ણને સંદેશો મોકલ્યો. રુક્મિણીજીનો સન્દેશ.

**અધ્યાય ૫૦. (રાજાઓને જીતી શ્રીકૃષ્ણ રુક્મિણીજીનું હરણ કરી લાવ્યા)** ૧૪૨

રુક્મિણીજીનું હરણ કરવા શ્રીકૃષ્ણનું કુંડિનપુર પ્રતિ પ્રસ્થાન. રુક્મિણીજીના વિવાહની તૈયારી તથા અભ્યાગતો નું વર્ણન. શ્રીકૃષ્ણની વાટ જોતાં રુક્મિણીજીની ચિન્તા. બ્રાહ્મણના આગમનથી રુક્મિણીજીને આનન્દ. રામ-કૃષ્ણનું આગમન, સત્કાર અને શ્રીકૃષ્ણજ રુક્મિણીજીનું પાણિગ્રહણ કરે એવી વિદર્ભવાસીઓની અભિલાષા. રુક્મિણીજી વાજતે-ગાજતે અમ્બિકા માંદિરે પહોંચ્યા. શ્રીકૃષ્ણજ મારા પતિ થાઓ એવી પ્રાર્થના પૂર્વક પૂજા. રથારૂઢ થવા જતા રુક્મિણીજીનું શ્રીકૃષ્ણે હરણ કર્યું.

**અધ્યાય ૫૧.(ભગવાને રુક્મિણીજી સાથે લગ્ન કર્યું)** ૧૭૮

ભગવાન્ પાછળ દોડતા ક્રોધિત જરાસન્ધાદિને યદુવીરોએ મારી ભગાડ્યા. નિરાશ શિશુપાલાદિ ઘરભેગા થયા. રુક્મિએ શ્રીકૃષ્ણનો પીછો કર્યો. શ્રીકૃષ્ણ અને રુક્મિ વચ્ચે યુદ્ધ. રુક્મિનો વધ કરવા તત્પર શ્રીકૃષ્ણને રુક્મિણીજીએ અટકાવ્યાં. શ્રીકૃષ્ણે રુક્મિને કુરૂપ કરતાં વ્યથિત બનેલા રુક્મિણીજીના મનનું બલરામજી દ્વારા સમાધાન. હતાશ રુક્મિ ઘરે ન જતાં ભોજકટ નગરી વસાવી. ભગવાન્ રુક્મિણીજી સાથે દ્વારકા પધાર્યા. દ્વારકામાં આનન્દ.

**અધ્યાય ૫૨.(પ્રદ્યુમ્નની ઉત્પત્તિ)** ૨૨૦

શિવક્રોધદગ્ધ કામનો શ્રીકૃષ્ણ દ્વારા રુક્મિણીજીના પુત્ર પ્રદ્યુમ્ન તરીકે જન્મ. પ્રદ્યુમ્નનું અપહરણ. શમ્બરાસુર, પ્રદ્યુમ્ન અને માયાવતી નું વૃત્તાન્ત. પ્રદ્યુમ્ન દ્વારા શમ્બરાસુરનો વધ. પ્રદ્યુમ્નનું દ્વારકામાં પુનરાગમન. નારદજી દ્વારા સર્વ વૃત્તાન્તનું વર્ણન. દ્વારકાવાસીઓનો આનન્દ.

**અધ્યાય ૫૩.(જામ્બવતી સત્યભામાની સાથે શ્રીકૃષ્ણનો વિવાહ)** ૨૪૬

સત્રાજિતને સૂર્ય દ્વારા મણિની પ્રાપ્તિ. મણિ રાજાને ભેંટ આપવાના ભગવાનના સૂચનને સત્રાજિતે ન ગણકાર્યું. મણિ ધારણ કરી શિકારે ગયેલ પ્રસેનને સિંહે મારી નાખ્યો. શ્રીકૃષ્ણ ઉપર પ્રસેનની હત્યાનો આરોપ. પોતાને નિર્દોષ સાબિત કરવા શ્રીકૃષ્ણે મણિની શોધ આદરી. જામ્બવાન પરાસ્ત થતાં તેણે મણિ અને જામ્બવતી શ્રીકૃષ્ણને સમર્પિત કરી. નવવધૂ સહિત ભગવાન્ દ્વારકા પધાર્યા. મણિ સત્રાજિતને પાછો સોંપ્યો. સત્રાજિતનો પશ્ચાત્તાપ. પોતાની કન્યા સત્યભામા શ્રીકૃષ્ણને અર્પિત કરી. મણિનો શ્રીકૃષ્ણે અસ્વીકાર કર્યો.

### મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત
### તત્ત્વાર્થદીપનિબન્ધનો

# શ્રીભાગવતાર્થ પ્રકરણ

### (ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી અનુદિત શ્રીભાગવતાર્થ પ્રકરણમાંથી સંકલિત)

## ।। દશમસ્કન્ધ ઉત્તરાર્ધ ।।

[ઈ. રાજસ સાધન પ્રકરણ. અધ્યાય ૪૭-૫૩]

**તતો વ્યસનસિદ્ધ્યર્થં સાધનાન્યાહ સપ્તભિઃ ।।**
**લૌકિકે વ્યસને પ્રાપ્તે તસ્મિંશ્ચ વિનિરાકૃતે ।।૧૮૭।।**
**વ્યસનાસક્તહૃદયાઃ કૃષ્ણવ્યસનિનોઽભવન્ ।।**

પછી શ્રીકૃષ્ણમાં વ્યસન પ્રાપ્ત થાય તે માટે સાત અધ્યાયોથી સાધનો કહે છે. લૌકિક દુઃખ થાય, અને તે શ્રીકૃષ્ણ દૂર કરે, ત્યારે દુઃખમાં જેઓનું હૃદય ચોંટેલ તેઓ શ્રીકૃષ્ણમાં જ વ્યસનવાળા થયા.

આ પ્રકરણમાં રાજસોનું ચિત્ત ભગવાન્‌માં જ ચોંટેલ રહે તેનાં સાધનો કહેલાં હોવાથી આ રાજસ સાધન પ્રકરણ કહેવાય છે. શ્રીકૃષ્ણ તેઓનાં દુઃખ દૂર કરે છે, એ સાધનથી તેઓનાં ચિત્ત શ્રીકૃષ્ણમાં વ્યસનવાળાં થાય છે.

**જરાસન્ધશ્ચ યવનઃ પુનર્બ્રાહ્મણસંયુતઃ ।।૧૮૮।।**
**શિવપ્રસાદપુષ્ટશ્ચ જરાસન્ધો વિશિષ્યતે ।।**
**રાજસસ્તામસશ્ચૈવ સાત્ત્વિકશ્ચ પ્રકીર્તિતઃ ।।૧૮૯।।**

૧. જરાસન્ધ, ૨. યવન અને ૩. બ્રાહ્મણ સાથે ભળેલો અને શિવની કૃપાથી બલવાન થએલો જરાસન્ધ પાછો પહેલાના કરતાં જુદો છે. આ રાજસ અને તામસ તેમજ સાત્ત્વિક અનુક્રમે કહેલ છે.

રાજસોને દુઃખ દેનારાઓ અહીં જણાવેલા છે. જરાસન્ધની બે જુદી-જુદી અવસ્થા થયેલી હોવાથી તે બે પ્રકારનો છે. તેથી દુઃખ દેનારા ત્રણ થયા. (શિવની કૃપાથી બલવાન થયેલ જરાસન્ધના સમ્બન્ધમાં અ.૪૯।૭ ઉપરનાં શ્રીસુબોધિની જુઓ).

**અધ્યાય ૪૭ :**

**કેવલઃ પૌરુષાપોહ્યઃ સ સપ્તદશધોદિતઃ ।।**
**પ્રજાપતિપ્રસૂતત્ત્વાત્ તાવદ્વારં સમાગતઃ ।।૧૯૦।।**

એકલો(જરાસન્ધ) હરાવી કાઢવા યોગ્ય પુરુષાતનવાળો હતો. તે સત્તર પ્રકારે વર્ણવેલો છે. પ્રજાપતિથી ઉત્પન્ન થયેલો હોવાથી તે તેટલીવાર આવેલો.

જરાસન્ધના ફાડીઆને પ્રજાપતિએ પ્રેરણા કરેલી, જરાએ સાંધેલ હોવાથી તે

પ્રજાપતિથી જ ઉત્પન્ન થયેલો. પ્રજાપતિ બ્રહ્માણ્ડમાં અધ્યક્ષ છે. તે કાલરૂપ અને યજ્ઞરૂપ હોઈ સત્તર પ્રકારના છે. જરાસન્ધ એકલો એટલે બ્રાહ્મણ તથા શંકરની સાહાય્ય વિના પોતાનાં જ પુરુષાતનથી સત્તરવાર આવેલો અને હારેલો. (અ.૪૭।૪૩ ઉપરનાં શ્રીસુબોધિની જુઓ).

**અષ્ટાદશે દ્વન્દ્વભાવમ્ આપન્નો સહજો મહાન્ ।।**
**તતો વ્યસનકર્તા હિ તદૈશ્વર્યેણ વૈ હરિઃ ।।૧૯૧।।**
**વિશ્વકર્માણમાહૂય મથુરાસમભાવતઃ ।।**
**દ્વારકાં નિર્મમે તત્ર યોગવીર્યં ચકાર હ ।।૧૯૨।।**
**તતો વ્યસનનિર્મુક્તા કૃષ્ણવ્યસનમાગમન્ ।।**
**એવમેકેન ભૂતાનાં વ્યસનં વિનિવર્તિતમ્ ।।૧૯૩।।**

અઢારમા સંગ્રામમાં કુદરતથી બલવાળા જરાસન્ધે બેનું અલૌકિક બલ પ્રાપ્ત કરેલું. તેથી તે ખરેખર દુઃખ કરનારો થયો. તે સમયે હરિએ પોતાના ઐશ્વર્યથી ખરેખર વિશ્વકર્માને બોલાવી મથુરાની સમાન સ્થિતિવાળી દ્વારકા બનાવળાવી. ત્યાં યોગનું વીર્ય પ્રકટ કર્યું. પછી દુઃખમાંથી મુક્ત થયેલાઓ શ્રીકૃષ્ણમાં વ્યસનવાળા થયા. એવી રીતે એક અધ્યાયથી પ્રાણીઓનું દુઃખ દૂર કર્યાનું કહેલું છે.

અઢારમા સંગ્રામમાં બ્રાહ્મણો અને શંકર નું બળ પ્રાપ્ત કરી જરાસન્ધ આવ્યો. શ્રીકૃષ્ણે મનુષ્યની સ્થિતિ સ્વીકારેલી હોવાથી તેમણે બ્રાહ્મણોનાં અને શંકરના વચનનો આદર કરવો જોઈએ, તેથી આ સંગ્રામમાં તે દુઃખ દેનારો થઈ શક્યો. તે સમયે ભગવાને દ્વારકા બનાવળાવી અને પોતાના યોગના પ્રભાવથી પોતાના સર્વજનોને દ્વારકા પહોંચાડી દીધા અને દુઃખમાંથી મુક્ત કર્યા. તેથી તેઓ શ્રીકૃષ્ણમાં વ્યસનવાળા થયા.

**અધ્યાય ૪૮ :**

**આધ્યાત્મિકાનાં ચ તથા તદર્થં યવનો હતઃ ।।**
**અદ્યાપિ મથુરાયાં હિ તિષ્ઠુત્યાધ્યાત્મિકાઃ સદા ।।૧૯૪।।**

તેવી રીતે આધ્યાત્મિક દુઃખો પણ દૂર કરવાનાં હતા તે માટે યવનને હણ્યો, કારણ કે આ સમયે પણ મથુરામાં આધ્યાત્મિક દુઃખો સદા રહેતા.

ભગવાન્ સર્વજનોને દ્વારકા લઈ ગયા, તેથી મથુરામાં કોઈ ન રહેવાથી યવનને હણવાનું શું પ્રયોજન ? એવો પ્રશ્ન થાય તો જાણવું કે યવનનું ધન ભગવાન્ મથુરામાં લઈ જતા હતા, તેથી જણાય છે કે ત્યાં બલભદ્ર અને બીજા લોકો રહેતા હતા. તેઓના મનનાં દુઃખ દૂર કરવા ભગવાને યવનને હણેલો. જરાસન્ધ પ્રવર્ષણ પર્વતને આગ લગાડી પાછો મગધ ગયાનું ૪૯ મા અધ્યાયમાં કહેલ છે, ત્યાં સુધી આ દુઃખ દૂર કરવાની કથા કહી છે.

**દૈવિકાશ્ચાપિ તિષ્ઠન્તિ ત્રિભિસ્તાન્ મોચયત્યસૌ ।।**
**રુક્મિણીવ્યસનં તત્ર નિયામકમિતિ સ્થિતિઃ ।।૧૯૫।।**

આધિદૈવિક દુઃખો પણ હતાં. તેઓમાંથી ત્રણ અધ્યાયોથી તેમણે તેઓને મુક્ત કર્યાનું કહેલ છે. રુક્મિણીનું દુઃખ તે વિષય સારી રીતે જણાવનારું હોવાની સ્થિતિ છે.

આધિદૈવિક દુઃખના સમ્બન્ધમાં રુક્મિણીની કથા કહેલી છે. યાદવોને સર્વ રાજાઓ સાથે વિગ્રહ થવાથી, તેમના કુંવરોના તથા શ્રીકૃષ્ણના અને બલભદ્રના વિવાહો ક્યાં કેવી રીતે થશે ? એવી ચિન્તારૂપ દુઃખ થાય, તે આધિદૈવિક દુઃખ. તે દુઃખમાંથી પણ ભગવાન્ મુક્ત કરે છે એમ જણાવવા, રુક્મિણીના વિવાહનું (૪૯-૫૧ સુધીના) ત્રણ અધ્યાયોથી વર્ણન કરેલું છે.

**ત્રિભિસ્તસ્ય નિવૃત્તિર્હિ વાક્શરીરં મનસ્તથા ॥**
**માનસં વાચિકં વાઽપિ કાયિકં વા નિરાકૃતમ્ ॥૧૯૬॥**

તે આધિદૈવિક દુઃખ ત્રણ અધ્યાયોથી દૂર કર્યાનું કહેલ છે, કારણ કે વાણી, શરીર અને મન તેવાં દુઃખ દેનારાં છે. મનનું અથવા વાણીનું અને શરીરનું દુઃખ દૂર કરેલ છે.

રુક્મિણીએ શ્રીકૃષ્ણને જે બ્રાહ્મણ સાથે સન્દેશો મોકલેલ, તે બ્રાહ્મણ દ્વારા કહેવરાવેલાં વચનોથી શ્રીકૃષ્ણે રુક્મિણીના મનનાં તથા વાણીનાં દુઃખ દૂર કરેલાં છે. આ ૪૯ તથા ૫૦ મા અધ્યાયમાં જણાવેલ છે. પચાસમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ રુક્મી વગેરે ઉપર વિજય પ્રાપ્ત કરી રુક્મિણીના મનના તથા વાણીના દુઃખને દૂર કરે છે. એવી રીતે ત્રણ અધ્યાયોમાં આધિદૈવિક દુઃખ દૂર કર્યાનું કહેલ છે.

**આધ્યાત્મિકેઽધિકં કિઞ્ચિદ્ દૈવિકાભેદસિદ્ધયે ॥**
**વ્યસની મુચુકુન્દોઽપિ નિદ્રયા તન્નિવારિતમ્ ॥૧૯૭॥**

આધ્યાત્મિક દુઃખના સમ્બન્ધમાં શ્રીકૃષ્ણ અધિદેવથી જુદાં નથી એમ સિદ્ધ કરવા કાંઈક અધિક કહેલું છે. નિદ્રાથી મુચુકુન્દ પણ દુઃખ પામેલો તે દુઃખ શ્રીકૃષ્ણે દૂર કરેલું છે.

શ્રીકૃષ્ણે મુચુકુન્દને પોતાના સ્વરૂપના દર્શન કરાવેલ, તે સ્વરૂપ અધિદેવથી જુદું નથી એમ સિદ્ધ કરવા તેમણે એને દર્શન કરાવેલ. મુચુકુન્દ પણ ઘણા લાંબા સમય સુધી ઉંઘવાથી દુઃખી થયેલો. તે તેનું દુઃખ શ્રીકૃષ્ણે યવનદ્વારા દૂર કરેલ છે.

**ફલપ્રકરણં નૈતત્ તેન સ્તુત્યાઽપિ નોઽભવત્ ॥**
**સાધનં પરમુદ્દિષ્ટં વીર્યાધ્યાયો યતો મતઃ ॥૧૯૮॥**

આ ફલપ્રકરણ નથી તેથી સ્તુતિ કરવાથી પણ મુચુકુન્દને મોક્ષ પ્રાપ્ત ન થયો, પરન્તુ શ્રીકૃષ્ણે સાધનનો ઉપદેશ કર્યો, કારણ કે આ વીર્ય જણાવનાર અધ્યાય નિશ્ચિત કરેલો છે.

**બલેન મોચિતઃ સ્વાસ્થ્યં ન પ્રાપ્સ્યતિ કથઞ્ચન ॥**
**અતઃ સાધનમ્ ઉદ્દિષ્ટં પ્રવૃત્ત્યૈ મૃગયાકથા ॥૧૯૯॥**

બલથી મુક્તિ આપેલો મુચુકુન્દ કોઈ પણ પ્રકારે સ્વાસ્થ્ય પ્રાપ્ત કરત નહિ, તેથી સાધન કહેલું. સાધન કરવાનો તે ઉદ્યમ કરે તે માટે મૃગયાની કથા કહેલી છે.

પ્રમેયબલથી શ્રીકૃષ્ણે મુચુકુન્દને મુક્તિ આપી હોત, તો તેને કોઈ પ્રકારે સ્વાસ્થ્ય પ્રાપ્ત

થાત નહિ, તેથી તેને સુખ થાય તે માટે જ આ સમયે તેને મુક્તિ ન આપી અને સાધન કરવાનો ઉપદેશ કર્યો. તે સાધન કરવાનો ઉદ્યમ કરે તે માટે તેણે પ્રથમ મૃગયા કરેલી તે કથા કહેલી છે (અ.૪૮|૬૩).

**પ્રારબ્ધકર્મ તદ્‌વૃત્તં તેન વા તન્ન નાશિતમ્ ||**
**તત્-તદ્ધર્મપ્રધાનત્વાત્ લીલાયાસ્તત્ર તત્ર હિ ||૨૦૦||**
**તેન વીર્યગુણાદ્ બુદ્ધઃ સામર્થ્યં પ્રાપ્ય સાધને ||**
**તેનાર્થાન્ મુક્તિરેવાસ્મૈ તદા ભવતિ સર્વથા ||૨૦૧||**
**યવનોऽપિ પ્રવિષ્ટસ્તં તતઃ સિદ્ધિમ્ અવાપ્સ્યતિ ||**

અથવા તે પ્રારબ્ધકર્મ હતું તેથી તેનો નાશ ન કર્યો. જુદા-જુદા ગુણના પ્રધાનપણાથી લીલા કરવામાં આવતી હોવાથી, જુદા-જુદા પ્રસંગે તેમણે તેને પોતાનાં વીર્યગુણથી સાધન કરવાનું સામર્થ્ય પ્રાપ્ત કરાવી તે કરવાનું ભાન કરાવ્યું. તેથી વાસ્તવિક રીતે આને તે સમયે સર્વ પ્રકારે મુક્તિ જ પ્રાપ્ત થઈ. યવને પણ તેની અન્દર પ્રવેશ કરેલો હોવાથી, તે પણ તેનાથી મુક્તિ પ્રાપ્ત કરશે.

મુચુકુન્દે મૃગયા કરેલી, તે કર્મનાં ફલનો ભોગ શરૂ થએલ હોવાથી ભગવાને મર્યાદા સચવાય તે માટે તેનો નાશ ન કર્યો (તેથી તરત મુક્તિ ન આપી). આ વીર્ય અધ્યાય હોઈ, વીર્યગુણનાં પ્રધાનપણાંથી આ અધ્યાયમાં જણાવેલી લીલા ભગવાને કરેલી છે. તેથી વીર્યગુણથી તેને તપ કરવાનું સાધન પ્રાપ્ત કરાવી તપ કરવાનો તેને બોધ કર્યો. તેથી વાસ્તવિક રીતે મુક્તિ આપ્યા બરાબર જ થયું. યવનને મુચુકુન્દે બાળેલ ત્યારે યવને તેની અન્દર પ્રવેશ કરેલ હોવાથી મુચુકુન્દ મુક્ત થતાં યવન પણ મુક્ત થવાનો.

**અધ્યાય ૪૯ :**

**યવનૈર્દૂષિતે સ્થાને ન નિત્યા મથુરા સ્થિતા ||૨૦૨||**
**વ્યસનં ચ તતસ્તેષાં વારિતં યવનાર્દનાત્ ||**

યવનોએ દૂષિત કરેલાં સ્થાનમાં નિત્યની મથુરા રહી નહિ. તેથી તેઓને થયેલું દુઃખ યવનનો નાશ કરી દૂર કર્યું.

'નિત્યની' એટલે ભગવાન્ જ્યાં સદા વિરાજતા તેવી મથુરા ન રહી. તેમ થવાથી મથુરાવાસીઓને થયેલાં દુઃખનો યવનના ઘાતથી નાશ કર્યો.

**જરાસન્ધજયાર્થાય યવનાનાં ધનં હૃતમ્ ||૨૦૩||**
**દુષ્ટદ્રવ્યાત્તુ તસ્યાપિ બુદ્ધિનાશો ભવિષ્યતિ ||**
**પ્રવર્ષણગિરિસ્થાનાં જીવાનાં ચ વિનાશનાત્ ||૨૦૪||**

જરાસન્ધનો વિજય થાય તે માટે યવનોનું ધન ભગવાને હર્યું, પરન્તુ દુષ્ટ દ્રવ્યને લીધે તેની બુદ્ધિનો પણ નાશ થવાનો, અને પ્રવર્ષણ પર્વતપર રહેનારા જીવોનો વિનાશ કરવાને લીધે તેની બુદ્ધિનો નાશ થવાનો.

જરાસન્ધને યવનોનું દ્રવ્ય પણ પ્રાપ્ત થતાં તેનો વિજય સમ્પૂર્ણ થાય તે માટે શ્રીકૃષ્ણ યવનોનું ધન લઈ આવતા હતા (અ.૪૯।૫-૬). પરન્તુ તે દુષ્ટ દ્રવ્યને લીધે પ્રવર્ષણ પર્વત બાળી તેના ઉપર રહેનારા જીવોનો તેણે સંહાર કર્યો (શ્લો.૧૧) તેથી તેની બુદ્ધિનો નાશ થવાનો.

**અગ્નેઃ સમ્પ્રાર્થનાત્ કૃષ્ણઃ પ્રવર્ષણમથારુહન્ ।।**
**બલાત્મા બલભદ્રોઽયમ્ અતઃ સોઽપિ નિરૂપ્યતે ।।૨૦૫।।**

પછી અગ્નિની પ્રાર્થનાને લીધે શ્રીકૃષ્ણ પ્રવર્ષણ ઉપર ચઢેલા. આ બલભદ્ર બલરૂપ હોવાથી તે પણ પર્વત ઉપર ચઢેલ હોવાનું કહેલ છે.

પ્રવર્ષણ પર્વતે પોતાની ટાઢ દૂર કરવા ભગવાનને પ્રાર્થના કરેલી (જુઓ શ્રીસુબોધિની શ્લો.૧૦ નો આભાસ), તેથી ભગવાન્ તે પર્વત ઉપર ચઢયા. ત્યાર પછી જરાસન્ધે તેમને પર્વત ઉપર સંતાયેલા માની પર્વતને બાળી તેની ટાઢ ઉડાડી.

**અતો વિવાહસ્તસ્યાપિ લોકરીતિશ્ચ સમ્મતા ।।**
**બલભાર્યા નિરોધસ્થા નેતિ ભક્તૌ નિરૂપિતા ।।૨૦૬।।**

તેથી તેમનો પણ વિવાહ થયો (શ્લો.૧૫) અને લોકની રીતનો આદર કર્યો. બલભદ્રની પત્નીનો નિરોધમાં સમાવેશ થયેલ ન હોવાથી તેની કથા ભક્તિમાં કહેલી છે.

મોટાભાઈ બલભદ્રનો વિવાહ પ્રથમ થયો (શ્લો.૧૫) તેમાં લોકની રીતનો આદર કર્યો. બલભદ્રની પત્ની રેવતીનો નિરોધ થયેલ ન હોવાથી તેની કથા ભક્તિમાં એટલે નવમા સ્કન્ધમાં કહેલી છે (જુઓ ૯।૩।૨૯-૩૬).

**અતસ્તસ્યાઃ કથામ્ અન્યામ્ અતિદેશાત્ ન ચોક્તવાન્ ।।**
**વિવાહો દ્વિવિધો લોકે ધર્માર્થો ભોગસાધકઃ ।।૨૦૭।।**

તેથી તેમની કથા પહેલાં કહેલી લાગુ પાડી તે સિવાયની અહીં કહેલી નથી. લોકમાં વિવાહ બે પ્રકારના હોય છે. ૧. ધર્મમાટે કરેલો ૨. ભોગ પ્રાપ્ત કરાવનારો.

નવમા સ્કન્ધમાં બલભદ્રની પત્ની રેવતીની કથા કહી છે. તે જણાવ્યા વિના બીજી તેની કથા અહીં કહેલી નથી, કારણ કે રેવતીને નિરોધમાં સ્થાન નથી. વિવાહ; ધર્મ કરવા અને ભોગ કરવા એવો બે કાર્યમાટે કરવામાં આવે છે. આ કારિકાના ઉત્તરાર્ધથી આરંભી ત્રણ કારિકાઓથી ભગવાનના યશ ગુણનું કાર્ય જણાવેલ છે.

**આદ્યો ધર્મ્યસ્તુ કર્તવ્યઃ પશ્ચાદ્ભોગાર્થસાધકઃ ।।**
**ગાન્ધર્વો રાક્ષસશ્ચૈવ ધર્મ્યૌ ક્ષત્રસ્ય તૌ સ્મૃતૌ ।।૨૦૮।।**

પહેલો તો ધર્મ કરવામાટેનો વિવાહ કરવો જોઈએ, પછી ભોગ પ્રાપ્ત કરાવનારો કરાય. ગાન્ધર્વ અને રાક્ષસ તે બે જ ક્ષત્રિયમાટે ધર્મ કરવામાટેના વિવાહ શાસ્ત્રમાં કહેલા છે.

**વિધિશ્ચ વૈદિકશ્ચૈવ સહ સર્વૈઃ સ્વબાન્ધવૈઃ ।।**
**રુક્મિણ્યાં પ્રથમાયાં તુ વિવાહત્રયમુક્તવાન્ ।।૨૦૯।।**

**ગાન્ધર્વો બ્રાહ્મણદ્વારા સ્તોત્રં ભાવાવબુદ્ધયે ॥**

વિધિ અને વૈદિક (વિવાહ) પણ તે પોતાના સર્વ બાંધવો સાથે ભેગા થઈ કરેલ. પહેલી પત્ની રુક્મિણી સાથે તો ત્રણ વિવાહ કર્યાનું કહેલ છે. ગાન્ધર્વ વિવાહ બ્રાહ્મણદ્વારા કરેલો, તેમાં રુક્મિણીએ કરેલી સ્તુતિ પોતાનો પ્રેમ ભગવાન્ જાણે તે માટે કરેલી છે.

વિધિ અને વૈદિક વિવાહ રુક્મિણી સાથે કર્યાનું શ્લોક ૫૩-૫૮ માં કહેલું છે. આ ત્રીજો વિવાહ કહેલો છે. પહેલો ગાન્ધર્વ વિવાહ રુક્મિણીએ બ્રાહ્મણદ્વારા કરેલો(અ.૪૯।૩૭-૪૪).

**અધ્યાય ૫૦ :**

**પ્રસહ્ય કન્યાહરણં દ્વિતીયે સ્પષ્ટમેવ હિ ॥**
**તત્સિદ્ધ્યર્થં તથા ચક્રે કાલઃ સત્સેવકો યતઃ ॥**
**ઉત્તરોત્તરભાવસ્ય વૃદ્ધ્યર્થં રુક્મિણીવચઃ ॥૨૧૧॥**

બલપૂર્વક કન્યાને હરવાનું બીજા વિવાહમાં સ્પષ્ટ જ છે. તે (હરવાનું) થઈ શકે તે માટે કાલે તેમ કર્યું, કારણ કે તે ઉત્તમ સેવક છે. એક પછી એક પ્રેમની વૃદ્ધિ થાય તે માટે રુક્મિણીનું વચન કહેલ છે.

કાલ ભગવાનનો મુખ્ય સેવક હોવાથી તેણે ભગવાનની ઈચ્છા જાણી રુક્મિણીને હરવાનું થઈ શકે તે માટે જરાસન્ધ વગેરેમાં એવી બુદ્ધિ ઉત્પન્ન કરી કે આપણે રાજાઓ પાસેથી કન્યાને ગોપાલ લઈ જાય તો આપણાં શૌર્યને ધિક્કાર છે, એટલે તેઓમાં અહંકાર ઉત્પન્ન કર્યો. ભગવાન્માં પોતાનો પ્રેમ વધ્યા કરે તે માટે રુક્મિણીનું વચન (શ્લો.૪૬) માં કહેલું છે.

**વિવાહકાલાત્ પૂર્વેદ્યુઃ હરણં સર્વસમ્મતમ્ ॥**

વિવાહ કરવાના સમયના પહેલાના દિવસે રુક્મિણીનું હરણ કર્યું તે સર્વેનું ઈચ્છેલું હતું.

કારણ કે પહેલાના દિવસે હરણ કરવાથી વિવાહના દિવસે જ દ્વારકામાં વિવાહ થયો, અને જ્યોતિઃશાસ્ત્રનું પ્રમાણ પણ સચવાયું. (જુઓ અ.૪૯।૪૨ ઉપરનાં સુબોધિની). વિવાહમાં પણ સર્વની સમ્મતિ હતી (જુઓ અ.૫૦।૫૪ ઉપરના શ્રીસુબોધિની) એ પ્રમાણે ગાન્ધર્વ અને રાક્ષસ બે વિવાહ કહ્યા. ત્રીજો વૈદિક વિવાહ કારિકા ૨૦૯ ના પૂર્વાધમાં કહેલો છે. આ ત્રણ વિવાહની કથા સમાધિભાષા નથી, કારણ કે રાજા પરીક્ષિતના પ્રશ્નને લીધે આ બીજા કલ્પની કથા શુકે પોતાના યોગના પ્રભાવથી જાણી કહેલી છે. સમાધિભાષાનો વિવાહ તો અ.૪૯।૧૬ માં કહેલ સ્વયંવર વિવાહ જ છે (જુઓ અ.૧૯ ઉપરનાં શ્રીસુબોધિની).

**અધ્યાય ૫૧ :**

**સમુદ્રસ્તુ પિતા તસ્યાઃ કાલકૂટોઽગ્રજઃ સ્મૃતઃ ॥૨૧૨॥**
**સ દૈત્યાનાં હિતાકાંક્ષી હરાવિષ્ટો બલોઽહનત્ ॥**

તેનો પિતા તો સમુદ્ર હતો. કાલકૂટ તેનો મોટો ભાઈ કહેલો છે. તે દૈત્યોનું હિત ઈચ્છનાર હતો, શંકરના આવેશવાળા બલભદ્રે તેને હણ્યો.

રુક્મિણી લક્ષ્મીનો પિતા ભીષ્મક તો સમુદ્ર હતો, અને કાલકૂટ (સમુદ્રમાંથી લક્ષ્મી પહેલાં ઉત્પન્ન થયેલ હોવાથી) તેનો મોટો ભાઈ હતો. તે (કાલકૂટ = રુક્મી) દૈત્યો (શિશુપાલ વગેરે)નું હિત ઈચ્છતો હતો. ભીષ્મકની ઈચ્છા રુક્મિણીને શ્રીકૃષ્ણ સાથે પરણાવવાની હોવા છતાં માત્ર રુક્મી તેને શિશુપાલને પરણાવવા પ્રયત્ન કરતો હતો તેનું કારણ આથી કહેલ છે.

**જિઘાંસન્તં જિઘાંસીયાત્ તથાપિ ન હરિઃ સ્વયમ્ ।।૨૧૩।।**
**જઘાન રુક્મિણં મૂઢં દૈત્યાનાં બુદ્ધિનાશકમ્ ।।**
**વધાનુકલ્પઃ સ્વદ્રોહે ભક્તદ્રોહે વધઃ સ્મૃતઃ ।।૨૧૪।।**

હણવા ઈચ્છનારને હણવો જોઈએ, છતાં પણ દૈત્યોની બુદ્ધિનો નાશ કરનાર મૂર્ખ રુક્મીને હરિએ પોતે હણ્યો નહિ. હરિનો પોતાનો દ્રોહ કરે ત્યારે વધને બદલે વધ જેવી શિક્ષા કરવાનું અને ભક્તનો દ્રોહ કરે ત્યારે વધ કરવાનું કહેલ છે.

રુક્મી શ્રીકૃષ્ણનું અનિષ્ટ કરવા ઈચ્છતો હતો, છતાં ભગવાને તેને ન હણતાં માત્ર મૂંડયો (શ્લો.૩૫) તેનું કારણ આથી જણાવેલ છે.

**વધાનુકલ્પરૂપં હિ મુણ્ડનં તચ્ચકાર હ ।।**
**સર્વાત્મા ભગવાન્ કૃષ્ણો યો યચ્છ્રદ્ધઃ સ એવ સઃ ।।૨૧૫।।**

વધના બદલે મૂંડવાનું કરવા યોગ્ય હોવાથી ભગવાને તે કર્યું. ભગવાન્ શ્રીકૃષ્ણ સર્વરૂપ છે. જેની જેમાં શ્રદ્ધા હોય તે જ થાય છે.

મુંડન વધ જેવું હોવાથી શ્રીકૃષ્ણે રુક્મીને મૂંડયો. શ્રીકૃષ્ણ સર્વરૂપ હોવાથી તેમને સર્વ સરખા છે. ત્યારે રુક્મિણીએ રુક્મીના પ્રાણ કેમ બચાવ્યા ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે જેની જેમાં શ્રદ્ધા તે તે જ થાય છે.

**યો યથા યં પ્રપદ્યેત સોઽપિ તન્મન્યતે તથા ।।**
**રુક્મિણ્યર્થં સમાગત્ય તથા રુક્મી ચકાર હ ।।૨૧૬।।**
**અતઃ કૃષ્ણં પ્રાર્થયિત્વા રુક્મિણી તં વ્યમોચયત્ ।।**

જે જેને જે પ્રકારે ભજે છે તે પણ તેના વિશે તેવું માને છે. રુક્મિણીમાટે આવીને રુક્મીએ ભગવાન્ સાથે યુદ્ધ કરેલું. તેથી શ્રીકૃષ્ણને પ્રાર્થના કરીને રુક્મિણીએ તેને છોડાવ્યો (તેના પ્રાણ બચાવ્યા).

રુક્મિણીની શ્રીકૃષ્ણ ભગવાન્માં શ્રદ્ધા હોવાથી તે ભગવદ્રૂપ હતી. રુક્મીએ પણ રુક્મિણીને છોડાવવા શ્રીકૃષ્ણ સાથે યુદ્ધ કરેલું. તેથી શ્રીકૃષ્ણે તેને હણવા તીક્ષ્ણ તલવાર લીધી ત્યારે રુક્મિણીએ તેમને પ્રાર્થના કરી તેને છોડાવ્યો (શ્લો.૩૧-૩૪).

**ભગવદ્વ્યતિરિક્તાનામ્ અન્યધર્મઃ પ્રવર્તતે ।।૨૧૭।।**

**નટવત્ કપટાદ્ વાપિ તતઃ પ્રાહ બલસ્તથા ।।**

ભગવાન્ સિવાયના જુદા ગુણની પ્રવૃત્તિ થાય છે, તેથી બલભદ્રે નટની પેઠે અથવા કપટથી પણ તેવાં વચન કહેલ.

'બીજા ગુણની' એટલે ગુણોના ખળભળાટથી થયેલા રજોગુણની તથા તમોગુણની પ્રવૃત્તિ થાય છે. ભગવાન્માં તેમ થતું નથી; કારણ કે ભગવાન્ ગુણથી પર છે અને અવતાર પણ શુદ્ધ સત્ત્વવાળા દેહથી લે છે. બલભદ્ર તેવા ન હોવાથી તેમનામાં બીજા ગુણની પ્રવૃત્તિ થતાં તેમણે ભગવાનને ઠપકાનાં વચનો કહેલ (શ્લો.૩૭-૪૨) તથા કપટથી નટની પેઠે રુક્મિણીને સાન્ત્વન કરવાનાં વચન કહેલ (શ્લો.૪૩-૪૯).

**દ્વારકાયાં તુ નેતવ્યઃ સુખં બધ્વાલ્પબન્ધનૈઃ ।।૨૧૮।।**
**તતો મયા પ્રબોધ્યશ્ચ નાન્યથેત્યન્તરં શ્રિયઃ ।।**
**તદભાવાદ્ વૈમનસ્યં તદ્ રામેણ નિવારિતમ્ ।।૨૧૯।।**

નજીવા બંધનોથી બાંધીને તેને સુખપૂર્વક દ્વારકા લઈ જવો અને પછી મારે તેને બોધ આપવો, બીજા પ્રકારે બોધ નહિ થાય, એવો લક્ષ્મી(રુક્મિણી)નો અભિપ્રાય હતો. તેમ ન થવાથી તેને મનદુઃખ થયેલું, તે બલભદ્રે દૂર કર્યું.

જેમ રુક્મિણીએ ભગવાનની પ્રાર્થના કરી રુક્મીના પ્રાણ બચાવ્યા, તેમ તે તેને બન્ધનમાંથી પણ મુક્ત કરાવી શક્ત. છતાં તેણે તેમ કેમ ન કર્યું ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે રુક્મિણીને પણ તેનું નજીવું બન્ધન ઈષ્ટ હતું. તેની ઈચ્છા તેને દ્વારકા લઈ જઈ બોધ આપવાની હતી. તેમ થઈ ન શક્યું તેથી તેને થયેલ મનદુઃખ બલભદ્રે દૂર કર્યું (શ્લો.૪૩-૪૯).

**તથા ચેત્ કુરુતે કૃષ્ણઃ તદા લોકો વિરુધ્યતે ।।**
**અસ્માન્ વઞ્ચયિતું રુક્મી કૃષ્ણપક્ષોઽપ્યુપાહ્વયત્ ।।૨૨૦।।**
**યાવજ્જીવં તદા દુઃખી દૈત્યો દૈત્યવિસમ્મતઃ ।।**

જો શ્રીકૃષ્ણ તેમ કરે તો લોકોનો (રુક્મીને) વિરોધ થાય. રુક્મી શ્રીકૃષ્ણના પક્ષનો હોવા છતાં અમને ઠગવા તેણે બોલાવ્યા એમ તેઓ માને. તેથી દૈત્યોથી તિરસ્કારાયેલો દૈત્ય જીવતાં સુધી દુઃખી થાય.

ભગવાન્ સર્વજ્ઞ હોવાથી રુક્મિણીનો અભિપ્રાય જાણતા હતા. તેથી આ કારિકામાં ભગવાનનો વિચાર દર્શાવેલ છે. જો રુક્મિણીના અભિપ્રાય પ્રમાણે ભગવાન્ કરે તો જરાસંધ વગેરે દૈત્યો એમ માને કે રુક્મી શ્રીકૃષ્ણના પક્ષનો હોવા છતાં અમને છેતરી તેણે શ્રીકૃષ્ણને બોલાવેલા. તેથી તેઓ તેનો વિરોધ કરી તિરસ્કાર કરે અને રુક્મી જીવતાં સુધી દુઃખી થાય.

**જ્ઞાનાધ્યાયે તથા યુક્તં દૈત્યાનાં મુણ્ડનં મતમ્ ।।૨૨૧।।**
**અત એવ પુનઃ સ્થાનં કુણ્ડિનં ન વિવેશ હ ।।**

જ્ઞાન ગુણ દર્શાવનાર અધ્યાયમાં તેવી રીતે દૈત્યોને મૂંડવાનું યોગ્ય વિચારાયેલું છે તેથી જ રુક્મીએ ફરી કુંડિન સ્થાનમાં પ્રવેશ ન કર્યો.

'તેથી જ' એટલે દૈત્ય હોવાથી જ રુક્મી પછી કુંડિનપુર ન ગયો, પરન્તુ ભોજકટ ગામ વસાવી ત્યાં જ રહ્યો (શ્લો.૫૨).

**રુક્મિણીસહિતઃ કૃષ્ણઃ સર્વેષાં સુખદોડભવત્ ।।૨૨૨।।**
**એવં ત્રિવિધજીવાનામ્ ઉદ્ધર્ત્તા વ્યસનાર્ણવાત્ ।।**
**તતઃ કૃષ્ણવ્યસનિનો જાતાઃ સાધનમીરિતમ્ ।।૨૨૩।।**

રુક્મિણી સાથે રહેલા શ્રીકૃષ્ણ સર્વને સુખ આપનાર થયા એ રીતે તે ત્રણ પ્રકારના જીવોનો દુઃખના સમુદ્રમાંથી ઉદ્ધાર કરનાર થયા. પછી તે જીવો શ્રીકૃષ્ણમાં વ્યસનવાળા થયા, એમ સાધન કહ્યું.

આ દોઢ કારિકામાં ૪૯-૫૧ સુધીના ત્રણ અધ્યાયોના અર્થનો ઉપસંહાર કરેલો છે.

**અધ્યાય ૫૨ :**

**કામેન વ્યસનં લોકે સ સ્વયં વ્યસનં ગતઃ ।।**
**દેહનાશાત્ સર્વનાશાદ્ ભાર્યાહરણતોડપિ હિ ।।૨૨૪।।**

લોકમાં કામને લીધે દુઃખ થાય છે. તે પોતે દેહનો નાશ થવાથી, સર્વનો નાશ થવાથી અને સ્ત્રીનું પણ હરણ થવાથી દુઃખી થયો.

કામને શંકરે બાળ્યો એટલે તેના દેહનો નાશ થયો. ધનુષ્ય વગેરે તેનાં સાધન જવાથી તેને પોતાના સર્વસ્વનો નાશ થયો. તેની સ્ત્રી રતિને શંબર હરી ગયો, ત્યારે તેનામાં માયાએ પ્રવેશ કર્યો, તેથી તેનું નામ 'માયાવતી' પડયું. (જુઓ શ્લો.૬ ઉપરનાં શ્રીસુબોધિની).

**વ્યસનં તદ્દેવદેહાજ્ જાતં ચેન્ નૈવ નશ્યતિ ।।**
**યદા મુક્તિપ્રદાનાર્થં વાસુદેવઃ સમુદ્ગતઃ ।।૨૨૫।।**
**તદા માયા ચ કામશ્ચ તસ્માદ્ બન્ધાર્થમુદ્ગતૌ ।।**

તે દુઃખ દેવના દેહથી થયેલું હોય તો નાશ ન પામે. જ્યારે મુક્તિ આપવા વાસુદેવ પ્રકટ થયા, ત્યારે માયા અને કામ તે દુઃખમાંથી છૂટવા ઉપાય કરવા બહાર પડયા.

શંકરના દેહ (ત્રીજા લોચન) થી કામને તે દુઃખ થયેલ હોવાથી તેનો નાશ થાય તેમ ન હતું. તેથી જ્યારે ભગવાન્ પ્રકટ થયા, ત્યારે કામે અને માયાએ તે દુઃખ દૂર કરવા અલૌકિક પ્રયાસ કર્યો. (જુઓ શ્લો.૧-૨ ઉપરનાં શ્રીસુબોધિની).

**માયયા મોહિતો જીવઃ કામૈર્નાનાવિધોડભવત્ ।।૨૨૬।।**
**કામોત્પત્તિર્યદા કૃષ્ણાત્ તદા તદ્વ્યસનં હતમ્ ।।**

માયાથી મોહ પામેલો જીવ કામનાઓથી જુદા-જુદા પ્રકારનો થતો. જ્યારે કામની શ્રીકૃષ્ણથી ઉત્પત્તિ થઈ ત્યારે તે દુઃખનો નાશ થયો.

શંકરે કામને બાળ્યા પછી રતિ (માયા) એકલી રહી. તેનાથી જીવ મોહ પામી

કામનાઓ કરી તે પ્રાપ્ત ન થતાં દુઃખી થતો હતો. જ્યારે શ્રીકૃષ્ણથી કામ (પ્રદ્યુમ્ન)ની ઉત્પત્તિ થઈ, ત્યારે તે દુઃખનો નાશ થયો.

**સ્વસ્થઃ સ્મૃત્યા વિરક્તશ્ચ સર્વાનેવ પ્રબાધતે ।।૨૨૭।।**
**કૃષ્ણસમ્બન્ધિદેહેન રુદ્ધો વા ન તથાવિધઃ ।।**
**એવં ષડ્ભિઃ સમસ્તાનાં વ્યસનાભાવ ઈરિતઃ ।।૨૨૮।।**

સ્વસ્થઅને સ્મરણથી વૈરાગ્યવાળો થયેલો સર્વને જ દુઃખ દે, અથવા શ્રીકૃષ્ણના સમ્બન્ધવાળા દેહમાં રહેલો તેવો ન થાય, એવી રીતે છ અધ્યાયોથી સર્વના દુઃખનો નાશ કર્યાનું કહેલ છે.

શ્રીકૃષ્ણથી ઉત્પન્ન થયા પછી સ્વસ્થથઈ, પહેલાં પોતાને થયેલ દુઃખનું સ્મરણ થતાં વૈરાગ્યવાળો થઈ સર્વને જ દુઃખ દે, પરન્તુ શ્રીકૃષ્ણના સમ્બન્ધવાળા દેહમાં રહેલો હોવાથી ભગવાનના સેવકોને દુઃખ ન દે, એવી રીતે ૪૭-૫૨ સુધીના છ અધ્યાયોથી સર્વના આધિભૌતિક તથા આધ્યાત્મિક દુઃખનો નાશ કર્યાનું કહેલ છે.

**અધ્યાય ૫૩ :**

**દુષ્ટવ્યસનભાવત્ત્વાત્ તે કૃષ્ણેઽપિ તથા જગુઃ ।।**
**તેષાં વા વ્યસનં કૃષ્ણ આધિદૈવિકમ્ આત્મનિ ।।૨૨૯।।**

દુષ્ટ સ્વભાવવાળા હોવાથી તેઓએ શ્રીકૃષ્ણ વિષે પણ તેમ કહ્યું. અથવા આત્મા અધિદેવ શ્રીકૃષ્ણના વિષે તેમ કહેવાથી તેઓને દુઃખ થયું.

'બધાં દુઃખ દૂર થતાં હવે કાંઈ દુઃખ રહ્યું નહિ' એમ જણાય તેથી માયાએ કરેલું આધિદૈવિક દુઃખ બાકી રહેલ છે અને તે દૂર કરવાનો ઉપાય ભગવાન્ પોતે કરે છે એમ આ અધ્યાયમાં જણાવે છે. દુષ્ટ સ્વભાવ હોવાથી દ્વારકાવાસીઓ એમ કહેતા હતા કે સ્યમંતકમણિ શ્રીકૃષ્ણે પ્રસેનને મરાવી લઈ લીધો શ્લો.૧૬. ભગવાનની તેઓએ એવી નિંદા કરી, તેથી તેમને માયાના મોહથી ઉત્પન્ન થયેલ આધિદૈવિક દુઃખ થયું.

**પશ્ચાત્ તં નાશયામાસ ધર્મ્યધ્યાયેન સિદ્ધતા ।।**
**ફલસાધનયોરૈક્યં વક્તુમેકા કથોચ્યતે ।।૨૩૦।।**

પછી દુઃખનો નાશ કર્યો. એમ આ ધર્મીજણાવનાર અધ્યાયથી વ્યસનીપણું થયું. ફલ અને સાધન એક હોવાનું જણાવવા એક કથા કહેલી છે.

પછી ભગવાને પોતાની નિંદા ખોટી થઈ છે એમ સિદ્ધ કરી, મણિ લાવી આપી તે દુઃખ દૂર કર્યું (શ્લો.૩૮).

આ પ્રકરણમાં રુક્મિણીનો વિવાહ દુઃખરૂપ સાધનના ઉપોદ્ઘાત તરીકે કહેલો છે. તેથી તે વિવાહ થતાં તેનાથી દુઃખ દૂર થતાં સાધન પુરું થઈ જ ગયું. તેથી આ પ્રકરણમાં સત્રાજીતે ભગવાનને સત્યભામા પરણાવી તે કહેવાનું શું પ્રયોજન છે ? એવો પ્રશ્ન થાય તો જાણવું કે વિવાહ ફલ છે, અને તે વિવાહ જ દુઃખ દૂર કરવાનું સાધન થાય છે, એમ સાધન અને ફલ

એક હોવાનું જણાવવા સત્યભામા વિવાહની કથા કહેલી છે. સત્યભામાનો વિવાહ ફલરૂપ છે અને તે વિવાહ જ ભગવાન્ ઉપરનું તહોમત અને દ્વારકાવાસીઓનું દુઃખ દૂર કરવામાં સાધન થયો.

**મણિશ્ચ વ્યસનં હન્તિ લોકે ખ્યાતસ્તતોઽપિ ચેત્ ।।**
**વ્યસનાનિ વિનશ્યેરંસ્તદા નૈકાન્તિકો હરિઃ ।।૨૩૧।।**
**ઈતિ તસ્ય નિરાકૃત્યૈ તતો વ્યસનમુચ્યતે ।।**

મણિ પણ દુઃખ દૂર કરે છે. લોકમાં તેની એવી પ્રસિદ્ધિ હતી. તેનાથી પણ જો દુઃખ દૂર થતાં હોય તો હરિ એકલા જ દુઃખનો નાશ કરનાર ન ગણાય. તેથી તે મણિ તેવો ન હોવાનું જણાય તે માટે તેનાથી દુઃખ થયાનું કહેલ છે.

મણિને લીધે પ્રસેન, સિંહ વિગેરે ઘણા હણાયા તેથી મણિ દુઃખ કરાવનારો પણ છે. માત્ર ભગવાન્ જ દુઃખ દૂર કરનારા છે એમ જણાય માટે મણિની કથા કહેલી છે.

**તચ્ચાઽપિ ચેત્ કૃષ્ણવાક્યાત્ સાધ્યતે સર્વભાવનઃ ।।૨૩૨।।**
**તદા વ્યસનનાશાય કલ્પતે નાન્યથા તુ તત્ ।।**
**ઈતિ નિશ્ચિત્ય ભગવાન્ સત્રાજિતમુવાચ હ ।।૨૩૩।।**
**મણેર્યાવદ્ ધનં પ્રાપ્યં તદ્રાજા દાસ્યતીતિ હિ ।।**

જો શ્રીકૃષ્ણનાં વચનથી મણિ સર્વને સુખ આપનાર બનાવવામાં આવ્યો હોય, તો તે સર્વના દુઃખનો નાશ કરનાર પણ થાય. ત્યારે તે દુઃખનો નાશ કરવા શક્તિમાન થાય. બીજા પ્રકારે તો તે દુઃખ નાશ કરનાર ન થાય. એવો નિશ્ચય કરી ભગવાને સત્રાજીતને કહ્યું કે મણિમાંથી તને જેટલું ધન પ્રાપ્ત થઈ શકે તેવું છે તેટલું રાજા તને આપશે.

શ્રીકૃષ્ણે સત્રાજીત પાસેથી મણિ માગ્યો તેનું કારણ અહીં જણાવેલ છે. આવો મણિ રાજા પાસે જ રાખી શકાય, બીજાથી સાચવી શકાય નહિ (શ્લો.૧૨ સુબોધિની સાથે).

**અવિશ્વાસં કૃષ્ણવાક્યે કૃત્વા તં નૈવ દત્તવાન્ ।।૨૩૪।।**
**તતઃ સર્વક્ષયો જાત ઈતિ વક્તું કથોચ્યતે ।।**

શ્રીકૃષ્ણના વચનમાં વિશ્વાસ ન રાખી તેણે તેમને તે ન જ આપ્યો. તેથી સર્વનો નાશ થયો એમ જણાવવા કથા કહેલી છે. (મણિની કથા કહેવાનું પ્રયોજન આ કારિકામાં કહેલ છે).

**સૂર્યભક્તસ્તુ સત્રાજીત્ તતો લક્ષ્મીં સરસ્વતીમ્ ।।૨૩૫।।**
**મણિરૂપાં કન્યકાં ચ દ્વયં ભોગ્યં હરેઃ પરમ્ ।।**
**તયોરન્યત્ર સત્રાજીદ્ વિનિયોગં હિ વાઞ્છતિ ।।૨૩૬।।**

સત્રાજીત તો સૂર્યનો ભક્ત હતો. તેથી મણિરૂપ લક્ષ્મી અને સરસ્વતીરૂપ કન્યા જે બે હરિએ ભોગ કરવા યોગ્ય ઉત્તમ હતા, તે બેને સત્રાજીત બીજાના ઉપયોગમાં મૂકવા ઈચ્છતો હતો.

**અક્લિષ્ટકર્મા ભગવાન્ કન્યાર્થં તત્ તથાઽકરોત્ ।।**

**યાદવોપ્યન્યભક્તત્વાત્ ન નિરુદ્ધઃ પ્રસેનકઃ ।।૨૩૭।।**

ભગવાન્ ક્લેશ વિના કર્મ કરનારા હોવાથી કન્યાને માટે તેમણે તે-તે પ્રમાણે કર્યું. પ્રસેન યાદવ હોવા છતાં બીજાનો ભક્ત હોવાથી તેનો નિરોધ કરેલો ન હતો.

કન્યા સત્યભામા માટે ભગવાને જાંબવાનની ગુફામાં પ્રવેશ કર્યો. પ્રસેનને સિંહે મારેલ અને તે સિંહને રીંછે હણેલ એ દ્વારકાવાસીઓ સમક્ષ ભગવાને દેખાડેલ હોવાથી તેમની નિંદા ખોટી ઠરી ચૂકી હતી. તેથી તેમને જાંબવાનની ગુફામાં જઈ મણિ લાવવાની જરૂર રહી ન હતી. છતાં કન્યા માટે ભગવાન્ તેવી ગુફામાં પધારેલા. પ્રસેન સૂર્યનો ભક્ત હોવાથી, ભગવાને તેનો નિરોધ કર્યો ન હતો.

**મણેરતિક્રમાચ્ચૈવ માયાભૃત્યેન મારિતઃ ।।**
**સોઽપિ વક્ત્રેણ સંસ્પર્શાદ્ રામભક્તેન મારિતઃ ।।૨૩૮।।**

અને મણિનો તિરસ્કાર કરવાથી જ માયાના સેવકે પ્રસેનને હણ્યો. તેણે પણ મુખથી સ્પર્શ કરેલ હોવાથી, રામના ભક્તે તેને હણ્યો.

પ્રસેને પૂજા કરવા યોગ્ય મણિનો આભરણ તરીકે ઉપયોગ કર્યો (કણ્ઠમાં પહેર્યો), તેથી તેને માયા અથવા દેવીના સેવક(વાહન) સિંહે હણ્યો (શ્લો.૧૪). સિંહે પણ તેનો મુખથી સ્પર્શ કર્યો. સિંહની ચામડી તથા નખો પવિત્ર હોય છે, પણ તેનું મુખ પવિત્ર હોતું નથી. મુખથી સ્પર્શ થતાં મણિ ઉચ્છિષ્ટ થયો. તેથી સિંહને રામના ભક્ત જાંબવાને હણ્યો.

**ભક્તબાલકસૌખ્યાય મણિશ્રીસ્તત્ર તિષ્ઠતિ ।।**
**તતઃ સા કન્યકા પ્રાપ્તા કેવલોઽભૂત્ મણિસ્તદા ।।૨૩૯ ।।**

ભક્ત બાલકને સુખ થાય તે માટે મણિની કાન્તિ (કાન્તિવાળો મણિ) ત્યાં રહેલો. ત્યાંથી તે કન્યા ભગવાનને પ્રાપ્ત થઈ, ત્યારે મણિ કાન્તિરહિત થયો.

જાંબવાને મણિ ઘોડીઆ ઉપર રમકડાં તરીકે બાંધેલો (શ્લોક ૨૦), ત્યાંથી ભગવાનને કન્યા પ્રાપ્ત થઈ અને મણિ કાન્તિવિનાનો થયો.

**તદુચ્છિષ્ટં ન શુદ્ધં હિ કૃપયા તદ્ ઉપાનયત્ ।।**
**કન્યાર્થમેવ ગમનં કાલીયહ્રદવત્ પુનઃ ।।૨૪૦।।**
**રાજસાનાં પરીક્ષાર્થં બહુકાલં ન ચાગતઃ ।।**

કારણ કે તે ઉચ્છિષ્ટ હતો, શુદ્ધ ન હતો. ભગવાન્ કૃપાથી તે લઈ આવ્યા. તે કન્યા માટે જ ગુફામાં પધારેલા, પરન્તુ કાલીયના ધરાની પેઠે રાજસોની પરીક્ષા કરવા ઘણા સમય સુધી ત્યાંથી પાછા પધાર્યા નહિ.

સિંહે મુખથી પકડેલો મણિ ઉચ્છિષ્ટ હતો, છતાં ભગવાન્ પોતા ઉપરનું તહોમત સદંતર દૂર થાય તે માટે કૃપાથી લઈ આવ્યા, પરન્તુ ગુફામાં તો કન્યા જાંબવતી માટે જ પધારેલા. રાજસોની પરીક્ષા કરવા ગુફામાંથી ઝાઝા દિવસો સુધી પાછા પધારેલ નહિ. તેઓ તો બાર દિવસ રાહ જોઈ દ્વારકા પાછા ગયેલા (શ્લો.૩૩).

**જામ્બવદ્ રોધસિદ્ધ્યર્થમ્ આત્મતત્ત્વં વિહાય હિ ।।૨૪૧।।**
**સપ્તવિંશતિતત્ત્વાનિ મુષ્ટિભિર્નિહતાનિ વૈ ।।**
**તતઃ સ્વરૂપનિષ્ઠસ્તુ ભગવજ્જ્ઞાનમેયિવાન્ ।।૨૪૨।।**

જાંબવાનનો નિરોધ થાય તે માટે આત્મતત્ત્વને મૂકી દઈ, (બાકીના) સત્તાવીસ તત્ત્વોને ભગવાને મુક્કીઓથી પ્રહાર કર્યા, પછી સ્વરૂપમાં રહેલા જામ્બવાને 'આ ભગવાન્ છે' એવું જ્ઞાન પ્રાપ્ત કર્યું. (જુઓ શ્લો.૨૪-૨૫ ઉપરનાં શ્રીસુબોધિની.)

**લક્ષ્મીં ચ કન્યકાં બુધ્વા લીલાર્થે ચાગતિં તથા ।।**
**સત્ત્વં સમ્પાદ્ય પૂર્વં હિ મણિં કન્યાં દદૌ તતઃ ।।૨૪૩।।**

પોતાની કન્યા લક્ષ્મી છે અને ભગવાન્ લીલા માટે તેવી રીતે ગુફામાં પધાર્યા છે એમ જાણી તેણે પ્રથમ સાધુપણું પ્રાપ્ત કરી, પછી મણિ અને કન્યા ભગવાનને આપ્યાં. (સાધુપણું એટલે સેવકપણું, જુઓ શ્લો.૩૨નો શ્રીસુબોધિનીનો આભાસ.)

**ઉચ્છિષ્ટત્વાત્ મણિં કૃષ્ણઃ સત્રાજિદ્ દત્તમપ્યુત ।।**
***ન ગૃહ્ણાદ્ આત્મજાં વાણીં યુક્તાં સ્વાં જગૃહે મુદા ।।૨૪૪।।**

મણિ ઉચ્છિષ્ટ હોવાથી સત્રાજીતે આપવા છતાં શ્રીકૃષ્ણે લીધો નહિ. પુત્રી સરસ્વતીને પોતાની યોગ્ય પત્ની હોવાથી આનન્દથી પરણ્યા (જુઓ શ્લો.૪૪-૪૫.)

* ''નાગૃહ્ણાદ્'' જોઈએ એમ જણાય છે.

**સર્વાત્મનાઽન્યહૃદયં ન ગૃહ્ણાતિ હરિઃ સ્વયમ્ ।।**
**સર્વાત્મનાઽપ્રપન્નં ચ નાશાયૈવ કલિં યથા ।।૨૪૫।।**

જેની અંદર બીજાનું હૃદય ચોટેલું હોય તેનો હરિ પોતે કોઈ પ્રકારે સ્વીકાર કરતા નથી. જે સમ્પૂર્ણ રીતે શરણ આવેલ ન હોય તેને; જેમ કલિ (દુર્યોધન)નો નાશ માટે વિચાર કર્યો તેમ, હરિ પોતાના તરીકે ગણતા નથી.

પૂર્વાર્ધમાં મણિ ન સ્વીકારવાનું કારણ કહેલું છે. ઉત્તરાર્ધમાં સત્રાજીતે કન્યા આપવા છતાં તેને પોતાનો ન ગણવાનું કારણ કહેલ છે.

**ઉચ્છિષ્ટં ભક્તભોગ્યં હિ ફલં ભક્તાય દાસ્યતિ ।।**
**એવં સપ્તભિરધ્યાયૈઃ વ્યસનં સુનિરૂપતિમ્ ।।૨૪૬।।**

ભક્તે ભોગવવા યોગ્ય ઉચ્છિષ્ટ ફલ ભગવાન્ ભક્તને આપશે. એવી રીતે સાત અધ્યાયોથી (રાજસોને થયેલ શ્રીકૃષ્ણમાં) વ્યસનનું વર્ણન કર્યું.

જુઓ અ.૫૪।૩૭ તથા ૪૧, મણિ પોતે રાખવા હકદાર હોવા છતાં અક્રૂરને તે આપી દીધો.

[ઈ. રાજસ ફલ પ્રકરણમ્. અધ્યાય ૫૪-૬૦]

**અતઃ ફલં સપ્તભિર્વૈ રાજસાનાં નિરૂપ્યતે ।।**
**અક્રૂરો યાદવાનાં હિ મુખ્યસ્તસ્ય ફલં પુરા ।।૨૪૭।।**

હવે સાત અધ્યાયોથી રાજસોનું ફલ કહેવામાં આવે છે. અક્રૂર યાદવોમાં મુખ્ય છે તેથી તેનું ફલ પહેલાં કહેવામાં આવે છે.

આ પ્રકરણમાં રાજસોનું ફલ કહેવાનું હોવાથી આ રાજસફલપ્રકરણ કહેવાય છે. જુદા-જુદા અધ્યાયોમાં જુદું-જુદું ફલ કહેવામાં આવશે. અક્રૂર રાજસોમાં મુખ્ય હોવાથી ૫૪ મા અધ્યાયમાં તેનું ફલ કહેવામાં આવશે.

**તતઃ પંચ વિવાહાશ્ચ વિદ્યાપર્વસ્વરૂપકાઃ ।।**
**નાયિકાઃ ફલરૂપા હિ કૃષ્ણસમ્બન્ધતો મતાઃ ।।૨૪૮।।**

પછી વિદ્યાના અવયવરૂપ સ્વરૂપવાળા પાંચ વિવાહો કહેશે કારણ કે શ્રીકૃષ્ણના સમ્બન્ધને લીધે નાયિકાઓ ફલરૂપ મનાયેલ છે.

**તાસાં ફલં હરિઃ કૃષ્ણઃ તત્સમ્બન્ધાત્ તથેતરે ।।**
**કૃષ્ણં ફલમ્ ઉપાસાદ્ય દુઃખગ્રામાદ્ વિનિર્ગતાઃ ।।૨૪૯।।**

તેઓનું ફલ હરિ શ્રીકૃષ્ણ છે. તેમના સમ્બન્ધને લીધે બીજાઓ તેવી રીતે શ્રીકૃષ્ણરૂપ ફલ પ્રાપ્ત કરી દુઃખના સમૂહમાંથી મુક્ત થશે.

શ્રીકૃષ્ણ ફલ હોવાનું સિદ્ધ થયું, પરન્તુ આ નાયિકાઓ ફલરૂપ કેમ ગણાય ? એવો પ્રશ્ન થાય, તેથી આ કારિકા કહેલી છે. શ્રીકૃષ્ણ સાથેના નાયિકાઓના સમ્બન્ધને લીધે, જે બીજાઓ તેમના સમ્બન્ધમાં આવશે તેઓ પણ શ્રીકૃષ્ણરૂપ ફલ પ્રાપ્ત કરી દુઃખમાંથી છૂટશે.

**તતોऽગ્રે ષોડશકલ-વૃત્તિરૂપાઃ સહસ્રશઃ ।।**
**સમ્બન્ધેન હરિં પ્રાપ્તાઃ તત્સમ્બન્ધાત્ તથેતરે ।।૨૫૦।।**

ત્યાર પછી એક હજારની સંખ્યામાં સોળ કળાવાળા મનની વૃત્તિરૂપ સ્ત્રીઓને હરિ સમ્બન્ધથી પ્રાપ્ત થાય છે, અને તેઓના સમ્બન્ધથી બીજાઓને તેવી રીતે હરિ પ્રાપ્ત થશે.

છાન્દોગ્ય ઉપનિષદમાં સોળ કળાવાળું મન હોવાનું કહેલ છે અને તેની સંકલ્પ-વિકલ્પરૂપ વૃત્તિઓ જુદા-જુદા પ્રકારની છે. (આ સોળ હજાર સ્ત્રીઓ નરકના અન્તઃપુરમાં હતી, ત્યાં તેમને હરિની પ્રાપ્તિ થઈ).

**ફલં ચતુર્વિધં તત્ર કૃષ્ણપ્રાપ્તિઃ પુરા ફલમ્ ।।**
**સ્વપ્રાપ્તિઃ કૃષ્ણદેવસ્ય દ્વિતીયં ફલમુચ્યતે ।।૨૫૧।।**

તેઓને ચાર પ્રકારનું ફલ પ્રાપ્ત થાય છે : ૧. પહેલાં શ્રીકૃષ્ણની પ્રાપ્તિ એ ફલ (પ્રાપ્ત થાય છે), ૨. શ્રીકૃષ્ણદેવને તેઓની પોતાની પ્રાપ્તિ થવી એ બીજું ફલ કહેલું છે.

૧. શ્રીકૃષ્ણની તેઓને પ્રાપ્તિ થવી એ પહેલું ફલ. તેઓ હતી ત્યાં શ્રીકૃષ્ણ પધારવાથી આ ફલ પ્રાપ્ત થાય છે. (અ.૫૬।૩૪-૩૫), ૨. ભગવાનને આ સ્ત્રીઓની પ્રાપ્તિ થવી એટલે શ્રીકૃષ્ણ તેઓની સાથે વિવાહ કરે છે એ બીજું ફલ છે (અ.૫૬।૪૨).

**અન્યોન્યાધ્યાસવચ્ચૈતત્ ફલદ્વયમ્ ઉદાહૃતમ્ ।।**

**તતો ભગવદંશસ્ય પુત્રભાવેન કાર્યવત્ ॥૨૫૨॥**
**લોક-વેદપ્રકારેણ પુત્રપૌત્રાદિકં ફલમ્ ॥**

આ બે ફલ એક-બીજાએ પરસ્પર સ્વીકાર કરેલા હોવાના જેવા કહેલાં છે. ૩. પછી ભગવાનનો અંશ પુત્રની સ્થિતિવાળો થતાં લોક અને વેદ ના પ્રકારથી કાર્યની પેઠે પુત્રો પૌત્રો વગેરેરૂપ ફલ થાય છે.

આ સ્ત્રીઓને પુત્રો તથા પૌત્રો પ્રાપ્ત થાય છે એ ત્રીજું ફલ. આ ફલ અઠ્ઠાવનમા અધ્યાયમાં કહેલું છે.

**તેષાં ચ સર્વભાવેન દેવયુદ્ધાદિના તથા ॥૨૫૩॥**
**કાર્યસાધનમત્યર્થં ચતુર્થં ફલમુચ્યતે ॥**

૪. અને તેઓનું કાર્ય દેવોની સાથે યુદ્ધ કરી તેમજ બીજા પ્રકારથી ભગવાન્ સમ્પૂર્ણ રીતે ઘણું સિદ્ધ કરે છે એ ચોથું ફલ કહેલું છે.

આ સર્વ પુત્ર તથા પૌત્રો નાં લગ્ન વગેરે કાર્ય ભગવાન્ શંકર વગેરે સાથે યુદ્ધ કરીને અથવા બીજા પ્રકારે સમ્પૂર્ણ રીતે સિદ્ધ કરે છે એ ચોથું ફલ છે. આ ૫૯ તથા ૬૦મા અધ્યાયમાં કહેલું છે.

**યથા લોકે સર્વભાવો લૌકિકેષુ પ્રજાયતે ॥૨૫૪॥**
**તથા કૃષ્ણે સર્વભાવઃ તેષાં જાત ઈતીર્યતે ॥**

જેમ લોકમાં કાર્ય સિદ્ધ કરનાર લૌકિક પુરુષો ઉપર સમ્પૂર્ણ પ્રેમ થાય છે, તેવી રીતે તે સર્વનો સમ્પૂર્ણ પ્રેમ શ્રીકૃષ્ણમાં થયો એમ કહેલું છે.

**કૃષ્ણોઽપિ ચેત્ તથા કર્તા તદા સ્વપ્નો મનોરથઃ ॥૨૫૫॥**
**પ્રપંચાદ્વૈતવત્ તત્ર કૃષ્ણાદ્વૈતં ફલં મતમ્ ॥**

શ્રીકૃષ્ણ પણ જો તેમ કરે તો તેમના સ્વપ્ન અને મનોરથશ્રીકૃષ્ણના સમ્બન્ધમાં થાય છે (અને) જેમ પ્રપંચ સાથે અદ્વૈત થાય છે તેમ તેઓને શ્રીકૃષ્ણ સાથે અદ્વૈતરૂપ ફલ થવાનો નિશ્ચય કરેલો છે.

જો એ પ્રમાણે થાય તો બધો પ્રેમ સાધનમાં સમાઈ જતો હોવાથી તે ફલરૂપ ન થાય - -એવી શંકા થાય, તેથી આ કારિકા કહેલી છે. જેમ લૌકિક પુરુષોને સર્વ પદાર્થો ઉપર પ્રેમ(કામના) થતાં તેમને તેમના સ્વપ્ન વગેરે થાય છે, તેમ શ્રીકૃષ્ણ ઉપર પ્રેમ થતાં શ્રીકૃષ્ણ સમ્બન્ધી સ્વપ્ન વગેરે થાય છે. અને શ્રીકૃષ્ણ સમ્બન્ધી મનોરથપણ થાય છે. તેથી જેમ લૌકિક પદાર્થ ઉપર પ્રેમવાળાઓને પ્રપંચ સાથે અદ્વૈત થાય છે, તેમ શ્રીકૃષ્ણ ઉપર પ્રેમ રાખનાર તેઓને શ્રીકૃષ્ણ સાથે અદ્વૈત થાય છે. આવું અદ્વૈત જો કે મુખ્ય ફલના અધિકારીઓને સાધનરૂપ છે, છતાં પણ સાયુજ્ય (મુક્તિ)ના અધિકારીઓને ફલરૂપ છે. તેથી જો કે આવા પ્રેમનો સાધનમાં સમાવેશ થાય છે, છતાં પણ અધિકારના ભેદને લીધે તે ફલરૂપ પણ છે.

**અર્થધર્મૌ ધર્મકામૌ કામમોક્ષૌ નિરૂપિતૌ ।।૨૫૬।।**
**કેવલાશ્ચાન્યસંયુક્તાઃ પુરુષાર્થાઃ ફલં મતમ્ ।।**

ધન અને ધર્મ, ધર્મ અને કામ, કામ અને મોક્ષ પુરુષાર્થો કહ્યા. તેઓ છૂટા-છૂટા અથવા એક બીજા સાથે ભળેલા ફલરૂપ મનાયેલા છે.

**અધ્યાય ૫૪. અક્રૂરને પ્રાપ્ત થયેલ ફલ :**

**અક્રૂરસ્ય ફલં સિદ્ધમ્ અર્થો ધર્મેણ સંયુતઃ ।।૨૫૭।।**
**તદર્થં તાદૃશીં લીલાં લોકાદ્ ભિન્નાં કરોતિ હિ ।।**

ધર્મ સાથે ભળેલું ધન અક્રૂરને ફલ તરીકે પ્રાપ્ત થયું. તે માટે લોકથી જુદા પ્રકારની તેવી લીલા ભગવાને કરી.

અક્રૂરને ધર્મ સાથે ધન(સ્યમન્તક મણિ) પ્રાપ્ત થાય તે માટે ભગવાને લોકથી જુદા પ્રકારની; પોતાના ઉપર પ્રસેનને હણાવવાનું તહોમત આવે અને પોતે તે દૂર કરે તેવી, લીલા કરી.

**સ્વતસ્તેષાં કૃતિશ્ચેત્ સ્યાત્ કૃષ્ણસ્તોષં કથં વ્રજેત્ ।।૨૫૮।।**
**દુર્યોધનાદિહન્તારો યથા વૈ પાંડવાઃ પ્રિયાઃ ।।**
**સત્રાજિદ્ ઘાતકાસ્તદ્વત્ શતધન્વાદયો મતાઃ ।।૨૫૯।।**

જો તેઓએ પોતાની મેળે તે કાર્ય કર્યું હોત, તો શ્રીકૃષ્ણ પ્રસન્ન કેમ થાત ? જેમ દુર્યોધન વગેરેને હણનારા પાંડવો ભગવાનને પ્રિય હતા, તેવી રીતે સત્રાજીતનો વધ કરનારા શતધન્વા વગેરે તેમની પેઠે પ્રિય હોવાનો નિર્ણય થાય છે.

જો અક્રૂર અને કૃતવર્મા એ પોતે જ તે કાર્ય એટલે સત્રાજીતનો વધ કર્યો હોત, તો ભગવાન્ અક્રૂર ઉપર પ્રસન્ન ન થાત. જેમ દુર્યોધન વગેરે કૌરવોને હણનારા પાંડવો ભગવાનને પ્રિય હતા, તેમ સત્રાજીતને હણનારા શતધન્વા વગેરે ભગવાનને પ્રિય જ હોય, કારણ કે સત્રાજીત સૂર્યનો ભક્ત હતો અને કોઈ બીજાનો સમ્બન્ધી હોય તે શ્રીકૃષ્ણ સહન કરતા નથી, પરન્તુ બીજાનો સમ્બન્ધ તજાવી, પોતામાં જ આસક્ત કરી મુક્તિ આપે છે.

**યુદ્ધેન મારણં મુખ્યં વને વા ગુપ્તભાવતઃ ।।**
**ન તુ સુપ્તસ્ય સર્વાસાં સમક્ષં મારણં મતમ્ ।।૨૬૦।।**
**શતધન્વા તતો વધ્યો મુક્ત્યર્થં મારિતઃ સ્વતઃ ।।**

યુદ્ધમાં હણવું અથવા વનમાં છૂપા પ્રકારથી હણવું મુખ્ય છે, પરન્તુ સર્વ સ્ત્રીઓની હાજરીમાં સૂતેલાને હણવું સારું મનાયેલ નથી. તેથી શતધન્વા વધ કરવા યોગ્ય હતો. તેને મુક્તિ પ્રાપ્ત થાય તે માટે ભગવાને પોતે હણ્યો.

ત્યારે પાંડવોની પેઠે ભગવાને શતધન્વાનું રક્ષણ કેમ ન કર્યું ? એવો પ્રશ્ન થાય, તેથી આ કહેલ છે. તેણે સત્રાજીત સૂતો હતો ત્યારે તેના ઘરમાં સ્ત્રીઓને રડાવી તેનો વધ કર્યો (શ્લો.૫-૬), તેથી તે વધ કરવા યોગ્ય થયો. તેને મુક્તિ મળે તે માટે ભગવાને પોતે તેને

હણ્યો (શ્લો.૨૧).

**ગુપ્તલીલા ફલે વાચ્યા તેનાજ્ઞાનપ્રકાશનમ્ ।।૬૧ ।।**
**વિદ્યયા બોધનં ચાપિ વિલમ્બશ્ચ પલાયને ।।**

ફલ પ્રકરણમાં છૂપી રીતે કરેલી લીલા કહેવાની છે, તેથી ભગવાને અજ્ઞાન પ્રકટ કર્યું, અને વળી વિદ્યાથી જ્ઞાન આપેલ જાણ્યું અને નાસવામાં વિલમ્બ શતધન્વાએ કર્યો.

એમ હોય તો ભગવાન્ સર્વ જાણતા જ હતા. તેથી સત્રાજીત હણાયા સમ્બન્ધી તેમણે વિલાપ વગેરે કેમ કર્યા ? (શ્લો.૧૦), એવો પ્રશ્ન થાય, તો જાણવું કે ભગવાને છૂપી રીતે કરેલી લીલા આ પ્રકરણમાં કહેલી છે. ભગવાન્, સત્રાજીતને શતધન્વાએ હણેલ હોવાનું જાણવા છતાં, સત્યભામાએ હસ્તિનાપુર આવી તે કહ્યું ત્યારે તેમણે વિલાપ કર્યો. પછી દ્વારકા આવી તેને હણી તેની પાસેથી મણિ લેવાનો ઉદ્યમ કર્યો (શ્લો.૧૦). અક્રૂરે અને કૃતવર્માએ શતધન્વાને ભગવાન્ સમ્બન્ધી જ્ઞાન આપ્યું તે તેમણે જાણ્યું (શ્લો.૧૨-૧૭) અને શતધન્વાને નાસવામાં વિલમ્બ થયો તે પણ જાણ્યું (શ્લો.૧૮).

**અક્રૂરવત્ સોઽપિ તિષ્ઠેત્ લીનો વા તત્ર વૈ ભવેત્ ।।૨૬૨।।**
**તદા વધ્યો ન ચૈવ સ્યાત્ પરં પાપેન દૂષિતઃ ।।**
**યુદ્ધાર્થં કૃષ્ણદેવેન મિત્રયોઃ પ્રાર્થનાં તથા ।।૨૬૩।।**
**કૃત્વા જ્ઞાત્વાઽપિ માહાત્મ્યં શરણં ન સ આગતઃ ।।**

જો તે પણ અક્રૂરની પેઠે દ્વારકામાં જ રહે, અથવા ત્યાં જ છૂપો રહે તો તે હણવા યોગ્ય ન જ થાત, પરન્તુ પાપને લીધે તે દોષવાળો થયો. શ્રીકૃષ્ણદેવ સાથે યુદ્ધ કરવા તેણે બે મિત્રોને સાહાય્યમાટે પ્રાર્થના કરી. તેમ કરી ભગવાનનું માહાત્મ્ય જાણ્યા છતાં પણ તે તેમને શરણ ન આવ્યો.

તે હણવા યોગ્ય ન રહેત, પરન્તુ તેણે યુદ્ધ કરવાનો નિશ્ચય કરી પાપ કર્યું અને ભગવાનનું માહાત્મ્ય જાણ્યા છતાં તેમને શરણ ન આવ્યો અને (તેમને શત્રુ ગણી) નાઠો.

**અલૌકિકં ફલં હ્યેતન્ મર્યાદાયાં ન યુજ્યતે ।।૨૬૪।।**
**અતો હિ બલદેવસ્ય નાત્ર સમ્મતિરુત્તમા ।।**

આ અલૌકિક ફલ છે તે મર્યાદા(માર્ગ)માં ઘટતું નથી તેથી બલદેવની આમાં ઉત્તમ સમ્મતિ થઈ નહિ.

ભગવાન્ શતધન્વાને હણી તેને મુક્તિ આપવાના હતા, તો તેમાં બલભદ્ર કેમ સમ્મત થયા નહિ ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે આવી રીતે મુક્તિ આપવી તે અલૌકિક ફલ છે, અને મર્યાદામાર્ગમાં તેવું ફલ ઘટતું નથી. તેથી બલદેવ તેમાં સમ્મત થયા નહિ (શ્લો.૨૧,૨૨,૨૪, શ્રીસુબોધિની સાથે).

**અત્રૈવ બલદેવસ્થં ભિન્નમાસીન્ નિવેશિતમ્ ।।૨૬૫।।**
**ભગવદ્ધર્મજાતં હિ તતઃ સ મિથિલાં ગતઃ ।।**

આ પ્રસંગે જ બલદેવમાં રહેલ ભગવાનના ગુણોના સમૂહનું જુદું સ્થાન થયું, તેથી તે ત્યાંથી મિથિલા ગયા.

બલભદ્ર ભગવાનને તજી, મિથિલા કેમ ગયા ? એવો પ્રશ્ન થાય, તેથી આ કારિકા કહેલી છે. ભૂમિનો ભાર ઉતારવો એ ભગવાનનો ગુણ છે, અને તે કાર્ય બન્નેએ કરવાનું હતું. લોકો બે પ્રકારના સ્વભાવવાળા હોવાથી ભૂમિનો ભાર ઉતરે તે માટે આ ફલ પ્રકરણમાં શ્રીકૃષ્ણ અને બલભદ્રની શક્તિનો વિભાગ થાય છે (જુઓ શ્લો.૨૪ ઉપરનાં શ્રીસુબોધિની).

**અરુચિશ્ચ હરાવાસીદ્ અન્યધર્મપ્રવેશતઃ ।।૨૬૬।।**
**અતઃ પરં તુ રામેણ નૈકમત્યં ક્વચિત્–ક્વચિત્ ।।**

બલભદ્રમાં બીજા ગુણનો પ્રવેશ થવાથી તેમની હરિમાં અરુચિ થઈ. હવેથી તો કોઈ–કોઈ પ્રસંગે શ્રીકૃષ્ણ બલભદ્રથી જુદા મતવાળા થવાના.

ભગવાન્ જાણતા હતા કે શતધન્વા પાસે મણિ ન હતો, છતાં તેને હણી તેના કપડાં મણિ માટે જોયાં. પછી બલભદ્ર પાસે આવી ''શતધન્વાને નકામો હણ્યો તેની પાસે મણિ નથી'' (શ્લો.૨૧–૨૨) એમ કહ્યું. બલભદ્રે માન્યું કે શ્રીકૃષ્ણ મણિ છૂપાવી પોતાની પાસે રાખવા ઈચ્છે છે. (હરિવંશ, સ્કન્દપુરાણ અ.૩૮) એ રીતે બલભદ્રની શ્રીકૃષ્ણ ઉપર અરુચિ થઈ તેથી તે મિથિલા જઈ ત્યાં જનક પાસે રહ્યા.

**લોકેડપિ ફલમેતાદક્ સેવકાનાં ન રોચતે ।।૨૬૮।।**
**અતસ્તદ્ગોપનાર્થાય મારયિત્વાડન્યથૈવ હિ ।।**
**મણ્યર્થં મારણં વક્તું વૃથા મારણમાહ હિ ।।૨૬૮।।**

લોકમાં પણ આવું ફલ સેવકોને ગમતું નથી. તેથી તે છૂપાવવામાટે નકામો જ શતધન્વાને હણીને ''મણિ માટે હણ્યો'' એમ કહેવા માટે ''નકામો હણ્યો(મણિ તેની પાસે નથી)'' એમ કહ્યું.

પોતાના સાસરાને ઉંઘતો હોય ત્યારે સ્ત્રીઓને રડાવી હણે, તશં પણ ભગવાન્ મુક્તિરૂપ ફલ આપે તે સેવકોને ન ગમે. તેથી મણિમાટે હણ્યો એવો શ્રીકૃષ્ણે દેખાવ કર્યો, અને બલભદ્રને તે પ્રમાણે કહ્યું (શ્લો.૨૨).

**સોડપિ જ્ઞાત્વા વ્યવસિતં ક્ષોભશાન્ત્યૈ તતો ગતઃ ।।**
**કાશ્યાદિતીર્થે ધર્મસ્ય સિદ્ધિરર્થે ન સાધિતા ।।૨૬૯।।**

અક્રૂરે પણ શ્રીકૃષ્ણનો નિશ્ચય જાણીને ક્રોધ શાંત થાય તે માટે ત્યાંથી જતો રહ્યો. કાશી વગેરે તીર્થમાં તેણે ધનથી ધર્મ પ્રાપ્ત કર્યો.

શ્રીકૃષ્ણે શતધન્વાને માર્યો, અને હવે મણિમાટે મને હણશે એવા ભયથી અક્રૂર અને કૃતવર્મા દ્વારકાથી નાસી ગયા(શ્લો.૨૯). અક્રૂરે કાશીમાં જઈ મણિથી પ્રાપ્ત થતાં ધનથી યજ્ઞો કરી ધર્મ પ્રાપ્ત કર્યો(શ્લો.૩૯).

**પુનઃ સ્વસ્થાનમાયાતૌ મણિં ચાવાપતુઃ પ્રભોઃ ।।**
**એવં યાદવવર્યેષુ ફલમ્ એતેન બોધિતમ્ ।।૨૭૦।।**

પાછા તે બે પોતાના સ્થાનમાં આવ્યા અને તેમણે પ્રભુ પાસેથી મણિ મેળવ્યો. એમ આ અધ્યાયથી ઉત્તમ યાદવોને ફલ મળ્યાનું જણાવ્યું.

ભગવાને બોલાવવાથી તેઓ પાછા દ્વારકા આવ્યા (શ્લો.૩૪). ભગવાને મણિ અક્રૂરને આપ્યો (શ્લો.૩૭,૪૧). એ રીતે અક્રૂરે અર્થ(મણિ) અને ધર્મ(યજ્ઞો વગેરે) પુરુષાર્થો પ્રાપ્ત કર્યા.

**અધ્યાય ૫૫ :**

**તથૈવ પાંડવાનાં ચ ફલં દાતું વિનિર્ગતઃ ।।**
**સાન્ત્વને તેઽપિ નિર્દિષ્ટાઃ તતો વર્ગત્રયં દદૌ ।।૨૭૧।।**

અને તેવી જ રીતે પાંડવોને ફલ આપવા ભગવાન્ બહાર પધાર્યા. સાન્ત્વનમાં તેઓ પણ કહેલા છે. તેથી ત્રણ વર્ગ તેઓને આપ્યા.

યાદવોનાં ફલની વાત થાય છે, ત્યાં પાંડવોનાં ફલનું કેમ કહો છો ? એવો પ્રશ્ન થાય, તેથી પાંડવોનું પણ સાન્ત્વન છેતાલીસમા અધ્યાયમાં અક્રૂરદ્વારા ભગવાને કરેલું છે તે જણાવે છે. પાંડવોને ભગવાને ૧. વિશ્વકર્માદ્વારા નગર કરાવી આપ્યું, ૨. અગ્નિદ્વારા ગાણ્ડીવ અપાવ્યું અને ૩. મયદ્વારા સભા કરાવી આપી, શ્લો.૨૪,૨૬,૨૭. આ ત્રણ અનુક્રમે ધર્મ, અર્થ અને કામ પ્રાપ્ત કરાવનારા પદાર્થો છે.

**આમુષ્મિકં ફલં સૂર્યાત્ સ હિ વેદાત્મકો યતઃ ।।**
**તત્સમ્મતિં જ્ઞાપયિતું કાલિન્દીપ્રાપ્તિરુચ્યતે ।।૨૭૨।।**

પરલોકનું ફલ સૂર્યથી પ્રાપ્ત થાય છે, કારણ કે તે વેદરૂપ છે. તેની સમ્મતિ જણાવવા માટે કાલિન્દીની પ્રાપ્તિ થયાનું કહેલ છે.

યાદવોને પરલોકનું ફલ પ્રાપ્ત થાય તેમાં વેદરૂપ સૂર્યની સમ્મતિ છે એમ જણાવવા સૂર્યની પુત્રી કાલિન્દી પ્રાપ્ત થયાનું કહેલ છે.

**તદર્થગમનં જ્ઞાન-નિવૃત્ત્યૈ પ્રાપ્યતાં પુનઃ ।।**
**ઈન્દ્રપ્રસ્થે સ્થિતઃ કાલં તત્કાર્યાણાં હિ સાધકઃ ।।૨૭૩।।**

તે માટે ભગવાન્ પધારેલા તેવું જ્ઞાન ન થાય તે માટે તેને પ્રાપ્ત કર્યા પછી પાંડવોનાં કાર્ય પૂર્ણ કરનાર ભગવાન્ ઈન્દ્રપ્રસ્થમાં કેટલોક સમય રહ્યા.

ભગવાન્ કાલિન્દીને પ્રાપ્ત કરવા જ ઈન્દ્રપ્રસ્થપધારેલ એમ લોકો ન જાણે તે માટે, તેને પ્રાપ્ત કર્યા પછી પણ ભગવાન્ પાંડવોનાં કાર્ય પૂરાં થતાં સુધી ઈન્દ્રપ્રસ્થમાં રહ્યા. આથી એમ જણાય છે કે પાંડવાને જે ફલ પ્રાપ્ત થયેલ તે તો અકસ્માતથી થયેલ. ભગવાન્ પછી દ્વારકા પધારી ત્યાં કાલિન્દીને પરણ્યા (શ્લો.૨૮-૨૯).

**આત્મબોધસ્વરૂપેયં તેન વ્યાવર્તિતોઽર્જુનઃ ।।**

**મિત્રવિન્દા તપોરૂપા તેનાનીતા બલાન્ નિજાત્ ।।૨૭૪।।**
**અન્તસ્તાપ-બહિસ્તાપૌ ભ્રાતરાવિવ બોધિતૌ ।।**
**સ્વભાગત્વાદ્ હૃતા તસ્યા બન્ધૂનાં ચાખિલાર્થદઃ ।।૨૭૫।।**

આ આત્મજ્ઞાનનાં સ્વરૂપવાળાં છે. તેથી આમણે અર્જુનને પાછો કાઢેલો. મિત્રવિન્દા તપરૂપ છે. તેથી બલથી પોતાના ભાઈ પાસેથી લાવેલા. અંદરનો તાપ અને બહારનો તાપ બે ભાઈઓ જેવા જણાવેલા છે. તે પોતાના ભાગરૂપ હોવાથી તેનું હરણ કર્યું, અને તેના બન્ધુઓને સર્વ ઈચ્છેલા પદાર્થ આપ્યા.

કાલિન્દી આત્મજ્ઞાનનું સ્વરૂપ છે. તેથી અર્જુનને તેમણે પાછો કાઢેલો (શ્લો.૧૮-૨૩). બીજા મિત્રવિન્દા તપનું સ્વરૂપ છે. તે ભગવાનનાં ફોઈ રાજાધિદેવીની પુત્રી હોઈ, ''ફોઈની પુત્રી તારો ભાગ છે'' એ શ્રુતિ પ્રમાણે ભગવાનનો ભાગ હોવાથી તેમણે બલથી તેમનું હરણ કર્યું. તેમના ભાઈઓ વિન્દ અને અનુવિન્દ (તપના) અંદરના તાપ અને બહારના તાપ જેવા હતા. તેમની ઈચ્છા મિત્રવિન્દાને દુર્યોધનને આપવાની હતી, પરન્તુ બીજા સગાઓ તેમને ભગવાનને જ આપવા ઈચ્છતા હતા. તેથી તેઓના સર્વ ઈચ્છેલા પદાર્થ ભગવાને મિત્રવિન્દાનું હરણ કરી તેમને પ્રાપ્ત કરાવ્યા.

**યોગાત્મિકાં નાગ્નજિતીં સૂર્યવંશસમુદ્ભવામ્ ।।**
**વ્યસનાન્યગ્રતો જિત્વા તાં જગ્રાહાઽખિલર્દ્ધયે ।।૨૭૬।।**

સૂર્યવંશમાં ઉત્પન્ન થયેલી યોગરૂપ પ્રસિદ્ધ નાગ્નજીતીને પહેલાં વ્યસનો ઉપર વિજય પ્રાપ્ત કરી યાદવોને સર્વ સમૃદ્ધિ પ્રાપ્ત થાય તે માટે ભગવાન્ પરણ્યા.

સૂર્યવંશમાં ઉત્પન્ન થયેલા રાજાઓ યોગીઓ હોવાનું કહેલ છે, અને નાગ્નજીતી સૂર્યવંશમાં ઉત્પન્ન થયેલી. તેથી તે યોગરૂપ છે. સાત આખલારૂપ વ્યસનો ઉપર વિજય પ્રાપ્ત કરી ભગવાને આમને મેળવેલા. વ્યસનો ઉપર વિજય પ્રાપ્ત કરવો તે પણ યોગનું કાર્ય હોવાથી, અને નાગ્નજીતી પણ તેમ કરવાથી પ્રાપ્ત થયેલાં હોવાથી તેમને યોગરૂપ કહેલાં છે.

**સિદ્ધિરૂપં પારિબર્હમ્ અતસ્તત્ર નિરૂપિતમ્ ।।**
**વ્યસનાવિષ્ટચિત્તાનાં તત્રેચ્છા ન તુ લભ્યતે ।।૨૭૭।।**
**ઇતિ દર્શયિતું પશ્ચાદ્ યુદ્ધમાહ નરેણ હિ ।।**

દાયજો સિદ્ધિરૂપ છે. તેથી તેના સમ્બન્ધમાં તે કહેલો છે. વ્યસનોમાં જેઓનું ચિત્ત ચોટેંલ હોય તેઓને તેની ઈચ્છા હોય છે. પરન્તુ તે પ્રાપ્ત થતી નથી એમ દર્શાવવા પછી અર્જુન સાથે યુદ્ધ થયાનું કહેલ છે.

યોગથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે. તેથી આ યોગરૂપ નાગ્નજીતીના દાયજાનું વર્ણન શ્લો.૫૦-૫૧ માં કરેલું છે. વ્યસનીઓને સિદ્ધિ પ્રાપ્ત કરવાની ઈચ્છા હોવા છતાં તેમને તે પ્રાપ્ત થતી નથી એમ જણાવવા વ્યસની રાજાઓને પછી અર્જુન સાથે યુદ્ધ થયાનું

શ્લો.૫૩-૫૪ માં કહેલ છે.

**નિત્યાનિત્યવિવેકાખ્યા ભદ્રા સ્વયમુપાગતા ॥૨૭૮॥**
**ભક્તિરૂપા લક્ષ્મણાઽપિ બલાદ્ બુદ્ધ્યા ચ સંગતા ॥**
**તસ્યા વિસ્તારકથનં સાત્ત્વિકાનાં ફલે જગૌ ॥૨૭૯॥**

નિત્યાનિત્યવિવેક નામનાં ભદ્રા પોતાની મેળે આવ્યા. ભક્તિરૂપ લક્ષ્મણાનાં પણ બલને લીધે અને બુદ્ધિથી લગ્ન થયાં. સાત્ત્વિકોનાં ફલ પ્રકરણમાં તેના વિવાહનું વિસ્તારથી વર્ણન કરેલું છે.

નિત્ય અને અનિત્ય પદાર્થોને જાણવાની શક્તિરૂપ ભદ્રાને તેમના ભાઈઓએ જ ભગવાનને પરણાવ્યાં એટલે તે પોતે જ ભગવાનને પરણ્યાં. તે વૈરાગ્યરૂપ હતાં, જ્ઞાન, યોગ અને તપ પ્રાપ્ત થતાં વૈરાગ્ય એની મેળે જ પ્રાપ્ત થાય છે. લક્ષ્મણા ભક્તિરૂપ હતા. આમના વિવાહનું વર્ણન લંબાણથી સાત્ત્વિક ફલ પ્રકરણમાં અધ્યાય ૮૦માં કરેલું છે. તેથી એમ સિદ્ધ થાય છે કે ભગવાનને આ બલને લીધે તથા બુદ્ધિથી પ્રાપ્ત થયેલાં (અ.૮૦।૧૭-૩૯).

**સર્વાર્થસાધનૈર્યુક્તઃ સ્વતોઽપિ ફલદાયકઃ ॥**
**ફલપ્રકરણે પ્રોક્તઃ કૃષ્ણઃ સર્વહિતપ્રદઃ ॥૨૮૦॥**

શ્રીકૃષ્ણ સર્વ પુરુષાર્થ અને સાધનવાળા અને પોતાની મેળે પણ ફલ આપનારા હોવાનું અને સર્વ હિતનું દાન કરનાર હોવાનું આ ફલ પ્રકરણમાં કહેલ છે.

સર્વ મહારાણીઓને શ્રીકૃષ્ણે સર્વ પુરુષાર્થનું દાન કરેલું છે, અને તે સર્વનું હિત કરનારા અને પોતાની મેળે જ ફલ આપનારા હોવાનું આ પ્રકરણમાં કહેલું છે. આ વીર્ય દર્શાવનાર અધ્યાય છે એ સ્પષ્ટ જ છે.

**અધ્યાય ૫૬ :**

**વિષયાણામ્ ઈન્દ્રિયાણામ્ અનન્તત્વં યદા ભવેત્ ॥**
**જ્ઞાનસાધ્યે કર્મસાધ્યે ફલે સ્યાન્ નિર્વૃતિઃ પુરા ॥૨૮૧॥**
**ઈતિ જ્ઞાપયિતું કૃષ્ણઃ સહસ્રાણિ ચ ષોડશ ॥**
**નરાણાં કં સુખં હત્વા દેવાંશ્ચ પરિભૂય હિ ॥૨૮૨॥**
**મહિષીવૃત્તિરૂપાસ્તાઃ કાલદોષનિવૃત્તયે ॥**
**ઉદ્વાહયામાસ મુદા લોકવેદૌ સમર્થયન્ ॥૨૮૩॥**

જ્યારે ભોગના વિષયો અને ઈન્દ્રિયો અનન્ત હોય, ત્યારે પહેલાં જ્ઞાનથી અને કર્મથી પ્રાપ્ત થાય તેવાં ફલ સમ્બન્ધમાં સન્તોષ થાય છે એમ જણાવવા 'નરાણાં' = નરોના 'કં' = સુખ (નર+ક = નરકાસુર)ને હણી અને દેવોનો પરાજય કરી, લોક તથા વેદનું સમર્થન કરતાં શ્રીકૃષ્ણે કાલના દોષોને દૂર કરવા મનની વૃત્તિરૂપ સોળહજાર રાણીઓ (રાજાની કન્યાઓ) સાથે આનન્દથી લગ્ન કર્યાં. (આથી આ યશ ગુણથી કરેલી લીલા છે એમ

જણાવેલ છે.)

**અવિદ્યાકાર્યરૂપો હિ મુરો નરકરક્ષકઃ ।।**
**તત્પુત્રા પીઠસહિતાઃ પ્રાકૃતાઃ ખાદિવન્મતાઃ ।।૨૮૪।।**

કારણ કે અવિદ્યાના કાર્યરૂપ મુર નરકનું રક્ષણ કરનારો હતો, પીઠ સહિત તેના પુત્રો ઇન્દ્રિયો વગેરે સાધનવાળા પ્રાકૃત હતા.

પીઠ નરકાસુરનો સેનાપતિ હતો તેની સાથે મુરના પુત્રો યુદ્ધ કરવા આવેલા.

**નરકો ભગવત્પુત્રઃ ચતુર્મૂર્તેઃ તપસ્સ્થિતઃ ।।**
**તપસોઽન્તે તપસ્વિભ્યઃ ફલદાતુસ્તુ યાચનાત્ ।।૨૮૫।।**
**ભૂમ્યાં જાતો વરઃ પ્રાપ્તો ન વધ્યઃ સકલૈરપિ ।।**
**નારાયણાસ્ત્રયુક્તશ્ચેત્ પરં પુત્રાય તદ્ દદૌ ।।૨૮૬।।**

ચાર મૂર્તિવાળા ભગવાનનો પુત્ર નરક તપ કરતો હતો. તપના અન્તે તપસ્વીઓને ફલ આપનાર પાસે (એવી) માગણી કરવાથી તે ભૂમિનો પુત્ર થયો અને તેને એવું વરદાન મળ્યું કે જો તેની પાસે નારાયણાસ્ત્ર હશે, તો કોઈથી પણ તે હણી શકાશે નહીં, પરન્તુ તેણે તે પુત્રને આપ્યું. (નારાયણાસ્ત્ર તેણે પોતાના પુત્ર ભગદત્તને આપ્યું.)

**તેન વધ્યો હરેર્જાતઃ તથૈવ સુખમૈહિકમ્ ।।**
**દૈવાધીનં તથા પુત્રફલં તત્ર નિવારિતમ્ ।।૨૮૭।।**

તેથી હરિથી હણવા યોગ્ય થયો. તેવી જ રીતે આ લોકનું સુખ દૈવને આધીન છે. અને તે વિષયમાં પુત્રનું ફલ પણ અટકાવેલું છે.

નારાયણાસ્ત્ર તેણે ભગદત્તને આપ્યું એટલે તે તેની પાસે ન હોવાથી જ તે હણી શકાયો. જેમ નરકનો વધ થયો, તેવી જ રીતે અવિદ્યાનાં કાર્ય અહંતા વગેરેથી રક્ષાયેલ, ઇન્દ્રિયો વગેરેથી પુષ્ટ થયેલ, ભૂમિ ઉપર ઉત્પન્ન થયેલ, ભગવાનની આજ્ઞાથી વિરુદ્ધ કર્મવાળું નરોનું જે આ લોકનું સુખ છે તે દૈવને અધીન છે. નરકને નારાયણાસ્ત્ર હોય ત્યાં સુધી તે કોઈથી હણી શકાય નહીં, તેવું વરદાન મળેલું. તેના પુત્રને તેવું વરદાન ન હતું તેથી તેને એ અસ્ત્રથી એવું ફળ મળે નહીં. અને મહાભારતના યુદ્ધમાં અર્જુને તેને મારી નાખેલ(દ્રોણ પર્વ અ.૨૯).

**દૈવાધીનત્વમેતેન વિરક્તો ભક્તિસંયુતઃ ।।**
**ઐહિકામુષ્મિકફલં કૃષ્ણાત્ પ્રાપ્નોત્યસંશયમ્ ।।૨૮૮।।**
**યાદવાનાં સમસ્તાનામ્ એવં દાતું હરિસ્તથા ।।**

આથી દૈવને અધીન હોવાનું સિદ્ધ થાય છે. ભક્તિ સાથે વૈરાગ્યવાળો હોય તે આ લોકનું અને પરલોકનું ફલ શ્રીકૃષ્ણ પાસેથી પ્રાપ્ત કરે છે, તેમાં સંશય નથી. સર્વ યાદવોને એવી રીતે ફલ આપવા હરિએ તેમ કર્યું.

સુખ દૈવને અધીન છે એ આથી સિદ્ધ થાય છે. વૈરાગ્ય અને ભક્તિવાળો હોય તેને

શ્રીકૃષ્ણ બન્ને લોકનાં ફલ આપે છે જ. સર્વ યાદવોને ફલ આપવામાટે ભગવાને આવી લીલા કરેલી.

**અધ્યાય ૫૭ :**

**પરિહાસવિલાસસ્તુ રુક્મિણ્યા યદ્ ઈહોદિતમ્ ।।૨૮૯।।**
**તદ્ વાદ્વાચિકતિરોધાનં ગોપીનામિવ કાયિકમ્ ।।**
**અભિમાનાદિદોષાણાં નિવૃત્ત્યૈ મધ્યમત્વતઃ।।૨૯૦।।**
**અન્તિમે ચ તથાઽધ્યાયે માનસં ચ પ્રવક્ષ્યતિ ।।**
**એવં ત્રિધા તિરોભાવો દોષાભાવાય બોધ્યતે ।।૨૯૧।।**

રુક્મિણી સાથે ભગવાને પરિહાસનો આનન્દ કર્યાનું જે અહીં કહેલ છે તે-જેમ ગોપીઓ પાસેથી કાયાથી તિરોહિત થયેલા તેમ-મધ્યમપણાંને લીધે અભિમાન વગેરે દોષોને દૂર કરવા કરેલું વાણીનું તિરોધાન છે. તેમજ છેલ્લા અધ્યાયમાં મનનું તિરોધાન કહેશે. એવી રીતે દોષો ન રહે તે માટે ત્રણ પ્રકારનો ભગવાનનો તિરોભાવ જણાવેલો છે.

ભગવાનનો વિપ્રયોગ જરા સહન થઈ ન શકે તે પ્રથમ(સર્વથી) હલકો અધિકાર છે. તે વધારે સહન થઈ ન શકે તે મધ્યમ અધિકાર છે, અને તે મુદ્દલ સહન થઈ ન શકે તે ઉત્તમ અધિકાર છે. ભગવાને ભક્તોના દોષ દૂર કરવા કાયાથી, વાણીથી અને મનથી એમ ત્રણ પ્રકારે પોતાનું તિરોધાન કરેલ છે. મનનું તિરોધાન અ.૮૬।૧૫-૨૪માં જણાવેલ છે.

**અત્યન્તં કોમલા ભક્તા ન કૃષ્ણરસભોજને ।।**
**સમર્થા ઈતિ દાઢર્યાય તિરોધાનં કરોતિ હિ ।।૨૯૨।।**

ભક્તો અત્યન્ત કોમળ હોઈ શ્રીકૃષ્ણરસનો ભોગ કરવાની શક્તિવાળા હોતા નથી, તેથી તેઓને દઢ કરવા ભગવાન્ પોતે તિરોહિત થાય છે.

**અનેન સર્વભક્તાનાં સામર્થ્યં ચાપિ યચ્છતિ ।।**
**ફલભોગે ફલં ચાપિ તથા દોષં નિવારયન્ ।।૨૯૩।।**

આથી એમ જણાવ્યું છે કે તેવી રીતે દોષ દૂર કરતાં ભગવાન્ સર્વ ભક્તોને ફલનો ભોગ કરવાની શક્તિ અને ફલ પણ આપે છે.

'તેવી રીતે' એટલે પોતાનું તિરોધાન કરીને ભક્તોને ભગવાન્ ફલ અને ફલનો ભોગ કરવાની શક્તિ આપે છે.

**અધ્યાય ૫૮ :**

**પુત્રપૌત્રાદિસમ્પત્તિઃ *ફલપૂર્વમ્ ઉદાહૃતમ્ ।।**
**તત્ર દોષસમુદ્ભાવે દૈત્યેષ્વેવ નિયોજયેત્ ।।૨૯૪।।**
**ઈતિ દર્શયિતું રુક્મી હતો રામેણ મંગલે ।।**

(* ''ફલં પૂર્વમ્'' પાઠ હોવો જોઈએ એમ જણાય છે)

પુત્ર-પૌત્ર વગેરેની પ્રાપ્તિ ફલરૂપ હોવાનું પહેલા કહેલું છે, તેમાં દોષ ઉત્પન્ન થતાં

ભગવાન્ તેને દૈત્યોનો જ સમ્બન્ધ કરાવે, એમ દર્શાવવા મંગલ કાર્યમાં બલભદ્રે રુકમીને હણ્યો.

પુત્ર-પૌત્ર વગેરે સમ્પત્તિ ફલરૂપ હોવાનું પાછળ કારિકા ૨૫૨-૨૫૩માં કહેલું છે. તેઓમાં બીજાના સમ્બન્ધને લીધે કોઈ વાર દોષ થાય, તો ભગવાન્ તે દોષ દૈત્યોમાં જ મૂકે છે, એમ દર્શાવવા અનિરુદ્ધના વિવાહરૂપ મનલ કાર્યમાં બલભદ્ર રુક્મીને હણે છે (શ્લો.૩૬).

**અધર્મોદ્વાહજં પાપં તત્રૈવ નિહતં યતઃ ॥૨૯૫॥**
**અતઃ પાપે પ્રતિહતે સુખિનસ્તે સમાગતાઃ ॥**

કારણ કે અધર્મવાળા વિવાહથી થયેલ પાપ ભગવાને રુક્મીમાં જ મૂકેલું, તેથી પાપનો નાશ થતાં યાદવ જાનૈયાઓ સુખી થઈ દ્વારકા પહોંચ્યા.

અનિરુદ્ધને રુક્મીએ રોચના પરણાવી. આ વિવાહ અધર્મવાળો થયો (જુઓ શ્લો.૨૫ ઉપરનાં સુબોધિની) તેનું પાપ ભગવાને રુક્મીમાં મૂક્યું, તેથી બલભદ્રે રુક્મીને હણ્યો, અને યાદવો સુખી થઈ દ્વારકા પાછા આવ્યા(શ્લો.૪૦).

**અધ્યાય ૫૯-૬૦ :**

**અતઃ પરં સર્વભાવૈઃ કૃષ્ણો ભક્તાર્થસાધકઃ ॥૨૯૬॥**
**ઈતિ દર્શયિતું પ્રોક્તમ્ ઊષાખ્યાનં મહાદ્ભુતમ્ ॥**
**અધ્યાયદ્વિતયેનૈવ વૈરાગ્યેણાપિ ધર્મિણા ॥૨૯૭॥**

હવે પછી ''શ્રીકૃષ્ણ સર્વ પ્રકારે ભક્તોનું કાર્ય સિદ્ધ કરે છે'' એમ દર્શાવવા વૈરાગ્ય ગુણ અને ધર્મીજણાવનારા બે અધ્યાયોથી જ ઊષાનું ઘણું અદ્ભુત આખ્યાન કહેલું છે.

ઓગણસાઠ અને સાઠમો અધ્યાય અનુક્રમે વૈરાગ્ય ગુણ અને ધર્મીજણાવનારા છે. આ બે અધ્યાયોમાં ઘણું અદ્ભુત ઊષાનું આખ્યાન કહેલું છે.

**તૂષ્ણીં સ્વધર્માન્ સંહૃત્ય જ્ઞાત્વાઽપ્યાસ્તે સદા હરિઃ ॥**
**યદોત્કૃષ્ટં ભક્તકાર્યં કુતશ્ચિત્ સિદ્ધિમેતિ હિ ॥૨૯૮॥**

જ્યારે ભક્તનું ઉત્તમ કાર્ય ક્યાંયથી પણ સિદ્ધ થતું હોય ત્યારે જાણવા છતાં, હરિ પોતાના ગુણોને સંકેલી લઈ સદા શાંત રહે છે.

ચિત્રલેખા અનિરુદ્ધને દ્વારકામાંથી લઈ જવા આવી, ત્યારે ભગવાન્ તે જાણતા હોવા છતાં ચિત્રલેખાને કાંઈ અડચણ આવવા ન દીધી (જુઓ અ.૫૫૧૯-૨૦ ઉપરનાં શ્રીસુબોધિની).

**ઈત્યૂષાહરણં જ્ઞાત્વા રક્ષકાંશ્ચ નિવારયન્ ॥**
**અનભિપ્રેતકર્તા ચ નારદેન નિવારિતઃ ॥૨૯૯॥**

તેથી ઊષાએ અનિરુદ્ધનું હરણ કરાવેલ તે જાણીને, અને દ્વારકાનું રક્ષણ કરનારાઓને અટકાવીને યાદવોએ ન ઈચ્છેલું ભગવાને કર્યું. નારદે તેમને શાંત રહેતા અટકાવ્યા.

શ્રીકૃષ્ણ જાણતા હતા કે ઊષા ચિત્રલેખાદ્વારા અનિરુદ્ધનું હરણ કરાવે છે. તેથી દ્વારકાનું રક્ષણ કરનારાને તેમણે રક્ષણ કરતા અટકાવ્યા (અ.૫૯|૧૮ સુબોધિની). અને યાદવોએ ન ઈચ્છેલ અનિરુદ્ધનું હરણ થવા દીધું, ત્યાર પછી પણ ચાર માસ ભગવાન્ શાંત જ રહ્યા અને પાછળથી પણ શાંત જ રહેત, પરન્તુ નારદે દ્વારકા આવી સર્વ વૃતાન્ત કહી, તેમને શાંત રહેતા અટકાવ્યા(અ.૬૦ આરંભની સુબો.કારિ.૩ તથા શ્લો.૧).

**એતદર્થં યતો લોકે મુગ્ધભાવસ્થિરો ભવેત્ ।।**
**મહાદેવાદિભિર્યુદ્ધં નાટ્યમ્ અત્ર ન સંશયઃ ।।૩૦૦।।**

ભગવાને તેમ એટલા માટે કરેલું કે જેથી લોકમાં પોતે જાણતા ન હોવાનો વિચાર દઢ થાય. મહાદેવ વગેરે સાથે યુદ્ધ કર્યું તે નાટક છે, તેમાં સંશય નથી.

ભગવાન્ ચાર માસ શાંત રહ્યા, અને નારદના કહેવાથી એ જાણવામાં આવ્યું હોય તેમ ત્યાં સુધી પોતાનું અજ્ઞાન જણાવ્યું. મહાદેવ સાથે યુદ્ધ કર્યું તે તો માત્ર નાટક જ હતું.

**મહાદેવોક્ત એવાર્થો યતોઽયં હરિણા કૃતઃ ।।**
**ભક્તેષુ પક્ષપાતો હિ સર્વદેવેષુ બોધિતઃ ।।૩૦૧।।**

કારણ કે મહાદેવે કહેલ તે જ આ કાર્ય હરિએ કર્યું. સર્વ દેવોને પોતાના ભક્તો પ્રતિ પક્ષપાત હોવાનું જણાવેલ છે.

મહાદેવે ભગવાનને જે કરવાની વિનંતી કરી, તે જ તેમણે કર્યું, જુઓ અ.૬૦|૪૫-૪૬. ભક્તો પ્રતિ બધા દેવો પક્ષપાત રાખે છે એમ આ વૃત્તાન્તથી જણાવેલ છે.

**તથાપ્યશક્તા નિખિલા ઈતિ બાહૂંશ્ચકર્ત હ ।।**
**ભક્તપ્રિયેષુ સર્વેષુ યે કેચિદ્ વિમતાઃ ક્વચિત્ ।।૩૦૨।।**
**યાવતા તે ભવિષ્યન્તિ સમ્મતાસ્તત્ કરોતિ હિ ।।**

છતાં પણ બધા દેવો તેમ કરવાની શક્તિ વિનાના હોવાથી, ભગવાને બાણના હાથો કાપી નાખ્યા. ભક્તને પ્રિય હોય તે સર્વમાં કેટલાક કોઈ વિષયમાં વિરોધ કરનારા હોય ત્યારે, જેટલું કરવાથી તેઓ અનુકૂલ થાય તે ભગવાન્ કરે છે.

બધા દેવો ભક્તનો પક્ષપાત સમ્પૂર્ણ રીતે કરી શક્તા નથી એમ જણાવવા ભગવાને બાણના ૯૯૬ હાથો કાપી નાખ્યા (શ્લો.૪૯ શ્રીસુબોધિની સાથે). ભક્ત (મહાદેવ)ને જે કોઈ પ્રિય હોય, તે સર્વમાં (બાણ જેવા) જે કોઈ અમુક વિષયમાં વિરોધ કરનારા હોય, તેઓ જેટલું કરવાથી વિરોધ તજી સર્વ વિષયોમાં ભક્તને અનુકૂલ થાય, તેટલું સર્વ કાર્ય ભગવાન્ કરે છે, એમ આ કથાથી જણાવેલ છે.

**અનિરુદ્ધકથા પ્રોક્તા યાદવાનાં ચ સૂચિકા ।।૩૦૩।।**
**રાજસાનાં ફલં હ્યેતત્ ફલં કૃષ્ણાત્તુ નિર્ગુણમ્ ।।**
**એવં ફલપ્રકરણં રાજસેષુ નિરૂપિતમ્ ।।૩૦૪।।**

અનિરુદ્ધની કથા કહી. યાદવોનાં બળે માઝા મૂકેલી એમ તે સૂચવનારી છે. આ

રાજસોનું ફલ છે. શ્રીકૃષ્ણથી તો નિર્ગુણ ફલ પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે રાજસોનું ફલ પ્રકરણ જણાવ્યું.

યાદવોનાં બળે માઝા મૂકી હતી એમ આ અનિરુદ્ધની કથાથી કહેલ છે; કારણ કે ઘણું બળ હોવું એ જ રાજસોનું ફલ છે. સર્વ પ્રકારે સર્વ કાર્ય સિદ્ધ કરવાં તેને જ રાજસો ફળ માને છે. વાસ્તવિક રીતે શ્રીકૃષ્ણ પાસેથી તેમને નિર્ગુણ (માયા તેમનાથી હઠી જાય તેવું) ફળ પ્રાપ્ત થાય છે.

### મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યવિરચિત

# શ્રીપુરુષોત્તમનામસહસ્ર સ્તોત્રના

## દશમસ્કન્ધ અન્તર્ગત રાજસ સાધન તથા ફળ પ્રકરણના નામો

**જરાસન્ધસમાનીતસૈન્યઘાતી ।।૯૧૭।।**

મગધદેશના અધિપતિ જરાસન્ધ રાજાએ સત્તરવાર ત્રેવીસ – ત્રેવીસ અક્ષૌહિણી સૈન્ય આણ્યું, તેને હણવાના, નાશ કરવાના સ્વભાવવાળા પ્રભુ.

અક્ષૌહિણી સેનાનું માપ મહાભારતાદિ ગ્રન્થોમાં નીચે પ્રમાણે જોવામાં આવે છે કે, ૨૧૮૭૦ રથો, ૨૧૮૭૦ હાથી, ૬૫૬૧૦ ઘોડેસવાર અને ૧૦૯૭૫૦ પાયદલ એ રીતે કુલ ૨૧૮૭૦૦ સૈનિકોની સંખ્યાને એક અક્ષૌહિણી કહેવાય છે. તેવી ત્રેવીસ અક્ષૌહિણી સેનાની તૈયારી કરી સત્તરવાર મથુરાપર ચઢાઈ કરી હતી, અને દરેક વખતે શ્રીકૃષ્ણે તે સેનાઓને સારી રીતે નાશ કરેલો છે. એ જ તાત્પર્યને જણાવનારું આ નામ છે.

**વિચારકઃ ।।૯૧૮।।**

વિચાર કરનાર પ્રભુ.

જ્યારે અઢારમી વાર જરાસન્ધ ત્રેવીસ અક્ષૌહિણી મહાન સેનાને લઈ આવ્યો, ત્યારે પોતાના સર્વ યાદવ બંધુઓને કુશસ્થલીમાં લઈ જવા સારું આપે બળદેવજી સાથે રાજનીતિ સમ્બન્ધી વિચારો કરેલા તેને જ ઉદ્દેશી અહીં વિચાર કરનાર એવા પ્રભુ એમ કથન કરે છે.

**યવનવ્યાપ્તમથુરાજનદત્તકુશસ્થલિઃ ।।૯૧૯।।**

યવનરાજના ત્રણ કરોડ સૈન્યવડે અર્થાત્ કાલયવનથી વ્યાપ્ત – ઘેરાયેલા મથુરામાં નિવાસ કરનારા લોકોને સ્થિતિ કરવા સારું કુશસ્થલીને અર્પનારા

**દ્વારકાદ્ભુતનિર્માણવિસ્માપિતસુરાસુરઃ ।।૯૨૦।।**

શ્રીદ્વારકાનગરીની અદ્ભુત આશ્ચર્ય પમાડે તેવી રમણીય રચનાથી દેવો અને દૈત્યો ને વિસ્મય ઉત્પન્ન કરનાર – આશ્ચર્યચકિત બનાવનાર.

**મનુષ્યમાત્રભોગાર્થભૂમ્યાનીતેન્દ્રવૈભવઃ ।।૯૨૧।।**

સર્વ મનુષ્ય માત્રને ભોગ – સ્વર્ગ સમાન સુખનો અનુભવ કરવા સારુ ભૂમિમાં – શ્રીદ્વારકાપુરીમાં ઈન્દ્રના વૈભવો – પારિજાતતરુ આદિ ઉપભોગ કરવા લાયક ઐશ્વર્યોને આણનાર – સ્થાપન કરનાર શ્રીપુરુષોત્તમ.

દરેક દિશાના લોકપાલોએ પોતાનો સર્વ વૈભવ દ્વારકામાં સ્થાપન કર્યો છે તેમ સત્યભામાના આગ્રહથી આપે ઈન્દ્ર સાથે યુદ્ધ કરી પારિજાત વૃક્ષને લાવી દ્વારકામાં સ્થાપન કર્યું છે માટે, સર્વજનોના ઉપભોગ સારુ ઈન્દ્રના વૈભવોને ભૂમિમાં લાવનાર પ્રભુ એમ કહે છે.

**યવનવ્યાપ્તમથુરાનિર્ગમાનન્દવિગ્રહઃ ।।૯૨૨।।**

કાલયવને ઘેરી લીધેલી મથુરાપુરીમાંથી નીકળતી વખતે પોતાની પાસે આયુધ વગેરે નહિ હોવાથી શુદ્ધ સચ્ચિદાનન્દમય જેમનો દેહ છે એવા સચ્ચિદાનન્દ સ્વરૂપવાન શ્રીકૃષ્ણ.

**મુચુકુન્દમહાબોધયવનપ્રાણદર્પહા ।।૯૨૩।।**

માંધાતા રાજાના પુત્ર મુચુકુન્દને ઘણા જ કાળની નિદ્રામાંથી જગાડનારા કાલયવનના પ્રાણો અને તેના પક્ષના જરાસન્ધાદિ રાજાઓના દર્પને અભિમાનને દૂર કરનાર – નાશ કરનાર શ્રીહરિ.

આ સ્કન્ધના ૫૧ મા અધ્યાયમાં કાલયવનના ભયથી જાણે દોડી જતા હોય, તેમ શ્રીકૃષ્ણે ગુફામાં પ્રવેશ કર્યો, તેમની પાછળ કાલયવને પણ પ્રવેશ કર્યો. ત્યાં ઘણા કાલની નિદ્રામાં સૂતેલા મુચુકુન્દ રાજાને, આ શ્રીકૃષ્ણ છે એમ જાણી, તેમને લાત મારી એટલે જાગૃત થતાં તે મુચુકુન્દના નેત્રનાં તેજથી કાલયવન ભસ્મીભૂત થઈ ગયો. એ કથાના આશયનો બોધ કરનારું આ ભાગવત્ નામ છે.

**મુચુકુન્દસ્તુતાશેષગુણકર્મમહોદયઃ ।।૯૨૪।।**

ભક્તરાજ મુચુકુન્દે જેમનો સમ્પૂર્ણ ગુણકર્મના મહોદયને – ઐશ્વર્યના પ્રભાવ સ્તવ્યો છે – વર્ણવ્યો છે એવા પ્રભુ.

**ફલપ્રદાનસન્તુષ્ટિઃ ।।૯૨૫।।**

ભક્તિરૂપ અમોઘ ફલનું દાન કરી મુચુકુન્દ રાજાને સમ્પૂર્ણ રીતે સન્તુષ્ટ કરનાર – પ્રસન્ન કરનાર.

**જન્માન્તરિતમોક્ષદઃ ।।૯૨૬।।**

બીજા જન્મે મુચુકુન્દ રાજાને મોક્ષ આપનાર.

પ્રભુનાં દર્શનથી તાત્કાલિક જ મોક્ષ થવો જોઈએ, છતાં મુચુકુન્દ રાજાને પૂર્વનાં અવશિષ્ટ કર્મ અન્ય બ્રાહ્મણદેહ આપી તેને મોક્ષ આપેલો છે. કેમકે જ્યાં સુધી કર્મો બાકી હોય છે, ત્યાં સુધી તેને ભોગવ્યા સિવાય જન્મમરણથી રહિત થવાતું નથી. એવી પોતાની શાસ્ત્રસિદ્ધ મર્યાદાનો ભન ન થાય, માટે આપે અન્ય જન્મે મોક્ષ આપેલો છે એમ જાણવું. પુષ્ટિભક્તિને તો કેવળ ભગવાન્નું સેવન જ ઈષ્ટ છે, તેમને મોક્ષાભિલાષની કાંઈ જરૂર નથી. તે તો પ્રભુની પ્રેમમયી ભક્તિપૂર્વક વિપ્રયોગદશામાં આરાધના કરવાથી જ ભગવત્કૃપાપાત્ર બની આનન્દમય સ્વરૂપનો અનુભવ કરે છે. એથી બીજો કોઈ પણ અધિક આનન્દ જ નથી. અસ્તુ.

**શિવબ્રાહ્મણવાક્યાપ્તજયભીતિવિભાવનઃ ।।૯૨૭।।**

શંકર અને બ્રાહ્મણો ના ( ''તારો જય થાવ'' એવા વરદાન રૂપી ) વાક્યોને મેળવી અઢારમી વાર યુદ્ધ કરવા આવેલા જરાસન્ધનો જય થવા સારુ અર્થાત્ શિવ તથા બ્રાહ્મણો ના વાક્યોને સત્ય કરવામાટે પોતાનામાં ભયની ભાવના કરનાર, એટલે જાણે જરાસન્ધથી

ભયભીત થયા હોય એમ સર્વને દર્શાવનાર.

ભગવાન્‌નો સર્વત્ર વિજય જ છે. તેમને જરાસન્ધાદિ શત્રુઓથી ભય પામવાનું એ ખરું જોતાં નટરચના જેવું છે. એવા પ્રકારનો લીલાવિનોદ કરવાની જ અભિલાષા છે; એમ સમજવું. અથવા જ્યારે સત્તરવાર શ્રીકૃષ્ણથી પરાભવ પામી જરાસન્ધ લજ્જિત બની ગયો, ત્યારે ભગવાન્ શપરનું આરાધન કરી, બ્રાહ્મણોના આશીર્વાદો મેળવી અઢારમીવાર યુદ્ધ કરવા યાદવો ઉપર ચડી આવ્યો. એટલે તે શપર અને ભૂદેવો ના વરદાનો ઉપર લોકોનો વિશ્વાસ ન ઊઠી જાય તે માટે આપ પરાભવ પામવાથી નાઠા હોય એમ સર્વત્ર દર્શાવ્યુ છે. વસ્તુતઃ પ્રભુ અજિત જ છે.

**પ્રવર્ષણપ્રાર્થિતાગ્નિદાનપુણ્યમહોત્સવઃ ।।૯૨૮।।**

'પ્રવર્ષણ' નામના પર્વત પર્યન્ત પાછળ દોડીને જેમની ( શ્રીકૃષ્ણ અને બલદેવ ની ) સાથે યુદ્ધ કરવાની પ્રાર્થના – યાચના કરી છે, એવી યાચનાના ઉદ્દેશથી પર્વત ઉપર ચઢી જવાને લીધે ચારે પાસેથી પર્વતને અગ્નિદાન કરી સળગાવી જરાસન્ધના મોટા પુણ્યના મહોત્સવને મિથ્યા – વૃથા કરનાર પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્ર.

જરાસન્ધના ભયથી નાસી શ્રીકૃષ્ણ તથા બલરામ પ્રવર્ષણ પર્વતમાં ગુપ્ત થઈ ગયા. એટલે તેમની પૂંઠ પકડી એ પર્વત પર્યન્ત આવેલા જરાસન્ધે આખા પર્વતની ચારે બાજુએ અગ્નિ સળગાવી એમ માન્યું કે બન્ને જણ ભસ્મીભૂત થઈ ગયા, પરન્તુ વસ્તુતસ્તુ દ્વારકામાં જ પધારેલા હતા. એ પ્રમાણે તેને છેતરી વરદાનથી મેળવેલા તેના મહાપુણ્યના મહોત્સવને આપે ફોકટ કરી નાંખ્યો છે. એમ સ્પષ્ટ ભાગવતના આ સ્કન્ધના ૫૨ ( બાવન ) અધ્યાયમાં છે. એ ઉદ્દેશથી જ આ નામ કથન કરેલું છે.

**રુક્મિણીરમણઃ ।।૯૨૯।।**

રુચિ ઉત્પન્ન કરે તેને 'રુક્મ' કહેવાય છે એટલે તે રુક્મના ( સુવર્ણના ) જેવો જેનો વર્ણ છે. એવાં રુક્મિણીજીને રમાડનાર, અર્થાત્ લક્ષ્મીરૂપ સૌન્દર્ય સ્વરૂપ શ્રીરુક્મિણીજીમાં રમણ કરનાર પ્રભુ.

**કામપિતા ।।૯૩૦।।**

શ્રીશંકરે પોતાની દષ્ટિવડે બાળીને ભસ્મીભૂત કરેલા કામદેવના પિતા – જનક – ઉત્પન્ન કરનાર શ્રીપુરુષોત્તમ.

શ્રીશંકરે મોહિત કરવા આવેલા કામદેવને પોતાના તૃતીય લોચનથી ભસ્મીભૂત કરી નાખ્યો. જ્યારે તેની પત્ની રતિએ સજીવન કરવા શપરની પ્રાર્થના કરી ત્યારે શ્રીકૃષ્ણથી રુક્મિણીમાં પ્રકટ થશે. એમ વરદાન આપેલું એમ શિવપુરાણાદિમાં છે. તે શમ્ભુના વરદાનને સત્ય કરવા, અને રતિનું પ્રિય કરવા, આપે તેને પ્રકટ કરેલો છે. જેથી કામપિતા એમ કહી અહીં પ્રભુને પ્રતિપાદન કરે છે.

**પ્રદ્યુમ્નભાવનઃ ।।૯૩૧।।**

પ્રદ્યુમ્ન જેમનું નામ છે એવા મોટા પુત્રને પ્રકટ કરનાર.

**સ્યમન્તકમણિવ્યાજપ્રાપ્તજામ્બવતીપતિઃ ।।૯૩૨।।**

સ્યમન્તક મણિને લાવવાના નિમિત્તથી પ્રાપ્ત થયેલાં જામ્બવતી (રીંછપતિ જામ્બુવાન્‌ની પુત્રી) ના પતિ – પાલન કરનાર સ્વામી શ્રીકૃષ્ણ.

**સત્યભામાપ્રાણપતિઃ ।।૯૩૩।।**

૧. (સત્યઃ ભામઃ યસ્યાઃ) પોતાનું કાર્ય સિદ્ધ કરવામાં જેમનો સત્ય – યથાર્થ (દઢ આગ્રહપૂર્વક) રોષ છે એવાં સત્યભામાના પ્રાણનાથ,

૨. સત્યભામાના પ્રાણતુલ્ય પતિ – ભરથાર શ્રીપુરુષોત્તમ.

**કાલિન્દીરતિવર્ધનઃ ।।૯૩૪।।**

૧. કાલિન્દી – સૂર્યની પુત્રી યમુનાજીની રતિ – પ્રીતિને વધારનાર.

૨. યમુનાજીમાં પોતાની પ્રીતિને વધારનાર.

**મિત્રવિન્દાપતિઃ ।।૯૩૫।।**

વિન્દ અને અનુવિન્દની બહેન મિત્રવિન્દાના પતિ – સ્વામી.

**સત્યાપતિઃ ।।૯૩૬।।**

નગ્નજિત રાજાની કન્યા સત્યાના પતિ.

**વૃષનિષૂદનઃ ।।૯૩૭।।**

નગ્નજિત રાજાને ત્યાં પણમાં મૂકેલા સાતે વૃષભો – સાંઢોને સારી રીતે સત્વ રહિત કરનાર અર્થાત્ એકી સમયે તેમને નાથી બલહીન બનાવનાર પરમ સમર્થ શ્રીકૃષ્ણ પ્રભુ.

**ભદ્રાવાઞ્છિતભર્તા ।।૯૩૮।।**

શ્રુતકીર્તિ રાજાની પુત્રી ભદ્રાના મનવાઞ્છિત (હૃદયમાં ઈચ્છા કરેલા) ભર્તા–પતિ.

**લક્ષ્મણાવરણક્ષમઃ ।।૯૩૯।।**

મદ્રદેશના નરેશની પુત્રી લક્ષ્મણાને વરવામાં સમર્થ પરમાત્મા.

**ઈન્દ્રાદિપ્રાર્થિતવદનરકાસુરસૂદનઃ ।।૯૪૦।।**

ઈન્દ્રાદિ દેવોવડે જેનો નાશ કરવામાટે પ્રાર્થના કરવામાં આવી છે એવો નરકાસુર નામના દૈત્યનો નાશ કરનાર.

ભૂમિપુત્ર નરકાસુર ઈન્દ્રાદિ દેવોનો પરાભવ કરી અદિતિનાં મણિમય કુણ્ડલોને હરી લાવ્યો હતો, જેથી દેવોએ સ્તુતિ કરી શ્રીકૃષ્ણને તેનો નાશ કરવા પ્રેર્યા, એવી રીતે આપ પ્રભુએ તેનો નાશ કરી અદિતિનાં કુણ્ડળો આપી દેવોને પ્રસન્ન કરેલા છે. એ આ સ્કન્ધમાં ૫૯ મા અધ્યાયમાં સ્પષ્ટ છે.

**મુરારિઃ ।।૯૪૧।।**

'મુર'નામના દૈત્યના શત્રુ.

**પીઠહન્તા ।।૯૪૨।।**

નરકાસુરના સેનાપતિ પીઠ નામના અસુરને હણનાર.

**તામ્રાદિપ્રાણહારકઃ ।।૯૪૩।।**

તામ્ર જેમાં મુખ્ય છે એવા અન્તરિક્ષ, શ્રવણ, વિભાવસુ, વસુ, નભસ્વાન્ અને અરુણ વગેરે મુરદૈત્યના પુત્રોના પ્રાણોને હરણ કરનાર – તેમનો નાશ કરનાર.

**ષોડશસ્ત્રીસહસ્રેશઃ ।।૯૪૪।।**

સોળ હજાર સ્ત્રીઓના ઈશ – સ્વામી.

નરકાસુરે પોતાના ઉપભોગમાટે અનેક રાજાઓની સોળ હજાર દિવ્ય કન્યાઓને હરી લાવી તેમને પરણવાના વિચારથી અન્તઃપુરમાં રાખી હતી. તે નરકાસુરનો નાશ કરી એ સોળ હજાર સ્ત્રીઓને તેમની અભિલાષા જાણી આપ જ વરેલા છે. એમ આ સ્કન્ધના ૫૮ મા અધ્યાયમાં કથન કરેલું છે તે જ હેતુથી અહીં સોળ હજાર સ્ત્રીઓના સ્વામી એમ આજ્ઞા કરે છે.

**છત્રકુણ્ડલદાનકૃત્ ।।૯૪૫।।**

ઈન્દ્રનું છત્ર ઈન્દ્રને તથા અદિતિનાં કુણ્ડળો અદિતિને અર્પણ કરનાર પૂર્ણ પુરુષોત્તમ.

**પારિજાતાપહરણઃ ।।૯૪૬।।**

બલપૂર્વક દેવોના વૃક્ષ પારિજાતને હરણ કરનાર શ્રીકૃષ્ણ ભગવાન્.

**દેવેન્દ્રમદનાશકઃ ।।૯૪૭।।**

દેવોના ઈન્દ્રને પરાજય પમાડી તેનામાં રહેલા મહાન ઐશ્વર્ય સમ્બન્ધી મદને – અભિમાનને નાશ કરનાર.

**રુક્મિણીસમસર્વસ્ત્રીસાધ્યભોગરતિપ્રદઃ ।।૯૪૮।।**

લક્ષ્મીના અંશરૂપ સર્વ સ્ત્રીઓ હોવાથી રુક્મિણી સમાન જ સર્વ સ્ત્રીઓવડે પ્રાપ્ત થનાર ભોગને લીધે ઉત્કર્ષ રીતે અર્પણ કરનાર શ્રીમદનમોહક કૃષ્ણ.

**રુક્મિણીપરિહાસોક્તિવાક્તિરોધાનકારકઃ ।।૯૪૯।।**

૧. રુક્મિણી પ્રત્યે થયેલી પરિહાસોક્તિવડે હાસ્યવિનોદનાં વચનોવડે રુક્મિણીજીની વાણીને તિરોધાન – સ્થમ્ભન કરનાર – બંધ કરી દેનાર

૨. રુક્મિણીજી સાથે થયેલી હાસ્યવિનોદ રૂપ વાણીને તિરોધાન કરનાર – ફેરફાર કરનાર અર્થાત્ જુદે સ્વરૂપે તેને પ્રતિપાદન કરનાર

૩. રુક્મિણીજીના હાસ્યવિનોદવાળી વાણીથી પોતાને થયેલા તિરોધાન સ્થમ્ભનની પેઠે તેમના મનમાં સ્થમ્ભન – સ્થિરતા કરનાર.

**પુત્રપૌત્રમહાભાગ્યગૃહધર્મપ્રદર્શકઃ ( પ્રવર્તકઃ ) ।।૯૫૦।।**

પુત્ર અને પૌત્ર સમ્બન્ધી મહાન ભાગ્યરૂપ ગૃહધર્મ – ગૃહસ્થાશ્રમીઓના ધર્મને ઉત્તમ રીતે બીજા જનોને દર્શાવનાર પ્રભુ.

કોઈક સ્થળે ''પુત્રપૌત્રમહાભાગ્યગૃહધર્મપ્રવર્તકઃ'' એવો પાઠ જોવામાં આવે છે. ત્યાં પુત્ર અને પૌત્ર સમ્બન્ધી મહાભાગ્યરૂપ ગૃહસ્થાશ્રમીઓના ધર્મને ઉત્તમ રીતે

પ્રવર્તાવનાર એમ અર્થ કરવો.

**શમ્બરાન્તકસત્પુત્રવિવાહહતરુક્મિકઃ ॥૯૫૧॥**

શમ્બરાસુરને નાશ કરનાર – પ્રદ્યુમ્ન (શ્રીકૃષ્ણના પુત્ર) ના પુત્ર અનિરુદ્ધના વિવાહમાં બલદેવજીદ્વારા રુક્મિક (રુક્મિણીના ભાઈ) ને હણનાર – મારનાર.

**ઉષાપહૃતપૌત્રશ્રીઃ ॥૯૫૨॥**

બાણાસુરની પુત્રી ઉષાને માટે તેની સખી ચિત્રલેખાએ યોગશક્તિથી હરણ કરેલા પોતાના પૌત્ર અનિરુદ્ધની શ્રી – સમ્પત્તિ છે જેમનાથી એવા પરમાત્મા શ્રીકૃષ્ણ.

જ્યારે બાણાસુરે બન્દીખાને નાંખેલા પોતાના પૌત્ર અનિરુદ્ધને મુક્ત કરવા આપ પધાર્યા, ત્યારે સ્ત્રી સાથે અનેક સમ્પત્તિ પણ અનિરુદ્ધને પ્રાપ્ત થઈ એટલે જેમનાથી અનિરુદ્ધને સમ્પત્તિ પ્રાપ્ત થઈ છે એવા પ્રભુ એમ નામ કહે છે.

**બાણબાહુનિવારકઃ ॥૯૫૩॥**

બાણાસુરના બાહુઓને નિવારણ કરનાર – છેદી નાંખનાર.

શ્રીશંકરના વરદાનને સત્ય કરવા બાણાસુરના હજાર બાહુઓમાંથી ચાર બાહુઓ કાયમ રાખી બાકીની ભુજાઓને આપે છેદી નાંખેલી છે. એમ આ સ્કંધના ૬૩મા અધ્યાય માં કથન કરેલું જેથી અહીં બાણના બાહુઓને નિવારણ કરનાર પ્રભુ એમ જણાવે છે.

**શીતજ્વરભયવ્યાપ્તજ્વરસંસ્તુતષડ્ગુણઃ ॥૯૫૪॥**

શીતજ્વર (ટાઢથી આવતો તાવ) ના ભયને પ્રાપ્ત થયેલા જ્વરે (ઊના તાવે) જેમના ઐશ્વર્યાદિ છ ગુણોની સ્તુતિ કરી છે એવા ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્ર.
આ સ્કન્ધના ૬૩ મા અધ્યાયમાં જણાવવામાં આવ્યું છે કે, બાણાસુરની સાથે યુદ્ધ કરતાં, તેને સહાય કરવા ગણો સહિત ભગવાન્ શપર પણ પધારેલા હતા, તે ગણોમાંના ઉષ્ણજ્વર નામના ગણે ભગવાન્ શ્રીકૃષ્ણ પ્રતિ ઉપદ્રવ કરતાં, તેનો પરાભવ કરવા આપે શીતજ્વર છોડેલો છે. અને તે પ્રભુના શીતજ્વરથી પીડા પામતાં ઉષ્ણજ્વરે પ્રભુના પ્રભાવને વર્ણવી સ્તુતિ કરી છે. તેને ઉદ્દેશી આ નામનો પ્રકાશ કરેલો છે. અણિમા લઘિમાદિ ચ ઐશ્વર્યના ગુણોને તો ‘ષડ્ગુણઃ’ એ ભગવાન્‌ના નામમાં વર્ણવી ગયા છીએ.

**શંકરપ્રતિયોદ્ધા ॥૯૫૫॥**

શંકરના પ્રતિપક્ષ કરી યુદ્ધ કરનાર, શ્રીશપરની સામા યુદ્ધ કરનાર શ્રીવાસુદેવ પ્રભુ.

**દ્વન્દ્વયુદ્ધવિશારદઃ ॥૯૫૬॥**

સામ – સામા થઈને યુદ્ધ કરવામાં કુશલ – નિપુણ.

**આ પ્રકરણમાંનાં પુરુષોત્તમનામસહસ્રનાં નામોની શ્રીરઘુનાથજીની ટીકાનું ભાષાંતર સંપૂર્ણ.**

# શ્રીમદ્ભાગવત દશમસ્કંધ

## મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યવિરચિત

# સુબોધિની

## (રાજસ સાધન પ્રકરણ અધ્યાય ૪૭ થી ૫૩)

## ।। અધ્યાય સડતાલીસમો ।।

### (ભગવાને જરાસન્ધને સત્તર વાર હરાવ્યો)

**ઉત્તરાર્ધે હરેર્લીલા સ્વતઃ સર્વાત્મના કૃતા ।।**
**યદર્થમવતીર્ણોઽસૌ સા નિરૂપ્યા વિભાગશઃ ।।૧।।**

હરિની લીલા જે સંપૂર્ણ રીતે (હરિએ) પોતે[1] કરેલી છે (અને) જેને માટે[2] તે અવતરેલા છે તેનું વિભાગથી ઉત્તરાર્ધમાં નિરૂપણ કરવામાં આવે છે. કા. ૧.

**એષા નિરોધલીલૈવ સ્વસંસારપરા પરમ્ ।।**
**ભગવાંશ્ચ તદીયાશ્ચ તચ્છાસ્ત્રં ચેતિ સ ત્રિધા ।।૨।।**

આ નિરોધલીલા જ છે, પરંતુ પોતાના[3] સંસારના સંબંધવાળી છે. (૧)

---

૧. બીજાના વિચારથી ભગવાને જે લીલા કરી તેનું વર્ણન પૂર્વાર્ધમાં કરેલું છે. જે લીલા ભગવાને પોતાની મેળે કરી તેનું વર્ણન ઉત્તરાર્ધમાં કરે છે. આ પૂર્વાર્ધના અંતે ૧૦।૪૬।૩૧ પરના શ્રીસુબોધિનીમાં કહેલું છે. 'અલૌકિક ભાવથી ભગવાને જે કરેલ તે પૂર્વાર્ધ' એવું પૂર્વાર્ધનું લક્ષણ પણ કહેલું છે. ભગવાન્ પુરુષોત્તમ ભક્તોનો વિચાર રાખે (ભક્તોના વિચારથી એટલે તેમનું હિત વિચારી જે લીલા કરે) તે આ અલૌકિક ભાવ. 'લોકના ધર્મને આગળ કરી (લક્ષમાં રાખી) ઉત્તમ યદુએ (ભગવાને) જે કર્યું તે ઉત્તરાર્ધનું કાર્ય છે' (એ ઉત્તરાર્ધનું લક્ષણ છે). મહારાજાની પેઠે પ્રકટ રીતે ભગવાન્ પોતે સર્વ (કાર્ય) કરે તે લોકનો ધર્મ. (લે)

૨. ભક્તિની (લોક ભક્તિ કરે છે કે નહિ તેની) પણ દરકાર કર્યા વિના પોતાની મેળે જ સર્વનો ઉદ્ધાર કરવા (ભગવાન્ અવતરેલા છે) એવો અર્થ છે તેથી જ ભગવાને પોતે જ ઉદ્યમ કરી, વિવાહ વિગેરે કરેલા છે. (લે)

૩. ''અહિં ઉત્તરાર્ધમાં પ્રદ્યુમ્ન વિગેરેની લીલાઓ પણ કહેલી છે, તેથી બધોએ ઉત્તરાર્ધ નિરોધની લીલા કેમ ગણાય ? કારણ કે 'આ (ભગવાન)નું પોતાની શક્તિઓ પાછળ શયન તે નિરોધ' એ નિરોધની વ્યાખ્યા પ્રમાણે નિરોધ તો ભગવાનની જ લીલા હોવી જોઈએ'' એવી શંકા થાય, તેથી આ કહે છે. આ ઉત્તરાર્ધની બધીએ લીલા નિરોધલીલા જ છે. કોઈ સ્થલે પ્રદ્યુમ્ન વિગેરે ભક્તોની લીલા કહી છે. તેથી 'આ (નિરોધલીલા નહિ હોય, પરંતુ) ઈશાનુકથા હશે' એવી શંકા ન થાય તે માટે 'એવ' 'જ' શબ્દ (કારિકામાં) યોજેલો છે. આ બધી નિરોધલીલા જ છે, પરંતુ પોતાનો એટલે ભગવાનનો જે પુત્ર વિગેરેરૂપ સંસાર, તેના સંબંધવાળી છે, કોઈ સ્થલે પુત્ર

ભગવાન્ અને (૨) તેમના[૪] (૩) તેમનું શાસ્ત્ર[૫] એવા ત્રણ પ્રકારના તે છે. કા. ૨.

**ચતુર્દશભિરધ્યાયૈઃ પ્રમાણં તસ્ય રૂપ્યતે ।।**
**તદીયા એકવિંશત્યા ષડ્ભિઃ સ ચ નિરૂપ્યતે ।।૩।।**

(આ ઉત્તરાર્ધના પહેલા) ચૌદ અધ્યાયોથી તેમનું પ્રમાણ કહેવામાં આવે છે. પછીના એકવીસ અધ્યાયોથી તેમના[૬] કહેવામાં આવે છે અને છેવટના છ અધ્યાયોથી તેમનું નિરૂપણ કરવામાં આવે છે. કા. ૩.

**કૃતિઃ પ્રમાણં તુ હરેઃ સ્વતશ્ચાન્યાનુરોધતઃ ।।**
**સપ્તભિઃ સપ્તભિઃ પ્રોક્તા ગુણૈર્યુક્તો હરિસ્તથા ।।૪।।**

આ હરિ હોવાનું પ્રમાણ તો પોતાની મેળે અને બીજાના વિચારથી કરેલી ક્રિયા સાત સાત અધ્યાયોથી કહેલી છે કારણ કે છ ગુણો સહિત હરિ તે પ્રમાણે સાત થાય છે. કા. ૪.

**વાક્યાત્તદીયા વિજ્ઞેયાસ્તસ્યૈવ ન તુ શાસ્ત્રતઃ ।।**
**એકવિંશવિધં સર્વં શ્રુત્વા તદ્બહુધોદિતમ્ ।।૫।।**

તેમના વાક્યથી જ[૬] તેમનાઓને[૪] જાણવા, પરંતુ શાસ્ત્રથી જાણવા નહિ. તે

---

વિગેરે મારફત પણ નિરોધ વર્ણવેલો છે, પરંતુ એ લીલા તો ભગવાનની જ છે. તેથી જ 'બલભદ્ર, અર્જુન, ભીમ વિગેરેના ખોટા નામવાળા હરિથી (તેમના ધામ જશે)' ૨।૭।૩૫ વિગેરે વાક્યો ઘટે છે એવો ભાવ છે. (લે)

૪-૪. અહિં 'ધર્મો' શબ્દ અધ્યાહાર છે. ભગવાનના ધર્મોનો તેઓમાં (પ્રદ્યુમ્ન વિગેરેમાં) આવેશ થવાથી તેઓએ એવાં (નિરોધનાં) કાર્યો કરેલાં છે અને ભગવાનના ધર્મો ભગવદ્રૂપ છે, તેથી તે ભગવાન જ ત્રણ પ્રકારના છે. તેથી (આ ઉત્તરાર્ધમાં કહેલી) બધીએ (લીલા) ભગવાનની જ લીલા છે એવો અર્થ છે. (લે) 'તેમના' એટલે 'તેમના (ભગવાનના) સંબંધીઓ' અર્થ લેવો વધારે યોગ્ય જણાય છે. આ સંબંધીઓમાં ભગવાનના ધર્મોનો આવેશ થવાથી તેમણે એવાં કાર્યો કર્યાં. ભગવાનના ધર્મો તો ગુણ પ્રકરણ (તેમનું શાસ્ત્ર)માં કહેલા છે. અહિં 'સ'ને બદલે 'સા' પાઠ વૃંદાવન પ્રેસવાળી પ્રતમાં છે. ભગવાનની લીલા ત્રણ પ્રકારની છે એવો તેનો અર્થ છે. આ પાઠ વધારે સારો જણાય છે. (૧) પ્રમાણ એટલે પ્રમાણમાર્ગ પ્રમાણે કરેલી રાજસ પ્રકરણની લીલા, (૨) તેમના સંબંધીઓ એટલે સાત્ત્વિક પ્રકરણની લીલા અને (૩) ગુણ પ્રકરણની લીલા. એવા ત્રણ પ્રકારની લીલા ઉત્તરાર્ધમાં કહેલી છે.

૫. 'તેમનું શાસ્ત્ર' એટલે ભગવાનનું અનુશાસક એટલે ભગવાનને જણાવનારું, 'આ ભગવાન્ છે' એવું જ્ઞાન કરાવનાર. (લે) આ ગુણ પ્રકરણ છે.

૬-૬. ભગવાનના વાક્યથી જ તેમના ધર્મો જાણવા, પરંતુ સાધારણ શાસ્ત્ર પ્રમાણે તે જાણવાના નથી. તેથી જ એ (સાત્ત્વિક) પ્રકરણના આરંભમાં નૃગના પ્રસંગથી ભગવાનનાં વાક્યથી જ ધર્મનું જ્ઞાન જણાવેલું છે. ભગવાનનું તે સર્વ વાક્ય કાલનું ઉલ્લંઘન કરીને નિરોધ પ્રાપ્ત કરાવનારું હોવાથી અને કાલ એકવીસ પ્રકારનો હોવાથી, તે (વાક્ય) એકવીસ પ્રકારનું છે, તેથી

સર્વ એકવીશ પ્રકારનું સાંભળીને ઘણા પ્રકારનું કહેલું[૭] છે. કા. ૫.

**ષડ્ગુણૈર્ભગવાન્ રૂપ્યસ્તેષુ સર્વં પ્રતિષ્ઠિતમ્ ।।**
**તત્ર તુ પ્રથમેઽધ્યાયે સ્વાવતારપ્રયોજનમ્ ।।૬।।**
**નિરૂપ્ય ક્ષાત્રધર્મેણ જયોઽન્યશ્ચ નિરૂપ્યતે ।।**

છ ગુણોથી ભગવાનનું નિરૂપણ કરવાનું છે. તે (છ ગુણો)માં સર્વ રહેલું છે[૮]. તે પૈકી પહેલા અધ્યાયમાં તો પોતાના અવતારનું પ્રયોજન જણાવી, ક્ષત્રિયના ધર્મ પ્રમાણે[૯] જય અને બીજો (પરાજય) કહેલ છે. કા. ૬।।.

**રાજસાનાં સાધને તુ નિરોધે ભગવત્કૃતિઃ ।।૭।।**
**સર્વથા સાધનમિતિ તદેવાદૌ નિરૂપ્યતે ।।**
**વિવાહપુત્રજન્માન્તા સા નિરૂપ્યા વિશેષતઃ ।।૮।।**

રાજસોના સાધનરૂપ નિરોધમાં તો ભગવાનની ક્રિયા જ સર્વ પ્રકારે સાધન (થાય) છે તેથી આરંભમાં તેનું જ[૧૦] વર્ણન કરવામાં આવે છે. ખાસ કરીને તે (ક્રિયા) વિવાહ અને પુત્રના જન્મ સુધીની[૧૧] વર્ણવવી જોઈએ. કા. ૮.

**અલૌકિકં તતઃ સ્થાનં નિરૂપ્યમિતિ રૂપ્યતે ।।**
**તસ્યોપદ્રવનાશાય ભ્રમોત્પાદનમીરિતમ્ ।।૯।।**

પછી અલૌકિક સ્થાન પસંદ કરવું જોઈએ. તેથી (તેનું) નિરૂપણ કરવામાં આવે છે[૧૨]. તેના ઉપદ્રવનો નાશ થાય તે માટે ભ્રમ ઉત્પન્ન કર્યાનું કહેલું છે[૧૩]. કા. ૯.

---

તેમના ધર્મોનું એકવીસ અધ્યાયોથી વર્ણન કરેલું છે, એવો અર્થ છે. (લે) 'તેમનાઓને' એટલે લેખ પ્રમાણે ભગવાનના ધર્મોને. ઉપર નોટ ૪માં જણાવ્યા પ્રમાણે 'તેમના સંબંધીઓને' અર્થ લઈ શકાય તેવો છે.

૭. તે જ (ભગવાનનું) વાક્ય સાંભળીને. બીજાઓએ તે ઘણા પ્રકારે જણાવેલું છે, પરંતુ (તે સર્વનું) મૂલ તે (વાક્ય) જ છે એવો ભાવ છે. (લે)

૮. ભગવાનના અનંત ગુણો હોવા છતાં, (ગુણ પ્રકરણમાં) છ (ગુણો)થી જ ભગવાનનું નિરૂપણ કરવાનું કારણ આ વાક્યથી કહેલું છે. (લે)

૯. વૃંદાવન પ્રેસવાળી પ્રતમાં 'ક્ષાત્રધર્મેણ'ને બદલે 'ઽત્રધર્મેણ' પાઠ છે.

૧૦. રાજસોનો સાધનરૂપ નિરોધ કહેવાનો હોય ત્યારે ભગવાનની ક્રિયા જ સર્વ પ્રકારે સાધન થતી હોવાથી, પહેલા અધ્યાયમાં તેનું જ સાધન તરીકે નિરૂપણ કરેલું છે, એવો અર્થ છે. (લે)

૧૧. સાધન પ્રકરણમાં વિવાહ સુધીની ભગવાનની ક્રિયાનું વર્ણન કરવાનું છે. આ (સાધન પ્રકરણ)ના સાતમા અધ્યાયનો સંબંધ તેની પછીના અધ્યાય સાથે છે, એમ ત્યાં જ કહેશે, એવો ભાવ છે. (લે)

૧૨. ભગવાનની ક્રિયા જ સાધન તરીકે કહેવાની છે, તેથી સ્થાન પણ અલૌકિક કહેવું જોઈએ. તેવા હેતુથી અલૌકિક દ્વારકારૂપ સ્થાનનું નિરૂપણ કરેલું છે, એવો અર્થ છે.(લે) **૧૩.** તે સ્થાનમાં

**નિગ્રહાનુગ્રહૌ ચૈવ પ્રસઙ્ગાત્ સુનિરૂપિતૌ ।।**
**અન્યથા લૌકિકી લીલા કૃષ્ણસ્ય સ્યાન્ન ચાન્યથા ।।૧૦।।**

પ્રસંગને લીધે હરાવ્યાનું[૧૪] અને કૃપાનું[૧૫] સારી રીતે નિરૂપણ કરેલું છે, તેમ કર્યું ન હોય તો શ્રીકૃષ્ણની લીલા લૌકિક થાય, પરંતુ બીજા પ્રકારની(અલૌકિક) ન થાય. કા. ૧૦.

**ત્રિવિધો હિ ક્ષત્રિયાણાં વિવાહઃ પરિકીર્તિતઃ ।।**
**ગાન્ધર્વો રાક્ષસશ્ચૈવ વિહિતઃ સ્વગૃહ્યતઃ ।।૧૧।।**

ક્ષત્રિયોનો વિવાહ ત્રણ પ્રકારનો કહેલો છે. (૧) ગાંધર્વ અને (૨) રાક્ષસ તથા (૩) પોતાની પસંદગીથી કરેલો વૈદિક. કા. ૧૧.

**પુત્રસ્યાપિ કથા વાચ્યા હ્યન્યેનાપિ સમર્પિતામ્ ।।**
**ભાર્યામાહુઃ ક્ષત્રિયસ્ય તત્પ્રસઙ્ગાત્તથા પરા ।।૧૨।।**

પુત્રની કથા પણ[૧૬] જરુર[૧૭] કહેવી જોઈએ. બીજાએ[૧૮] પણ કાર્યમાં [૧૯]રોકેલીને તેની પત્ની કહેલી છે. તેવી રીતે ક્ષત્રિયની પુત્રી તે[૧૯] પ્રસંગથી બીજી[૧૯] પત્ની થઈ. કા. ૧૨.

**સત્યભામાવિવાહાન્તા કથેયં વિનિરૂપિતા ।।**
**ત્રિવિધં દુઃખમાદૌ હિ ભક્તાનાં વિનિરૂપિતમ્ ।।૧૩।।**
**ભૂમેર્માતુર્વૈષ્ણવાનાં વૈકુણ્ઠાદાગતિર્યતઃ ।।**

સત્યભામાના વિવાહ સુધીની આ કથા કહેલી છે. (૧) ભૂમિ (૨) માતા અને (૩) વૈષ્ણવો (એ) ભક્તોના ત્રણ પ્રકારનું દુઃખ આરંભમાં[૨૦] કહેલું છે કે જેને

---

ઉપદ્રવ ન થાય તે માટે ૧૦।૪૯।૧૪માં જરાસંધને ભ્રમ થયાનું કહેલું છે; (કારણ કે) ભગવાન્ દ્વારકા પધાર્યા એમ તે જાણત, તો દ્વારકા જઈને તે ત્યાં પણ ઉપદ્રવ કરત, એવો ભાવ છે. (લે)

૧૪. જરાસંધને હરાવ્યાનું. (લે) **૧૫.** મુચુકુંદ ઉપર કરેલી કૃપાનું. (લે)

૧૬. પુત્રે (પ્રદ્યુમ્ને) પણ ક્ષત્રિયોના ધર્મ પ્રમાણે પોતાનો વિવાહ કર્યો એમ જણાવવા 'અપિ' 'પણ' શબ્દ યોજેલ છે. (લે)

૧૭. પ્રદ્યુમ્ન ભગવાનના પુત્ર હોવાથી તેમની પેઠે ક્ષત્રિયના ધર્મ પ્રમાણે પોતાનો વિવાહ કરે તે યોગ્ય જ છે, એમ જણાવવા 'હિ' 'જરુર' શબ્દ યોજેલો છે. (લે)

૧૮. બીજાએ એટલે શંબરે ક્ષીર વિગેરે રાંધવાના કામમાં તેને રોકેલી. શંબરની તેના ઉપર કૂડી દષ્ટિ ન હતી, એમ જણાવવા તેને રાંધવાના કામમાં રોકેલી એમ કહેલું છે. પછી તે (શંબર)ને હણીને પ્રદ્યુમ્ન તેને ત્યાંથી લઈ ગયો, એ અધ્યાહાર રાખેલ છે. (લે)

૧૯-૧૯-૧૯. બીજી એટલે રુકમિની પુત્રી પણ તે પ્રસંગથી એટલે ક્ષત્રિયોના ધર્મના પ્રસંગથી જ, પ્રદ્યુમ્ને બધા રાજાઓને હરાવી તેનું હરણ કર્યું તેથી તેની પત્ની થઈ, એવો અર્થ છે. (લે)

૨૦. 'આરંભમાં' એટલે 'દશમા સ્કંધના પહેલા અધ્યાયના આરંભમાં.' આનું ત્યાં સારી રીતે

લીધે (ભગવાન્) વૈકુંઠમાંથી (ભૂમિ ઉપર) પધાર્યા. કા. ૧૩॥.

**દ્વયમપ્યત્ર મથુરાત્યાગે હેતુર્નિરૂપ્યતે ॥૧૪॥**
**પ્રમાણરક્ષાસિદ્ધ્યર્થમનિવાર્યં તુ તદ્દ્વયમ્ ॥**

અહિં મથુરાનો ત્યાગ કરવામાં પણ બે[૨૧] દુઃખ કારણ કહેલ છે. પ્રમાણનું રક્ષણ થાય તે માટે તે બે તો દૂર થઈ શકે તેવાં નથી[૨૨]. કા. ૧૪॥.

**નિવાર્યઃ સપ્તદશધા બ્રહ્માણ્ડે તુ પ્રજાપતિઃ ॥૧૫॥**
**સ સપ્તદશધા પ્રોક્તસ્તન્નિવૃત્તાવશક્યતા ॥**

સત્તરવાર પાછો કાઢવો જોઈએ[૨૩], કારણ કે બ્રહ્માંડમાં તો પ્રજાપતિ છે તે સત્તર પ્રકારના કહેલ છે. (પછી) તેને પાછો કાઢવો શક્ય નથી[૨૩]. કા. ૧૫॥.

**અતોऽત્ર પ્રથમં વાચ્યં કૃતિશક્યમનેકધા ॥૧૬॥**
**ઉત્તરાર્ધસમૈઃ શ્લોકૈરતિદેશસ્તતઃ પરમ્ ॥**
**દ્વાભ્યાં કલાભિરપરઃ સાર્ધિકાભિરિતિ સ્થિતિઃ ॥૧૭॥**

તેથી અહિં ઉત્તરાર્ધના (અધ્યાયો) જેટલા શ્લોકોથી ક્રિયાથી થઈ શકે તેવું પહેલું[૨૪] (જરાસંધને હરાવવાનું કાર્ય) અનેક પ્રકારે કહેલું છે. ત્યાર પછી બે (શ્લોકો)થી (તે કાર્ય બીજા પ્રસંગોને) લાગુ પાડેલું[૨૪] છે, (અને) સાડાપંદર[૨૪] શ્લોકોથી બીજાને લાગુ પાડેલું છે, એવી વ્યવસ્થા છે. કા. ૧૭.

---

વિવેચન કરેલું છે એમ કારિકામાં 'હિ' શબ્દથી જણાવેલ છે. (લે)

૨૧. એ ત્રણ દુઃખ પૈકી ભૂમિનું દુઃખ અને વૈષ્ણવોનું દુઃખ એ બે મથુરાનો ત્યાગ કરવાનાં કારણ છે. કારણ કે ભગવાન્ મથુરામાં રહે તો એ બે દૂર થાય નહિ. (લે)

૨૨. ભગવાન્ મથુરામાં રહે તો ભૂમિ અને વૈષ્ણવોના દુઃખ દૂર ન થાય, તેનું કારણ આ વાક્યથી કહેલું છે. 'પ્રમાણ' એટલે બ્રહ્માએ કહેલું વરદાનનું વાક્ય. તેનું રક્ષણ થાય તે માટે, (મથુરામાં રહી એ બે દુઃખ ભગવાન્ દૂર કરી શકે તેમ ન હતું.) (લે)

૨૩. 'જે યજ્ઞને આધારે રહેલ સત્તર પ્રકારના પ્રજાપતિને જાણે છે' શ્રુતિ બ્રહ્માંડમાં સત્તર પ્રકારના પ્રજાપતિ હોવાનું કહે છે. પ્રજાપતિ તો બ્રહ્માંડમાં છે અને તે સત્તર પ્રકારના છે. તેથી જ્યાં સુધી જરાસંધ બ્રહ્માંડના પ્રકારે (યુદ્ધ કરવા) આવ્યો, ત્યાં સુધી ભગવાને તેને હરાવી પાછો કાઢ્યો. ભવિષ્યમાં તો તેને અલૌકિક પ્રકારથી જ પાછો કાઢી શકાય. ઉત્તરાર્ધમાં તો ભગવાન્ લોકના ધર્મ પ્રમાણે લીલા કરે છે, તેથી અલૌકિક પ્રકાર કરાય નહિ, તેથી સત્તરવાર તેને હાંકી કાઢ્યા પછી ભગવાન્ તેને કાઢી મૂકવા સમર્થ ન રહ્યા. (લોકના પ્રકારથી લીલા કરવાની હોઈ) કોઈ વાર ભગવાનને આવી અશક્તિ પણ જણાવવી પડે છે, પરંતુ અમુક પ્રયોજનને લીધે તેમ કરવું પડે છે. તેનો ખુલાસો તે તે પ્રસંગોએ કરવામાં આવશે. (લે)

૨૪-૨૪-૨૪. પહેલું એટલે જરાસંધને હરાવવાનું કાર્ય એકતાલીસ શ્લોકોથી (આ અધ્યાયના આરંભમાં) કહેલું છે. પછીના બે શ્લોકોથી (જરાસંધને બીજા પ્રસંગોએ હરાવ્યો તેને) તે લાગુ

ભગવાન્ ક્લેશ વિના કર્મ કરનારા છે એમ જણાવવા, નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકોથી કંસની બે સ્ત્રીઓ ઉપદ્રવનું કારણ થઈ એમ કહે છેઃ

**અસ્તિઃ પ્રાપ્તિશ્ચ કંસસ્ય મહિષ્યૌ ભરતર્ષભ ।।**
**હતે ભર્તરિ દુઃખાર્તે ઈયતુઃસ્મ પિતુર્ગૃહાન્ ।।૧।।**

હે ઉત્તમ ભારત ! પતિ હણાતાં દુઃખી થએલી કંસની મહારાણીઓ અસ્તિ અને પ્રાપ્તિ પિતાના ઘેર ગઈ. ૧.

બંને મહારાણીઓ 'ક્રિયા'ના નામવાળી છે. ભવિષ્યમાં (ભગવાનનો) ક્રિયા સાથે સંબંધ થવાનો છે એમ જણાવવા પ્રથમથી જ તે પ્રમાણે કહેલું છે. 'અસ્તિ' એ બધી ધાતુ (ક્રિયાપદો)નો અર્થ છે. સામાન્ય રીતે ક્રિયા, (એવો તેનો અર્થ છે). પ્રાપ્તિ એટલે સર્વ ક્રિયાઓનું ફલ. ભગવાનની ઈચ્છાથી આ બે પુત્ર વિનાની અને નિરોધ (થયા) વિનાની હતી. ભગવાન્ સમીપમાં હોવાથી જ પતિ સાથે ગમન નહિ કરતા (સતી નહિ થતાં) પિતાના ઘેર ગઈ. (કંસના) દિગ્વિજયમાં પરાજય પામેલા તેણે (જરાસંધે) પણ બે દિકરીઓ (કંસને) આપેલી એવી બીજા પુરાણમાં પ્રસિદ્ધિ છે. 'ચ' 'અને' શબ્દથી (એમ કહેલું છે કે) તેમનો દાયજો અને બધી દાસીઓ (સાથે ગયાં). પિતાના ઘેર ગઈ, તેથી જ[૨૫] બોલાવવાની જરૂર ન હતી. પતિનું મરણ (જવાનું) કારણ હતું. 'સ્મ' શબ્દથી (એમ જણાવેલું છે કે) ઘણી શક્તિવાળા ભગવાન્ ક્લેશ વિના કર્મ કરનારા છે એમ જણાવવા તેઓનું (પિતાના ઘેર) જવાનું પ્રસિદ્ધ જ થયું.

'સાધનરૂપ (અસ્તિ) અને ફલરૂપ (પ્રાપ્તિ) (મહારાણીઓ)ને એ પ્રમાણે વિધવાપણું કેમ (પ્રાપ્ત) થયું ?' એવી શંકા થાય, તેથી 'કંસની મહારાણીઓ' શબ્દ યોજેલા છે. મહારાણીઓ હોવાથી (તેઓ) પરાધીન હતી. તે (કંસ)ને ઘણો ભોગ પ્રાપ્ત થાય તે માટે તત્પર રહેવા છતાં, ભગવાનની ઈચ્છાથી તેવી[૨૬] થઈ. તેમાં[૨૭] (પરિક્ષિતને) વિશ્વાસ રહે તે માટે 'હે ઉત્તમ ભારત !' સંબોધન કરેલું છે. (તેનો) ભાવ એવો છે કે અહિં તે બેને દુઃખ થયું તેમાં કાંઈ અલૌકિક (કારણ) નથી. (પિતાના

---

પાડેલ છે, અને છેવટના સાડાપંદર શ્લોકોથી બીજા (એટલે યવનને હરાવવા)માં તે લાગુ પાડેલ છે. (લે)

૨૫. 'તેથી જ' એટલે પિતાના ઘેર જ જવાનું હોવાથી (બોલાવવાની એટલે નોતરાંની જરુર ન હતી.) (લે)

૨૬. કંસને ઘણો ભોગ પ્રાપ્ત થાય તે માટે તત્પર રહેવા છતાં તે બે ભગવાનની ઈચ્છાથી તેવી એટલે ભોગ થઈ શકે નહિ તેવી, વિધવાઓ થઈ, એવો અર્થ છે. (લે)

૨૭. 'તેમાં' એટલે 'સાધનરૂપ અને ફલરૂપ મહારાણીઓ પણ ભગવાનની ઈચ્છાથી ભોગ થઈ શકે

ઘેર) જવામાં પણ બીજું દુઃખ કારણ ન હતું, પરંતુ પતિનો વધ જ (કારણ હતું). ૧.

(તેમણે) જઈને જે કર્યું[1] તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**પિત્રે મગધરાજાય જરાસંધાય દુઃખિતે ।।**
**વેદયાઞ્ચક્રતુઃ સર્વમાત્મવૈધવ્યકારણમ્ ।।૨।।**

દુઃખી થએલી તે બેએ પિતા મગધરાજ જરાસંધને પોતાના વૈધવ્યનું બધું કારણ જણાવ્યું. ૨.

'મગધરાજ' શબ્દથી પ્રાકૃત[2] દેશના રાજા તરીકે તેનો દોષ પણ જણાવેલો છે. તે જીતવો કઠણ હતો એમ જણાવવા 'જરાસંધ' નામ યોજેલું છે. તેને પુત્રીઓ વહાલી હતી એમ જણાવવા 'દુઃખી થએલી' શબ્દ યોજેલો છે. 'સર્વ' એટલે આકાશવાણીથી આરંભી (કંસના) મરણ સુધીનું, પોતે વિધવા થવાનું કારણ એટલે બધુંએ શ્રીકૃષ્ણનું ચરિત (જણાવ્યું). ૨.

તેણે પહેલા કંસનું મૃત્યુ સાંભળ્યું હતું જ, પરંતુ મલ્લોની રમતમાં મંચ ઉપરથી પડેલો દૈવને લીધે મરણ પામ્યો એમ (સાંભળેલું). હવે મૂલથી આરંભી ભગવાનનું ચરિત્ર સાંભળીને તે દૂધથી (દૂધ પીને) પુષ્ટ થએલા સર્પ જેવો થયો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સ તદપ્રિયમાકર્ણ્ય શોકામર્ષયુતો નૃપ ।।**
**અયાદવીં મહીં કર્તું ચક્રે પરમમુદ્યમમ્ ।।૩।।**

હે રાજા ! તે અપ્રિય સાંભળીને શોક અને ક્રોધવાળો થઈ તેણે પૃથ્વીને યાદવ વિનાની કરવા ઘણો ઉદ્યમ કર્યો. ૩.

(કંસને) કપટથી માર્યો તેથી ક્રોધ થયો. 'અપ્રિય' તો મરણ હતું. શક્તિવાળો શાંત (બેસી) રહે તે યોગ્ય નહિ હોવાથી રાજા દુઃખ અને શોકનું વેર વાળે છે જ. વાસ્તવિક રીતે આ વસુદેવનો દોષ છે, (અને) તે (વસુદેવ)નું રક્ષણ કરવા બધાએ યાદવો પ્રવૃત્તિ કરવાના. તેથી 'પૃથ્વીને યાદવ વિનાની જ કરીશ' એમ મનમાં વિચારી, તે માટે ઘણો જ ઉદ્યમ કર્યો. તે (જરાસંધ) બુદ્ધિશાળી હતો[1], તેથી તેને

---

નહિ તેવી થઈ એ વિષયમાં.' (લે)

૧. પહેલા શ્લોકના આરંભમાં પહેલા બંને શ્લોકોનો અર્થ કહ્યો છે. અહિં બીજા શ્લોકનો અર્થ કહે છે. (તેઓ પિતાના ઘેર) ગઈ એ પહેલા શ્લોકનો અર્થ છે. (ત્યાં) શું કર્યું એ બીજા શ્લોકનો અર્થ છે એવો ભાવ છે. (લે)

૨. 'પ્રાકૃત' એટલે 'નિષેધ કરેલો'. (લે)

૧. 'કંસને ભગવાને હણેલો. તેથી વેર વાળવા ભગવાન્ સામે ઉદ્યમ કરવો જોઈએ, પરંતુ વસુદેવ અથવા યાદવોને હણવા ઉદ્યમ કરવો જોઈએ નહિ' એવી શંકા થાય, તેથી આ કહેલ. કંસ વિચાર

શ્રીકૃષ્ણનો દોષ જણાયો નહિ, કારણ કે તેણે (કથાનો) ક્રમ તેવો સાંભળેલો. 'ઘણો ઉદ્યમ' એટલે તેના (વસુદેવના) બંધુઓને પણ ઉપાયોથી પોતાને વશ કરવા તે. સેના વિગેરેનું વિપુલપણું સ્પષ્ટ જ હતું. ૩.

નીચેના શ્લોકમાં તે (કંસ)ના ઉદ્યોગનું ફલ કહે છેઃ

**અક્ષૌહિણીભિર્વિંશત્યા તિસૃભિશ્ચાભિસંવૃતઃ ।।**
**યદુરાજધાનીં મથુરાં ન્યરુણત્ સર્વતોદિશમ્ ।।૪।।**

વીસ અક્ષૌહિણી અને ત્રણ (અક્ષૌહિણી)થી ચારે તરફ વીંટળાએલા તેણે યાદવોની રાજધાની મથુરાને બધી દિશાએ ઘેરી. ૪.

ત્રણ અક્ષૌહિણી (સેના) તેના ઘેર રહેલી હતી, અને વીસ (અક્ષૌહિણી સેના) તેણે ઉદ્યમથી પ્રાપ્ત કરી. પહેલાં હતી તેનો ખાસ (પ્રાપ્ત કરેલી)માં પ્રવેશ ન થાય, તેથી 'ચ' 'અને' શબ્દથી (તેમનું) જૂદું વર્ણન કરેલું છે અને તે એકત્ર થએલી કહેલી છે. 'ચારે તરફ વીંટળાએલા' શબ્દથી (એ બધી સેનાને) એક મતવાળી અને એક પ્રભુવાળી કહેલી છે. યાદવોને જીતવામાં, (તેઓનાં) રહેઠાણને જીતવું એ પાયો (પાયારૂપ) હોવાથી, મથુરા જીતવા તેને ઘેરી, કારણ કે તે રાજધાની હતી. ત્યાંના રહેવાસીઓ બહાર નીકળી શકે નહિ તે માટે 'બધી દિશાએ' (ઘેરી). 'ન્યરુણત્' એટલે ઘેરી, આઠે દિશાઓથી ઘેરી લીધી. આથી એમ સમજાય છે કે બીજા કોઈ બાનાથી રાત્રે જ આવીને તેણે ઘેરો ઘાલ્યો. ૪.

તે સમયે ભય પામેલાઓની વાર્તા કહેવી નકામી હોવાથી, નીચેના શ્લોકથી આરંભી ભગવાનનું ચરિત્ર કહે છેઃ

**નિરીક્ષ્ય તદ્બલં કૃષ્ણ ઉદ્વેલમિવ સાગરમ્ ।।**
**સ્વપુરં તેન સંરુદ્ધં સ્વજનં ચ ભયાકુલમ્ ।।૫।।**

(૧) મર્યાદાનું ઉલ્લંઘન કરીને આવતા સમુદ્ર જેવી તે સેનાને (૨) તેનાથી ઘેરાએલાં પોતાનાં નગરને અને (૩) ભયથી દુઃખી થએલા ભક્તને જોઈને શ્રીકૃષ્ણ....૫.

કારણ કે ભગવાન્ કાલરૂપ અવતરેલા હતા, અને તે આવેલી (સેના) પણ

---

કરવામાં કુશલ બુદ્ધિશાળી હતો. 'હણવા ઈચ્છનારને હણવો' એમ શાસ્ત્ર કહે છે. તેથી (કંસે ૧૦।૩૩।૩૦ થી ૩૨નાં વાક્યો કહેલાં હોવાથી) ભગવાને કંસને હણ્યો તેમાં તેમનો દોષ ન હતો, પરંતુ વસુદેવે કપટ કરેલું હોવાથી તેનો દોષ હતો, અને યાદવો તેનું રક્ષણ કરનારા હોવાથી તેમનો દોષ હતો (એમ તેણે માન્યું) એવો ભાવ છે. ભગવાનમાં તો 'હું યાદવ છું' એવું અભિમાન નહિ હોવાથી તે વસુદેવનું રક્ષણ આગ્રહપૂર્વક કરશે નહિ, એમ તેણે જાણેલ. તેથી 'યાદવ વિનાની પૃથ્વી કરીશ' એમ તેણે કહ્યું. (લે)

બલરૂપ (લડવા માટે આવેલી) હતી, પરંતુ સ્નેહ દર્શાવવા કે બીજા (એવા) પ્રયોજન માટે આવી ન હતી. 'મર્યાદાનું ઉલ્લંઘન કરીને આવતા સમુદ્ર જેવી જોઈ' શબ્દોથી તે હદ વિનાની બહુ (મોટી) હતી એમ કહેલું છે.

'ભગવાન્ ક્લેશ વિના કર્મ કરનારા છે. યાદવોને લઈ જવા આવેલો જરાસંધ યાદવોને ભલે લઈ જાય, અથવા રાજા (તેની સાથે યુદ્ધ કરવાનો) વિચાર કરશે, (ભગવાને) પોતે કેમ એ પ્રમાણે (વિચાર) કર્યો ?' એવી શંકા થાય, તેથી 'તેનાથી ઘેરાએલાં પોતાનાં નગરને' શબ્દો યોજેલા છે. મથુરા તો (ભગવાનનું) પોતાનું નગર છે, માત્ર યાદવોની નગરી નથી. (૧) એક મથુરાને છૂટી (ઘેરો ઉઠાવેલી) કરવાની છે. (૨) બીજાઓ (મથુરામાં રહેલા પુરુષો)ને ભય વિનાના કરવાના છે (અને) (૩) એક (જરાસંધની સેના)ને હણવાની છે, એ ત્રણ સાથે 'જોઈને' શબ્દનો સંબંધ.......કાર્ય આવી ચડ્યું છે તેથી (ભગવાને) જોયું. 'સ્વજનાઃ' એટલે ભક્તો. તેઓ ભયથી દુઃખી થયા હતા. 'ચ' 'અને' શબ્દથી (એમ જણાવેલું છે કે) તેમના (ભક્તોના) સંબંધીઓ, બીજા નગરમાં રહેનારાઓ (ભયથી દુઃખી થયા હતા). (જરાસંધની) સેનાને (ભગવાન્) પ્રયાસ વિના હણશે એમ જણાવવા એક[1] કહેલી છે. પોતાના સંબંધી વસુદેવને (નગરને ઘેરો ઘાલ્યો છે તે) જણાવવામાં આવે (જણાવી શકાય) તે માટે નગરનું (એકપણું) તો જરુરી ( હોવાથી કહેલું ) છે. ૫.

તે પ્રસંગે બે વિષય આવી પડેલ હોવાથી, શું કરવું જોઈએ તેનો ભગવાને વિચાર કર્યો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ચિન્તયામાસ ભગવાન્ હરિઃ કારણમાનુષઃ ।।**
**તદ્દેશકાલાનુગુણં સ્વાવતારપ્રયોજનમ્ ।।૬।।**

ભગવાન્ હરિ જે યુક્તિ માટે મનુષ્ય થએલા તેમણે તે દેશ અને કાલને અનુકૂલ, જેમાં પોતાના અવતારનું પ્રયોજન (સિદ્ધ) થાય તેવા (કાર્ય)નો વિચાર કર્યો. ૬.

'આ બે (પદાર્થ, કાર્ય) કયાં કે જેને માટે (ભગવાનને) વિચાર થયો ?' એવી શંકા થાય, તેથી 'હરિ, જે યુક્તિ માટે મનુષ્ય થએલા' શબ્દો યોજેલા છે. 'ભગવાન્' શબ્દથી (એમ કહેલું છે કે) બંને પ્રકારે (કર્મ) કરવા તે શક્તિવાળા છે.

(૧) ભગવાન્ ક્લેશ વિના કર્મ કરનારા હોવાથી આ જરાસંધને કંસની પેઠે હણવો, (અને) ત્યાં સુધી પોતાના ભક્તોનો વિનાશ સહન કરવો ? અથવા (૨) ક્લેશ વિના કર્મ કરવાપણાનો ત્યાગ કરી, વિષમપણા (પક્ષપાત)નો સ્વીકાર કરી (જરાસંધ

---

૧. જરાસંધનું સૈન્ય ત્રેવીસ અક્ષૌહિણી હોવા છતાં, તેને માટે 'બલમ્' શબ્દ એક વચનમાં યોજેલો છે.

સાથે) યુદ્ધ વિગેરે કરવું ? એ (બે વિષય આવી પડ્યા). શું પરિણામ આવ્યું ?

'પોતાના ધર્મનો[1] ત્યાગ અયોગ્ય હોવાથી, હરિપણું દૂર કરી[1] (છૂપાવી) કારણ માટે એટલે યુક્તિને લીધે ભગવાન્ મનુષ્ય થએલા હોવાથી, જરાસંધને કંસની પેઠે જ[1] હણવો જોઈએ. તેમ કરવામાં ન આવે તો યુક્તિ કરવાનું વ્યર્થ થાય. ક્લેશ વિના કર્મ કરવાપણાના ગુણના રક્ષણ માટે જ ભગવાન્ મનુષ્યની સ્થિતિથી અવતરેલા છે, તેથી તેમણે યુદ્ધ કરવું જોઈએ નહિ' એવો પૂર્વપક્ષ છે. સિદ્ધાંત તો તેમણે યુદ્ધ કરવું જોઈએ તેવો છે, કારણ કે આ(શ્રીકૃષ્ણ) હરિ છે તેથી ભક્તોનું દુઃખ સહન કરતા નથી. વળી 'લડવા યોગ્ય સોળ વર્ષનો હોય છે, અને યુદ્ધ માટે જે આવેલ હોય તેની સાથે યુદ્ધ કરવું જોઈએ' એવા પોતાના[2] ધર્મ પ્રમાણે આચરણ કરવું જોઈએ.

'(એમ કરવાથી ભગવાનનો) પોતાનો ધર્મ[3] ખોટો થશે. તેથી ક્લેશવાળું કાર્ય શા માટે કરવું ?' એવી શંકા થાય, તેથી 'તે દેશ અને કાલને અનુકૂલ' શબ્દથી દેશની અનુકૂલતાથી (કર્મ) કરવાનું કહે છે. તે દેશ અને તે કાલમાં યુદ્ધ કરવું એ જ અનુકૂલ હતું. જેમ સોમયજ્ઞના આરંભની વિધિમાં 'કૃતાંતથી જ અટકવું' નિયમ પ્રમાણે સૂર્ય અસ્ત થતાં અટકવામાં આવે છે; અથવા જેમ દક્ષના યજ્ઞમાં દેશના દોષને[4] લીધે મુખ્ય યજ્ઞનો પણ નાશ થયો. તેમ કોઈ વાર અંગની[5] અનુકૂલતા માટે અંગીના[5] ધર્મો પણ ફેરવવામાં આવે છે. તેથી તે દેશ(મગધ)માં ભક્તો ન હોય તેવા રહેવાના

---

૧-૧-૧. 'પોતાનો ધર્મ' એટલે 'ભગવાનનો ક્લેશ વિના કર્મ કરવાનો ધર્મ.' ભગવાન્ યુક્તિ માટે મનુષ્ય થયા છે, પરંતુ આ ધર્મ તેમણે છૂપાવ્યો જ છે, તજવાનો નથી. તેથી જરાસંધને કંસની પેઠે જ હણવો. કંસે ભગવાનનો દ્રોહ કર્યો ત્યારે જ ભગવાને તેને હણ્યો. તે પ્રમાણે જરાસંધ ભગવાનનો દ્રોહ કરે નહિ, ત્યાં સુધી ભગવાને તેને હણવો જોઈએ નહિ, પરંતુ ભક્તોનો તે દ્રોહ કરે તે સહન કર્યા કરવું જોઈએ, એવો પૂર્વપક્ષ છે.

૨. 'પોતાનો ધર્મ' એટલે ઉપર જણાવ્યો તેવો ક્ષત્રિયોનો ધર્મ. ક્ષત્રિયોના ધર્મ સોળ વર્ષની વય પછી આચરવાના છે, છતાં ઘણા સમર્થ હોય તે સોળ વર્ષના થયા પહેલાં પણ તે ધર્મો આચરે એમ 'હિ' શબ્દથી સૂચવેલ છે. (લે)

૩. 'પોતાનો ધર્મ' એટલે 'ક્લેશ વિના કર્મ કરવાનો ધર્મ'. એવો અર્થ છે. (લે)

૪. 'દૈવને લીધે દેવનું યજન થતું હોય ત્યાં સંકટ આવી પડે' એમ દેશનો દોષ નિબંધમાં કહેલો છે. (લે)

૫-૫. 'અંગ' એટલે 'ભાગ'. 'અંગી' એટલે જેનો તે ભાગ છે તે. દેશ, કાલ ભગવાનના અંગ છે, ભગવાન્ અંગી છે, છતાં કોઈ વાર દષ્ટાંતમાં જણાવ્યું તેમ દેશ અને કાલ યજ્ઞના અંગ હોવા છતાં, તેમના ધર્મ પ્રમાણે યજ્ઞના કાર્યમાં ફેરફાર થાય છે, તેમ ભગવાન્ અંગી હોવા છતાં, કોઈ વાર અંગ, દેશ અને કાલના ધર્મને અનુકૂલ રીતે કાર્ય કરે તેમાં કાંઈ અયોગ્ય નથી, એવો ભાવાર્થ છે.

હોવાથી, તે દેશની અનુકૂલતાને લીધે તેઓને હણવા જોઈએ. વળી તેઓના મૃત્યુનો સમય નજીક આવેલો હોવાથી, કાલને અનુકૂલ પણ કરવું જોઈએ. તેથી ક્લેશવાળું કાર્ય કરવું એ તે દેશ અને કાલને અનુકૂલ છે. વળી (એમ કરવાથી) પોતાના અવતારનું પ્રયોજન પણ સિદ્ધ થાય છે, કારણ કે ભક્તોનો ઉદ્ધાર કરવા માટે ભગવાનનો અવતાર છે, અને તે (ઉદ્ધાર) લૌકિક પેઠે કાર્ય કરી, કાલને ઠગવાથી (થાય છે). ભક્તોને (કાલ પાસેથી) લઈ જવા જોઈએ. તેમાં ક્લેશવાળું (કાર્ય) કરવું યોગ્ય છે, તેમ કરવામાં ન આવે તો કાલ કર્મ વિગેરે વડે ભક્તો પ્રતિ દ્રોહ કરે, (તો) પછી ઘણું કાર્ય કરવાનું આવી પડે. તેથી વિષમ (પક્ષપાતવાળું) કાર્ય, પોતાના અવતારનું પ્રયોજન જેમાંથી (સિદ્ધ) થાય તેવું પણ હોવાથી ભગવાને વિચાર કર્યો તે યોગ્ય જ છે. ૬.

વિચારથી જે (મત)નો નિર્ણય કર્યો તે મત નીચેના શ્લોકથી આરંભી ચાર શ્લોકોથી કહે છે.

**હનિષ્યામિ બલં હ્યેતદ્ભુવિ ભારં સમાહિતમ્ ।।**
**માગધેન સમાનીતં વશ્યાનાં સર્વભૂભુજામ્ ।।૭।।**
**અક્ષૌહિણીભિઃ સંખ્યાતં ભટાશ્વરથકુઞ્જરૈઃ ।।**
**માગધસ્તુ ન હન્તવ્યો ભૂયઃ કર્તા બલોદ્યમમ્ ।।૮।।**

ભૂમિ ઉપર સારી રીતે ભારરૂપ થએલું. સૈનિક અશ્વ રથ અને હાથી વડે અક્ષૌહિણીઓની સંખ્યાવાળું, વશ કરેલા સર્વ રાજાઓનું માગધે આણેલું આ સૈન્ય હું જરુર હણીશ, પરંતુ માગધને હણવો જોઈએ નહિ. તે ફરીથી સૈન્ય (લાવવા) માટે ઉદ્યમ કરશે. ૭-૮.

'સૈન્યને હું હણીશ' એવી (ભગવાન્) પ્રતિજ્ઞા કરે છે. આ વિષય યોગ્ય જ છે, કારણ કે લોકમાં જે જેના ઉપર જાય (ચડાઈ કરે) છે, તે તેને (ચડાઈ કરનારને) હણે છે; તેથી આમાં કાંઈ અયોગ્યતા નથી. 'આ' શબ્દથી (સૈન્યને) દેખાડેલું હોવાથી, સૈન્યે કરેલો હુમલો પણ સૂચવેલો છે. (જરાસંઘ) સૈન્ય સાથે આવેલો હોવાથી, સૈન્યથી જ તેને હરાવવો[૧] યોગ્ય છે, પરંતુ યુક્તિથી હરાવવો યોગ્ય નથી. પહેલાં જે (કંસ વિગેરે) કહેલા તેઓ તો કપટથી આવેલા, તેથી તેઓને કપટ (યુક્તિ)થી જ હણવા યોગ્ય હતા. 'જેઓ મને જેવી રીતે ભજે છે...' (ભગવદ્ગીતા ૪।૧૧) એ ભગવાનના વ્રતરૂપ ધર્મનું પણ (તેમ કરવાથી) પાલન થાય છે. આથી હણવામાં પક્ષપાત (કરવા)ની બુદ્ધિ પણ દૂર થાય છે, કારણ કે જેઓ હણવા યોગ્ય

૧.અહિં 'વધઃ' શબ્દ 'હરાવવું' એવા અર્થમાં જ યોજેલો છે, કારણ કે હમણાં જરાસંઘને હણવાનો નથી, એમ આગળ કહે છે.

છે તેઓની જ એવી બુદ્ધિ થઈ. આ બધું ધ્યાનમાં રાખી, ભગવાને 'હિ' 'જરુર' શબ્દ કહેલો છે. વળી સર્વે ભૂમિનો ભાર હરવા માટે વિજ્ઞપ્તિ કરેલી હોવાથી, (ભગવાન્) બીજાં કાર્ય માટે (ભૂતલ ઉપર) પધારતા હોવા છતાં, તેઓના ઉપરની કૃપાને લીધે તે પ્રમાણે (ભૂમિનો ભાર હરવા) પણ પધારેલા છે. તેથી (ભૂતલ ઉપર) પધારવાનું કાર્ય સિદ્ધ થાય તે માટે પણ હું (સૈન્યને) હણીશ એમ 'ભૂમિ ઉપર (સારી રીતે) ભારરૂપ (થએલું)' શબ્દથી કહેલું છે. આ (જરાસંધનું) સૈન્ય ભારરૂપ જ છે, તેથી જ સર્વની નીચે પાતાલમાં (તેને) રાખેલું. કાલ તેને ભૂતલ ઉપર લઈ આવ્યો. 'સારી રીતે ભારરૂપ થએલું' હોવાથી કાલના કૃત્રિમ ધર્મ[2] વિગેરેથી તેનો નાશ થઈ શકે તેવું નથી.

'રાજાનું સૈન્ય ધર્મનાં કારણરૂપ હોય છે તેથી તેનો વધ કરવાથી પ્રાણીઓનો વધ થાય અને અધર્મ થાય' એવી શંકા થાય, તેથી 'માગધે એટલે અધમ દેશમાં ઉત્પન્ન થએલાએ આણેલું' શબ્દ યોજેલ છે.

'એટલા (બધા સૈન્ય)નો સ્વામી મોટો (પુરુષ) હોવો જોઈએ' એવી શંકા થાય, તેથી 'વશ કરેલા સર્વ રાજાઓનું' વિશેષણ યોજેલું છે, કારણ કે તેને વશ થએલા દુષ્ટ જ હતા, અને તેઓ પણ તેના જેવા સ્વભાવવાળા થએલા. આથી એમ પણ કહેલું છે કે તેનું સૈન્ય દુષ્ટ અને ભારરૂપ હોવાથી સ્વીકારવા યોગ્ય ન હતું.

તે જીતી શકાય તેવું ન હતું એમ જણાવવા 'અક્ષૌહિણીઓની સંખ્યાવાળું' શબ્દો યોજેલ છે. સમૂહથી[3] યુદ્ધ કરવામાં આવે તો વિનાશ થાય. કારણ કે એક જાતના ઘણા હોવા છતાં હાથી વિગેરે બીજી જાતનો એક તેમને હણે છે. આરંભમાં પાંચ સૈનિકો યુદ્ધ કરે છે. તેઓનો પરાજય થશે એવી શંકા થાય ત્યારે ત્રણ અશ્વોના સમૂહ (યુદ્ધ કરે છે.) તેઓનો પણ પરાજય થાય ત્યારે એક બેથી (રથમાં બેઠેલો) (યુદ્ધ માટે) પ્રવૃત્તિ કરે છે, અને તે પણ તેવો (પરાજીત) થાય ત્યારે સાઠ વર્ષનો હાથી (યુદ્ધ કરે છે). એ પ્રમાણે ક્રમથી (યુદ્ધમાં) પ્રવેશેલી એક પત્તિ[4] પણ જીતી શકાય તેવી હોતી નથી. આ (સૈન્ય) તેવું હતું એમ કહે છે. સૈનિક, અશ્વ, રથ અને હાથીઓ વડે પત્તિરૂપ અંગો ત્રણગણા થતા જાય, તે નિયમ પ્રમાણે ક્રમે ક્રમે વધતાં

---

૨. 'કાલના કૃત્રિમ ધર્મથી' એટલે 'કાલથી અથવા પોતે કરેલાં પાપથી' એવો અર્થ છે. (લે)

૩. 'સમૂહથી' એટલે સેનાના એક જ અંગથી સેનાના ચાર અંગો અહિં કહેલાં છે.

૪-૪. 'પત્તિ' એટલે 'એક હાથી, એક રથ, ત્રણ અશ્વો અને પાંચ સૈનિકો (પગે ચાલનારા)નો સમૂહ.' પત્તિથી ત્રણ ત્રણ ગણા સૈન્યના બીજા સાત વિભાગો છે, અને એ છેલ્લા વિભાગથી દશ ગણી અક્ષૌહિણી છે. તેથી અક્ષૌહિણીમાં ૨૧૮૭૦ હાથીઓ, તેટલા જ રથો, તેથી ત્રણ ગણા અશ્વો અને પાંચ ગણા પગે ચાલનારા સૈનિકો હોય છે.

'અક્ષૌહિણી[૪]' સંજ્ઞા તેમણે પ્રાપ્ત કરેલી, (અને) તેઓ પણ ઘણા (ઘણી અક્ષૌહિણી બનેલા) હતા. તેથી બીજાઓથી (આ સૈન્યને હણવું) બની શકે તેમ નહિ હોવાથી, મારે જ સૈન્યને હણવું જોઈએ. આ દોઢ શ્લોકથી સૈન્યનો વધ જરુરી હતો એમ જણાવવા (તે) દુષ્ટ અને ભારરૂપ હતું એમ કહેલું છે.

'શાસ્ત્રનું ફલ તેને યોજનારને પ્રાપ્ત થાય છે એ ન્યાય પ્રમાણે માગધને જ કેમ ન હણવો? (અને) આ બાપડા (સૈનિકોને) મુક્ત કરવા જોઈએ.' એવી શંકા થાય, તેથી આઠમા શ્લોકનો ઉત્તરાર્ધ કહેલો છે. 'તુ' 'પરંતુ' શબ્દ (સૈનિકો) ભારરૂપ હોવાથી, તેમને ન હણવા (ની વાત)નું ખંડન કરે છે. જો કે માગધ પણ ભારરૂપ છે, છતાં પણ મડદાંને બાળનારાં લાકડાને બાળનાર લાંબા વાંસની પેઠે છેવટ સુધી તેનું રક્ષણ કરવું જોઈએ. તેથી માગધને હણવો જોઈએ નહિ. 'ફરીથી સૈન્ય (લાવવા) માટે ઉદ્યમ કરશે.' શબ્દોથી તે જ (અર્થ) કહેલો છે. તે સૈન્ય લાવવા માટે ઉદ્યમ કરશે. તેમ નહિ થાય તો ભારરૂપ સૈન્ય છૂપાઈને રહેશે, અથવા તેને લાવવા માટે (બીજાએ) વધારે પ્રયાસ કરવો પડશે, કારણ કે આ માગધ (હોવાથી) દુષ્ટ છે (અને) મરણ સુધી (સૈન્ય લાવવા) પ્રયત્ન કરશે. ૭-૮.

'સર્વના આત્મારૂપ બ્રહ્મ (ભગવાન્) બધાનો વધ કરવા કેમ પ્રયત્ન કરે ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**એતદર્થોઽવતારોઽયં ભૂભારહરણાય મે ।।**
**સંરક્ષણાય સાધૂનાં કૃતોઽન્યેષાં વધાય ચ ।।૯।।**

ભૂમિનો ભાર હરવા માટે, સત્પુરુષોના રક્ષણ માટે અને બીજાઓના વધ માટે–આ પ્રયોજન માટે મારો આ અવતાર કરેલો છે. ૯.

દૈત્યો મલ જેવા વ્યાધિ જેવા છે, તેથી તેઓનો નાશ કરવાથી (ભગવાનનાં) સર્વાત્મપણાની હાનિ થતી નથી, કારણ કે સૂજી ગએલો પોતાનો અવયવ પણ કાપી નાખવામાં આવે છે. તેથી જ ભગવાન્ પોતે પુરુષરૂપ થઈ, તે (પુરુષરૂપ)માં દોષરૂપ દૈત્યોને હણવા પોતે જ ઔષધરૂપવાળા પ્રકટ થયા. 'આ પ્રયોજન માટે આ અવતાર છે' શબ્દોથી તે (અર્થ) કહેલ છે. પક્ષપાતરૂપ દોષ લૌકિક[૧] છે. તે જે પ્રસંગે[૨] દોષરૂપ થતો નથી, ત્યાં તે દોષ નથી. ક્લેશ વિના કર્મ કરવાપણાનો તો પહેલેથી જ ત્યાગ કરીને (ભગવાન્ ભૂતલ ઉપર) પધારેલા હોવાથી, 'સ્વીકારેલી ખામી દોષરૂપ નથી' એ નિયમ પ્રમાણે તે (ક્લેશ વિના કર્મ નહિ કરવાપણાનો ત્યાગ) દોષ રહેતો નથી. વળી (ભગવાન્) પોતે ઉદ્યમ કરીને (પોતે ચડાઈ કરીને) (તેને) હણતા નથી. કપટ

૧. 'લૌકિક' એટલે 'લોકના દષ્ટાંતથી સિદ્ધ થતો' (લે)
૨. 'જે પ્રસંગે' એટલે 'ઉપર પ્રમાણે દૈત્યોનો વધ કરવામાં વિગેરે' (લે)

વિનાનું યુદ્ધ કરવા આવેલાને કપટ વિનાના યુદ્ધથી હણવો એ (પ્રયોજન) માટે મારો અવતાર છે. આવા પ્રકારના[3] ધર્મ પ્રમાણેના વધથી દોષ થતો નથી, તેથી ધર્મ માટે પણ આ (સૈન્ય)નો વધ હું કરીશ એમ, 'સત્પુરુષોનાં રક્ષણ માટે' શબ્દોથી કહે છે.

'(ધર્મ તો આપે) આચરેલો હોવાથી, (તે સત્પુરુષોના રક્ષણરૂપ ધર્મ માટે સૈન્યનો વધ) કરવાનો નથી. બીજા પ્રકારે સત્પુરુષોનું રક્ષણ કરવું જોઈએ' એવી શંકા થાય, તેથી 'અને બીજાઓના વધ માટે' શબ્દો યોજેલા છે. 'ચ' 'અને' શબ્દથી (એમ કહેલું છે કે) ભક્તિનું સ્થાપન કરવા માટે (મારો અવતાર કરેલો છે). તેથી એમ કહેવાયું કે (ભગવાનનો) અવતાર ચાર કાર્યો માટે (થયો) છે. (૧) ભૂમિનો ભાર હરવા (૨) સત્પુરુષોનું રક્ષણ કરવા (૩) દુષ્ટોનો નાશ કરવા અને (૪) ભક્તિની પ્રવૃત્તિ કરાવવા. ચારે (પ્રયોજન) સરખી રીતે મુખ્ય છે, પરંતુ (તેમાનું કોઈ) એક બીજા (પ્રયોજન)ને માટે નથી. ભૂમિનો ભાર હરવો એ રાજસ છે. (સત્પુરુષોનું) રક્ષણ સાત્ત્વિક છે. (દુષ્ટોનો) નાશ તામસ છે અને ભક્તિ નિર્ગુણ છે; કારણ કે દુષ્ટોનો નાશ કરવાથી ભૂમિનો ભાર જતો (હરાતો) નથી, કેમ કે (તે દુષ્ટોની) ફરીથી ઉત્પત્તિ થવાનું સંભવે છે. જો ભગવાન્ (તેઓનો) નાશ કરવા માટે જ પ્રયત્ન કરતા હોય તો (ભગવાનના એવા) વિચારથી (તેઓનો) નાશ જ થાય, ફરીથી તેઓ ઉત્પન્ન ન થાય, અને તેઓનો મોક્ષ થાય. એવી જ રીતે સત્પુરુષોના રક્ષણના સંબંધમાં પણ (જાણવું). સત્પુરુષો પણ દુષ્ટોના સંબંધને લીધે દુષ્ટ થતાં, બધાનો વધ કરવામાં આવતાં અનિષ્ટ જ થાય. તેથી તે (સત્પુરુષો)ની બુદ્ધિ વિગેરેને હરનારાનો જ નાશ કરવો જોઈએ. એ પ્રમાણે સત્પુરુષોનું રક્ષણ પણ (અવતાર લેવાનું) સ્વતંત્ર (પ્રયોજન) જ છે. (બીજા પ્રયોજનોમાં) ભક્તિનો પ્રવેશ થતો નથી એ સ્પષ્ટ જ છે. તે (ઉપર જણાવેલો અર્થ) 'અને બીજાઓના વધ માટે' શબ્દોથી કહેલ છે. ૯.

મનુષ્યના દેહમાં કરેલા પ્રવેશનાં ચાર પ્રયોજનો કહી, 'પક્ષપાતરૂપ ગુણ મારામાં પહેલાં પણ હતો તેથી સૃષ્ટિના આરંભમાં જ તે પ્રમાણે (એ ગુણનો) અંગીકાર કરેલો હોવાથી, (તેથી મને) દોષ થતો નથી' એમ કહેવા, ધર્મનું રક્ષણ કરવા પહેલાં પણ મેં અવતારો (ધારણ) કરેલા છે એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**અન્યોડપિ ધર્મરક્ષાયૈ દેહઃ સમ્ભ્રિયતે મયા ।।**
**વિરામાયાપ્યધર્મસ્ય કાલે પ્રભવતઃ ક્વચિત્ ।।૧૦।।**

ધર્મનાં રક્ષણ માટે અને અધર્મના નાશ માટે પણ મેં બીજો પણ દેહ ધારણ

૩. વૃંદાવન પ્રેસવાળી પ્રતમાં 'એવં ભૂતો' પાઠ છે, તે પ્રમાણે અર્થ કરેલ છે. મી. તેલીવાલાએ પ્રસિદ્ધ કરેલ પ્રતમાં 'મે ચ ભૂઃ' એવો પાઠ છે. આનો અર્થ 'અને ભૂમિ મારી છે' એવો થાય છે. મૂલ શ્લોકમાં પૂર્વાર્ધને અંતે પણ 'મે'ને બદલે તેમણે 'ચ' પાઠ લીધેલો છે.

કરેલ. તેઓ કાલમાં કોઈવાર બલવાન થાય છે. ૧૦.

આ (શ્રીકૃષ્ણ) સિવાયના અવતારોનું ફલ ધર્મનું રક્ષણ અને અધર્મનો નાશ છે. આ જ લક્ષમાં રાખી 'જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ...' (શ્રીમદ્ભગવદ્ગીતા ૪|૭) એમ (ભગવાને) કહેલું છે; પરંતુ આ (શ્રીકૃષ્ણનો) અવતાર માત્ર ધર્મનું રક્ષણ કરવા માટેનો નથી. 'અપિ' 'પણ' શબ્દ હોવાથી તે (ધર્મનાં રક્ષણ)નો પણ સમાવેશ થાય છે, તેથી (૫) અધર્મનો નાશ અને (૬) ધર્મનું રક્ષણ એમ (આ અવતારનાં) છ પ્રયોજનો થાય છે. અહિં (આ બે પ્રયોજનોમાં) પણ પહેલાંની પેઠે બંને મુખ્ય છે. તેથી જ 'ધર્મનું સ્થાપન કરવાને' એ વાક્યનો પણ વિરોધ નથી. તેથી જ બુદ્ધ અવતારમાં માત્ર ધર્મનું રક્ષણ જ પ્રયોજન છે, કલ્કિ અવતારમાં અધર્મનો નાશ જ (પ્રયોજન થશે), પરશુરામ અવતારમાં દુષ્ટોનો નાશ જ (પ્રયોજન હતું), બલભદ્ર (અવતાર)માં ભૂમિનો ભાર હરવાનું જ (પ્રયોજન છે), અને પૃથુ અવતારમાં સત્પુરુષોનું રક્ષણ જ (પ્રયોજન હતું). એ પ્રમાણે સર્વ સ્થલે (બધા અવતારોમાં) યોગ્ય લાગે તેવું અનુમાન કરવું. સર્વ (પ્રયોજનો) તો ભગવાન્ (શ્રીકૃષ્ણ અવતાર)માં જ છે, અને વધારામાં સ્વતંત્ર ભક્તિ (પ્રયોજન) છે.

'આ સર્વ (પ્રયોજન) કાલ, કર્મ વિગેરેથી જ સ્વતંત્ર રીતે અથવા (ભગવાનની) આજ્ઞાથી ભલે સિદ્ધ થાય. ખાસ અવતાર લેવાથી શું (વિશેષ) ?' એવી શંકા થાય, તેથી 'કાલમાં બલવાન થાય છે' એ શબ્દો યોજેલા છે. ધર્મ અને અધર્મ કોઈવાર જ કાલમાં બલવાન થાય છે. તેથી જ્યારે (કાલ) બેદરકાર રહે, ત્યારે (ભગવાને) અવતાર ધારણ કરી (અધર્મનો) નાશ અથવા (ધર્મનું) રક્ષણ કરવું જોઈએ. કાલ તો (અધર્મને) ઉત્પન્ન કરનાર જ હોવાથી તેનાથી તેનો નાશ થતો નથી, કારણ કે વશ રહેનાર (સેવક)માં (ઉત્પન્ન કરવાની અને નાશ કરવાની) બંને શક્તિઓ હોતી નથી. તેથી ભક્તો વિગેરેના સુખ માટે પક્ષપાત અને ક્લેશવાળું કર્મ અવશ્ય કરવું જોઈએ એમ (કહેલું છે). ૧૦.

ભૂમિ ઉપરના પદાર્થોમાં દૈત્યના અંશોએ વાસ કરેલો હોવાથી, તેમને તૈયાર કરવામાં વિલંબ (થાય તેમ) હોવાથી, ભગવાનના (એવા) માત્ર વિચારથી સાધ્યનું[1] સ્મરણ થતાં સાધન[1] પોતાની મેળે જ વૈકુંઠમાંથી જ આવ્યું, એમ નીચેના શ્લોકમાં કહે છે:

**એવં ધ્યાયતિ ગોવિન્દ આકાશાત્સૂર્યવર્ચસૌ ।।**
**રથાવુપસ્થિતૌ સદ્યઃ સસૂતૌ સપરિચ્છદૌ ।।૧૧।।**

૧-૧. જે કાર્ય પાર પાડવાનું છે તે 'સાધ્ય'. અહિં જરાસંધની સેનાનો નાશ સાધ્ય છે. જેનાથી તે પાર પડે તે 'સાધન'. અહિં રથો આયુધો વિગેરે આકાશમાંથી આવ્યાં તે સાધન છે.

એ પ્રમાણે ગોવિંદ વિચારતા હતા ત્યારે સારથિઓ સાથે અને યુદ્ધસામગ્રી સાથે આકાશમાંથી સૂર્યના જેવા તેજવાળા બે રથો તરત જ (તેમની) પાસે આવ્યા. ૧૧.

બધા દેવો અધિકારના ન્યાયથી[૨] પણ ભગવાનને વશ છે એમ જણાવવા 'ગોવિંદ' નામ યોજેલું છે. (રથો સારથિઓ અને યુદ્ધસામગ્રી) બધાં અલૌકિક હતાં એમ જણાવવા 'આકાશમાંથી (આવ્યા)' શબ્દ યોજેલ છે. (તે) જોવામાં આવે ત્યારે જ (તે) અલૌકિક હોવાનું જ્ઞાન થાય, તેથી તે દેખાયાં હતાં એમ જણાવવા 'સૂર્યના જેવા તેજવાળા' વિશેષણથી (તેમને) સૂર્યના જેવાં કહેલાં છે, કારણ કે ઉદય પામેલા સૂર્યને કોઈ સમયે (કોઈ) ન દેખે એમ ન બને. આ (શબ્દ)થી (ભગવાનને) ક્લેશ વિના કર્મ કરનારા પણ કહેલા છે, અને (તેમના) ભક્તોના ભયને દૂર કરેલો છે. અલૌકિક રીતે (રથ વિગેરે) આવ્યાં તે જોઈને પણ જો (જરાસંધના યોદ્ધાઓ) યુદ્ધ માટે પ્રયાસ કરે, તો (પોતાનાં) મૃત્યુનો નિશ્ચય કરીને જ (એવો) પ્રયાસ કરતા હોવાથી, (તેમને હણવામાં) ભગવાનનો કાંઈ પણ દોષ નથી. જેમ (ભગવાને) ધનુષ્યનો ભંગ કરવાનું વિગેરે સામર્થ્ય દર્શાવ્યું, તેમ આ પણ (સામર્થ્ય દર્શાવ્યું). 'તરત જ આવ્યા' એટલે 'તૈયાર કરેલા જ આવ્યા' પરંતુ રુક્મણી વિગેરેનો જન્મ લઈ ઉત્પન્ન થવાની લક્ષ્મીજીને જરુર હતી તેની પેઠે તેઓને ન હતી. જો કે અલૌકિક રથને સારથિ વિગેરેની જરુર હોતી નથી, છતાં પણ તે (સારથિ) ન હોવાથી અથવા શોભા માટે સારથિ કરવો જોઈએ તેવા વિચારથી, લૌકિક (સારથિ) (રથ ઉપર) મૂકવામાં આવે તો તેની ખુશી અથવા નાખુશીને લીધે કાર્ય થાય નહિ, તેથી 'સારથિઓ સાથે' (રથો આવ્યા). 'યુદ્ધસામગ્રી' શબ્દથી કવચ વિગેરે અને ધજા વિગેરે યુદ્ધ વિગેરેની સામગ્રી કહેલી છે. ૧૧.

આયુધો સહિત જ રથમાં (રથી) બેસે છે. તેથી આયુધ આવ્યાં એમ જૂદું નીચેના શ્લોકમાં કહે છેઃ

**આયુધાનિ ચ દિવ્યાનિ પુરાણાનિ યદચ્છયા ।।**
**દૃષ્ટ્વા તાનિ હૃષીકેશઃ સંકર્ષણમથાબ્રવીત્ ।।૧૨।।**

અને પુરાતન દિવ્ય આયુધો પોતાની મેળે (આવ્યાં). પછી તેઓને જોઈને હૃષીકેશે સંકર્ષણને (નીચે પ્રમાણે) કહ્યું. ૧૨.

શાંર્ગ વિગેરે ધનુષ્ય ખડ્ગ વિગેરે દિવ્ય (આયુધો આવ્યાં). 'પુરાતન' શબ્દથી (એમ કહ્યું કે ભગવાનના પોતાના આયુધોથી) જૂદાં આકારવાળાં આવ્યાં ન

૨. દેવોને જે અધિકાર છે તે ભગવાને તેમને આપેલો હોવાથી તેઓ અધિકારના નિયમ પ્રમાણે ભગવાનને વશ છે.

હતાં. (આ આયુધો) કોઈએ લાવીને આપ્યા ન હતાં, પરંતુ 'યદચ્છયા' પોતાની મેળે જ આવ્યાં હતાં. એ પ્રમાણે સામગ્રી જોઈને, છ પ્રયોજનો પૈકી ભૂમિનો ભાર હરવાનું (પ્રયોજન) આવેલ હોવાથી, (અને) તે માટે જ બલભદ્રનો અવતાર થએલો હોવાથી, (ભગવાને) બલભદ્રને કહ્યું એમ ઉત્તરાર્ધમાં કહે છે. 'હૃષીકેશ[1]' શબ્દથી એમ કહેલું છે કે જો (બલભદ્ર મારું) કહેલું કરશે નહિ, તો પણ અવતાર નકામો ન થાય તે માટે હું (શ્રીકૃષ્ણ) (તેમને) તેવી જ પ્રેરણા કરીશ, કારણ કે સર્વ ઈન્દ્રિયોને પ્રેરણા કરનાર તેવી જ રીતે (બલભદ્રને) પ્રેરણા કરશે. 'સંકર્ષણ' એટલે '(ભૂમિના) ભારને સારી રીતે ખેંચીને હરી લેવા સમર્થ.' ૧૨.

પછી વિચાર (કર્યા) વિના જ, (ભગવાને) જે નિર્ણય કરેલો તે નીચેના શ્લોકથી આરંભી કહે છેઃ

**પશ્યાર્ય વ્યસનં પ્રાપ્તં યદૂનાં ત્વાવતાં પ્રભો ।।**
**એષ તે રથ આયાતો દયિતાન્યાયુધાનિ ચ ।।૧૩।।**

હે આર્ય ! હે સમર્થ ! આપ જેઓનું રક્ષણ કરો છો તે યદુઓને આવી પડેલી ભીડ જુઓ. આ આપનો રથ અને વહાલાં આયુધો આવ્યાં છે. ૧૩.

(શ્રીકૃષ્ણ અને બલભદ્ર) બંને એકાંતમાં ઉભા હતા, તેથી લોકમાં જાણવામાં ન આવે તે પ્રમાણે (શ્રીકૃષ્ણનાં) ધીરેથી કહેલાં વચનો ત્રણ[1] (શ્લોકો)થી કહે છે. (બલભદ્ર) અનુકરણ કરનારા નહિ હોવાથી[2], જે કહેવાનું છે તે જણાવનારું સંબોધન 'હે આર્ય !' એ શબ્દથી કરેલું છે. 'ત્વત્તઃ' આપથી જ 'અવનં' રક્ષણ છે જેમનું તે 'ત્વાવન્તઃ' (આપ જેમનું રક્ષણ કરો છો તે). તેથી જેમનું રક્ષણ કરવાનું છે તેમને ભીડ આવેલી હોવાથી તેને અવશ્ય ભાંગવી જોઈએ. રક્ષણ પણ અવશ્ય કરવું જોઈએ એમ 'યદુઓને' શબ્દથી કહેલું છે. જેનો ઉપાય થઈ શકે નહિ તેવું દુઃખ 'ભીડ' કહેવાય છે. જો કે (ભીડ આવ્યા) પહેલાં જ વિચાર કરવો જોઈતો હતો, તે કરેલ નથી એવી અયોગ્યતા પણ 'આવી પડેલી' શબ્દથી જણાવે છે. (ભીડ ભાંગવાનું) સામર્થ્ય તો (આપમાં) છે, એમ 'હે પ્રભો !' એ સંબોધનથી કહે છે. અવતારોને ગુણનું ઢાંકણ હોવાથી, ઉત્તરાર્ધથી સાધન જણાવે છે. આ આપનો જ

૧. 'હૃષીક' એટલે ઈન્દ્રિયો, તેમના 'ઈશ' એટલે તેમને પ્રેરણા કરનાર 'હૃષીકેશ' છે. આ અર્થ આગળ જણાવ્યો છે.

૧. બારમા શ્લોકના ઉત્તરાર્ધથી આરંભી ત્રણ શ્લોકોથી કહે છે, એમ જાણવું. તેથી જ એ ઉત્તરાર્ધના આભાસમાં 'કહે છે' શબ્દથી એને ભગવાનનું વાક્ય જ કહેલું છે. (લે)

૨. બલભદ્ર કોઈનું અનુકરણ કરતા નથી, પરંતુ વાસ્તવિક રીતે જ મહાન છે. તેથી જેણે અનુકરણ કરેલું છે તેવા તે નથી, એવો અર્થ છે. (લે)

રથ છે, તેથી (ભીડ ભાંગવાનું) સાધન હોવામાં સંદેહ નથી. મુસલ વિગેરે પ્રિય આયુધો પણ છે. 'ચ' 'અને' શબ્દથી (એમ કહેલું છે કે) જરુર હોય તેવું સર્વ (સાધન) છે. ૧૩.

ભૂમિનો ભાર હરવો એ તે (બલભદ્ર)નું જ મુખ્ય (પ્રયોજન) હોવાથી, નીચેના શ્લોકમાં (શું કરવું તેનો) તેમને જ બોધ કરે છેઃ

**યાનમાસ્થાય જહ્યેતદ્વ્યસનાત્સ્વાન્સમુદ્ધર ।।**
**એતદર્થં હિ નૌ જન્મ સાધૂનામીશ શર્મકૃત્ ।।૧૪।।**
**ત્રયોવિંશત્યનીકાખ્યં ભૂમેર્ભારમપાકુરુ ।।**

રથમાં બેસી આને હણો. પોતાના (સંબંધીઓ)ને ભીડમાંથી મુક્ત કરો. હે સમર્થ ! સાધુઓને સુખ કરનાર આપણો જન્મ આ માટે છે. ત્રેવીસ અનીક કહેવાતા ભૂમિના ભારને હરો. ૧૪।।

રથમાં બેસી આ સૈન્યને હણો, કારણ કે રથમાં બેસશો એટલે બધી શક્તિનો પ્રાદુર્ભાવ થશે. વિલંબ ન કરવા માટે 'પોતાનાં (સંબંધીઓ)ને ભીડમાંથી મુક્ત કરો' એમ કહે છે. આપણા બેનો જન્મ આ માટે છે. આ અર્થ (બાબત) યોગ્ય જ છે, કારણ કે ભૂમિએ (પોતાનો ભાર ઉતારવાની) પ્રાર્થના કરેલી. તેમ ન હોત તો (આપણો) જન્મ જ ન થાત. 'સાધુઓને સુખ કરનાર' વિશેષણથી બધા(અવતાર)માં રહેલું પ્રયોજન કહેલું છે. આવિર્ભાવ પામેલા મોટા પુરુષનું આ જ કાર્ય છે કે સાધુઓનું સુખ આમાંથી (તેમના આવિર્ભાવમાંથી) થાય છે, એટલે તેઓ બધાએ પ્રકારે સુખી થાય છે. 'હે સમર્થ !' એ સંબોધનથી સામર્થ્ય (જણાવેલું છે). તેમ (સૈન્યને હણવાનું) નહિ કરો, તો 'અવગણના'નો દોષ થશે, એવો ભાવ છે. (સૈન્ય) થોડું જ છે, તેથી (તેને હણવામાં) શ્રમ થશે નહિ એમ 'ત્રેવીસ અનીક કહેવાતા' શબ્દથી કહેલું છે. 'અનીક' શબ્દથી અક્ષૌહિણી (કહેલી છે). શ્રમ વિના (તે) હણાશે એમ જણાવવા ઓછી સંખ્યાવાળા[1] (અનીક) શબ્દને યોજેલો છે. 'ત્રેવીસ અનીક' એ પણ 'આખ્યા' એટલે માત્ર નામ જ છે જેનું, વાસ્તવિક રીતે તો તે (સૈન્ય) નમાલું છે. છતાં તેને હણવું જોઈએ એમ 'ભૂમિના ભારને' શબ્દથી કહેલું છે. ૧૪।।

(ભગવાન બલભદ્રને ઉપર પ્રમાણે) પ્રકટ રીતે કહે તો રાજા (યુદ્ધ કરવા) બહાર નીકળે, (અને) વસુદેવ વિગેરે (ભગવાન્ ઉપરના) સ્નેહને લીધે (તેમને) અટકાવે. તેથી એકાંતમાં તે પ્રમાણે મંત્રણા કરી, તેઓએ યુદ્ધ માટે પ્રવૃત્તિ કરી એમ

૧. દશ અનીકિની (અનીક)ની એક અક્ષૌહિણી થાય છે. તેથી 'અક્ષૌહિણી'ને બદલે ઓછી સંખ્યાવાળો એટલે તેનાથી દશમા ભાગની સંખ્યાવાળો 'અનીક' શબ્દ યોજેલો છે, તેનું પ્રયોજન અહિં કહેલું છે.

નીચેના શ્લોકમાં કહે છેઃ

**એવં સમ્મન્ત્ર્ય દાશાર્હૌ દંશિતૌ રથિનૌ પુરાત્ ।।૧૫।।**
**નિર્જગ્મતુઃ સ્વાયુધાઢ્યૌ બલેનાલ્પીયસાવૃતૌ ।।**

એ પ્રમાણે મંત્રણા કરી જેમને સેવકો પ્રિય છે તેવા (શ્રીકૃષ્ણ અને બલભદ્રે) કવચ બાંધ્યાં, રથમાં વિરાજ્યા, શહેરમાંથી બહાર નીકળ્યા, પોતાના આયુધો ધારણ કર્યાં (અને) થોડા સૈન્યથી વીંટળાયા. ૧૫।।.

કારણ કે તેઓ 'દાશાર્હૌ' સેવકો જેમને પ્રિય છે તેવા છે. પહેલાં તેઓ 'દંશિતૌ' કવચ બાંધેલા થયા, પછી રથમાં વિરાજ્યા; પછી શહેરમાંથી બહાર નીકળ્યા, પછી સારી રીતે 'આયુધાઢ્યૌ' આયુધો ધારણ કરીને યુદ્ધ (કરવા) માટે પ્રવૃત્ત થયા. પહેલાં (સૈન્ય ભેગું કરવાની) રાજાની આજ્ઞા નહિ હોવાથી, અને (યુદ્ધ કરવાનો) વિચાર નહિ હોવાથી, ત્યાં સુધીમાં બધું સૈન્ય ભેગું થયું ન હતું, તેથી થોડા જ સૈન્યથી વીંટળાએલા તેઓ થયા. તે (થોડા સૈન્ય)માં પણ અંગની[1] ખામી હતી એવો ('આવૃતૌ' શબ્દમાંના 'આ') પ્રત્યયનો અર્થ છે. ૧૫।।.

'જેનો ધ્વનિ દાનવોના અહંકારને હરનારો છે' વાક્ય પ્રમાણે (શત્રુના) સૈનિકોના ઉદ્યોગ અને ઉત્સાહનો નાશ થાય તે માટે આરંભમાં (ભગવાને) પાંચ-જન્ય વગાડ્યો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**શઙ્ખં દધ્મૌ વિનિર્ગત્ય હરિર્દારુકસારથિઃ ।।૧૬।।**
**તતોઽભૂત્પરસૈન્યાનાં હૃદિ વિત્રાસવેપથુઃ ।।**

દારૂક જેમનો સારથિ હતો તેવા હરિએ બહાર નીકળીને શંખ વગાડ્યો. તેથી શત્રુના સૈનિકોના હૃદયમાં ભય અને કંપ થયો. ૧૬।।.

(શત્રુઓ શહેરની અંદર) પ્રવેશ કરે નહિ તે માટે (ભગવાને શહેરની) બહાર નીકળીને શંખ વગાડ્યો, કારણ કે તે હરિ (દુઃખ હરનારા) છે. તેમ ન કરે તો શહેરમાં રહેલાઓને ભય થાય. આ પ્રસંગે વિશેષરૂપથી સંકર્ષણ અંશે જ પ્રવૃત્તિ કરેલી એમ જણાવવા 'દારૂક જેમનો સારથિ હતો તેવા' વિશેષણ યોજેલું છે. જેમ બીજા[1] (પ્રકરણ)માં અનિરુદ્ધ (અંશની પ્રવૃત્તિ) જણાવવા સાંત્વન કહેલું છે. તેમ ત્રીજા[2] પ્રકરણમાં ભવિષ્યમાં બીજા આયુધોનું પણ કામ પડશે એમ જણાવવા[3] તે

૧. સેનાના હાથી, રથ, ઘોડા અને પાયદળ એ ચાર અંગો છે. તે પૈકી હાથી અથવા ઘોડા ન હતા. થોડું પાયદળ હતું અને તે બેને જ રથ હતા. તેથી સેનાના અંગની ખામી હતી.

૧. 'બીજું પ્રકરણ' એટલે (રાજસ) પ્રમેય પ્રકરણ, એવો અર્થ છે. (લે) નિબંધ ૩।૧૦।૧૬૫ થી ૧૮૨ સુધીના શ્લોકોમાં આ સાંત્વન જણાવેલું છે.

૨. 'ત્રીજા પ્રકરણમાં' એટલે આ (રાજસ) સાધન પ્રકરણમાં, એવો અર્થ છે. પ્રમાણ વિગેરે ચાર

(સાધન)નો ઉપયોગ પણ સૂચવવો જોઈએ.

(ભગવાને) કરેલા (શંખના) નાદનું ફલ 'તેથી (શત્રુના સૈનિકોના હૃદયમાં ભય અને કંપ) થયા' શબ્દોથી કહેલું છે. શત્રુ થએલા સૈનિકોને (પોતાનું) મરણ થોડા સમયમાં જ થવાનું છે એમ જણાયું, તેથી (તેઓનાં) હૃદયમાં ઘણો જ 'ત્રાસઃ' ભય થયો. તે (ભય)થી કંપ થયો. વાસ્તવિક રીતે શરીરમાં પણ કંપ (થયો). ૧૬॥.

(પોતાના સૈનિકોના ઉદ્યોગ અને ઉત્સાહ જતા રહ્યા છે અને તેમને ભય અને કંપ થયો છે) એ પ્રમાણે જાણીને ચતુર જરાસંધે ભગવાનને યુદ્ધ કરતાં અટકાવવા કાંઈક કહ્યું એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તાવાહ માગધો વીક્ષ્ય હે કૃષ્ણ પુરુષાધમ ॥૧૭॥**
**ન ત્વયા યોદ્‌ધુમિચ્છામિ બાલકેન વિલજ્જયા ॥**
**ગુપ્તેન હિ ત્વયાઽમન્દ ન યોત્સ્યે યાહિ બન્ધુહન્ ॥૧૮॥**

તે બેને જોઈને માગધે કહ્યું કે હે કૃષ્ણ ! હે પુરુષ ! હે અધમ ! લજ્જાને લીધે આપ બાલકની સાથે હું યુદ્ધ કરવા ઈચ્છતો નથી. હે મોક્ષ આપનાર ! આપે રક્ષણ કરેલાની સાથે હું યુદ્ધ કરીશ નહિ. હે બંધુને હણનાર ! આપ પધારો. ૧૮.

'' 'ભગવાન્ સાથે યુદ્ધ કરવું યોગ્ય નથી' એમ જો સારા ઉત્તરથી (જરાસંધે ભગવાનને) કહ્યું હોત, તો ભગવાન્ તેની સાથે યુદ્ધ ન કરત અને પોતાનું (જરાસંધનું) કામ થાત. તે (સારા વચન)નો ત્યાગ કરીને તેણે એવું અવળું વચન કેમ કહ્યું ?'' એવી શંકા થાય. તેથી 'માગધે' શબ્દ યોજેલો છે. દેશના દોષને લીધે તેની તેવી (અવળું બોલવાની) બુદ્ધિ થઈ. શ્રીકૃષ્ણ અને બલભદ્રનું તેજ પોતાના અનુભવથી ઓળખીને તેણે કહેલું એમ જણાવવા 'તે બેને જોઈને' શબ્દો યોજેલા છે.

આરંભમાં ભગવાન્ સાથે યુદ્ધ કરવા તે ઈચ્છતો નથી. 'હે કૃષ્ણ' વિગેરેથી તે (અર્થ) કહે છે. (ભગવાનના) આનંદ, ચિત્ અને સદ્રૂપથી ત્રણ પ્રકારે (તેમનું) સંબોધન કરે છે. 'શ્રીકૃષ્ણ' આનંદરૂપ છે. 'પુરુષ' ચિદ્રૂપ છે. 'અધઃ' નીચે 'માતિ' સમાએલ (રહેલ) છે તે 'અધમઃ' એટલે પ્રપંચ સદ્રૂપ છે. (આવાં સંબોધન કરે છે) કારણ કે સદાનંદરૂપ સાથે, પુરુષાર્થરૂપ સાથે, અથવા પોતાના ઉપર ઉપકાર કરનાર પોતાનારૂપ સાથે કોઈ પણ યુદ્ધ કરવા ઈચ્છતું નથી તેથી 'આપની સાથે યુદ્ધ કરવા હું ઈચ્છતો નથી' એમ કહે છે. વળી (આપ) બાલક (છો). 'બાલાનાં' બાલકોનું પણ

---

પ્રકરણમાં અનુક્રમે પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ, સંકર્ષણ અને વાસુદેવનાં ચરિત્ર છે, એમ સૂચવેલું છે. (લે)

૩. 'આયુધોનું કામ પડશે' એટલે સંકર્ષણ ચરિત્ર છે. સંકર્ષણને સાધનોની જરુર છે, એવો અર્થ જણાય છે.

'કમ્' સુખ છે જેમનામાંથી (તે બાલક). અથવા 'બાલે બાલે' (જેમના) રુંવાડે રુંવાડે 'કઃ' બ્રહ્મા છે (તે બાલક). (યુદ્ધ કરવાની) જરુર હોય ત્યારે પણ, કરોડો બ્રહ્માંડો જેમના દેહમાં છે તેમની સાથે યુદ્ધ કરી શકાય નહિ. વળી 'લજ્જાને લીધે' (યુદ્ધ કરવા ઈચ્છતો નથી). (ભગવાન્ સાથે યુદ્ધ કરતાં) મરણ (થવા)થી મોક્ષ થશે એવા વિચારથી જો કે અવિવેકથી યુદ્ધ કરી શકાય, છતાં પણ લોકની લજ્જાને લીધે યુદ્ધ કરવું યોગ્ય નથી, કારણ કે (આ જરાસંધ) સ્વામી સાથે યુદ્ધ કરે છે એમ લોક હસે. તેથી ખાસ લજ્જાને લીધે પણ હું યુદ્ધ કરીશ નહિ.

જો બીજામાં આપ આપની શક્તિ મૂકશો તો પણ (તેની સાથે) હું યુદ્ધ કરીશ નહિ. એમ '(આપે) રક્ષણ કરેલાની સાથે (હું યુદ્ધ કરીશ નહિ)' શબ્દથી કહે છે. આપે રક્ષણ કરેલાને કોણ હણી શકે ? પરાજય થવાનો હોય તો, આપથી જ (મારું) મરણ થાય તે યોગ્ય છે, પરંતુ બીજાથી (થાય તે) યોગ્ય નથી, કારણ કે (બીજાથી મરણ થતાં) અપકીર્તિ પણ થાય. તેથી આપે રક્ષણ કરેલાની સાથે યુદ્ધ ન કરવું એ યોગ્ય જ છે. વળી (આપ) 'અમન્દ' છો. 'ન વિદ્યતે' નથી 'મા' માયા જેમાં તે 'અમઃ' એટલે મોક્ષ. 'અમં' મોક્ષ 'દદાતિ' આપે છે તે 'અમન્દઃ' મોક્ષ આપનાર. પૂજા કરવા યોગ્ય, મોક્ષ આપનાર સાથે કોઈ પણ યુદ્ધ કરવા ઈચ્છતું નથી. તેથી આપ મોક્ષ આપવા પધારો.

'હું (શ્રીકૃષ્ણ) યાદવ જ છું, મોક્ષ આપનાર નથી' એવી શંકા થાય, તેથી 'હે બંધુને હણનાર !' એવું સંબોધન કરેલું છે. જો આપ યાદવ હો, તો કંસ વિગેરે બંધુઓને શા માટે હણો ? તેથી આપ યાદવને હણનારા હોવાથી, મારા સ્વામી જ છો, પરંતુ યાદવ નથી, એવો અર્થ છે.

ઉપર ઉપરથી જે અવળો અર્થ જણાય છે, તે (ભગવાનની) નિંદા કરનારું વચન પ્રકરણથી વિરુદ્ધ હોવાથી અવગણના કરવા યોગ્ય જ છે. છતાં (આ) વચનો ભ્રમ કરાવનારાં છે. ૧૮.

એ પ્રમાણે ભગવાનને યુદ્ધ ન કરવા પ્રાર્થના કરી, તે (પ્રાર્થના)થી જ બલભદ્ર પણ (યુદ્ધ કરતાં) અટકશે એમ (માની), નીચેના શ્લોકમાં તેમને યુદ્ધ (કરવા) માટે પડકારે છેઃ

**ત્વં તુ રામ યદિ શ્રદ્ધા યુધ્યસ્વ ધૈર્યમુદ્વહ ।।**
**હિત્વા વા મચ્છરૈશ્છન્નં દેહં સ્વર્યાહિ માં જહિ ।।૧૯।।**

હે રામ ! તું તો જો શ્રદ્ધા હોય તો યુદ્ધ કર. ધૈર્ય રાખ, અથવા મારા બાણોથી ઢંકાએલા દેહને તજી સ્વર્ગમાં જા, (અથવા) મને હણ. ૧૯.

'તુ' 'તો' શબ્દ પહેલાં (ગયા શ્લોકમાં) જે અર્થ પ્રાપ્ત થયો તે અહિં લાગુ

પડતો નથી એમ જણાવવા યોજેલો છે. જો તેમ ન હોય (ગયા શ્લોકવાળો અર્થ અહિં બલભદ્રને પણ લાગુ પડતો હોય) તો (શ્રીકૃષ્ણ અને બલભદ્ર બંનેનું) વય અને બંધુઓને હણવાનું (કાર્ય) સરખાં હોવાથી, બલભદ્રને (યુદ્ધ માટે) કેમ ગ્રહણ કરે ? તેથી તે (જરાસંધ)ને યાદવો જ હણવા યોગ્ય હોવાથી (અને બલભદ્ર જેવા) સત્ત્વના ઢાંકણવાળાને અને ખાસ કરીને આવેશવાળાને દેહ હોવાથી, (બલભદ્રને) યાદવપણું પ્રાપ્ત થએલું હોવાથી, વસુદેવનું વેર તેના પુત્ર ઉપર વાળવું જોઈએ તેથી, વસુદેવ સાથેના યુદ્ધનો નિયમ (બલભદ્રને) લાગુ પડે છે. તેમાં પણ 'જો શ્રદ્ધા હોય (તો યુદ્ધ કર)' એમ કહે છે; કારણ કે આ (બલભદ્ર) વસુદેવને સ્થાને હોવાથી શત્રુ થાય છે. તે પ્રમાણે હોવાથી, જો પિતા (વસુદેવ)માં શ્રદ્ધા હોય, અથવા ક્ષત્રિય તરીકે યુદ્ધમાં (શ્રદ્ધા હોય), તો યુદ્ધ કર. જો કે આપણા બે(જરાસંધ અને બલભદ્ર)નું બલ સરખું છે, છતાં પણ (મારી જરાસંધની) સેના મોટી છે, તેથી તે જોઈને કદાચ (બલભદ્ર) ભય પામે, તેથી 'ધૈર્ય રાખ' એમ કહે છે, કારણ કે ભગવાન્ સિવાયનામાં બીજા (ભગવાનમાં ન હોય તેવા ભય વિગેરે) ગુણો હોય છે. (દેહની) અંદરનું બલ છે, તેથી ધૈર્ય છે જ, (પણ) બહાર પણ ધૈર્ય પ્રાપ્ત કર એમ ('ઉદ્વહ'માંના) 'ઉદ્' (ઉપસર્ગ)થી કહે છે.

પછી (યુદ્ધથી) જે થશે તે નિશ્ચય (નિર્ણય કર્યા) વિના ઉત્તરાર્ધથી કહે છે. એક વિષય(જીતીશ કે હારીશ તે)નો નિશ્ચય થએલો હોય તો યુદ્ધ માટે પ્રવૃત્તિ જ થાય નહિ, તેથી (કહે છે કે) (૧) મારાં બાણોથી ઢંકાએલ[1] દેહને તજી 'ધૈર્યમુત્' ધૈર્યથી ઉત્પન્ન થતો સ્વર્ગરૂપ આનંદ 'વહ' પ્રાપ્ત કર (એટલે) સ્વર્ગમાં જા, અથવા (૨) મારાં બાણોથી ઢંકાએલ[1] દેહને તજીને એટલે-વિશેષણવાળા પદાર્થ (નામ)ના સંબંધમાં જે કરવાનું અથવા ન કરવાનું કહેલ હોય તે તે(નામ)ને લાગુ પડતાં ન હોય ત્યારે વિશેષણને લાગુ પડે છે એ નિયમ પ્રમાણે-(મારાં) બાણોનું ઢાંકણ દૂર કરી મને હણ. આથી એમ સૂચવેલું છે કે પહેલાં હું (જરાસંધ) જ પ્રહાર કરીશ. ૧૯.

એ પ્રમાણે બલભદ્ર પ્રતિ (જરાસંધે) પોતાની જે બહાદુરી દર્શાવી, તે અયોગ્ય (છે એમ) માનીને, નીચેના શ્લોકમાં ભગવાન્ (તેના કહેવા પ્રમાણે કરવાની) ના પાડે છેઃ

શ્રીભગવાન્ કહે છેઃ

૧-૧. અહિં 'ચ્છિન્નં' શબ્દ હતો તે 'છન્નં' જોઈએ એમ પહેલે સ્થલે મી. તેલીવાળાએ શુદ્ધિ આપેલી છે, બીજે સ્થલે આપી નથી. છતાં ત્યાં પણ 'છન્નમ્' જ જોઈએ એમ જણાય છે, કારણ કે તેનો આગળ અર્થ કરતાં શ્રીસુબોધિનીમાં 'શરચ્છાદનં દૂરીકૃત્ય' એમ લખેલું છે, તેથી શ્લોકમાં પણ આચાર્યશ્રીને 'મચ્છરૈશ્છન્નં' પાઠ જ ઈષ્ટ છે એમ જણાય છે.

**ન વૈ શૂરા વિકત્થન્તે દર્શયન્ત્યેવ પૌરુષમ્ ।।**
**ન ગૃહ્ણીમો વચો રાજન્નાતુરસ્ય મુમૂર્ષતઃ ।।૨૦।।**

શૂરવીરો બડાઈ મારતા નથી જ, પુરુષાતન જ દેખાડે છે. હે રાજન્ ! મરવા ઈચ્છતા રોગીનું (તારું) કહેવું અમે કબૂલ રાખતા નથી. ૨૦.

જેઓ શૂરવીર છે તેઓ પોતાની કીર્તિ ગાતા નથી, પરંતુ પુરુષાતન જ દેખાડે છે. 'આપની સાથે હું યુદ્ધ કરવા ઈચ્છતો નથી' એમ પણ જે તેં કહ્યું તે તારું વાક્ય અમે કબૂલ રાખતા નથી. આથી એમ કહેલું છે કે તેનું વચન મિથ્યા છે, કારણ કે જે ઈશ્વરને મંજુર નથી તે સત્ય હોતું નથી; કારણ કે (૧) (મારું) મરણ થશે અથવા (૨) (મને) મોક્ષ (મેળવવા)માં વિઘ્ન થશે, એવા બે ભયથી તેણે (જરાસંધે) (ભગવાન્ સામેનું) યુદ્ધ તજેલું, તે બંને (ભગવાને) કરવાનાં નથી, કારણ કે હમણાં (ભગવાન્ તેને) હણવાના નથી, અને મોક્ષ આપવાના છે. તેથી જ ભગવાને સર્વસ્વનું દાન કરાવી (પછી તેને) મોક્ષ આપ્યો. તેથી '(તારું) કહેવું અમે કબૂલ રાખતા નથી' એમ (ભગવાને) કહ્યું તે યોગ્ય જ છે.

વળી હે રાજન્ ! શૂરવીર ક્ષત્રિય રાજાઓની યુદ્ધમાં જ મુક્તિ થાય છે, કારણ કે 'સૂર્યના મંડલને ભેદનારા લોકમાં આ બે પુરુષો જ છે (૧) યોગમાં રચ્યો પચ્યો સંન્યાસી અને (૨) સામા મોઢે સંગ્રામમાં હણાએલો' એવો બ્રાહ્મણ અને ક્ષત્રિયના મોક્ષનો પ્રકાર વર્ણવેલો છે. વળી 'જેનાં બ્રહ્મ અને ક્ષત્ર બંને ખોરાક થાય છે' એ શ્રુતિમાં તે બેના જ મોક્ષનો ઉપદેશ કરેલો છે. તેથી મેં રક્ષણ કરેલાની સાથે પણ તારે યુદ્ધ કરવું જોઈએ. હું તો તારી સાથે યુદ્ધ નહિ કરું, બલભદ્ર જ (તારી સાથે યુદ્ધ) કરશે, પરંતુ (તારા) સૈન્યને (મારે) હણવું જોઈએ, એવો ભાવ છે. ભવિષ્યમાં કાર્ય સધાય તે માટે (ભગવાને જરાસંધને) આ ઉપદેશ કરેલો છે. તેમ કર્યું ન હોત, તો ભીમ સાથે પણ તે યુદ્ધ ન કરત.

વળી રોગીનું કહેવું કબૂલ કરવું ન જોઈએ, કારણ કે તે પોતાને હાનિકારક (ખોરાક) જ માગે છે. 'માગેલું દેવું જોઈએ' એ મતને આથી ખોટો પાડેલ છે. વળી 'મુમૂર્ષતઃ' મરવાની ઈચ્છા કરનારનું-(વર્તમાન) કૃદંત હોવાથી તેનું છઠ્ઠી(ના એકવચન)નું રૂપ છે-(કહેવું કબૂલ કરવું ન જોઈએ), કારણ કે તે મોક્ષને ગૂમાવી ફોકટનું મરણ ઈચ્છે છે. તેવું (વચન) કબૂલ કરવું જોઈએ નહિ. ૨૦.

એ પ્રમાણે ઉપદેશ કરેલો, યુદ્ધ પોતાનું હિત કરનાર માનતો (જરાસંધ) સામગ્રી સહિત યુદ્ધ (કરવા) માટે આવ્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

શ્રીશુક કહે છેઃ

**જરાસુતસ્તાવભિસૃત્ય માધવૌ મહાબલૌઘેન બલીયસાવૃણોત્ ।।**
**સસૈન્યયાનધ્વજવાજિસારથી સૂર્યાનલૌ વાયુરિવાભ્રરેણુભિઃ ।।૨૧।।**

જરાના પુત્રે તે બે માધવ ઉપર હુમલો કરી, જેમ વાયુ વાદળાં અને ધૂળથી સૂર્ય અને અગ્નિને ઘેરી લે તેમ તેમને બલવાન મોટાં સૈન્યના સમુહથી, સેના, રથ, ધજા, અશ્વો તથા સારથિ સહિત ઘેરી લીધા. ૨૧.

આ (જરાસંધ) માતાનો પુત્ર હતો. તેમાં પણ તે (માતા) જરા હતી, જે બધાઓને કદ્રૂપા કરે છે તે એને કેમ મૂકી દેશે ? એવો (અર્થ છે). તેમાં પણ તે રાક્ષસી હતી. તેથી (જરાનો પુત્ર હોવાથી) આને દુષ્ટ બુદ્ધિવાળો જણાવેલો છે. તેમ (દુષ્ટ બુદ્ધિવાળો) ન હોય, તો તેમનો (ભગવાનનો) ઉપદેશ ગ્રહણ કરી[૧], (પોતાનાં) મરણનો નિશ્ચય કરી, તેમની જ સાથે યુદ્ધ શા માટે કરત ?

તે બે શ્રીકૃષ્ણ અને બલભદ્રના ઉપર હુમલો કરી, સર્વ તરફથી તેમને વીંટી લઈ, મોટા સૈન્યના સમૂહથી (તેમને) ઘેરી લીધા. 'માધવ' એટલે મધુવંશમાં ઉત્પન્ન થએલા; અથવા ભગવાન્, અથવા ધન આપનારા[૨], અથવા માતા પિતાને[૩] પોતાનું બલ દેખાડવાનું છે તેથી (માધવ કહેલા છે). 'હું જય પ્રાપ્ત કરીશ' એવી બુદ્ધિથી (જરાસંધે આ યુદ્ધની) પ્રવૃત્તિ કરી હતી એમ જણાવવા, 'બલવાન મોટા સૈન્યના સમૂહથી' શબ્દોથી (તેનું) મોટું સાધન કહેલું છે. (૧) મોટાપણું સ્વરૂપથી હતું, (૨) તેવા (સ્વરૂપથી મોટા) પણ ઘણા હતા, (૩) 'ઓઘઃ' 'સમૂહ' એટલે અંદરના બલવાળું સૈન્ય[૪]. એ પ્રમાણે ત્રણ ગુણો હોવાથી તેણે (ભગવાન્ અને બલભદ્રને) ઘેરી લીધા. 'સેના, રથ, ધજા, અશ્વો તથા સારથિ સહિત' શબ્દથી એમ કહેલું છે કે બધાએ ભગવાનના સેવકોને પોતાના હિત માટે તેણે પકડી લીધા[૫]. સેના સહિત, રથ સહિત અને તેના ઉપરની ધજા, અશ્વો અને સારથિ સહિત તે બેને (ઘેરી લીધા). આથી એમ કહેવાયું કે (જરાસંધના સૈનિકો) કેટલાક (ભગવાનની) સેનાને વળગ્યા, કેટલાક રથને, કેટલાક બે ધજાઓને, કેટલાક અશ્વોને અને (કેટલાક) બે સારથિઓને

૧. ભગવાને આપેલો ઉપદેશ ગ્રહણ કરી, પોતાનું મરણ થશે એવો નિશ્ચય કરી, ઉપદેશ આપનાર ભગવાન્ સાથે યુદ્ધ કરવા મંડ્યો.

૨. 'મા' એટલે, લક્ષ્મીના 'ધવઃ' પતિ તે 'માધવ'. લક્ષ્મીના પતિ હોવાથી ધન આપનારા, એવો ભાવ છે. (લે)

૩. 'માતા' શબ્દનો એક ભાગ 'મા' અને 'ધવઃ' તેના પતિ એટલે પિતા. 'માધવ' એટલે માતાપિતા, એવો અર્થ છે. (લે)

૪. 'મહત્+બલ+ઓજસ્' એ ત્રણે શબ્દોના અર્થ અનુક્રમે કહેલા છે.

૫. ભગવાનની બધી સેનાને પોતાને સ્વાધીન કરી, એવો અર્થ છે. (લે)

(વળગ્યા). આ બે (શ્રીકૃષ્ણ અને બલભદ્ર)ને (વળગીને) રોકવાનું અસંભવિત હતું[૬] એમ જણાવવા '(જેમ વાયુ, વાદળાં અને ધૂળથી) સૂર્ય અને અગ્નિને (ઘેરી લે)' એવું દૃષ્ટાંત કહેલું છે, કારણ કે ઢાંકણ સૂર્યનો અથવા અગ્નિનો સ્પર્શ કરતું નથી, પરંતુ જે (સૂર્ય અથવા અગ્નિને) જોનારા હોય તેમના ચક્ષુઓને જ આડે આવે છે. જરાસંધ (દૃષ્ટાંતમાં) વાયુને ઠેકાણે છે, વાદળાં સૂર્યને ઢાંકનારા છે, ધૂળ અગ્નિને ઢાંકનારી છે. ૨૧.

તેથી સ્વરૂપમાં (આવરણનું) ફલ[૧] યોગ્ય નહિ હોવાથી, દૃષ્ટિમાં તે (ફલ) થયું એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સુવર્ણતાલધ્વજચિહ્નિતૌ રથાવલક્ષયન્ત્યો હરિરામયોર્મૃધે ।।**
**સ્ત્રિયઃ પુરાટ્ટાલકહર્મ્યગોપુરં સમાશ્રિતાઃ સંમુમુહુઃ શુચાર્પિતાઃ ।।૨૨।।**

શહેરના ઝરુખા, મહેલો અને દરવાજા ઉપર ચઢેલી સ્ત્રીઓ યુદ્ધમાં હરિ અને રામના ગરુડ અને તાડવાળી ધજાના ચિહ્નવાળા રથો ન જોતાં મૂર્છા પામી અને શોકાતુર થઈ. ૨૨.

ગરુડની ધજાવાળો ભગવાનનો રથ હતો. તાડની ધજાવાળો બલભદ્રનો રથ હતો. (તે બંને) સૈન્યના વચ્ચમાં આવી ગયા એટલે ધૂળથી તથા શત્રુઓની ધજાઓ વિગેરેથી ઢંકાઈ જતાં (સ્ત્રીઓ તેમને) 'અલક્ષયન્ત્યઃ' નહિ જોનારી થઈ (જોઈ શકી નહિ). એક (હરિ) દુઃખ હરનારા, અને બીજા (રામ) રમણ કરાવનારા[૨] એટલે સુખ આપનારા. (એ) બંનેની ઘણી જરુર હોવાથી તેમનાં દર્શન ન થતાં દુઃખ થાય તે યોગ્ય જ છે; અને[૩] મુખ્યપણાથી ત્યાં સ્ત્રીઓ દર્શન કરવા આવેલી હોવાથી, તેઓ યુદ્ધનાં જ્ઞાન વિનાની હોવાથી (ભગવાન્ શૃંગાર સિવાય) બીજા રસનું ગ્રહણ કરશે તો પોતે (પોતાના સ્ત્રી દેહ) નકામી થઈ જશે એમ સૂચવતી શોકાતુર થઈ એમ

૬. સેના, રથ, અશ્વો, ધજા, સારથિ વિગેરેને જરાસંધના સૈનિકો વળગ્યા, પરંતુ શ્રીકૃષ્ણ અથવા બલભદ્રનો તેઓ સ્પર્શ કરી શકે એ અસંભવિત હતું, એમ દૃષ્ટાંતથી જણાવેલું છે. સૂર્ય અથવા અગ્નિનો સ્પર્શ કરનાર દાઝીને મરણ પામે.

૧. જરાસંધે ઈચ્છેલું વિપરીત ફલ ભગવાનના સ્વરૂપમાં અયોગ્ય હોવાથી, સર્વની દૃષ્ટિમાં તે ફલ થયું, એમ કહેલું છે. સ્ત્રીઓને દર્શન ન થતાં શોક પણ થયો. ભગવાનને તો કાંઈ પણ હાનિ થઈ નહિ, એવો અર્થ છે. (લે) ગયા શ્લોકમાં દૃષ્ટાંતથી જણાવ્યા પ્રમાણે ભગવાનના સ્વરૂપમાં આવરણનું ફલ થઈ શક્યું નહિ, એમ જ અર્થ લેવો ઠીક જણાય છે.

૨. 'રમણ કરાવનારા' એટલે 'જે પ્રકારે ભગવાનનું રમણ થાય તે જ પ્રકારે (સામગ્રી) પ્રાપ્ત કરાવનારા', એવો અર્થ છે. (લે)

૩. (આથી એમ કહ્યું છે કે) બધા રથોને જોઈ શક્યા નહિ તે પૈકી સ્ત્રીઓ શોકાતુર પણ થઈ. એવો અર્થ છે.

ઉત્તરાર્ધથી કહે છે. શહેરના ઝરુખા ઘણા ઉંચા હોય છે. 'હર્મ્યાણિ' એટલે રાજાના મહેલો, અને શહેરના દરવાજા ઘણા ઉંચા હોય છે. તેના ઉપર ચઢીને પણ (શ્રીકૃષ્ણ અને બલભદ્રના રથો) નહિ જોતાં (સ્ત્રીઓને) સારી રીતે મોહ થયો એટલે તેઓ મૂર્ચ્છા પામી. પછી જાગરણ થતાં (મૂર્ચ્છા વળતાં) શોકાતુર થઈ. શ્રીકૃષ્ણ ભગવાને સ્ત્રીઓને માટે જ અવતાર લીધેલો હોવાથી, તેમણે તેમને (સ્ત્રીઓને) પીડા કરનાર હોવાથી જ (જરાસંધના) સૈન્યને હણ્યું, પરંતુ બીજા પ્રકારે (બીજા કારણથી) (હણ્યું) ન હતું એમ (ભગવાનના) સ્વરૂપનો વિચાર સિદ્ધ થાય તે માટે કહેલું છે. તેમ ન હોય તો, સંકર્ષણના કાર્યમાં ભગવાને પ્રવેશ કર્યો, એમ થાય (ગણાય). વળી તે અગીઆરમા (સ્કંધ)માં ફરીથી કહેલું નથી. ૨૨.

તેથી સ્ત્રીઓનું દુઃખ દૂર કરવા માટે ભગવાને (જરાસંધના) સૈન્યને હણ્યું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**હરિઃ પરાનીકપયોમુચાં મુહુઃ શિલીમુખાત્યુલ્બણવર્ષપીડિતમ્ ।।**
**સ્વસૈન્યમાલોક્ય સુરાસુરાર્ચિતં વ્યસ્ફૂર્જયચ્છાર્ઙ્ગશરાસનોત્તમમ્ ।।૨૩।।**

શત્રુના સૈન્યરૂપી વાદળાંઓના બાણરૂપી ઘણા ભારે વરસાદથી પોતાના સૈન્યને વારંવાર પીડાએલું જોઈને હરિએ દેવો તથા અસુરોએ પૂજેલા (પોતાના) ધનુષ્યોમાં ઉત્તમ શાર્ંગ(ધનુષ્ય)નો ટંકાર કર્યો. ૨૩.

કારણ કે ભગવાન્ સૂર્યના સ્થાને (સૂર્યના જેવા) છે, (અને) તે (જરાસંધ)ના સૈનિકો વાદળાંના સ્થાને હતા, તેથી તેઓનો નાશ (હરિના) પ્રયાસ વિના જ થશે એમ જણાવવા તેઓની (બનેલી) સેનાને 'શત્રુના સૈન્યરૂપી વાદળાંઓ' એવું દષ્ટાંત આપેલું છે. શત્રુનું સૈન્ય એ જ 'પયોમુચઃ' વાદળાંઓ. તેઓનાં બાણો એ જ ભારે વરસાદ. તે(વરસાદ)થી પીડાએલું પોતાનું સૈન્ય (હરિએ જોયું). આથી ઉપહાસ (થાય તે) માટે એમ જણાવેલું છે કે 'મોટા શૂરવીર (હોવા) છતાં, હણાતા નહિ હોવા છતાં, જ્યારે વરસાદ આવે ત્યારે બધાએ ભય પામીને ભાગે છે; જો કે વરસાદ કોઈને હણતો નથી, અથવા (વરસાદથી) કોઈ પણ મરણ પામતા નથી, છતાં પણ રાજાનો પણ ત્યાગ કરીને મોટા શૂરવીરો પણ ભાગે છે તેવું અહિં થયું.' સ્ત્રીઓ ઉપર (ભગવાનની) કૃપા છે, અને (તેઓને) તેઓ (સૈનિકો) વિષે હાસ્યરસ ઉત્પન્ન થયો એવો ભાવ છે.

(ભગવાને પોતાનાં સૈન્યને તેવી સ્થિતિમાં જોયું) તેથી (પોતાનાં અને શત્રુનાં) બંને (સૈન્ય)નું પણ હિત કરવાની ઈચ્છાથી પોતાનાં શાર્ંગનું ગ્રહણ કર્યું એમ 'દેવો તથા અસુરોએ પૂજેલા' શબ્દથી કહે છે. (૧) દેવોને હિત અને (૨) અસુરોને મોક્ષ (એ) બે (શાર્ંગ) આપશે એમ જાણીને (ભગવાને) શાર્ંગને ધારણ કર્યું, અને

તેનો ઉત્તમ રીતે ટંકાર કર્યો. 'જેની પણછનો ટંકાર સાંભળીને દેવોનાં ચિત્ત તરત જ ભયથી મુક્ત થાય છે' વાક્ય પ્રમાણે શાર્ંગની પણછનો ટંકાર દેવોનાં ચિત્તમાંથી ભય દૂર કરનારો છે. તેથી પ્રથમ (પોતાનાં સૈન્યનો) સંદેહ દૂર કરવા (ટંકાર કરી તેને) આશ્વાસન આપ્યું. શાર્ંગ જ ભગવાનના ધનુષ્યોમાં (સર્વથી) ઉત્તમ છે. આથી[1] તે વિજળી(રૂપ) બાણો વરસાવનારું છે, એવું તેનું બીજું માહાત્મ્ય કહેલું છે. એમ જણાવ્યું છે કે ભગવાનને ધનુષ્યો પણ અનેક છે[2]. 'શરાસન' 'ધનુષ્ય' શબ્દથી (તે શાર્ંગ) દેવતારૂપ નથી એમ કહેલું છે. તેમ ન હોય (શાર્ંગ દેવતારૂપ હોય), તો (તેનું) માહાત્મ્ય કહેત નહિ. ૨૩.

હવે ભગવાનની યુદ્ધ (કરવા)ની ચતુરાઈનું નીચેના શ્લોકમાં વર્ણન કરે છેઃ

**ગૃહ્ણન્નિષઙ્ગાદથ સંદધચ્છરાન્વિકૃષ્ય મુઞ્ચન્ શિતબાણપૂગાન્ ।।**
**નિઘ્નન્રથાન્કુઞ્જરવાજિપત્તીર્નિરન્તરં યદ્વદલાતચક્રમ્ ।।૨૪।।**

પછી જેમ અલાતચક્ર થાય છે તેમ ભાથામાંથી તીક્ષ્ણ અણીઓના સમૂહોવાળાં શરોને લેતાં, (ધનુષ્ય ઉપર) ચઢાવતાં, ખેંચીને મૂકતાં (હરિ) રથો, હાથીઓ, ઘોડાઓ અને પત્તિઓને નિરંતર સંપૂર્ણ રીતે હણતા (હતા). ૨૪.

ઘણા તેજસ્વી હોય તે પોતે જતા રહેવા છતાં પણ તેમની શક્તિ રહે છે, તે પ્રમાણે (અહિં ભગવાનની) ક્રિયાશક્તિને સર્વ સ્થલે રહેનારી[1] અને સદા રહેનારી[1] કહેલી છે. 'નિષઙ્ગાત્' ભાથામાંથી શરોને લેતાં, 'અથ' ત્યાર પછી તેમને (ધનુષ્ય ઉપર) ચઢાવવાની રીત પ્રમાણે (ભગવાને) ચઢાવ્યાં, પછી ખેંચીને મૂકતાં, પછી ભગવાન્ ચાર અંગોવાળી સેનાને હણતા હતા, એમ દરેક (ક્રિયા) સાથે ('અથ'નો) સંબંધ છે.

**સ્થાનાત્ પ્રચ્યાવનં પૂર્વં સાધને યોજનં તથા ।।**
**ફલાર્થં વિનિયોગશ્ચ ફલસિદ્ધિરિતિ ક્રમાત્ ।।૧૮।।**

(૧) પહેલાં સ્થાન (ભાથા)માંથી કાઢવું (૨) તેમજ સાધન (ધનુષ્યમાં યોજવું) અને (૩) ફલ (શત્રુના સૈન્યની હત્યા) માટે મૂકવું અને (૪) ફલનું પ્રાપ્ત થવું એવા ક્રમથી, ચાર પ્રકારની ભગવાનની ક્રિયા (વર્ણવેલી) છે. કા. ૧૮.

(શરો) મૂકવાના સમયે પણ (ભાથામાંથી) લેવાનું ચાલુ હોય તો ક્રિયા

૧. 'આથી' એટલે 'શાર્ંગને ધનુષ્યોમાં ઉત્તમ કહ્યું તેથી.' (લે)
૨. આ વાક્યથી 'શાર્ંગ' શબ્દનું તાત્પર્ય કહેલું છે. (લે)
૧-૧. ભગવાન્ શર ભાથામાંથી લેતાં જ ધનુષ્ય ઉપર ચઢાવતા હતા, ચઢાવતાં જ મૂકતા હતા, અને મૂકતાં જ શત્રુના સૈન્યને હણતા હતા, એમ બધી ક્રિયાઓ એક સાથે ચાલુ જ રહેતી એવા આશયથી તેમની ક્રિયાશક્તિને સર્વ સ્થલે રહેનારી અને સદા રહેનારી કહેલી છે. (લે)

અટક્યા વગરની (સદા રહેનારી) થાય, તેમ ન હોય તો (તેવી) ન થાય (ગણાય); તેથી 'નિરંતર' શબ્દ યોજેલો છે. 'જેમ કરવાથી અંતર (જરાએ વિલંબ) ન થાય તેમ', એ ચારે (ક્રિયાઓ)નું વિશેષણ છે. (જરા પણ વિલંબ વિના ચારે ક્રિયાઓ એક સાથે થયા કરે) તેવું બની શકે નહિ એમ માનીને 'જેમ અલાતચક્ર[2] થાય છે તેમ' એવું દષ્ટાંત કહે છે. આસપાસ ફરતું અલાતચક્ર સર્વ સ્થલે હોય તેવું ગોળ આકારવાળું દેખાય છે તેની પેઠે નિરંતર (ભગવાન્ આ ચારે ક્રિયાઓ કરતા હતા), એવો (વાક્યનો) સંબંધ છે. જો કે ભગવાનની ક્રિયાશક્તિમાં (કાંઈ) સંદેહ નથી, (અને શુક) પોતે પણ કહેશે[3], છતાં પણ લોકમાં જણાવતાં, 'આ સંભવતું નથી' એમ (કોઈને) ન થાય તે માટે દષ્ટાંત પણ કહેલું છે.

'નિષઙ્ગાત્' 'ભાથામાંથી' (શબ્દ) એકવચનમાં યોજેલ હોવાથી, ભાથાને અક્ષય (ખૂટે નહિ તેવું) કહેલું છે.

'અથ' 'પછી' શબ્દથી જૂદો આરંભ કરી, 'આ શરથી આટલા (સૈન્ય)ને હણીશ' એવો (ભગવાનનો શર મૂકતાં) પહેલાંનો સંકલ્પ જણાવેલો છે, અને તે જ સમયે (ભગવાન્ તેટલા સૈન્યને) હણતા; કારણ કે તેમ ન હોય તો ભગવાનની પ્રવૃત્તિ પણ કાકતાલીય[4] જેવી થાય અને તેથી (ભગવાનનું) પરાક્રમ થયું ન (ગણાય). 'અથ' 'પછી' શબ્દથી આટલું જણાવેલું છે.

'સંદધત્' એટલે સારી રીતે ધનુષ્ય ઉપર ચઢાવતાં. આયુધો (ભગવાને) લીધાં ન હતા એમ જણાવવા 'શરોને' શબ્દ યોજેલો છે. તેમ ન હોય (આયુધોનો ઉપયોગ કર્યો હોય તો આ સૈન્ય હણવું તે) દેવતાનું જ સામર્થ્ય થાય (ગણાય). 'શરાન્' 'શરોને' એ બહુવચન એમ સૂચવે છે કે એક સમયે પણ (ભગવાન્) ઘણા (શરો)ને ધનુષ્ય ઉપર ચઢાવતા.

'ખેંચીને મૂકતાં' શબ્દોથી એમ જણાવેલું છે કે અહિં ભગવાન્ મનુષ્યોની

---

૨. લાકડાને એક છેડે બળતું રાખી, બીજે છેડેથી દોરી બાંધી પોતાના ફરતું ઝડપથી ગોળ ગોળ ફેરવવામાં આવે તો બળતા છેડાને લીધે આખો ગોળ બળતું હોય તેવો દેખાય છે. આવો બળતું હોય તેવો ગોળ દેખાય તે અલાતચક્ર કહેવાય છે.

૩. 'વક્ષ્યતિ' એ 'વચ્' ધાતુના ભવિષ્યકાળના વર્તમાન કૃદંત 'વક્ષ્યત્'નું સાતમીનું એક વચનનું રૂપ છે. આ સતી સપ્તમી છે. (લે)

૪. 'કાગડો તાડ ઉપર બેસે ત્યારે તાડ પડી જાય' એ કાકતાલીય ન્યાય કહેવાય છે. કાગડો બેસવાથી તાડ પડે જ નહિ, પરંતુ અકસ્માતથી જ બંને સાથે થાય છે. ભગવાન્ એ પ્રમાણે સંકલ્પ વિના બાણ મૂકતા હોય તો કોઈ એવી શંકા કરે કે ભગવાનના બાણથી તે સૈન્ય હણાતું ન હતું પરંતુ બાણનું પડવું અને સેનાના અંગોનું હણાવું અકસ્માતને લીધે એક સાથે થતાં હતાં, એવો ભાવાર્થ છે.

ક્રિયા જ કરતા હતા, પરંતુ કાંઈ પણ અલૌકિક (ક્રિયા) જણાવતા ન હતા. 'શિતાઃ' એટલે તીક્ષ્ણ. તેવા (તીક્ષ્ણ) તે બાણો[૫]. તેઓનો 'પૂગઃ' સમૂહ જેઓમાં છે તેવા (શરો ભગવાન્ મૂકતા). એક બાણને ભગવાનની ક્રિયાનો સંબંધ થયો એટલે ભગવાને તેને મૂક્યું, ત્યારે તેનું આટલાપણું (હદ) જતું રહેતાં તે (બાણ) જ હજારો રૂપવાળું થતું. એટલે બાણ અનંત થતાં તેણે તજાવેલાં શરીરો[૬] પણ અનંત થાય, તેથી તે પ્રમાણે કહેલું છે. તેમ ન હોય તો પુનરુક્તિ[૭] દોષ થાય, કારણ કે જેમને (ધનુષ્ય ઉપર) ચડાવેલાં હોય તે જ મૂકાય એ પ્રસિદ્ધ છે.

'સંપૂર્ણ રીતે હણતા' એટલે એક વારના પ્રહારથી જ (તેઓના) પ્રાણ જતા રહેતા, અને શરીરના સેંકડો કટકા દેખાતા. બધીએ ચાર અંગોવાળી સેનાને (હરિએ) હણી એમ જણાવવા 'રથો, હાથીઓ, ઘોડાઓ (અને) પત્તિઓ એટલે પાયદળ' એવી ગણના કરે છે. 'પત્તીઃ' એ નારીજાતિમાં યોજેલ[૮] શબ્દ એમ સૂચવે છે કે એક બાણ એક પત્તિને[૮] અથવા અનેક પત્તિઓને હણતું હતું; કારણ કે 'જેમાં એક હાથી, એક રથ, (ત્રણ) ઘોડાઓ (ઘોડેસવારો) અને પાંચ પગે ચાલનારા સૈનિકો હોય તે પત્તિ કહેવાય છે' અથવા 'પત્તીન્' એવો પાઠ લેવો. ૨૪.

શૂરવીરોનો પ્રાણ તજાવવાથી જ (ભગવાનની) શક્તિ સિદ્ધ થતી નથી, કારણ કે મર્મસ્થાનમાં (બાણનો) સ્પર્શ થતાં નજીવા પ્રહારથી પણ પ્રાણ જાય એ સંભવે છે. તેથી ભગવાનની ક્રિયાશક્તિ જણાવવા માટે નીચેના શ્લોકમાં (ભગવાને)

---

૫. શરને છેડે લોઢાની તીક્ષ્ણ અણીઓ હોય તેને અહિં 'બાણ' કહેલાં છે. બૃહદારણ્યકમાં પણ તેવા અર્થમાં 'બાણ' શબ્દ યોજાએલો છે. (લે)

૬. 'શરીરાણામપિ' પાઠ લઈ આ અર્થ કરેલ છે. લેખકાર 'શરાણામપિ' પાઠ લે છે અને 'બાણની સાથે મૂકેલાં શરો પણ અનંત થતાં' એવો અર્થ કરે છે. કાર્ય સાધનાર બાણ (અણીઓ) જ હોવાથી તે મુખ્ય છે અને 'શર' તો તેમની સાથે માત્ર જનારાં જ છે, એમ કહે છે. પહેલો પાઠ જ શોધેલ છે અને સારો પણ જણાય છે.

૭. ધનુષ્ય ઉપર ચડાવેલાં બાણો જ મૂકાય એ સિદ્ધ છે. તેથી બાણ મૂકાતું કે હજારો રૂપવાળું થતું એવો વધારે અર્થ સૂચવવા અહિં 'શિતવાણપૂગાન્' શબ્દ કહેલો છે. તેમ ન હોય તો પહેલાં 'શરાન્' શબ્દ આવી ગએલ હોવાથી, આ શબ્દથી પુનરુક્તિ એટલે તેનો તે અર્થ ફરી કહેવારૂપ દોષ થાય, પરંતુ ઉપર જણાવ્યા પ્રમાણે વધારે અર્થ સૂચવવા આ શબ્દ યોજેલ હોવાથી તે દોષ થતો નથી. (લે)

૮-૮. 'પત્તિ' નરજાતિનો અર્થ પગે ચાલનાર સૈનિક થાય છે, અને નારીજાતિનો શબ્દ લઈએ તો જેમાં એક હાથી, એક રથ, ત્રણ ઘોડેસવાર અને પાંચ પગે ચાલનાર સૈનિકો હોય તેવો સેનાનો એક ભાગ, એવો અર્થ થાય છે. નારીજાતિમાં લઈ અર્થ કર્યો, પણ એમ કરવાથી સેનાના ત્રણ અંગો ઉપર વર્ણવ્યા અને ચોથું રહી જાય, તેથી પાછો તે નરજાતિનો શબ્દ લેવો એમ કહેલું છે.

મૂકેલાં બાણોએ (કરેલાં) ભારે કાર્યનું વર્ણન કરે છેઃ

**નિર્ભિન્નકુમ્ભાઃ કરિણો નિપેતુરનીકશોઽશ્વાઃ શરવૃક્ણકન્ધરાઃ ।।**
**રથા હતાશ્વધ્વજસૂતનાયકાઃ પદાતયશ્છિન્નભુજોરુકન્ધરાઃ ।।૨૫।।**

ફાટી ગએલાં કુંભસ્થલવાળા હાથીઓ, શરથી કપાઈ ગએલી ગરદનવાળા ઘણા ઘોડાઓ, નાશ પામેલા ઘોડા, ધજા, સારથિ અને નાયકવાળા રથો, (અને) છેદાએલી ભુજાઓ અને જાડી ગરદનવાળા પગે ચાલનાર સૈનિકો પડ્યા. ૨૫.

'કરિણઃ' હાથીઓ સારી રીતે ફાટી ગએલાં એટલે કટકે કટકા થઈ ગએલાં (કુંભસ્થલવાળા થઈ પડ્યા). જો કે હાથીઓ જ ફાટી ગએલા કુંભસ્થલવાળા હોય, છતાં પણ સ્વતંત્ર છે 'કરઃ' સૂંઢ જેમની, તેવા સાઠ વર્ષની વયવાળા (હાથીઓ) માટે જ 'કરિણઃ' શબ્દ યોજાય છે. એક એક શરથી જ ઘોડાઓ 'અનીકશઃ' જથ્થાબંધ (ઘણા) કપાઈ ગયા. (તેઓની) ગરદન ઉપર કેશ હોય છે તેથી ત્યાં (ગરદન ઉપર) બાણની અસર થતી નહિ હોય એમ જણાય, તેથી 'ગરદન' શબ્દ યોજેલો છે. રથો તો નાશ પામેલા છે ઘોડાઓ, ધજાઓ, સારથિઓ અને નાયકો જેઓના, તેવા થયા; પરંતુ એકને હણવાથી બાકીનાં દૈવથી મરણ પામ્યા એમ ન હતું. તેથી રથના પણ કપાઈને કટકે કટકા થઈ ગયા એમ જાણવું. તેમ ન હોય તો 'પડ્યા' એ ક્રિયા સાથે (તેમનો) સંબંધ થાય નહિ. (અને) 'જાતાઃ' (નાશ પામેલા ઘોડા વિગેરેવાળા) 'થયા' એવી બીજી ક્રિયા કલ્પવી પડે છે. પગે ચાલનાર સૈનિકો પણ પડ્યા. આઘાતથી પણ પડી જાય, તેથી 'છેદાએલાં છે ભુજાઓ, સાથળો અને ગરદનો જેમની' એવું વિશેષણ કહેલું છે. અથવા ''(છેદાએલી છે ભુજાઓ અને) 'ઉરુ' જાડી ગરદન (જેમની)'' (એવો અર્થ કરવો), કારણ કે નાભિની નીચે બાણ મારવાની શાસ્ત્રમાં મના છે. આથી વાસ્તવિક રીતે શિરશ્છેદ કહ્યો. ૨૫.

એ પ્રમાણે ચાર અંગવાળી સેનાના નાશનું વર્ણન કરી, તે (હણેલી સેના) મોટી હતી એમ કહેવા, તે(ના નાશ)થી થએલી લોહીની નદીઓનું નીચેના અઢી શ્લોકમાં વર્ણન કરે છેઃ

**સંછિદ્યમાનદ્વિપદેભવાજિનામઙ્ગપ્રસૂતાઃ શતશોઽસૃગાપગાઃ ।।**
**ભુજાહયઃ પૂરુષશીર્ષકચ્છપા હતદ્વિપદ્વીપહયગ્રહાકુલાઃ ।।૨૬।।**
**કરોરુમીના નરકેશશૈવલા ધનુસ્તરઙ્ગાયુધગુલ્મસંકુલાઃ ।।**
**અચ્છૂરિકાવર્તભયાનકા મહામણિપ્રવેકાભરણાશ્મશર્કરાઃ ।।૨૭।।**
**પ્રવર્તિતા ભીરુભયાવહા મૃધે મનસ્વિનાં હર્ષકરીઃ પરસ્પરમ્ ।।**

કપાઈ જતા માણસો, હાથીઓ અને ઘોડાઓના અવયવોમાંથી ચાલતી ભુજાઓરૂપી સર્પોવાળી. પુરુષોનાં માથારૂપી કાચબાઓવાળી, હણાએલા

હાથીઓરૂપ બેટો ઉપર હણાએલા ઘોડારૂપી મઘરોથી ભરેલી, હાથરૂપી ઘણાં માછલાંઓવાળી, માણસોના કેશરૂપ લીલવાળી, ધનુષ્યરૂપી તરંગોવાળી અને આયુધરૂપી કાષ્ઠથી ભરપૂર, ચક્રરૂપી વમળોથી ભયાનક, મોટા ઉત્તમ મણિઓવાળા આભરણરૂપ પથ્થરની કણીઓવાળી, સેંકડો લોહીની નદીઓ બીકણોને ભય ઉત્પન્ન કરનારી અને પરસ્પર યુદ્ધમાં બહાદુરોને હર્ષ ઉત્પન્ન કરનારી વહેવા લાગી. ૨૭॥

(સેનાના) ચાર અંગો પૈકી ત્રણ જ લોહીવાળાં છે, (અને) એક કાષ્ઠનું છે. તેથી ત્રણ (અંગોને) વર્ણવે છે. 'દ્વિપદાઃ' માણસો, 'ઈભાઃ' હાથીઓ અને ઘોડાઓ, તેઓના કપાઈ ગએલા અવયવોથી ચાલતી સેંકડો લોહીની નદીઓ ઉત્પન્ન થઈ. આથી એમ સૂચવ્યું છે કે જે મરણ પામ્યા તે ભયરહિત હતા, (કારણ કે) તેમ ન હોય તો, ભયથી લોહી સૂકાઈ જ જાય (વહેતું ન રહે). વળી એમ પણ (સૂચવ્યું છે કે) જુદી જુદી જાતના (સેનાના અવયવો) પણ એક જ પ્રકારના થયા. 'અવયવોમાંથી' શબ્દ, તેઓ હણાયા ત્યારે દૈવે લોહીની વૃષ્ટિ કરી હશે એવા (વિચાર)ને ખોટો કરાવે છે. મરણ પછી પણ સંસ્કારને લીધે પણ (તેઓને) ભય થયો ન હતો એમ ('પ્રસૂતાઃ' શબ્દમાંના) 'પ્ર' શબ્દથી સૂચવેલું છે[1]. એક બીજા પ્રવાહો મળી જતા હોવાથી, પહેલાં અમુક નામ પામેલી (નદીઓ) પણ પાછળથી અનેક નામો પ્રાપ્ત કરે છે, તેથી ('શતશઃ' શબ્દમાં) 'શસ્' પ્રત્યય યોજેલો છે. 'અસૃગાપગાઃ' એટલે લોહીની નદીઓ.

'નદીઓ કેમ (કહો છો) ? કારણ કે માત્ર પ્રવાહ હોવાથી નદી થતી નથી. તેમ હોય તો ચોમાસામાં (આખું) જગત જ નદી થાય' એવી શંકા થાય, તેથી નદીના સરખી આકૃતિ સિદ્ધ થાય તે માટે 'ભુજાઓરૂપી સર્પોવાળી...' એમ વર્ણન કરે છે. (૧) ભુજાઓ જ 'અહયઃ' સર્પો છે જેમાં, (૨) પુરુષોનાં માથાંઓ જ કાચબાઓ છે જેમાં. આ સાત્ત્વિક છે. (૩) હણાએલા જે હાથીઓ તે જ બે પ્રવાહો પાણીના થાય છે જ્યાં, તેવા બેટો જેવા છે. તે બેટ ઉપર હણાએલા જે 'હયાઃ' ઘોડાઓ, તે જ 'ગ્રહાઃ' મઘરો છે, તેમનાથી ભરેલી. હાથીઓ જ નદીપણું જણાવનારા તામસ છે છતાં પણ ત્યાં પ્રવાહથી જનારા ઘોડાઓના અવયવોનો તેમના ઉપર ચઢાવ અને ઉતાર બેટો મોટા હતા એમ જણાવવા જ કહેલા છે, કારણ કે આ નદીના ગુણો આકસ્મિક છે, પરંતુ કુદરતી નથી.

'હાથરૂપી ઘણાં માછલાંઓવાળી...' વિગેરેથી (નદીના) સાધારણ (ગુણો)નું વર્ણન કરે છે. (૪) હાથો જ 'ઉરુ' મોટાં માછલાંઓ છે જેમાં, અથવા

---

૧. શૂરવીરોના મરણ પછી પણ તેમનો સંસ્કાર રહે છે, અને તે સંસ્કારને લીધે તેઓનું ધડ પણ યુદ્ધ કરે છે. તે સમયે પણ તેઓને ભય હોતો નથી, એવો અર્થ છે. (લે)

હાથો અને સાથળો માછલાંઓ (છે જેમાં) (એવો અર્થ કરવો. આ અર્થ પ્રમાણે) વચ્ચેથી (શરીર) કપાતાં, બાકીના ભાગને 'ઊરુ' 'સાથળ' કહેલ છે[2] એમ જાણવું; અથવા 'ઉરુ' 'ઘણાં' શબ્દ જ (લેવો). (૫) માણસોના કેશો જ 'શૈવાલાનિ' લીલ છે જેમાં. (૬) ધનુષ્યો જ તરંગો (છે જેમાં). માછલાંઓ સાત્ત્વિક છે, તરંગો તામસ છે એ પ્રમાણે ત્રણ[3] થયા; અથવા પહેલાંનાની સાથે માણસોના કેશ સુધીના[4] ત્રણ થયા. ભાથો વિગેરે આયુધો જ કાષ્ઠો છે, તેમનાથી ભરપૂર; તેથી જ[5] ધનુષ્યરૂપી તરંગોવાળી અને આયુધોરૂપી કાષ્ઠથી ભરપૂર એવો કર્મધારય સમાસ લેવો.

(૭) ચક્રો જ વમળો છે, તેમનાથી ભયાનક. 'અચ્છૂરિકાઃ' એટલે ચક્રો અથવા ઢાલો. આથી નદી ઘણી ઉંડી હતી એમ દર્શાવેલું છે. (૮) 'મહામણિપ્રવેકાઃ' એટલે મોટા ઉત્તમ મણિઓ, તેમનાથી જડેલાં આભરણો જ રેતી છે જેમની.

'કદાચ જૂની નદીએ ઠેકાણે પડેલું લોહી (નદીના) જલ સાથે (ભળી) તેવું થયું હશે' એવી શંકા 'પ્રવર્તિતા' 'વહેવા લાગી' ક્રિયાપદ દૂર કરે છે. (આ નદીઓ) નવી વહેવા લાગી.

'બીકણોને ભય ઉત્પન્ન કરનારી....' વિગેરેથી પહેલાં (કહેલા ગુણો)થી જૂદા (ગુણ) કહે છે. બીકણોને જ ભય ઉત્પન્ન કરનારી હતી, બહાદુરોને તો હર્ષ ઉત્પન્ન કરનારી હતી, (અને) બીજાઓને તો જેવી વર્ણવી તેવી સાધારણ (નદી) હતી. 'પરસ્પર' એટલે ન્યાયી યુદ્ધમાં. અન્યાયવાળા યુદ્ધમાં તો જેઓ જીતતા હોય તેઓને ઘણા ભાગે હર્ષ થાય છે, તેથી આમાં કાંઈ આશ્ચર્ય નથી. ૨૭॥

એ પ્રમાણે ભગવાને કરેલા યુદ્ધનું પરિણામ સહિત વર્ણન કરી, નીચેના અર્ધ શ્લોકથી બલભદ્રે કરેલ યુદ્ધનું વર્ણન કરે છેઃ

**વિનિધ્નતારીન્ મુસલેન દુર્મદાન્સંકર્ષણેનાપરિમેયતેજસા ॥૨૮॥**

મુસલથી મદાંધ શત્રુઓને હણતા ન માપી શકાય તેવા તેજવાળા સંકર્ષણ સાથે (ભગવાને એ પ્રમાણે સૈન્ય હણ્યું). ૨૮.

શત્રુઓને હરકોઈ રીતે હણવા જોઈએ. ભગવાનને તો શત્રુઓ છે જ નહિ,

---

૨. નાભિ નીચે બાણ મારવું યોગ્ય નથી એમ કહેલું છે, તેથી માત્ર સાથળ જ જૂદું પડે એવું સંભવતું નથી, તેથી આવો અર્થ કરેલ છે. (લે)

૩. સાત્ત્વિક અને તામસ જણાવ્યા. લીલ રાજસ ગણતાં ત્રણ થયા, એવો અર્થ છે.

૪. સાથળો સાથે ત્રણ થયા. એ પ્રમાણે માણસોના કેશ સુધીના (હાથ, સાથળ, કેશ) ત્રણ થયા. એવો અર્થ છે. (લે)

૫. 'તેથી જ' એટલે ધનુષ્યરૂપી તરંગને તામસમાં ન ગણવાથી જ 'ધનુસ્તરંગાશ્ચ તાશ્ચ આયુધગુલ્મસંકુલાશ્ચ' એમ આખાનો કર્મધારય સમાસ કરેલો છે, એવો અર્થ છે. (લે)

તેથી બલભદ્રના સંબંધમાં જ તેમ કહેલું છે. હલથી ખેંચીને મુસલથી હણતા સંકર્ષણની સાથે ભગવાન્ 'ભાથામાંથી (શરોને) લેતાં' વિગેરે કરતા હતા એમ પહેલા (૨૪મા શ્લોક) સાથે જ સંબંધ છે. અથવા શત્રુઓને હણતા સંકર્ષણને લીધે નદીઓ વહેવા લાગી, એવો (વાક્યનો સંબંધ લેવો). 'મદાંધ' વિશેષણથી હણવાનું કારણ કહેલું છે. અહંકાર કરવારૂપ દુષ્ટ મદ છે જેમનો (તેવા તેઓ હતા). 'સંકર્ષણ' શબ્દથી જ તેઓનું (પોતાની પાસે) ખેંચીને આણવું જણાવેલું છે. (તેવી સંકર્ષણમાં) શક્તિ હોવાનું કારણ 'ન માપી શકાય તેવા તેજવાળા' વિશેષણથી કહેલું છે. અંદર બલ છે જ, બહાર 'આટલું' એમ કોઈથી પણ માપી ન શકાય તેવું તેજ પણ (છે). ૨૮.

એ પ્રમાણે વર્ણવેલાં યુદ્ધનો નીચેના શ્લોકમાં ઉપસંહાર કરે છે. (બલવાન સૈન્યનો) તરત જ નાશ કરવામાં આવે તો તેથી પણ વધારે (ભગવાનની) સરસાઈ થાય, તે માટે નીચેનો શ્લોક કહે છેઃ

**બલં તદઙ્ગાર્ણવદુર્ગભૈરવં દુરન્તપારં મગધેન્દ્રપાલિતમ્ ।।**
**ક્ષયં પ્રણીતં વસુદેવપુત્રયોર્વિક્રીડિતં તજ્જગદીશયોઃ પરમ્ ।।૨૯।।**

અંગોરૂપી સમુદ્રને લીધે પ્રવેશ કરી ન શકાય તેવા અને ભયંકર મગધના ઈન્દ્રે રક્ષણ કરેલા, નાશ ન કરી શકાય તેવા રક્ષકોવાળાં તે સૈન્યનો નાશ કર્યો, તે જગતના ઈશ્વર, વસુદેવના બે પુત્રોની માત્ર રમત હતી. ૨૯.

(તે સૈન્ય) સમુદ્રરૂપ ઘોડા વિગેરે અંગોને લીધે પ્રવેશ કરી ન શકાય તેવું અને ભયંકર હતું. આથી સૈન્યનું સ્વરૂપથી મોટાપણું કહેલું છે. નાશ ન કરી શકાય તેવા 'પાલાઃ' એટલે સૈન્યના રક્ષકો છે જેનાં (તેવું તે હતું). (સૈન્યના) અંગમાં આવેલા રાજાઓ હણી ન શકાય તેવા હતા, કારણ કે તેઓનો નાશ કરવા કોઈ શક્તિમાન ન હતું. 'મગધના ઈન્દ્રે રક્ષણ કરેલા' વિશેષણથી તેથી પણ વધારે ઉત્તમપણું કહેલું છે. જરાસંધથી (તેનું) રક્ષણ થતું હતું. 'ઈન્દ્ર' શબ્દથી સૈન્યની સર્વ તરફથી સમૃદ્ધિ જણાવેલી છે. આવાં (સૈન્ય)નો પણ ક્ષણમાં નાશ કર્યો. આ પણ વસુદેવના બે પુત્રોની રમત હતી. કારણ કે જો કે વસુદેવના પુત્ર તરીકે (તે બે) નાટ્ય કરતા હતા (અને) તેમ હોવાથી પુત્રપણું જળવાઈ રહે તે માટે બાલલીલામાં કરતા હતા (અને) તેમ પ્રયત્ન પણ તેમણે દેખાડવો જોઈએ, છતાં પણ (તેવું કાંઈ પણ) દેખાડ્યું નહિ, પરંતુ રમતથી જ બધાં (સૈન્ય)ને હણ્યું.

'જગતના ઈશ્વર' શબ્દથી એ પ્રમાણે કરવાનું કારણ કહેલું છે. આખા જગતના જ તે બે ઈશ્વર હતા. ઈશ્વર સદા એક સરખા રહેતા નથી, જેથી કોઈ સમયે અભિનય કર્યો એટલે સદા અભિનય જ કર્યા કરે. તે (રમત)થી પણ (આ કાર્ય) હળવું હતું એમ સૂચવવા માટે, 'માત્ર' એ શબ્દથી (એમ કહેલું છે કે સૈન્યને હણવામાં

તેમને) વધારે રમતની પણ પરવા ન હતી. ૨૯.

''આ કથાનું એવી રીતે લંબાણથી શા માટે વર્ણન કરવામાં આવે છે ? 'જરાસંધે આણેલા સૈન્યનો (ભગવાને) ઘણી રીતે વધ કર્યો' એમ સામાન્ય રીતે જ આ કહેવું જોઈએ; કારણ કે નજીવા (પુરુષ)ના સંબંધમાં યુદ્ધને પુરુષાતન તરીકે વર્ણવવું જોઈએ, પરંતુ ભગવાનના સંબંધમાં (તેમ) કરવું ન જોઈએ'' એમ કહો, તો (એ વાત) સત્ય છે એમ નીચેના શ્લોકમાં જણાવે છેઃ

**સ્થિત્યુદ્ભવાન્તં ભુવનત્રયસ્ય યઃ સમીહતેઽનન્તગુણઃ સ્વલીલયા ।।**
**ન તસ્ય ચિત્રં પરપક્ષનિગ્રહસ્તથાપિ મર્ત્યાનુવિધસ્ય વર્ણ્યતે ।।૩૦।।**

અનંત ગુણોવાળા જે પોતાની રમતથી ત્રણે ભુવનની સ્થિતિ ઉત્પત્તિ અને નાશ કરે છે તે સામા પક્ષને જીતે તેમાં આશ્ચર્ય નથી. છતાં પણ મનુષ્યનું અનુકરણ કરનારાના (આવાં) (કૃત્ય)નું વર્ણન કરવામાં આવે છે. ૩૦.

સ્વરૂપનો વિચાર કરતાં જે અનંત એટલે સર્વ બાજુથી હદ વિનાના છે. ગુણનો વિચાર કરતાં તો કહે છે કે જે 'અનંત ગુણોવાળા' છે. કરોડો બ્રહ્માંડોમાં જેટલા અનંત પદાર્થો છે તેટલા ગુણોવાળા ભગવાન્ છે; તેથી પણ વધારે ગુણોવાળા (ભગવાન્ છે), (પરંતુ) થોડા જ ગુણોને પ્રકટ કરે છે, એવો મુખ્ય સિદ્ધાંત છે. ક્રિયાનો વિચાર કરતાં તો કહે છે કે 'પોતાની માત્ર રમતથી ત્રણે ભુવનની સ્થિતિ ઉત્પત્તિ અને નાશ કરે છે.' તેમની પાસે આ સૈન્ય શા હિસાબનું ? તેથી આ (સૈન્યને હણવાનું કાર્ય) તેમને માટે આશ્ચર્યકારક નથી, છતાં ભક્તિનું સ્થાપન થાય તે માટે તેમની સામા પક્ષ ઉપરની જીતનું વર્ણન કરવામાં આવે છે.

'સામા પક્ષ ઉપરની જીત વિના પણ, ઈશ્વર મોટા હોવાથી જ તેમનામાં ભક્તિ થશે, જીત વર્ણવવાનું શું પ્રયોજન ?' એવી શંકા થાય, તેથી 'મનુષ્યનું અનુકરણ કરનારાના' શબ્દ યોજેલ છે. ભગવાન્ મનુષ્યનું અનુકરણ કરે છે, તેમ હોવાથી કોઈ સમયે બીજા કોઈ ધર્મ(કાર્ય)માં રોકાએલા હોવાથી ભક્તનો પક્ષપાત ન કરે. તેમ હોવા છતાં જો ભક્તનો પક્ષપાત કરે તો કાંઈ પણ સંદેહ વિના ભક્તિમાર્ગની પ્રવૃત્તિ થાય, એવો (અર્થ છે). તેથી જ લંબાણથી (આ જીત) વર્ણવેલી છે, એવો (અર્થ છે). ૩૦.

એ પ્રમાણે (વર્ણન કરવામાં) દોષ (થતો) નથી એમ જણાવી, જરાસંધે બલભદ્રને જે કહ્યું હતું તે બલભદ્રે કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**જગ્રાહ વિરથં રામો જરાસન્ધં મહાબલમ્ ।।**
**હતાનીકાવશિષ્ટાસું સિંહઃ સિંહમિવૌજસા ।।૩૧।।**

રથ વિનાના થએલા, ઘણા બલવાળા, હણાએલ સૈન્યવાળા, જેના પ્રાણ

બાકી રહેલ છે તેવા જરાસંધને, જેમ સિંહ (બીજા) સિંહને બલથી પકડે તેમ રામે બલથી પકડ્યો. ૩૧.

તે (જરાસંધ)નો રથ પણ ભાંગી ગયો. માત્ર પગે ચાલનાર સૈનિક (તે) રહ્યો. જો કે તે શરીરથી પણ ઘણો બલવાળો હતો, તો પણ તેને પકડ્યો. રથ વિનાનાને હણવો ન જોઈએ તેથી (તેને) બાંધીને ઘેર લઈ જવો જોઈએ એવા વિચારથી સારી રીતે બાંધવા માટે પકડ્યો; કારણ કે આ 'રામ', સર્વને રમણ થાય તે માટે પ્રવૃત્તિ કરે છે. તે (જરાસંધ) હણી શકાય તેવો પણ ન હતો એમ જણાવવા તેનું નામ અને 'ઘણા બલવાળો' (વિશેષણ) કહે છે. (આ નામ અને વિશેષણથી અનુક્રમે) તેનાં દૈવી અને માનુષી બલ જણાવેલાં છે. 'ત્યારે દૈવની ગતિથી પકડ્યો હશે' એવી શંકા થાય, તેથી 'બલથી' શબ્દ યોજેલો છે. 'ત્યારે બંધન વિગેરેથી પકડ્યો હશે' એવી શંકા થાય, તેથી 'સિંહ (બીજા) સિંહને (પકડે તેમ)' શબ્દો યોજેલા છે. બે હાથોથી જ વશ કરીને તેને પકડ્યો, પરંતુ હલ વિગેરેથી ખેંચ્યો ન હતો. 'હણાએલ સૈન્યવાળા, જેના પ્રાણ બાકી રહેલ છે તેવા' શબ્દોથી તેને છોડાવનાર કોઈ ન હતું, એમ કહેલું છે. ૩૧.

(તેને) પકડ્યા પછી, પરોપકાર માટે આવેલાને બાંધવો ન જોઈએ તેથી, ભગવાને (તેને) બંધાતાં અટકાવ્યો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**બધ્યમાનં હતારાતિં પાશૈર્વારુણમાનુષૈઃ ।।**
**વારયામાસ ગોવિન્દસ્તેન કાર્યચિકીર્ષયા ।।૩૨।।**

જેણે શત્રુઓને હણેલા હતા તેવા તેને, તેનાથી કાર્ય કરવાની ઈચ્છાથી ગોવિંદે વરુણના અને મનુષ્યના રાંઢવાઓથી બંધાતો અટકાવ્યો. ૩૨.

મોટા (પુરુષ)ને બાંધવો યોગ્ય નથી, તેથી 'જેણે શત્રુઓને હણેલા હતા' એવું તેનું વિશેષણ કહેલું છે. 'હણેલા હતા શત્રુઓ જેણે' તેવો (તે હતો). આથી (તેને છોડાવવાનું એક કારણ) કહેલું છે કે (તેને) શત્રુઓ ઘણા હોવાથી, અને તે (જરાસંધના શત્રુઓ) દુષ્ટ હોવાથી, (જરાસંધને બાંધવાથી) તેમને સુખ થાય, તેથી તે (તેઓનું સુખ) ન થાય એ પણ છોડાવવાનું પ્રયોજન હતું. માત્ર બંધનો (તેને બાંધવાની) શક્તિવાળા નહિ હોવાથી (તેને) રાંઢવાંઓથી બાંધ્યો. તે (રાંઢવાંઓ) ખેંચાય તો મોત કરનારાં થાય છે. તે પણ વરુણનાં અને મનુષ્યનાં (રાંઢવાંઓ) હતા. જરા વિગેરે છોડાવે નહિ, તે માટે વરુણનાં રાંઢવાં હતાં, મનુષ્યો (છોડાવે નહિ તે) માટે મનુષ્યનાં હતાં. પોતાને અધીન થએલા એવા પણ મોટા શત્રુને બાંધવો ન જોઈએ એમ (કહી, બંધાતાં) અટકાવ્યો.

'ભૂમિનો ભાર હરનારા (ભગવાને) એવી રીતે તેને કેમ છોડાવ્યો ?' એવી

શંકા થાય, તેથી 'ગોવિંદ' શબ્દ યોજેલો છે. ભગવાને સિંહાવલોકન ન્યાયથી[1] પહેલાંની લીલાનું સ્મરણ કર્યું. તેથી તે (જરાસંધ)ને લીધે પણ કેટલીક લીલા[2] થઈ શકશે એવા (વિચારથી) તેને છોડાવ્યો. 'દુષ્ટને એ પ્રમાણે કેમ છોડાવ્યો ?' એવી શંકા થાય, તેથી 'તેનાથી કાર્ય કરવાની ઈચ્છાથી' શબ્દો યોજેલા છે; કારણ કે (ભગવાનને) નિરોધ કરવો છે, (અને) આ[3] (જરાસંધને લીધે કરવાની લીલા) વિના બધા રાજસ અને સાત્ત્વિક (ભક્તો) ભગવાનમાં આસક્તિવાળા થાય નહિ, તેથી તે માટે, અને ક્લેશ વિના કર્મ થઈ શકે તે માટે આને બચાવ્યો. ૩૨.

પછી જે થયું તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**સ મુક્તો લોકનાથાભ્યાં વ્રીડિતો વીરસંમતઃ ।।**
**તપસે કૃતસંકલ્પો વારિતઃ પથિ રાજભિઃ ।।૩૩।।**

લોકના નાથોએ મૂકી દીધેલા, શરમાએલા, શૂરવીરોથી માન પામેલા, તપ માટે સંકલ્પ કરેલા તેને રસ્તામાં રાજાઓએ રોક્યો. ૩૩.

'બીજા યાદવો ફરીથી બાંધશે' એવી શંકા થાય, તેથી 'લોકના નાથોએ (મૂકી દીધેલો)' શબ્દ યોજેલ છે. ત્રણ લોકના નાથે મૂકી દીધેલાને બાંધવાને કોણ જ સમર્થ હોય ? ('લોકનાથાભ્યામ્' શબ્દમાં) દ્વિવચનના પ્રયોગથી એમ સૂચવેલું છે કે જુદાં જુદાં બધાંએ સામર્થ્યનો મૂકી દેવામાં ઉપયોગ કર્યો હતો.

'તેવો (પુરુષ) મૂકી દેવામાં આવેલ હોવા છતાં મરણ પામે. તેથી (તેનાથી) કાર્ય કેમ સિદ્ધ થાય ?' એમ કહેવામાં આવે તો તે સત્ય છે[1]; તે 'શરમાએલો' હતો. તેનું કારણ 'શૂરવીરોથી માન પામેલા' વિશેષણથી કહેલું છે. શૂરવીરોમાં 'આ ઘણો શૂરવીર છે' એમ તે માન પામેલો હતો. તેથી (તેના) મનુષ્ય (તરીકે)ના પરાક્રમનો નાશ થતાં, અલૌકિક પરાક્રમ પ્રાપ્ત કરવા તેણે તપ કરવાનો સંકલ્પ કર્યો. પછી તપ કરવા જતાં (તેને) રસ્તામાં જે રાજાઓ (ભૂમિના) ભારરૂપ હતા તેમણે રોક્યો. આથી એમ કહ્યું છે કે ભગવાનનું ચરિત્ર અલૌકિક છે, કારણ કે જેમના ઉપર ઉપકાર

---

૧. સિંહ શિકાર કરવા જાય ત્યારે પાછળ પણ કાંઈ શિકાર છે કે નહિ તેમ જોવા વારંવાર ગરદન ફેરવી પાછળ પણ દૃષ્ટિ નાંખે છે. તેથી આગળ પાછળ શું થાય છે કે થવાનું છે તે જોતાં રહેવું તે સિંહાવલોકન ન્યાય કહેવાય છે.

૨. 'કેટલીક લીલા' દ્વારકાની લીલા જરાસંધને લીધે થવાની છે, અને મહારાણીઓ સાથેની પણ લીલા તેને લીધે (તેને હણવાથી) થવાની છે. જો જરાસંધને બાંધી રાખવામાં આવે તો તો દ્વારકા રચવાનું પણ કારણ રહે નહિ. (લે)

૩. 'આ' એટલે 'દ્વારકાપુરીની રચના'. (લે)

૧. કારણ કે શરમાએલા હોવા છતાં, તપ કરવાના વિચારથી મરણ ન પામ્યો. (લે)

કરવાનો[૨] છે તેમણે તેને મૂકી દીધો, પરંતુ જેમના ઉપર તે અપકાર કરવાનો[૨] છે તેમણે તેને પકડી રાખ્યો (તપ કરવા જતાં રોક્યો). ૩૩.

નીચેના શ્લોકમાં તેઓએ (કરેલ) બોધના સાધન કહે છેઃ

**વાક્યૈઃ પવિત્રાર્થપદૈર્નયનૈઃ પ્રાકૃતૈરપિ ।।**
**સ્વકર્મબન્ધનઃ પ્રાપ્તો યદુભિસ્તે પરાભવઃ ।।૩૪।।**

પવિત્ર અર્થવાળા શબ્દોવાળાં, નીતિનાં, તેમજ હલકાં, 'પોતાનાં કર્મને લીધે જેમાં બંધન થએલું છે તેવો યદુઓ (સાથે યુદ્ધમાં) થએલો તારો પરાભવ છે' એવાં વાક્યોથી (તેને રોક્યો. શ્લોક ૩૩). ૩૪.

બોધ કરનારા (રાજાઓ) ત્રણ પ્રકારના હતા. તે પૈકી (૧) સાત્ત્વિકોનું વચન 'પવિત્ર અર્થવાળા શબ્દોવાળું' હતું. પવિત્ર અર્થવાળા શબ્દો છે જે વાક્યોમાં તેવાં (તેમનાં વાક્યો હતાં). 'વાક્યોથી' એ શબ્દ (આ વિશેષણ સાથે) (૨) નીતિનાં તેમજ (૩) હલકાં એ ત્રણે સાથે સંબંધ રાખે છે. (૧) 'ભગવાન્ ઈશ્વર સર્વના આત્મા છે તેમનાથી પરાજય (થાય તે) ભાગ્ય જ છે'. એવાં પવિત્ર અર્થવાળાં શબ્દોવાળાં (વાક્યો હતાં). (૨) '(આ) પોતાનો દેશ ન હતો. અને (તમે) વિચાર ન કર્યો. અકસ્માત્ યુદ્ધ થાય તેમાં નાશી જવું યોગ્ય જ હતું' એવાં નીતિનાં વાક્યો તો રાજસ (રાજાઓએ કહેલાં). તેથી નીતિથી વિરુદ્ધ (કાંઈ) કરવું ન જોઈએ, એવો ઉપદેશ કરવામાં તત્પર (રાજાઓએ તેવાં વાક્યો કહેલાં). (૩) હલકા (રાજા)ઓએ તો 'ઘણાએ મોટાઓનો પણ પરાજય થાય છે' એવાં હલકાં વચનોથી બોધ આપ્યો. આ ત્રણે પ્રકારના (રાજા)ઓએ જાણી શકાય તેવા પ્રકારથી જ બોધ આપ્યો, જાણી ન શકાય તેવા નિયમ પ્રમાણે (બોધ આપ્યો) નહિ. વળી બીજા ગાઢ સ્નેહવાળા ઓએ ન જાણી શકાય તેવા પ્રકારે બોધ આપ્યો, એમ ઉત્તરાર્ધથી કહે છે. 'તે ઘણાને જીત્યા છે અને તે કર્મનું ફલ ભોગવવું જોઈએ. તેમ ન થાય તો બીજા પ્રકારે દુષ્ટો સાથે(ના યુદ્ધમાં) પરાજય થાય, કારણ કે પોતાના કર્મને લીધે બંધન થાય છે જેનું (જેમાં), તેવો પરાભવ છે' (એવા વાક્યો તેમણે કહ્યા). 'અપિ' 'તેમજ' શબ્દથી એવો અર્થ કહેલો છે કે બધાએ જુદાં જુદાં તેમજ એકઠા થઈને ચાર પ્રકારે બોધ આપ્યો.

'યદુઓ સાથે (યુદ્ધમાં) પરાભવ' થયો એમ (કહ્યું), આ યોગ્ય જ છે, કારણ કે યદુ સર્વથી મોટો હતો એમ પણ જણાવેલું છે. ૩૪.

---

૨. ભગવાનની દ્વારિકાની લીલા સિદ્ધ થઈ શકે એમ તે કરવાનો હોવાથી, તેમના પ્રતિ ઉપકાર કરવાનો છે. ભારરૂપ રાજાઓને લાવી તેમનો સંહાર કરાવવાનો હોવાથી તેમના ઉપર અપકાર કરવાનો છે, એવો અર્થ જણાય છે.

પછી જે થયું તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**હતેષુ સર્વાનીકેષુ નૃપો બાર્હદ્રથસ્તદા ।।**
**ઉપેક્ષિતો ભગવતા માગધાન્ દુર્મના યયૌ ।।૩૫।।**

સર્વ સૈન્યો હણાતાં ભગવાને અવગણના કરેલો રાજા બાર્હદ્રથ પછી ઉદાસ મનવાળો થઈ મગધ ગયો. ૩૫.

સર્વ સૈન્યો હણાયાં, છતાં પણ બધા (રાજાઓ)એ માન આપ્યું, તેથી રાજાનાં ચિહ્નો પ્રાપ્ત કરી, જરાસંધ પોતાના દેશ ગયો; કારણ કે તે 'રાજા' હતો. (આ શબ્દથી તેને) દેવો અને મનુષ્યો સાહાય્ય કરનારા હતા એમ સૂચવેલું છે. પછી (રાજાઓએ ઉપર પ્રમાણે તેને) બોધ કર્યા પછી, જોઈ શકાય તેવી (રાજાપણાંની) સામગ્રી હોવાથી, પછી તે ગયો, એમ 'પછી...' વિગેરેથી કહે છે.

'નજીક(ના સમય)માં તૈયારી કરીને ઉદ્ધત વચન સાથે આવતાં, (જરાસંધ) ફરીથી ભગવાનથી હાર પામશે[1]' એવી શંકા થાય, તેથી 'ભગવાને અવગણના કરેલો' વિશેષણ યોજેલું છે. જો કે ભગવાનના સ્થાનમાં (રાજાઓએ ઉપર પ્રમાણે) કહેલું, જો કે ભગવાન્ હોવાથી (શ્રીકૃષ્ણ તે) જાણતા હતા, છતાં પણ તે વચનોનો અનાદર કરી, તેની અવગણના જ કરી. (શ્રીકૃષ્ણ) ભગવાન્ હોવાથી ભવિષ્યમાં (કરવાના) કાર્યનો જ વિચાર કરતા હતા, પરંતુ નીતિના વિરોધનો વિચાર કરતા[2] ન હતા. (ભગવાને કરેલી) અવગણનાથી તે ઘણો જ ઉદાસ મનવાળો થયો. તેણે સત્ય વસ્તુ જાણી છતાં પણ તે માગધ[3] હોવાથી (ભગવાનને) શરણ ન આવ્યો, શાંત પણ બેસી રહેશે નહિ, માગધ હોવાથી જ મગધ ગયો. ૩૫.

તે (જરાસંધ) તેના ઘેર ગયો એમ કહીને, નીચેના શ્લોકથી આરંભી પાંચ શ્લોકોથી, ભગવાને પણ મોટા વૈભવથી મથુરામાં પ્રવેશ કર્યો, એમ કહે છેઃ

**મુકુન્દોઽપ્યક્ષતબલો નિસ્તીર્ણારિબલાર્ણવઃ ।।**
**વિકીર્યમાણઃ કુસુમૈસ્રિદશૈરનુમોદિતઃ ।।૩૬।।**

જેમનું સૈન્ય ક્ષીણ થયું નથી, જેમણે શત્રુના સૈન્યરૂપી સાગર તરેલો છે તેવા, મુકુંદ પણ દેવોથી પુષ્પોની વૃષ્ટિ કરાએલા અનુમોદન પામ્યા. ૩૬.

---

૧. 'તેથી ભગવાને તેને જવા દેવો જોઈએ નહિ' એટલું અધ્યાહાર જણાય છે.

૨. જરાસંધને જવા દેવાથી તે ફરી સૈન્ય ભેગું કરી આવશે એટલે ભૂમિનો ભાર હરાશે, દ્વારિકાની લીલા થશે એવા વિચારથી તેની અવગણના કરી તેને જવા દીધો, પરંતુ નીતિના સિદ્ધાંત પ્રમાણે શત્રુનો આરંભમાં જ નાશ કરવો જોઈએ, તેમ કર્યું નહિ, એવો ભાવ છે.

૩. 'માગધ' એટલે દુષ્ટ મગધ દેશનો રહીશ. બૃહદ્રથ રાજાનો પુત્ર બાર્હદ્રથ એટલે જરાસંધ, મગધ એટલે અધમ દેશનો રાજા હતો.

'જેમનું સૈન્ય ક્ષીણ થયું નથી'; જો કે ભગવાન્ મોક્ષ આપનારા છે, તેમને (સૈનિકોને) પણ હણી મોક્ષ આપે, અથવા જરાસંઘને મોક્ષ આપે; કારણ કે ભગવાન્ જયનાં કારણ (જય કરાવનારા) નથી, પણ મોક્ષનાં કારણ છે; છતાં પણ (તેમનો) એક પણ (સૈનિક) હણાયો ન હતો.

'છૂપાઈ રહેલા કેટલાક (જરાસંઘના સૈનિકો) પાછા આવશે' એવી શંકા ન રહે તે માટે કહે છે કે " 'નિસ્તીર્ણઃ' સંપૂર્ણ રીતે તરેલો છે શત્રુના સૈન્યરૂપી જ સાગર જેમણે" તેવા (ભગવાન્ છે), કારણ કે સાગર (પોતાનું સ્થાન મૂકી) બીજે આવતો નથી. (તેનાં) મોટાપણાથી (તેનું) પુરુષાતન અને ફરી તે આવશે નહિ, એમ જણાવેલ છે. પછી (ભગવાન્) દેવોથી વૃષ્ટિ કરાએલા, (અને) અનુમોદન પામેલા થયા. તેમ ન હોય તો[૧] અનંત (સૈન્ય)નો વધ થતાં, તે (સૈન્ય)ના અધિષ્ઠાતા દેવોને દુઃખ થાય, એવી શંકા થાય. (આ શબ્દથી) એમ પણ સૂચવેલું છે કે (ભગવાને) આ (સૈન્ય હણવાનું કાર્ય) દેવો માટે કરેલું. ૩૬.

પછી મનુષ્યોએ પણ અનુમોદન કર્યું એમ નીચેના બે શ્લોકમાં કહે છેઃ

**માથુરૈરુપસંગમ્ય વિજ્વરૈર્મુદિતાત્મભિઃ ।।**
**ઉપગીયમાનવિજયઃ સૂતમાગધબન્દિભિઃ ।।૩૭।।**
**શઙ્ખદુન્દુભયો નેદુર્ભેરીતૂર્યાણ્યનેકશઃ ।।**
**વીણાવેણુમૃદઙ્ગાનિ પુરં પ્રવિશતિ પ્રભૌ ।।૩૮।।**

જ્વર વિનાના થએલા (અને) અંતઃકરણમાં આનંદ પામેલા મથુરાના રહેવાસીઓ પાસે આવ્યા. સૂત્, ભાટ અને ચારણો (ભગવાનના) વિજયનું ગાન કરવા લાગ્યા. પ્રભુ શહેરમાં પ્રવેશ કરતા હતા ત્યારે શંખ અને નગારાં, અને ભેરી તથા તુરીઓ, વીણા, વેણુ અને મૃદંગો અનેક પ્રકારે વાગ્યાં. ૩૭-૩૮.

કિલ્લો ઉઘાડીને બધા મથુરાના રહેવાસીઓ આવ્યા; કારણ કે તેઓ જ્વર વિનાના એટલે મરણના ભય વિનાના થયા; કારણ કે જ્વર આવતાં જ તે મરણનો ભય ઉત્પન્ન કરે છે, અને તેમનો તે (જરાસંઘ) જ જ્વર થઈ આવેલો. તેમના કાલ દેહ વિગેરેના ગુણો તો ભગવાને પહેલાં જ મટાડેલા. વળી બહારના વિચારથી પણ તેઓ અંતઃકરણમાં આનંદ પામેલા હતા. પછી સૂત, ભાટ અને ચારણોથી જેમના વિજયનું ગાન થતું હતું તેવા ભગવાન્ થયા. શંખ અને નગારા વાગ્યાં. પછી પ્રભુ શહેરમાં પધારતા હતા તેથી ધીરે ધીરે પધારતા હતા એમ સૂચવવા વીણા, વેણુ અને મૃદંગો પણ વગાડવામાં આવ્યાં. આ શહેરમાં પધારવાનું કાર્ય લૌકિક હતું એમ સૂચવેલું છે. ૩૮.

---

૧. દેવોનું અનુમોદન કહ્યું ન હોય તો તેમને દુઃખ થયું હશે એવી શંકા થાય. (લે)

હવે નીચેના બે શ્લોકોમાં શહેરનું વર્ણન કરે છેઃ

**સિક્તમાર્ગાં હૃષ્ટજનાં પતાકાભિરલંકૃતામ્ ।।**
**નિર્ઘુષ્ટાં બ્રહ્મઘોષેણ કૌતુકાબદ્ધતોરણામ્ ।।૩૯।।**
**નિચીયમાનો નારીભિર્માલ્યદધ્યક્ષતાઙ્કુરૈઃ ।।**
**નિરીક્ષ્યમાણઃ સસ્નેહં પ્રીત્યુત્કલિતલોચનૈઃ ।।૪૦।।**

(જલ) છાંટેલા રસ્તાવાળી, આનંદ પામેલા માણસોવાળી, પતાકાઓથી શણગારેલી, વેદના પાઠથી ગજાવેલી, ઉત્સવને લીધે જેમાં તોરણો બાંધેલા છે તેવી (પુરી)માં સ્ત્રીઓ વડે પુષ્પો, દહિં, અક્ષત અને અંકુરોથી છવાતા, (અને) સ્નેહપૂર્વક પ્રીતિને લીધે ફાટેલાં નયનોથી દર્શન કરાતા (ભગવાન્ પધાર્યા). ૩૯-૪૦.

(૧) 'છાંટેલા હતા બધા રસ્તાઓ જેની અંદર' તેવી (પુરી હતી). સુગંધવાળા જલોથી છંટકાવ (કરેલો), (૨) 'આનંદ પામેલા હતા માણસો જેની અંદર' તેવી, (અને) (૩) જયના લેખો લખેલી પતાકાઓથી શણગારેલી (પુરી હતી). (અનુક્રમે) નીચે, વચ્ચે અને ઉપર (પુરીની) શોભા કહેલી છે.

'બ્રહ્મઘોષેણ' એટલે વેદના પાઠથી તે સારી રીતે ગજાવેલી હતી. પ્રવેશ કરવામાં આવે ત્યારે અંતઃકરણપૂર્વક આશિર્વાદના મંત્રો ભણવા જોઈએ. તેથી ભગવાન્ પુરીમાં પ્રવેશ કરતા હતા ત્યારે તે હેતુથી જ બ્રાહ્મણોએ વેદના પાઠ કરેલા. 'ઉત્સવને લીધે જેમાં તોરણો બાંધેલા છે' વિશેષણથી વૈશ્યોનું ખાસ કાર્ય કહેલું છે.

બધીએ સ્ત્રીઓથી (૧) પુષ્પો વિગેરેથી (ભગવાન્) છવાઈ ગએલા થયા. (તેઓએ) (૨) દહિં અને અક્ષતો નાખ્યાં, અને (૩) યવના અંકુરો (નાખ્યા). એ પ્રમાણે ભગવાન્ વિષે તેમની ત્રણ પ્રકારની ક્રિયા વર્ણવી. '(સ્નેહપૂર્વક પ્રીતિને લીધે ફાટેલાં નયનોથી) દર્શન કરાતા' શબ્દથી તેવું (ત્રણ પ્રકારનું) જ્ઞાન પણ કહેલું છે. કારણ કે (૧) બંધુભાવથી સ્નેહ થએલો, (૨) પુરુષભાવથી પ્રીતિ થએલી અને (૩) કામભાવથી ઉત્કંઠા (નયનોનું ફાટવું) થએલી. એ પ્રમાણે ત્રણ સ્વભાવવાળાં લોચનોથી જેમનાં દર્શન કરાતાં હતાં તેવા (ભગવાન્) થયા. લૌકિક દોષ ન થાય તે માટે સ્નેહને જૂદો કરેલો[1] (કહેલો) છે. ૩૯-૪૦.

તે (યુદ્ધ)થી પ્રાપ્ત થએલા ધનનો રાજા માટે જ ઉપયોગ કર્યો એમ કહેતાં, તે (રાજા)ને દુઃખ ન થાય તે માટે તેની આજ્ઞાથી (ભગવાન્) પોતે યુદ્ધ વિગેરે કરતા હતા, એમ નીચેના શ્લોકમાં સૂચવે છેઃ

---

૧. 'પ્રીત્યુત્કલિતલોચનૈઃ' શબ્દમાં પ્રીતિ અને ઉત્કંઠા બે કહ્યા. આ બે કામભાવ દર્શાવનારાં છે. 'સ્નેહ' બંધુભાવ દર્શાવનાર હોવાથી, કામભાવ સાથે ભળે તો લૌકિક દોષ ગણાય. તેથી તેનો સમાસમાં સમાવેશ ન કરતાં, જૂદા (સ્નેહપૂર્વક) શબ્દથી તેને વર્ણવેલ છે એવો અર્થ જણાય છે.

**આયોધનગતં વિત્તમનન્તં વીરભૂષણમ્ ।।**
**યદુરાજાય તત્સર્વમાહૃતં પ્રાદિશત્પ્રભુઃ ।।૪૧।।**

રણભૂમિમાં પડેલું વીરોના ભૂષણરૂપ અનંત ધન હતું. તે બધું લાવીને પ્રભુએ યદુઓના રાજાને નિવેદન કર્યું. ૪૧.

'આયોધનં' એટલે રણભૂમિ. તેમાં આભરણ વિગેરેના પ્રકારથી યોધાઓએ આણેલું ધન 'અનંતમ્' ઘણું જ હતું; કારણ કે ઘણા યોધાઓ હણાયા હતા. ધન અનંત હોવાનું કારણ 'વીરોના ભૂષણરૂપ' શબ્દથી કહેલું છે. જેટલું ધન ભગવાન્ લાવેલા તે બધું તેમણે યદુઓના રાજાને 'પ્રાદિશત્' સંપૂર્ણ પ્રકારે નિવેદન કર્યું. (તે ધનનું) રક્ષણ કરવાનું, રાખવાનું વિગેરે તો પોતાનું (ભગવાનનું) જ કામ હતું, તેથી રાજાને માત્ર નિવેદન કર્યાનું કહેલું છે. (ભગવાન્) પ્રભુ હોવાથી, તેમની સાથે ગએલા યોધાઓએ પોતાની ઈચ્છા પ્રમાણે દ્રવ્યનો ઉપયોગ કર્યો ન હતો. ૪૧.

એ પ્રમાણે એક પ્રકારે (યુદ્ધમાં) ભગવાનના વિજયનું વર્ણન કરી, નીચેના શ્લોકમાં બીજા વિજયોમાં પણ આ પ્રકાર લાગુ પાડે છેઃ

**એવં સપ્તદશકૃત્વસ્તાવત્યક્ષૌહિણીબલઃ ।।**
**યુયુધે માગધો રાજા યદુભિઃ કૃષ્ણપાલિતૈઃ ।।૪૨।।**
**અક્ષિણ્વંસ્તદ્બલં સર્વં વૃષ્ણયઃ કૃષ્ણતેજસા ।।**

એ પ્રમાણે સત્તરવાર તેટલી અક્ષૌહિણી સૈન્યવાળા માગધ રાજાએ શ્રીકૃષ્ણથી રક્ષાએલા યાદવો સાથે યુદ્ધ કર્યું. વૃષ્ણિઓએ શ્રીકૃષ્ણના તેજથી તે બધાં સૈન્યનો નાશ કર્યો. ૪૨ાા.

આ (પહેલી વારના યુદ્ધ) સાથે પણ સત્તરવાર (યુદ્ધ કર્યું). એક (યુદ્ધ) સત્તરવાર ફરી ફરી થયું. તેથી બધાં એકસરખાં હતા, એમ જણાવવા 'કૃત્વસ્' 'વાર' પ્રત્યય લગાડેલો છે. (તેના) દેશના દોષને લીધે (જરાસંધમાં) (ભગવાનને) પારખવાની શક્તિ આવી નહિ, એમ જણાવવા 'માગધ' શબ્દ યોજેલો છે. (તે) રાજા હોવાથી, (તેની પાસે વારંવાર સૈન્ય ભેગું કરવાની) સંપત્તિ તો હતી. જો કે બીજા (યુદ્ધ)માં ભગવાને પોતે યુદ્ધ કર્યું નહિ, (કારણ કે) તેમ થાય (વારંવાર યુદ્ધ કરે) તો લોકની દૃષ્ટિ પ્રમાણે (ભગવાનને) સદા ક્લેશ જ થાય; પરંતુ શ્રીકૃષ્ણથી રક્ષાએલા યાદવો સાથે તેણે યુદ્ધ કર્યું. તેથી જ (શ્રીકૃષ્ણથી રક્ષાએલા હોવાથી જ યાદવોએ) તેનાં સૈન્યનો નાશ કર્યો. ભગવાનનો ઉપયોગ માત્ર (યાદવોનું) રક્ષણ કરવા માટે જ ન હતો, પરંતુ (જરાસંધના સૈન્યનો) નાશ કરવા માટે પણ હતો, એમ 'શ્રીકૃષ્ણના તેજથી' શબ્દથી કહેલું છે. ૪૨ાા.

તે (જરાસંધ) પણ (બીજાઓનાં) અધિક વચનોને લીધે અને અહંકારને

લીધે ફરી ફરીને જતો એમ કહેવા, નીચેનો અર્ધ શ્લોક કહેલો છેઃ

**હતેષુ સ્વેષ્વનીકેષુ ત્યક્તોઽયાદરિભિર્નૃપઃ ।।૪૩।।**

પોતાનાં સૈન્યો હણાતાં, શત્રુઓએ મૂકી દીધેલો રાજા જતો (રહેતો). ૪૩.

કારણ કે (તે) રાજા હતો. જો રાજ્ય લઈ લેવામાં આવે તો તે (યુદ્ધ કરવા આવતાં) અટકે. તે (રાજ્ય લઈ લેવાનું) ભગવાન્ કરતા ન હતા, તેથી તે અટકતો ન હતો, એવો અર્થ છે. ૪૩.

બ્રહ્માંડમાં પ્રજાપતિ અધ્યક્ષ છે. તે કાલરૂપ અને યજ્ઞરૂપ છે. તે સત્તર છે. તેનો પરાજય જ થયો. હવે પછી પ્રમાણરૂપ બ્રાહ્મણો, અને વેદરૂપ શિવ બાકી રહ્યા. તે બંનેના બલનો આશ્રય કરીને, જરાસંધ અઢારમાં પ્રસંગે આવશે. એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**અષ્ટદશમસંગ્રામ આગામિનિ તદન્તરા । નારદપ્રેષિતો વીરો યવનઃ પ્રત્યદશ્યત ।૪૪।**

અઢારમો સંગ્રામ આવવાનો હતો, તેની મધ્યે નારદે મોકલેલો વીર યવન સામો દેખાયો. ૪૪.

બીજા પુરાણમાં[૧] એ પ્રમાણે કથા છે કે બધા (રાજાઓ)એ ઘણા પ્રકારે પ્રાર્થના કરેલ હોવા છતાં, સત્તરમા પ્રસંગે હારેલો (જરાસંધ) તપ કરવા ગયો. ત્યાં તેણે શિવની આરાધના કરી. પછી 'બ્રાહ્મણ જેમને પ્રિય છે તેવા શ્રીકૃષ્ણ બ્રાહ્મણનું વચન ખોટું પાડશે નહિ' એવા વિચારથી, પ્રસન્ન થએલા શિવે (તેને) બ્રાહ્મણોની આરાધના કરવા જણાવ્યું. પછી પોતાની નગરીમાં આવી, બ્રાહ્મણોને બોલાવી, તેણે તેમને સિંહાસન ઉપર બેસાડ્યા. પછી પ્રસન્ન થએલા બ્રાહ્મણોએ તેને સિંહાસન પાછું આપી, 'તું શત્રુને જીતીશ' અને 'ત્રણ લોકથી જીતાય નહિ તેવો થઈશ' એવા વર આપ્યા. આ વૃત્તાંત જાણીને, નારદે મધ્યે કાલયવનને મોકલ્યો. તેણે પણ સર્વ યાદવોનો નાશ કરવા પ્રતિજ્ઞા કરેલી. જો તે અઢારમા સંગ્રામ પછી આવે, તો તે દ્વારકા જાય, અને તેથી મર્યાદાનું પાલન કરનારથી દ્વારકામાં તેનો નાશ થઈ શકે નહિ તેથી, બંને કાર્ય એક સાથે સહેલાઈથી થાઓ એવા વિચારથી દેવોનું છૂપું કાર્ય કરનાર નારદે (સત્તરમા અને અઢારમા સંગ્રામની) વચ્ચે યવનને મોકલ્યો. તે વૃદ્ધ ગર્ગનો પુત્ર હતો. મોટો યવન(કાલયવનનો પિતા) સંતાન વિનાનો હતો. તેણે પુત્ર પ્રાપ્તિમાટે વિનતિ કરતાં, વૃદ્ધ ગર્ગે તેની સ્ત્રીને ગર્ભાધાન કર્યું, (અને) 'તારો પુત્ર જીતી ન શકાય તેવો થશે' એમ કહ્યું. પછી ઘણા સમયે યાદવોની સભામાં તે જ વૃદ્ધ ગર્ગની યાદવોએ હાંસી કરી, તેથી તેણે પોતાના પુત્રને 'યાદવો હણવા યોગ્ય છે' એમ કહ્યું. એ પ્રમાણે વેર થતાં, તેઓની અંદર (પાસે) ગએલા નારદે જ 'આ યોગ્ય અવસર છે, ઝટ જા'

૧. વિષ્ણુપુરાણમાં આ કથા છે.

એમ (કહી) તેને મોકલ્યો. તે (વૃત્તાંત) કહે છે. અઢારમો સંગ્રામ આવવાનો હતો ત્યારે તેની (સત્તરમા અને અઢારમા સંગ્રામની) વચ્ચે નારદે મોકલેલો, વીર હોવાથી વીરરસમાં આગ્રહવાળો યવન 'પ્રત્યદશ્યત' શત્રુ તરીકે આવેલો દેખાયો. ૪૪.

નીચેના શ્લોકમાં તેનું શત્રુ તરીકેનું વર્તન જણાવે છેઃ

**રુરોધ મથુરામેત્ય તિસૃભિર્મ્લેચ્છકોટિભિઃ ।।**
**ત્રૈલોક્યે ચાપ્રતિદ્વન્દ્વો વૃષ્ણીન્ શ્રુત્વાત્મસંમિતાન્ ।।૪૫।।**

ત્રણ લોકમાં જેની સમાન કોઈ નથી તેવા તેણે વૃષ્ણીઓને પોતાની સમાન સાંભળીને, ત્રણ કરોડ મ્લેચ્છો સાથે આવીને મથુરાને ઘેરી લીધી. ૪૫.

તેણે પોતે આવીને (ત્રણ) કરોડ મ્લેચ્છોથી મથુરાને ઘેરી લીધી, તેનું કારણ 'ત્રણ લોકમાં જેની સમાન કોઈ નથી તેવા' શબ્દથી કહેલું છે. 'ચ' 'અને' શબ્દથી (એમ કહેલું છે કે) પ્રભાવથી પણ (કોઈ તેની સમાન ન હતું); અને નારદ પાસેથી વૃષ્ણિઓને 'આત્મસંમિતાન્' પોતાની સમાન સાંભળીને, તે નહિ સહન કરતાં, (મથુરાને) ઘેરી લીધી, એવો (વાક્યનો) સંબંધ છે. ૪૫.

તે સમયે ભગવાને તે સ્થાનનો ત્યાગ કરવા નિરોધનો વિચાર કર્યો એમ નીચેના અર્ધ શ્લોકથી કહે છેઃ

**તં દૃષ્ટ્વાચિન્તયત્કૃષ્ણઃ સંકર્ષણસહાયવાન્ ।।**

સંકર્ષણ જેમને સાહાય્ય કરનાર હતા, તેવા શ્રીકૃષ્ણે તેને જોઈને (નીચે પ્રમાણે) વિચાર કર્યો. ૪૫ાા.

આ વિચાર તો પ્રકટ (કરેલો) નથી, તેથી છૂપા અભિપ્રાયથી જ વિચાર કરે છે. અભિપ્રાય તો (એવો છે કે), જેઓનો નિરોધ કરવાનો છે તેમને સ્થાન (મથુરા)નો ત્યાગ કરાવવો જોઈએ. જેમ બૃહદ્વનમાંથી (ગોપોને) બહાર કાઢ્યા હતા, તેમ (આમને પણ) મથુરામાંથી બહાર કાઢવા જોઈએ. જો તેઓ બીજા દેશમાં ન જાય, તો તેઓનો નિરોધ જ ન થાય; કારણ કે લોકમાં તે પ્રમાણે જોવામાં આવે છે. તેથી ભગવાન્ આમને (મથુરાના રહેવાસીઓને) બીજે લઈ જવાનો વિચાર કરે છે. તે (બલભદ્ર)ની સંમતિ વિના (તેમને બીજે) લઈ જવામાં આવે તો (બેના) જુદાં જુદાં વિચાર થાય, તેથી મર્મ જાણનાર બલભદ્રની સાથે ભગવાને મંત્રણા (મસલત) કરી; કારણ કે આ શ્રીકૃષ્ણ નિરોધ કરવા જ તત્પર થયા હતા. જો (શ્રીકૃષ્ણ) તેમ ન કરે તો તેઓનું ચિત્ત બહાર (ભગવાન્ સિવાય બીજામાં) રહેવાથી (તેમને) સદાનંદ (પ્રાપ્ત) ન થાય. 'સંકર્ષણ જ જેમને સાહાય્ય કરનાર હતા તેવા' (શ્રીકૃષ્ણ હતા), તેથી તેમની સાથે (શ્રીકૃષ્ણે) વિચાર કર્યો. ૪૫ાા.

નીચેના સાડા ત્રણ શ્લોકોથી (કરેલા) વિચારનાં વાક્યો કહે છેઃ

**અહો યદૂનાં વૃજિનં પ્રાપ્તં હ્યુભયતો મહાન્ ।।૪૬।।**
**યવનોઽયં નિરુન્ધેઽસ્માનદ્ય તાવન્મહાબલઃ ।।**
**માગધોઽપ્યદ્ય વા શ્વો વા પરશ્વો વાગમિષ્યતિ ।।૪૭।।**
**આવયોર્યુધ્યતોરસ્ય યદ્યાગન્તા જરાસુતઃ ।।**
**બન્ધૂન્હનિષ્યત્યથવા નેષ્યતે સ્વપુરં બલી ।।૪૮।।**
**તસ્માદદ્ય વિધાસ્યામો દુર્ગં દ્વિપદદુર્ગમમ્ ।।**
**તત્ર જ્ઞાતીન્ સમાધાય યવનં ઘાતયામહે ।।૪૯।।**

અહો ! યદુઓને બંને બાજુથી સંકટ આવ્યું ! આ મોટા ઘણા બલવાળા યવને આજે આપણને ઘેર્યા છે. માગધ પણ આજે અથવા કાલે અથવા પરમ દિવસે આવશે. આની સાથે આપણે યુદ્ધ કરતાં હોઈશું તેટલામાં જો બલવાન જરાસંધ આવશે તો બંધુઓને હણશે, અથવા પોતાના શહેર લઈ જશે. તેટલામાં આજે આપણે બે પગોવાળા જઈ શકે નહિ તેવો કિલ્લો બનાવીશું. ત્યાં સગાંઓને મૂકીને યવનને હણીએ. ૪૬-૪૭-૪૮-૪૯.

'આ (યવન) અકસ્માત્ કેમ આવ્યો ? તેણે (ચઢાઈ કરવા) યોગ્ય અવસર કેવી રીતે જાણ્યો ?' એવું આશ્ચર્ય 'અહો !' શબ્દથી દર્શાવેલું છે. બંને બાજુથી પણ યદુઓને 'વૃજિન' સંકટ આવ્યું, એ પ્રતિજ્ઞા (નિવેદન) કરે છે. (૧) 'આ મોટા યવને આજે ઘેર્યા છે' એ શબ્દોથી તે[૧] જણાવે છે. 'આપણને' શબ્દથી કાર્ય (સાધવા) માટે તે (યદુ)ઓ સાથે (પોતાની) એકતા જણાવેલી છે. (યવન) સ્વરૂપથી પણ મોટો છે અને ઘણાં બલવાળો છે. 'આજે ઘણાં બલવાળો' શબ્દથી (યવન અને જરાસંધ) બંનેને બ્રાહ્મણના વચનનું બલ હતું એમ સૂચવેલું છે, કારણ કે જ્યાં સુધી જરાસંધ આવશે નહિ ત્યાં સુધી આ જ ઘેરી રાખશે.

'ત્યારે જરાસંધને ઠેકાણે આ જ થયો (આવ્યો), (તેમાં) શું ભેદ ?' એવી શંકા થાય, તેથી 'માગધ (પણ આજે આવશે)' એમ કહેલું છે. (૨) માગધ પણ આજ જ આવશે. 'ત્યારે તે (માગધ)ની બુદ્ધિને તે આજે ન આવે એવી પ્રેરણા કરવી' એવી શંકા થાય, તેથી 'અથવા કાલે આવશે' એમ કહેલું છે. 'તો પછી કાલે પણ તેને લાવવો નહિ (એમ) અંતર્યામીને કહેવું' એવી શંકા થાય, તેથી 'પરમ દિવસે (આવશે)' એમ કહેલું છે. 'તો પછી કાલને કહેવું (કે તેને આવવા ન દે)' એવી શંકા થાય, તેથી ત્રણથી વધારે વખત કોઈને કહેવું યોગ્ય નથી એમ જણાવવા 'વા' 'અથવા' શબ્દ યોજેલો છે. 'આજ' 'કાલ' એવા વચનનું શું પ્રયોજન ? (જરાસંધ)

૧. 'તે' એટલે પ્રતિજ્ઞા. અથવા નિવેદન. (૧) યવન ચડી આવ્યો છે અને (૨) જરાસંધ આવશે એમ બંને બાજુથી સંકટ આવ્યું છે એવું નિવેદન.

આવશે. એમાં તો સંદેહ નથી, તેથી ઉપાય જ કરવો જોઈએ, એવો અર્થ છે.

'ત્યારે (યવન અને જરાસંધ) બંનેને હણવા', એવી શંકા થાય, તેથી અડતાલીસમો શ્લોક કહેલો છે. બંને જીતી ન શકાય તેવા છે. તેથી મુખ્ય (યવન)ને મૂકીને માત્ર સૈન્યને હણવામાં વિલંબ થાય; એટલે જ્યારે આપણે બે યવન સાથે યુદ્ધ કરતા હોઈએ ત્યારે આરંભેલું (યુદ્ધ) તજવું યોગ્ય નહિ હોવાથી જો વચ્ચે (યવન સાથે યુદ્ધ ચાલતું હોય ત્યારે) ચતુર જરાસંધ આવે, તો બીજા કાર્યમાં રોકાએલા આપણને મૂકી દઈ વસુદેવ વિગેરે બંધુઓને હણશે, અથવા બાંધીને પોતાના શહેર લઈ જશે; પછી (તેમને) છોડાવવા ઘણું કરવાનું આવી પડશે. 'બલવાન' શબ્દથી તે હણી ન જ શકાય તેવો છે એમ કહેલું છે.

એ પ્રમાણે હોવાથી જે કરવાનું છે તે ઓગણપચાસમા શ્લોકથી કહે છે, કે બે પગોવાળા એટલે 'મનુષ્ય માત્રથી જઈ ન શકાય તેવો કિલ્લો બનાવીશું.'

'જે આટલું અલૌકિક કરે તે તેમને (વસુદેવ વિગેરે બંધુઓને) જ જૂદા પ્રકારના (હણી ન શકાય તથા બીજે લઈ જઈ ન શકાય તેવા) કેમ ન કરે ? તેમને એવી રીતે (પોતાનું) સ્થાન[2] શા માટે છોડાવે ?' એવી શંકા ન કરવી. દ્વારકા વિગેરે રચવામાં કોઈ પણ મર્યાદાનો ભંગ થતો નથી. બીજા પ્રકારથી તો બ્રાહ્મણનાં વચનો ખોટાં ઠરે. આ (મનુષ્ય માત્ર જઈ ન શકે તે) માટે જ દ્વારકા બનાવવામાં આવે છે. તેથી ત્યાં બ્રાહ્મણના વચનનો પ્રભાવ રહેશે નહિ, કારણ કે સર્વ પ્રસંગે અધિક પ્રયત્ન સાધારણ (કાર્ય)ને હઠાવે છે. તેથી જ પહેલાં (અડતાલીસમા શ્લોકમાં) 'બલવાન' શબ્દ યોજેલો છે, અને અહિં (ઓગણપચાસમા શ્લોકમાં) 'બે પગોવાળા' શબ્દ યોજેલો છે. તેથી બ્રાહ્મણો પણ બે પગોવાળા જ હોવાથી તેઓથી પણ જઈ ન શકાય તેવો જ તે (કિલ્લો) થશે. પછી (તે) ભય વિનાના સ્થાનમાં વસુદેવ વિગેરે સગાંઓને મૂકીને, આપણે બે યવનને હણીએ. તેવે પ્રસંગે (હણવામાં થતા) વિલંબથી કાંઈ અડચણ થશે નહિ, એવો (અર્થ છે). તેમ ન કરવામાં આવે તો ભગવાન્ બીજે સ્થલે એટલે મુચુકુંદની ગુફામાં પધારે ત્યારે વસુદેવ વિગેરે ભય પામી દુઃખી થાય. ૪૬-૪૭-૪૮-૪૯.

એ પ્રમાણે મસલત નક્કી થતાં, જે થયું તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**ઈતિ સંમન્ત્ર્ય દાશાર્હો દુર્ગં દ્વાદશયોજનમ્ ।।**
**અન્તઃસમુદ્રે નગરં કૃષ્ણોઽદ્ભુતમચીકરત્ ।।૫૦।।**
**દૃશ્યતે યત્ર હિ ત્વાષ્ટ્રં વિજ્ઞાનં શિલ્પનૈપુણમ્ ।।**

---

૨. '' 'સ્થાન' એટલે મથુરાનો ત્યાગ શા માટે કરાવે ? મથુરા તજાવી દ્વારકા શા માટે લઈ જાય ?'' એવો અર્થ જણાય છે.

રથ્યાચત્વરવીથીભિર્યથાવાસ્તુ વિનિર્મિતમ્ ।।૫૧।।
સુરદ્રુમલતોદ્યાનવિચિત્રોપવનાન્વિતમ્ ।।
હેમશૃઙ્ગૈર્દિવિસ્પૃગ્ભિઃ સ્ફાટિકાટ્ટાલગોપુરૈઃ ।।૫૨।।
રાજતારકુટૈઃ કોષ્ઠૈર્હેમકુમ્ભૈરલંકૃતૈઃ ।।
રત્નકૂટૈર્ગૃહૈર્હૈમૈર્મહામરકતસ્થલૈઃ ।।૫૩।।
વાસ્તોષ્પતીનાં ચ ગૃહૈર્વલભીભિશ્ચ નિર્મિતમ્ ।।
ચાતુર્વર્ણ્યજનાકીર્ણં યદુદેવગૃહોલ્લસત્ ।।૫૪।।

એ પ્રમાણે મસલત કરીને ભક્તનું રક્ષણ કરનાર શ્રીકૃષ્ણે સમુદ્રની અંદર, કોઈ જઈ ન શકે તેવું બાર યોજનનું નગર બનાવ્યું. જેની અંદર બાંધણીની પ્રવીણતાવાળું વિશ્વકર્માનું જ્ઞાન જણાતું હતું; જે બાંધણીના નિયમ પ્રમાણે શેરી, ચૌટાં અને રસ્તાઓથી ઉત્તમ રીતે બાંધવામાં આવેલું હતું; જેમાં સ્વર્ગના વૃક્ષો અને લતાઓવાળા બગીચા અને વિચિત્ર વાડીઓ હતાં; જે આકાશને પહોંચનારાં સુવર્ણના શિખરોથી સ્ફાટિકમણિની અટારીઓ અને દરવાજાઓથી, સુવર્ણના કુંભોથી શણગારેલા રૂપાના અને પિત્તલના કોઠારોથી, મોટા મરકતમણિવાળી ભૂમિવાળા રત્નોના સમુહવાળા સુવર્ણના મકાનોથી, લોકપાલોના મકાનોથી અને છજાંઓથી બનાવેલું (બાંધેલું) હતું; જે ચાર વર્ણોના પુરુષોથી ભરપૂર હતું અને યદુદેવના મંદિરથી પ્રકાશતું હતું. ૫૦-૫૧-૫૨-૫૩-૫૪.

કારણ કે ભગવાન્ 'દાશાર્હઃ' ભક્તનું રક્ષણ કરનારા છે. આ (શબ્દ)થી ક્લેશવાળું (કાર્ય) કરવાનો દોષ પણ દૂર કરેલો છે.

'કાલ વિગેરેએ જે બનાવેલ નથી તે ભગવાન્ કેમ બનાવે છે ? તેમ હોય (તેવું ભગવાન્ બનાવે) તો કાલ વિગેરે તેમાં અડચણ કેમ નહિ કરે ?' એવી શંકા થાય, તેથી તેને 'કોઈ (જેમાં) ન જઈ શકે તેવું' જ ભગવાન્ કરશે, એમ કહેલું છે. જલ વિગેરેમાં ન જઈ શકાય તેવાં સ્થલો પ્રસિદ્ધ છે. તેથી ભગવાન્ કાંઈ અલૌકિક કરતા નથી. વળી 'બાર યોજનવાળું' શબ્દથી એમ કહેલું છે કે (ભગવાન્ તે) કાલને હિતકારી પણ કરશે, કારણ કે કાલ બાર માસ રૂપ છે; અથવા (ભગવાન્ કાલના) વિરોધથી (તે) કરશે. તે નગર અલૌકિક હોવાથી સપ્રમાણ હતું. સર્વ નગરોથી તે ઉત્તમ હતું એમ જણાવવા તેના ત્રણ ગુણો કહે છે. (૧) 'સમુદ્રની અંદર' એટલે તે સમુદ્રની મધ્યમાં હતું. તે નગરી પૃથ્વી ઉપર રહેલી ન હતી, પરંતુ ભૂમિની પેઠે સમુદ્રની મધ્યમાં, જલની ઉપર, અંતરિક્ષમાં આખી નગરી પણ રહેલી હતી. તેમ ન હોય તો નીચે(જલના તળીએ) રહેલી હોય. (૨) '(બીજા નગરોથી) તે જૂદા પ્રકારનું હશે' એમ લાગે તેથી, તેવું ન હતું એમ જણાવવા 'નગર' શબ્દ યોજેલો છે. (૩) 'અદ્ભુત'

શબ્દથી તેમાં (નગરોમાં) પણ ઉત્તમપણું જણાવેલું છે. 'કૃષ્ણ' એટલે સદાનંદ, આ શબ્દથી એમ જણાવ્યું છે કે તેમણે બનાવેલું સ્થાન તેમની પ્રાપ્તિ કરાવનારું થશે. 'અચીકરત્' એટલે ભગવાને પોતે જ બનાવ્યું. 'ત્વાષ્ટ્રમ્' 'વિશ્વકર્માનું' શબ્દ હોવાથી, (તે) વિશ્વકર્માએ રચેલું એમ કેટલાક કહે છે. વાસ્તવિક રીતે (તેનો અર્થ) એવો છે કે વિશ્વકર્માની જેટલી પ્રવીણતા હતી, તેટલી અહિં ભગવાને જ કરેલ (દર્શાવેલ); કારણ કે તે (વિશ્વકર્મા) જલ ઉપર નગર રચી શકે નહિ. તેમ ન હોય (ભગવાને રચેલું ન હોય) તો, ભૂમિ ઉપરથી ભગવાન્ અને અનુક્રમે છ ગુણો પણ પધારી જતાં, સાતમે દિવસે સમુદ્ર તેને ડૂબાડી ન દેત, કારણ કે (તે સમયે પણ) વિશ્વકર્મા હતો. અથવા 'અચીકરત્' 'કરાવ્યું' એમ ભલે ભગવાને તે વિશ્વકર્મા પાસે કરાવેલું હો. અથવા 'વિશ્વકર્મા' એ કરણ (સાધન)થી (ભગવાને તે રચ્યું). ૫૦.

જે નગરની અંદર અનેક ચતુરાઈવાળું 'વિશ્વકર્માનું જ્ઞાન જણાતું હતું' 'શિલ્પે' બાંધણીની 'નૈપુણ્યં' પ્રવીણતા જે જ્ઞાનમાંથી (થઈ હતી). એમ જ્ઞાન સત્ય હોવાનું કારણ કહેલું છે. વળી તે (નગર) શેરી, ચૌટાં અને રસ્તાઓવાળું હતું. 'યથાવાસ્તુ' એટલે બાંધણીના શાસ્ત્ર સહિત (પ્રમાણે), 'ઉત્તમ રીતે બાંધવામાં આવેલું હતું' એટલે ચિત્રો વગરની સામાન્ય બાંધણીમાં પણ ઉત્તમપણું હતું. તે નગર બાંધવામાં દૈવી, લૌકિક અને શાસ્ત્રીય જ્ઞાનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, એમ (શાસ્ત્રમાં કરેલા) વર્ણનના અવધિવાળું[૧] જણાવેલું છે. ૫૧.

(નગરીનું) વધારે વર્ણન કરે છે. પારિજાત વિગેરે સ્વર્ગનાં વૃક્ષો છે. તેઓ બગીચાઓમાં હતાં જેમાં[૨] (તેવું તે નગર બનાવ્યું). જેમાં પુષ્પો મુખ્ય હોય તે બગીચા. (અને) જેમાં ફલો મુખ્ય હોય તે વાડીઓ. તેઓ (બગીચા અને વાડીઓ)વાળું, એમ બંનેનો સર્વ સ્થલે સંબંધ કહેલો છે. 'આકાશને પહોંચનારા સુવર્ણના શિખરોથી' શબ્દથી નગરની અંદરનું ઉત્તમપણું કહેલું છે. એકવીસ[૩] મજલાઓ ઉપર સુવર્ણના કલશની આસપાસ સુવર્ણનાં શિખરો મૂકેલાં હતાં, તેથી જ તેઓ આકાશને[૪] પહોંચતાં હતાં. 'સ્ફાટિકમણિની (અટારીઓ અને દરવાજાથી)' શબ્દથી નીચેના[૫] મજલાઓનું વર્ણન કરેલું છે. અટારીઓ અને દરવાજાઓ સ્ફાટિકમણિના જ બનાવેલા હતા. ૫૨.

---

૧. વાસ્તુશાસ્ત્રમાં જેવું વર્ણન કરેલું છે તેવું બનાવ્યું, એમ કહેલ હોવાથી, શાસ્ત્રમાં કરેલું વર્ણન જેનો અવધિ છે, તેવી બનાવટ કહેલી છે. (લે)

૨. જ્યાં (જે નગરમાં) બગીચામાં તે પારિજાતક વિગેરે સ્વર્ગના વૃક્ષો હતાં, તેથી સ્વર્ગના વૃક્ષો અને લતાઓવાળા બગીચાઓ અને વિચિત્ર વાડીઓ જેમાં હતી તેવું તે નગર હતું, એવો અર્થ છે. (લે)

તે દુર્ગ હોવાથી તેમાં અન્નનો સંગ્રહ કરવા માટે રૂપાના અને પિત્તલના બનાવેલા કોઠારો કરેલા હતા. 'રજતારકૂટ' શબ્દને 'અણ્' (પહેલા અક્ષરને 'અ') લગાડવાથી (આ 'રાજતારકૂટ' શબ્દ થાય છે), અને ચારે તરફ સુવર્ણના કુંભોથી શણગારેલ હતું. ઘી, દહિં વિગેરે રાખવા માટે રૂપાના કોઠારો હતા. અન્ન રાખવા માટે તો પિત્તલના બનાવેલા કોઠારો હતા. 'આરકૂટ' શબ્દ બધી ધાતુઓ જણાવવા યોજાએલો છે. કારણ કે આરંભમાં અને અંતે (અનુક્રમે) રૂપાની અને સોનાની બનાવટ કહેલી છે.

ઉપરની ઘણી શોભા વર્ણવી. 'રત્નોના સમુહવાળા સુવર્ણના મકાનોથી' શબ્દથી વચમાંની શોભા કહેલી છે. સર્વ સ્થલે રત્નના બનાવેલા પદકના જેવા સુવર્ણના મકાનો હતાં. વળી 'જેમાં મોટા મરકતમણિવાળાં સ્થલો હતાં' એમ ભૂમિ મરકતમણિની શિલાઓથી જડેલી હતી એમ કહેલું છે. ૫૩.

ઉપયોગ વગરનાં પણ ધર્મ પ્રાપ્ત કરાવનારાં અને આનંદ પ્રાપ્ત કરાવનારાં મકાનો હતાં એમ ચોપનમા શ્લોકના પૂર્વાર્ધથી કહે છે. 'વાસ્તોષ્પતીનામ્' એટલે વાસ્તુ દેવતાના અધિપતિ ઈન્દ્ર વિગેરેના. 'વસ્તૂનિ' વસ્તુઓ 'અસ્મિન્' આમાં છે તે વાસ્તુ દેવતા ભૂમિ. તેના પતિઓ એટલે સર્વ લોકપાલો(નાં મકાનો હતા). 'ચ' 'અને' શબ્દથી એમ જણાવેલું છે કે દુર્ગા વિગેરેનાં પણ (મકાનો હતાં). આથી એમ કહેવાયું કે મધ્યમાં ભગવાનનું (મંદિર), અને (તેની) આસપાસ દિક્પાલોનાં મકાનો હતાં. 'છજાંઓથી' શબ્દથી (એમ કહેલું છે કે) સર્વ સ્થલે છજાંઓ બનાવેલાં હતાં. આથી એમ સૂચવેલું છે કે ભવિષ્યમાં કાંઈ પણ બાંધવાની ક્રિયાની જરુર ન હતી.

વળી (તે) ચાર વર્ણોના પુરુષોથી ભરપૂર હતું. પહેલાંથી જ ચાર વર્ણોના પુરુષોથી ભરપૂર હતું. તેથી તે ભગવાને બનાવેલા પુરુષો જ કહેલા છે. તેમ ન હોય તો અહિંથી (મથુરાથી) ગએલાને તુરંગમાં પડ્યાનું જ થાય. તેઓ હજી પણ ત્યાં રહે છે, તેથી તેઓની સમીપમાં સદા હોવારૂપ સમાન ગુણને લીધે 'યદુદેવના મંદિરથી પ્રકાશતું' શબ્દથી ભગવાનના મંદિરનું નિરૂપણ કરેલું છે. મધ્યમાં ભગવાનનું મંદિર હતું, અને ચારે દિશાઓમાં ચાર વર્ણોના પુરુષોનાં [૬] મકાનો હતાં. 'આકીર્ણમ્' 'ભરપૂર' શબ્દથી એમ કહેલું છે કે તે(ચારે વર્ણના પુરુષો) છૂટા છૂટા રહેલા હતા. ૫૪.

---

૩. વાસ્તુ શાસ્ત્ર પ્રમાણે બનાવ્યાનું કહેલ હોવાથી, તે શાસ્ત્રમાં એકબીજા ઉપર એમ એકવીસ મજલાઓ સુધી બાંધવાનું કહેલ હોવાથી, અહિં પણ તેટલા મજલા બાંધેલા, એવો ભાવ છે. (લે)

૪. વાસ્તુશાસ્ત્રમાં 'આકાશને પહોંચતાં' કહેલાં હોવાથી અહિં પણ તેવાં હતાં, એમ કહેલું છે. (લે)

૫. જેના ઉપર બીજા મજલાઓ રહેલા છે તેવા ઉપરના મજલાના મૂલ કારણરૂપ નીચેના મજલા એ 'નિદાનપ્રસ્તરાઃ' સ્ફાટિકના બનાવેલા હતા, એવો અર્થ છે. (લે)

૬.ચારે દિશાઓમાં ચારે વર્ણો હતા, એમ જણાવવા 'વર્ણચતુષ્ટયાનામ્' એ બહુવચન યોજેલું છે(લે)

એ પ્રમાણે ભગવાને સ્થાન બનાવ્યું તે બહુ ઉત્તમ બન્યું, ત્યારે પારિજાત વિગેરેની 'આના જેવું બીજું કોઈ ઉત્તમ નથી,' એવી પ્રતિષ્ઠા જશે એવા વિચારથી, બધા લોકપાલોએ પોતપોતાની સમૃદ્ધિ ત્યાં મોકલી, એમ નીચેના ત્રણ શ્લોકોથી કહે છેઃ

**સુધર્માં પારિજાતં ચ મહેન્દ્રઃ પ્રાહિણોદ્ધરેઃ ।।**
**યત્ર ચાવસ્થિતો મર્ત્યો મર્ત્યધર્મૈર્ન યુજ્યતે ।।૫૫।।**
**શ્યામૈકકર્ણાન્ વરુણો હયાન્ શુક્લમનોજવાન્ ।।**
**અષ્ટૌ નિધિપતિઃ કોશાઁલ્લોકપાલા નિજોદયાન્ ।।૫૬।।**
**યદ્યદ્ભગવતા દત્તમાધિપત્યં સ્વસિદ્ધયે ।।**
**સર્વં પ્રત્યર્પયામાસુર્હરૌ ભૂમિગતે નૃપ ।।૫૭।।**

મહેન્દ્રે સુધર્મા અને પારિજાત હરિને મોકલ્યાં, કે જેની અંદર રહેલા મર્ત્યના મરણના ધર્મો રહેતા નથી. વરુણે એક શ્યામ કાનવાળા, શ્વેત અને મનના જેવી ગતિવાળા ઘોડાઓ (મોકલ્યા). નિધિપતિએ આઠ નિધિઓ (મોકલી). આઠ લોકપાલોએ ભંડારો અને પોતપોતાની સમૃદ્ધિઓ (મોકલ્યાં). હે નૃપ ! ભગવાને પોતાનો અધિકાર સાચવવા જે જે સત્તા આપેલી તે સર્વ હરિ ભૂમિ ઉપર પધાર્યા ત્યારે (એ પ્રમાણે દેવોએ) પાછી આપી. ૫૫-૫૬-૫૭.

આગળ[૧] (ભગવાને) પારિજાતનું હરણ (કર્યાની કથા કહેવાશે), તે મતાંતર ભાષાથી કહેલું છે, તે આગળ અમે વિસ્તારથી કહેશું. 'સુધર્મા' દેવોની સભા હતી. જાણે કે નવ રત્નોની બનાવેલી હોય તેવી, ભૂમિરૂપ કોઈ દેવતા 'સુધર્મા' કહેવાય છે. કારણ કે તેની અંદર માત્ર બેસવાથી જ ધર્મ અને ધર્મનું ફલ (પ્રાપ્ત) થાય છે. 'ચ' 'અને' શબ્દથી (એમ કહેલું છે કે) ઈન્દ્રે બીજાં પણ સ્વર્ગનાં વૃક્ષો અને સિંહાસન વિગેરે મોકલ્યાં. ઉત્તરાર્ધથી (સુધર્મા અને પારિજાત) બંનેનું માહાત્મ્ય વર્ણવે છે. જે 'સુધર્મા'ની અંદર, અને 'ચ' 'અને' શબ્દ યોજેલ હોવાથી પારિજાત વિગેરે (વૃક્ષો)ની નીચે (રહેલા મર્ત્યના મરણના ધર્મો રહેતા નથી). આથી (એમ જણાવેલું છે કે તેમની) સમીપમાં રહેલા, સદા મરણ પામવાનો ચોક્કસ ગુણ છે જેમનો, તેવાના પણ તે સ્વાભાવિક મરણ પામવાના ધર્મો રહેતા નથી. આથી (તેમના) પહેલાંના દોષોનો નાશ પણ કહેલો છે. ગુણો તો 'સુધર્મા' શબ્દથી જ કહેલા છે. ૫૫.

છપ્પનમા શ્લોકમાં બીજી પણ પ્રાપ્ત થએલી સામગ્રી કહે છે. એક જમણો કાન શ્યામ અને બાકીનો (શરીરનો ભાગ) બધોએ કુંદન જેવો, (તેવા ઘોડાઓ). આ (એક કાન શ્યામ છે તે) ઉચ્ચૈઃશ્રવાથી[૨] જૂદાઈ છે. આ સ્વર્ગ અને કર્મરૂપ હોવાથી તે

૧. આ દશમસ્કંધના ઉત્તરાર્ધના દશમા અધ્યાયમાં.
૨. ઉચ્ચૈઃશ્રવા કુંદ ફૂલ જેવો શ્વેત હતો, તાઓનો એક કાન શ્યામ હતો, એટલો ભેદ હતો. (લે)

બંને જણાવવા માટે પ્રવૃત્તિશાસ્ત્રને સ્થાને કાળાશ[3] જણાવેલી છે, અને તે ઘોડાઓ સમુદ્રમાં ઉત્પન્ન થએલા જ હતા એમ જણાવવા 'વરુણે મોકલ્યા' એમ કહેલું છે. (જમણા કાન સિવાય) બીજે (શ્વેત સિવાયનો) બીજો રંગ હોવાનું સંભવે, તેથી તેવા ન હતા એમ જણાવવા 'શ્વેત' શબ્દ યોજેલો છે. તેઓની ગતિ જ વખાણવા યોગ્ય છે, તેથી તેઓ 'શ્વેત અને મનના જેવી ગતિવાળા' હતા, એમ કહેલું છે. શ્વેત હોય તેમની ગતિ વધારે ન હોય એવી શંકા થવાથી (શ્વેત અને મનના જેવી ગતિવાળા શબ્દોનો) સમાસ કહેલો (કરેલો) છે. કુબેર નિધિપતિ હોવાથી તેણે આઠ નિધિઓ મોકલી એમ જણાય છે, અને આઠ લોકપાલોએ 'કોશાન્' ભંડારની વસ્તુઓ અને 'નિજસ્ય' પોતપોતાની સમૃદ્ધિઓ (મોકલ્યાં). ૫૬.

'દેવોએ પોતે અનેક પુણ્યોથી પ્રાપ્ત કરેલ ભોગનાં સાધન અને પોતાનો અધિકાર જણાવનારા પદાર્થો એ પ્રમાણે કેમ આપી દીધા ?' એવી શંકા થાય, તેથી સત્તાવનમો શ્લોક યોજેલ છે. તે વસ્તુઓ દેવોએ પોતાના ગુણોથી પ્રાપ્ત કરેલી ન હતી, પરંતુ ભગવાને તેમને આપેલી હતી; કારણ કે તે સત્તા હતી, ઈશ્વર જ સત્તા આપે છે.

'છતાં પણ તે પાછી આપવાનું શું પ્રયોજન ?' એવી શંકા થાય, તેથી 'પોતાનો અધિકાર સાચવવા' શબ્દ યોજેલ છે, કારણ કે અધિકાર ઈશ્વરની ઈચ્છાથી જ થાય છે (રહે છે), અને તે (ઈશ્વરની ઈચ્છા) જાણી શકાય તેવી નથી, તેથી જેથી તે (અધિકાર) કાયમ રહે તેવો ઉપાય કરવો જોઈએ. ભગવાનને આપવાથી જ તે અક્ષય (કાયમ રહેનારો) થાય છે, તેથી પોતાનું ધન અથવા અધિકારની સિદ્ધિ થાય એટલે તે સારી રીતે સચવાઈ રહે તે માટે (દેવોએ) બધું પાછું આપ્યું.

ભગવાન્ તે કેમ ગ્રહણ કરે ? એવી શંકા થાય, તેથી 'હરિ ભૂમિ ઉપર પધાર્યા ત્યારે' શબ્દો યોજેલા છે. ભગવાને ભૂમિ પણ બ્રહ્માને અથવા મનુને આપેલી; છતાં ભક્તોનો ઉદ્ધાર કરવા પોતે પણ ભૂમિ ઉપર પધાર્યા. તે ધોરણ પ્રમાણે ભક્તોને આપવા માટે અથવા દેખાડવા માટે બધીએ સમૃદ્ધિની જરુર પડે, તેથી તે પાછી લેવી યોગ્ય છે. પરિક્ષિત આ જાણી શકે તે માટે 'હે નૃપ !' એવું સંબોધન કરેલું છે. ૫૭.

જે (કાર્ય) માટે આ (દ્વારકા નગર) બનાવેલ, તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**તત્ર યોગપ્રભાવેણ નીત્વા સર્વજનં હરિઃ ।।**
**પ્રજાપાલેન રામેણ કૃષ્ણઃ સમનુમન્ત્રિતઃ ।।**
**નિર્જગામ પુરદ્વારાત્પદ્મમાલી નિરાયુધઃ ।।૫૮।।**

૩. એક કાન પ્રવૃત્તિશાસ્ત્રરૂપ, અને બીજો નિવૃત્તિશાસ્ત્રરૂપ હતો. તે પૈકી આ ડાબો (જમણો જોઈએ) પ્રવૃત્તિશાસ્ત્રરૂપ કાન સ્વર્ગરૂપ અને સ્વર્ગ પ્રાપ્ત કરવાના સાધન કર્મરૂપ હતો. તે (સ્વર્ગ અને કર્મ) બંને દોષથી બગડેલો હોવાથી તે શ્યામ હતો, એવો અર્થ છે. (લે)

યોગના પ્રભાવની સર્વ માણસોને ત્યાં લઈ જઈને, હરિ શ્રીકૃષ્ણ પ્રજાનું પાલન કરનાર રામ સાથે સારી રીતે મસલત કરી, કમલની માલા ધારણ કરેલા, આયુધ રહિત થઈ, સદાને માટે શહેરના દરવાજા બહાર નીકળ્યા. ૫૮.

અણિમા વિગેરે યોગનાં કુદરતી ફલ છે. આ જે કહેવામાં આવશે તે તો યોગના પ્રભાવનું ફલ છે. જે પ્રમાણે રહેલા તથા સૂતેલા હતા તેવી જ સ્થિતિમાં તેઓનાં દુઃખનો નાશ કરવા માટે બધાઓને 'ત્યાં' દ્વારકામાં લઈ જઈ, ભગવાન્ પોતે પાછા પધાર્યા. ત્યાંની પ્રજાના એટલે તે દેશના રહેવાસીઓના દુઃખનો નાશ કરવા માટે બલભદ્રને રાખી, તેમણે પ્રજાનું પાલન કરવાનું સ્વીકાર્યું ત્યારે, તે પ્રજાનું પાલન કરનાર-વાસ્તવિક રીતે પણ આનંદ ઉત્પન્ન કરાવનાર રામ-સાથે મસલત કરી. શ્રીકૃષ્ણે એટલે સદાનંદે પોતે 'હવે પછી અહિં મથુરામાં રહેવું નહિ' એમ જાણે કે જણાવતા હોય તેવી રીતે, સાધન(બલભદ્ર)ની સંમતિ લઈને, ફલરૂપ(શ્રીકૃષ્ણ) મથુરામાંથી નીકળી ગયા, એમ '(શહેરના દરવાજા) બહાર નીકળ્યા' શબ્દથી કહેલું છે. સદા ત્યાં વિદ્યમાન રૂપ વડે પણ ત્યાંથી બહાર નીકળ્યા, એમ જણાવવા 'સદાને માટે નીકળ્યા' એમ કહેલું છે; પરંતુ ક્રિયાના રૂપથી ત્યાં સદા રહેલા છે[1], તેથી કાંઈ પણ અયોગ્યતા નથી. ભગવાન્ બહાર નીકળી ગયા તે સર્વને જણાય તે માટે 'શહેરના દરવાજામાંથી' નીકળ્યા એમ કહેલું છે. ભગવાને બહાર પધારતાં '૧.કીર્તિ લઈ જાઉં છું અને ૨.રક્ષણ મેં કરેલ છે[2]' એવાં બે કાર્ય જણાવ્યાં, તેથી 'કમલની માલા ધારણ કરેલા' અને 'આયુધ રહિત' એ બે વિશેષણો કહેલાં છે. એ પ્રમાણે બહાર નીકળવાનું પ્રયોજન આગળ સ્પષ્ટ થશે. ૫૮.

**ઈતિ શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં**
**દશમા સ્કંધનો સુળતાલીસમો**
**ઉત્તરાર્ધના પહેલા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

---

૧. (૧૦।૧।૨૮)માં કહેલું છે કે ભગવાન્ મથુરામાં સદા રહે છે. અહિં સદા વિદ્યમાન રૂપથી પણ નીકળી ગયા, એમ કહેલું છે; પરંતુ ક્રિયાના રૂપથી ત્યાં વિરાજે છે તેથી એ વાક્યનો વિરોધ નથી, એવો અર્થ જણાય છે.

૨. આ પ્રકરણની લીલા પ્રદ્યુમ્નનું ચરિત્ર છે. તેથી બંધુઓનું રક્ષણ કરવા (ભગવાન્) આયુધ ધારણ કરે છે. બંધુઓને તો દ્વારકામાં રાખી તેમનું રક્ષણ કર્યું તેથી ભગવાન્ આયુધો વિના બહાર નીકળ્યા. આયુધ વિના બહાર પધાર્યા તેથી એમ જણાવેલું છે કે બંધુઓનું રક્ષણ મેં કરેલું છે, એવો અર્થ છે. (લે)

# ।। અધ્યાય અડતાલીસમો ।।

## (ભગવાને મુચુકુંદ ઉપર કરેલો અનુગ્રહ)

**નિગ્રહં પ્રથમેઽધ્યાયે નિરૂપ્ય હરિણા કૃતમ્ ।।**
**દ્વિતીયેઽનુગ્રહં પ્રાહ મુચુકુન્દાય યત્કૃતમ્ ।।૧।।**

પહેલા અધ્યાયમાં હરિએ કરેલો (જરાસંધનો) નિગ્રહ વર્ણવીને, બીજા (અધ્યાય)માં જેમણે (ભગવાને) કરેલો મુચુકુંદ ઉપરનો અનુગ્રહ કહેલો છે. કા. ૧.

**તામસી હનનાખ્યા હિ રાજસી નગરોદ્યમા ।।**
**સાત્ત્વિકી નયનાખ્યા ચ નિર્ગુણા નિર્ગમસ્તથા ।।૨।।**

(જરાસંધના સૈન્યને) હણવાની ક્રિયા તામસી હતી, નગર (દ્વારકા) રચવાના ઉદ્યમની રાજસી હતી. (મથુરાના લોકોને દ્વારકા) લઈ જવાની સાત્ત્વિકી હતી અને તેવી રીતે (મથુરામાંથી) બહાર નીકળવાની (ક્રિયા) નિર્ગુણ હતી. કા. ૨.

**નિર્ગુણસ્ય નિમિત્તત્વં ન તુ કર્તૃત્વમીર્યતે ।।**
**પ્રબોધો મરણં ચૈવ સંવાદશ્ચ યથાક્રમાત્ ।।૩।।**
**સ્તુતિશ્ચ નિર્ગુણા પ્રોક્તા તદગ્રે હિ ફલિષ્યતિ ।।**

નિર્ગુણ (સ્વરૂપ)ને નિમિત્ત કહેલું છે, પરંતુ કર્તા કહેલ નથી[૧]. જગાડવાનું, મરણ તેમજ સંવાદ અનુક્રમે કહેલા છે[૨] અને સ્તુતિ નિર્ગુણ કહેલી છે, કારણ કે તે ભવિષ્યમાં ફલ આપનારી[૩] થશે. કા. ૩।।.

**અતો નિર્ગુણલીલાઽત્ર દ્વિતીયે વિનિરૂપ્યતે ।।૪।।**
**ક્રિયા ભગવતો દ્વેધા ગુણેષુ સ્વે યતઃ સ્થિતા ।।**

તેથી અહિં બીજા (અધ્યાય)માં નિર્ગુણની લીલા[૪] વર્ણવેલી છે. ભગવાનની ક્રિયા બે પ્રકારની છે, કારણ કે તે ગુણોમાં[૫] (તેમજ) પોતામાં[૫] રહેલી છે. કા. ૪।।.

---

૧. નિર્ગુણ સ્વરૂપ કર્તા થતું નથી, તેથી જે ભગવાનનું નિર્ગુણ સ્વરૂપ મથુરામાંથી બહાર પધાર્યું તે કાલયવનના વધનું માત્ર નિમિત્ત છે, પણ વધ કરનારું નથી, એવો અર્થ છે. (લે)

૨. આ અધ્યાયમાં પણ ચાર લીલાઓ કહેલી છે, એવા આશયથી આ કહેલું છે. મુચુકુંદને જગાડવાનું, યવનને હણવાનું અને મુચુકુંદ સાથે ભગવાનનો સંવાદ એ અનુક્રમે સાત્ત્વિક, તામસ અને રાજસ છે, એવો અર્થ છે. (લે)

૩. ગયા અધ્યાયમાં કહેલી નિર્ગુણલીલા ફલ આપનારી ન હતી. આ અધ્યાયની નિર્ગુણ સ્તુતિ મોક્ષરૂપ ફલ ભવિષ્યમાં આપશે. (લે)

૪. તેથી આ લીલાને ફલનો સંબંધ હોવાથી આ અધ્યાયનો અર્થ નિર્ગુણલીલા જ છે. એવો અર્થ છે.(લે.

૫-૫. ગુણોમાં રહેલી સગુણ, પોતામાં એટલે સ્વરૂપમાં રહેલી નિર્ગુણ, (એવા બે પ્રકારની

ગયા અધ્યાયના અંતે એમ કહેલું છે કે ભગવાન્ તત્ત્વોનો[૬] ત્યાગ કરી માત્ર કાલયવનને વ્યામોહ કરવા, કીર્તિરૂપ વનમાલાને ધારણ કરી મથુરા બહાર પધાર્યા. નારદનો ઉપદેશ જેણે ગ્રહણ કર્યો હતો તેવા કાલયવનની મુક્તિ થાય તે માટે તેને ભગવાનનાં દર્શન થયાં, પછી તે તેમની પાછળ ગયો અને પછી જ્ઞાનરૂપ દષ્ટિથી એટલે જ્ઞાનાગ્નિથી તેના દેહનો નાશ થયો એમ વર્ણવવામાં આવશે. કારણ કે નિર્ગુણની ક્રિયા મોક્ષમાં પરિણમે છે. પરંતુ તે કાલયવનની મુક્તિ કાલમાં જ[૭] થાય છે. એમ જણાવવા નીચેના શ્લોકથી આરંભી બાર શ્લોકોથી કથાનું નિરૂપણ કરે છેઃ

|| શ્રીશુક ઉવાચ || શ્રીશુક કહે છેઃ

**તં વિલોક્ય વિનિષ્ક્રાન્તમુજ્જિહાનમિવોડુપમ્ ||**
**દર્શનીયતમં શ્યામં પીતકૌશેયવાસસમ્ ||૧||**

બહાર નીકળતા, ઉપર ચઢતા ચંદ્રના જેવા, સર્વથી સુંદર, શ્યામ, પીળાં રેશમી વસ્ત્રવાળા તેમને જોઈને...૧.

તેમને જોઈને, 'આ વાસુદેવ છે' એવો નિશ્ચય કરીને, તેમને પકડવાને ઈચ્છતો (કાલયવન) તેમની પાછળ દોડ્યો, એમ છઠ્ઠા (શ્લોક) સાથે (વાક્યનો) સંબંધ છે. તે પૈકી ત્રણ (શ્લોકો)થી આરંભમાં તે (કાલયવને) જોએલાં સ્વરૂપનું વર્ણન કરે છે. (તે સ્વરૂપ) જાણે કે પંદર કલાઓથી ભરપૂર હોય તેમ તેટલા (પંદર) વિશેષણોથી (તેનું વર્ણન કરે છે). તેથી આરંભમાં ચંદ્રના દૃષ્ટાંતથી જ વર્ણન કરે છે.

(૧) રાહુના મુખમાંથી નહિ, તેમજ વાદળાંઓમાંથી પણ નહિ, પરંતુ જેમ ઉદયગિરિમાંથી ચંદ્ર નીકળે તેમ ઉત્તમ પ્રકારે બહાર નીકળતા (તેમને જોયા). (૨) તેવી રીતે ભગવાન્ પણ હણવા નહિ, તેમજ ભય ઉત્પન્ન કરવા પણ નહિ, તેમજ ભયથી પણ (બહાર નીકળતા) ન હતા. તે અર્થ 'ઉપર ચઢતા' વિશેષણથી કહેલો છે, કારણ કે (ઉપર ચઢતો ચંદ્ર જેમ વધારે વધારે કાંતિવાળો દેખાતો જાય છે તેમ) પહેલીવારનાં દર્શન કરતાં બીજાં દર્શન સમયે (ભગવાન્) અધિક કાંતિવાળા દેખાયા.

(૩) 'વધારે કાંતિ દેખાડવાનું શું પ્રયોજન ?' એવી શંકા થાય, તેથી 'ચંદ્રના જેવા' શબ્દ યોજેલ છે, કારણ કે ચંદ્ર નક્ષત્રોનું રક્ષણ કરનારો છે. જો (ચંદ્ર)

---

ભગવાનની ક્રિયા છે.) (લે)

૬. (ભગવાનનાં) ચાર આયુધો તત્ત્વરૂપ છે, તેથી 'આયુધો વિનાના' શબ્દથી તત્ત્વોનો ત્યાગ કહેલો છે, એવો ભાવ છે. આ આશયથી જ ભગવાન્ બહાર પધાર્યા એને નિર્ગુણ લીલા કહેલી છે, એવો ભાવ છે. (લે)

૭. શ્રીમદ્ ભાગવત ૨।૭।૩૪માં કાલયવનને મુક્તિ મળી એમ કહેલું છે, પરંતુ કાલરૂપમાં (લય એ)જ તેમની મુક્તિ છે, એવો અર્થ છે. (લે)

જુદાં જુદાં નક્ષત્રોમાં જાય નહિ અથવા જઈને તેમનો સ્વરૂપથી અને ફલથી પ્રકાશ કરે નહિ, તો નક્ષત્રો નકામાં જ થઈ જાય. તે પ્રમાણે નારદ વિગેરેનાં (વાક્ય)નું[8] રક્ષણ કરવા, તેમણે જેમને ઉપદેશ કરેલો તેઓને પોતાનો પ્રભાવ જણાવવા, (ભગવાને) દરેક ક્ષણે પોતાનું ઉત્તમ સ્વરૂપ પ્રકાશ્યું, એવો અર્થ છે. (૪) વળી 'સર્વથી સુંદર' વિશેષણથી એમ કહેલું છે કે તેમનાં (ભગવાનનાં) દર્શન થતાં, જેઓ યુદ્ધ કરવા માટે આવેલા તેમને કદાચ ક્રોધ થાય અને તેથી (તેમની) દુષ્ટ બુદ્ધિને લીધે મોક્ષ ન થાય, તેથી (તેમ ન થાય તે માટે) ભગવાને પોતાનું સ્વરૂપ સુંદરપણાથી જ દર્શાવ્યું. 'દર્શનીયઃ' એટલે ઘણા સુંદર, કારણ કે બહુ આશ્ચર્ય ઉત્પન્ન કરનાર હોય તે બીજાને દેખાડવામાં આવે છે, અને પોતાથી પણ વારંવાર જોવાય છે. (૫) 'શ્યામ' વિશેષણથી રસાત્મકપણું જણાવેલું છે. (૬) 'પીળાં રેશમી વસ્ત્રવાળા' વિશેષણથી સર્વ વેદમય (સ્વરૂપને) કહેલું છે. વૈદિક સિદ્ધાંત એવો છે કે નગ્નથી મુક્તિ મળતી નથી; 'જે આરંભ, અંત અને મધ્યમાં વેદથી બંધાએલ છે તે અમૃત ભોગવે છે (મુક્તિ પ્રાપ્ત કરે છે).' એ વાક્ય પ્રમાણે કચ્છ, શિખા અને જનોઈનાં બંધન વેદથી કહેલાં છે. 'પીતં' પીળા રંગનું 'કૌશેયં' રેશમી 'વાસઃ' વસ્ત્ર છે જેમનું, એમ ત્રણ શબ્દોથી વેદ, યજ્ઞ અને દેવો જણાવેલા છે. ૧.પીળું વેદમય છે. ૨. '' 'કૌશેયં' એટલે રેશમી. રેશમી સોમના સંબંધવાળું જ[9] છે'' શ્રુતિ પ્રમાણે આ શબ્દથી યજ્ઞ જણાવેલા છે, અને ૩. વસ્ત્ર સર્વ દેવતારૂપ છે. એમ ન હોત (આ શબ્દથી એ ત્રણ જણાવવા ન હોત) તો 'પીતામ્બરમ્' 'પીતાંબરવાળા' એમ જ કહેત, અને ભગવાન નો પદાર્થ પ્રાકૃત વસ્તુઓનો બનેલ હોતો નથી, તેથી (આ) વિશેષણ અર્થ વિનાનું થાય[10]. ૧.

એ પ્રમાણે (ભગવાનનાં) ધર્મરૂપપણાનું[1] નિરૂપણ કરી, નીચેના શ્લોકમાં અર્થરૂપપણું[1] જણાવે છેઃ

૮. અહિં 'વાક્ય' શબ્દ અધ્યાહાર છે. જેમ નક્ષત્રોનું રક્ષણ કરવા ચંદ્ર આવે છે, તેમ નારદ વિગેરેના વાક્યનું રક્ષણ કરવા ભગવાન્ પધાર્યા. તેથી જેમ ચંદ્ર નક્ષત્રોમાં જાય છે, તેમ નારદના વાક્યને ભગવાન્ અનુસર્યા, એવો ભાવ છે. (લે)

૯. 'સૌમ્યમ્' એટલે સોમલતાના સંબંધવાળું એટલે યજ્ઞને યોગ્ય એવો અર્થ છે. (લે)

૧૦. ભગવાનનું પીતાંબર પણ પ્રાકૃત ન હોય, તેથી એ વિશેષણથી જ કાર્ય સરતાં આ નકામું થાય, એવો ભાવ જણાય છે.

૧-૧. દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, મંત્ર અને કર્મ એ છ શુદ્ધ હોય તો તેમનાથી ધર્મ થાય છે. તત્ત્વદીપ ૨।૩૯ થી ૪૦. તેથી છ વિશેષણોથી ધર્મરૂપપણું જણાવ્યું. અર્થ એટલે પુરુષાર્થ. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર સામાન્ય રીતે પુરુષાર્થ ગણાય છે. તેથી આ શ્લોકમાં ચાર વિશેષણોથી અર્થરૂપપણું જણાવે છે.

**શ્રીવત્સવક્ષસં ભ્રાજત્કૌસ્તુભામુક્તકન્ધરમ્ ।।**
**પૃથુદીર્ઘચતુર્બાહું નવકઞ્જારુણેક્ષણમ્ ।।૨।।**

છાતી ઉપર શ્રીવત્સવાળા, પ્રકાશતો કૌસ્તુભ જેમના કંઠને તજતો નથી તેવા, જાડી લાંબી ચાર ભુજાઓવાળા, નવા કમલના જેવાં અરુણ નયનવાળા....૨.

(૬) 'શ્રીવત્સ છે છાતી ઉપર જેમની' 'શ્રીવત્સ' શબ્દથી જમણી બાજુએ વળતા કેશની રેખામાં (રહેલું) અમુક પ્રકારનું સુવર્ણની રેખા જેવું તેજ કહેલું છે. જીવ છાતી ઉપર રહેલો છે, તેથી ભગવાને અર્થ[2] પણ ત્યાં જ સારી રીતે રાખેલો છે. જમણો સ્તન ધર્મરૂપ છે. તેથી ધર્મમાં યોજાએલો જ અર્થ ભગવાને ગ્રહણ કરેલો છે. તેથી જ (૭) 'પ્રકાશતો કૌસ્તુભ જેમના કંઠને તજતો નથી તેવા' વિશેષણથી ત્યાં જીવની[3] સ્થિતિ કહેલી છે. 'પુરુષ કામમય છે' (બૃહદા.ઉપ.૩।૯।૧૧), તેથી તે (પુરુષ અથવા જીવ)નું નિરૂપણ કરવાથી કામનું નિરૂપણ થયું. (૮) મોક્ષ તો ભગવાન્ પોતે જ આપે છે. તેથી પ્રસંગને લીધે, 'ચાર ભુજાઓવાળા' વિશેષણથી બીજા પુરુષાર્થોનું દાન પણ કહેલું છે. જાડી લાંબી ચાર ભુજાઓ છે જેમની, તે 'જાડી લાંબી ચાર ભુજાઓવાળા'. (૯) ભગવાન્ કૃપાથી જ્ઞાનનું પણ દાન કરે છે એમ જણાવવા 'નવા કમલના જેવાં અરુણ નયનવાળા' વિશેષણ યોજેલું છે. 'નવા કમલના જેવાં અરુણ છે નયનો જેમનાં' (એવો તેનો અર્થ છે). 'નવા' હોવાથી કાલથી ઝડપાતાં નથી એમ જણાવ્યું. કમલપણાંથી સાત્ત્વિકપણું અને અરુણ-પણાંથી રાજસપણું નયનોનાં જણાવેલાં છે. તેથી (આ વિશેષણથી) ભગવાનની રસવાળી, દયાવાળી જ્ઞાન દૃષ્ટિ ભક્તિ પ્રાપ્ત કરાવે છે, એવો પાંચમો પુરુષાર્થ પણ જણાવ્યો. ૨.

**નિત્યપ્રમુદિતં શ્રીમત્સુકપોલં શુચિસ્મિતમ્ ।।**
**મુખારવિન્દં બિભ્રાણં સ્ફુરન્મકરકુણ્ડલમ્ ।।૩।।**

સદા આનંદિત, શોભાવાળું સુંદર કપોલવાળું શુદ્ધ સ્મિતવાળું પ્રકાશતાં મકર જેવાં કુંડલોવાળું કમલ જેવું મુખ ધારણ કરતા...૩.

'સદા આનંદિત' વિશેષણથી (આ) પ્રાર્થના (કરવા)નો[1] અવસર છે એમ જણાવે છે. એ પ્રમાણે સર્વ પુરુષાર્થોનું દાન કરનારા ભગવાનનું વર્ણન કરી

૧. ભગવાન્ ચારે પુરુષાર્થ અને પાંચમી ભક્તિ આપનારા છે એવું વર્ણન ગયા શ્લોકમાં કર્યું. જેને એ પુરુષાર્થ જોઈતા હોય તેને તે માટે ભગવાનની પ્રાર્થના કરવાનો આ સમય છે, એમ આ વિશેષણથી જણાવ્યું છે. તેથી જ આને પંદર વિશેષણોમાં ગણ્યું નથી એમ જણાય છે. બાકીનાં પાંચ શ્રીમુખનાં વિશેષણો હોઈ 'એવા પ્રકારનું શ્રીમુખ ધારણ કરનારા' એમ ભગવાનનાં વિશેષણો થાય છે.

'શોભાવાળું..'થી પાંચ ભાગવાળી વિદ્યારૂપ પાંચ વિશેષણોવાળા મુખારવિંદનું પણ સ્વતંત્ર ભક્તિમાર્ગ તરીકે વર્ણન કરે છે. (૧) 'કમલના જેવું મુખ ધારણ કરતા' એવું ભગવાનનું વિશેષણ છે. તે(સ્વતંત્ર ભક્તિ)માર્ગનું સ્થાપન ભગવાન જ કરે છે, એમ જણાવવા (તે વિશેષણ યોજેલું છે). (૨) તે (કમલ જેવું મુખ) પણ 'શોભાવાળું' એટલે ભગવાનની પેઠે ઘણું જ સુંદર છે. (૩) 'સુંદર કપોલો (ગાલ) છે જેના' વિશેષણથી (એમ કહેલું છે કે) તે પ્રવૃત્તિ અને નિવૃત્તિના પ્રકારથી પણ રસનો અનુભવ કરવાનાં સ્થાનવાળુ છે. (૪) '' 'શુચિ' શુદ્ધ 'સ્મિતં' સ્મિત છે જેમાં'' વિશેષણથી એમ જણાવેલું છે કે સેવા થઈ શકે તે માટે જ તે યોગ્ય મોહ ઉત્પન્ન કરે છે, બીજા પ્રકારે મોહ ઉત્પન્ન કરતું નથી. (૫) 'પ્રકાશતાં છે મકર જેવાં કુંડલો જેનાં' એ વિશેષણથી બહાર જવામાં આવે[2] તો જાણે કે ખાઈ જવા રાખેલા હોય તેવા મઘરો જેવા બે વેદો જણાવેલા છે. આથી એમ કહેલું છે કે મોક્ષ આપવાની ઈચ્છાથી પધારતાં ભગવાન્, ભગવન્માર્ગ[3] અને ભક્તિમાર્ગનું[4] સ્થાપન કરે છે. ૩.

આવા ભગવાન જ છે એમ નારદના બોધથી તેણે જાણ્યું, એમ નીચેના શ્લોકમાં કહે છે:

**વાસુદેવો હ્યયમિતિ પુમાન્ શ્રીવત્સલાઞ્છનઃ ।।**
**ચતુર્ભુજોઽરવિન્દાક્ષો વનમાલ્યતિસુન્દરઃ ।।૪।।**

આ વાસુદેવ છે. કારણ કે (આ) પુરુષ, શ્રીવત્સના ચિહ્નવાળા, ચાર ભુજાવાળા, કમલના જેવાં નયનવાળા, વનમાલાવાળા, ઘણા સુંદર (છે)...૪.

સત્ત્વમાં આવિર્ભાવ પામેલા અથવા મોક્ષ આપનારા આ (પુરુષ)જ

---

૨. મુખ ભક્તિરૂપ હોવાથી, ભક્તિમાર્ગથી બહાર જતાં, વેદ ગળી જશે અને કાલને અધીન થવાશે એવો અર્થ છે. ભગવાનના બે કપોલને પ્રવૃત્તિરૂપ અને નિવૃત્તિરૂપ કહેલા છે, તેથી તે કપોલ પર રહેલાં કુંડલોને વેદરૂપ કહેલાં છે. (લે) મુખારવિંદને ભક્તિમાર્ગ નહિ, પરંતુ સ્વતંત્ર ભક્તિમાર્ગ કહેલ છે.

૩. ભગવત્પણું એટલે બ્રહ્મભાવ, તે પ્રાપ્ત કરાવનાર માર્ગ ભગવન્માર્ગ એટલે સાંખ્ય અને યોગમાર્ગ, એવો અર્થ છે, કારણ કે કુંડલ સાંખ્ય અને યોગરૂપ છે, એવો ભાવ છે. (લે) ભગવન્માર્ગ એટલે સ્વતંત્ર ભક્તિમાર્ગ. પાંચ વિશેષણોવાળાં મુખારવિંદને ભગવાન્ ધારણ કરે છે એ જ સ્વતંત્ર ભક્તિમાર્ગનું સ્થાપન છે. એ માર્ગની બહાર જાય તેનો મઘરરૂપથી એટલે કાલરૂપથી વેદો ગ્રાસ કરે છે, એમ કહેલ હોય તેમ જણાય છે.

૪. મુખ ભક્તિરૂપ હોવાથી, (મુખથી ભક્તિમાર્ગનું સ્થાપન કરે છે) એવો ભાવ છે. (લે) ભક્તિમાર્ગનું સ્થાપન બીજા શ્લોકમાંના 'નવા કમલ જેવાં અરુણ નયનોવાળા' વિશેષણથી કરેલું છે. તેથી જ ત્યાં ભગવાનની દૃષ્ટિ ભક્તિરૂપ પાંચમો પુરુષાર્થ પ્રાપ્ત કરાવે છે એમ કહેલું છે. આ શાસ્ત્રીય ભક્તિ છે, સ્વતંત્ર ભક્તિ નહીં. ભગવન્માર્ગ એટલે સ્વતંત્ર ભક્તિમાર્ગ.

વાસુદેવ છે એવો (કાલયવને) નિશ્ચય કર્યો.

'(એવો) નિશ્ચય કેવી રીતે કર્યો ?' એવી શંકા થાય, તેથી છ ગુણોરૂપ બીજાને લાગુ ન પડે તેવાં છ વિશેષણો કહે છે. 'ઈતિ' એ શબ્દ નિશ્ચય દર્શાવનારો છે; (આ વાસુદેવ જ છે), કારણ કે (૧) પુરુષ છે, પરંતુ પ્રકૃતિ નથી. (કાલયવન) દિવ્ય દૃષ્ટિથી જૂએ છે તેથી તેણે આખા જગતને પ્રાકૃત અને ભગવાનને પુરુષરૂપ જોયા. આ (શબ્દ)થી (ભગવાનનું) ઐશ્વર્ય પણ જણાવ્યું. 'વિષ્ણુનાં તો ત્રણ રૂપો' વાક્ય પ્રમાણે તેઓનું [1] પુરુષરૂપપણું આમાં (શ્રીકૃષ્ણના પુરુષરૂપપણામાં) નડતર નથી, (પરંતુ) મૂલ પુરુષરૂપ હોય ત્યારે જ તેઓનું પુરુષપણું ઘટતું હોવાથી, ઉલટું (શ્રીકૃષ્ણનું પુરુષપણું) સિદ્ધ કરાવનારું જ છે.

(૨) 'શ્રીવત્સ ચિહ્ન છે જેમનું' એ વિશેષણ વીર્ય તરીકે પૂરેપૂરી ક્રિયાશક્તિ જણાવે છે, કારણ કે તે (પૂરી ક્રિયાશક્તિ) ભગવાનમાં જ છે. (૩) પછી યશનું નિરૂપણ કરતાં સર્વ પુરુષાર્થોનું દાન કરનાર હોય તેને જ તે (યશ) પ્રાપ્ત થાય છે તેથી, 'ચાર ભુજાવાળા' એમ કહેલું છે. (૪) પછી (ભગવાન્) ભક્તિ આપનાર તરીકે દૃષ્ટિથી જ દુઃખ હરનારા છે એમ જણાવતાં, 'કમલનાં જેવાં નયનવાળા' વિશેષણથી 'શ્રી'નું નિરૂપણ કરે છે. ''('અરવીન્') રવિ સિવાયના બધાઓનો 'દ્યતિ' નાશ કરે છે'', એટલે ઘણા તેજવાળાનું જ સ્થાપન કરે એવું નયન જણાવતાં, શ્રી અને ભક્તિનું નિરૂપણ કરેલું છે.

(૫) વનમાલા અંદર પ્રવેશ કરીને [2] જ્ઞાનની પેઠે રહે છે, એમ જ્ઞાનનું નિરૂપણ કરી પૂર્ણપણું જણાવેલું છે. (૬) સર્વ પ્રકારે દોષ વિનાના હોવાથી (ભગવાન્) 'ઘણા સુંદર' છે, કારણ કે દેશનો પરિત્યાગ એ જ વૈરાગ્ય છે. આ કારણને લીધે '(આ) વાસુદેવ છે' એવો નિશ્ચય (થયો). ૪.

વળી (એવો નિશ્ચય કરાવનાર) નીચેનો શ્લોક કહે છેઃ

**લક્ષણૈર્નારદપ્રોક્તૈર્નાન્યો ભવિતુમર્હતિ ।।**
**નિરાયુધશ્ચલન્પદ્ભ્યાં યોત્સ્યેऽનેન નિરાયુધઃ ।।૫।।**

'નારદે કહેલાં લક્ષણો પ્રમાણે (આ વાસુદેવ સિવાય) બીજો હોઈ શકે નહિ. (આ) આયુધ વિનાના પગે જાય છે (તેથી) આમની સાથે હું આયુધ વિનાનો પગે

૧. '' 'વિષ્ણુનાં તો ત્રણ રૂપો...' આ વાક્ય પ્રમાણે અક્ષર પુરુષ છે, પરંતુ પુરુષોત્તમ પુરુષ નથી'' એવી શંકા થાય તેનો અહિં નિરાસ કર્યો છે. તે રૂપો પુરુષ છે એ વૃત્તાંત તો 'પુરુષોત્તમ પુરુષ છે' એમ સિદ્ધ કરવામાં વિઘ્ન કરતો નથી, પણ ઉલટું એમ સિદ્ધ કરાવે છે, કારણ કે મૂલ (પુરુષોત્તમ) પુરુષરૂપ હોવાથી તો તેઓ પણ પુરુષરૂપ થયા છે, એવો અર્થ છે. (લે)

૨. 'વનમાલા અંતઃ પ્રવિશ્ય' એવો વૃંદાવન પ્રેસવાળા પાઠ પ્રમાણે અર્થ કરેલો છે.

ચાલતો યુદ્ધ કરીશ.' ૫.

નારદે કહેલાં (લક્ષણો) પ્રમાણે (આ) વાસુદેવ સિવાય બીજો હોઈ શકે નહિ. અહિં બીજા પુરાણમાંથી કથાનું અનુસંધાન કરવું. નારદે કાલયવન પાસે જઈને (તેને) કહેલું કે 'યાદવો તારા જેવા છે, પરંતુ શ્રીકૃષ્ણ (તેમનું) રક્ષણ કરનારા છે, અને તે કોઈ રીતે જાણી શકાય તેવા નથી (તો પછી) જીતી તો કેમ શકાય ?'

'કેમ જીતી ન શકાય ?' એ જાણવાની (કાલયવનની) ઈચ્છા થતાં, 'તે અનેક નવાં નવાં રૂપો ધારણ કરે છે' એમ કહીને, 'તું તેમને ઓળખીશ નહિ' એમ કહેલું. પછી વધારે જાણવાની (કાલયવનની) ઈચ્છા થતાં, (નારદે તેને શ્રીકૃષ્ણનાં) લક્ષણો કહ્યાં કે 'તે એકલા આયુધ વિનાના, યુદ્ધ નહિ કરતાં, સર્વ આભરણોથી શણગારાએલા, પગે ચાલતા (શહેરના દરવાજા) બહાર નીકળશે. જે આયુધ ધારણ કરનારો, અશ્વ વિગેરે ઉપર ચઢીને તેમની પાછળ જશે તેને પાપ લાગશે,' અને કાલયવનને પણ પોતાના પાપનો જ ભય હતો, બીજા (કોઈ)થી ભય ન હતો એમ (બીજા પુરાણમાં) કહેલું છે. તેથી 'આ (શ્રીકૃષ્ણ)માં નારદે કહેલાં લક્ષણો છે તેથી તે વાસુદેવ છે' (એવો તેણે નિશ્ચય કર્યો).

'ત્યારે તું શું કહીશ ?' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. આ (શ્રીકૃષ્ણ) આયુધ વિનાના છે અને પગે ચાલીને જાય છે, તેથી હું પણ આયુધ વિનાનો જ જઈશ (અને) પગે ચાલતો જ જઈશ. પછી મલ્લની રીતે યુદ્ધ કરીશ, કારણ કે આમની સાથે યુદ્ધ કરવા જ આવેલો છું. હું પણ આયુધ વિનાનો (યુદ્ધ કરીશ) કારણ કે આ પણ (આયુધ વિનાના છે). ૫.

પછી (શું કર્યું તે) નીચેના શ્લોકમાં કહે છેઃ

**ઈતિ નિશ્ચિત્ય યવનઃ પ્રાદ્રવન્તં પરાઙ્મુખમ્ ।।**
**અન્વધાવજ્જિઘૃક્ષુસ્તં દુરાપમપિ યોગિનામ્ ।।૬।।**

યોગીઓ પણ જેમને પ્રાપ્ત કરી શકે નહિ તેવા બીજી બાજુએ મુખ રાખી દોડી જતાં તેમને પકડવાની ઈચ્છાવાળો યવન એવો નિશ્ચય કરીને તેમની પાછળ દોડ્યો. ૬.

એવો નિશ્ચય કરીને (ભગવાને) બીજી બાજુએ મુખ રાખેલું હોવા છતાં તે (તેમની પાછળ) દોડ્યો, કારણ કે (યવને પોતાના) હિતનો પ્રશ્ન કરતાં, નારદે કહેલું કે 'જેમ ભગવાન્ કરે તેમ તારે કરવું. (તેમ કરીશ) તો તારો જય થશે અને તું જીવતો રહીશ.' આ તે ઉંધું સમજ્યો, કારણ કે ભગવાને બીજી બાજુએ મુખ રાખ્યું હતું અને આ ભગવાનની તરફ મુખ રાખી (તેમની) પાસે જવા લાગ્યો. 'યવન' શબ્દથી

(નારદનું) વાક્ય નહિ જાણવાનું કારણ કહેલું છે. (પોતાના) જાતિના દોષને લીધે તેણે (નારદનું વાક્ય) જાણ્યું નહિ, એવો અર્થ છે. જ્યારે ભગવાન્ જતા હતા ત્યારે જો આ શાંત (પડ્યો) રહે, અથવા બલભદ્રની સાથે યુદ્ધ કરે તો (તેનો) જય થાય પણ ખરો, અને ભગવાન્ સામું મુખ કરી પધારે, કારણ કે તે પ્રમાણે (બીજી બાજુએ મુખ રાખીને) જવાનું પ્રયોજન રહે નહિ. (નારદનું વાક્ય તે સમજ્યો નહિ) તેથી ભગવાન્ બીજી બાજુએ મુખ રાખીને દોડી જતા હતા છતાં, તેમને પકડવાની ઈચ્છાવાળો થઈ, તે પોતે (તેમની) પાછળ દોડ્યો.

'પકડવાની ઈચ્છાથી (પાછળ) જવું યોગ્ય જ છે' એવી શંકા થાય, તેથી 'યોગીઓ પણ જેમને પ્રાપ્ત કરી શકે નહિ તેવા' વિશેષણ યોજેલું છે. 'તમ્' 'તેમની' શબ્દથી આ બાબતનું પ્રમાણ જણાવેલું છે. તેવી જ રીતે (યોગીઓ પણ ન પહોંચી શકે તેવા) (ભગવાન્) પ્રસિદ્ધ છે. ૬.

'કેટલેક દૂર જઈને, (ભગવાન્) પ્રાપ્ત ન થતાં, પાછો કેમ વળ્યો નહિ ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે:

**હસ્તપ્રાપ્તમિવાત્માનં હરિણા સ પદે પદે ।।**
**નીતો દર્શયતા દૂરં યવનેશોઽદ્રિકન્દરમ્ ।।૭।।**

પગલે પગલે જાણે કે એક હાથમાં પકડાઈ જશે એવા પોતાને દેખાડતા હરિ યવનપતિને દૂર પર્વતની ગુફાએ લઈ ગયા. ૭.

(દૂર જતાં પણ તે પાછો વળ્યો નહિ), કારણ કે હરિ તેને લઈ જતા હતા.

'ત્યારે (હરિ મને) ઠગે છે એમ તેણે કેમ ન જાણ્યું ? એવી શંકા થાય, તેથી ''પગલે પગલે એક હાથમાં પકડાઈ જશે એવા 'આત્માનં' ભગવાનને'' તે માનતો હતો. માત્ર એક હાથ હું જઈશ એટલામાં ભગવાનને પહોંચી જઈશ એમ જાણતો તે (તેમની પાછળ) ગયો, કારણ કે માત્ર એક હાથ (દૂર) જવાનું હોય ત્યારે કોઈ અટકતું નથી, તેથી (તેની ભગવાનની પાછળ જવાની) ઈચ્છા બંધ ન થઈ. જ્યારે પ્રાણી 'હું ક્રિયાથી આત્માને પ્રાપ્ત કરીશ' એમ માને છે, ત્યારે તે ભૂલેલો જ હોય છે.

'ભગવાન્ શા માટે (તેને) લઈ ગયા ?' એવી શંકા થાય, તેથી 'હરિ' શબ્દ યોજેલો છે, કારણ કે તે (શ્રીકૃષ્ણ) હરિ (હરનારા) છે. તેની અવિદ્યા પણ હરવાની છે અને મુચુકુંદની ઉંઘ હરવાની છે, તેથી (તેને ત્યાં લઈ ગયા); કારણ કે જે પોતાને અનુસરે છે તેનો ભગવાન્ ત્યાગ કરતા નથી. (તેથી ભગવાને) પગલે પગલે (તેને) તેવી બુદ્ધિ ઉત્પન્ન કરી, તે (અર્થ) 'દેખાડતા' શબ્દથી કહેલો છે. પગલે પગલે એક હાથમાં પકડાઈ જાય તેવા (ભગવાન્) પોતાને દેખાડતા

હતા. આ વાક્યનો બંને[1] સાથે સંબંધ છે, તેથી (પાછળ) જનારની અને (તેને) લઈ જનારની ઈચ્છા અટકેલી નહિ હોવાથી, (ભગવાન્ તેને) દૂર લઈ ગયા. પછી પર્વતની ગુફા જ્યાં હતી તે ઠેકાણે પણ લઈ ગયા.

“આટલે બધે દૂર જતાં પણ ભગવાન્ પકડાયા નહિ, તો પછી ‘ઢીલા થએલા અને સારી રીતે બાંધેલા[2], એ નિયમ પ્રમાણે નીતિશાસ્ત્રના વિચારથી પણ તે કેમ (ભગવાનની પાછળ જતાં) અટક્યો નહિ ?’ એવી શંકા થાય, તેથી ‘યવનપતિ’ શબ્દ યોજેલો છે. (તે) દુષ્ટોનો સ્વામી નીતિ જાણતો ન હતો. મથુરાથી દશ યોજન દૂર હાલમાં જે ‘ધવલપુર’ (ધોલપુર) એ નામથી પ્રસિદ્ધ છે, તે પહેલાં તો મુચુકુંદની ગુફા હતી. ૭.

ક્રિયાથી (પાછળ દોડવાથી) ભગવાન્ પ્રાપ્ત થશે નહિ એવી શંકા થતાં, જેમ જપ વિગેરેથી ભગવાન્ પ્રાપ્ત થાય છે તેમ વાણીથી તેમને પ્રાપ્ત કરવા જોઈએ એમ માની, વચ્ચે તે (ભગવાનને) વચન પણ કહેવા લાગ્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**પલાયનં યદુકુલે જાતસ્ય તવ નોચિતમ્ ।।**
**ઈતિ ક્ષિપન્નનુગતો નૈનં પ્રાપાહતાશુભઃ ।।૮।।**

‘યદુકુલમાં જન્મેલા તારા માટે પલાયન કરવું યોગ્ય નથી’ એમ તિરસ્કાર કરતાં પાછળ જતો પાપથી હણાએલો (તે) એમને પકડી શક્યો નહિ. ૮.

યદુ ધર્માત્મા હતો. તેમ ન હોય તો અમારા જેવો હોવાથી તેની મુક્તિ કેમ થાત? તેવાના વંશમાં જન્મેલાએ, બધાથી(કોઈથી) પહોંચી ન શકાય તેવાએ પણ અવતારના[1] ધર્મોને અનુસરવું યોગ્ય હોવાથી, પલાયન કરવું અયોગ્ય છે એવો અર્થ છે.

‘ભગવાને આ વાક્યને કેમ ગ્રહણ ન કર્યું ?’ (પલાયન કરતા કેમ અટક્યા

---

૧. એક હાથમાં પકડાઈ જાય તેવા ભગવાન્ છે એમ તે માનતો હતો, અને ભગવાન્ પોતાને તેવા તેને દેખાડતા હતા, એમ બંને સાથે સંબંધ છે.

૨. પંચતંત્રમાનાં બીજા તંત્રની છઠ્ઠી કથા તીક્ષ્ણવિષાણ નામના આખલાની છે. તેનો અહિં શ્રીમદાચાર્યચરણે ઉલ્લેખ કરેલો જણાય છે. પંચતંત્ર પણ નીતિશાસ્ત્ર છે. તીક્ષ્ણવિષાણ આખલાના બે લટકતા વૃષણો જોઈને શિયાળવીએ શિયાળને કહ્યું કે ‘આ માંસના બે પિંડો લટકે છે તે ક્ષણમાં કે પ્રહરમાં પણ પડશે, તેથી તેની પાછળ પાછળ જા અને પડે એટલે મારે ખાવા માટે લાવી આપ’. શિયાળે ઘણી સમજાવી પણ તે માની નહિ, તેથી શિયાળ તેની સાથે પંદર વર્ષ સુધી તીક્ષ્ણવિષાણની પાછળ ભટક્યો પણ તે પડ્યા નહિ. પછી તેણે શિયાળવીને એ નહિ પડે એમ કહી તેની પાછળ જતો અટક્યો, એવી એ વાર્તા ટૂંકાણમાં છે.

૧. ભગવાન્ ક્ષત્રિયના કુલમાં અવતરેલા હોવાથી, ક્ષત્રિયના ધર્મ પ્રમાણે પલાયન કરવું યોગ્ય ન હતું, એવો અર્થ જણાય છે.

નહિ ?)' એવી શંકા થાય, તેથી 'તિરસ્કાર કરતાં પાછળ જતો' શબ્દો યોજેલા છે, કારણ કે (આ વાક્ય) સત્ય જાણીને બોલતો ન હતો, પરંતુ તિરસ્કાર કરવા માટે બોલતો હતો. યદુકુલમાં તેને શ્રદ્ધા નહિ હોવાથી, તેની પાસે યદુકુલની પ્રતિષ્ઠાનું રક્ષણ કરવાનું શું પ્રયોજન ? (કાંઈ નહિ). તેથી ભગવાને તેનાં વાક્યનો અંગીકાર ન કર્યો તે યોગ્ય જ હતું. તેથી જ તે એમને પ્રાપ્ત કરી શક્યો નહિ. તેમ ન હોય તો ભગવાનને અનુસરવાથી તે પ્રાપ્ત થાય. તે વચનથી તેને પાપ પણ થયું એમ 'અહતાશુભઃ' 'જેનું પાપ ગએલું નહિ' વિશેષણથી કહેલું છે; કારણ કે (તેનું) પાપ પણ ગયું ન હતું, તેથી તે (ભગવાનને) પ્રાપ્ત કરી શક્યો નહિ. કેટલાક કહે છે કે પહેલાનું પાપ (ગયું ન હતું). તે (પહેલાનું પાપ) ભગવાનના દર્શનથી અને (તેમને) અનુસરવાથી જાય જ, તેથી તે માનવા જેવું નથી. અથવા 'આહતઃ અશુભેન' 'પાપથી હણાએલો' શબ્દ લેવો. (પોતાનાં) વાક્યથી ઉત્પન્ન થએલાં પાપે પાછળથી હણેલો તે ભગવાનને પ્રાપ્ત કરી શક્યો નહિ, એવો અર્થ છે. ૮.

સર્વ સમર્થ હોવા છતાં, કાર્યનું મહત્વ માનતા હોવા છતાં પણ, જેમ વરાહે હિરણ્યાક્ષના વચનની (દરકાર કરી ન હતી) તેમ ભગવાન્ પણ પાછા ન ફર્યા એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**એવં ક્ષિપ્તોઽપિ ભગવાન્ પ્રાવિશદ્ગિરિકન્દરમ્ ।।**
**સોઽપિ પ્રવિષ્ટસ્તત્રાન્યં શયાનં દદૃશે નરમ્ ।।૯।।**

એવી રીતે તિરસ્કાર કરાએલા હોવા છતાં ભગવાને પર્વતની ગુફામાં પ્રવેશ કર્યો. તેણે પણ પ્રવેશ કર્યો (અને) ત્યાં બીજા નરને સૂતેલો જોયો. ૯.

'પોતાનો (ભગવાનનો) દ્રોહ થતાં વધના જેવી, (અને) ભક્તનો દ્રોહ થતાં વધ કહેલ છે' એ નિયમ પ્રમાણે વધના જેવી જ (શિક્ષા) કરવા માટે (ભગવાને) પર્વતની ગુફામાં પ્રવેશ કર્યો. 'નિર્ગુણ (સ્વરૂપ) ફલ પ્રાપ્ત થવામાં નિમિત્ત[1] છે' એમ જણાવવા આટલી જ ભગવાનની ક્રિયા વર્ણવેલી છે. ભગવાને (ગુફામાં પ્રવેશ કરતાં), (કાલયવનને) તે ફલ[2] પ્રાપ્ત થયું એમ ઉત્તરાર્ધથી આરંભી કહે છે. જ્યારે ભગવાને પર્વતની ગુફામાં પ્રવેશ કર્યો, ત્યારે તેણે પણ (તેમાં) પ્રવેશ કર્યો. પ્રવેશ કર્યા પછી તેને ભ્રમ થયો. એમ 'ત્યાં બીજા નરને સૂતેલો જોયો' શબ્દોથી કહે છે. તેને તે(બીજા નર)માં નરપણું જ દેખાયું, પરંતુ બીજો (કોઈ) ભેદ દેખાયો નહિ. જો કે તે

---

૧. નિર્ગુણ સ્વરૂપ ફલ પ્રાપ્ત થવામાં માત્ર નિમિત્ત થાય છે, પરંતુ ફલ ઉત્પન્ન કરતું (આપતું) નથી, એવો અર્થ છે. (લે)

૨. ભગવાનની ગુફામાં પ્રવેશ કરવારૂપ ક્રિયા જેનું નિમિત્ત છે, તેવું વધરૂપ ફલ કાલયવનને પ્રાપ્ત થયું. (લે)

સામગ્રી સાથે (રાખીને) સૂતો હતો, છતાં તે(કાલયવન)ની એવી બુદ્ધિ થઈ કે (શ્રીકૃષ્ણ) સૂવા માટે પહેલેથી જ સામગ્રી મોકલીને, પછી આવીને સૂતેલા છે. ૯.

'ભગવાન્ જો શયન કરવા (ગુફામાં) પધાર્યા હોય તો તારે (કાલયવનને) આવવું યોગ્ય ન હતું અને લાત મારવી એ તો બહુ જ અયોગ્ય હતું' એવી શંકા થાય, તેથી જેણે ભૂલ કરેલી તેવા તેનો અભિપ્રાય નીચેના શ્લોકમાં કહે છેઃ

**નન્વસૌ દૂરમાનીય શેતે મામિહ સાધુવત્ ।।**
**ઈતિ મત્વાચ્યુતં મૂઢસ્તં પદા સમતાડયત્ ।।૧૦।।**

'ખરેખર ! મને દૂર લાવીને તે અહિં સાધુની પેઠે શયન કરે છે' એમ અચ્યુત માનીને મૂઢે તેમને પગની લાત મારી. ૧૦.

(શ્રીકૃષ્ણ પર્વતની ગુફામાં) પોતે ભલે આવે, પરંતુ 'હું શયન કરવા જાઉં છું' એમ, અથવા 'હું યુદ્ધ કરીશ નહિ' એમ કેમ બોલ્યા નહિ ? કારણ કે જે જેમની પાછળ જાય છે તેને (પાછળ જવાની) ના પાડવામાં ન આવે ત્યારે, 'જેની ના પાડેલી ન હોય તે કબુલ કરેલું થાય (ગણાય)' એ નિયમ પ્રમાણે, દૂર જઈને હું (તારી સાથે) યુદ્ધ કરીશ એવો (તેમનો) અભિપ્રાય થાય (ગણાય) છે, કારણ કે જેને મદદ કરનાર હોય (તેની) સમીપમાં તે બલવાન હોય[1] છે. તેથી (હું યુદ્ધ કરીશ) એવો ભ્રમ ઉત્પન્ન કરાવીને, (મને) આટલે દૂર લાવીને, યુદ્ધ પણ કર્યા વિના સાધુની પેઠે શયન કરે છે!, કારણ કે જે ઠગે છે તે સાધુ હોતો નથી. 'સાધુ ન હોય અને ઉંઘમાં ન હોય તેને જગાડવો એ દોષ નથી' એવી દુષ્ટ બુદ્ધિવાળાએ સૂતેલા(પુરુષ)ને ભગવાન્ માની, (પાછળ દોડવામાં તેના) એ પગોને દુઃખ થયું હતું તેથી, અને (પગની લાત મારવાથી) ઘણું જ અપમાન થાય એવા અભિપ્રાયથી પગની લાત મારી. (૧) સૂતેલાને જગાડવો (૨) અપમાન કરવા પગની લાત મારવી અને (૩) આ અચ્યુત છે એમ માનવું, એવા (તેના) ત્રણ દોષો (થયા).

'આ મોટો (રાજા) હતો, અને મોટા (નારદ)નો ઉપદેશ પ્રાપ્ત કરીને એવી દુષ્ટ બુદ્ધિવાળો કેમ થયો ?' એવી શંકા થાય, તેથી 'મૂઢે' શબ્દ યોજેલ છે. (તે) સ્વભાવથી પણ મૂઢ હતો. આ અચ્યુત છે એમ તે(અચ્યુત હોવા)ની બુદ્ધિથી (લાત) મારેલી હોવાથી, મોટાએ (મોટા પુરુષ યવને) લાત મારી છતાં પણ રાજા (મુચુકુંદ)ને જરા પણ દુઃખ થયું નહિ, એમ સૂચવેલું છે. ૧૦.

પછી જે થયું તે નીચેના શ્લોકમાં કહે છેઃ

---

૧. કાલયવનને મદદ કરનાર તેની સેનાની સમીપ તેનું બલ વધારે હોય, તેથી સેનાથી દૂર જઈ યુદ્ધ કરીશ એવો અભિપ્રાય જણાવી દૂર લાવી, હવે યુદ્ધ કરતા નથી એવી તેની બુદ્ધિ થઈ, એવો અર્થ છે.

**સ ઉત્થાય ચિરં સુપ્તઃ શનૈરુન્મીલ્ય લોચને ।।**
**દિશો વિલોકયન્ પાર્શ્વે તમદ્રાક્ષીદવસ્થિતમ્ ।।૧૧।।**

લાંબા સમય સુધી સૂતેલા તેણે ઉઠી, ધીરે ધીરે નયનો ઉઘાડી, દિશાઓ જોતાં તેને પાસે ઉભેલો જોયો. ૧૧.

લાંબા સમય સુધી સૂતેલાએ પણ પગની લાતથી ઉઠી, બધી દિશાઓ જોતાં, પાસે તે કાલયવનને જોયો. તેણે પહેલાં તો (કાલયવન ઉભેલ) તેની સામેની દિશા જોઈ. પછી ધીરે ધીરે નજર ફેરવતાં બીજી બાજુએ 'અવસ્થિતમ્' ઉભેલા (કાલયવન)ને પછી જોયો. ૧૧.

પછી 'આ કોણ છે ?' એવો પ્રશ્ન કરે તે પહેલાં જ માત્ર (મુચુકુંદે) જોવાથી જ તે બળીને રાખ થઈ ગયો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સ તાવત્તસ્ય રુષ્ટસ્ય દૃષ્ટિપાતેન ભારત ।।**
**દેહજેનાગ્નિના દગ્ધો ભસ્મસાદભવત્ક્ષણાત્ ।।૧૨।।**

હે ભારત ! તેટલામાં ક્રોધ પામેલાની તેની દૃષ્ટિ પડવાથી દેહમાંથી ઉત્પન્ન થએલા અગ્નિથી બળીને તે એક ક્ષણમાં રાખ થઈ ગયો. ૧૨.

અપરાધ વિનાનાને લાત મારી, તેથી તેને ક્રોધ થયો. તેથી ક્રોધ પામેલાની તેની દૃષ્ટિ પડવાના કારણથી, જેમ અગ્નિના સ્પર્શથી કાષ્ઠમાં રહેલો અગ્નિ પ્રકટ થાય છે તેમ કાલયવનના દેહમાં રહેલો જ અગ્નિ પ્રકટ થયો. પછી દેહમાંથી જ ઉત્પન્ન થએલા અગ્નિથી બળીને ક્ષણમાત્રમાં જ તે રાખ થઈ ગયો. બહાર રહેલો અગ્નિ દાવાનલની પેઠે થોડું જ બાળે, અથવા (તેનાથી કાલયવન) નાસી જાય. (આ તો) અંદર રહેલો અગ્નિ હોવાથી (તેની) બધી ક્રિયાઓ અટકાવી દઈ તેને (બાળી) રાખ જ બનાવી દીધો. ૧૨.

'ભગવાને આ યવનને હરકોઈ પ્રકારે હણ્યો' એટલું જ ચાલુ પ્રસંગમાં કહેવા ઈચ્છેલું હોવાથી, શુક વધારે કહેશે નહિ એવા ભયને લીધે, અને પરિક્ષિત્ પોતે સાવધાન રહી શ્રવણ કરે છે એમ જણાવવા, રાજા શુકને નીચેના શ્લોકમાં પ્રશ્ન કરે છેઃ
।। રાજોવાચ ।। રાજા કહે છે.

**કો નામ સ પુમાન્ બ્રહ્મન્કસ્ય કિંવીર્ય એવ ચ ।।**
**કસ્માદ્ગુહાં ગતઃ શિશ્યે કિં તેજો યવનાર્દનઃ ।।૧૩।।**

હે બ્રહ્મન્! તે પુરુષ ખરેખર કોણ હતો? કોનો સંબંધી અને કેવા વીર્યવાળો હતો? ગુફામાં જઈને શા માટે સૂતો હતો? યવનનો નાશ કરનાર કેવા તેજવાળો હતો? ૧૩.

('નામ' 'ખરેખર' શબ્દ) પ્રસિદ્ધિને લીધે અજ્ઞાન ન હોવાનું જણાવે છે[1] 'અન્યમ્' 'બીજા' એ (શ્લોક ૯માં આવેલ) નરજાતિના શબ્દથી તેનું પુરુષ (હોવા)પણું જણાએલું જ છે. બીજી પાંચ બાબતો જાણવાની છે.

**નામસમ્બધરૂપાણિ નિમિત્તં શયને તથા ।।**

**દાહકત્વં દષ્ટિમાત્રાદ્બ્રહ્મવિજ્જ્ઞાસ્યતે પરઃ ।।૫।।**

(૧) નામ, (૨) સંબંધ અને (૩) રૂપ (૪) તે પ્રમાણે શયન કરવાનું કારણ (૫) માત્ર દૃષ્ટિથી બાળી નાખનાર (હોવાનું કારણ) ઉત્તમ બ્રહ્મ જાણનાર (આ સર્વ) જાણશે[2]. (જાણે છે જ). કા. ૫.

૧. નામ ૨. કોનો સંબંધી તે હતો? ૩. 'કિં' શું હતું 'વીર્યં' વીર્ય જેનું (એટલે કેવા વીર્યવાળો હતો)? તેમ (વીર્ય) ન હોય તો સિંહ વિગેરે હોવાનો જેમાં સંભવ હતો તેવા પ્રદેશમાં કેમ શયન કરે ? અને ૪.(શયન માટે) ઉત્તમ સ્થાનો હોવા છતાં કયા પ્રયોજનથી ગુફામાં જઈને સૂતો હતો ? ૫.વળી તેનું શું તેજ હતું ? 'કિં' શું છે 'તેજઃ' તેજ 'યસ્ય' જેનું, તે 'કેવા તેજવાળો' (હતો) ? કારણ કે તે યવનનો નાશ કરનાર થયો. અગ્નિ સૂર્ય વિગેરેમાં પણ એવા (યવનનો નાશ કરે તેવા) પ્રકારનું તેજ સંભવતું નથી. 'યવન' શબ્દથી તે (યવનનો નાશ કરનાર)ની પણ સરસાઈ કહેલી છે. આ કથા લંબાણથી કહેવી જોઈએ એવા અભિપ્રાયથી (પ્રશ્ન કરેલો છે). ૧૩.

આ (મુચુકુંદ)ને માટે જ ભગવાન્ (ગુફામાં) પધારેલા, તેથી નીચેના શ્લોકથી આરંભી સાત શ્લોકોથી તેનું ઉત્તમપણું જણાવે છેઃ

શ્રીશુક કહે છેઃ

**સ ઈક્ષ્વાકુકુલે જાતો માંધાતૃતનયો મહાન્ ।।**

**મુચુકુન્દ ઈતિ ખ્યાતો બ્રહ્મણ્યઃ સત્યસઙ્ગરઃ ।।૧૪।।**

તે ઉત્તમ (પુરુષ) ઈક્ષ્વાકુના કુલમાં જન્મેલો, માંધાતાનો પુત્ર મુચુકુંદ એ નામથી પ્રખ્યાત, બ્રાહ્મણોનું હિત કરનારો અને સત્ય યુદ્ધવાળો હતો. ૧૪.

અને તે (મુચુકુંદ) ભવિષ્યમાં ભગવાનનો ભક્ત થવાનો છે તેથી આ (કથા) ભગવાનની જ કથા છે એમ જણાવવા (સાત શ્લોકોથી તેનું ઉત્તમપણું જણાવે છે). તેમ ન હોય તો ભગવાન્ સિવાયનાની કથા શ્રવણ કરવા યોગ્ય નહિ હોવાથી શ્રવણ કરનારાઓને અણગમો થાય. તે ઈક્ષ્વાકુના કુલમાં જન્મેલો હતો. મનુના પુત્રોમાં

૧. તે યવનનો નાશ કરનાર પ્રસિદ્ધ હતો એમ 'નામ' શબ્દથી જણાય છે. જે પ્રસિદ્ધ હોય તે શુકથી અજાણ્યો ન હોય, એવો અર્થ છે.

૨. 'પરઃ' ઉત્તમ 'બ્રહ્મવિદ્' બ્રહ્મ જાણનાર (શુક) આ સર્વ જાણશે. ''એવા હેતુથી 'બ્રહ્મન્' એવું સંબોધન કરેલું છે.'' એટલું અધ્યાહાર છે. (લે)

ઈક્ષ્વાકુ* મુખ્ય હતો, અને માંધાતા* યોનિમાંથી જન્મેલો ન હતો, પણ માત્ર પુંસવન જલમાંથી* જન્મેલો હતો. તે અપ્રાકૃત (દૈવી) બીજમાંથી જન્મેલો પણ હતો, અને સ્વરૂપથી પણ ઉત્તમ હતો. એ પ્રમાણે (૧) કુલનું ઉત્તમપણું, (૨) પિતાનું ઉત્તમપણું અને (૩) સ્વરૂપથી પણ ઉત્તમપણું કહ્યું. 'મુચુકુંદ એ નામથી પ્રખ્યાત' શબ્દોથી તેનું નામથી પણ ઉત્તમપણું જણાવે છે. 'બ્રાહ્મણોનું હિત કરનારો' અને 'સત્ય યુદ્ધવાળો' વિશેષણોથી તેના વૈદિક અને સ્વાભાવિક ગુણો કહેલા છે. બ્રાહ્મણોનું હિત કરનારો હોય તો બધાએ વૈદિક ધર્મો સિદ્ધ થાય. 'સત્યઃ' સત્ય છે 'સંગરઃ' યુદ્ધ જેનું તેવો (તે હતો). ૧૪.

**સ યાચિતઃ સુરગણૈરિન્દ્રાદ્યૈરાત્મરક્ષણે ।।**
**અસુરેભ્યઃ પરિત્રસ્તૈસ્તદ્રક્ષાં સોऽકરોચ્ચિરમ્ ।।૧૫।।**

અસુરોથી ભય પામેલા ઈન્દ્ર વિગેરે દેવોના સમુહોએ પોતાનું રક્ષણ કરવા તેને પ્રાર્થના કરી, તેણે લાંબા સમય સુધી તેઓનું રક્ષણ કર્યું. ૧૫.

એ પ્રમાણે તે છ ગુણોવાળો[1] હોવાથી ઈન્દ્ર વિગેરેએ પોતાનું રક્ષણ કરવા તેને પ્રાર્થના કરી. આથી[2] તે ભગવાનની સમાન હતો એમ કહેવાયું. (તેના) ગુણો સ્વરૂપથી, લોકથી અને કાર્યથી ઉત્તમ હતા એમ કહેવાયું.

'સંસારથી ભય પામેલા (જીવો) મોટા પુરુષને (પ્રાર્થના કરે) તેમ (દેવોએ તેને) પ્રાર્થના કરી હશે' એવી શંકા થાય. તેથી 'અસુરોથી ભય પામેલા' વિશેષણ યોજેલું છે. જે દેવોને પણ હણે છે, તેઓને પણ હણીને તેણે રક્ષણ કર્યું એમ 'તેણે રક્ષણ કર્યું' શબ્દોથી કહેલું છે. દૈત્યો નાસી જાય ત્યારે તેઓ ફરી આવે એવો ભય રહે, તેથી તેણે 'લાંબા સમય સુધી' એટલે ઈન્દ્ર વિગેરે બહુ બલવાન થયા ત્યાં સુધી (દેવોનું) રક્ષણ કર્યું. યજ્ઞ વિગેરે કરતાં પણ અધિક (ઉત્તમ), ક્ષત્રિયોનો આ (રક્ષણ કરવાનો) જ ધર્મ કહેલો છે. ૧૫.

અને તે રક્ષણનો અંત આવવાનો સમય થયો, તેથી રક્ષણનો અંત જણાવતાં નીચેનો શ્લોક કહે છેઃ

**લબ્ધ્વા ગુહં તે સ્વઃપાલં મુચુકુન્દમથાબ્રુવન્ ।।**
**રાજન્વિરમતાં કૃચ્છ્રાદ્ભવાન્નઃ પરિપાલનાત્ ।।૧૬।।**

સ્વર્ગનું પાલન કરનાર કાર્તિકેયને પ્રાપ્ત કરીને પછી તેઓએ મુચુકુંદને કહ્યું કે

---

*-*-*. આ કથા માટે નવમા સ્કંધનો છઠ્ઠો અધ્યાય જૂઓ.

૧. શ્લોક ચૌદમાં કહેલાં છ વિશેષણોથી જણાવેલા છ ગુણોવાળો.

૨. 'આથી' એટલે છ ગુણોવાળો કહ્યો તેથી.

'હે રાજા ! અમારું પાલન (કરવા)નું દુઃખ આપ બંધ રાખો'. ૧૬.

કાર્તિકેયનો જન્મ થયો, પછી તારક વિગેરે દૈત્યો હણાયા એટલે તે દેવોનો સેનાપતિ થયો, પછી મુચુકુંદને રક્ષણ કરવાનું બંધ રાખવાની પ્રાર્થના કરી. રાજાના[1] નિયમ પ્રમાણે આને (મુચુકુંદને રક્ષણ કરવામાં) સ્વાર્થ ન હતો, એમ આથી સૂચવેલું છે. પછી (દેવોએ) સ્વસ્થ થઈને જૂદા આરંભથી[2] રાજાને કહ્યું. પહેલાં ભય પામેલા હતા. (અને) હવે સંતોષ પામ્યા તેથી જૂદો આરંભ (કહેલો છે). ઉત્તરાર્ધથી આરંભી તેઓનાં વાક્યો કહે છે. આરંભમાં (મુચુકુંદથી) જે કરવામાં આવતું હતું તે બંધ રખાવે છે, કે 'નઃ' અમારું પાલન કરવારૂપ દુઃખ બંધ રાખો. જો કે (મુચુકુંદ) સ્વર્ગમાં રહેલો હતો, છતાં પણ તે ભોગ ભોગવતો ન હતો અને સદા યુદ્ધ કરતો હતો. તેથી (તેને) દુઃખ જ હતું. ૧૬.

અમારું રક્ષણ કરવામાં માત્ર (તારા) દેહને જ દુઃખ થાય છે એટલું જ નહિ. પરંતુ તારા બધાંએનો નાશ થયો છે, કારણ કે ભોગ અને ભોગનાં સાધનોનો નાશ થયો છે, એમ નીચેના બે શ્લોકોથી કહે છે:

**નરલોકં પરિત્યજ્ય રાજ્યં ચ હતકણ્ટકમ્ ||**
**અસ્માન્ પાલયતો વીર કામાસ્તે સર્વ ઉજ્ઝિતાઃ ||૧૭||**
**સુતા મહિષ્યો ભવતો જ્ઞાતયોઽમાત્યમન્ત્રિણઃ ||**
**પ્રજાશ્ચ તુલ્યકાલીના નાધુના સન્તિ કાલિતાઃ ||૧૮||**

હે વીર ! નરલોકનો અને નિષ્કંટક રાજ્યનો ત્યાગ કરીને અમારું રક્ષણ કરતાં તમારી સર્વ કામનાઓ (તમે) તજેલી છે. આપના પુત્રો, રાણીઓ, સગાઓ, પ્રધાનો, મંત્રીઓ અને પ્રજા જે સમાન કાલના (તમારા સમયના) હતા, તેમનો કાલે નાશ કરેલો હોવાથી, હવે તેઓ નથી. ૧૭-૧૮.

જન્મભૂમિ અને સાથે સાથે જન્મેલા (પ્રાણીઓ) સર્વને સુખ આપનારા હોય છે, તેથી નરલોકનો ત્યાગ પણ દુઃખનું કારણ છે, અને નિષ્કટંક રાજ્ય તેવું[1] છે. (મુચુકુંદ) સર્વથી મોટો (પુત્ર) ન હતો[2] છતાં પણ શૂરવીર હોવાથી રાજ્ય આને જ

---

૧. 'રાજન્યાયેન' એવા વૃંદાવન પ્રેસવાળા ગ્રંથના પાઠ પ્રમાણે અર્થ કરેલો છે. મી. તેલીવાળાએ પ્રસિદ્ધ કરેલ ગ્રંથમાં 'રયિન્યાયેન' પાઠ છે તે 'રવિન્યાયેન' હશે. એમ હોય તો 'સૂર્યના નિયમ પ્રમાણે' એવો અર્થ થાય. જેમ સૂર્ય સ્વાર્થ માટે પ્રકાશતો નથી, પણ પરોપકાર માટે પ્રકાશે છે, તેમ મુચુકુંદને દેવોનું રક્ષણ કરવામાં સ્વાર્થ ન હતો.

૨. આ 'અથ' શબ્દનો અર્થ કરે છે.

૧. 'તેવું' એટલે 'ત્યાગ કરવાથી દુઃખ આપનારું.'

૨. માંધાતાના ત્રણ પુત્રમાં મુચુકુંદ નાનો હતો. જૂઓ ૯|૬|૩૮.

આધીન હતું, તેથી આમાં જ ભોગ રહેલો હતો (એ જ ભોગ ભોગવનારો હતો). એ પ્રમાણે સર્વ પ્રકારે પ્રતિબંધ વિનાના ભોગનો ત્યાગ કરીને અમારું જ રક્ષણ કરતાં તારી બધીએ કામનાઓ તજાએલી છે, એટલે તેં બધીએ કામનાઓને તજેલી છે. તેનું કારણ 'હે વીર !' સંબોધનથી કહેલું છે, કારણ કે જેનામાં વીરરસ મુખ્ય હોય તે બીજી કામનાને સુખ માનતો નથી. તેં અમારા ઉપર મોટો ઉપકાર કરેલો છે, એમ જણાવવા આ કહેલું છે. દેહના સંબંધીઓનો પણ તેં ત્યાગ કરેલો છે એમ 'પુત્રો, રાણીઓ...'થી કહે છે. સ્વર્ગમાં દિવસ એક વર્ષરૂપ હોવાથી[3] જેમ બ્રહ્માની સભામાં ગએલા રૈવતને[4] (કાલનું જ્ઞાન રહ્યું ન હતું) તેમ તેને કાલનું જ્ઞાન ન હતું, તેથી (દેવો તેને) જણાવે છે. 'મહિષ્યઃ' રાણીઓ, 'જ્ઞાતયઃ' ભાઈઓ વિગેરે (સગાઓ) (આ દેહના સંબંધીઓ કહ્યા). 'અમાત્યાઃ' અધિકારવાળા (રાજાના) સેવકો, અને મંત્રીઓ, આ રાજ્યના સંબંધવાળા (રાજ્યને લીધે તેના સંબંધીઓ કહ્યા). (દેહના અને રાજ્યના સંબંધીઓ) બંને સમાનકાલના, અને પ્રજા એટલે મિત્રો, તે (બધા) હવે ત્યાં નથી, કારણ કે 'કાલિતાઃ' કાલે તેમનો નાશ કરેલો છે. ત્યાં (નરલોકમાં) જવું જોઈએ, એવી (મુચુકુંદની) આશાને કાઢી નાખી છે. ૧૮.

'ત્યારે તમો (દેવો)એ તેઓનું રક્ષણ કેમ ન કર્યું ? કારણ કે દેવો આયુષ્ય (આપવા)ની સત્તાવાળા છે' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**કાલો બલીયાન્ બલિનાં ભગવાનીશ્વરોऽવ્યયઃ ।।**
**પ્રજાઃ કાલયતે ક્રીડન્ પશુપાલો યથા પશૂન્ ।।૧૯।।**

બલવાનોથી પણ બલવાળો ભગવાન્ ઈશ્વર અવ્યય કાલ, જેમ પશુઓને ભરવાડ રમતાં હાંકી લઈ જાય છે તેમ પ્રજાને રમતાં હાંકી લઈ જાય છે. ૧૯.

વાયુ, આસન્ય[1], ગુણો એ બલવાળાઓ છે. તેઓથી પણ (કાલ) બલવાન છે, તેનું કારણ 'ભગવાન્' શબ્દથી કહેલું છે.

'(હું) ધર્મ કરતો હતો ત્યારે ક્લેશ વિના કર્મ કરનારા ભગવાને મારા (સ્ત્રી, પુત્ર, અમાત્ય વિગેરે)નું ભક્ષણ શા માટે કર્યું ?' એવી શંકા થાય, તેથી 'ઈશ્વર' શબ્દ યોજેલો છે, કારણ કે ઈશ્વરને બંધન હોતું નથી.

'ત્યારે ભગવાને ભક્તને એવું (દુઃખ) કેમ કર્યું ?' એવી શંકા થાય, તેથી

---

૩. આપણું એક વર્ષ એ દેવોનો એક દિવસ છે. મકરસંક્રાંતિ એ દેવોનો સૂર્યોદય છે. ઉત્તરાયણના છ માસનો તેમનો દિવસ છે અને દક્ષિણાયનના છ માસની તેમની રાત છે.

૪. જૂઓ ૯।૩।૨૯ થી ૩૫.

૧. 'આસન્ય' એટલે મુખમાં રહેલ. ભગવાનના મુખમાં અગ્નિ રહેતો હોવાથી, તે આસન્ય કહેવાય છે. જૂઓ નિબંધ ૧।૩૮ ઉપરનો પ્રકાશ.

'અવ્યય' શબ્દ યોજેલો છે. તે (કાલ) અક્ષરરૂપ છે, પરંતુ પુરુષોત્તમરૂપ નથી. તેથી તે ભક્તોનો પક્ષપાત કરતો નથી. પક્ષપાત (કરતો) હોય તો પણ જેનો વિનાશ ન થાય તેવું જ સ્થાન તે આપવાનો છે, તેથી તેણે પુત્ર વિગેરેને દૂર કર્યા. 'રમતાં પણ પ્રજાને હાંકી લઈ જાય છે' શબ્દોથી તેનો આ સ્વભાવ જ છે એમ કહે છે, કારણ કે છૂટાં છવાયાં વીખરાઈ ગએલાને તે પોતાની અંદર લાવે છે. પોતાના ઘરમાં પૂરે છે. (કાલ આ પ્રમાણે કરતો હોવાથી) તેનામાં દોષની બુદ્ધિ થાય (તે દોષવાળો છે એમ જણાય), તેથી 'જેમ પશુઓને ભરવાડ (લઈ જાય છે)' એવું દૃષ્ટાંત કહે છે. (વાડાની) બહાર રહેલા પશુઓને વાઘ વિગેરે મારી નાખે તેથી (ભરવાડ તેમને વાડામાં પૂરે છે), તેમ ઘણા સમય સુધી બહાર રહેલા (જીવો) અવળા માર્ગે જનારા થઈ જાય, તેથી કાલ પણ તેઓને બહાર રહેવા દેતો નથી. તેથી (તેમને જીવતા રાખવાનો) ઉપાય નહિ હોવાથી, તેઓ ગયા (મરણ પામ્યા). ૧૯.

તેના (મુચુકુંદના) મનને સંતોષ થાય તે માટે નીચેના શ્લોકમાં 'વર માગ' એમ કહે છે:

**વરં વરય ભદ્રં તે ઋતે કૈવલ્યમાત્મનઃ ।।**
**એક એવેશ્વરસ્તસ્ય ભગવાન્વિષ્ણુરવ્યયઃ ।।૨૦।।**

તમારું ભલું થાઓ. હવે તમે અમારી પાસે આત્માના મોક્ષ સિવાય (બીજો) વર માગો. અવ્યય ભગવાન્ વિષ્ણુ એકલા જ તે (મોક્ષ) (આપવા) શક્તિવાળા છે. ૨૦.

'કાલ મને પણ પકડી લેશે તો પછી વરથી શું (વરશે) ?' એવી શંકા થાય, તેથી (એવો વર) માગેલ નહિ હોવા છતાં, કાલ ખાઈ ન જાય એવો (વર) તને આપશું એમ સૂચવતાં 'તમારું ભલું થાઓ' એમ કહે છે. તમારું ભલું જ થશે, એટલે (તમારી) ઈચ્છા ન હોય ત્યાં સુધી કાલ તમને ખાઈ નહિ જાય, એવો અર્થ છે.

'ત્યારે કાલના વિજય પછી મોક્ષ આપો' (એવો વર માગશે) એવા ભયથી 'મોક્ષ સિવાય' શબ્દો કહેલા છે, કારણ કે અમો દેહના સ્વામી દેવો તત્ત્વોના[1] અંશો છીએ, તેથી આત્મા(ના વિષય)માં અમારો અધિકાર નથી; અને મોક્ષ આત્માનો થાય છે. દેહ વિગેરેનો મોક્ષ તો પુરુષાર્થરૂપ નહિ હોવાથી માગવા યોગ્ય નથી.

જો કે ''(ઈન્દ્રિયોના) અધિષ્ઠાતા બધા દેવો કામ કરતા અટકી જાય, તો તેવા સમયે (આત્માને) કેવલપણું (ઈન્દ્રિયોના સંબંધ વગરના થવાપણું) પ્રાપ્ત થાય છે, એટલે મોક્ષ પણ દેવોને અધીન જ છે; પ્રાણીઓને દુઃખ મટે એ જ ઈચ્છેલું હોય છે. પરમાનંદ પ્રાપ્ત થાય એ (ઈચ્છેલું) હોતું નથી; અને 'આત્માની પ્રાપ્તિથી અધિક

(કાંઈ) નથી' વિગેરે શ્રુતિઓથી પણ (એમ જ) સિદ્ધ થતું હોવાથી, આત્માએ વિવેક પ્રાપ્ત કર્યો છે કે પ્રાપ્ત કર્યો નથી, એ સ્મૃતિના નિયમ પ્રમાણે મોક્ષ પણ દેવોને જ અધીન છે.'' તો પણ આ (દેવો) ભગવાનની આજ્ઞાને લીધે પ્રવૃત્તિ (કામ કરવા)ના સ્વભાવવાળા જ છે, પ્રવૃત્તિ કરવામાં આવે ત્યારે જ જેવું ઈચ્છેલું હોય તેવું આપવાની શક્તિવાળા છે, પરંતુ પોતે (કામ કરતા) અટકીને (ઈચ્છેલું આપવાની શક્તિવાળા) નથી. તેમ કરે (પોતે કામ કરતા અટકી ઈચ્છેલું આપે) તો ઈશ્વરનો અપરાધ થાય.

અથવા રૂઢિને લીધે 'મોક્ષ' એટલે ભગવાન્ સંબંધી આનંદ, અથવા આનંદનું પ્રકટ થવું તે. તેથી મોક્ષ સિવાયનું માગવું. વળી 'આત્માના' શબ્દથી એમ સૂચવેલું છે કે આત્માના હિત સિવાયનું માગવું.

'ત્યારે મોક્ષ કેવી રીતે પ્રાપ્ત થશે ?' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધથી તે (આપવા)ની શક્તિવાળાને જણાવે છે. તે આત્માનો મોક્ષ (આપવા)ની શક્તિવાળા એક જ છે, કારણ કે (બીજું) સર્વ સર્વ (દેવો)ને આપી પોતાને માટે તેમણે તે રાખેલ છે. (તેમ કહેલ છે), કારણ કે તે 'ભગવાન્' છે એટલે ઐશ્વર્ય વિગેરે (તેમનામાં) પોતાની મેળે રહેલાં છે.

'અંધકારની પેલી પાર પુરુષોત્તમ રહેલા છે. તે અધિકારી[2] નહિ હોવાથી તેમણે પોતાને માટે તે (મોક્ષ આપવાની શક્તિ) કેમ રાખી ? તેમ હોય તો કોઈનો પણ મોક્ષ થાય નહિ' એવી શંકા થાય, તેથી 'વિષ્ણુ' શબ્દ યોજેલો છે. તે (પુરુષોત્તમ) જ અહિં મોક્ષ આપવા માટે 'વિષ્ણુ' નામથી પ્રસિદ્ધ થયા છે. તે વિષ્ણુમાં (૧) ભગવાનપણું અને (૨) અધિકારરૂપ ભગવાનપણું એવા બે (ગુણ) કહેલા છે. તેમનાથી કાલનું પણ ઉલ્લંઘન થાય છે એમ સૂચવવા 'અવ્યય' શબ્દ યોજેલો છે. તેમનો નાશ થતો નથી. આ (શબ્દ)થી તેમને (કોઈની) દરકાર નથી એમ પણ સૂચવેલું છે. આથી એમ જણાવેલું છે કે (જગતનું) પાલન કરવાનો અધિકાર હોવા છતાં તે નિવૃત્તિ (કામ કરતાં અટકવું તે) પણ કરાવશે. તેથી દેવો મોક્ષ આપતા નથી અને તે મોક્ષ આપે છે તેનું કારણ પણ કહ્યું. આ વિષયમાં (મોક્ષ આપવામાં) જરુરી જે કહેલું નથી તે પણ અર્થથી (વિષ્ણુમાં છે એમ) કહેલું જાણવું. ૨૦.

તે વિષયમાં 'વિષ્ણુની પ્રાપ્તિ કેમ થશે ?' એવી શંકા થતાં, 'તે મોક્ષ આપવા જ અવતાર ધારણ કરશે, ત્યારે તેમને પ્રસન્ન કરવાથી અથવા તેમની આજ્ઞા પ્રમાણે કરવાથી મુક્તિ થશે' એવો ઉત્તર મળતાં, ફરીથી 'ક્યારે તે અવતાર ધારણ

૧. ભૂમિ, જલ વિગેરે મૂલ પદાર્થો.

૨. 'અધિકારી' એટલે બીજાએ જેને અમુક કાર્ય માટે યોજેલો છે તે.

કરશે ?' એ જાણવાની ઈચ્છા થતાં, 'અઠ્ઠાવીસમા યુગમાં તે અવતાર ધારણ કરશે' એમ જાણીને, ત્યાં સુધી શાંત રહેવામાં કામ વિગેરે અને ભૂખ, તરસ વિગેરે પીડા કરશે તેથી, (વળી) સમાધિમાં પણ આ દુઃખ છે તેથી, અને સુષુપ્તિ તથા સમાધિમાં આનંદનો અનુભવ સરખો છે તેથી, ફલ આપનાર વિષ્ણુ જ હોવાથી યોગ વિગેરેનું પ્રયોજન નહિ હોવાથી અને વધારે પ્રયાસ (કરવા)થી દુઃખ (થવા)નો સંભવ હોવાથી તેણે સુષુપ્તિ જ માંગી. પછી દેવોએ (તેને) પોતાની નિદ્રા આપી, કારણ કે તેઓને સ્વપ્ના થતાં નથી. એટલે તે સુષુપ્તિ જ છે. તેથી વર તરીકે નિદ્રા પ્રાપ્ત કરીને, 'તે (નિદ્રા)માં વિઘ્ન કરનારો માત્ર (મુચુકુંદ) જોવાથી જ બળીને રાખ થઈ જશે.' એવો વર પ્રાપ્ત કરીને, તેણે અઠ્ઠાવીસ યુગ સુધી નિદ્રા કરી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**એવમુક્તઃ સ વૈ દેવાનભિવંદ્ય મહાયશાઃ ।।**
**અશયિષ્ટ ગુહાવિષ્ટો નિદ્રયા દેવદત્તયા ।।૨૧।।**

એમ કહેવાએલા ઘણા યશવાળા તેણે દેવોને વંદન કરી, ગુફામાં પ્રવેશ કરી દેવોએ આપેલી નિદ્રાને લીધે નિદ્રા કરી. ૨૧.

ગુફામાં ટાઢ, તડકો વિગેરે ઉપદ્રવો નહિ હોવાથી, તેમાં પ્રવેશ કરી, તેણે 'અશયિષ્ટ' નિદ્રા કરી. ૨૧.

એ પ્રમાણે પ્રસંગથી નીકળેલી કથા કહી, નીચેના શ્લોકથી ચાલુ કથા કહે છેઃ

**યવને ભસ્મસાન્નીતે ભગવાન્ સાત્વતર્ષભઃ ।।**
**આત્માનં દર્શયામાસ મુચુકુંદાય ધીમતે ।।૨૨।।**

યવન બળીને ભસ્મ થતાં, વૈષ્ણવોના સ્વામી ભગવાને બુદ્ધિમાન મુચુકુંદને પોતાનાં દર્શન કરાવ્યાં. ૨૨.

૧. દેવોને કરેલું નયન ૨. ભગવાનની આશાથી રહેવું અને ૩.ભગવાનનું માહાત્મ્ય સાંભળવાથી પ્રાપ્ત થએલી શ્રદ્ધા એ ત્રણ તેના ગુણો જોઈને, પ્રસંગને લીધે તેણે ભક્તો(દેવો)નું હિત કરેલું તે પણ જાણીને, યવન બળીને ભસ્મ થયો ત્યારે સર્વ જાણનારા અને સર્વ કરવા શક્તિવાળા, વૈષ્ણવોના 'ઋષભઃ' સ્વામી ભગવાન્ જો તેવા ગુણવાળા મુચુકુંદ ઉપર કૃપા ન કરે તો ભક્તોને દુઃખ પણ થાય, તેથી તેમણે ભક્તનું હિત કરનારાં અને સ્વતંત્ર કર્મનું આચરણ કર્યું એવા અભિપ્રાયથી 'વૈષ્ણવોના સ્વામી' શબ્દ યોજેલો છે. તે પૈકી આરંભમાં 'પોતાનાં દર્શન કરાવ્યાં' શબ્દોથી ભક્તોનું હિત કરનારું આચરણ કહેલું છે. (મુચુકુંદ નામમાં) 'ઉ' અક્ષર સર્વ સ્થલે દોષ રહિતપણું સૂચવનારો છે. 'મ' અક્ષરનો અર્થ પુરુષનો આનંદ અથવા 'મુદ્' એટલે પરમાનંદ છે. 'ચુ' અક્ષરનો અર્થ દોષ વિનાનું ચૈતન્ય (ચિદ્ અંશ) છે.

'કુ' અક્ષરનો અર્થ દોષ વિનાનો 'સત્' અંશ છે. પહેલાં (મુચુકુંદે) જ્ઞાન વિગેરે મારફત લોકોને સચ્ચિદાનંદરૂપ આપેલું તેથી તેવા (પુરુષ)ને (ભગવાને) સ્વરૂપનાં દર્શન કરાવવાં જ જોઈએ. (ભગવાન્ પોતાનું સ્વરૂપ તેને) જણાવે તેની તેને જરુર ન હતી, અને (ભગવાનથી) વિરુદ્ધ વિચાર તેને આવવાનો ન હતો, તેથી (તેને) 'બુદ્ધિમાન' એમ કહેલ છે; કારણ કે તે બુદ્ધિવાળો હતો. તેને પહેલાં (દેવોએ કરેલો) ઉપદેશ સાંભરતો હતો એમ પણ (આ વિશેષણથી) સૂચવેલું છે. ૨૨.

પછી જે થયું તે નીચેના શ્લોકથી આરંભી ચાર શ્લોકોથી કહે છેઃ

**તમાલોક્ય ઘનશ્યામં પીતકૌશેયવાસસમ્ ।।**
**શ્રીવત્સવક્ષસં ભ્રાજત્કૌસ્તુભેન વિરાજિતમ્ ।।૨૩।।**
**ચતુર્ભુજં રોચમાનં વૈજયન્ત્યા ચ માલયા ।।**
**ચારુપ્રસન્નવદનં સ્ફુરન્મકરકુણ્ડલમ્ ।।૨૪।।**
**પ્રેક્ષણીયં ત્રિલોકસ્ય સાનુરાગસ્મિતેક્ષણમ્ ।।**
**અપીચ્યવયસં મત્તમૃગેન્દ્રોદારવિક્રમમ્ ।।૨૫।।**

વાદળાંના જેવા શ્યામ, પીળાં રેશમી વસ્ત્રવાળા, છાતી ઉપર શ્રીવત્સ-વાળા, પ્રકાશતા કૌસ્તુભથી શોભતા, ચાર ભુજાઓવાળા, અને વૈજયંતી માલાથી શોભતા, સુંદર પ્રસન્ન મુખવાળા, પ્રકાશતાં મકરના (આકારના) કુંડલોવાળા, ત્રણ લોકે દર્શન કરવા યોગ્ય, પ્રેમ અને સ્મિતવાળાં નયનવાળા, ઘણી સુંદર વયવાળા, મદવાળા સિંહના જેવા ઉદાર પરાક્રમવાળા તેમને જોઈને...૨૩-૨૪-૨૫.

'તેમને જોઈને પૂછ્યું' એમ ચોથા (છવીસમા) શ્લોક સાથે (વાક્યનો) સંબંધ છે. કાલનું ઉલ્લંઘન કરીને[1] તે મોક્ષ પ્રાપ્ત કરે તે માટે, 'વાદળાંના જેવા શ્યામ'થી આરંભી ભગવાનનું તેર પ્રકારે[1] તેટલાં (તેર) વિશેષણોથી વર્ણન કરે છે.

(૧) (ભગવાન્) માત્ર રસરૂપ (શ્યામ) હોય તો દુઃખની સાથે સુખ (થાય. તે) પુરુષાર્થ થતો નહિ હોવાથી 'વાદળાંના જેવા શ્યામ' કહેલા છે. (ભગવાન્) વાદળાંના જેવા શ્યામ છે, કારણ કે તે (વાદળું) તાપ હરનારું ક્રિયાનું ફલ આપનારું અને સુખ કરનારું છે. એ પ્રમાણે ભગવાનને ત્રણ ગુણોવાળા રસરૂપ ફલરૂપ જણાવેલા છે. (ભગવાન્) સંસારને ઠીટાડતાં (તાપ હરતાં), કર્મને સફલ કરતાં, પરમાનંદ આપનારા છે.

(૨) 'પીળાં રેશમી વસ્ત્રવાળા' એનું વ્યાખ્યાન કરેલું[2] છે. એ પ્રમાણે પ્રમેયરૂપ અને પ્રમાણરૂપ (ભગવાન)નું નિરૂપણ કરી, તે (ગુણો)થી જ મોક્ષ અને

૧-૧. બાર મહિનારૂપ કાલ બાર પ્રકારનો હોવાથી તેનું ઉલ્લંઘન જણાવવા તેર વિશેષણો કહેલાં છે. ૨. આ અધ્યાયના પહેલા શ્લોકમાં.

ધર્મ (પુરુષાર્થ)નું સૂચન કરી, (૩) શ્રીવત્સવાળી છાતી છે જેમની અને (૪) પ્રકાશતા કૌસ્તુભથી શોભતા વિશેષણોથી અર્થ અને કામ (પુરુષાર્થો) કહેલા છે. ૨૩.

એ પ્રમાણે ચાર પ્રકારના પુરુષાર્થરૂપ (ભગવાન)નું નિરૂપણ કરી, (૫) 'ચાર ભુજાઓવાળા' વિશેષણથી તે (પુરુષાર્થો)નું દાન કરનારા પણ (ભગવાન્) છે એમ કહે છે, કારણ કે જેઓ સેવા કરે છે તેમને ભગવાન્ તે આપે છે.

(૬) 'વૈજયંતી માલાથી શોભતા' વિશેષણથી શરૂઆતમાં (ભગવાન્ વિષે) પ્રવૃત્તિ પ્રાપ્ત થાય તે માટે કીર્તિનો ઉપયોગ કહેલો છે. (ભગવાન્) કીર્તિથી (પોતાની અંદર) રુચિ ઉત્પન્ન કરે છે. 'વૈજયંતી[3]' શબ્દથી કીર્તિને પ્રભાવવાળી કહેલી છે.

(૭) એવી રીતે (ભગવાન્) સર્વ પુરુષાર્થો આપનારા છે એમ ઉપપત્તિ સહિત જણાવી, 'સુંદર પ્રસન્ન મુખ છે જેમનું' વિશેષણથી તે ભક્તિ આપનારા છે એમ કહે છે. અહિં પણ સુંદર એટલે મનને હરે તેવું (અને) પ્રસન્ન એટલે ફલ પ્રાપ્ત કરાવે તેવું, (એમ) સાધન અને ફલ સાથે અહિં (આ વિશેષણથી) ભક્તિનું નિરૂપણ કરેલું છે. (૮) 'પ્રકાશતાં મકરના (આકારના) કુંડલોવાળા' વિશેષણથી પહેલાંની[4] પેઠે તેમનામાં અંગ તરીકે રહેલાં પ્રવૃત્તિશાસ્ત્ર અને નિવૃત્તિશાસ્ત્ર કહેલાં છે. ૨૪.

એ પ્રમાણે શાસ્ત્રના સંબંધી ઉત્તમપણું જણાવી, (૯) 'ત્રણ લોકે દર્શન કરવા યોગ્ય' વિશેષણથી લોક સંબંધી ઉત્તમપણું જણાવે છે, કારણ કે લોક જે જૂએ તેને જ માન્ય રાખે છે. ત્રણે લોકમાં પણ લૌકિક દેહ ધારણ કરનારા ભગવાનજ દર્શન કરવા યોગ્ય છે, એટલે કોઈથી પણ ભગવાન્ સિવાય બીજો કોઈ સ્વીકાર કરવા યોગ્ય નથી. (૧૦) તેઓને દર્શનથી (ભગવાનમાં) પ્રવૃત્તિ થતાં ફલ પ્રાપ્ત થાય છે એમ 'પ્રેમ અને સ્મિતવાળાં નયનવાળા' વિશેષણથી કહે છે. પ્રેમ એટલે થોડા મોહવાળી ભક્તિ. નયન[5] એટલે જ્ઞાન, તેથી આ ત્રણે ભગવાન્ આપે છે એમ સૂચવેલું છે.

એ પ્રમાણે પુરુષોના સાધન અને ફલ (રૂપ ભગવાનને) જણાવી, (૧૧) 'ઘણી સુંદર વયવાળા' વિગેરે વિશેષણથી સ્ત્રીઓના (સાધન અને ફલરૂપ ભગવાન્) જણાવે છે. સ્ત્રીઓને પ્રિય હોય તે ઘણું સુંદર હોય, તેથી ઘણો પ્રેમ થાય તેવું વય છે જેમનું એવો અર્થ થયો. તેથી તેઓની ભગવાનમાં પ્રવૃત્તિ જણાવી. (૧૨) 'મદવાળા સિંહના જેવા ઉદાર પરાક્રમવાળા' વિશેષણથી ફલ(રૂપ ભગવાન્) કહે છે. મદવાળો જે 'મૃગેન્દ્રઃ' સિંહ (તેના જેવા છે), કારણ કે જેમાં સિંહ રહેલો છે તેવા સિંહના

૩. 'વૈજયંતી' એટલે માલા. આ કીર્તિ સૂચવે છે.

૪. આ અધ્યાયના ત્રીજા શ્લોકમાં.

૫. નયન મુખ્ય જ્ઞાનેન્દ્રિય છે.

ઘરમાં કોઈ પણ પ્રવેશ કરવા યોગ્ય નથી. (૧૩) માત્ર[૬] સંબંધથી જ ભગવાન્ રક્ષણ કરે છે એટલું જ નહિ, પરંતુ ઉદાર એટલે જેમ ઈચ્છેલું હોય તેટલું, મનની કામનાઓ પૂરી કરે ત્યાં સુધીનું 'વિક્રમઃ' પરાક્રમ છે જેમનું (તેવા ભગવાન્ છે). પરાક્રમ ઉદાર હોવાથી તે મોક્ષ (આપવા)માં પરિણમે છે એમ પણ સૂચવેલું છે. ૨૫.

એ પ્રમાણે વૈદિક અને લૌકિક બધાએ જ ફલ અને સાધનરૂપ ભગવાન્ એકલા જ પ્રાપ્ત કરવા યોગ્ય છે. તેથી તેવા (ભગવાન)નાં દર્શન કરીને ભક્તિ થાય તે માટે સંવાદથી (તેમનો) પરિચય કરીને પછી તેમનું ભજન કરવું એવા અભિપ્રાયથી આરંભમાં (તેમને) પ્રશ્ન કરે છે, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**પર્યપૃચ્છન્મહાબુદ્ધિસ્તેજસા તસ્ય ધર્ષિતઃ ।।**
**શંકિતઃ શનકૈ રાજા દુર્ધર્ષમિવ તેજસા ।।૨૬।।**

તેમના તેજથી અંજાઈ ગએલા ઘણા બુદ્ધિશાળી રાજાએ તેજને લીધે જાણે કે પરાભવ થઈ ન શકે તેવા (ભગવાન)ને ભય પામી ધીરેથી પ્રશ્ન કર્યો. ૨૬.

'(ભગવાન્ સંબંધી) એવા ભાવનું વર્ણન શા માટે કર્યું ? (તેમને) ઓળખ્યા વિના જ લૌકિક નિયમ પ્રમાણે (મુચુકુંદે) પ્રશ્ન કેમ ન કર્યો ?' એવી શંકા થાય, તેથી 'ઘણા બુદ્ધિશાળી' વિશેષણ યોજેલું છે. તેની બુદ્ધિ ઘણી હતી, (એટલે તે) બહુ ચતુર હતો. આ (ભગવાનનાં દર્શન વિગેરે) માટે જ સુષુપ્તિ પ્રાપ્ત કરીને રહેલો હતો. વળી તેમના તેજથી અંજાઈ ગએલો હતો, એટલે ભગવાનના તેજથી અંજાઈ ગએલો હતો; કારણ કે તે પોતાને ઈન્દ્ર વિગેરે કરતાં પણ ઘણો વધારે તેજવાળો માનતો હતો, (અને) જ્યારે તે પણ તેમના તેજથી અંજાઈ ગયો, ત્યારે 'આ પુરુષોત્તમ છે' એમ તે કેમ ન જાણે ? તેથી (તેમનો) પરિચય કરવા પ્રશ્ન કર્યો.

'પુરુષોત્તમને ઉદ્ધતાઈ જણાવનારો પ્રશ્ન પણ કેમ થઈ શકે ?' એવી શંકા થાય, તેથી 'ભય પામી, ધીરેથી' શબ્દો યોજેલા છે. પ્રશ્ન કરતાં પણ ભય પામેલો જ, છતાં પણ ભગવાન્ પધારેલા હોવાથી થોડી ઉદ્ધતાઈ કરી ધીરેથી તેણે પ્રશ્ન કર્યો. વળી તે 'રાજા' હતો, તેથી નીતિ પણ જાણતો હતો. કેટલાક એમ કહે છે કે તેના ભારે રજોગુણે પણ તેને ઉદ્ધતાઈ કરવામાં સાહાય્ય કરી.

'જાણે કે પરાભવ થઈ ન શકે તેવા' એ (વિશેષણનો અર્થ કરીએ છીએ). ભગવાનનાં દર્શન કરીને, તે (મુચુકુંદ) રાજા હોવા છતાં પણ તેમના તેજથી તે પરાભવ થઈ ન શકે તેવા છે એમ (જાણી), ધીરેથી જ પહેલાં વિનતિ કરીને જ બોલ્યો, કારણ કે (તેણે ભગવાન્ પાસે) આયુધો, સેવકો અને સામગ્રી (કાંઈ) જોયા

૬. આ છેલ્લા વિશેષણમાં 'ઉદાર' શબ્દથી મોક્ષમાં પરિણમે (મોક્ષ આપે) તેવું પરાક્રમ સૂચવેલું છે તે તેરમો પ્રકાર છે. (લે)

નહિ. (મુચુકુંદ) પોતે પણ રાજા હતો, તેથી 'ઇવ' 'જાણે કે' શબ્દ કહેલો છે. તેમ ન હોત તો તે (ભગવાનના) ચરણમાં જ પડત; અથવા ભગવાને તેવા પ્રકારનો તેને સંદેહ થાય તેવું પોતાનું રૂપ દેખાડ્યું, તેથી 'ઇવ' શબ્દ યોજેલો છે. ૨૬.

નીચેના શ્લોકથી આરંભી આઠ શ્લોકોથી પ્રશ્ન કરે છેઃ

મુચુકુંદ કહે છેઃ

**કો ભવાનિહ સંપ્રાપ્તો વિપિને ગિરિગહ્વરે ।।**
**પદ્ભ્યાં પદ્મપલાશાભ્યાં વિચરસ્યુરુકણ્ટકે ।।૨૭।।**

અહિં જંગલમાં પર્વતની ગુફામાં પધારેલા આપ કોણ છો (જે) કમલની પાંખડી જેવા ચરણોથી ઘણા કાંટાવાળા (સ્થલ)માં ફરો છો ? ૨૭.

પ્રશ્ન કરવાના હેતુઓ[1] કહે છે, કારણ કે તેમ ન કરે તો કૃત્રિમપણાની[2] શંકા થાય. ભગવાન્ પણ પોતાનો વૃત્તાંત કહે તે માટે મુચુકુંદ પોતાનો વૃત્તાંત પણ કહે છે.

આઠ ઐશ્વર્ય ભગવાનમાં જાણીતાં છે. તેમ હોવાથી[3], વધારે જ્ઞાન પ્રાપ્ત કર્યા વિના શરણ જવું યોગ્ય નહિ હોવાથી, અને પોતે[4] ફલ ઇચ્છનાર નહિ હોવાથી આઠ (શ્લોકો)થી પ્રશ્ન કરે છે.

સ્વરૂપ, ક્રિયા અને પ્રકાર સંબંધી ત્રણ પ્રશ્નો તેમાં વિરોધ જણાવવા કરે છે. (૧) આવું રૂપ કુદરતી આપ જ હોય, પણ બનાવટી બીજામાં પણ હોય, તેથી 'આપ કોણ છો ?' એવો સ્વરૂપ સંબંધી પ્રશ્ન કરે છે. (૨)એવું ઉત્તમ રૂપ ભલે હો, આવા 'વિપિને' જંગલમાં અને તેમાં પણ પર્વતના સંબંધને લીધે ન જઈ શકાય તેવા સ્થાન(ગુફા)માં કેમ પધાર્યા છો ? એવો ક્રિયાનાં(પધારવાનાં) પ્રયોજન સંબંધી પ્રશ્ન કરે છે. (૩) 'કમલની પાંખડી જેવા ચરણોથી' શબ્દોથી પધારવાના પ્રકાર સંબંધી પ્રશ્ન કરેલો છે, કારણ કે આ જંગલની ભૂમિ સંસ્કાર વિનાની (સાફ નહિ કરેલી) હોવાથી તેમાં ઘણા કાંટાઓ છે. કમલની પાંખડી કરતાં પણ કોમલ ચરણોથી તેવા

---

૧. 'હેતુઓ' એટલે સ્વરૂપ, ક્રિયા અને પ્રકાર સંબંધી હેતુઓ. (લે)

૨. હેતુઓનું જ્ઞાન ન હોય, તો ચાર ભુજાઓવાળું વિગેરે રૂપ બનાવટી છે એવી શંકા થાય, (એટલે ભગવાન્ નહિ પણ) બીજો જ કોઈ આવું રૂપ લઈ આવ્યો છે એવી શંકા થાય એવો અર્થ છે. (લે)

૩. ભગવાનમાં આઠ ઐશ્વર્યો પ્રસિદ્ધ હોવાથી, 'આ ભગવાન જ છે કે બીજો કોઈ ?' એવું વધારે (સ્પષ્ટ) જ્ઞાન ન થાય ત્યાં સુધી તેમને શરણ જવું યોગ્ય નથી. (લે)

૪. ભગવાન્ પોતે ફલ ઇચ્છનાર નથી એટલે મુચુકુંદ પાસેથી કાંઈ માગવા આવેલા નથી, તેથી (આ રૂપ) બનાવટી હોવાનું સંભવતું નથી, તેથી ઘણો સંશય રહે છે. તેથી આઠ પ્રકારનાં ઐશ્વર્ય સંબંધી ખાસ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે પ્રશ્ન કરેલો હોવાથી આઠ શ્લોકોથી તે કરેલો છે, એવો અર્થ છે. (લે)

સ્થાનમાં પધારવાનું ઘણા અગત્યના કામ વિના બને નહિ, તેથી તેવું ઘણું અગત્યનું શું કામ છે ? એવો (પધારવાના) પ્રકારના પ્રયોજન સંબંધી પ્રશ્ન છે. ૨૭.

'તું તર્કથી (ઉત્તર) જાણી લે' એવી શંકા થાય (એમ કહે), તેથી નીચેના બે શ્લોકોથી તર્કો જણાવે છેઃ

**કિંસ્વિત્તેજસ્વિનાં તેજો ભગવાન્ વા વિભાવસુઃ ।।**
**સૂર્યઃ સોમો મહેન્દ્રો વા લોકપાલોડપરોડપિ વા ।।૨૮।।**
**મન્યે ત્વાં દેવદેવાનાં ત્રયાણાં પુરુષર્ષભમ્ ।।**
**યદ્બાધસે ગુહાધ્વાન્તં પ્રદીપઃ પ્રભયા યથા ।।૨૯।।**

શું (આપ) તેજવાળાઓનું તેજ છો, અથવા ભગવાન્ અથવા અગ્નિ છો ? અથવા સૂર્ય, સોમ અથવા મહેન્દ્ર છો ? અથવા બીજા લોકપાલ છો ? હું આપને દેવોના ત્રણ દેવોના ઉત્તમ પુરુષ માનું છું, કારણ કે જેમ દીપક પ્રભાવથી (અંધકારનો નાશ કરે છે) તેમ આપ પ્રભાવથી ગુફાના અંધકારનો નાશ કરો છો. ૨૮-૨૯.

આરંભમાં હું એવો જ તર્ક કરું છું કે (૧) આ (આપ) બધાએ તેજવાળા-ઓનું એકઠું થએલું તેજ છો, અથવા 'તેણે તેજ સર્જ્યું' શ્રુતિ પ્રમાણે કારણ તરીકે જે પહેલું તેજ (ભગવાને) સર્જ્યું તે તેજ (આપ છો). (૨) (અથવા) ભગવાન્ છો, તેણે (તે તેજે) પણ જલ સર્જ્યું (છાંદોગ્યપનિષદ્ ૬।૨।૩), તેથી તે જગતનું કારણ થવાથી ભગવાન્ છે. અથવા (૩) આપ (વિભાવસુઃ) મૂર્તિમાન (આકારવાળો) અગ્નિ છો. બધાએ તેજનું એકઠું થવાનું કારણ જાણેલું નહિ હોવાથી, બીજો તર્ક (ભગવાન્ એવો) કરેલો છે. પછી મૂલ બનેલા(તેજ ભગવાન)ને અહિં (ગુફામાં) આવવાનું કારણ સંભવતું નહિ હોવાથી તેના અધિષ્ઠાતા દેવતા (અગ્નિ) સંબંધી પ્રશ્ન કરેલો છે. એવી રીતે આધિભૌતિક વિગેરેના ભેદ પ્રમાણે ત્રણ પક્ષ કરેલા છે.

આ ત્રણે રાજસ હોવાથી 'અથવા સૂર્ય સોમ અથવા મહેન્દ્ર છો ?' શબ્દોથી સાત્ત્વિક ત્રણ કહેલા છે, (૧) 'સૂર્ય જંગમ તથા સ્થાવરનો આત્મા છે' શ્રુતિ અને 'સૂર્યના મંડલની મધ્યમાં રહેલા નારાયણનું સદા ધ્યાન કરવું જોઈએ' એ વાક્ય પ્રમાણે (આપ) સૂર્ય હોવા જોઈએ, કારણ કે ચાર ભુજાઓવાળા[૧] દેખાઓ છો. (૨) તેથી પણ શીતલ કિરણોવાળો અમૃતથી ભરપૂર (ચંદ્ર) સુંદર છે, તેથી (આપ) સોમ છો. (૩) તેનાથી પણ (વધારે) ઐશ્વર્ય જણાતું હોવાથી (આપ) મહેન્દ્ર હશો.

એ પ્રમાણે સાત્ત્વિક (ત્રણ) ભેદો જણાવીને, (ભગવાનને) મનુષ્યની આકૃતિવાળા જોઈને, જાણે કે ત્રીજા ગુણ(તમોગુણ)ની કલ્પના કરતો હોય તેમ,

૧. સૂર્યમાં રહેલા નારાયણ ચાર ભુજાઓવાળા હોવાથી, અને આપને પણ ચાર ભુજાઓ છે તેથી, આપ નારાયણ છો.

'અથવા બીજા લોકપાલ છો ?' શબ્દોથી વિચાર કરીને તેમાં (તમોગુણવાળાઓમાં) ઉત્તમ જણાવે છે; એટલે વાયુ, વરુણ વિગેરેમાંના એક (આપ) છો, કારણ કે તેઓ (લોકપાલો) લોકનું રક્ષણ કરવા ભમ્યા કરે છે. આ પક્ષ (પોતાને) માન્ય નથી એમ જણાવવા 'વા[૨]' 'અથવા' શબ્દ યોજેલો છે. ૨૮.

એ પ્રમાણે કાર્યરૂપ અને કારણરૂપની સંભાવના કરી, તેમને પૂર્વપક્ષમાં મૂકી, ઓગણત્રીસમા શ્લોકથી તે (શ્રીકૃષ્ણ) પરમકારણરૂપ પુરુષોત્તમ છે, એવી સંભાવના કરે છે. દેવોના પણ દેવો એટલે બ્રહ્મા, વિષ્ણુ અને શિવ. તેઓમાંના ઉત્તમ પુરુષ એટલે વિષ્ણુ હું આપને માનું છું; અથવા તે (બ્રહ્મા, વિષ્ણુ અને શિવ)ના ઉત્તમ પુરુષ, એટલે તેઓના પુરુષ પોતાની મેળે પ્રકાશનારા નારાયણ છે અને તેમનાથી પણ ઉત્તમ પુરુષોત્તમ, (હું આપને માનું છું).

'(મુચુકુંદ) શ્રદ્ધાને લીધે એવી કલ્પના કરતો હશે' એવી શંકા થાય, તેથી (શ્રીકૃષ્ણ પુરુષોત્તમ છે) તેવું સિદ્ધ કરનારી અન્યથાનુપપત્તિ[૩] ઉત્તરાર્ધથી કહે છે. ગુફાનો અંધકાર કોઈએ પણ મટાડેલ નથી. ઉત્પન્ન થયો ત્યારથી તે રહેલો, કારણ કે જે પડદાની ગણના ન કરે[૪] તે તેને મટાડી શકે. તેથી પહેલાં (શ્લોક ૩૮માં) કહેલા, ભગવાનથી પ્રાપ્ત કરેલ તેજવાળાઓનું પણ આ વિષયમાં (ગુફાનો અંધકાર દૂર કરવામાં) પરાક્રમ નથી. ઘણા પ્રકારે આવેલા આકારવાળાઓ (દેહધારીઓ)એ તો ગુફાનો અંધકાર મટાડેલો જોવામાં આવ્યો નથી, તેથી જેમને અમે પહેલાં જોએલા જ નથી તેવા ભગવાન જ આપ હોવા જોઈએ એવો નિશ્ચય થાય છે.

વળી અગ્નિ સળગાવેલો હોવા છતાં, દેવ (દેવતા)વાળો[૫] હોવા છતાં પણ આવા પ્રકારની પ્રભાવાળો હોતો નથી, કારણ કે તેનામાં ભગવાનની એક જ[૬] શક્તિ

---

૨. આ શબ્દ અવગણના દર્શાવવા યોજાય છે.

૩. સંજોગો ઉપરથી નીકળતું અનુમાન. 'અમુક કાર્ય બીજી રીતે થઈ શકે તેમ નથી, તેથી આ પ્રમાણે થતું હોવું જોઈએ' એવું અનુમાન 'અન્યથાનુપપત્તિ' કહેવાય છે. જેમ કે 'જાડો દેવદત્ત દિવસે ખાતો નથી' વાક્ય ઉપરથી એમ નીકળે છે કે તે રાત્રે ખાતો હોવો જોઈએ, નહિ તો જાડો હોઈ શકે નહિ

૪. સૂર્ય વિગેરેનું તેજ ભીંત વિગેરેરૂપ પડદાથી રોકાઈ જાય છે. (તેથી તે ગુફાના અંધકારને મટાડી શકતું નથી), એવો અર્થ છે. (લે)

૫. અગ્નિમાં યજ્ઞરૂપ ભગવાન્ રહેલા છે. તેથી જ અગ્નિમાંથી યજ્ઞપુરુષનો પ્રાદુર્ભાવ થાય છે એમ કહેવામાં આવેલ છે, તેથી 'ભગવાનવાળો પણ અગ્નિ' એમ કહેલ છે. (લે) અહિં 'ભગવત્' શબ્દ 'અગ્નિદેવ' માટે યોજેલો જણાય છે.

૬. 'એક જ શક્તિ' એટલે 'તેજ' (લે)

રહેલી હોય છે, પરંતુ દીપકમાં બે શક્તિઓ[૭] રહેલી હોય છે. તેથી જ છાણાંના અને લાકડાનાં (અગ્નિ)[૮] કરતાં, 'દીવટ અગ્નિનું સ્થાન છે, બાળવાનું કાર્ય અગ્નિનું છે' શ્રુતિ પ્રમાણે સ્નેહ[૯], દીવટ અને અગ્નિના સંબંધને લીધે દીપકની પ્રભા વધારે હોય છે, કારણ કે 'આ જે ઘી છે તે અગ્નિનું તેજ છે' વાક્ય પ્રમાણે ઘી પણ તેવું (તેજવાળું) છે, અને અગ્નિનો તેની સાથે સંયોગ (સંબંધ) થાય છે. તેથી[૧૦] તે (દીપક)ની અંશમાત્રની પણ પ્રભા આખા ઘરમાં પ્રસરી રહે છે. તે પ્રમાણે ગુફાની અંદરનું સ્થાન જે પહેલાં કોઈ સમયે જાએલું ન હતું, તે આપનું તેજ દેખાડે છે, તેથી આપ પુરુષોત્તમ જ હોવા જોઈએ. જેનો વ્યવહાર થતો હોય તેવી ઉત્તમ પ્રભા દૃષ્ટાંત આપવા યોગ્ય માનેલી હોવાથી, દીપકનું દૃષ્ટાંત (આપેલું છે).

અથવા આપ જ ઉત્તમ દીપક છો, કારણ કે (આપ) પોતાની[૧૧] પ્રભાથી અંધકારનો નાશ કરો છો. પહેલાં કોઈવાર જોએલ નહિ તેવા (આપ) હોવાથી, (આપ) પુરુષોત્તમ છો એમ સિદ્ધ થાય છે. ૨૯.

'ત્યારે (હું કોણ છું તે) જાણીને શા માટે પ્રશ્ન કરે છે ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**શુશ્રૂષતામવ્યલીકમસ્માકં નરપુઙ્ગવ ।।**
**સ્વજન્મ કર્મ ગોત્રં વા કથ્યતાં યદિ રોચતે ।।૩૦।।**

હે ઉત્તમ પુરુષ ! સંદેહ ન રહે તે પ્રમાણે સાંભળવાની ઈચ્છા રાખનાર મને આપને ગમે તો પોતાનું (આપનું) જન્મ, કર્મ તેમજ ગોત્ર કહો. ૩૦.

'વ્યલીકમ્' એટલે સંદેહ, તે જેમ ન રહે તેવું થાય તે પ્રમાણે સાંભળવાની મારી ઈચ્છા છે.

'તું (મારા) સરખો નહિ હોવાથી (મારી સાથે) ભાષણ કરવા યોગ્ય નથી' એવી શંકા થાય, તેથી 'હું ઉત્તમ પુરુષ' એવું સંબોધન કરેલ છે. (શ્રીકૃષ્ણ) નરના જેવી આકૃતિવાળા દેખાય છે, તેથી નરો (તેમનાથી) વ્યવહાર કરવા યોગ્ય છે, એટલે મારી સાથે પણ વ્યવહાર કરવો જોઈએ. વળી (શ્રીકૃષ્ણની) નરની આકૃતિ

૭. 'બે શક્તિઓ' એટલે 'તેજ અને પ્રભા' (લે)
૮. છાણાં અને લાકડાં સળગાવવામાં આવે છે. તે બંને પ્રકારના અગ્નિ કરતાં (દીપકની પ્રભા વધારે હોય છે), એવો અર્થ છે. (લે)
૯. 'સ્નેહ' એટલે (કોડીઆમાં પૂરેલ) ઘી અથવા તેલ.
૧૦. 'તેથી' એટલે દીપકમાં બંને શક્તિઓ (તેજ અને પ્રભા) હોવાથી. (લે)
૧૧. 'પ્રભયા યથા'ને બદલે 'પ્રભયા સ્વયા' પાઠ હોય ત્યારે આ પ્રમાણે અર્થ કરવો, એમ જણાવેલ છે. (લે)

પ્રયોજનવાળી જણાય છે. તેથી 'પોતાનું જન્મ, કર્મ તેમજ ગોત્ર' શબ્દોથી (તેમના) ખાસ (ગુણો) પૂછે છે. પોતાનું (આપનું) જન્મ કયા પ્રકારનું છે, એટલે શા માટે (આપનો) પ્રાદુર્ભાવ થયો છે, એવો (જન્મના) કારણ સંબંધી પ્રશ્ન છે. 'કર્મ (કયાં છે) ?' એવો પ્રયોજન સંબંધી પ્રશ્ન છે. 'ગોત્ર (કયું છે)?' એટલે કયા વંશમાં (આપનો) પ્રાદુર્ભાવ થયો છે, એવો વંશ સંબંધી પ્રશ્ન છે. 'વા' 'તેમજ' એ શબ્દ, બીજું પણ (કહેવા યોગ્ય) કહો, એવો અભિપ્રાય સૂચવે છે. એવી રીતે જાણે કે ત્રણ ગુણવાળા સ્વભાવ સંબંધી (હોય તેવો) પ્રશ્ન કરીને, પોતે (મુચુકુંદ) આજ્ઞા કરતો નથી એમ જણાવવા 'આપને ગમે તો કહો' એમ કહે છે. ૩૦.

'(હું) નર હોઉં તો પણ (મારા) સરખા હોય તે જ (મારે) સંભાષણ કરવા યોગ્ય છે' એવી શંકા થાય, તેથી નીચેના ત્રણ શ્લોકોથી (મુચુકુંદ) પોતાનાં જન્મ કર્મ અને ગોત્ર જણાવે છેઃ

**વયં ચ પુરુષવ્યાઘ્ર ઐક્ષ્વાકાઃ ક્ષત્રબન્ધવઃ ।।**
**મુચકુન્દ ઈતિ ખ્યાતો યૌવનાશ્વાત્મજઃ પ્રભો ।।૩૧।।**
**ચિરપ્રજાગરશ્રાન્તો નિદ્રયોપહતેન્દ્રિયઃ ।।**
**શયેઽસ્મિન્વિજને કામં કેનાપ્યુત્થાપિતોઽધુના ।।૩૨।।**
**સોઽપિ ભસ્મીકૃતો નૂનમાત્મીયેનૈવ પાપ્મના ।।**
**અનન્તરં ભવાન્ શ્રીમાંલ્લક્ષિતોઽમિત્રશાસનઃ ।।૩૩।।**

અને હે ઉત્તમ પુરુષ ! હે પ્રભો ! હું ઈક્ષ્વાકુના વંશમાં ઉત્પન્ન થએલો, યૌવનાશ્વનો પુત્ર, 'મુચુકુંદ' એમ ઓળખાતો ક્ષત્રબંધુ, લાંબા સમયના ઉજાગરાથી થાકેલો, નિદ્રાને લીધે પરવશ થએલ ઈન્દ્રિયોવાળો આ મનુષ્ય વિનાના (સ્થાનમાં) ઈચ્છા પ્રમાણે સૂતો હતો. હમણાં કોઈકે (મને) ઉઠાડ્યો. ખરેખર ! તેને પણ પોતાના જ પાપે (બાળીને) ભસ્મ કર્યો. પછી શત્રુનો નાશ કરનાર આપ શ્રીમાનનાં મને દર્શન થયાં ૩૧-૩૨-૩૩.

'ચ' 'અને' શબ્દ અમુક અર્થ દર્શાવવા યોજેલો છે. (તે એવો છે કે) હું પણ બહુ હલકો (આપે) સંભાષણ ન કરવા યોગ્ય નથી, પરંતુ 'ઐક્ષ્વાકાઃ' એટલે ઈક્ષ્વાકુના વંશમાં ઉત્પન્ન થએલો છું. ('ઈક્ષ્વાકુ') વંશને દર્શાવનાર (અને ક્ષત્રિય જણાવનાર) શબ્દ હોવાથી (પાણિનિસૂત્ર ૪।૧।૧૬૮ પ્રમાણે) 'અ' પ્રત્યય લાગેલો છે. 'દાંડિનાયન' એ (પાણિનિસૂત્ર ૬।૪।૧૭૪) પ્રમાણે અનિયમિત હોવાથી 'ઉ' નો લોપ થએલો છે. તેથી (ઐક્ષ્વાકાઃ શબ્દથી) દેશથી અને કુલથી (મુચુકુંદે પોતાની) પ્રસિદ્ધિ કહી. ઉત્તમ પુરુષ હોય તે (બીજાની) ગણના કરે છે, તેથી લૌકિક નિયમ

પ્રમાણે પણ (શ્રીકૃષ્ણ પોતાના ઉપર) વિશ્વાસ રાખે તે માટે 'હે ઉત્તમ પુરુષ !' એવું સંબોધન કરેલું છે. (મુચુકુંદે પોતાના) અહંકારનો ત્યાગ કર્યો છે એમ 'ક્ષત્રબંધુ'[1] શબ્દથી જણાવ્યું છે. (એકત્રીસમા શ્લોકના ઉત્તરાર્ધમાં) પિતાનું, દાદાનું અને પોતાનું નામ કહે છે. " 'મુચુકુંદ' એમ ઓળખાતો" શબ્દથી (પોતાની) પ્રસિદ્ધિ પણ સારી કીર્તિવાળા તરીકે જણાવેલી છે. યુવનાશ્વ દાદો હતો, યૌવનાશ્વ એટલે માંધાતા પિતા હતો. તેનો 'આત્મજઃ' એટલે ઔરસ પુત્ર (હું છું). વશ રાખનારને ખોટું ન કહેવાય એમ જણાવવા 'હે પ્રભો !' એવું સંબોધન કરેલું છે. ૩૧.

બત્રીસના શ્લોકમાં તેવા પોતાને અહિં (ગુફામાં) આવવાનું પ્રયોજન કહેતાં, પોતાનું પુરુષતાન્ પણ જણાવે છે. લાંબા સમય સુધી દેવોનું રક્ષણ કરવા માટે લાંબા સમયનો ઉજાગરો થયો, તેથી થાક પણ લાગ્યો, અને તેથી નિદ્રાને લીધે ઈન્દ્રિયો પણ પરવશ થઈ. તેથી નિદ્રાનો ઉપભોગ કરવા જેમ કોઈ પણ ઉઠાડે નહિ તેમ આ મનુષ્ય વિનાના સ્થાનમાં હું સૂતો હતો.

આ (મુચુકુંદ) 'હું દેવોએ (વર તરીકે) આપેલી નિદ્રાથી સૂતો હતો' એમ કહેતો નથી, (કારણ કે) તેમ હોય (તેવી નિદ્રાથી સૂતા હોય) તો, ધ્યાન, તપ વિગેરે સર્વ તજી, તેણે તામસી અવસ્થા શા માટે સ્વીકારી ? એમ તે ઠપકાને યોગ્ય થાય. તેથી (પોતે ઠપકાને યોગ્ય ન થાય તે માટે) તે પોતાના થાકનું જ વર્ણન કરે છે.

તેથી હું 'કામં' ઈચ્છા પ્રમાણે સૂતો હતો. 'હમણાં કોઈક ઉઠાડ્યો' શબ્દોથી, અહિં પણ કોઈક આવીને (મને) ઉઠાડ્યો, એમ કહે છે. પોતાનો અપરાધ ન ગણાય તે માટે તે (ઉઠાડનાર) સંબંધી પોતાનું અજ્ઞાન જણાવેલું છે. ૩૨.

તેને પણ મેં સજા કરેલી નથી, પરંતુ (તેના) પોતાના પાપથી જ (તેને સજા) થઈ, એમ 'તેને પણ (પોતાના જ પાપે) ભસ્મ કર્યો' શબ્દોથી કહેલું છે. 'પોતાના જ' એટલે 'સૂતેલાને જગાડવો નહિ' એવી શાસ્ત્રે કરેલ મનાના ઉલ્લંઘનરૂપ (તેણે) પોતે જ કરેલા પાપે (તેને બાળીને ભસ્મ કર્યો). 'ખરેખર !' એ શબ્દથી આમાં મારો કાંઈ પણ અપરાધ નથી એમ જણાવેલું છે. તે પછી તરત જ (મને) આપનાં દર્શન થયાં, તે કારણથી પણ (આમાં) મારો અપરાધ નથી. (કારણ કે) તેમ ન હોય (મારો અપરાધ હોય), તો આપનાં દર્શન ન થાય. આ પ્રયોજનથી[2] જ ફરીથી ભગવાનનું વર્ણન કરે છે. 'શ્રીમાન્' એટલે સર્વ સૌંદર્યવાળા અને લક્ષ્મીવાળા.

---

૧. 'ક્ષત્રબંધુ' એટલે જે ક્ષત્રિય હોય, પણ ક્ષત્રિયના ધર્મ બરાબર પાળતો ન હોય તે. આવી રીતે 'બંધુ' શબ્દ તિરસ્કાર દર્શાવવા યોજાય છે, જેમ કે 'બ્રહ્મબંધુ' વિગેરે.

૨. જે પાપ કરે તેને આપનાં દર્શન થાય નહિ તેવા આપ છો, એમ જણાવવાના પ્રયોજનથી જ.

'શત્રુનો નાશ કરનાર' શબ્દથી (એમ જણાવ્યું છે કે) શત્રુને હણનારા આપ જ છો, એટલે ઘણું કરીને આપે જ આને હણેલો છે. ૩૩.

'ત્યારે જેમ તેં આટલો નિર્ણય કર્યો તેમ (મારા) જન્મ અને કર્મનો પણ યોગના બલથી જ કેમ નિર્ણય કરતો નથી ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**તેજસા તેऽવિષહ્યેણ ભૂરિ દ્રષ્ટું ન શક્નુમઃ ।।**
**હતૌજસો મહાભાગ માનનીયોऽસિ દેહિનિમ્ ।।૩૪।।**

સહન ન થઈ શકે તેવા આપના તેજથી ક્ષીણ થએલા મનોબલવાળો હું વારંવાર આપનાં દર્શન કરી શકતો નથી. હે મહા ભાગ્યવાળા ! આપ દેહીઓના પૂજ્ય છો. ૩૪.

'અવિષહ્યેણ' સમીપમાં રહી પણ ન શકાય તેવા આપના તેજથી 'ભૂરિ' વારંવાર હું (જે) આપનાં દર્શન પણ કરી શકતો નથી, તે (આપના જન્મ તથા કર્મનું) કારણ કેમ શોધી શકું ? એવો (અર્થ છે).

'અંદરની દૃષ્ટિથી જાણ' એવી શંકા થાય, તેથી 'ક્ષીણ થએલા મનોબલ-વાળો' વિશેષણ યોજેલું છે. હે મહાભાગ્યવાળા ! આપના તેજથી જ 'ક્ષીણ થએલી છે મનની શક્તિ જેમની' તેવો હું છું, તેથી યોગથી હું (આપના જન્મ-કર્મના કારણનો) વિચાર કરું એ વાત અસંભવિત જ છે. બીજું હું જાણતો હોઉં કે નહિ, બે (વાત) જાણું છું. એમ 'હે મહાભાગ્યવાળા ! આપ દેહીઓના પૂજ્ય છો' શબ્દોથી કહે છે. (૧) ત્રણ લોકથી (આપનું) ભાગ્ય અધિક જણાય છે. (૨) તેથી જ માત્ર દેહ ગ્રહણ કરવાને લીધે જ ઈચ્છેલું (કાંઈક) અવશ્ય (દેહીઓને) જોઈએ, એટલે સર્વને ઈચ્છેલું આપનારા આપ બધાએ (દેહીઓ)ના 'માનનીયઃ' પૂજ્ય અને સેવ્ય છો, એવો અર્થ છે. ૩૪.

એ પ્રમાણે તેની વિજ્ઞપ્તિ સાંભળીને, (ભગવાન્) તેને માટે જ (ત્યાં) પધારેલા હોવાથી, (તેમણે) તેનો ઉત્તર આપ્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**એવં સંભાષિતો રાજ્ઞા ભગવાન્ ભૂતભાવનઃ ।।**
**પ્રત્યાહ પ્રહસન્ વાણ્યા મેઘનાદગભીરયા ।।૩૫।।**

એ પ્રમાણે રાજાએ કહેલા, પ્રાણીઓનું હિત કરનાર ભગવાને મેઘના અવાજથી ગંભીર વાણીથી હસતાં (તેને નીચે પ્રમાણે) ઉત્તર આપ્યો. ૩૫.

(ભગવાનને તેણે) સારી રીતે કહ્યું. તે પણ 'રાજા' હોવાથી મોટો (પુરુષ) હતો, અને રાજા પ્રશ્ન કરે ત્યારે અવશ્ય ઉત્તર દેવો જોઈએ. એમ (એ શબ્દથી)

જણાવેલું છે. વળી ભગવાન્ જાણે છે કે નક્કી કરેલો (અમુક) જ ઉત્તર આપવાથી તે (રાજા) કૃતાર્થ થશે. તેથી તેવો ઉત્તર તેમણે આપ્યો. જો કે બીજા પ્રકારથી પણ તેનો ઉદ્ધાર કરવા ભગવાન્ શક્તિવાળા છે, છતાં પણ તેના ઉપરની કૃપાને લીધે પણ તેમણે (તેને) તેવો ઉત્તર આપ્યો એમ 'પ્રાણીઓનું હિત કરનાર' વિશેષણથી કહેલું છે. 'હસતાં' શબ્દથી (એમ જણાવ્યું કે) તેને સારી રીતે મોહ ઉત્પન્ન કર્યો.

'ત્યારે (મોહ ઉત્પન્ન કર્યો તેથી) (ઉત્તર તેનું) અહિત કરનારો હશે' એવી શંકા થાય, તેથી 'મેઘના અવાજથી ગંભીર' વિશેષણ યોજેલું છે. મેઘના અવાજ કરતાં પણ વધારે ગંભીર, એટલે સર્વ રીતે દુઃખ દૂર કરનારી (વાણીથી તેને ઉત્તર આપ્યો). ૩૫.

નીચેના શ્લોકથી આરંભી સાડાઆઠ શ્લોકોથી ભગવાનનાં વચનો કહે છે; કારણ કે તેણે કહેલ (તે પ્રમાણે આઠ શ્લોકોથી ઉત્તર આપ્યો), અને 'હું તેને અર્ધું જ ફલ આપીશ[1]' એમ ભગવાને જણાવ્યું:

શ્રીભગવાન કહે છેઃ

**જન્મકર્માભિધાનાનિ સન્તિ મેઽઙ્ગ સહસ્રશઃ ।।**
**ન શક્યન્તેઽનુસંખ્યાતુમનન્તત્વાન્મયાપિ હિ ।।૩૬।।**

હે અંગ ! મારાં જન્મો, કર્મો અને નામો હજારો છે. તેઓ અનંત હોવાથી મારાથી પણ ગણી શકાય તેવાં નથી. ૩૬.

'જન્મ, કર્મ અને નામો કહો' એવો જે આરંભમાં તેણે (મુચુકુંદે) પ્રશ્ન કરેલ, તે સંબંધમાં 'કયાં (જન્મ, કર્મ અને નામો) કહેવાં ?' એ જાણવાની જરુર હોય તેમ કહેતાં, પ્રથમ જન્મો ગણી ન શકાય તેટલા છે એમ 'મારા જન્મો, કર્મો અને નામો હજારો છે' શબ્દોથી કહે છે.

''હાલનાં (જન્મ વિગેરે) પૂછાય છે ત્યારે જૂદા સમયનાં (જન્મ વિગેરેનાં) સંબંધવાળો ઉત્તર કેમ આપ્યો ? તેથી 'આ (શ્રીકૃષ્ણ) ઠગારા જ છે, ભગવાન્ નથી' એવી પણ શંકા થાય,'' એવો વિચાર થાય. તો ખરેખર (જાણવું કે), આરંભમાં સ્વરૂપ જાણવામાં આવે ત્યારે (ત્યાર પછી) જન્મ, કર્મ અને નામો જાણવા જોઈએ એમ ભગવાન્ માને છે. તેથી સ્વરૂપ જણાવતાં, સ્વભાવ[2] કહેતાં જન્મો[3] કહે છે.

---

૧. મુચુકુંદે આઠ શ્લોકથી પ્રશ્ન કર્યો તેથી ભગવાન્ આઠ શ્લોકોથી તેને ઉત્તર આપ્યો. પછી ફલ આપનાર એક શ્લોક કહેવો જોઈએ. તેને બદલે ભગવાને અર્ધો જ કહ્યો (તેથી હું અર્ધું જ ફલ આપીશ એમ જણાવ્યું). (લે)

૨. 'સ્વભાવ' એટલે ભગવાન્ પોતે અનંત રૂપોથી અવતાર લે છે તે. (લે)

૩. 'જન્મો કહે છે' એટલે 'જન્મો અનંત હોવાનું કહે છે'. (લે)

(ભગવાન્) બ્રહ્મ (છે) એવું સ્વરૂપ કહેવું જોઈએ. 'તે (બ્રહ્મસ્વરૂપ ભગવાન)નો જન્મ કેમ થાય ?' એ જાણવાની ઈચ્છા થતાં એમ કહેવું જોઈએ કે, તે (ભગવાન્) ભક્તિ પણ પ્રાપ્ત કરાવનારા છે. એટલે ભક્તિ પ્રાપ્ત થાય તે માટે કર્મો કરતાં અને ભક્તિનું પરિપાલન (સંરક્ષણ) થાય તે માટે કર્મો કરતાં, (પોતાના) ઘણાએ અવતારો કરે છે. તે (ઉપર કહેલું) જો કહેવામાં ન આવે તો તે (જન્મ વિગેરે) જણાવવા માટે કહેલું પણ ન કહેલું (ન કહ્યા તુલ્ય) થાય. તેથી 'મારા જન્મો, કર્મો અને નામો હજારો છે' એમ તે કહેલું છે. 'હે અંગ!' એ સંબોધન (ભગવાન્) ઠગતા નથી એમ જણાવવા કરેલું છે. 'છે' એ શબ્દથી બધાએ (જન્મો વિગેરે તે સમયે પણ) હોવાનું જણાવેલું છે, અથવા બધા દ્વીપોમાં રહેલાં (જન્મો વિગેરે) હજારો હોવાનું (એ શબ્દથી) કહેલું છે.

'ત્યારે તે (જન્મો વિગેરે) ભક્તિ પ્રાપ્ત કરાવનારાં હોવાથી (મને) કહો' (એમ મુચુકુંદ કહેશે) એમ વિચારી, ઉત્તરાર્ધ કહેલો છે. અનુક્રમ પ્રમાણે (તે બધાં) હું પણ ગણાવી શકું તેમ નથી. ૩૬.

અજ્ઞાન ન રહે તે માટે નીચેના શ્લોકમાં તે (જન્મો વિગેરેનું) જ અસંખ્યપણું દર્શાવે છેઃ

**ક્વચિદ્રજાંસિ વિમમે પાર્થિવાન્યુરુજન્મભિઃ ।।**
**ગુણકર્માભિધાનાનિ ન મે જન્માનિ કર્હિચિત્ ।।૩૭।।**

કોઈ સમયે ઘણા જન્મોથી પૃથ્વીનાં રજકણો કોઈ ગણે, (પણ) મારા જન્મો, ગુણ, કર્મ અને નામો કોઈ સમયે ન ગણાય. ૩૭.

કોઈ સમયે કોક પૃથ્વીનાં રજકણો પણ ગણે, અથવા હું (પૃથ્વીનાં રજકણો ગણું). આ રજકણો ગણવાનું ઘણાં વર્ષોએ પણ સંભવે. જો એક જ બ્રહ્મા વારાફરતી બ્રહ્મા થઈ બધાં બ્રહ્માંડોમાં અવતરે તો તે (બ્રહ્માંડ)માં રહેલાં પરમાણુઓ (સૃષ્ટિ) રચવામાં ઉપયોગી હોવાથી તે તેમને ગણે, (કારણ કે તેમ ન થાય (ગણે નહિ) તો ગુંચવાડો થાય. તેથી તે બ્રહ્માથી ગણી શકાય. સૃષ્ટિના આરંભમાં હું પણ જ્ઞાનપૂર્વક સૃષ્ટિ રચું છું, તેથી મારાથી પણ એ રજકણો ગણી શકાય જ. 'કોઈ સમયે' એટલે અમુક સૃષ્ટિમાં (રજકણો ગણી શકાય); પરંતુ મારા ગુણ, કર્મ અને નામો કોઈ પણ સમયે ગણી ન શકાય. મારા એક જન્મમાં કરોડો કર્મો અને નામ થાય છે. કરોડો બ્રહ્માંડોમાં અમુક દ્વીપ વિગેરે પ્રદેશોમાં એક દિવસમાં (મારા) કરોડો જન્મ થાય છે. તેથી (મારા) જન્મ વિગેરે અનંત હોવાથી ગણી શકાય તેવા નથી. ૩૭.

'ઘણાં માણસો ભેગા થઈને ગણી શકશે' એવી શંકા થાય, તેથી કહે છેઃ

**કાલત્રયોપપન્નાનિ જન્મકર્માણિ મે નૃપ ।।**
**અનુક્રમન્તો નૈવાન્તં ગચ્છન્તિ પરમર્ષયઃ ।।૩૮।।**

હે નૃપ ! મોટા ઋષિઓ ત્રણે કાલને યોગ્ય મારા જન્મ અને કર્મોની અનુક્રમે ગણના કરતાં, (તેમનો) અંત પામતા નથી જ. ૩૮.

ભૂતકાલમાં જ થએલાં (મારાં જન્મ અને કર્મો) ઘણાંએ છે, અને ભવિષ્યમાં થનારાં પણ (ઘણાં છે). 'મારા' એટલે બ્રહ્મનાં (જન્મ અને કર્મ જીવથી ગણી શકાતાં નથી); કારણ કે જીવ અમુક કદવાળો છે, (અને) એક સમયે એક પ્રદેશમાં એક દેહ ધારણ કરે છે. તે દેહ એક સો વર્ષ રહે છે. ભગવાનને તો દેહ નહિ હોવાથી, તે (પોતાનાં) સ્વરૂપનું પોતાની ઈચ્છા પ્રમાણે દર્શન કરાવે છે, તેથી એક જ ક્ષણે ઘણા (પુરુષો)ને ઘણી રીતે (તેમનાં) દર્શન થાય છે એટલે (તેમનાં) અનંત રૂપો થાય છે. ભગવાન્ હાલે ત્યારે માયારૂપી પડદો બીજા સ્થલમાંથી જતો રહેતો હોવાથી, જૂદું (સ્વરૂપ થતું) હોવાથી, માત્ર (તેમના) હાલવાથી જ અનેક રૂપો થાય છે, કારણ કે આકાશ તેમનું શરીર છે, (અને તેમની) ભુજાઓ તથા ચરણના છેડાઓ સર્વ સ્થલે હોવાથી તેમના ઘણા આકારો છે, એટલે તેમનાં રૂપો અનંત હોય તે યોગ્ય જ છે. તેથી ભગવાન્ કહે છે કે 'ત્રણે કાલને યોગ્ય મારાં (જન્મ અને કર્મોની) 'અનુક્રમન્તઃ' અનુક્રમે ગણના કરતા અંત પામતા નથી', હે નૃપ ! એવું સંબોધન, તે મોટો પુરુષ હોવાથી, તેને ઠગતા નથી એમ જણાવવા કરેલું છે. તેમાં પણ 'ત્રણે કાલને યોગ્ય' શબ્દથી કર્મો અનંત હોવાનું (જણાવેલું છે). ભગવાનનાં નામો ત્રણે કાલને વશ રાખવા સમર્થ હોવાથી, ત્રણે કાલને યોગ્ય નામો પણ અનંત જ છે. ૩૮.

એવી રીતે ત્રણ (શ્લોકો)થી પોતે બ્રહ્મ છે એમ જણાવી, (પોતાના) ગુણો પણ બ્રહ્મ હોવાથી અનંત છે એમ કહી, તે કહી (ગણાવી) શકાય તેવા નથી એમ સિદ્ધ કરી, (તેમ હોવા) છતાં પણ રાજા ઉપરની કૃપાને લીધે ન જાણી શકાય તેવું પણ રાજાને કહીશ એવા અભિપ્રાયથી નીચેના શ્લોકો કહે છેઃ

**તથાપ્યદ્યતનાન્યઙ્ગ શ્રૃણુષ્વ ગદતો મમ ।।**
**વિજ્ઞાપિતો વિરઞ્ચ્યેન પુરાહં ધર્મગુપ્તયે ।।**
**ભૂમેર્ભારાયમાણાનામસુરાણાં ક્ષયાય ચ ।।૩૯।।**
**અવતીર્ણો યદુકુલે ગૃહ આનકદુન્દુભેઃ ।।**
**વદન્તિ વાસુદેવેતિ વસુદેવસુતં હિ મામ્ ।।૪૦।।**

છતાં પણ, હે અંગ ! હું કહું છું ત્યારે હાલનાં (મારા જન્મ, કર્મ વિગેરે) સાંભળ. પહેલાં ધર્મનું રક્ષણ કરવા અને ભૂમિના ભારરૂપ થએલા અસુરોનો નાશ

કરવા બ્રહ્માએ પ્રાર્થના કરેલો હું યદુના કુલમાં આનકદુંદુભિના ઘરમાં અવતરેલો છું. હું વસુદેવનો પુત્ર હોવાથી મને 'વાસુદેવ' એમ કહે છે. ૩૯-૪૦.

હાલનાં મારા જન્મ, કર્મ અને નામો સાંભળ, જો કે હું તને ઉત્તર નહિ આપું*. છતાં પણ જ્યારે હું કહું છું ત્યારે તું સાવધાનપણાંથી સાંભળ. જન્મનું કારણ જ પૂછેલું હોવાથી, આરંભમાં તે(કારણ) જ કહે છે. 'ધર્મનું રક્ષણ આપે કરવું જોઈએ' એમ, પહેલાં 'વિરઞ્ચેન વિજ્ઞાપિતઃ' બ્રહ્માએ મારી પ્રાર્થના કરેલી, 'અને ભૂમિના ભારરૂપ થએલા અસુરોનો નાશ કરવા' પ્રાર્થના કરેલી. આ બીજી પ્રાર્થનામાં ભૂમિનો ભાર હરવો અને અસુરોનો નાશ, એ બેનો સમાવેશ થાય છે. 'ચ' 'અને' શબ્દથી (એમ કહેલું છે કે) ભક્તિ થઈ શકે તે માટે પણ (પ્રાર્થના કરેલી). ૩૯.

'યદુના કુલમાં' શબ્દથી ગોત્ર કહ્યું. 'આનકદુંદુભિના ઘરમાં' એમ ખાસ (જન્મનું) સ્થાન પણ કહ્યું. ઉત્તરાર્ધથી નામ કહે છે. નામો ઘણાં છે જ, એક નામના પણ વ્યુત્પત્તિ પ્રમાણે થતા ઘણા અર્થો છે, છતાં પણ લોકો એક નામને એક પ્રકારની વ્યુત્પત્તિથી થતું કહે છે. 'વાસુદેવ' એ નામ છે, 'વસુદેવના પુત્ર' એવો (તેનો) વ્યુત્પત્તિ પ્રમાણે થતો અર્થ છે. આ અર્થ યોગ્ય છે એમ જણાવવા 'હિ' શબ્દ યોજેલો છે, કારણ કે મને (વસુદેવનો પુત્ર) કહે છે, અને મેં પણ તેમ કરેલ છે (વસુદેવના ઘરમાં અવતર્યો છું) એવો (અર્થ છે). ૪૦.

નીચેના શ્લોકમાં (શ્રીકૃષ્ણ પોતાનાં) કર્મો કહે છેઃ

**કાલનેમિર્હતઃ કંસઃ પ્રલમ્બાદ્યાશ્ચ સદ્દ્વિષઃ ।।**
**અયં ચ યવનો દગ્ધો રાજંસ્તે તિગ્મચક્ષુષા ।।૪૧।।**

કંસ કાલનેમિને અને સત્ (પુરુષો)નો દ્વેષ કરનારા પ્રલંબ વિગેરેને હણ્યા. અને હે રાજા ! આ યવનને તારા દાહક નયનથી બાળી નાખ્યો. ૪૧.દ્ર

કંસ મામો હોવાથી તેને હણવાની શાસ્ત્રમાં મના હોવાથી, તે પહેલાં કાલનેમિ હતો એમ કહેલું છે. પ્રલંબ વિગેરેને પણ હણ્યા, કારણ કે તેઓ સત્ પુરુષોનો દ્વેષ કરનારા હતા, પરંતુ તેઓને હણવાનું કાંઈ સ્વતંત્ર પ્રયોજન ન હતું, એવો ભાવ છે. બે પ્રકારનું[1] ચાલુ પ્રસંગનું કાર્ય ઉત્તરાર્ધથી કહે છે. બાણના જેવાં સાધનરૂપ તારાં દાહક નયનથી પણ યવનને મેં જ બાળી નાખ્યો છે. 'ચ' 'અને' શબ્દ કર્તાનું એકપણું[2] જણાવવા યોજેલો છે. 'હે રાજા' એવું સંબોધન તે જ

---

*. મારા જન્મ વિગેરે સંબંધી હવે કાંઈ સંશય રહેવાથી પૂછીશ તેનો ઉત્તર નહિ આપું એવો અર્થ જણાય છે. **૧.** 'બે પ્રકારનું' એટલે '(૧) ધર્મના રક્ષણરૂપ અને (૨) ભૂમિનો ભાર હરવારૂપ' (લે) **૨.** પૂર્વાર્ધમાં કાલનેમિ પ્રલંબ વિગેરેને હણવાનું કર્મ કહ્યું, તેનો કર્તા જ યવનને બાળી

વિષયમાં (રાજાની) સંમતિ (જણાવવા) માટે યોજેલ છે. ૪૧.

નીચેના શ્લોકમાં(જન્મ લેવાનું) બીજું ભક્તિરૂપ અથવા ધર્મરૂપ પ્રયોજન કહે છેઃ

**સોઽહં તવાનુગ્રહાર્થં ગુહામેતામુપાગતઃ ।।**
**પ્રાર્થિતઃ પ્રચુરં પૂર્વં ત્વયાહં ભક્તવત્સલઃ ।।૪૨।।**

હું ભક્તવત્સલની તે પહેલાં ઘણીવાર પ્રાર્થના કરેલી હોવાથી તે હું તારા ઉપર કૃપા કરવા આ ગુફામાં આવ્યો છું. ૪૨.

કારણ કે મેં ઘણાં પ્રયોજન માટે અવતાર લીધેલા છે, તેથી તારા ઉપર પણ કૃપા કરવી જોઈએ, તેથી (હું) આ ગુફામાં આવ્યો છું. તેમ ન હોત (તારા ઉપર કૃપા કરવી ન હોત અને માત્ર યવનને હણવો હોત) તો બીજા પ્રકારથી કાલયવનને ભ્રમ ઉત્પન્ન કરી તેને જ અહિં લાવત (મોકલત), અને તેથી તે પોતે જ બળીને ભસ્મ થાત. તેથી તારા માટે જ આ સંકડામણવાળા પ્રદેશમાં પણ હું આવ્યો છું; તેનું કારણ ઉત્તરાર્ધથી કહેલું છે. તેં પહેલાનાં જન્મમાં મારી ઘણી વાર પ્રાર્થના કરેલી આ (શબ્દો)થી એમ પણ જણાવેલું છે કે 'તારામાં જે શક્તિ હમણાં જોવામાં આવે છે, તે માત્ર મારા પ્રભાવને લીધે જ છે.' છતાં પણ પોતાને (ભગવાનને) ક્લેશ થાય તેવી રીતે પણ (અહિં) આવવાનો પોતાનો અસાધારણ ગુણ 'ભક્તવત્સલ' શબ્દથી કહેલો છે. હું સ્વભાવથી જ ભક્તવત્સલ (ભક્તો ઉપર પ્રેમ રાખનાર) છું. ૪૨.

આવેલા (આવવા)નું પ્રયોજન નીચેના શ્લોકમાં કહે છેઃ

**વરાન્ વૃણીષ્વ રાજર્ષે સર્વાન્ કામાન્ દદામિ તે ।।**
**માં પ્રપન્નો જનઃ કશ્ચિન્ન ભૂયોઽર્હતિ શોચિતુમ્ ।।૪૩।।**

હે રાજર્ષિ ! તું વરો માગ. સર્વ કામનાઓ હું તને આપીશ. મને શરણ આવનાર જન્મરહિત થાય છે. કોઈ જન્મવાળો રહે તો ફરી શોક કરવા યોગ્ય હોતો નથી. ૪૩.

જે વરો તારા ઇચ્છેલા હોય તે ઘણા હોવા છતાં માગ, કારણ કે તું રાજર્ષિ એટલે રાજા અને ઋષિ છે, કેમ કે તેં રાજાનો ધર્મ અને વૈદિક ધર્મ આચરેલા છે. વળી હું તને આ જન્મમાં બધીએ કામનાઓ આપીશ; પરંતુ મોક્ષ નહિ (આપું), એવો ભાવ છે.

'ત્યારે (મોક્ષ ન મળે ત્યારે) વરથી શું વળે ?' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. જે (મને) શરણે આવેલો છે તે ફરી શોક કરવા યોગ્ય રહેતો નથી. જે જન્મમાં શરણે આવે તે જન્મમાં કોઈક જ શોક કરવા યોગ્ય રહે, બધા ન રહે. તેથી

નાખવાનું કર્મ કરનાર કર્તા છે એમ જણાવવા, એવો અર્થ છે.

બધાનો શોક માત્ર (મને) શરણ આવવાથી દૂર થાય છે, અને (બધા) જન્મરહિત થાય છે. જો મારી ઈચ્છાથી તે જન (જેનો જન્મ થવાનો છે તેવો) રહે, તો પણ ફરીથી[1] શોક કરવા યોગ્ય રહેતો નથી. આ ભેદ રાજાના માટે જ છે, તેથી (તારું) ઈચ્છેલું સર્વ (તને) આપીશ, અને મોક્ષ પણ એક જન્મ પછી (તને) આપીશ, એવો ભાવ છે. ૪૩.

જેમને માટે પોતે રહેલો તે જ આ શ્રીકૃષ્ણ છે, એમ શ્રીકૃષ્ણનાં વચનથી નિશ્ચય કરી, તે (મુચુકુંદે) સ્તુતિ કરવાની ઈચ્છા કરી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ
શ્રીશુક કહે છેઃ

**ઈત્યુક્તસ્તં પ્રણમ્યાહ મુચુકુન્દો મુદાન્વિતઃ ||**
**જ્ઞાત્વા નારાયણં દેવં ગર્ગવાક્યમનુસ્મરન્ ||૪૪||**

એમ કહેવાએલા મુચુકુંદે આનંદવાળા થઈ, ગર્ગના વાક્યનું સ્મરણ કરી (શ્રીકૃષ્ણને) નારાયણ દેવ જાણી, તેમને પ્રણામ કરી, નીચે પ્રમાણે કહ્યું. ૪૪.

ભગવાને 'વર માગ' એમ તેને કહ્યું. સ્તુતિ કરીને જ વર માગવો જોઈએ, તેથી તેમને પ્રણામ કરી સ્તુતિ કહે છે (કરે છે), કારણ કે આ મુચુકુંદ પ્રસિદ્ધ છે, અને અંદર આનંદવાળો થએલો છે. ભગવાનનાં વાક્યથી સંતોષ (થયો એ) પણ ભગવાનની એક સ્તુતિ થઈ. પછી ગર્ગના વાક્યનું સ્મરણ કરીને, ભગવાનનાં વચનથી તે (ગર્ગના વાક્ય)નું પણ સ્મરણ થતાં, 'આ નારાયણ છે' એવો નિશ્ચય કરીને, તેણે સ્તુતિ કરી. આ ( ગર્ગના વાક્ય)થી (તેણે શ્રીકૃષ્ણને) નારાયણ એટલે પુરુષ જ જાણ્યા, પરંતુ પુરુષોત્તમ ન જાણ્યા, અથવા તે પુરુષને જ પુરુષોત્તમ માનતો હતો. ભગવાનનું વાક્ય (માત્ર) ગર્ગના વાક્યનું સ્મરણ કરાવનારું જ થયું, તેથી (તેને) ફલની (મોક્ષની) પ્રાપ્તિ થઈ નહિ. આ જ અભિપ્રાયથી ભગવાને પણ 'કામનાઓ આપીશ' એમ કહેલું. ૪૪.

નીચેના શ્લોકથી આરંભી તેર (શ્લોકો)થી ભગવાનની સ્તુતિ કરે છે, કારણ કે અહિં (આ સ્તુતિમાં) બાર પ્રકારના કાલનું નિરૂપણ કરવામાં આવે છે અને તેનું ઉલ્લંઘન થાય તે માટે એક (શ્લોક)થી ભગવાનને શરણ જાય છેઃ
મુચુકુંદ કહે છેઃ

**વિમોહિતોઽયં જન ઈશમાયયા ત્વદીયયા ત્વાં ન ભજત્યનર્થદૃક્ ||**
**સુખાય દુઃખપ્રભવેષુ સજ્જતે ગૃહેષુ યોષિત્પુરુષશ્ચ વઞ્ચિતઃ ||૪૫||**

હે ઈશ ! અનર્થ પ્રતિ દૃષ્ટિવાળો આ જન સ્ત્રી અને પુરુષ આપની માયાથી

૧. એક વાર શોક કરવા યોગ્ય રહે છે, કારણ કે પછી એક જ વાર જન્મ થાય છે, બીજી વાર જન્મ થતો નથી.

મોહ પામી, આપને ભજતો નથી, (અને) જેમાંથી દુઃખ ઉત્પન્ન થાય છે તેવા ઘરમાં સુખ માટે આસક્તિ રાખે છે અને ઠગાય છે. ૪૫.

તે વિષયમાં કાલ સર્વને ઘણો મોહ ઉત્પન્ન કરે છે, તેથી પ્રથમ ત્રણ (શ્લોકો)થી મોહ પામેલા તામસ, રાજસ અને સાત્ત્વિકોની ગણના કરે છે. તેમાં પણ (આ) પહેલા (શ્લોક)થી તામસોના મોહનું નિરૂપણ કરે છે. આ જન આપની માયાથી ઘણો મોહ પામેલ છે.

'કાલથી જ ભલે મોહ પામેલો હોય, ભગવાનની માયાથી મોહ પામ્યાનું કેમ (કહે છે) ?' એવી શંકા થાય, તેથી 'હે ઈશ !' એમ કહેલું છે. આપ જ ઈશ છો. તેથી એમ કહ્યું કે (આપ) કાલરૂપ થઈને તેઓને મોહ કરો છો, કારણ કે બીજો કોઈ આટલું કરવાની શક્તિવાળો નથી, કેમ કે બીજો કોઈ ભગવાનનું ભજન અટકાવી શકે નહિ. (તેમ કરે તો) અપરાધી થાય. બીજા (પ્રકારના) મોહો ભલે કાલે કરેલા હોય, (પણ) ભગવાનનું ભજન ન થવા દેવાના કારણરૂપ કાલ ભગવાન જ છે, કારણ કે 'આપને ભજતો નથી' શબ્દોથી તે (અર્થ) કહેલો છે.

'પરમાનંદ (ભગવાન)માં વિચાર કરનારાઓની પ્રવૃત્તિ કેમ ન થાય ?' એવી શંકા થાય, તેથી 'અનર્થ પ્રતિ દૃષ્ટિવાળો' વિશેષણ યોજેલું છે. અનર્થમાં જ દૃષ્ટિ છે જેની, તેવો (તે છે), કારણ કે (તે) જે જૂએ છે તે જાણે છે. જો (અર્થ અને અનર્થ) બંને જૂએ અને (બેનો) ભેદ જાણે (તો પરમાનંદમાં પ્રવૃત્તિ કરે); પરંતુ આ તો અનર્થ જ જૂએ છે.

'બધાએ દુઃખથી દૂર રહે છે, સુખ માટે પ્રવૃત્તિ કરે છે, અને સુખ તથા દુઃખ પોતાના અનુભવથી જણાય તેવાં છે. તેથી (તે) અનર્થ કેમ જૂએ છે ?' એવી શંકા થાય, તેથી 'જેમાંથી દુઃખ ઉત્પન્ન થાય છે તેવામાં સુખ માટે આસક્તિ રાખે છે' શબ્દો યોજેલા છે. પ્રવૃત્તિ તો પોતાના સરખા પ્રકારના જ્ઞાનથી જ[૧] ઉત્પન્ન થાય છે, પરંતુ તે જ્ઞાન ખોટું હોય છે. તેથી ફલ ઉંધું પ્રાપ્ત થાય છે. જે દુઃખનું ઠેકાણું છે જેમાંથી દુઃખ જ ઉત્પન્ન થાય છે, તેમાં સુખ થશે એવા અભિપ્રાયથી જેને લીધે પ્રવૃત્તિ કરે છે, અને તેમાં પણ આસક્તિ રાખે છે, તે સ્થાન 'ઘરમાં' શબ્દથી જણાવે છે. 'સ્ત્રી અને પુરુષ' શબ્દથી જેમાંથી દુઃખ ઉત્પન્ન થાય તેવું તે છે એમ તર્કથી સિદ્ધ કરે છે, કારણ કે ઘરમાં (સ્ત્રી અને પુરુષ) બે જ હોય છે. બંને એક બીજા પાસેથી સુખની અપેક્ષા રાખે છે. જો એકમાં સુખ હોય (અને) તે પણ ઘણું હોય તો બીજાને આપે. વળી એક બીજાના ઉપર આધાર રાખતું કાર્ય સિદ્ધ થતું નથી જ. તેથી તેઓને

૧. ઘરમાં પણ સુખની સમાન જ પ્રકાર છે એવા પ્રકારના જ્ઞાનથી ઉત્પન્ન થાય છે. (લે)

કુદરતી રીતે દુઃખ જ પ્રાપ્ત થાય છે. તે (ઘર)માં રહેવાથી દુઃખ જ થાય, કારણ કે નદીમાં અગ્નિ પ્રાપ્ત થતો નથી.

'ત્યારે (ઘરમાં) સુખનો અનુભવ કેમ થાય છે ?' એવી શંકા થાય, તેથી 'ઠગાય છે' શબ્દ યોજેલો છે. કોઈકથી ઠગાઈ (દુઃખને) સુખ માને છે, કારણ કે તર્કથી ખોટું સિદ્ધ થતું હોય અથવા પ્રમાણથી ખોટું સિદ્ધ થતું હોય તે કોઈ સમયે સુખ ન હોય. અનુભવ તો ભ્રાંત (ભૂલેલા)ના અનુભવની સમાન છે. તેથી જે તર્કથી ખોટું સિદ્ધ થાય તે લૌકિકમાં પ્રમાણ નથી અને વૈદિકમાં શ્રુતિ જ પ્રમાણ છે. તેથી (યુક્તિથી અથવા શ્રુતિથી ખોટું સિદ્ધ થાય તે સુખ નથી). (સ્ત્રી અને પુરુષ) એકબીજા પાસેથી સુખ (પ્રાપ્ત કરવા)ની ઈચ્છા રાખીને પ્રવૃત્તિ કરે છે. તેથી તેમાં સુખ નથી એ સિદ્ધ છે. 'પુમ્ નામના નરકમાંથી બચાવે (તે પુત્ર)' એ વાક્ય પ્રમાણે (પુમ્ એટલે) 'પુરુષ' શબ્દથી નરક કહેલું છે, અને 'આ (સ્ત્રીઓ) વરુઓનાં હૃદય છે' વાક્ય પ્રમાણે 'સ્ત્રી' શબ્દથી ઘોર નરક કહેલું છે, કારણ કે 'તે સોમ ટક્યો નહિ' વિગેરે શ્રુતિઓમાં સ્ત્રીઓની નિંદા જોવામાં આવે છે. 'જનનેન્દ્રિય પ્રજાપતિ અમૃત આનંદ છે' એમ તો ઉપાસના માટે, અથવા લોકમાં જે જાણવામાં આવેલ છે તેનું દૃષ્ટાંત આપવા કહેલું છે, અથવા રસનો આવિર્ભાવ થાય ત્યારે તે (તેવા આનંદની પ્રાપ્તિ) થાય. (પરંતુ તે) ઘર જ હોવાથી-હદવાળું હોવાથી, (તેમાં) રસનો આવિર્ભાવ થતો નથી. (સ્ત્રી અને પુરુષ) બંનેને ગણાવ્યા એટલે ત્યાં ત્રીજું કોઈ નથી, કે જેનાથી (તે) બંનેને સુખ થાય. 'ચ' 'અને' શબ્દથી બાલકો જણાવેલાં છે. તેઓ પણ વાઘની પેઠે તે બે (મા અને બાપ) પાસેથી જ સુખની ઈચ્છા રાખનારાં હોય છે. તેથી યુક્તિ અને પ્રમાણથી (સુખ) ખોટું ઠરતું હોવાથી, એક બીજા માટે પ્રવૃત્તિ કરવામાં ઠગાએલ જ છે. ભેગાં થઈને પણ તેને[૨] હઠાવવામાં ઠગાએલ છે એમ (જણાવવા 'વઞ્ચિતઃ' એમ) એકવચન યોજેલું છે. ૪૫.

એવી રીતે ઘરમાં આસક્તિવાળા તામસ (જીવ)ની (માયાએ કરેલી) ઠગાઈ જણાવી, શાસ્ત્ર વિગેરેમાં આસક્તિવાળો હોવા છતાં, વિવેકવાળો હોવા છતાં પણ રાજસ (જીવ) ઠગાય છે એમ નીચેના શ્લોકમાં કહે છે:

**લબ્ધ્વા જનો દુર્લભમત્ર માનુષં કથઞ્ચિદવ્યઙ્ગમયત્નતોऽનઘ ।।**
**પાદારવિન્દં ન ભજત્યસન્મતિર્ગૃહાન્ધકૂપે પતિતો યથા પશુઃ ।।૪૬।।**

હે પવિત્ર (પ્રભુ) ! ઘણા કષ્ટથી અહિં દુર્લભ (એવા) મનુષ્યના ખોડ વિનાના (દેહ)ને ભારે પ્રયાસથી પ્રાપ્ત કરીને, દુષ્ટ બુદ્ધિવાળો ઘરરૂપી અંધારા

૨. 'તેને' એટલે 'ભગવાનની માયાને' એવો અર્થ જણાય છે.

કુવામાં પડેલો જન પશુની પેઠે (આપના) ચરણકમલને ભજતો નથી. ૪૬.

'કથઞ્ચિત્' ઘણા કષ્ટથી, વિવેકવાળા અને 'અવ્યઙ્ગમ્' સર્વ અંગોવાળા, સર્વ ઈન્દ્રિયોવાળા તથા સર્વ બુદ્ધિવાળા મનુષ્યના (દેહ)ને પણ પ્રાપ્ત કરીને (માણસ આપના ચરણકમલને ભજતો નથી). 'જન' હોવાથી સદા જન્મ લેતો હોવાથી (એવો) ઉત્તમ (દેહ) કોઈકવાર જ પ્રાપ્ત કરે છે, તેથી શાસ્ત્રમાં જણાવેલ 'ભારે પ્રયાસથી' (એવો દેહ પ્રાપ્ત કરીને, એમ કહેલું છે). તેવા (દેહ)ને પણ પ્રાપ્ત કરીને ભગવાનને તે ભજતો નથી તેથી તે દુષ્ટ બુદ્ધિવાળો જ છે, કારણ કે પ્રાપ્ત કરેલ સામગ્રીનો[1] બીજા પ્રકારે ઉપયોગ નથી. ઈન્દ્રિયોનો ઉપયોગ કેમ થાય અને કેમ ન થાય તે પહેલાં શ્રીમદ્ભાગવત ૨।૩।૨૦ તથા ૧૦।૧૧।૩માં જણાવેલું છે. તેથી ભગવાનના ચરણકમલનું ભજન ન કરે તો તે દુષ્ટ બુદ્ધિવાળો થાય છે. અથવા દુષ્ટ બુદ્ધિવાળો હોવાથી ભજન કરતો નથી. તેથી જ તે ઘરરૂપી અંધારા કૂવામાં પડે છે, કારણ કે તે ઉપર ચઢી શકતો નથી. અને ત્યાં (ઘરમાં) પદાર્થ જણાતા નહિ હોવાથી તે અંધારો કૂવો છે. વિવેકવાળો હોય તે કૂવામાં પડેલ હોવા છતાં કોઈ સમયે ઉપાય કરી બહાર નીકળે, તે(વું) પણ (તેનાથી થતું) નથી એમ જણાવવા 'પશુની પેઠે' એવું દષ્ટાંત કહેલું છે. વળી પશુ ત્યાં (અંધારા કૂવામાં) દુઃખી પણ થાય છે, કારણ કે તે ત્યાં વધારે જ દુઃખ પામે છે, અને બહાર નીકળવાનો ઉપાય જાણતો નથી. ૪૬.

એ પ્રમાણે રાજસ (જીવો)ની ખામી વર્ણવી. નીચેના શ્લોકમાં પોતાના દષ્ટાંતથી સાત્ત્વિકોની પણ ખામી જણાવે છેઃ

**મમૈષ કાલોઽજિત નિષ્ફલો ગતો રાજ્યશ્રિયોન્નદ્ધમદસ્ય ભૂપતેઃ ।।**
**મર્ત્યાત્મબુદ્ધેઃ સુતદારકોશભૂષ્વાસજ્જમાનસ્ય દુરન્તચિન્તયા ।।૪૭।।**

હે અજીત! રાજ્યની લક્ષ્મીને લીધે વધી ગએલ મદવાળા દેહમાં આત્મબુદ્ધિ રાખનારા, પુત્ર, સ્ત્રી, ખજાનો અને ભૂમિમાં આસક્તિવાળા હું ભૂપતિનો આ કાલ દુષ્ટ પરિણામવાળી ચિંતાથી નકામો ગયો. ૪૭.

'આ' એટલે પહેલાં અનુભવેલો (ગએલો). તે બધોએ (કાલ) શોકને લીધે (મુચુકુંદની) આગળ જ રહેલો છે. 'હે અજીત !' એવું સંબોધન (કરેલું) છે. 'આપ કાલથી જીતાએલા નથી, પરંતુ હું જીતાએલો છું' એવું પોતાનું દુઃખ પણ (તે સંબોધનથી) કહેલું છે; કારણ કે પુરુષને પુરુષાર્થ પ્રાપ્ત કરવામાં કાલ સાધન છે, તે (પુરુષાર્થની પ્રાપ્તિ) ન થાય તો (કાલ) નકામો જ ગયો.

---

૧. 'પ્રાપ્ત કરેલ સામગ્રી' એટલે સારું અથવા ખરાબ પારખવાની શક્તિ (વિવેક)વાળા મનુષ્યના દેહનો ભગવાનના ભજન વિના બીજા પ્રકારે ઉપયોગ નથી.

'વિવેકવાળો તું એમ કેમ બોલે છે ?' એવી શંકા થાય, તેથી 'રાજ્યની લક્ષ્મીને લીધે વધી ગએલ મદવાળા' વિશેષણ યોજેલું છે. ઘણો જ મદ ઉત્પન્ન કરનારી રાજ્યની લક્ષ્મીથી વધી ગએલો છે મદ જેનો. તેવો ( હું છું).

રાજ્યની લક્ષ્મી મદ ઉત્પન્ન કરનારી થાય તેનું શું કારણ ?' એવી શંકા થાય, તેથી 'ભૂપતિ' શબ્દ યોજેલો છે, કારણ કે બધા દોષો સ્વર્ગમાં નહિ (તેમજ) પાતાલમાં પણ નહિ, (પરંતુ) ભૂમિમાં રહેલા છે. અને તે(ભૂમિ)નો પતિ તેના દોષથી દોષવાળો જ થાય. તેથી (રાજ્યની) લક્ષ્મીને દોષનો સંબંધ હોવાને લીધે, તાવવાળો અન્નનું ભોજન કરે[1] તેમ તે (લક્ષ્મી)થી બુદ્ધિનો નાશ જ થાય. વળી (હું) 'દેહમાં આત્મબુદ્ધિ રાખનારો' છું. 'મર્ત્યે' મરણ જેનો ધર્મ છે તેવા દેહમાં 'આ આત્મા છે' એવી બુદ્ધિ છે જેની તેવો ( હું છું). ભૂપતિપણાને લીધે ઉત્પન્ન થએલું પાપ તો થોડું છે, પરંતુ 'જે એક પ્રકારના આત્માને બીજા પ્રકારનો જાણે છે તે આત્માને હરનાર ચોરે શું પાપ નથી કર્યું ?' એ વાક્ય પ્રમાણે આત્માનું ખોટું જ્ઞાન તો ભારે પાપ છે. અને આત્માને સદા બુદ્ધિથી હણે છે એમ 'મર્ત્ય' 'મરણ ધર્મવાળા' શબ્દથી વધ (કરવા)નો દોષ પણ સૂચવેલો છે.

વળી ''પુત્ર, સ્ત્રી, ખજાનો અને ભૂમિમાં 'આ' સર્વ તરફથી આસક્તિવાળો'' પણ (હું) થયો. આપના (સેવકો)માં મમતા ન કરતાં, પુત્ર વિગેરે ચારમાં (મમતા) કરી, અને તેમાં પણ આસક્તિ કરી, અને તેમાં પણ તેઓની હજારો ચિંતાઓવાળો અને તેમના સંબંધને લીધે પોતાના (મારા પોતાના) સંબંધી હજારો ચિંતાવાળો થયો.

''તેઓના ઉપર આધાર રાખનારાઓનું હું પોષણ કરીશ, તેઓના શત્રુઓને હું હણીશ'' એવી, જેનું 'અંતઃ' ભાવિ ફલ, નરકમાં પડવું એ જ છે તેવી દુષ્ટ પરિણામવાળી ચિંતા મને થઈ. એ પ્રમાણે ૧. આયુષ્યનું નકામું જવું ૨.દેહમાં આત્માની બુદ્ધિ હોવી અને ૩. પુત્ર વિગેરેમાં આસક્તિ એવા ત્રિદોષમાં હું પણ ડૂબ્યો. આ ત્રણ પૈકી એક એક દોષ પણ અનર્થ કરનારો છે એ ન્યાયથી ચાર[2] દોષ કહ્યા. ૪૭.

એવી રીતે ત્રણે પ્રકારના (જીવો)ના મોહનું વર્ણન કરી, પોતાના ત્રણ મોટા

---

૧. તાવવાળો ભોજન કરે તેથી જેમ તાવ વધે. તેમ આ લક્ષ્મીથી બુદ્ધિનો નાશ જ (સંપૂર્ણ) થાય.

૨. ત્રણ દોષો ઉપર ગણાવ્યા, અને આવતા શ્લોકમાં ત્રણ દોષો કહેશે તે ચોથો દોષ જાણવો. (લે) ત્રણ દોષો ગણાવ્યા તે ત્રણ, અને તે ત્રણેનો સમૂહ (ત્રિદોષ) એ ચોથો દોષ એ પ્રમાણે ચાર દોષ કહ્યા, એવો અર્થ જણાય છે. 'દોષચતુષ્ટયમ્' પછી 'ઉક્તમ્' કહ્યું છે, તેથી હવે પછીના શ્લોકમાં કહેવામાં આવે તે દોષનો આમાં સમાવેશ થાય નહિ.

દોષોનું ખાસ વર્ણન નીચેના ત્રણ શ્લોકોથી કરે છેઃ

**કલેવરેઽસ્મિન્ઘટકુડ્યસંનિભે નિરૂઢમાનો નરદેવ ઇત્યહમ્ ।।**
**વૃતો રથેભાશ્વપદાત્યનીકપૈર્ગાં પર્યટંસ્ત્વાઽગણયન્સુદુર્મદઃ ।।૪૮।।**
**પ્રમત્તમુચ્ચૈરિતિકૃત્યચિન્તયા પ્રવૃદ્ધલોભં વિષયેષુ લાલસમ્ ।।**
**ત્વમપ્રમત્તઃ સહસાભિપદ્યસે ક્ષુલ્લેલિહાનોઽહિરિવાખુમન્તકઃ ।।૪૯।।**
**પુરા રથૈર્હેમપરિષ્કૃતૈશ્ચરન્મતઙ્ગજૈર્વા નરદેવસંજ્ઞિતઃ ।।**
**સ એવ કાલેન દુરત્યયેન તે કલેવરો વિટ્કૃમિભસ્મસંજ્ઞિતઃ ।।૫૦।।**

ઘડા અને ઘર જેવા આ દેહમાં 'હું નરદેવ છું' એવું જેનું અભિમાન વધી ગએલ તેવો હું. રથ, હાથી, અશ્વ અને પાયદળના સેનાપતિઓથી વીંટાએલો પૃથ્વી ઉપર ફરતાં ઘણા દુષ્ટ મદવાળો થઈ આપની ગણના ન કરનારો થતાં. જેમ ભૂખને લીધે ગલોફાં ચાટતો સાપ ઉંદરને એકાએક ઝડપી લે છે તેમ. ઝડપથી આટલું કરવું જોઈએ એવી ચિંતાથી ભાન વગરના થએલા, જેનો લોભ ઘણો વધેલો છે તેવા અને વિષયોમાં લાલસાવાળાને કાલરૂપ સાવધાન આપ એકાએક ઝડપી લો છો. પહેલાં (આ) દેહ સુવર્ણથી શણગારેલા રથોથી અથવા હાથીઓથી ફરતો (અને) નરદેવ એમ ઓળખાતો. તે જ જેનું ઉલ્લંઘન થઈ ન શકે તેવા આપના (સેવક) કાલને લીધે વિષ્ઠા, કીડા અને ભસ્મ એવું નામ પામે છે. ૪૮-૪૯-૫૦.

કાલ ગળી જાય છે તેનું અહિં નિરૂપણ કરવામાં આવે છે. તે સંબંધમાં કાલનો દોષ નથી એમ જણાવવા (કાલ ગળી જાય છે તેના) કારણ તરીકે પોતાના દોષને અડતાલીસમા શ્લોકમાં જણાવે છે. આ 'કલેવરે' શરીરમાં જેનું અભિમાન વધી ગએલ છે તેવો થતાં ઘણા મદવાળો થઈ આપની ગણના ન કરનારો હું થાઉં છું ત્યારે આપ કાલરૂપ થઈ ઝડપી લો છો. એવો (અડતાલીસ તથા ઓગણપચાસમા) બે (શ્લોકો)નો સંબંધ છે. ભગવાન્ ગળી જાય છે તેમાં કારણ બનેલા અમારા છ દોષો છે. (૧) આરંભમાં 'કલેવરમ્' એટલે 'કલે' લઈ જવામાં, ઝડપી લેવામાં, કાલે ગળી જવામાં (તે) 'વરમ્' ઉત્તમ છે. માટી, પથરા વિગેરે પૈકી કાલ તેનું જ પ્રથમ ભક્ષણ કરે છે. તેથી જ પથર વિગેરે લાંબો સમય રહે છે, (અને) કલેવર (દેહ) તરત જ નાશ પામે છે. કાલનું જે ભક્ષ્ય છે અને તે (કાલના ભક્ષ્ય) તરીકે જ જે બનાવેલું છે, તેમાં પોતાનું અભિમાન (તે હું છું એવી બુદ્ધિ) સુખ આપનારી હોતી નથી.

વળી 'આ' શબ્દથી પોતાનો સૂતેલો દેહ મુચુકુંદે દેખાડેલો છે. તે સંસ્કાર વિનાનો મરેલા જેવો છે. આ (શબ્દ)થી દેહમાં પોતાથી પણ દોષ જણાવેલો છે. જેમ ઘડો જલ લાવવાના ઉપયોગમાં લેવામાં આવે છે, અને તે જલ બીજા કાર્યમાં

ઉપયોગમાં લેવામાં આવે છે, તે પ્રમાણે દેહથી કર્મો કરવામાં આવે છે, અને પછી તેમનો જ્યાં ત્યાં ઉપયોગ કરવામાં આવે છે, એમ (દેહનું) હદવાળા હોવાપણું અને જડપણું જણાવે છે. તેવા માત્ર કર્મ (કરવા)ના સાધન બનેલા (દેહ)નો આત્મા તરીકે સ્વીકાર અત્યંત દુષ્ટ બુદ્ધિનું ફલ છે. વળી તે ઘર જેવો છે. જેમ 'કુડ્યે' ઘરમાં કોઈ રહે તેમ કેટલાક સમય સુધી રહેવા માટે ભગવાને (તે કલેવર) કરેલું છે. એ પ્રમાણે રહેવાના સ્થાન તરીકે, (કર્મ કરવાના) સાધન તરીકે તે આત્માથી જૂદું જણાતું હોવા છતાં પણ, પાછો તેમાં 'નિરૂઢમાનઃ' એટલે સારી રીતે વધેલું છે 'માનઃ' 'આ હું છું' એવું અભિમાન જેનું, તેવો (હું છું). આ પાંચ અવયવવાળો[1] એક મોટો દોષ છે.

(૨) '(હું) નરદેવ છું' એમ બીજો કહે છે. નર (હોવા)પણું જ શંકાવાળું છે, (જીવને રહેવાનું) અપવિત્ર ઠામ દેવ કેમ હોઈ શકે ? નરોનો દેવ એટલે (નરોએ) પૂજા કરવા યોગ્ય રાજા. 'ઈતિ' 'એમ' શબ્દ નિશ્ચય જણાવે છે. 'હું' શબ્દથી એમ કહેલું છે કે મારો અનુભવ આ વિષયમાં પ્રમાણ છે. તેથી અહિં ત્રણ[2] અવયવો જણાવ્યા.

(૩) '(રથ, હાથી, અશ્વ અને પાયદળના સેનાપતિઓથી) વીંટાએલો' શબ્દથી ત્રીજો દોષ કહેલો છે. રથ વિગેરે ચાર સેનાના અવયવોવાળી જે 'અનીકં' સેના, તેનું રક્ષણ કરનારા સેનાપતિઓથી વીંટાએલો (હું રહેતો). તે હણનારા દુષ્ટો હતા, તેથી તેમની સાથે રહેનાર, એમ કુસંગ કહ્યો. (૪) 'પૃથ્વી ઉપર ફરતાં' શબ્દોથી ભૂમિના ભારરૂપ ચોથો દોષ કહેલો છે. ભૂમિ ઉપર કોઈ પણ પુરુષાર્થ પ્રાપ્ત કરતો નથી, પરંતુ ભૂમિ ઉપર જ ચારે તરફ ફર્યા કરું છું. (૫) 'આપની ગણના ન કરનારો' શબ્દથી પાંચમો મોટો દોષ કહેલો છે, કારણ કે જેમને સર્વ અધીન છે, તેમની જ ગણના કરવામાં આવતી નથી. (૬) સારી રીતે દુષ્ટ મદ છે જેનો, એમ પોતાનું અજ્ઞાન પણ (જણાવેલું છે). ૪૮.

એ પ્રમાણે છ દોષથી ઘેરાએલાનું કાલ ભક્ષણ કરે છે એમ ઓગણપચાસમા શ્લોકમાં કહે છે. આ છ દોષો કુદરતી છે, અને તેઓ ભેગા થઈ તરત જ ફલ પ્રાપ્ત કરાવે તેવા (૧) ઝડપથી આટલું કરવું જોઈએ એવી ચિંતાથી ભાન વગરના થવું (૨) ઘણો જ વધેલો લોભ અને (૩) વિષયોની લાલસા (તીવ્ર ઈચ્છા) એ ત્રિદોષને ઉત્પન્ન કરે છે એમ જણાવે છે, અને (પોતે ભગવાનની) સમાન નથી એમ જણાવવા નીચેના વિશેષણોથી ભગવાનમાં ત્રણ દોષ નથી એમ જણાવે છે. (૧) સાવધાન

---

૧. પાંચ પર્વવાળી અવિદ્યા જણાવેલી છે. જૂઓ તત્ત્વદીપ ૧।૩૬.

૨. નરદેવ હોવાનું માનવું એ સ્વરૂપાજ્ઞાન, ખોટો નિશ્ચય કરવો એ ઈન્દ્રિયાધ્યાસ, અને આવા અનુભવને પ્રમાણ ગણવો એ અંતઃકરણાધ્યાસ; એ ત્રણ અવયવો જણાય છે.

(૨) ભૂખને લીધે ગલાફાં ચાટતા એટલે લોભ વિનાના અને (૩) વિષયોની લાલસા વિનાના જણાય તે માટે એકાએક ઝડપી લેનારા, કારણ કે જે વિષયોમાં લાલસાવાળો હોય છે, તે ભોગમાં આસક્ત હોવાને લીધે કાર્ય કરવામાં વિલંબે પ્રયત્ન કરનારો હોય છે, કારણ કે ક્રિયા (પ્રયત્ન) અને ભોગ (એકબીજાથી) વિરુદ્ધ છે.

તેમનામાં[3] દોષ નથી એમ જણાવવા, (જીવના સંબંધમાં) 'પ્રમત્તઃ' એટલે 'પોતાના પુરુષાર્થમાં ભાન વિનાનો' એવું દૃષ્ટાંત કહેલું છે. તે વિષયમાં (ભાન વિનાનો રહેવામાં) જો કે અજ્ઞાન પણ કારણ છે, છતાં પણ 'ઝડપથી આટલું કરવું જોઈએ એવી ચિંતાથી' શબ્દથી બીજો દોષ પણ કહેલો છે. 'ઇતિ' એટલે 'આટલું' અવશ્ય કરવું જોઈએ એવી, અથવા આ પ્રમાણે કરવું જોઈએ એવી (ચિંતા તેને રહે છે). 'ઝડપથી' શબ્દથી (એમ જણાવ્યું છે કે) બધા કરતાં આ જ જરુરી છે. તેમાં પણ જો કાર્ય થાય તો દોષ ન પણ થાય, તેવું (કાર્ય થવાનું) પણ હોતું નથી એમ 'ચિંતાથી' શબ્દથી જણાવેલું છે. (આને) માત્ર ચિંતા જ રહે છે, કેમ કે આણે અંતઃકરણ તે (ચિંતા)માં જ રોકી રાખેલું છે. ભગવાને પોતાને (રહેવા) માટે (દેહની) અંદર (અંતઃકરણ) રાખેલું તેનો બહાર (બીજામાં) ઉપયોગ કર્યો એવો ઘણો ભારે અપરાધ જણાવ્યો. આ (ચિંતારૂપી અપરાધ) પ્રાપ્ત નહિ થએલ પદાર્થના સાધનરૂપ હોવાથી, 'જેનો લોભ ઘણો વધેલો છે' વિશેષણથી પ્રાપ્ત થએલા પદાર્થના સંબંધમાં બીજો દોષ કહેલો છે, કારણ કે તે (પદાર્થ અથવા વિષય) ઉપભોગ કરવા માટે પ્રાપ્ત કરવામાં આવે છે. તે (પ્રાપ્ત) કરીને પણ રાખી જ મૂકે છે, ભોગવતો નથી. વળી ભોગવ્યા પછી પણ, તેમાં રહેલ વિરસપણું જાણીને પણ પાછી લાલસા કરે છે. 'વિષં યાન્તિ' વિષપણું પામે તે વિષયો. વિષ હણનારું મૃત્યુનું મુખ છે. તેમાં (વિષયો) પોતે જતાં પોતાના ભક્તને પણ લઈ જાય છે. એક (વિષય) પણ (મૃત્યુના મુખમાં) લઈ જાય, તો પછી ઘણાનું તો કહેવું જ શું ? એમ જણાવવા બહુવચન યોજેલું છે. જો કે ભગવાનમાં પણ 'આ કરવાનું છે' એવી ચિંતા (ચિંતન) હોય છે, તેમ ન હોય તો તે (દોષવાળાને) હણે નહિ, છતાં પણ તે ભાન વિનાના થતા નથી. તેથી જ હેતુ રહેલો હોવાથી, સાધ્યની પ્રાપ્તિ થતી નથી એમ કહેલું છે[4].

૩. આ ભાગનું વિવરણ કદાચ શ્રીમદ્‌વિઠ્ઠલપ્રભુએ કરેલું હોય તેમ લાગે છે. મૂલ પુસ્તકો જોવાથી તેની ખાતરી થઈ શકે.

૪. જીવ આ કાર્ય તરત કરવું જોઈએ એવી ચિંતાથી ભાન વિનાનો (અસાવધાન) થાય છે. ચિંતા એ ભાન વિનાનો બનાવનાર છે. ચિંતા હેતુ છે અને 'ભાન વિનાના હોવું' એ સાધ્ય છે. ભગવાનમાં પણ ચિંતા (ચિંતન) હેતુ છે, તેથી તે પણ એવા પ્રમત્ત હશે એમ લાગે, તેથી તે એવા નથી, પરંતુ 'અપ્રમત્તઃ' સાવધાન છે, એટલે સાધ્યની પ્રાપ્તિ થતી નથી, એમ કહેલું છે.

'એકાએક' એટલે જ્યારે ત્રણ દોષ ઉત્પન્ન થાય કે તરત જ. (તેમનો) ઉપાય કરે તે પહેલાં જ, ક્યાંય પણ નાસી ન જાય તે માટે ('અભિપદ્યસે' ક્રિયાપદમાં) 'અભિ' (ચારે તરફથી) ઉપસર્ગ યોજેલો છે. 'સાપ' એ કાલનું રૂપ છે, અને ઉંદર લ્હેર કરનારો જીવ છે. બીજાનું ભક્ષ્ય શરીર ધારણ કરી તે સદા સર્વનું, બૂરું કરવામાં મશ્ગુલ રહે છે.

'રાજાનો આ ધર્મ છે કે રક્ષણ કરવું, અને તે માટે શત્રુઓને હણવા. તે (શત્રુને હણવા) માટે ચાર અવયવોવાળી સેના રાખવી, પ્રાણીઓનું હિત કરવા ધન લેવું, અને કર્મનાં ફલ ભોગવવા વિષયોની લાલસા રાખવી. તેથી આ (ધર્મો) ગુણ જ બનેલા છે, તેમને એ પ્રમાણે દોષ કેમ ગણવામાં આવે છે ?' એવી શંકા થાય, તેથી પચાસમો શ્લોક કહે છે. સાચું, જો આ દેહ દેવ હોય તો એમ (એ ધર્મો ગુણરૂપ) થાય. પહેલાં રથ વિગેરેમાં ફરતો હોવા છતાં, રાજા તરીકે (તેને) માન આપવામાં આવેલ હોવા છતાં, 'કલેવરં' દેહ, વિષ્ઠા, કીડા અને ભસ્મ એવું જ નામ પામે છે. મરણ પામેલો દેહ ત્રણ પ્રકારે ઠેકાણે પડે છે. (૧) કાગડા વિગેરે (તેનું) ભક્ષણ કરે તો (તે) વિષ્ઠા થાય છે અથવા (૨) સડી જાય તો (તેમાંથી) કીડા થાય છે અથવા (૩) બાળવામાં આવે તો (તેની) ભસ્મ થાય છે. (આ ત્રણ) રાજસ, તામસ અને સાત્ત્વિક સ્થિતિ જણાવી તેથી (દેહ) પરિણામમાં દુષ્ટ હોવાથી, (તેમાં) નિરર્થક અભિમાન રાખવાથી દોષ જ થાય છે એવો અર્થ છે. ૫૦.

એ પ્રમાણે ફલથી દોષોને વર્ણવી નીચેના ત્રણ (શ્લોકો)થી ક્રિયાથી પણ ત્રણ પ્રકારના (દોષ) કહે છેઃ

**નિર્જિત્ય દિક્ચક્રમભૂતવિગ્રહો વરાસનસ્થઃ સમરાજવન્દિતઃ ।।**
**ગૃહેષુ મૈનુન્યપરેષુ યોષિતાં ક્રીડામૃગઃ પૂરુષ ઈશ ઈયતે ।।૫૧।।**
**કરોતિ કર્માણિ તપઃસુ નિષ્ઠિતો નિવૃત્તભોગસ્તદપેક્ષયાદદત્ ।।**
**પુનશ્ચ ભૂયેયમહં સ્વરાડિતિ પ્રવૃદ્ધતર્ષો ન સુખાય કલ્પતે ।।૫૨।।**
**ભવાપવર્ગો ભ્રમતો યદા ભવેજ્જનસ્ય તર્હ્યચ્યુત સત્સમાગમઃ ।।**
**સત્સંગમો યર્હિ તદૈવ સદ્ગતૌ પરાવરેશે ત્વયિ જાયતે મતિઃ ।।૫૩।।**

હે ઈશ ! દિશાઓના સમૂહને જીતીને, વિગ્રહનો સંભવ ન રહે તેવો થઈ, ઉત્તમ આસન ઉપર બેઠેલો, સમાન રાજાઓથી વંદન કરાતો પુરુષ મૈથુન્ય જેમાં મુખ્ય છે તેવા સ્ત્રીઓના ઘરોમાં રમકડાંરૂપ પશુ થાય છે. તે કર્મો કરે છે, તપોમાં રચ્યોપચ્યો રહે છે, ભોગથી દૂર રહે છે, 'ફરીથી પણ હું ઉત્તમ પુરુષ થાઉં' એવી તેની ઈચ્છાથી તે જ (કાર્યો) કરતો, ઘણી વધેલી તૃષ્ણાવાળો સુખ પામતો નથી. હે

અચ્યુત ! જ્યારે પુરુષને ભમતાં છેવટનો ભવ થાય છે ત્યારે (તેને) સત્પુરુષોનો સમાગમ થાય છે, (અને) જ્યારે સત્પુરુષોનો સમાગમ થાય છે ત્યારે જ મોટા અને નાનાના ઈશ્વર, સત્પુરુષોનાં ફલરૂપ આપમાં (તેની) મતિ થાય છે. ૫૧-૫૨-૫૩.

(૧) રાજાના ધર્મો તામસ છે (૨) કર્મ રાજસ છે અને (૩) સત્સંગ સાત્ત્વિક છે એવો ભેદ જણાવી કર્મનું સ્વરૂપ કહેવામાં આવે, ત્યારે વસ્તુનો વિવેક (શું સારું છે અને શું ખરાબ છે તે) જણાવેલો થાય (ગણાય), અને આ ત્રણ (ક્રિયા) સાધન પ્રાપ્ત કરાવનાર છે. તે પૈકી રાજા થવાથી સ્ત્રીઓના સેવક થવાય છે એવી (તેની) ફલ તરીકે હલકી સ્થિતિ જણાવેલી છે. સ્ત્રી સાધારણ પુરુષોની સેવા પણ કરે છે, પરંતુ રાજાઓને તેવો સંભવ નહિ હોવાથી, (તે) પોતે જ (સ્ત્રીનો) દાસ થાય છે એટલે (તેને સાધારણ પુરુષની) સમાનપણું ફલ (મળતું) નથી, એમ કહેલું છે.

આરંભમાં (૧) દિશાઓના સમૂહને એટલે સાત દ્વીપોવાળી ભૂમિને જીતીને એટલે વશ કરીને, ઘણા પ્રયાસથી તેટલું પ્રાપ્ત કરીને, (૨) તેથી પણ વધારે સમય પછી 'ન' નથી 'ભૂતઃ' થવા યોગ્ય 'વિગ્રહઃ' વિગ્રહ જેને તેવો, એટલે વિગ્રહનો સંભવ ન રહે તેવો થાય છે. (૩) પછી સ્વસ્થ થઈ ઉત્તમ આસન ઉપર બેસે છે. (૪) પછી સમાન રાજાઓ (તેને) વંદન કરે છે. એ પ્રમાણે ચારે પ્રકારે ઉત્તમપણું પ્રાપ્ત કરીને, ચાર પ્રકારે હલકો પડે છે. એમ ઉત્તરાર્ધમાં કહે છે. (૧) સ્ત્રીઓનાં ઘણાં ઘરોમાં, એક(પુરુષ) ઘણા (ઘરો)માં દાસ થાય છે તેથી દુઃખી થાય છે. (૨) 'મૈથુન્ય જેમાં મુખ્ય છે' તેવાં (એ ઘરોના વિશેષણ)થી અંદરનો (પુરુષપણાનો) પણ નાશ (કહેલો છે). (૩) 'રમકડાંરૂપ પશુ' થતો હોવાથી બહારનું બધું (ધન, સત્તા વિગેરે સ્ત્રીઓને) સોંપી દીધેલું છે, (૪) 'મૃગઃ' (શોધનારો[1]) હોવાથી જેટલા પદાર્થો છે તેથી પણ વધારે પ્રાપ્ત કરવાનું (તેને રહે છે) અને (તેના) પરલોકનો નાશ થાય છે. તે પોતે 'પુરુષઃ' એટલે સર્વ (પ્રાપ્ત કરવા)ની શક્તિવાળો છે. (પોતાની આવી સ્થિતિ) જણાવવા માટે 'હે ઈશ !' એવું સંબોધન કરેલું છે. 'થાય છે' શબ્દનો એવો અર્થ છે કે (આ) સત્ય છે, આમાં કાંઈ છૂપું નથી. ૫૧.

એ પ્રમાણે લૌકિક (કર્મ)નું નકામાપણું વર્ણવી, બાવનમા શ્લોકમાં વૈદિક (કર્મ)નું નકામાપણું જણાવે છે.

જે રાજ્યને પ્રાપ્ત કરીને વિષયો ભોગવે છે તે તો અધમ જ છે, જે તપ કરે છે અને તેમાં પણ કામ્ય તપ જે તેવું જ રાજ્ય પ્રાપ્ત કરાવે છે (તેવું જે કરે છે) તે

૧. 'મૃગયતે' શોધે છે તે 'મૃગઃ' પ્રાણી. તેથી 'મૃગઃ' પ્રાણી અધિક શોધે છે, એવો અર્થ છે. (લે) મહારાજાનો બધો વૈભવ હોવા છતાં, મહારાણીને જે કાંઈ વિશેષ પ્રાપ્ત કરવાની ઈચ્છા થાય તે પ્રાપ્ત કરવા મહારાજાએ પ્રયાસ કરવો પડે છે.

તેનાથી પણ અધમ છે, કારણ કે 'મેં પ્રાપ્ત કરેલું રાજ્ય સારું નથી, નાશ પામે તેવું છે' એવા વિચારથી તે તપ કરવા પ્રવૃત્તિ કરે છે. જે તે કર્મ તપથી પ્રાપ્ત થવાનું છે તે પણ તેવું જ હોવાથી, પ્રાપ્ત કરેલું રાજ્ય તજી, કષ્ટથી પણ તેવું જ પ્રાપ્ત કરનાર મૂર્ખ જ છે. વળી તે જાત જાતનાં કર્મો કરે છે. તપમાં સારી રીતે રચ્યોપચ્યો રહે છે, અને તે માટે ભોગથી દૂર રહે છે.

'તેથી પણ અધિક અથવા ઉત્તમ (રાજ્ય) પ્રાપ્ત કરવા તે (તેમ) કરે છે' એવી શંકા થાય, તેથી 'તેની ઈચ્છાથી' શબ્દ યોજેલ છે. તેનાથી અધિક સાંભળવામાં તેમ જ જોવામાં આવેલ નહિ હોવાથી, (તેને રાજ્યમાં) માત્ર રસ જ[2] ઉત્પન્ન થાય છે. તેથી તે(તેવા જ રાજ્ય)માટે જ તે (એમ) કરે છે, એવું 'તેની ઈચ્છાથી તે જ (કાર્યો) કરતો' શબ્દોથી કહેલું છે.

'એકવાર ભૂલ કરેલાની બીજી વાર ભૂલ નીકળી જશે' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ યોજેલો છે. વારંવાર રાજ્ય પ્રાપ્ત કરીને પણ, 'ફરીથી પણ ઉત્તમ પુરુષ હું થાઉં' એવી તેને જ પ્રાપ્ત કરવાની કામના કાયમની હોવાથી, તે સુખ પામતો નથી.

'પોતાના વર્ગવાળામાં સર્વ ઉત્તમપણું ઈચ્છે છે. તેથી તેનું તે જ (રાજ્ય) તે કેમ લે છે?' એવી શંકા થાય, તેથી 'ઉત્તમ પુરુષ' શબ્દ યોજેલ છે. બ્રહ્માંડના અધિ-પતિપણાની પણ કામના કરતાં, તેની તૃષ્ણા વધ્યા જ કરે છે. તૃષ્ણા હોય ત્યાં સુખ હોતું નથી, કારણ કે વધારે પ્રાપ્ત કરવાની ઈચ્છા દુઃખરૂપ છે. તેથી ઉત્તમ પદાર્થની પણ કામના કરતાં, તે સુખ ભોગવવા શક્તિમાન થતો નથી, એવો અર્થ છે. ૫૨.

એ પ્રમાણે કર્મના ફલની નિંદા કરી, કામના ન રાખનારની સ્તુતિ કરવા, ત્રેપનમા શ્લોકમાં સાત્ત્વિક કર્મ કરવા યોગ્ય જણાવી (તેની) સ્તુતિ કરે છે. જ્યારે ભગવાનની ઈચ્છાથી છેવટનો ભવ થાય, ત્યારે પુરુષને સાધનથી થતી (મુક્તિ)ની ઈચ્છા થતાં, સત્પુરુષોનો સમાગમ, એટલે સત્પુરુષો સાથે 'સમ્યક્' સારી રીતે 'આગમઃ' એટલે બોધ લેનાર અને બોધ આપનારની સ્થિતિરૂપ સંબંધ થાય છે. 'ભમતાં' શબ્દથી જુદા જુદા પ્રકારની યોનિઓમાં ભમવાથી થએલાં દુઃખને ભગવાનની કૃપાનું કારણ કહેલું છે. અથવા કેટલાક જન્મો (જેવા કે) યોગીઓના કુલમાં અથવા મોટા પુરુષના કુલમાં જન્મ છેવટના ભવના સ્થાનરૂપ છે. તેવા (સ્થાન)માં ગએલાને પણ પોતાની મેળે જ મુક્તિ (પ્રાપ્ત થતી) નથી, પરંતુ સત્સંગથી જ (પ્રાપ્ત થાય છે). જુદાં જુદાં શરીરો ધારણ કરતાં જે સમયે સત્સંગ થાય તે સમયનો દેહ જ 'છેવટનો ભવ' શબ્દનો અર્થ હોવાથી, તેનું 'મનુષ્યના દેહ'

૨. 'રસ' એટલે 'પદાર્થ'. (અહિં રાજ્ય) માટેની તીવ્ર ઈચ્છા. શ્રીમદ્ભગવદ્ગીતા ૨।૫૯માં 'રસ' શબ્દ આ જ અર્થમાં યોજાએલો છે.

પેઠે નિરૂપણ કરેલું છે. 'મનુષ્યનો દેહ દુર્લભ છે' એ (શ્રીમદ્ભાગવત ૧૧।૨।૨૯) શ્લોકમાં તેનું વ્યાખ્યાન કરવામાં આવશે. તેથી જ 'ત્યારે જ સત્પુરુષોનો સમાગમ થાય છે.' એમ કહેલું છે. અથવા 'ત્યારે' એટલે (સત્સંગ પ્રાપ્ત થવાની) યોગ્યતા થાય ત્યારે. 'હે અચ્યુત!' એવા સંબોધનથી એમ કહેલું છે કે તેમના (ભક્તોરૂપ) સત્પુરુષોના સંગની સ્થિતિને લીધે (ભગવાનમાં મતિ થવામાં) વિલંબ થતો નથી. વળી તે (સત્પુરુષોનો) સંગ જણાએલા (સાધન) મારફત જ પુરુષાર્થમાં ફલે છે એમ જણાવતાં ઉત્તરાર્ધ કહે છે. જ્યારે સત્પુરુષોનો સમાગમ થાય છે ત્યારે જ આપમાં મતિ થાય છે. ભગવાન્ ક્લેશ વિના કર્મ કરનારા હોવાથી પોતાના માટે કોઈની (કોઈ કાર્યમાં) પ્રવૃત્તિ કરાવતા નથી. અને કાલ કર્મ વિગેરે (તો ભગવાનમાં મતિ થાય તેમાં) વિઘ્ન કરનારા જ છે, તેથી ભક્ત વિના (બીજો) કોઈ પણ ભગવાનમાં મતિ કરાવતો નથી. તેઓને તે (તેવી મતિ) કરાવવી જરુરી છે, તેનું કારણ 'સત્પુરુષોના ફલરૂપ' શબ્દથી કહેલું છે; કારણ કે સત્પુરુષોની ગતિ (ફલ) તે (ભગવાન) જ છે. તેઓ પ્રાપ્ત કરવાના પદાર્થ તરીકે, (તે પ્રાપ્ત કરવાના) સાધન તરીકે અને ફલ તરીકે ભગવાનને જ જાણે છે, તેથી માત્ર તેઓની સમીપમાં રહેવાથી જ ભગવાનમાં મતિ થાય છે. 'તેથી (ભગવાનમાં મતિ થવાથી) શું થાય ?' એવી શંકા થાય, તેથી 'મોટા અને નાનાના ઈશ્વર' શબ્દ યોજેલ છે. કાલ વિગેરે મોટા, કર્મ વિગેરે નાના, તેઓને ફલ આપવામાં તે જ ધણી છે, તેથી બધુંએ ફલ તેમની પાસેથી જ પ્રાપ્ત થાય છે એવો અર્થ છે.

આથી એમ કહેવાયું કે મારાં (મુચુકુંદનાં) બધાં સાધનો થઈ ચૂક્યાં, અને સાધન માટે (હવે) મારે પ્રવૃત્તિ (કરવાની) નથી એમ પણ સૂચવાયું. તેથી ગર્ગનું વચન સત્ય થાય તે માટે પણ (મારા ઉપર) કૃપા કરવી યોગ્ય છે એવો અભિપ્રાય (આ) સાધન પ્રકરણમાં જણાવ્યો છે. ૫૩.

નીચેના શ્લોકોમાં ફલનું નિરૂપણ કરે છેઃ

**મન્યે મનાનુગ્રહ ઈશ તે કૃતો રાજ્યાનુબન્ધાપગમો યદચ્છયા ।।**
**યઃ પ્રાર્થ્યતે સાધુભિરેકચર્યયા વનં વિવિક્ષદ્ભિરખણ્ડ ભૂમિપૈઃ ।।૫૪।।**
**ન કામયેઽહં તવ પાદસેવનાદકિઞ્ચનપ્રાર્થ્યતમાદ્ વરં વિભો ।।**
**આરાધ્ય કસ્ત્વાં હ્યપવર્ગદં હરે વૃણીત આર્યો વરમાત્મબન્ધનમ્ ।।૫૫।।**
**તસ્માદ્વિસૃજ્યાશિષ ઈશ સર્વતો રજસ્તમઃસત્ત્વગુણાનુબન્ધનાઃ ।।**
**નિરઞ્જનં નિર્ગુણમદ્વયં પરં ત્વાં જ્ઞપ્તિમાત્રં પુરુષં વ્રજામ્યહમ્ ।।૫૬।।**

હે ઈશ ! રાજ્યના સંબંધનું દૂર થવું, જેને માટે એકલા ફરીને વનમાં પ્રવેશ કરવા ઈચ્છતા સાર્વભૌમ રાજારૂપ સાધુઓ પ્રાર્થના કરે છે, તેનું (મને) એકાએક

પ્રાપ્ત થવું, તે આપે મારા ઉપર કરેલો અનુગ્રહ હું માનું છું. ૫૪.

હે વિભો ! ગરીબોએ સર્વથી વધારે માગવા યોગ્ય આપના ચરણની સેવા (તજી) હું વર માગવા ઈચ્છતો નથી, કારણ કે હે હરિ ! મોક્ષ આપનાર આપની આરાધના કરી, કયો આર્ય (પોતાનું) બંધન કરાવનાર વર માગે ? ૫૫.

તેથી હે ઈશ ! રજસ્, તમસ્ અને સત્ત્વગુણોની સાથે જ બંધન કરાવનારી આશિષોને સર્વ તરફથી તજીને હું નિરંજન નિર્ગુણ ભેદ વિનાના સ્વતંત્ર માત્ર જ્ઞાનરૂપ આપ પુરુષને (શરણ) આવું છું. ૫૬.

કારણ કે (૧) રાજ્ય (૨) કામનાઓ અને (૩) ભગવાન્ એમ ફલ ત્રણ પ્રકારનું છે. તે પૈકી (પહેલાં) બે (જોઈતાં) નથી એમ કહે છે. તે (બે)માં પણ રાજ્ય દોષરૂપ હોવાનું પોતાના અનુભવથી સાબિત થએલું હોવાથી દૈવને લીધે તે ગયું તે માટે ચોપનમા શ્લોકમાં આનંદ દર્શાવે છે. સર્વનું કારણ તે ભગવાન જ છે, તેથી તે આપે કરેલું આ 'રાજ્યાનુબન્ધાપગમઃ' પોતાની મેળે જ રાજ્યના સંબંધનું દૂર થવું, તે ભગવાને મારા ઉપર અનુગ્રહ જ કરેલો છે એમ હું માનું છું. 'યદચ્છયા' 'એકાએક' એટલે કારણ વિના (તે) થએલ હોવાથી ભગવાને જ કરેલ છે, અને ભગવાન્ (જીવના) હિત માટે જ (સર્વ કાર્ય) કરે છે એવો નિશ્ચય છે.

'ઈચ્છેલ (પદાર્થ) પ્રાપ્ત કરાવનાર રાજ્ય જતું રહે તે ફલ કેમ (ગણાય) ? ન ઈચ્છેલા (પદાર્થ) (રાજ્યની) સાથે પ્રાપ્ત થાય, તે તો પોતાના દોષને લીધે (થાય છે), પરંતુ રાજ્ય અન્નની પેઠે પોતાની મેળે ન ઈચ્છેલા પદાર્થ પ્રાપ્ત કરાવનારું નથી. જેમ તે અન્ન તાવવાળાને જ દુઃખ ઉત્પન્ન કરનારું છે, તેમ રાજ્ય સ્વભાવે તામસ ઉદ્ધત પુરુષને જ દુઃખ ઉત્પન્ન કરનારું થાય છે' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ યોજેલો છે; કારણ કે સાધુઓ પણ રાજ્યનો ત્યાગ કરે છે, તેથી જણાય છે કે રાજ્ય સ્વભાવથી જ દુષ્ટ છે. તેમ ન હોય તો તે સાધુઓને રાજ્ય ભગવાનનું ભજન કરવાનું સાધન પણ થતું હોવાથી, તેમને તેનો ત્યાગ કરવાની ઈચ્છા ન થાત. વળી તે (રાજ્યનો સંબંધ દૂર થવા)ની તેઓ પ્રાર્થના કરે છે. તે સાધુઓના કર્મથી પણ પ્રાપ્ત થતું નથી, તેથી તે(ને પ્રાપ્ત કરવા)નો ઉપાય થઈ શકતો નથી, તેથી તેને માટે ભગવાનની જ પ્રાર્થના કરવામાં આવે છે. (તે) પ્રાર્થના પણ માત્ર મનથી અથવા વાણીથી કરવામાં આવતી નથી, પરંતુ દેહથી કરવામાં આવે છે એમ 'એકલા ફરીને' શબ્દથી કહેલું છે. એકલા ફરીને વનમાં પ્રવેશ કરવા ઈચ્છનારાઓ પ્રાર્થના કરે છે. સર્વનો ત્યાગ કરી, એકલો રહી વનમાં પ્રવેશ કરનાર પણ 'રાજ્ય સાથે સંબંધ હશે તો શત્રુઓ, અથવા પોતે પરલોક જતાં જેમનો રાજ્ય ઉપર હક થતો હોય તેઓ દુઃખ

દેશે' એમ રાજ્યથી ભય પામે છે. રાજ્ય નાનું હોવાથી પોતે હલકા પુરુષની સમાન ગણાવાથી કદાચ રાજ્યનો ત્યાગ કરતા હશે' એવી શંકા થાય, તેથી 'સાર્વભૌમ રાજારૂપ' શબ્દ યોજેલ છે. અખંડ (બધીએ) ભૂમિનું પાલન કરનારા એટલે સાત દ્વીપોના અધિપતિઓ. તેથી (રાજ્યના) સંબંધનું દૂર થવું મારું ઈચ્છેલું જ છે. ૫૪.

બીજી કામનાઓ જોઈતી નથી એમ પંચાવનમા શ્લોકમાં કહે છે. આપના (શ્રીકૃષ્ણના) ચરણની જે સેવા અને તેને પ્રાપ્ત કરાવનાર, (એ) એકની કામના છે, તે (ચરણની સેવા) સિવાયનાં અથવા તે પ્રાપ્ત નહિ કરાવનારાં બીજા કોઈની કામના મને નથી.

'(બેમાં) શું ભેદ છે ? એક(ભગવાનના ચરણની સેવા)ની શાસ્ત્રમાં સ્તુતિ થએલી છે. બીજું (કામનાઓ) લોકની દૃષ્ટિમાં પ્રસિદ્ધ છે. તેથી બંને સમાન હોવાથી ઘણા આગ્રહપૂર્વક બીજું જોઈતું નથી એમ કહેવાનું શું કારણ ?' એવી શંકા થાય તેથી, 'ગરીબોએ સર્વથી વધારે માગવા યોગ્ય' વિશેષણ યોજેલું છે. ધનવાળાઓને ધન હોવાથી, (તેમને) કદાચ બીજા (ચરણની સેવા)ની ઈચ્છા પણ થાય, પરંતુ ગરીબો પાસે બંને નહિ હોવાથી અને (તેઓ) લૌકિક હોવાથી ધનની જરુર કાયમની હોવાથી, તેનો ત્યાગ કરીને તેઓ જે માત્ર ચરણની સેવાની જ પ્રાર્થના કરે છે, (અને) તેમાં પણ ઘણા જ ઈચ્છેલા (પદાર્થ) તરીકે બીજું (ધન) આપવામાં આવતું હોવા છતાં તે લીધા વિના, (ચરણ સેવા) પ્રાપ્ત થઈ ન શકે તેવી હોવા છતાં તેને માટે પ્રાર્થના કરે છે તે (સેવાનું) સર્વથી વધારે માગવાયોગ્યપણું છે. 'હે વિભો[૧] !' એ સંબોધન આપનારની અશક્તિને લીધે (ગરીબોનું) તેવા હોવાપણું (ધન ન માગતાં ચરણ સેવા માગનાર હોવાપણું) નથી એમ જણાવે છે.

'તેઓ મૂર્ખ હશે, અથવા તેઓની તેવી રૂચિ હશે, છતાં પણ વિષયમાં (કામનાઓમાં) શું દોષ છે ?' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ યોજેલો છે. આપની આરાધના કરીને કયો મૂર્ખ વર માગે ? કર્મને લીધે પ્રાપ્ત થએલું ન ઈચ્છેલું (દુઃખ) પણ ભોગવવામાં આવે છે, પરંતુ ભગવાનની આરાધના કરીને તો દુર્લભ (પદાર્થ) જ માગવો જોઈએ. તેમાં પણ (જે માગવા યોગ્ય હોય તેથી) વિરુદ્ધ કેમ મગાય એમ જણાવવા, '(૧) મોક્ષ આપનાર ભગવાન્ (અને) (૨) પોતાનું બંધન કરાવનાર વર' એમ બંનેમાં વિરોધ જણાવે છે, કારણ કે જે જેનું સેવન કરે છે તે બંને લોકમાં તેની સાથે સંબંધ પ્રાપ્ત કરે છે. તે પૈકી ભગવાન્ મોક્ષ આપનારા છે, બીજું સંસાર રૂપ છે એવો (અર્થ છે).

---

૧. 'વિભુ' એટલે સર્વ શક્તિમાન. તેનું સંબોધન 'વિભો' છે. તેથી ભગવાન્ સર્વ કરવાની શક્તિવાળા હોવાથી, તેમનામાં કોઈ પ્રકારની અશક્તિ નથી, એમ આ સંબોધનથી કહેલું છે.

'એમ હોય તો મોક્ષ અથવા જ્ઞાન માગવાં જોઈએ પરંતુ ચરણની સેવા માગવી ન જોઈએ' એમ કહો, તો ખરેખર (ચરણસેવા જ માગવી જોઈએ), કારણ કે જ્ઞાન માત્ર કૈવલ્ય જ[2] પ્રાપ્ત કરાવે છે. મોક્ષ પણ જો કૈવલ્યરૂપ હોય, છતાં પણ તે પુરુષાર્થ નથી. જો તે ભગવાનની પ્રાપ્તિ (સાયુજ્ય)રૂપ હોય, તો (ભગવાન્ સાથે) એકરસ થએલો (મુક્ત પુરુષ) ભગવાન જ થાય છે, એટલે આ (તે પુરુષ)ને (ભગવાનનો) જૂદો અનુભવ થાય નહિ. તેથી જે પરમાનંદ હોઈ જેનો અનુભવ થાય છે, તે માત્ર (ભગવાનના) ચરણની સેવા જ છે.

કેટલાક એમ કહે છે કે સાધન વિના સાધ્ય (ઈચ્છેલી વસ્તુ) પ્રાપ્ત થતું નથી, તેથી સાધન તરીકે (ચરણ સેવાની) પ્રાર્થના કરેલી છે[3]. ૫૫.

તેથી ઉત્તમ (પદાર્થ)ની પ્રાર્થના કરવા માટે પ્રથમ 'હું (આપને) શરણ આવું છું' એમ છપ્પનમા શ્લોકમાં કહે છે. 'હે ઈશ !' શક્તિવાળા ! સર્વ તરફથી અંદરથી અને બહારથી સર્વને તજીને માત્ર જ્ઞાનરૂપ આપને હું શરણ આવું છું. (સર્વ આશિષોનો) પરિત્યાગ કરવા માટે (તે) સર્વ ત્રણ ગુણોવાળી છે એમ 'રજસ્, તમસ્ અને સત્ત્વગુણો સાથે જ બંધન કરાવનારી' વિશેષણથી કહેલું છે. રજસ્ વિગેરે (ગુણો) બંધન કરાવનારા છે એમ જણાવવા 'ગુણોની સાથે જ બંધન કરાવનારી' કહેલી છે. (ગુણો) (કામનાની) ઈચ્છા નહિ રાખનારનું પણ બંધન કરાવનારા હોવાથી, માત્ર (તેમનો) સંબંધ થતાં જ તેમ (બંધન) થાય છે, એમ જણાવવા 'અનુ' 'સાથે જ' શબ્દ યોજેલો છે.

'સ્માર્તોના મત પ્રમાણે ભગવાન્ પણ ઉપાધિવાળા છે તેથી તે (ચરણ સેવા)માં પણ રજો(ગુણ)જ પ્રાપ્ત થાય છે' એવી શંકા થાય, તેથી 'નિરંજન' શબ્દ યોજેલ છે. 'અંજન' એટલે પ્રકૃતિ વિગેરે ઉપાધિ. તે વિનાનો હોય તે ઉપાધિ વિનાનો.

'તેથી શું (કહેવા ઈચ્છો છો) ?' એવી શંકા થાય, તેથી 'નિર્ગુણ' વિશેષણ યોજેલું છે. કારણ કે ઉપાધિવાળો જ ગુણવાળો હોય. પરંતુ ઉપાધિ વિનાનો (ગુણવાળો) હોતો નથી.

'પહેલાં ભગવાન્ એકલા જ હતા. (પછી) પોતાનો ભોગ સિદ્ધ થાય તે માટે તેમણે પોતાની ઈચ્છાથી પ્રકૃતિ અને ગુણોને ઉત્પન્ન કર્યાં, તેથી તારા માટે તે એ પ્રમાણે (ભોગ) કેમ નહિ કરે ?' એવી શંકા થાય. તેથી 'અદ્વયં' 'ભેદ વિનાના'

---

૨. 'કેવલ' એટલે એકલો. 'કૈવલ્ય' એટલે 'એકલા હોવાની સ્થિતિ'.

૩. આ મત શ્રીમદાચાર્યચરણને ઈષ્ટ નથી, એમ સ્પષ્ટ જણાય છે.

વિશેષણ યોજેલું છે. દ્વય (બેપણું) વિનાના એટલે ભેદ વિનાના; કારણ કે જે ભેદ માટે પ્રયાસ કરે છે, તેને (ભગવાન્) તેવું (ભોગ) પ્રાપ્ત કરાવે છે, પરંતુ હું તેવો નથી તેથી મને તેવું પ્રાપ્ત કરાવશે નહિ, એવો ભાવ છે.

ભગવાન્ સ્વતંત્ર છે. એમ કહેવા 'પરમ્' 'સ્વતંત્ર' વિશેષણ યોજેલું છે. (શ્રીકૃષ્ણ સિવાય) બીજા તે હશે. એવી શંકા 'ત્વામ્' 'આપ' શબ્દ થવા દેતો નથી.

'છતાં પણ તું (મુચુકુંદ) ગુણવાળો હોવાથી તારા અધિકાર પ્રમાણે તેમ (ભોગની પ્રાપ્તિ) જ કરાવશે' એવી શંકા થાય, તેથી 'માત્ર જ્ઞાનરૂપ' શબ્દ યોજેલ છે. તેવા (માત્ર જ્ઞાનરૂપ)ને શરણે જવાનું સંભવે નહિ, તેથી 'પુરુષરૂપ' કહેલા છે. 'શરણમ્' એવો પાઠ લેવામાં આવે ત્યારે 'આપ' શબ્દને લીધે વસ્તુતઃ પુરુષરૂપ જ (કહેલું) જાણવું. 'પુરુષમ્' શબ્દ (પાઠ) હોય ત્યારે 'ત્વાં વ્રજામિ' 'આપને આવું છું' એ શબ્દોને લીધે પ્રસંગ પ્રમાણે 'શરણ' (આવું છું) એમ (કહેલું) જાણવું. ૫૬.

એ પ્રમાણે શરણે આવેલો (મુચુકુંદ) પોતાનું રક્ષણ કરવા પ્રાર્થના કરે છેઃ

**ચિરમિહ વૃજિનાર્તસ્તપ્યમાનોऽનુતાપૈઃ ।**
**અવિતૃષષડમિત્રો લબ્ધશાન્તિઃ કથંચિત્ ।।**
**શરણદ સમુપેતસ્ત્વત્પદાબ્જં પરાત્મન્ ।**
**અભયમૃતમશોકં પાહિ માપન્નમીશ ।।૫૭।।**

હે શરણ આપનાર ! હે પરમાત્મા ! આ સંસારમાં લાંબા સમયથી દુઃખથી પીડાએલો. પછી દુઃખ દેનારાઓથી બળેલો. જેના છ શત્રુઓની તૃષ્ણા મટી નથી તેવો, ઘણી મુસીબતથી શાંતિ પ્રાપ્ત કરેલો (હું) ભય વિનાના શુદ્ધ (અને) શોક વિનાના આપના ચરણકમલને સારી રીતે શરણ આવ્યો છું. હે ઈશ ! મારું દુઃખીનું રક્ષણ કરો. ૫૭.

(સંસાર સાથેના) ગાઢ સંબંધને લીધે દુઃખી થએલો, (તેમાંથી છૂટવાની) શક્તિ વિનાનો તેનું દુઃખ દૂર થાય તે માટે રક્ષણ માટે પ્રાર્થના કરે છે, પરંતુ બીજા કોઈથી (રક્ષણ માગતો) નથી. તે માટે દુઃખ આપનારાને ગણાવે છે. લાંબા સમયથી 'વૃજિનૈઃ' દુઃખોથી પીડાએલો, પછી દુઃખ દેનારાઓથી પણ બળતો થયો. આધ્યાત્મિક વિગેરે પછી દુઃખ દેનારા અમુક છે. ભવિષ્યમાં પણ દુઃખ ઉત્પન્ન કરનારા દોષો 'જેના છ શત્રુઓની તૃષ્ણા મટી નથી તેવો' વિશેષણથી જણાવેલા છે. પહેલાં પ્રવાહમાં તો છ ઈન્દ્રિયો શત્રુઓ હતી. તેમની તૃષ્ણા મટી નથી, તેથી (તે) શત્રુઓથી પીડાએલો છું. તેઓ ભક્ષણ કરશે એવા ભયથી (મુચુકુંદ) પ્રાર્થના (કરે છે).

'જેનું રક્ષણ કરવામાં આવેલ છે તે પણ જો ઈન્દ્રિયોનું હિત (પ્રિય) જ

આચરે તો રક્ષણથી શું વળે ? તેથી જ્યાં સુધી ઈન્દ્રિયો શાંત ન થાય ત્યાં સુધી સર્વ નકામું છે' એવી શંકા થાય, તેથી 'શાંતિ પામેલો' વિશેષણ યોજેલું છે. ઘણી મુસીબતથી અંતઃકરણ શાંત થએલું છે, એવો અર્થ છે.

આપ શરણ આપનાર છો, અને હું સારી રીતે શરણ આવ્યો છું, (અને) તે પણ આપના ચરણકમલના સેવક તરીકે. 'હે પરમાત્મા' સંબોધનનો એવો ભાવ છે કે, ભગવાન્ જીવોના સ્વામી હોવાથી (તેમને) શરણ જવું એ અયોગ્ય નથી. ત્રણ ગુણોથી પીડાએલાની પીડા દૂર કરનારા ભગવાનના ત્રણ ગુણો 'ભય વિનાના, શુદ્ધ અને શોક વિનાના' એ વિશેષણથી કહેલા છે. (ભગવાનમાં) સત્ત્વગુણ નહિ હોવાથી તેમને ભય નથી. તેથી જ તે બીજાનું રક્ષણ કરવા શક્તિવાળા છે. (ભગવાન્) શુદ્ધ હોવાથી (તેમનામાં) રજોગુણ નથી; કારણ કે રજોગુણનો સંબંધ હોય તો શુદ્ધ ન હોય. (ભગવાનમાં) શુદ્ધિ મૂલભૂત જ છે. (ભગવાન્) 'શોક વિનાના' છે. શોક તમોગુણથી થાય છે. રક્ષણ કરવાનું કારણ 'દુઃખીનું' શબ્દથી કહેલું છે. 'હે ઈશ !' સંબોધનથી (રક્ષણ કરવાનું) સામર્થ્ય (જણાવેલું છે). ૫૭.

પછી તે નકામો સૂતેલો હોવાથી, તેની તપમાં પ્રવૃત્તિ કરાવવા અને મર્યાદાનું રક્ષણ કરવા નીચેના શ્લોકથી આરંભી છ શ્લોકોથી ભગવાન્ (તેને) માગેલા (વર) આપ્યાનું કહે છેઃ

શ્રીભગવાન કહે છેઃ

**સાર્વભૌમ મહાભાગ મતિસ્તે વિમલોર્જિતા ।।**
**વરૈઃ પ્રલોભિતસ્યાપિ ન કામૈર્વિહતા યતઃ ।।૫૮।।**

હે મોટા ભાગ્યવાળા સાર્વભૌમ ! તારી મતિ શુદ્ધ અને ઉત્તમ પ્રકારની છે, કારણ કે (તને) (વરદાન)થી લોભાવવા છતાં (તે) કામનાઓ વડે ડગી નહિ. ૫૮.

સાર્વભૌમ તરીકે તે (મુચુકુંદ)ના ભાગ્યની પ્રશંસા કરેલી છે, અને 'મોટા ભાગ્યવાળા' શબ્દથી ભવિષ્યમાં (ભાગ્ય) પ્રાપ્ત થાય તે માટે ભાગ્ય કહેલું છે. તારી મતિ શુદ્ધ અને ઉત્તમ પ્રકારની છે.

'ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર ઉપર ભગવાન્ પ્રસન્ન કેમ થયા ?' એવી શંકા થાય, તે દૂર કરવા ઉત્તરાર્ધ કહેલો છે. 'સર્વ કામનાઓ હું તને આપીશ' એમ જે (પાછળ શ્લોક ૪૩મા) કહેલું, તે તારી તે (કામનાઓ)માં રૂચિ છે કે નહિ એમ (તારો) લોભ જાણવા કહેલું. હવે તે જાણ્યું કે (તારામાં લોભ) નથી; કારણ કે કામનાઓ વડે તારી બુદ્ધિ ડગી નહિ. તેથી જ તે શુદ્ધ અને ઉત્તમ પ્રકારની છે, એવો (વાક્યનો) સંબંધ છે. ૫૮.

'સ્વામી એ પ્રમાણે લોભમાં કેમ નાખે છે ?' એવી શંકા થાય, તેથી કહે છેઃ

**પ્રલોભિતો વરૈર્યત્ત્વમપ્રમાદાય વિદ્ધિ તત્ ।।**
**ન ધીર્મય્યેકભક્તાનામાશીર્ભિર્ભિદ્યતે ક્વચિત્ ।।૫૯।।**

વરોથી તને જે લોભમાં નાખ્યો તે તારું સ્ખલન ન થાય તે માટે જાણ. મારા એકના ભક્તોની મારા વિષેની બુદ્ધિ કોઈ સમયે આશિષોથી ચળતી નથી. ૫૯.

વરોથી જે તને જે લોભમાં નાખ્યો તે પણ (તારું) સ્ખલન ન થાય તે માટે જ. '(મેં) વિષયોનો અનુભવ કર્યો નહિ' એવા (વિચારથી) કોઈ વાર (વિષયો ભોગવવાની) ભગવદીયની ઈચ્છા થાય, તે બીજાએ આપેલા વિષયોથી અથવા સ્વાભાવિક (વિષયો)થી હિત કરનારું ન થાય, તેથી હું જ (તેને) વિષયો આપું છું. તેથી તેને વિષયોનો ભોગ પ્રાપ્ત થાય છે અને (તેનું) સ્ખલન થતું નથી. 'જાણ' શબ્દથી (એમ કહેલું છે કે) આ વિષયમાં સંદેહ ન રાખવો. ઉત્તરાર્ધથી (એવી રીતે લોભમાં નાખવાનું) બીજું કારણ પણ કહેલું છે. 'એકભક્તાઃ' એટલે એકના જ ભક્તો; જેઓ બીજા માર્ગની ઈચ્છા રાખતા નથી, પરંતુ ભક્તો જ રહે છે. 'આશિષોથી, એટલે વરોથી પ્રાપ્ત થએલી (કામનાઓ)થી, અને તે પણ ભગવાન્ પાસેથી (પ્રાપ્ત થએલી) આશિષોથી. 'કોઈ સમયે' શબ્દથી એમ કહેલું છે કે આ સિદ્ધાંતમાં (કોઈ) અપવાદ (થતો) નથી. ૫૯.

એ પ્રમાણે 'માત્ર ભગવન્માર્ગમાં જ ભોગ અને મોક્ષમાં વિરોધ નથી, પરંતુ બીજે (એવું) નથી' એમ કહેતાં, નીચેના શ્લોકમાં બીજા મતનો દોષ જણાવે છેઃ

**યુઞ્જાનાનામભક્તાનાં પ્રાણાયામાદિભિર્મનઃ ।।**
**અક્ષીણવાસનં રાજન્ દૃશ્યતે ક્વચિદુત્થિતમ્ ।।૬૦।।**

હે રાજન્ ! ભક્તો ન હોય તેવા, પ્રાણાયામ વિગેરેથી યોગ સાધનારાઓનું મન વાસના વગરનું થએલ નહિ હોવાથી, કોઈવાર વંઠેલું જોવામાં આવે છે. ૬૦.

જેઓ સંપૂર્ણ ભક્ત નથી. (અને) ભક્તિમાર્ગ વિના પ્રાણાયામ વિગેરેથી મનનો યોગ સાધનારા એટલે મનનો નિરોધ કરવા પ્રયાસ કરનારા છે, તેઓનું મન સૌભરિ(જુઓ ભાગ.પુરા.૯ ।૬) વિગેરેના (મન)ની પેઠે, કોઈવાર વંઠેલું જોવામાં આવે છે, તેનું કારણ 'વાસના વગરનું થએલ નહિ હોવાથી' શબ્દથી કહેલું છે. (મુચુકુંદને) વાસનાનો નાશ થએલ ન હોવાનો (વાસના રહેલ હોવાનો) અનુભવ છે એમ જણાવવા 'હે રાજન્' ! એવું સંબોધન કરેલું છે. ભક્તિથી તો વાસનાનો નાશ થાય છે. તેમાં (ભક્તિમાર્ગમાં) અલૌકિક પ્રકાર અટકાવવા કામનાઓ આપવામાં આવે છે, અને તે (કામનાઓના) ઉપદ્રવ થવા દેવામાં આવતા નથી, એ પ્રમાણે

ભગવાને ભક્તિમાર્ગની પ્રશંસા કરી છે. ૬૦.

એ પ્રમાણે ભક્તિમાર્ગની પ્રશંસા કરી, તે માર્ગમાં પ્રવેશેલાને ભય હોતો નથી જ એમ કહેતાં, ઈચ્છા પ્રમાણે વિહાર (કરવા)નું જણાવે છેઃ

**વિચરસ્વ મહીં કામં મય્યાવેશિતમાનસઃ ।।**
**અસ્ત્યેવ નિત્યદા તુભ્યં ભક્તિર્મય્યનપાયિની ।।૬૧।।**

મારામાં મન રાખેલો તું પૃથ્વી ઉપર ઈચ્છા પ્રમાણે ફર. મારામાં વિનાશ વિનાની ભક્તિ તને સદા છે જ. ૬૧.

કારણ કે તું મોટો (પુરુષ) છે, તેથી ખોટો વિહાર તો એની મેળે જ (તારાથી) દૂર રહેલો છે. વળી 'જગતમાં ભગવાનની લીલા કેવી છે' એ જાણવા ઈચ્છતો હો તેમ મારામાં મન રાખેલો થઈ ફર.

'આપના ચરણની સેવા જ માગું છું. બીજું માગતો નથી' એમ (પાછળ શ્લોક પંચાવનમાં) જે કહ્યું, તે સંબંધમાં ઉત્તરાર્ધ કહેલો છે. અહિં (તને) ભક્તિનું દાન કરવાની જરુર નથી, તારામાં કુદરતી જ ભક્તિ છે. ભક્તિની શ્રેષ્ઠતા પણ કુદરતી જ છે, એમ 'વિનાશ વિનાની' અને 'સદા' શબ્દોથી કહેલું છે. (આ શબ્દોથી) દેશ, કાલ અને વસ્તુની મર્યાદા[1] દૂર કહેલી છે. વિનાશ પોતાની મેળે અને દેશથી થાય છે. જો કે કાલથી પણ ભક્તિનું અટકવાનું થાય. છતાં પણ કાલ માત્ર ભક્તિ અટકાવવામાં તત્પર ન થાય તે માટે, ભક્તિનું કારણ બનેલો કાલ તારી ભક્તિને અનુકૂલ છે એમ જણાવવા 'સદા' એમ કહેલું છે. 'તુભ્યમ્' 'તને' એ ચોથી વિભક્તિના પ્રયોગથી જ પહેલાનું ભક્તિનું દાન સૂચવેલું છે. અથવા 'મારામાં વિનાશ વિનાની' (એવો સંબંધ લેવો). (એમ લેવાથી) મારા વિષેની અથવા મારી કૃપાથી (તારી ભક્તિ) ભવિષ્યમાં પણ અટકશે નહિ એવું વરદાન (આપેલું થાય છે). ૬૧.

'સાયુજ્ય કેમ આપવામાં આવતું નથી ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહેલો છેઃ

**ક્ષાત્રધર્મસ્થિતો જન્તૂન્ન્યવધીર્મૃગયાદિભિઃ ।।**
**સમાહિતસ્તત્તપસા જહ્યઘં મદપાશ્રયઃ ।।૬૨।।**

ક્ષત્રિના ધર્મમાં રહેલાએ (તે) મૃગયા વિગેરેથી જંતુઓને હણેલા છે. એકાગ્ર ચિત્તવાળો થઈ, મારા આશ્રયવાળો થઈ તપથી તે પાપનો નાશ કર. ૬૨.

ક્ષત્રિયોનો જાતિથી થએલો ઘોર ધર્મ બે પ્રકારનો છે. (૧) યુદ્ધમાં ભાઈને

૧. 'મર્યાદા' એટલે હદ. 'વિનાશ વિનાની' શબ્દથી દેશની મર્યાદા દૂર થઈ. ગમે તે દેશમાં ફરે છતાં ભક્તિ રહેવાથી. તે જ શબ્દથી વસ્તુની એટલે ભક્તિના સ્વરૂપની મર્યાદા દૂર કરી, એટલે ભક્તિ તેવી જ રહેવાની, જતી નહિ રહેવાની. કાલની મર્યાદા વિષે આગળ શ્રીસુબોધિનીમાં જ કહેલું છે.

પણ હણે (અને) (૨) પાપ વધે ત્યારે નાસી જતાં પ્રાણીઓને પણ હણે. તેથી તે દોષ દૂર કરવો જોઈએ. 'જંતુઓને' શબ્દથી તેઓનો અપરાધ ન હતો, એમ સૂચવેલું છે. 'વિગેરે' શબ્દથી ભ્રમ ઉત્પન્ન કરાવીને અથવા જાળ વિગેરેથી હણવાનું કહેલું છે.

ઉત્તરાર્ધથી તે દોષ દૂર કરવાનો ઉપાય કહેલો છે. 'એકાગ્ર ચિત્તવાળો' એટલે જેણે ઈન્દ્રિયો અને અંતઃકરણ જીતેલાં છે તેવો થઈ તપથી તે પાપનો નાશ કર.

'' 'પોતાને અને બીજાને પીડા કરનાર ધર્મથી શું અર્થ (સરવાનો) ?' 'અને હૃદયમાં રહેલા મને (પણ કૃશ કરતાં)' વિગેરે વાક્યોમાં તપ કરવાથી પણ પાપ થાય છે. એમ કહેલું છે'' એવી શંકા થાય, તેથી 'મારા આશ્રયવાળો થઈ' શબ્દ યોજેલ છે. મારો જ આશ્રય કરીને તપ કરવામાં આવે તો (હૃદયની) અંદર રહેલા મને ક્લેશ થતો નહિ હોવાથી તપથી દોષ થશે નહિ એવો ભાવ છે. ૬૨.

તેથી (એમ કરવાથી) જે થશે. તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**જન્મન્યન્તરે રાજન્ સર્વભૂતસુહૃત્તમઃ ।।**
**ભૂત્વા દ્વિજવરસ્ત્વં વૈ મામુપૈષ્યસિ કેવલમ્ ।।૬૩।।**

હે રાજન્ ! બીજા જન્મમાં તું સર્વ પ્રાણીઓનો મોટો મિત્ર ઉત્તમ બ્રાહ્મણ થઈ મને એકને જ પ્રાપ્ત કરીશ. ૬૩.

પછીના જન્મમાં તું ઉત્તમ બ્રાહ્મણ થઈશ એટલે ઉત્તમ કુલમાં જન્મ પામીશ. ત્યાં પણ સર્વ પ્રાણીઓનો મોટો મિત્ર થઈશ, પરંતુ પ્રવૃત્તિ(કર્મમાં રચ્યાપચ્યા રહેવા)માં આસક્તિવાળો નહિ થા. પછી મને એકને જ પ્રાપ્ત કરીશ. તેમ ન થાય તો પુરુષોમાં અથવા લીલાવાળા કાલના સ્વરૂપમાં લય થાય. પછી એ સ્વરૂપ લીલા માટે પાછું આવે ત્યારે, જગતમાં પાછા આવવાનું પણ થાય; પરંતુ એકલા પુરુષોત્તમમાં (લય થાય), તો પાછા આવવાનો ભય રહેતો નથી. આને પ્રમાણમાં ઘણી શ્રદ્ધા હોવાથી, (ભગવાને તેને) પુષ્ટિમાર્ગમાં મૂક્યો નહિ. મર્યાદામાં બ્રાહ્મણની જ મુક્તિ થાય છે અને તે પણ કૈવલ્ય (મુક્તિ), તેથી (મુક્તિ માટે બીજો બ્રાહ્મણનો જન્મ તેનો કરાવ્યો). 'જેઓ મને જે પ્રકારે ભજે છે' (ભગ.ગીતા ૪।૧૧) એવો સિદ્ધાંત હોવાથી, આમાં કાંઈ દોષ પણ નથી. ૬૩.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના આત્મજ શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં દશમસ્કંધનો અળતાલીસમો ઉત્તરાર્ધના બીજા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

# ।। અધ્યાય ઓગણપચાસમો ।।

## (રુક્મિણીજીએ ભગવાનને લખેલો પત્ર)

**પુરુષાનુગ્રહં પૂર્વમુક્ત્વા ભગવતા કૃતમ્ ।।**
**સ્ત્રીષુ તં વિસ્તરેણાહ રૂપત્રયવિભેદતઃ ।।૧।।**

ભગવાને કરેલા પુરુષ ઉપરના અનુગ્રહને પહેલાં કહી, સ્ત્રીઓ ઉપર (કરેલા) તેને ત્રણ રૂપના[૧] ભેદથી વિસ્તારથી કહે છે. કા.૧.

**અનુગ્રહઃ કાલતુલ્યસ્તતો દ્વાદશધોદિતઃ ।।**
**તત્ર મુખ્યા તુ લક્ષ્મીઃ સ્યાત્તસ્યાં ત્રેધા હરેઃ કૃપા ।।૨।।**
**માનસેનાથ કાયેન વેદેનેતિ નિરૂપ્યતે ।।**

(પુરુષ ઉપર કરેલો) અનુગ્રહ કાલની સમાન[૨] છે, તેથી બાર પ્રકારે કહેલો છે. તે[૩] (સ્ત્રીઓ)માં લક્ષ્મી મુખ્ય ગણાય. તેમના ઉપર મનથી, કાયાથી અને વેદથી[૪] એમ ત્રણ પ્રકારે કરેલી હરિની કૃપા જણાવવામાં આવે છે. કા. ૨।।.

**ગાન્ધર્વો માનસઃ પ્રોક્તો દૂરત્વાદ્વચનાભિધા ।।૩।।**

ગાંધર્વ (વિવાહ) મનથી થએલો કહેલો છે. (ભગવાન્) દૂર હોવાથી[૫] (લક્ષ્મીનાં) વચનો કહેલા છે. કા. ૩.

---

૧. રૂક્ષ્મિણી, જાંબવતી અને સત્યભામા એ ત્રણ ઉપર કરેલો અનુગ્રહ (આ) સાધન પ્રકરણમાં કહેલો છે, એવો અર્થ છે. (લે)

૨. મુચુકુંદ ઉપર કરેલા અનુગ્રહમાં (તેને મુક્તિ મળવામાં) કાલની (અમુક સમય જવાની) જરુર રહે છે. પરંતુ તે કાલનું ઉલ્લંઘન કરીને કરેલો નથી. તેથી મુચુકુંદે બાર શ્લોકોથી પ્રાર્થના કરેલી. તેરમા (ગયા અધ્યાયના સતાવનમા) શ્લોકમાં તો શરણે જઈ રક્ષણ માંગેલું. પરંતુ અનુગ્રહની પ્રાર્થના કરેલી નહિ એવો ભાવ છે. (લે) મુચુકુંદે (૪૪ થી ૫૬) બાર શ્લોકોથી અનુગ્રહની પ્રાર્થના કરેલી, તેથી ભગવાને કાલનું ઉલ્લંઘન કર્યા વિના, કાલની આવશ્યકતા રહે તેવો અનુગ્રહ કર્યો (કારણ કે આ મર્યાદામાર્ગીય ભક્ત હતો).

૩. 'તેમાં' એટલે 'સ્ત્રીઓમાં'. (લે)

૪. 'વેદથી' એટલે 'વાણીથી'. (લે) વેદથી એટલે વૈદિક વિધિથી. આ ત્રણ પ્રકારે વિવાહ કર્યા તે સંબંધમાં કહેલું છે. ગાંધર્વ વિવાહ મનથી કર્યો, રાક્ષસ વિવાહ કાયાથી કર્યો અને ત્રીજો વિવાહ વેદથી એટલે વૈદિક વિધિથી કર્યો. આ ત્રીજા વિવાહનું વર્ણન આ પ્રકરણના પાંચમા અધ્યાયના ૫૩ થી ૬૦ સુધીના શ્લોકમાં કરેલું છે. વેદ ભગવાનની વાણી છે, તેથી 'વેદથી'નો અર્થ 'વાણીથી' કરવો હોય તો થઈ શકે, પરંતુ અહિં તે બંધ બેસતો જણાતો નથી.

૫. મનથી કરેલા ગાંધર્વ વિવાહમાં રુક્મિણીએ કહેલાં વચનો (શ્લોક ૩૭ થી ૪૩) આવે છે, તેનું કારણ આ કહેલું છે.

**કૃષ્ણાનુગ્રહયુક્તાનાં કૃતાર્થત્વે તતઃ પરમ્ ।।**
**સ્ત્રીણાં મુક્તિર્નિરૂપ્યેતિ મુચુકુન્દતપઃકથા ।।૪।।**

શ્રીકૃષ્ણના અનુગ્રહવાળાઓ કૃતાર્થ થાય ત્યાર પછી સ્ત્રીઓની મુક્તિનું નિરૂપણ કરવું જોઈએ. તેથી (આરંભમાં) મુચુકુંદના તપની કથા (કહેલી) છે. કા. ૪.

**પ્રસંગાત્તામસાનાં હિ વધો દેવહિતાય હિ ।।**
**પલાયનં લીલયૈવ સોઽપ્યનુગ્રહ ઈર્યતે ।।૫।।**

પ્રસંગને લીધે તામસોનો વધ દેવોના હિત માટે જ (કરેલો) છે. નાસી જવાનું લીલાથી જ (કરેલ). તે પણ અનુગ્રહ[૬] કહેવાએલો છે. કા. ૫.

**સાત્ત્વિકે રાજસે ચૈવ તામસે ચ હરેઃ કૃપા ।।**
**ઈતિ દર્શયિતું રાજ્ઞો વૃત્તં લક્ષ્મ્યાઃ શિવસ્ય ચ ।।૬।।**

સાત્ત્વિક, રાજસ તેમજ તામસ ઉપર હરિની કૃપા (થએલી) છે, એમ દર્શાવવા રાજાનો[૭] લક્ષ્મીનો અને શિવનો[૮] વૃત્તાંત (કહેલો) છે. કા. ૬.

ત્રીજા અધ્યાયમાં અનુગ્રહનું નિરૂપણ કરવાના પ્રસંગમાં (શ્રીકૃષ્ણે) મુચુકુંદ શિવ અને લક્ષ્મીનું કાયા, વાણી અને મનના પ્રકારથી[૯] હિત કર્યું. એમ જણાવવામાં આવે છે. સાત્ત્વિક મુચુકુંદ ઉપર ભગવાને કૃપા કરી તેથી આરંભમાં ભગવાનના વચનથી તેણે તપ કર્યું એમ પહેલા ચાર શ્લોકોથી કહેવામાં આવે છેઃ

।। શ્રીશુક ઉવાચ ।। શ્રીશુક કહે છેઃ

**ઈત્થં સોઽનુગૃહીતોઽઙ્ગ કૃષ્ણેનેક્ષ્વાકુનન્દનઃ ।।**
**તં પરિક્રમ્ય સંનમ્ય નિશ્ચક્રામ ગુહામુખાત્ ।।૧।।**

હે ભલા (રાજા) ! આવી રીતે શ્રીકૃષ્ણથી અનુગ્રહ પામેલો ઈક્ષ્વાકુનો તે વંશજ તેમની પરિક્રમા કરી, નમન કરી, ગુફાના દ્વારમાંથી બહાર નીકળ્યો. ૧.

આવી રીતે ભગવાનથી અનુગ્રહ પામેલો મુચુકુંદ તપ કરવા માટે ગુફામાંથી બહાર નીકળ્યો. ભગવાનના અનુગ્રહ વિના ભગવાનના વચનમાં શ્રદ્ધા થતી નથી,

---

૬. આ પલાયન શિવ ઉપર અનુગ્રહ કરવા કરેલું છે એમ નીચે છઠ્ઠી કારિકામાં કહે છે.

૭. 'રાજાનો' એટલે મુચુકુંદનો. (આરંભના શ્લોક ચારથી) (લે)

૮. શિવનું જરાસંધને વરદાન હોવાથી, ભગવાને તેનાથી પલાયન કર્યું. તેથી આ પલાયન શિવના હિત માટે જ કરેલું એવો ભાવ છે. અહિં લક્ષ્મી અને શિવની કથાનો અનુક્રમ ઈચ્છેલો નથી. (લે) લક્ષ્મી રાજસ છે અને શિવ તામસ છે. તેથી ગુણ પરત્વે અનુક્રમ ઈચ્છેલો છે; પરંતુ કથા પરત્વે ઈચ્છેલો નથી, કારણ કે શિવ ઉપરના અનુગ્રહની એટલે પલાયનની કથા પહેલી આવે છે અને લક્ષ્મીજીની કથા પછી આવે છે.

૯. આવા પ્રકારથી અનુક્રમે મુચુકુંદ, શિવ અને લક્ષ્મીનું હિત કર્યું.

તેથી ભગવાનનો અનુગ્રહ (તપ માટે નીકળવાના) કારણ તરીકે કહેલો છે ઈક્ષ્વાકુ મોટો ભક્ત હતો (અને) આ તેનો વંશજ છે. તેથી કૃપા (થવા)ના કારણ તરીકે 'ઈક્ષ્વાકુનો વંશજ' એમ કહેલ છે. પછી તે ભગવાન્ શ્રીકૃષ્ણની પરિક્રમા એટલે પ્રદક્ષિણા કરી, પછી (તેમને) સારી રીતે નમન કરી એટલે સાષ્ટાંગ પ્રણામ કરી, તે સૂતો હતો તે જગ્યાએથી (આ) પહેલાં જ પ્રકાશવાળા ગુફાના દ્વારમાં (જઈ) રહેલો હોવાથી, ત્યાંથી પણ બહાર નીકળ્યો. ૧.

પછી કયા સ્થલે તપ કરવું તેનો વિચાર કરી, ભરતખંડમાં જ ચાર યુગના ધર્મોની પ્રવૃત્તિ થાય છે, તેથી (તે) વિરુદ્ધ[1] કાલવાળા દેશમાં તપ કરવું ન જોઈએ એવા વિચારથી, બીજા વર્ષમાં[2] જવા ઉત્તર દેશમાં ગયો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સ વીક્ષ્ય ક્ષુલ્લકાન્મર્ત્યાન્પશૂન્વીરુદ્ધનસ્પતીન્ ।।**
**મત્વા કલિયુગં પ્રાપ્તં જગામ દિશમુત્તરામ્ ।।૨।।**

મનુષ્યો, પશુઓ, લતાઓ અને વનસ્પતિને નાનાં કદવાળાં જોઈને, કલિયુગ આવેલો જાણીને તે ઉત્તર દિશામાં ગયો. ૨.

કારણ કે તેણે સત્યયુગમાં સૂવાની પ્રવૃત્તિ કરેલી, (અને) કલિયુગમાં ઉઠ્યો. જ્યારે ભગવાને મથુરાનો ત્યાગ કર્યો ત્યારે જ કલિયુગ બેઠો, એવો મુખ્ય સિદ્ધાંત છે. '(મારા) પચીસમા વર્ષમાં કલિયુગ આવશે' એવો જ નિશ્ચય કરી, ભરતખંડને તજી, (ભગવાને) સમુદ્રની અંદર દ્વારકા બનાવી. પછી ભગવાન્ ત્યાં (દ્વારકા) પધાર્યા, ત્યારે કલિયુગ સારી રીતે બેઠો. કાલના અભિમાનવાળી દેવતા તો ભગવાન્ પોતાના ધામમાં પધારશે ત્યારે આવશે. આ વિચાર બારમા (સ્કંધ)માં કરવાનો છે. કલિ તો હમણાં બેઠેલો, અથવા આ (દ્વાપર અને કલિની) સંધ્યા (મધ્ય)નો સમય હતો. ભવિષ્યમાં (ભગવાન્ સ્વધામ પધારશે તે સમયે) (કલિનો) મધ્યકાલ (હોવા)નો નિર્ણય કરયો યોગ્ય હોવાથી, (કલિ)કાલ બેઠેલ હોવાનું ચોક્કસ કારણ તેણે જાણ્યું એમ પૂર્વાર્ધમાં કહેલું છે.

તે મુચુકુંદે 'ક્ષુલ્લકાન્' નાના કદવાળા એટલે કાલને લીધે નાના બનેલા 'મર્ત્યાન્' 'મનુષ્યોને' (જોયા). આ (મનુષ્યોને 'મર્ત્ય' કહ્યા તે)થી એમ સૂચવેલું છે કે કાલને લીધે તેઓનું મરણ પણ તરત થશે. 'વીરુધઃ' લતાઓ તથા ઝાડીને અને વનસ્પતિ એટલે વૃક્ષોને (અને પશુઓને) પણ, ચારે પ્રકારનાને[3] થોડું આયુષ્ય અને

૧. કલિયુગ તપ કરવામાં વિરુદ્ધ કાલ છે.
૨. ભરતખંડ બહાર, કલિયુગના ધર્મો ન હોય ત્યાં.
૩. શ્લોકમાં કહેલા (૧) મનુષ્યો, (૨) પશુઓ, (૩) લતાઓ અને (૪) વૃક્ષો. શ્રીસુબોધિનીમાં 'પશુ' શબ્દનો અર્થ કરવાપણું નહિ હોવાથી તે જણાવેલ નથી.

નાના કદને લીધે કરમાઈ જતાં જોઈને, (આ ગુણ સર્વમાં) સમાન હોવાથી 'આ કલિનો જ ગુણ છે' એવો નિશ્ચય કરીને, તે ઉત્તર દિશામાં ગયો. ૨.

પછી શાસ્ત્રના નિયમ પ્રમાણે આ દેશ વટીને ગયો, એમ કહે છેઃ

**તપઃ શ્રદ્ધાયુતો ધીરો નિઃસઙ્ગો મુક્તસંશયઃ ||**
**સમાધાય મનઃ કૃષ્ણે પ્રાવિશદ્ગન્ધમાદનમ્ ||૩||**

તપ અને શ્રદ્ધાવાળો (તે) ધીર (પુરુષ) સંગ વિનાનો, સંશયરહિત થઈ, શ્રીકૃષ્ણમાં મન સારી રીતે રાખી ગંધમાદન ઉપર ગયો. ૩.

તપ એટલે બધી ઈન્દ્રિયોને વશ રાખવી તે, અને ભગવાનના વચનમાં શ્રદ્ધા, તે બે (ગુણ)વાળો થઈ, વિષયોને જોવા છતાં, અથવા વિઘ્ન (કરનાર) તરીકે (વિષયો) આવેલા હોવા છતાં તે મોહ પામ્યો નહિ, પરંતુ 'ધીર'જ બન્યો. પછી જતાં, રાજા હોવાથી જે કોઈ પાછળ આવતું હતું તેનો પણ ત્યાગ કરીને સંગ વિનાનો જ થઈ, (પોતાનાં) શરીરનાં રક્ષણ વિગેરે (બાબત)માં સંશય રહિત થઈ, આમ તેમ જોવા વિગેરે માટે ભમતાં મનને પણ શ્રીકૃષ્ણમાં સારી રીતે રાખી તે ગંધમાંદન[1] પર્વત ઉપર ગયો. ગરૂડગંગાથી ઉત્તરના ભાગમાં બદરિકાશ્રમ સુધીનો બધોએ પર્વત ગંધમાદન કહેવાય છે. ૩.

**બદર્યાશ્રમમાસાદ્ય નરનારાયણાલયમ્ ||**
**સર્વદ્વન્દ્વસહઃ શાન્તસ્તપસારાધયદ્ધરિમ્ ||૪||**

નરનારાયણના ધામરૂપ બદર્યાશ્રમ પહોંચી, સર્વ વિરુદ્ધ જોડકાં (ગુણો)ને સહન કરનાર (તે) શાંત (પુરુષે) તપથી હરિને પ્રસન્ન કર્યા. ૪.

પછી ત્યાં (ગંધમાદન ઉપર) પણ બદર્યાશ્રમ, જ્યાં નર અને નારાયણનું ધામ છે ત્યાં પહોચ્યો, અને ત્યાં ટાઢ (તાપ) વિગેરેનું દુઃખ ઘણું છે તેથી તે મટાડવા પ્રયત્ન કરવામાં આવે તો તપ થઈ શકે નહિ, તેથી તે (તપ થઈ શકે તે) માટે 'સર્વ વિરુદ્ધ જોડકાં(ગુણો)ને સહન કરનાર' એવું વિશેષણ યોજેલું છે. અંદર (અંતઃકરણથી) પણ તે શાંત (શાંતિવાળો) હતો. તેણે તપથી હરિને પ્રસન્ન કર્યા. 'હરિ' શબ્દ (યોજ્યો તે)થી એમ જણાય છે કે જે પ્રમાણે તે તપથી (હરિને) પ્રસન્ન કરી શકે તે પ્રમાણે જ (હરિએ) કર્યું. ૪.

એ પ્રમાણે તે(મુચુકુંદ)ની સ્થિતિનું વર્ણન કરી, નીચેના શ્લોકથી આરંભી દશ શ્લોકોથી ભગવાન્ પણ દ્વારકા પધાર્યા એમ કહે છેઃ

**ભગવાન્ પુનરાવ્રજ્ય પુરીં યવનવેષ્ટિતામ્ ||**

---

૧. ભરતખંડ અને ગંધમાદનની સ્થિતિ માટે જૂઓ શ્રીમદ્ભાગવત ૫।૧૬।૭ થી ૧૦.

**હત્વા મ્લેચ્છબલં નિન્યે તદીયં દ્વારકાં ધનમ્ ।।૫।।**

ભગવાન્ પાછા યવને ઘેરેલી નગરીએ પધારી, મ્લેચ્છનાં સૈન્યનો નાશ કરી તેનાં ધનને દ્વારકા લઈ ગયા. ૫.

(મુચુકુંદની કથા અને લક્ષ્મીજી ઉપરના અનુગ્રહની) વચ્ચે તામસ શિવ અને બ્રાહ્મણોના વચનને (ભગવાને સત્ય) કર્યું, એમ કહેવામાં આવે છે. યવનનો વધ કર્યા પછી ભગવાન્ પાછા મથુરા પધાર્યા, યવનોએ તેને ઘેરેલી જોઈ મથુરાના નિમિત્તને લીધે મ્લેચ્છના સૈન્યને હણ્યું અને મરણ પામેલાઓના મુકુટો વિગેરેરૂપ તેનું ધન દ્વારકા લઈ ગયા. ૫.

**નીયમાને ધને ગોભિર્નૃભિશ્ચાચ્યુતચોદિતૈઃ ।।**
**આજગામ જરાસંધસ્ત્રયોવિંશત્યનીકપઃ ।।૬।।**

અચ્યુતે પ્રેરેલા બળદો અને માણસો ધન લઈ જતા હતા ત્યારે ત્રેવીસ સૈન્ય સહિત જરાસંધ આવ્યો. ૬.

આ શ્લોક(નો અર્થ) એવો છે કે '(૧) ધન નકામું જ તજવા યોગ્ય નહિ હોવાથી તે રાજાને આપવું જોઈએ અને (૨) યવનનું ધન ગ્રહણ કરવા યોગ્ય નથી' એ બંને (સિદ્ધાંતો) સધાય તે માટે (ભગવાન્ તે ધન) લઈ કેટલેક દૂર ગયા. તે (યવન)ના સૈન્યમાં હતા તે જ બળદો અને પગે ચાલનાર સીપાઈઓ ધન ઉપાડી લેનારા હતા. ભગવાને જરાસંધના સુખ માટે તે બધાને પ્રેરેલા. 'જય થાય ત્યારે કાંઈક પ્રાપ્ત થાય' તે માટે તે (જરાસંધ)ને આપવા (ધન) લઈ જતા હતા. આ સમયે જરાસંધ ભગવાનની ઈચ્છાથી ત્રેવીસ અક્ષૌહિણી સહિત આવ્યો, કારણ કે વધારે (સૈન્ય) લાવે તો બધાએ પ્રાકૃત (માણસો)નો નાશ થાય. પ્રકૃતિને પડતી મૂકી[1], બધુંએ પ્રાકૃત (સૈન્ય) લઈ તે આવતો હતો એમ જણાવવા સર્વ સ્થલે ત્રેવીસ અક્ષૌહિણીઓ કહેલી છે. ૬.

**વિલોક્ય વેગરભસં રિપુસૈન્યસ્ય માધવૌ ।।**
**મનુષ્યચેષ્ટામાપન્નૌ રાજન્ દુદ્રુવતુર્દ્રુતમ્ ।।૭।।**

હે રાજન્ ! શત્રુના સૈન્યના વેગની ઝડપ જોઈને મનુષ્યની ચેષ્ટા સ્વીકારેલા બે માધવો[1] ઝડપની નાઠા. ૭.

અને પહેલાં કરતાં તે પણ તે બધા બધારે વેગવાળા હોવાથી વર પ્રાપ્ત કરેલા હતા. 'દેવોનું વચન મનુષ્યોએ પાળવું જોઈએ'. તેથી (બંનેએ) મનુષ્યની ચેષ્ટા

---

૧. પ્રકૃતિના ચોવીસ ભેદ શ્રીમદ્ભાગવત્ ૩।૨૬।૧૦ થી ૧૪ સુધીમાં જણાવેલા છે, તેથી આ પ્રમાણે વ્યાખ્યાન કરેલું જણાય છે.

૧. યાદવો માધવ કહેવાય છે, તેથી અહિં બંનેને 'માધવ' કહેલા છે.

સ્વીકારી, કારણ કે મનુષ્યની સ્થિતિ સ્વીકારવામાં આવે ત્યારે બ્રાહ્મણનું વચન અને શિવનું વચન માન આપવા યોગ્ય થાય છે, પરંતુ લોકને મોહ કરવા માટે આ (મનુષ્યની સ્થિતિ સ્વીકારવાનું કારણ) શ્રીમદ્ભાગવતમાં કહેલું નથી. (પરિક્ષિતને) ભ્રમ ઉત્પન્ન ન થાય તે માટે 'હે રાજન્ !' એ સંબોધન સ્નેહથી કરેલું છે. ઝડપથી જેમ થાય તેમ બંને 'દુદ્રુવતુઃ' નાઠા. ૭.

(હવે) નીચેના શ્લોક(નો અર્થ કરીએ છીએ):

**વિહાય વિત્તં પ્રચુરમભીતૌ ભીરુભીતવત્ ।।**
**પદ્ભ્યાં પદ્મપલાશાભ્યાં ચેરતુર્બહુયોજનમ્ ।।૮।।**

ભય નહિ પામેલા બીકણથી પણ ભય પામતા હોય તેમ ઘણું ધન તજીને કમલની પાંખડી જેવા ચરણોથી ઘણા યોજન ગયા. ૮.

ભાર(ધન) લઈ જનારા તો જવાની (નાસવાની) શક્તિ વિનાના હોવાથી તેઓને મૂકી દઈને જ, ધન ઘણું હોવા છતાં તેને તજીને, આ બે ભય પામેલા નહિ હોવા છતાં પણ બીકણોથી પણ ભય પામતા હોય તેમ, યવનોના વધને લીધે મળેલાં રથ વિગેરેને પણ પડતા મૂકી, ભૂમિને સુખ થાય તે માટે કમલની પાંખડી જેવા ચરણોથી જ ઘણા યોજન ગયા. ચિત્રકૂટના રસ્તાથી ગયા. ૮.

પછી ભગવાનની લીલા જાણ્યા વિના, વરથી છકી ગએલો માગધ (જરાસંધ) પણ પાછળ દોડ્યો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**પલાયમાનૌ તૌ દૃષ્ટ્વા માગધઃ પ્રહસન્ બલી ।।**
**અન્વધાવદ્રથાનીકૈરીશયોરપ્રમાણવિત્ ।।૯।।**

તે બેને નાસતા જોઈને, બે પ્રભુનું સામર્થ્ય ન જાણનારો, સૈન્યવાળો માગધ હસતો રથના સૈન્ય સાથે (તેમની) પાછળ દોડ્યો. ૯.

'તે બે' એટલે બલભદ્ર અને શ્રીકૃષ્ણ.

'(તેમણે જરાસંધને) ઘણીવાર પકડીને મૂકી દીધેલો, (તેથી) તે બેનું બલ જાણતો હોવા છતાં કેમ તેમની પાછળ યુદ્ધ માટે ગયો ?' એવી શંકા થાય, તેથી 'માગધ' શબ્દ યોજેલો છે. (તેના) દેશના દોષથી (તેની) બુદ્ધિનો નાશ થયો હતો, એવો અર્થ છે. પછી હસતો 'બલસહિતઃ' સૈન્ય સાથે પાછળ દોડ્યો. 'રથના સૈન્ય સાથે' એનો એવો અર્થ છે કે જે ઉતાવળથી દોડનારા રથો હતા, તેના ઉપર બેસીને તેવા (બીજા રથી સૈનિકો) સાથે ગયો. આ (શબ્દ)થી રથોને (રથીઓને) અને સેનાને ઘણું દુઃખ (થયું એમ) જણાવેલું છે. 'તે દુઃખ ફલ આપનારું થયું હશે' એવી શંકા થાય, તેથી 'બે પ્રભુનું સામર્થ્ય ન જાણનારો' વિશેષણ યોજેલું છે. શ્રીકૃષ્ણ અને

બલભદ્રનું 'પ્રમાણમ્' સામર્થ્ય અથવા માન માટેની યોગ્યતા (તે જાણતો ન હતો). કારણ કે બ્રાહ્મણ વિગેરેના વચનને સત્ય ગણીને ભગવાન્ પધારતા હતા, પરંતુ (યુદ્ધ કરવા) અશક્ત હોવાથી પધારતા ન હતા, એવું ભગવાનનું સામર્થ્ય તે જાણતો ન હતો. 'બે પ્રભુનું' શબ્દનો એવો અર્થ છે કે પૂરી (ભગવાનની) શક્તિના બે વિભાગ પડેલા હોવાથી, (બેમાંથી) એક પણ બ્રાહ્મણ વિગેરેના વાક્યનો સ્વીકાર ન કરે તો (તે) વાક્ય ખોટું ઠરે, તેથી બંનેએ તેને સત્ય બનાવ્યું. ૯.

પર્વતે જેમની પાસેથી વર માગેલો તેવા બલભદ્ર અને શ્રીકૃષ્ણ તે (પર્વત)નું પ્રિય કરવા પછી ઉંચા પર્વત ઉપર ચડ્યા, કારણ કે સદા ટાઢથી ભરેલા (ધ્રુજતા) રહેતા તે પર્વતે ટાઢ ઉડાડવા માટે ભગવાનની પ્રાર્થના કરેલી; કેમ કે ત્યાં (તે પર્વતને) સૂર્ય અથવા અગ્નિનો કોઈ સમયે સંબંધ થતો ન હતો. વાદળાઓનું તે પ્રિય રહેઠાણ હતું, તેથી તે વાદળાંઓથી ઘેરાએલો જ રહેતો હોવાથી (તેને) સૂર્યનો સંબંધ થતો ન હતો. વરસાદ પડ્યા કરતો એટલે (તેને) અગ્નિનો સંબંધ થતો ન હતો. તેથી ભગવાને પહેલાં તેને વર આપેલો કે હું (ત્યાં) પધારી તારી ટાઢ ઉડાડીશ. તેથી ભગવાન્ અદ્‌ભુત કર્મ કરનારા છે એમ સિદ્ધ કરવા, નીચેના શ્લોકમાં (શ્રીશુક) (તે) થાકેલા હતા એમ કહી તે પર્વત ઉપર ચડ્યા એમ કહે છેઃ

**પ્રદુત્ય દૂરં સંશ્રાન્તૌ તુઙ્ગમારુહતાં ગિરિમ્ ।।**
**પ્રવર્ષણાખ્યં ભગવાન્નિત્યદા યત્ર વર્ષતિ ।।૧૦।।**

દૂર દોડી જઈ થાક પામેલા તે બે જ્યાં ભગવાન્ સદા વર્ષતા તે પ્રવર્ષણ નામના ઉંચા પર્વત ઉપર ચડ્યા. ૧૦.

કારણ કે કોઈ દૂર દોડી જઈ, ઉંચા પર્વત ઉપર ચડતું નથી; કેમ કે ઉંચે ચડવાથી ન થાકેલો પણ થાકી જાય છે. ભગવાનને છૂપાઈને રહેવા માટે હજારો ઉપાયો હોવાથી, શું (તે માટે) તેમને પર્વત ઉપર ચડવાની જરુર પડે તેવાં ઉંચાં સ્થાનની જરુર હતી ? ઉલટું ઉંચે રહેલ હોય તેને (તો) બધાએ જૂએ (જોઈ શકે). તેથી અહિં (આ શ્લોકમાં) ભગવાનની અદ્‌ભુત લીલાનું વર્ણન કરતાં, (શ્રીશુક) વિરોધના પ્રકારથી (ભગવાને કરેલાં પરસ્પર વિરુદ્ધ કર્મનું વર્ણન કરી ભગવાનની તેવી લીલા) કહે છે.

દૂર 'પ્રદુત્ય' દોડી જઈને તે બે ઘણા જ થાકી ગયા. બે ઈશ્વરોને ઝડપથી જવું પડે અથવા થાક લાગે તે સંભવતું નથી. તેવી સ્થિતિમાં પણ 'તુઙ્ગમ્' ઘણા ઉંચા પર્વત ઉપર છૂપી રીતે ચડ્યા. 'પ્રવર્ષણ નામના' શબ્દથી તેના ઉપર ચડવાનું પ્રયોજન કહેલું છે. 'પ્રકર્ષેણ' ઘણો જ 'વર્ષણં' વરસાદ પડે છે જ્યાં તે (પ્રવર્ષણ) રૂઢિનો (એ

નામ રૂઢિથી પડ્યું હશે એવો) ભ્રમ ન રહે તે માટે 'જ્યાં ભગવાન્ સદા વર્ષતા' શબ્દોથી (શુક) પોતે જ વ્યુત્પત્તિ જણાવે છે, કારણ કે ત્યાં ભગવાન્ સદા વર્ષતા. વાદળાંઓ કોઈ સમયે ક્યાંક વરસે છે. '(વિષ્ણુ) પર્વતોના અધિપતિ છે' શ્રુતિ પ્રમાણે ભગવાન્ વિષ્ણુ તેઓના અધિષ્ઠાતારૂપ છે. (તે) પોતે જ ત્યાં વરસે છે. તેમ ન હોય તો લોકમાં વરસાદની પ્રવૃત્તિ ન થાય. ૧૦.

પછી નીચેના શ્લોકમાં મૂર્ખ જરાસંધનું કૃત્ય જણાવે છે:

**ગિરૌ નિલીનાવાજ્ઞાય નાધિગમ્ય પદં નૃપ ॥**
**દદાહ ગિરિમેધોભિઃ સમન્તાદગ્નિમુત્સૃજન્ ॥૧૧॥**

હે નૃપ! (આગળ) પગલું નહિ મળતાં તે બેને પર્વત ઉપર સંતાએલા જાણીને તેણે ચારે તરફ અગ્નિ નાખતાં કાષ્ઠોથી પર્વતને બાળ્યો. ૧૧.

પર્વત ઉપર ચઢતાં કેટલાકોએ (ભગવાનને) જોએલા જ. તે સંબંધમાં પણ તે (પર્વતથી) આગળ ગએલા નથી એવો વિચાર પણ તેણે કર્યો એમ '(પગલું) નહિ મળતાં' શબ્દોથી કહેલું છે. ત્યાંથી પર્વતથી આગળ 'પદમ્' પધાર્યા હોવાનું ચિહ્ન 'નાધિગમ્ય' નહિ મળતાં, (પર્વતને) બાળવા માટે ભગવાને જે પ્રયોજન ઉત્પન્ન કરાવ્યું તે સાચું જ બનેલું છે એમ કહેવા, તેને 'એ બે સંતાએલા છે' એવું જ્ઞાન ઉત્પન્ન કરાવ્યું. પછી તેણે (પર્વતને) બાળવા માટે જ તેવી રીતે પ્રયત્ન કર્યો એટલે સત્ય સંકલ્પવાળા ભગવાનની ઈચ્છાથી પર્વતને કાષ્ઠોથી બાળ્યો. સર્વ સ્થલે વૃક્ષોને કાપીને, ઘાસ વિગેરેથી સળગાવી દીધાં. ૧૧.

પછી પર્વતે જેની પ્રાર્થના કરેલી તે (કાર્ય) કરીને ભગવાન્ ત્યાંથી આગળ પધાર્યા એમ નીચેના શ્લોકમાં કહે છે:

**તત ઉત્પત્ય તરસા દહ્યમાનતટાદુભૌ ॥**
**દશૈકયોજનોત્તુઙ્ગાન્નિપેતતુરધો ભુવિ ॥૧૨॥**

અગીઆર યોજન ઉંચા, બળતા ઢોળાવવાળા તે (પર્વત) ઉપરથી ઝડપથી કુદીને બંને નીચે ભૂમિ ઉપર પડ્યા. ૧૨.

ભગવાન્ (ત્યાં) હોય તો અગ્નિ પર્વતને બાળે નહિ, તે માટે 'તરસા' ઝડપથી જ, અગ્નિ સળગે તેટલા સમયમાં જ કૂદ્યા, પરંતુ દાઝવાની બીકથી (કૂદ્યા) ન હતા. જેના ઢોળાવો બળતા હતા, એટલે જેના ઉપર સર્વ સ્થલે અગ્નિ ઉત્પન્ન થતો હતો, તેવા ઉપરથી, 'બંને' એટલે પૂરેપૂરી શક્તિવાળા ભગવાન્ (કૂદ્યા). 'અગીઆર યોજન ઉંચા' શબ્દથી તે (પર્વત) અગીઆર યોજન ઉંચો (જણાવેલો છે). તેના ઉપરથી બંને નીચે એટલે પર્વતના (તળેટીના) વિસ્તારવાળા ભાગને પણ

મૂકી દઈને ભૂમિના ભાગ ઉપર પડ્યા. કેટલાક તો એમ કહે છે કે પર્વત ઘણો બળતાં તેણે ફરીથી પ્રાર્થના કરી એટલે તેને ભૂમિમાં લઈ જવા માટે, (તેના) ઉપર ઉભા થઈ પગથી ભાર દઈ તેને ભુમિમાં પેસાડી દેતાં જ ભગવાન્ પોતે દૂર પધાર્યા. ૧૨.

**અલક્ષ્યમાણૌ રિપુણા સાનુગેન યદૂત્તમૌ ।।**
**સ્વપુરં પુનરાયાતૌ સમુદ્રપરિખાં નૃપ ।।૧૩।।**

હે નૃપ ! અનુચરો સહિત શત્રુથી દેખાયા વિનાના, બે ઉત્તમ યદુઓ સમુદ્ર જેની ખાઈ છે તેવા પોતાના નગરમાં પાછા આવ્યા. ૧૩.

પછી પાછી પણ તે (જરાસંધ)ની (ભગવાન્ પાછળ જવાની) પ્રવૃત્તિ થાય તેથી, પહેલાં પણ પોતાની ઈચ્છાથી જ તેણે (આવી) પ્રવૃત્તિ કરી હતી એમ જણાવતાં, તેનાથી 'દેખાયા વિના' જ (બંને) દ્વારકા પધાર્યા. (એમ શુક કહે છે). તે વિષયમાં તે (પોતાને) ન જૂએ તે માટે ભગવાને કાંઈ અધિક પ્રયત્ન કર્યો ન હતો, પરંતુ તેને પોતાના દોષને લીધે જ દર્શન થયાં ન હતાં એમ જણાવવા 'શત્રુથી' શબ્દ કહેલો છે. (પોતાની) દુષ્ટ બુદ્ધિને લીધે જ તેને દર્શન થયાં નહિ. 'અનુચરો સહિત' શબ્દથી એમ કહેલું છે કે તેની સાથેના સંબંધને લીધે, બીજાઓને પણ દર્શન થયા નહિ.

'(પોતાનું) બધુંએ કાર્ય કરેલું હોવાથી, (ભગવાન્ અને બલભદ્ર) શ્વેતદ્વીપ વિગેરે (સ્થલે) જ કેમ ન પધાર્યા ? દ્વારકા પધારવાનું શું પ્રયોજન ?' એવી શંકા થાય, તેથી 'બે ઉત્તમ યદુઓ' એમ કહેલું છે. તેમ ન હોત તો યદુના કુલમાં અવતાર ન લેત. તેથી યાદવોનું હિત કરવા પોતાના નગરમાં પધાર્યા. 'પાછા આવ્યા' એ (શબ્દો)થી એમ જણાય છે કે પહેલાં પણ બંનેએ પોતે પધારીને (યાદવોને) ત્યાં રાખેલા. કલિ (દ્વારકામાં) પ્રવેશ ન કરે તે માટે, તે જૂદો દ્વીપ હતો એમ જણાવતાં 'સમુદ્ર જેની ખાઈ છે' વિશેષણ યોજેલું છે. સમુદ્ર જ સર્વ તરફથી ખાઈ છે જેની તેવું (તે નગર હતું). આ (શબ્દ)થી (તેનો) વિસ્તાર પણ સૂચવેલો છે. 'હે નૃપ !' એવું સંબોધન (શુકે પોતે પરિક્ષિતને) છેતરતો નથી એમ જણાવવા યોજેલું છે.

વળી નીચેના શ્લોકમાં તેની દુષ્ટ બુદ્ધિ જણાવે છેઃ

**સોડપિ દગ્ધાવિતિ મૃષા મન્વાનો બલકેશવૌ ।।**
**બલમાકૃષ્ય સુમહન્મગધાન્ માગધો યયૌ ।।૧૪।।**

તે માગધ પણ સંતાપમાં પડ્યો તેથી બલ અને કેશવને મૃષા માનતો સુંદર મોટું સૈન્ય ખેંચી લઈને મગધ ગયો. ૧૪.

શબ્દનો દોષ ન રહે તે માટે 'દગ્ધિ' શબ્દ સાતમી વિભક્તિના પ્રત્યયવાળો

છે એમ લેવું[1]. જરાસંધે પણ દગ્ધિમાં પ્રવેશ કર્યો. જેમ ભગવાને દ્વારકામાં પ્રવેશ કર્યો, તેમ તેણે પણ દગ્ધિમાં પ્રવેશ કર્યો, એટલે ઘણા સંતાપથી દુઃખી થયો એવો અર્થ છે. કારણ કે આ પણ તેના જ્ઞાનથી જ[2] થયું, પરંતુ ક્રિયાથી તે બળ્યો ન હતો. તેમ ન હોત (ક્રિયાથી તે બળ્યો હોત) તો ભવિષ્યમાં પાંડવોને (તેને હરાવ્યાનો) યશ મળત નહિ. તેથી (બળેલો હોવાથી) બલ અને કેશવને લક્ષમાં લઈને તેમને મૃષા માનતો (થયો). અથવા (બલભદ્ર) બલવાન હતા અને (કેશવ) બ્રહ્મા અને ઈશના પણ અધિપતિ હતા, (છતાં) તે બે તેવા ન હતા, એમ ખોટું માનતો હતો, અથવા તે તો બળી ગએલો જ હતો. પાંડવોને કીર્તિ (પ્રાપ્ત) થાય તે માટે, સીતાની પેઠે, હવે પછીથી ખોટો તેને ભેગો કરી રાખેલો હતો, તેથી ખોટો (બનાવટી) જરાસંધ (બલભદ્રનાં) બલનો અને (કેશવના) બ્રહ્મા અને શિવના અધિપતિપણાંનો આદર કરી, '(હવે પાછળ પડીશ તો) પૂરેપૂરો વિનાશ જ થશે' એમ જાણી, પોતાનાં 'બલમ્' સૈન્યને ખેંચી લઈને મગધ દેશ જ ગયો.

'પોતે ખરેખર બળેલો જ હતો. (તો પછી) સૈન્ય લઈ જવાથી શું લાભ ?' એવી શંકા થાય, તેથી 'સુંદર મોટું' શબ્દ યોજેલ છે. (સૈન્ય) સુંદર હોવાથી અને મોટું હોવાથી તે ભગવાનનું સ્થાન હતું, તેથી તે (સૈન્ય)ને રાખવા અને ભગવાનને તેમાંથી દૂર રાખવા[3] તે મગધ દેશ જ ગયો, કારણ કે તે પણ માગધ હતો એટલે માત્ર દેશના દોષથી જ બળેલો હોવા છતાં બાકી(જીવતો) રહ્યો હતો. 'મત્વા તૌ બલકેશવૌ' 'તે બે ને બલ અને કેશવ માનીને' એવો પાઠ હોય ત્યારે પણ તે જ અર્થ થાય છે.[4] ૧૪.

એ પ્રમાણે તામસ શંકર વિગેરેના વચનનું પાલન કરીને, અથવા (તેમને) ઠપકો આપીને[1], સ્ત્રીઓનો ઉધ્ધાર કરવા ભગવાને (તેઓના ઉપરની) કૃપાને લીધે

૧. 'દગ્ધિ' નામની સાતમી વિભક્તિનું એકવચન 'દગ્ધૌ' છે એમ જાણવું. 'દગ્ધ' ભૂતકૃદંતનું નરજાતિનું બીજી વિભક્તિનું દ્વિવચન નથી એમ જાણવું.
૨. વાસ્તવિક રીતે તે બળી ગયો ન હતો. પરંતુ 'હું બળી ગયો છું' એવી તેની માન્યતા જ થઈ, એવો અર્થ જણાય છે.
3. સૈન્ય મોટું અને સુંદર હોવાથી ભગવાનનું સ્થાન છે. તેથી એવાં સૈન્યને પોતે રાખવા ઈચ્છતો હોવાથી, અને ભગવાન્ તેમાંથી નીકળી જાય તે માટે તે તેને દોષવાળા મગધ દેશમાં લઈ ગયો, એવો અર્થ જણાય છે.
૪. આ શ્લોકનો અર્થ ભગવાન્ વિષે કાંઈ અનિષ્ટ ન વિચારાય એવા નિયમને લીધે શ્રીસુબોધિનીમાં જુદા પ્રકારે કરેલો છે. અનુવાદ પણ શ્રીસુબોધિની પ્રમાણે જ કરેલો છે. સાધારણ અર્થ ભાગવતની સામાન્ય પ્રતિમાંથી જેને જોઈએ તેને મળી શકે છે.
૧. શંકરે જરાસંધને એવો વર આપ્યો તેથી ભગવાનને આ પ્રમાણે નાસવું પડ્યું, એ શંકરને ઠપકો આપ્યો જ ગણાય, તેથી આમ કહેલું જણાય છે.

વિવાહ વિગેરે કર્યાં એમ કહેવા, મોટા (ભાઈ) બલભદ્રના વિવાહનું નિરૂપણ કરે છેઃ

**આનર્તાધિપતિઃ શ્રીમાન્રૈવતો રેવતીં સુતામ્ ।।**

**બ્રહ્મણા ચોદિતઃ પ્રાદાદ્બલાયેતિ પુરોદિતમ્ ।।૧૫।।**

બ્રહ્માએ પ્રેરણા કરેલા, આનર્તદેશના રાજા શ્રીમાન રૈવતે (પોતાની) પુત્રી રેવતી બલભદ્રને આપી એમ પહેલાં કહેલું છે. ૧૫.

આનર્તદેશ દ્વારકાની પાસેનો દેશ છે. તેનો રાજા રૈવત હતો. (તે) શ્રીમાન એટલે જીવતો જ[2] હતો. તેને રેવતી નામની કન્યા હતી. પહેલાં તે બ્રહ્માને (રેવતી કોને પરણાવવી એ) પૂછવા ગએલો. પછી બ્રહ્માનાં વચન પ્રમાણે બલભદ્ર (રેવતી કરતાં) નાના હોવા છતાં (તેમને) આપી. એમ પહેલાં નવમા સ્કંધમાં[2] કહેલું છે. આ સંબંધી વિચાર ત્યાં જ કરેલો છે. ૧૫.

નીચેના શ્લોકમાં ભગવાનના વિવાહનું નિરૂપણ કરે છેઃ

**ભગવાનપિ ગોવિન્દ ઉપયેમે કુરૂદ્વહ ।।**

**વૈદર્ભીં ભીષ્મકસુતાં શ્રિયો માત્રાં સ્વયંવરે ।।૧૬।।**

હે કુરુના વંશજ ! ભગવાન્ ગોવિંદ પણ લક્ષ્મીના અંશરૂપ ભીષ્મકની પુત્રી વૈદર્ભીને સ્વયંવરમાં પરણ્યા હતા. ૧૬.

'જેમને લક્ષ્મી પોતાની મેળે જ પ્રાપ્ત થએલી છે, (અને) જે ઇન્દ્રિયો વિનાના છે તેવા (ભગવાન)ને (સ્ત્રીનું) પ્રયોજન નહિ હોવાથી વિવાહનું શું પ્રયોજન ?' એવી શંકા કરી તે દૂર કરે છે. જો કે (શ્રીકૃષ્ણ) ભગવાન્ છે તો પણ ઈન્દ્ર વિગેરેએ ઈન્દ્ર તરીકે તેમનો અભિષેક કરેલો હોવાથી તે 'ગોવિંદ' છે, એટલે તેઓનાં વાક્ય સત્ય ઠરે તે માટે તેમણે 'ઉપયેમે' વિવાહ કર્યો, પરંતુ (રુક્મિણી સાથે) ગોપીઓ પેઠે માત્ર સંબંધ ન રાખ્યો. (પરિક્ષિતને) ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થાય તે માટે 'હે કુરુના વંશજ !' એવું સંબોધન કરેલું છે.

'છતાં પણ કર્મે ઉત્પન્ન કરેલી, કર્મના ફલરૂપ (સ્ત્રી) સાથે તેવું કર્મ કરનારાએ જ વિવાહ કરવો યોગ્ય હોવાથી ભગવાને કેમ વિવાહ કર્યો ?' એવી શંકા થાય, તેથી 'વૈદર્ભીને' શબ્દ યોજેલો છે. તે વિદર્ભ[1] દેશમાં ઉત્પન્ન થએલી હતી, તેથી કર્મે ઉત્પન્ન કરેલી હતી. વળી તે ભીષ્મકની પુત્રી હતી. 'ભીષ્મં' ભયાનક છે 'કમ્'

---

૨-૨. જૂઓ ૯।૪।૩૨ થી ૩૬. કૃતયુગમાં જન્મેલો રાજા રૈવત કલિયુગ બેઠો ત્યારે પણ જીવતો હતો, કારણ કે બ્રહ્માની સભામાં થોડો સમય ગાન સાંભળવા રહ્યો, એટલામાં ભૂતલ ઉપર ત્રેતા, દ્વાપર યુગો થઈ ગયા.

૧. 'વિગતાઃ દર્ભાઃ કુશાઃ યસ્માત્ સ વિદર્ભઃ' એ વ્યુત્પત્તિ પ્રમાણે કર્મના સાધનરૂપ કુશ જે દેશમાં ન હતું ત્યાં તે ઉત્પન્ન થએલી હોવાથી તે કર્મથી ઉત્પન્ન થએલી ન હતી.

સુખ જેનું તેવા પ્રલય કરનાર મહાદેવે જ અવતાર લીધેલો, અને તેમની પુત્રી સીતા પહેલાના જન્મમાં પણ મહાદેવની જ કન્યા હતી, તે જ હમણાં ભીષ્મકથી ઉત્પન્ન થએલી હતી. તેથી (તેની સાથે) વિવાહ કરવો જ જોઈએ. વળી તે 'લક્ષ્મીના અંશરૂપ' હતી; કારણ કે તે લક્ષ્મીની માત્રા એટલે અંશ હતી, એટલે બીજો કોઈ તેને લઈ (પરણી) શકે તેમ ન હતું; કારણ કે '(ભગવાન્) રાઘવ થયા ત્યારે સીતા થઈ, અને શ્રીકૃષ્ણના જન્મ સમયે રુક્મિણી થઈ' એ વાક્ય પ્રમાણે જેમ જેમ ભગવાન્ અવતાર લે છે તેમ તેમ તે અવતાર લે છે. તેમાં પણ સ્વયંવરમાં જ્યારે બધાએ રાજાઓને બોલાવેલા ત્યારે ભગવાનને પણ આમંત્રણ આપેલું, (અને) જ્યારે તેણે ભગવાનને પસંદ કર્યા ત્યારે તેની ઈચ્છાથી ભગવાને વિવાહ કર્યો. ૧૬.

વળી[1] નીચેના શ્લોકમાં જણાવ્યા પ્રમાણે (પણ વિવાહ થએલો):

**પ્રથમ્ય તરસા રાજ્ઞઃ શાલ્વાદીંશ્ચૈદ્યપક્ષગાન્ ॥**
**પશ્યતાં સર્વલોકાનાં તાર્ક્ષ્યપુત્રઃ સુધામિવ ॥૧૭॥**

શિશુપાલના પક્ષમાં રહેલા શાલ્વ વિગેરે રાજાઓને મારીને જેમ ગરુડ અમૃત હરી ગયો હતો તેમ સર્વ લોકના દેખતાં ભગવાન્ વૈદર્ભીને લઈ ગયા હતા.૧૭.

શિશુપાલ વિગેરે બધાએને 'પ્રમથ્ય' મારીને જાણે કે જયથી પ્રાપ્ત કરેલી હોય તેવી તે (વૈદર્ભી)ને લઈ ગયા. શાલ્વ વિગેરે ઘણો વિરોધ કરનારા અને સર્વથી બલવાન હતા. 'શિશુપાલના પક્ષમાં રહેલા' વિશેષણથી તેઓની સાથે યુદ્ધ કરવાનું ખાસ કારણ કહેલું છે. 'સ્વયંવરમાં પણ જે પ્રકારે શિશુપાલને વૈદર્ભી પ્રાપ્ત થાય તેમ કરવું' એવા રુક્મિના વચનને લીધે શિશુપાલ વિવાહ કરનાર (વર)ના જેવો (થઈ) આવેલો. તેથી શાલ્વ વિગેરે પણ તેના હિત માટે પ્રવૃત્તિ કરતા હતા. ભગવાનનો મુખ્ય વિરોધી શિશુપાલ હતો. બીજાઓ પણ હરકોઈ પ્રકારે ભગવાન્ સાથે વિરોધ ઉત્પન્ન કરાવવા તેના પક્ષપાતીઓ થયા, તેથી (ભગવાનના) વિરોધી થયા.

વળી પ્રદ્યુમ્ન વિગેરે (પુત્રો) પણ ઉત્પન્ન કરવાના હતા. તેથી કામ સંકટમાં હોવાથી, તેની ઉત્પત્તિ (જન્મ) થાય તે માટે પણ વિવાહ કર્યો એમ 'સર્વ લોકના દેખતાં' શબ્દોથી કહેલું છે. જેમ માતાનું દુઃખ દૂર કરવા માટે ગરુડે અયોગ્ય (સર્પો)ને પણ અમૃત આપવાની પ્રવૃત્તિ કરી, તેમ કામનું દુઃખ દૂર કરવા માટે ભગવાને પણ વૈદર્ભી (પોતાને) અયોગ્ય હોવાં છતાં પણ તેને ગ્રહણ કરી અને બીજાઓને હણ્યા. જો આ અયોગ્ય હોય તો લોકો (આ વિષયમાં) સાક્ષીઓ છે એમ તેઓને પ્રમાણ ગણે છે. એ પ્રમાણે સર્વ પ્રકારથી ભગવાનના વિવાહનું વર્ણન કર્યું. ૧૭.

---

૧. રુક્મિણીએ પોતે ભગવાનને પસંદ કર્યા તેથી ગાંધર્વ વિવાહ કહેલો છે. રાક્ષસ વિવાહ પણ થએલો તેથી 'ચ' 'વળી' કહેલું છે. (લે)

તે પ્રસંગે વિવાહમાં (ભગવાનનું) પુરુષાતન સાંભળવા માટે રાજા નીચેના શ્લોકથી (વિવાહ સંબંધી) વધારે પ્રશ્ન કરે છેઃ

રાજા કહે છેઃ

**ભગવાન્ ભીષ્મકસુતાં રુક્મિણીં રુચિરાનનામ્ ।।**
**રાક્ષસેન વિધાનેન ઉપયેમ ઈતિ શ્રુતમ્ ।।૧૮।।**

સુંદર મુખવાળી ભીષ્મકની પુત્રી રુક્મિણીને ભગવાન્ રાક્ષસ પ્રકારથી પરણ્યા હતા, એમ સાંભળેલું છે. ૧૮.

ભગવાનનો વિવાહ પુરાણોમાં ઘણા પ્રકારે વર્ણવેલો છે. તેમાંથી રાજાએ સ્વયંવર વિવાહથી જૂદા પ્રકારે (વિવાહ થયાનું) સાંભળેલું, અને તેમાં (ભગવાનનું) પુરુષાતન વધારે (સાંભળેલું), તેથી તે (વધારે પુરુષાતન વિગેરે) થએલાં કે નહિ એવો સંદેહ દૂર કરવા (રાજા) પ્રશ્ન કરે છે.

'ભગવાન્[1]' હોવાથી તેમનાથી અજાણ્યું નથી. 'ભીષ્મકની પુત્રી' શબ્દથી (રુક્મિણીના) પિતા સર્વથી બલવાન્ હતા (એમ જણાવ્યું). 'રુક્મિણી' એટલે ભગવાનની મુખ્ય પત્ની તરીકે પ્રસિદ્ધ થએલી, અને તેથી 'અને ગાંધર્વ તેમજ રાક્ષસ ક્ષત્રિયના ધાર્મિક[2] (વિવાહ) કરેલા છે' વાક્ય પ્રમાણે પહેલો વિવાહ ધાર્મિક કરવો જોઈએ. તેથી ધાર્મિક (વિવાહ) થાય તે માટે ભગવાને રાક્ષસ વિવાહ જ કરેલો, તેથી આપે (મને) તે જ કહેવો જોઈએ, એમ 'રાક્ષસ પ્રકારથી' શબ્દથી કહેલું છે. 'સુંદર મુખવાળી' વિશેષણથી તે (રુક્મિણી)નું ભોળપણ જણાવેલું છે, અને તેથી રાક્ષસ વિવાહમાં તે કેવી રીતે અનુકૂલ થઈ ભય નહિ રાખતાં (ભગવાન્) સાથે આવી એવો પણ સંદેહ (જણાવેલો છે). 'બલપૂર્વક કન્યાનું હરણ કરવું એ (વિવાહનો) રાક્ષસ વિધિ કહેવાય છે[2]' વાક્યમાં પારકાનું હરી લેવારૂપ દોષ ન ગણાય તે માટે 'વિધિ' શબ્દ યોજેલો છે. (તે શબ્દ એમ) જણાવવા યોજેલો છે કે જેમ વિવાહમાં (કન્યાનું) દાન કરવું એ દોષ નથી, તેમ ક્ષત્રિયને (કન્યાનું) હરણ કરવામાં પણ દોષ નથી. 'શ્રુતમ્' 'સાંભળેલું છે' શબ્દથી પ્રમાણ જણાવેલું છે. ૧૮.

તેથી નીચેના શ્લોકમાં તે (રાક્ષસ વિવાહ)ના સંબંધમાં પ્રકાર પૂછે છેઃ

**ભગવન્ શ્રોતુમિચ્છામિ કૃષ્ણસ્યામિતતેજસઃ ।।**

---

૧. આચાર્યશ્રીએ 'ભગવન્' પાઠ લઈ, શુકનું એ રાજાએ કરેલું સંબોધન લીધેલું જણાય છે. શુકથી અજાણ્યું નહિ હોવાથી તે આ પ્રશ્નનો ઉત્તર આપી શકશે, એવા ભાવથી પ્રશ્ન કરેલો છે, એવો અર્થ થાય.

૨-૨. હિંદુધર્મશાસ્ત્રમાં વિવાહ આઠ પ્રકારના કહેલા છે. વિગત જાણવી હોય તો જૂઓ મનુસ્મૃતિ ૩।૨૦ થી ૩૪. અહિં શ્રીસુબોધિનીમાં આ વાક્યો મનુસ્મૃતિમાંથી જ લીધેલાં છે.

**યથા માગધશાલ્વાદીઞ્જિત્વા કન્યામુપાહરત્ ।।૧૯।।**

હે ભગવન્! જે પ્રકારે માપી ન શકાય તેવા તેજવાળા શ્રીકૃષ્ણે માગધ, શાલ્વ વિગેરેને જીતીને કન્યાનું હરણ કર્યું તે હું સાંભળવા ઈચ્છું છું. ૧૯.

આ (રાજાએ કરેલા પ્રશ્ન)થી સૂચવેલું છે કે આગળ ત્રણ અધ્યાયોમાં કહેવામાં આવનારી કથા સમાધિભાષા નથી, કારણ કે બીજે સાંભળવામાં આવેલી જ (કથા) બીજા કલ્પની હોવા છતાં યોગના પ્રભાવથી (જાણીને) કહેવી, એવા પ્રશ્નને લીધે (કહેલી છે). તેમ ન હોય તો સ્વતંત્ર રીતે (કથા) કહેનારને પહેલાં સાંભળેલો પ્રકાર કહેવાના પ્રશ્નનું શું પ્રયોજન ? તેથી શ્રવણ કરનારની વિનતિને લીધે બીજા કલ્પની (કથા) હોવા છતાં ગાંધર્વ, રાક્ષસ અને વિધિ પ્રમાણેના (એવા ત્રણ) ભેદથી ત્રણ અધ્યાયોથી ત્રણ પ્રકારે કહેશે. તેથી[1] (૧) ભગવાને કપટથી જઈ દાન નહિ કરેલી કન્યાનું હરણ કર્યું. (૨) તે (કન્યા)ના ભાઈનું મુંડન કર્યું અને (૩) બલદેવે (ભગવાનને) બોધ કર્યો એવા અહિં (ભગવાનને) પ્રાપ્ત થતાં ત્રણ દોષો, અને લજ્જા નહિ રાખતાં, પરિચય વિનાના ભગવાનની પ્રાર્થના કરી એવો રુક્મિણીનો દોષ નીકળી જાય છે. આમ (આવા દોષો) હોય તો વિવાહ રસરૂપ ન થાય, કારણ કે ભક્તિરસ શૃંગાર વિગેરે (રસો)ને દાબી દેનારો છે. તેથી સમાધિભાષાનો વિવાહ (પાછળ સોળમા શ્લોકમાં કહેલો) સ્વયંવર જ છે. બીજા પ્રકારનો (વિવાહ) તો મતાંતર[2] છે. એવો નિશ્ચય છે.

'જેનો પ્રસંગ ચાલતો નથી તેવો વિવાહ કેમ કહેશે ?' એવી શંકા થાય, તેથી 'હું સાંભળવા ઈચ્છું છું' એમ કહેલું છે. ઈચ્છા પૂરી કરવી જોઈએ, તેથી તે માટે કહેશે. વળી આ પણ શ્રીકૃષ્ણની કથા છે, કે જેમનું તેજ માપી ન શકાય તેવું છે. વળી તેમાં પરાક્રમ ઘણું હોવાથી તે કહેવી જોઈએ, કારણ કે ક્ષત્રિયોના પ્રકારથી વર્ણવેલું ભગવાનનું ચરિત ક્ષત્રિયોનાં મન હરનારું થાય છે. તે અર્થ ઉત્તરાર્ધથી કહેલો છે. માગધે પણ જય પ્રાપ્ત કરેલો, તેથી તેનું નામ આપેલું છે, અને શાલ્વ સાત્ત્વિક અને મોટો હતો. એવી રીતે જયથી અને સ્વભાવથી જે બે મોટા હતા, તેઓ જેમનામાં મુખ્ય હતા તેવાને જીત્યા, એટલે ભગવાને કરેલો, જય પામેલા ઉપરનો અને ઉત્તમ સ્વભાવવાળા ઉપરનો જય સાંભળવા યોગ્ય છે એમ કહેલું છે. તેમાં પણ ભગવાન્

૧. આ કથા મતાંતર છે એમ કહ્યું તેથી સમાધિભાષામાં અહિં જણાવેલાં દૂષણો નથી, એવો અર્થ છે. (લે)

૨. શ્રીમદ્ભાગવતમાં ૧. સમાધિભાષા ૨. લૌકિકી ભાષા અને ૩. મતાંતર એવી ત્રણ પ્રકારની કથા છે. વ્યાસે સમાધિથી જાણીને જેટલું કહ્યું તે સમાધિભાષા, તેનાથી વિરુદ્ધ અર્થ જેમાં આવે તે મતાંતર. લોકમાં પ્રસિદ્ધ હોય તેવું વર્ણન લૌકિકીભાષા. (તત્ત્વદીપ. ૩।૧।૧૦ સપ્રકાશ.)

પોતે એકલા જ તેઓ ઉપર જય પ્રાપ્ત કરીને પોતે હેમખેમ દ્વારકા નગર પહોંચી ગયા તેથી (તે સાંભળવા યોગ્ય છે). તે પણ એક કલ્પમાં થએલું. તે (ભગવાનના ચરિતથી) સર્વ પ્રકારે વિરુદ્ધ છે એમ માનનાર શુકે તે કહ્યું નહિ. તે સમયે તો ભગવાન્ પણ આમંત્રણ મળેલ હોવાથી સ્વયંવરમાં પધારેલા. રુક્મિણીએ પસંદગી કરી તે પહેલાં જ બલથી તેનું હરણ કરી, સર્વને જીતી, પોતે એકલા જ ઘેર પધાર્યા, એવી કથા છે. તેમાં જો કે પુરુષાતન ઘણું છે, છતાં પણ તે ઘણું જ ક્લેશવાળું કર્મ હોવાથી (શુકે) તે કહ્યું નહિ, કારણ કે તામસ કલ્પમાં તેવી કથા થએલી. તેથી જ 'સમુદ્રરૂપ કિલ્લાનો આશ્રય કરીને પ્રજાને પીડે છે' એમ શિશુપાલ કહેશે. ભગવાનનું ક્લેશ વિનાનું કર્મ વર્ણવવું જોઈએ. તેથી જેટલાથી તે ઘટે તેટલું કહેવું જોઈએ, એવા અભિપ્રાયથી (શુકે) રાક્ષસ વિવાહ કહ્યો, પરંતુ ભગવાને એકલાએ હરણ કર્યું તે કહ્યું નથી. આથી એમ જણાવ્યું કે પૂછેલું જો અયોગ્ય હોય તો (તે) કહેવું ન જોઈએ. ૧૯.

'ભગવાનની મુખ્ય કથા જ કહેવી જોઈએ, અને તેથી ઘણી આવશ્યક કથા જ શ્રવણ કરવા યોગ્ય છે' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**બ્રહ્મન્ કૃષ્ણકથાઃ પુણ્યા માધ્વીર્લોકમલાપહાઃ ।।**
**કો નુ તૃપ્યેત શ્રૃણ્વાનઃ શ્રુતજ્ઞો નિત્યનૂતનાઃ ।।૨૦।।**

હે બ્રહ્મન્ ! પવિત્ર, મધુર, લોકના મેલને હરનારી, નિત્ય નવી શ્રીકૃષ્ણની કથાઓ સાંભળતાં, સાંભળેલું સમજનાર કોણ તૃપ્તિ પામે ? ૨૦.

'બ્રહ્મન્ !' એ સંબોધનથી (શુકનું શ્રીકૃષ્ણની કથાઓનું) જ્ઞાન કહેલું છે. 'શ્રીકૃષ્ણની કથાઓ' (શબ્દ)થી (તેમનું) કીર્તન કરવામાં અને શ્રવણ કરવામાં પણ અણગમો થતો નથી એમ કહેલું છે. વળી પ્રાણીઓ ધર્મ, અર્થ, કામ અને મોક્ષને ઈચ્છનારા હોય છે. તે સંબંધમાં શ્રીકૃષ્ણની કથાઓ (એ) ચારની સમાન છે એમ કહે છે. (આ કથાઓ) (૧) 'પવિત્ર' હોવાથી ધર્મરૂપ છે. (૨) 'મધુર' હોવાથી કામરૂપ છે. (૩) ગરીબાઈના જેવા લોકોના પાપરૂપ મેલ હરે, તે લોકના મેલને હરનારી (એટલે અર્થરૂપ) છે. એ પ્રમાણે ત્રણ પુરુષાર્થરૂપ હોવાથી તે (પુરુષાર્થો)ને ઈચ્છનાર કોણ (તેમનાથી) તૃપ્તિ પામે ? 'નુ' શબ્દ અટકળ કરવાના અર્થમાં યોજેલો છે. આમાં કોઈને અણગમો થતો નથી, એવો ભાવ છે.

'ત્યારે બધાની (આ કથાઓ સાંભળવાની) પ્રવૃત્તિ કેમ થતી નથી ?' એવી શંકા થાય, તેથી 'સાંભળતાં' શબ્દ યોજેલો છે.

'એક વાર સાંભળીને પણ સાંભળતાં અટકી જાય છે' એવી શંકા થાય, તેથી 'સાંભળેલું સમજનાર' શબ્દ યોજેલ છે. 'સાંભળતાં' શબ્દમાં વર્તમાનકાલનો પ્રયોગ

હોવાથી સદા શ્રવણ કરવાનું કહેલું હોવા છતાં પણ, શ્રવણમાં જેને રસ હોય તે આ વિષયમાં મુખ્ય છે એટલે તે સાંભળેલું સમજે છે. (શ્રવણમાં) રસવાળો હોવાથી સાંભળેલું સમજનાર કહેલો છે. ('શ્રુતજ્ઞઃ'ને બદલે) 'રસજ્ઞઃ' એવો પાઠ હોય ત્યારે તો એવો અર્થ સ્પષ્ટ જ છે. વળી (૪) શ્રીકૃષ્ણની કથાઓ 'નિત્ય નવી' છે એટલે વાસી નથી, કાલનો કોળીઓ થાય તેવી નથી. તેથી તે મોક્ષરૂપ પણ છે એમ કહેલ છે. ૨૦.

એ પ્રમાણે રાજાની (કથા) શ્રવણ કરવાની તીવ્ર ઈચ્છા જોઈ, પોતાના યોગબલથી જ (તે) જાણેલ હોવાથી, બીજા પાસેથી સાંભળેલ છે એમ કહ્યા વિના પણ નીચેના શ્લોકથી કથાનો જ આરંભ કરે છેઃ

શ્રીશુક કહે છેઃ

**રાજાસીદ્ભીષ્મકો નામ વિદર્ભાધિપતિર્મહાન્ ।।**
**તસ્ય પઞ્ચાભવન્ પુત્રાઃ કન્યૈકા ચ વરાનના ।।૨૧।।**

વિદર્ભનો અધિપતિ ભીષ્મક નામનો પ્રસિદ્ધ રાજા હતો. તેને પાંચ પુત્રો અને સુંદર મુખવાળી કન્યા હતાં. ૨૧.

'હતો' શબ્દથી એમ જણાવેલું છે કે આ પહેલાં થઈ ગએલી કથા છે. 'ભીષ્મક' એ નામ (તેના) પ્રસિદ્ધ અર્થમાં (યોજાએલું છે). તે બીજા સ્થલે રહેતો ન હતો[1] એમ જણાવવા, 'વિદર્ભનો અધિપતિ' શબ્દથી તે બધાએ સમાન ગુણવાળા હતા એમ કહે છે. 'પ્રસિદ્ધ' શબ્દથી પ્રસિદ્ધિ તરીકે સત્ય વિગેરે એકતાલીસ[2] ગુણો સૂચવેલા છે. આ અર્થ[3] પહેલાંથી વિશેષ છે. 'ભાઈ વિનાની (કન્યા) સાથે વિવાહ કરવો યોગ્ય નથી' તેથી ભગવાનનો (તેની સાથે) તે (વિવાહ) થાય તે માટે પાંચ અવયવોવાળી અવિદ્યાના માયાના કાર્યરૂપ પાંચ દેવો લક્ષ્મીની પણ પહેલાં ઉત્પન્ન થયા, એમ 'તેને પાંચ પુત્રો હતા' શબ્દોથી તેઓનું નિરૂપણ કરે છે. 'મારી માયાથી

---

૧. ભીષ્મક મહાદેવનો અવતાર હોઈ કર્મના સંબંધ વિનાનો હોવાથી બીજે (વિદર્ભ દેશ બહાર) રહેતો હશે, એવી શંકા ન રહે તે માટે તેવા સંબંધવાળા બધાએ તેની સમાન ધર્મવાળા એટલે વિદર્ભમાં રહેનાર હોઈ, કર્મના સંબંધ વિનાના હતા, એમ 'વિદર્ભનો અધિપતિ' શબ્દથી કહેલું છે, એવો અર્થ છે. (લે)

૨. આ શ્રીમદ્ભાગવત ૧।૧૬।૨૬ થી ૨૯ સુધીમાં કહેલા ગુણો હોય તેમ જણાય છે. શ્લોક ૨૯માં 'અન્યે ચ' શબ્દોથી બ્રહ્મણ્યપણું, અને ભકતવત્સલપણું વિગેરે જણાવેલાં છે એમ શ્રીસુબોધિનીમાં કહેલું છે. એ બે ગણતાં એકતાલીસ ગુણો થાય છે.

૩. પહેલાં સમાધિભાષાના વિવાહમાં(શ્લોક ૧૬માં) પણ 'વૈદર્ભી' શબ્દથી તેના પિતાને કર્મનો સંબંધ ન હતો એમ કહેલું જ છે. આ પ્રસિદ્ધિરૂપ અર્થ અહિં વધારે કરેલ છે. એવો અર્થ છે. (લે)

(વિદ્યા અને અવિદ્યા) બનેલી છે' 'લક્ષ્મીએ પણ જાણે કે બીજું રૂપ જેને માયા કહે છે તે પસંદ કર્યું ' વાક્યો પ્રમાણે લક્ષ્મી માયાનું રૂપ હોવાથી, અને અવિદ્યા માયાનું કાર્ય હોવાથી, તે (માયાનાં કાર્ય) સહિત માયા ત્યાં પ્રકટ થઈ. તેથી જ તે (અવિદ્યા) જીવમાં જ પ્રસરતી હોવાથી, માયાને પણ જીવમાં આસક્તિવાળી કરવા રુક્મિએ વિચાર કરેલો. તેથી જ રુક્મિણીને રુક્મિ વિગેરે તરફ પક્ષપાત, અને ભગવાનનાં કાર્યથી અસંતોષ થએલ, કારણ કે સ્વરૂપનું અજ્ઞાન દૂર થાય ત્યાર પછી નિરોધ પ્રાપ્ત થશે. ભગવદીઓમાં તે (રુક્મિ)ની પ્રતિષ્ઠા ન રહે તે માટે (ભગવાને) તેને મુંડેલો.

તે ભીષ્મકને પાંચ પુત્રો અને એક કન્યા હતાં. લોકમાં સૌંદર્યની પ્રશંસા થાય છે, તેથી રુક્મિણીનાં સૌંદર્ય અને સાદાઈ જણાવતાં 'સુંદર મુખવાળી' એ વિશેષણ યોજેલું છે, અને દયા[4] સાદાઈમાં (સાદાઈથી) જણાવેલી છે. ૨૧.

નીચેના શ્લોકમાં તેઓને નામથી જણાવે છેઃ

**રુક્મ્યગ્રજો રુક્મરથો રુક્મબાહુરનન્તરઃ ।।**
**રુક્મકેશો રુક્મમાલી રુક્મિણ્યેષાં સ્વસા સતી ।।૨૨।।**

(૧) સર્વથી મોટો રુક્મિ (૨) રુક્મરથ (૩) રુક્મબાહુ (૪) પછી રુક્મકેશ અને (૫) રુક્મમાલી. એમની બેન સતી રુક્મિણી. ૨૨.

પાંચ પ્રકારનું સુવર્ણ કલિનું સ્થાન હોવાથી, બધાએ તે(સુવર્ણ)ના નામવાળા હતા. તેથી જ ભગવાન્ આગળ 'તેથી ઘણા ભાગે ધનવાનો મને ભજતા નથી' (ભાગ.પુરા.૧૦।૫૭।૧૪) એમ કહેશે. ૧.સર્વથી મોટો રુક્મી સુવર્ણ જેવો હતો. વાસ્તવિક રીતે નામને તે પ્રમાણે વ્યુત્પત્તિથી થતા અર્થની જરુર હોતી નથી. ૨.રુક્મરથ એ બીજો પુત્ર હતો. ૩.રુક્મબાહુ ત્રીજો હતો.

'પછી' શબ્દનો (અર્થ કરીએ છીએ). (પહેલાં નામ આપેલા) ત્રણ (પુત્રો) એક (પ્રકારના) સ્વભાવવાળા હતા, અને રુક્મિણી સહિત બીજા (ત્રણ) બીજા (પ્રકારના) સ્વભાવવાળા હતા, તેથી ત્રણનાં નામ આપ્યા પછી, 'પછી' એમ કહેલું છે. 'પછી' એ શબ્દનો સંબંધ બધે (લેવાનો) છે. (૪) રુક્મકેશ ચોથો (અને) (૫) રુક્મમાલી પાંચમો (પુત્ર) હતો. વ્યુત્પત્તિને અનુસરીને પણ આ (બધા નામો)નો અર્થ પોતાની મેળે લેવો (કરવો). 'એમની બેન' એક જ માતાથી ઉત્પન્ન થએલી અને પ્રિય બેન રુક્મિણી હતી. 'જેવા આ (ભાઈઓ) દુષ્ટ હતા, તેવી તે પણ હશે' એવી શંકા થાય, તેથી 'સતી' વિશેષણ યોજેલું છે. ૨૨.

---

૪. 'બેન દયાની મૂર્તિ છે' એ વાક્ય પ્રમાણે ભાઈ જણાવ્યા એટલે તેમની બેનનું દયાનું રૂપ કહેવાયું, એવો અર્થ છે. (લે) સાદાઈથી દયા જણાવી, એમ કહેલ હોવાથી આવો અર્થ કરવાની જરુર જણાતી નથી.

એ પ્રમાણે તેની ઉત્પત્તિનું વર્ણન કરી, ગાંધર્વવિવાહ કહેવા માટે ભગવાનના તેની અંદરના અને તેના ભગવાન્ વિષેના સ્નેહનું નિરૂપણ કરે છેઃ

**સોપશ્રુત્ય મુકુન્દસ્ય રૂપવીર્યગુણશ્રિયઃ ।।**
**ગૃહાગતૈર્ગીયમાનાસ્તં મેને સદૃશં પતિમ્ ।।૨૩।।**
**તાં બુદ્ધિલક્ષણૌદાર્યરૂપશીલગુણાન્વિતામ્ ।।**
**કૃષ્ણશ્ચ સદૃશીં ભાર્યાં સમુદ્વોઢું મનો દધે ।।૨૪।।**

ઘરે આવેલાઓથી ગવાતા મુકુંદનાં રૂપ, વીર્ય, ગુણ અને શોભાને સાંભળીને તેણે તેમને (પોતાને) યોગ્ય પતિ માન્યા. ૨૩.

અને બુદ્ધિ, લક્ષણ, ઉદારતા, રૂપ, અને શીલ એ ગુણોના સદાના સંબંધવાળી (પોતાને) યોગ્ય તે પત્નીને પરણવાનું શ્રીકૃષ્ણે મન કર્યું. ૨૪.

તે રુક્મિણી મુકુંદના એટલે ફરીથી જન્મ ન થાય તે માટે પોતાને પણ મોક્ષ આપનાર ભગવાનના ગુણો જ સાંભળતી હતી. કન્યાને રૂપની દરકાર હોય છે, ક્ષત્રિયોને વીર્યની દરકાર હોય છે. યશ[૧] વિદ્યાને ઠેકાણે છે. અને 'શ્રીઃ' લક્ષ્મી તથા શોભા કુલને ઠેકાણે[૧] છે. તેથી (શ્રીથી) ધનની સંપત્તિ અને સર્વની સંપત્તિ સૂચવેલી છે. એ પ્રમાણે વરને યોગ્ય પાંચ[૧] ગુણો પણ કહ્યા.

'અંતઃપુરમાં રહેનારી કન્યાએ આટલું ક્યાંથી સાંભળ્યું ?' એવી શંકા થાય, તેથી 'ઘરે આવેલાઓથી ગવાતા' વિશેષણ યોજેલું છે. જે કોઈ વિદ્યા ઉપર આજીવિકા ચલાવાનારા બ્રાહ્મણો, અથવા જે સર્વ સ્થલે જઈ શકે તેવા વૃદ્ધ સાધુઓ હતા, તેઓથી ગવાતા (મુકુંદના) રૂપ વિગેરે, સાંભળીને, તે જ ભગવાનને તેણે પોતાને યોગ્ય પતિ માન્યા. ૨૩.

ભગવાને પણ તેને પોતાને યોગ્ય પત્ની માની. પછી તેને પરણવાનું પણ મન કર્યું. તે (રુક્મિણી)માં પણ પાંચ ગુણો હતા. એક પણ (ગુણ) વિનાની પરણવા યોગ્ય નથી ૧.આરંભમાં પત્ની બુદ્ધિવાળી જોઈએ. તેમ ન હોય તો ઘરનો વિનાશ થાય. ૨.સ્ત્રીના લક્ષણ વિનાની સામુદ્રશાસ્ત્રના વિરોધવાળી તો ભાગ્ય વિનાની જ હોય. ૩.ઉદારતા ન હોય તો લોભણી બધાએ પુરુષાર્થનો નાશ કરે. ૪.રૂપ ન હોય તો વિવાહ કરવો વ્યર્થ થાય. ૫.શીલ[૨] ન હોય તો અધર્મ ઉત્પન્ન કરે. તેથી જે સ્ત્રીમાં લોકમાં પ્રસિદ્ધિ પામેલા આ પાંચે ગુણો હોય તે વિવાહ કરવા યોગ્ય છે. 'અન્વયઃ'

---

૧-૧-૧. 'યશ વિદ્યાને ઠેકાણે છે' એટલે યશથી વિદ્યા કહેલી છે, કારણ કે વિદ્યા હોય તેનો યશ પ્રસરે. તેવી જ રીતે 'શ્રીઃ' ગુણથી લક્ષ્મી અને શોભા કહેલા છે. એ પ્રમાણે રૂપ, વીર્ય, વિદ્યા, લક્ષ્મી અને શોભા એ પાંચ ગુણો થયા.

૨.શીલ એટલે પતિવ્રતાપણું.

એટલે સદાનો સંબંધ. 'કૃષ્ણશ્ચ' એમ 'ચ' 'અને' શબ્દ છે તે સરખાપણું દર્શાવવા યોજેલો છે. (અને) ભગવાન્ પણ તેવા (તેના જેવા) છે એમ જણાવે છે. તેથી જ તે (રુક્મિણી ભગવાનને) યોગ્ય હતી. 'સમ્યગુદ્વાહઃ' 'પરણવું' એટલે બોલાવીને કન્યાદાનરૂપ વિવાહ કરવો તે; કારણ કે તે શોભા કરનારો છે. ૨૪.

તેવું ન થયું એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**બન્ધૂનામિચ્છતાં દાતું કૃષ્ણાય ભગિનીં નૃપ ।।**
**તતો નિવાર્ય કૃષ્ણદ્વિડ્ રુક્મી ચૈદ્યમમન્યત ।।૨૫।।**

હે નૃપ! બંધુઓ ભગિનીને શ્રીકૃષ્ણને આપવા ઈચ્છતા હતા, ત્યારે શ્રીકૃષ્ણનો દ્વેષ કરનાર રુક્મીએ તેથી બંધ રખાવી શિશુપાલને યોગ્ય વર માન્યો. ૨૫.

બંધુઓ એટલે પિતા વિગેરે કુલના સંબંધીઓ (શ્રીકૃષ્ણને) આપવા ઈચ્છતા હતા, કારણ કે શ્રીકૃષ્ણ સદાનંદ છે; બીજા ગુણો ફલ પ્રાપ્ત કરાવનાર છે, પરંતુ આ (શ્રીકૃષ્ણ) પોતે જ ફલરૂપ છે. (તેમને બંધુઓ આપવા ઈચ્છતા હતા) ત્યારે તે પ્રસંગે રુક્મીએ વર તરીકે ભગવાનને બંધ રખાવી 'ચૈદ્યં' શિશુપાલને જ (વર તરીકે) માન્યો; કારણ કે સ્વરૂપાજ્ઞાને[1] પોતાનું કાર્ય પાર પાડવું જોઈએ. તે સંબંધમાં પહેલાં જન્મમાં સીતાને માટે જ રાવણ હણાએલો. તે(સીતા)ની અંદર આસક્ત થએલા ચિત્તવાળાએ જ તેણે પ્રાણ તજેલા. તેથી લોકના વિચાર પ્રમાણે તે (શિશુપાલ તરીકે અવતરેલા રાવણ)ને આપવી જોઈએ એમ થાય છે. (રુક્મિણી) બેન હોવાથી આ (રુક્મી)ની સત્તા (ચાલી). 'હે નૃપ !' એવું સંબોધન એ જણાવવા કરેલું છે કે 'રાજાની કન્યા રાજાને આપવી જોઈએ' એવો તે (રુક્મી)નો અભિપ્રાય તારા (પરિક્ષિતના) જાણવામાં છે જ. 'તેથી' એટલે તે કારણને લીધે, અથવા શ્રીકૃષ્ણથી (વિવાહ) બંધ રખાવ્યો, કારણ કે (તે) શ્રીકૃષ્ણનો દ્વેષ કરનાર હતો, કેમ કે તેના સ્વરૂપનો નાશ કરનારા ભગવાન્ તેનું હિત કરનારા ન થાય. તેથી (શ્રીકૃષ્ણના) શત્રુઓમાં તે મુખ્ય હોવાથી, તેણે શિશુપાલને જ વર તરીકે સ્વીકાર્યો. આથી એમ પણ સૂચવેલું છે કે બધાઓની તેમાં સંમતિ પણ થઈ, કારણ કે (શિશુપાલ) કુલવાન રાજા હતો, અને તે (રાજા) પણ મોટો હતો. ૨૫.

તે રુક્મિણીને ગમતું ન હતું, તેથી પોતાના દેહનો ભગવાન્ સાથે સંબંધ થાય, એમ કરવા તેણે ઈચ્છ્યું એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તદવેત્યાસિતાપાઙ્ગી વૈદર્ભી દુર્મના ભૃશમ્ ।।**
**વિચિન્ત્યાપ્તં દ્વિજં કઞ્ચિત્કૃષ્ણાય પ્રાહિણોદ્દ્રુતમ્ ।।૨૬।।**

---

૧. 'સ્વરૂપાજ્ઞાન' એટલે 'સ્વરૂપનું અજ્ઞાન.' અવિદ્યાના પાંચ અવયવો પૈકીનો પહેલો સર્વથી મુખ્ય અવયવ. તત્ત્વદીપ ૧।૩૬ જૂઓ.

તે જાણીને ઘણી દુઃખી થએલી શ્યામ કટાક્ષવાળી વૈદર્ભીએ વિચાર કરીને કોઈ વિશ્વાસપાત્ર બ્રાહ્મણને તરત શ્રીકૃષ્ણ પાસે મોકલ્યો. ૨૬.

આરંભમાં (રુક્મિ પોતાને શિશુપાલ સાથે પરણાવવાનો છે) તેનો નિશ્ચય કરીને ઘણી દુઃખી થઈ.

'ભવિષ્યમાં ભગવાનને પ્રાપ્ત કરાવે તેવાં કર્મો કરીને, (રુક્મિણી) ભગવાનને પ્રાપ્ત કરશે. તેથી એવી રીતે દુઃખી કેમ થાય ?' એવી શંકા થાય, તેથી 'વૈદર્ભી' શબ્દ યોજેલો છે, કારણ કે આ (વૈદર્ભની ભૂમિ)માં કર્મ ઉત્પન્ન થતાં નથી. વળી (તે) 'શ્યામ કટાક્ષવાળી' એટલે પરમ સુંદરી હતી, તેનો પરમ સુંદર (ભગવાન્) સાથે જ સંબંધ થાય, પરંતુ કદ્રૂપા જીવ સાથે (સંબંધ) ન થાય. તેથી આરંભમાં દુઃખી થઈ, પછી ઉપાયનો વિચાર કરતાં 'આ કાર્ય મિત્રથી જ કરવું જોઈએ' એવો વિચાર કરીને, 'સર્વના મિત્ર ગાય, બ્રાહ્મણ અને દેવ હોવાથી, તેઓમાં પણ ગાય જ્ઞાન વિનાની, અને સામાન્ય (બુદ્ધિની) હોવાથી ભગવાનનો ઘણો પક્ષપાત કરનારી નથી, તેથી આ કાર્યમાં બ્રાહ્મણ જ વિશ્વાસ મૂકવા યોગ્ય છે' એવો વિચાર કરીને, કોઈ છૂપું કાર્ય સિદ્ધ કરનાર વિશ્વાસપાત્ર બ્રાહ્મણને તેણે 'દ્રુતમ્' તરત જ શ્રીકૃષ્ણ પાસે મોકલ્યો, એટલે કે સંદેશો કહીને, અથવા પત્રિકા આપીને (મોકલ્યો). ૨૬.

દશ શ્લોકોથી બ્રાહ્મણનું બહારનું કાર્ય કહે છેઃ

**દ્વારકાં સ સમભ્યેત્ય પ્રતીહારૈઃ પ્રવેશિતઃ ।।**
**અપશ્યદાદ્યં પુરુષમાસીનં કાઞ્ચનાસને ।।૨૭।।**

દ્વારકા પહોંચીને દ્વારપાલોએ (અંદર) પ્રવેશ કરાવેલા તેણે સુવર્ણના આસન ઉપર વિરાજેલા મૂલ પુરુષનાં દર્શન કર્યાં. ૨૭.

તેણે નિર્ગુણ અને સગુણ કાર્ય કરેલ, તેથી તે તરત જ દ્વારકા આવ્યો, અને ભગવાને (તેના આવ્યા) પહેલાં જ સૂચના આપેલા દ્વારપાલોએ (મહેલની) અંદર શ્રીકૃષ્ણની સંનિધિમાં પ્રવેશ કરાવેલા, કાર્ય પાર પાડવા આવેલા તેણે વચ્ચે પોતાનો પુરુષાર્થ પણ સાધ્યો એમ '(મૂલ પુરુષનાં) દર્શન કર્યાં' શબ્દથી કહેલું છે.

'દર્શન પેટા-કાર્ય કેમ ન હોય ?' એવી શંકા થાય, તેથી 'મૂલ પુરુષનાં' શબ્દો યોજેલ છે. બધાઓને પતિનું દર્શન (થાય તે) પુરુષાર્થ છે. તેમાં પણ ભગવાન્ સર્વથી મોટા પતિ છે (અને) બધાએ પ્રકૃતિરૂપ છે, એમ પહેલાં જ અમે કહેલું છે.

'તેવાં (મૂલ પુરુષ) ભગવાન્ કાર્ય માટે પધારેલા હોવાથી કામમાં (પડેલા) હશે, તેથી બે કાર્ય[1] કેમ સિદ્ધ થાય ?' એવી શંકા થાય, તેથી 'સુવર્ણના આસન ઉપર

૧. (૧)બ્રાહ્મણનો પરમ પુરુષાર્થ સાધવાનું એટલે ભગવાનનાં અવકાશે દર્શન કરવાનું કાર્ય.

વિરાજેલા' વિશેષણ યોજેલું છે. (ભગવાન્) વિરાજતા હતા એટલે કામમાં (પડેલા) ન હતા; અને સુવર્ણના આસન ઉપર વિરાજેલા હતા, એટલે વિષયનો (તેમણે) અંગીકાર કરેલો હતો. તેથી બંને કાર્ય સિદ્ધ થશે. એવો ભાવ છે. ૨૭.

પછી (ભગવાને) તેનું સન્માન કર્યું એ નીચેના શ્લોકમાં કહે છેઃ

**દૃષ્ટ્વા બ્રહ્મણ્યદેવસ્ત પવરુહ્ય નિજાસનાત્ ।।**
**ઉપવેશ્યાર્હયાંચક્રે યથાત્માનં દિવૌકસઃ ।।૨૮।।**

બ્રાહ્મણોનું હિત કરનાર દેવે તેને જોઈ, પોતાના આસન ઉપરથી ઉતરી, જેમ દેવો પોતાની પૂજા કરે તેમ (તેને ત્યાં) બેસાડી (તેની) પૂજા કરી. ૨૮.

પ્રશ્ન પૂછ્યા પછી જો ભગવાન્ તેનું સન્માન કરે તો તેમાં સ્ત્રી નિમિત્ત થાય. દિવ્ય જ્ઞાનથી (આ રુક્મિણીનો સંદેશો લાવેલો છે તે જાણી) પૂજા કરવામાં આવે તો પણ (તે) બનાવટી દેખાવની હોવાનું સંભવે. તેથી તે દોષોને દૂર કરનાર બીજો ગુણ જ 'બ્રાહ્મણોનું હિત કરનાર દેવ[1]' શબ્દથી કહેલો છે. 'બ્રહ્મણ્યઃ' બ્રાહ્મણનું હિત કરનાર અને તે 'દેવઃ' સમર્થ હતા. તેથી (આસન ઉપરથી) ઉતરીને દેવની પેઠે બ્રાહ્મણની પૂજા કરી. 'પોતાના આસન ઉપરથી ઉતરી,' ત્યાં બ્રાહ્મણને 'બેસાડી પૂજા કરી' એમ તે(પૂજા)નો પ્રકાર કહેલો છે. (તે) પ્રકારને વધારે જાણવાની ઈચ્છા થાય તેથી, '' 'દિવૌકસઃ' દેવો જેમ ભગવાનની પૂજા કરે'' શબ્દોથી પોતાનો ધર્મ તે(બ્રાહ્મણ)ને લાગુ પાડે છે. ભગવાન્ ઘેર પધારે ત્યારે ઈન્દ્ર પોતાના આસન ઉપર ભગવાનને પધરાવી, પોતાની જેટલી સમૃદ્ધિ છે તેટલી બધીએથી (તેમની) પૂજા કરે છે. એવી રીતે ભગવાને પણ સર્વ સમૃદ્ધિથી (બ્રાહ્મણની) પૂજા કરી. ૨૮.

પછી તેના રાજ્ય (વિદર્ભ)માં ઘણા ભાગે ધર્મ નહિ હોવાથી, (ભગવાન્) પોતાના દર્શનનાં ફલરૂપ જ્ઞાનનો તેને ઉપદેશ કરે છે એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તં ભુક્તવન્તં વિશ્રાન્તમ્ ઉપગમ્ય સતાં ગતિઃ ।।**
**પાણિનાભિમૃશન્ પાદૌ અવ્યગ્રસ્તમ્ અપૃચ્છત ।।૨૯।।**

સત્પુરુષોના આશ્રયે ભોજન કરેલા અને વિશ્રામ લીધેલા તેની પાસે જઈને તેના ચરણોનો હસ્તથી સ્પર્શ કરતાં, ચિંતા વિનાનાએ તેને નીચે પ્રમાણે પૂછ્યું. ૨૯.

---

ભગવાન્ વિરાજેલા હોવાથી તે થયું. (૨) રુક્મિણીનો ભગવાન્ અંગીકાર કરે તેમ કરવાનું બીજું કાર્ય ભગવાને સુવર્ણનું આસન એટલે વિષયનો અંગીકાર કરેલ હોવાથી તે પણ સિદ્ધ થશે એમ સૂચવ્યું.

૧. ભગવાન્ બ્રાહ્મણનું હિત કરનાર હોવાથી, બ્રાહ્મણની તેમણે પૂજા કરી તેમાં સ્ત્રી (રુક્મિણી) નિમિત્ત નથી. ભગવાન્ 'દેવ' એટલે (સર્વ કરવા) સમર્થ હોવાથી તેમને દેખાવની પૂજા કરવાનું કારણ ન હતું.

ભોજન સુધીની બધી સરભરાઓ કરી, કારણ કે સર્વથી વધારે જેને ભોજન પ્રિય છે તેવો બ્રાહ્મણ છે. તેથી ભોજન અને થાક ઉતાર્યા પછી 'ઉપગમ્ય' સમીપ જઈને (ભગવાને તેને પૂછ્યું).

'સર્વ બ્રાહ્મણોને (ભગવાન્) એમ કેમ કરતા હશે ?' એવી શંકા થાય, તેથી 'સત્પુરુષોના આશ્રયે' શબ્દો યોજેલ છે. (ભગવાન્) લોકાને શિખામણ આપવા એમ કરે છે, એવો અર્થ છે. પછી હસ્તથી ચરણોનો સ્પર્શ કરતાં (તેને પૂછ્યું).

'(ભગવાનની) રુક્મિણીમાં આસક્તિ હતી. તેથી તે ચિંતાતુર થઈ પ્રશ્ન કરતા હશે' એવી શંકા થાય, તેથી 'ચિંતા વિનાનાએ તેને પૂછ્યું' એમ કહેલું છે. ૨૯.

નીચેના પાંચ શ્લોકોથી (ભગવાન્ તેને) જ્ઞાનનો ઉપદેશ કરે છેઃ

શ્રીભગવાન્ કહે છેઃ

**કચ્ચિદ્ધિજવરશ્રેષ્ઠ ધર્મસ્તે વૃદ્ધસંમતઃ ।।**
**વર્તતે નાતિકૃચ્છ્રેણ સંતુષ્ટમનસઃ સદા ।।૩૦।।**

હે ઉંચા બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ ! સદા સંતોષવાળા મનવાળા તમારો વૃદ્ધોએ માન્ય કરેલો ધર્મ ઘણા શ્રમ વિના ચાલે છે ને ? ૩૦.

(તે પૈકી) ચાર(શ્લોકો)થી તેના સંબંધી અને એક(શ્લોક)થી તેના રાજા સંબંધી (ઉપદેશ કરે છે). બ્રાહ્મણોને ચાર પુરુષાર્થ હોય છે. રાજાને અર્થ અને કામ સદા હોય છે જ, મોક્ષ નથી જ હોતો; ધર્મના સંબંધમાં સંદેહ રહે છે, તેથી તે(ધર્મ) જ (રાજાના સંબંધમાં) પૂછે છે.

આરંભમાં આ શ્લોકથી તે(બ્રાહ્મણ)ના ધર્મ સંબંધી પ્રશ્ન કરે છે. ઉંચા બ્રાહ્મણોમાં વેદ જાણનારાઓની મૈત્રી કરવામાં આવે છે, તેથી (તે) શ્રેષ્ઠ છે, તેથી (આ બ્રાહ્મણ) સર્વનો મિત્ર બનેલો હોવાથી એવું સંબોધન કરેલું છે. જો કે આ (તમારો) ધર્મ ચાલે છે જ, છતાં પણ વૃદ્ધોએ માન્ય કરેલો એટલે પરંપરાથી પ્રાપ્ત થએલો શ્રૌત અને સ્માર્ત ધર્મ ચાલે છે ને ? વળી, પોતાને અથવા બીજાને પીડા કરીને કરવામાં આવતો (ધર્મ) શુદ્ધ ધર્મ હોતો નથી, તેથી ઉત્તરકાંડના વિચારનો પણ સ્વીકાર કરીને 'ઘણા શ્રમ વિના' એમ કહેલું છે, કારણ કે ઘણા શ્રમથી (કરેલો ધર્મ) પણ ધર્મ હોતો નથી. તેમાં પણ શુદ્ધ મનથી જ ધર્મ થાય છે. સંતોષ જ બ્રાહ્મણોના મનની શુદ્ધિ છે, તેથી 'સદા સંતોષવાળા મનવાળા' શબ્દથી તે(સંતોષ) જ પૂછે છે. સદા સંતોષવાળું મન છે જેનું, તે (સદા સંતોષવાળા મનવાળો). ૩૦.

નીચેના શ્લોકમાં અર્થ સંબંધી પ્રશ્ન કરે છેઃ

**સંતુષ્ટો યર્હિ વર્તેત બ્રાહ્મણો યેનકેનચિત્ ।।**

**અહીયમાનઃ સ્વધર્માત્ સહ્યસ્યાખિલકામધુક્ ।।૩૧।।**

બ્રાહ્મણ જો જે કાંઈ મળી આવે તેનાથી સંતોષી રહે અને પોતાના ધર્મથી ચલે નહિ, તો તે જ આની સર્વ કામનાઓ આપે છે. ૩૧.

સંતોષ જ બ્રાહ્મણોનું ધન કામધેનુ છે, પરંતુ લોકમાં પ્રસિદ્ધ ધન (તેનું ધન) નથી. 'જે કાંઈ મળી આવે તેનાથી' એટલે કર્મને લીધે જીંદગી નભે તે માટે કાંઈક અવશ્ય પ્રાપ્ત થાય છે જ, (તેનાથી). વળી તેટલાથી જો સંતોષી રહે તો કર્મનું ફલ આપનાર પ્રસન્ન રહે છે તેથી, અને (તેટલાથી) સંતોષ ન રાખે તો પણ અધિક આપતા નથી અને પ્રસન્ન થતા નથી, તેથી તે (કર્મનું ફલ આપનાર)ની પ્રસન્નતા માટે 'પોતાના ધર્મથી ચલે નહિ' એટલે જો પોતાનો બધોએ ધર્મ આચરતો રહે, (તો આ સંતોષ જ આની સર્વ કામનાઓ આપે છે). આથી એમ સૂચવેલું છે કે આ સ્થિતિ દુર્લભ છે. તે સંતોષ જ આ (બ્રાહ્મણ)ની બધીએ કામનાઓ આપે છે. ૩૧.

નીચેના શ્લોકમાં કામ સંબંધી પ્રશ્ન કરે છેઃ

**અસંતુષ્ટો ऽસકૃત્ક્લેશાનાપ્નોત્યપિ સુરેશ્વરઃ ।।**
**અકિંચનોऽપિ સંતુષ્ટઃ શેતે સર્વાઙ્ગવિજ્વરઃ ।।૩૨।।**

સંતોષ વિનાનો દેવોનો પતિ હોય તો પણ વારંવાર દુઃખ પામે છે. ગરીબ હોય તો પણ સંતોષી થાય ત્યારે સર્વ અંગોમાં તાપ વિનાનો થઈ શયન કરે છે. ૩૨.

કામ બ્રાહ્મણોને દુઃખ આપનારો છે. તે(કામ) ન હોય તેવી કામના જ (તેમને) પુરુષાર્થરૂપ છે. 'સંતોષ વિનાનો વારંવાર દુઃખ જ પામે છે' શબ્દોથી એવી સ્થિતિ હોવાનું કારણ કહેલું છે.

'વિષયો (પ્રાપ્ત) ન થવાથી (સંતોષ વિનાનો દુઃખી થતો હશે)' એવી શંકા થાય, તેથી 'દેવોનો પતિ હોય તો પણ' શબ્દો યોજેલ છે; કારણ કે કામની પરમ કક્ષારૂપ ઘણું જ ઐશ્વર્ય ઈન્દ્રે પ્રાપ્ત કરેલું છે. તેવો (ઈન્દ્ર) પણ જો સંતોષ વિનાનો હોય, તો દુઃખ જ પામે છે. આ વિષયમાં અનુભવ, અને 'હે પ્રજાપતિ! આશાને લીધે જ તું દુઃખી થાય છે' એ શ્રુતિ પ્રમાણ છે. અન્વય[૧] અને વ્યતિરેકથી[૧] નિયમનો

૧-૧. 'અન્વય' એટલે હેતુ અને સાધ્યનો સદાનો સંબંધ. જ્યાં જ્યાં ધૂમાડો હોય છે, ત્યાં ત્યાં અગ્નિ હોય છે. આ વાક્યમાં ધૂમાડો હેતુ છે, અગ્નિ સાધ્ય (સિદ્ધ કરવાનો) છે. હેતુ હોય ત્યાં સાધ્ય હોય જ, એવી વ્યાપ્તિ અન્વયવ્યાપ્તિ કહેવાય છે. જ્યાં જ્યાં અગ્નિ નથી ત્યાં ત્યાં ધૂમાડો પણ નથી એ વ્યતિરેક વ્યાપ્તિ છે. જ્યાં એક નથી ત્યાં બીજું પણ નથી એ વ્યતિરેક. અહિં 'જ્યાં જ્યાં ધન છે ત્યાં ત્યાં સુખ છે' એમ વાદીને સિદ્ધ કરવાનું છે. આ અન્વયવ્યાપ્તિ શ્લોકના પૂર્વાર્ધમાં આપેલ સુરેશ્વરના દૃષ્ટાંતથી ખોટી ઠરાવે છે. જ્યાં ધન નથી ત્યાં સુખ નથી એવી વ્યતિરેકવ્યાપ્તિ ઉત્તરાર્ધમાં ખોટી પાડે છે.

ભંગ કહેતાં, ઉત્તરાર્ધથી વ્યતિરેકમાં અનુભવ જણાવે છે. કાંઈ પણ (ધન) ભલે ન હો. જો સંતોષી રહે તો ઘણો જ સુખી થાય છે.

'કેવી રીતે (એમ થાય) ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'શયન કરે છે' શબ્દથી તેનું (સંતોષી સુખી થવાનું) કારણ કહેલું છે, કારણ કે નિદ્રા સુખરૂપ છે. બંને વાદ કરનારાઓએ કબૂલ રાખેલો હેતુ[2] કહેવો જોઈએ. તે વિષયમાં સંતોષી શયન કરે છે અને સંતોષ વિનાનો રાજ્ય પ્રાપ્ત કરીને પણ (શયન કરતો) નથી. 'સર્વ અંગોમાં તાપ વિનાનો થઈ' વિશેષણથી (પહેલાં સંતોષ વિનાનો હતો ત્યારે) જાગરણ થવાનું પણ કારણ કહેલું છે. સર્વ અંગોમાંથી જતો રહેલો છે તાપ જેનો, તેવો (તે થાય છે). સંતોષ ન હોય ત્યારે ચિંતા થાય છે. ચિંતામાં બધા અંગોમાં તાપ પ્રસિદ્ધ છે. ૩૨.

આ(સંતોષ)થી જ બ્રાહ્મણોને કુદરતી મોક્ષ પ્રાપ્ત થાય છે, એમ નીચેના શ્લોકમાં કૈમુતિક[1] ન્યાયથી કહે છેઃ

**વિપ્રાન્ સ્વલાભસંતુષ્ટાન્સાધૂન્ભૂતસુહૃત્તમાન્ ।।**
**નિરહંકારિણઃ શાન્તાન્નમસ્યે શિરસાસકૃત્ ।।૩૩।।**

પોતાને મળી આવે તેથી સંતોષ માનનારા, સદાચારી, પ્રાણીઓના ઉત્તમ મિત્ર, અહંકાર વિનાના અને શાંત વિપ્રોને હું મસ્તકથી વારંવાર પ્રણામ કરું છું. ૩૩.

(૧) મોક્ષનો ખાસ ગુણ જ્ઞાનરૂપ આત્માની પ્રાપ્તિ છે. (૨) 'સાધૂન્' એટલે સદાચારી. (૩) 'પ્રાણીઓના ઉત્તમ મિત્ર' શબ્દથી બ્રાહ્મણોનો કુદરતી અંદરનો ધર્મ સર્વની મૈત્રી (કહેલો છે), અને (૪) અહંકાર ન હોવો એ વધારાનો (ગુણ કહેલો છે). (૫) શાંતિ બુદ્ધિની, એવા પાંચ ગુણોવાળા (વિપ્રો)ને હું મસ્તકથી પ્રણામ કરું છું; એટલે વ્યવહારમાં ગુરુ તરીકે માનું છું.

'કાંઈક વાંચીને (ભગવાન્) તેમ કરતા હશે' એવી શંકા 'વારંવાર' શબ્દથી દૂર થાય છે. (હું) સદા એ પ્રમાણે (કરું છું), એવો અર્થ છે. જ્યાં મોક્ષ આપનાર (ભગવાન્) એ પ્રમાણે માને છે ત્યારે તેઓને મોક્ષ મળવામાં શું સંદેહ (હોઈ શકે) ?* એવો અર્થ છે. અથવા (૬) ખાસ કરીને પૂરનારા (સંતોષ આપનારા), એમ (બ્રાહ્મણોના) છ ગુણો (તેઓ) ભગવાનની સમાન જણાય તે માટે કહેલા છે. (૧) ઐશ્વર્ય હોય ત્યાં સર્વ સ્થલે નિયમપૂર્વક ખાસ પૂરનાર હોવાપણું હોતું નથી (૨) વીર્ય હોય ત્યાં આત્માનો લાભ થતો નથી (૩) યશ હોય ત્યાં (બધા તરફ) સમાન

---

૨. જેનાથી પક્ષમાં સાધ્ય સિદ્ધ થાય તે 'હેતુ'. પક્ષ પર્વતમાં સાધ્ય અગ્નિ સિદ્ધ કરવાનો છે. તે સિદ્ધ કરનાર હેતુ 'ધૂમાડો' છે.

૧. આ ન્યાય નીચે શ્રીસુબોધિનીમાં * ચિહ્ન કર્યું છે ત્યાં સમજાવેલો છે. મોક્ષ આપનાર પણ જેમને ગુરુ માને છે, તેમને મોક્ષ મળે એમાં કહેવું જ શું ? *. ૧ નોટ જૂઓ.

દૃષ્ટિ હોતી નથી (૪) શ્રી હોય ત્યાં સર્વ પ્રકારે પ્રાણીઓની મૈત્રી હોતી નથી (૫) જ્ઞાન હોય ત્યાં કોઈ સમયે અહંકાર પણ હોય છે (અને) (૬) વૈરાગ્ય હોય ત્યાં કોઈ સમયે (મનનો અથવા બુદ્ધિનો) ગુંચવાડો પણ સંભવે છે. તેથી (બ્રાહ્મણોના) છએ(ગુણો) ઉત્તમ હોવાથી, અને ભગવત્પણું એની મેળે જ (તેમને) પ્રાપ્ત થએલું હોવાથી, (હું તેઓને) પ્રણામ કરું છું, એમાં કાંઈ અયોગ્ય નથી. ૩૩.

નીચેના શ્લોકમાં તે(બ્રાહ્મણ)નું રાજા તરફથી કુશલ પૂછે છેઃ

**કચ્ચિદ્વઃ કુશલં બ્રહ્મન્રાજતો યસ્ય હિ પ્રજાઃ ।।**
**સુખં વસન્તિ વિષયે પાલ્યમાનાઃ સ મે પ્રિયઃ ।।૩૪।।**

હે બ્રાહ્મણ ! રાજા તરફથી તો તમારું કુશલ છે ને ? કારણ કે જે (રાજા)ની રક્ષણ કરાતી પ્રજા દેશમાં સુખથી રહે છે તે મને પ્રિય છે. ૩૪.

'વઃ' તમારું રાજા તરફથી તો કુશલ છે ને ? (રાજા તરફથી) અપકાર થયો હોય તો પણ તમારી મેળે (તમે) શાંત રહો તેવા છો અથવા તિરસ્કાર કરે તો પણ (તેનો) નાશ કરો તેવા નથી, એમ જણાવવા 'હે બ્રાહ્મણ' (એવું સંબોધન કરેલું છે).

'જો રાજા (અમને) સુખ કરતા હોય તો તેને શું (ફલ) થાય ?' એવી શંકા થાય, તેથી તેવા રાજાને થતું ફલ કહે છે. જે (રાજા)ની પ્રજા તેનાથી રક્ષણ કરાતી સુખથી રહે છે, તે મને પ્રિય છે. આ(મને પ્રિય થવા)થી તેનું બધુંએ હિત તે પ્રાપ્ત કરે છે, એમ કહેવાયું. ૩૪.

એ પ્રમાણે કુશલ પૂછીને, ચાલુ પ્રસંગમાં તારું કહેલું કરીશ એવા અભિપ્રાયથી નીચેના શ્લોકમાં તેનું સાંત્વન કરે છેઃ

**યતસ્ત્વમાગતો દુર્ગં નિસ્તીર્યેહ યદિચ્છયા ।।**
**સર્વં નો બ્રૂહ્યગુહ્યં ચેત્કિં કાર્યં કરવામ તે ।।૩૫।।**

જે કારણથી જેમની ઈચ્છાથી તમે દુર્ગ ઓળંગીને અહિં આવ્યા તે સર્વ જો ખાનગી ન હોય તો મને કહો. શું કામ છે ? તમારું (કામ) કરીશ. ૩૫.

બધોએ દુર્ગ ઓળંગીને જે કારણથી તમે આવ્યા તે જો ખાનગી ન હોય તો બધું મને કહો. કાંઈક કાર્ય પાર પાડવાનું છે એમ જો હોય, તો તે કયું કાર્ય ? એવો પ્રશ્ન છે.

'બધાએ જગતને મોક્ષ આપવો છે' એમ જો (બ્રાહ્મણ) કહે, તો તે સંબંધમાં 'તમારું કામ કરીશ' એમ કહે છે. તમારું બધું કાર્ય હું કરીશ, બીજાનું નહિ (કરું), એવો (અર્થ છે). ૩૫.

એ પ્રમાણે પૂછેલો બ્રાહ્મણ પોતાનો અભિપ્રાય જણાવે છેઃ

**એવં સંપૃષ્ટસંપ્રશ્નો બ્રાહ્મણઃ પરમેષ્ઠિના ।।**
**લીલાગૃહીતદેહેન તસ્મૈ સર્વમવર્ણયત્ ।।૩૬।।**

લીલા વડે જેમણે દેહ ધારણ કરેલો છે તેવા પરમેશ્વરે એ પ્રમાણે સારી રીતે પ્રશ્ન પૂછેલા બ્રાહ્મણે તેમની પાસે સર્વ વર્ણન કર્યું. ૩૬.

એ પ્રમાણે સારી રીતે પૂછેલા છે પ્રશ્નો જેને તેવા (બ્રાહ્મણે વર્ણન કર્યું). તે 'બ્રાહ્મણ' એટલે કપટ વિનાનો હતો, અને પરમેશ્વરે એટલે બ્રહ્માના પણ પિતાએ (પ્રશ્નો પૂછેલા). 'તેવા (પરમેશ્વર) અહિં કેમ પધારેલા ?' એવી શંકા થાય, તેથી 'લીલા વડે જેમણે દેહ ધારણ કરેલો છે' વિશેષણ યોજેલું છે. લીલા વડે 'ગૃહીતઃ' દેખાડેલો છે દેહનો આકાર જેમણે, તેવા (પરમેશ્વર છે). તેથી જેમણે તત્ત્વ જાણેલું છે તેવા જ તે (પરમેશ્વર) પાસે 'બંધુઓ શ્રીકૃષ્ણને આપવા ઈચ્છતા હતા ત્યારે' (પાછળ શ્લોક ૨૫)થી આરંભી બધાએ વૃત્તાંતનું તેણે વર્ણન કર્યું. ૩૬.

બાકીનું બધું કહીને, નીચેના શ્લોકથી આરંભી સાત શ્લોકોથી રુક્મિણીના વાક્યો પોતે (મોઢેથી) અથવા પત્રિકામાંથી જણાવે છેઃ

રુક્મિણી કહે છેઃ

**શ્રુત્વા ગુણાન્ ભુવનસુન્દર શ્રૃણ્વતાં તે નિર્વિશ્ય કર્ણવિવરૈર્હરતોઽઙ્ગતાપમ્ ।।**
**રૂપં દશાં દશિમતામ્ અખિલાર્થલાભં ત્વય્યચ્યુતાવિશતિ ચિત્તમ્ અપત્રપં મે ।।૩૭।।**

હે ભુવનોમાં સુંદર ! શ્રવણ કરનારાઓના કાનનાં છિદ્રોથી પ્રવેશ કરી અંગનો તાપ હરનારા આપના ગુણોનું (અને) ચક્ષુવાળાઓનાં ચક્ષુઓને સર્વ પુરુષાર્થોનો લાભ કરાવનાર (આપના) રૂપનું શ્રવણ કરીને, હે અચ્યુત ! મારું ચિત્ત લાજ વિનાનું થઈ આપમાં ચોંટેલું છે. ૩૭.

ભગવાન્ અને (તેમના) છ ગુણો. જો આ (સાત)ની પ્રાર્થના કરવામાં આવે તો સંદેહ વિના કાર્ય સિદ્ધ થાય, તેથી સાત (શ્લોકો)થી વિજ્ઞપ્તિ કરે છે.

આરંભમાં આ શ્લોકથી ધર્મી ભગવાનની વિજ્ઞપ્તિ કરે છે. 'આપમાં ચિત્ત ચોંટેલું છે' એમ મનની લાગણી જણાવે છે. (મારો) આત્મા તો આપનો જ છે. જો ઈન્દ્રિયો અથવા અંતઃકરણ અથવા શરીર બીજામાં આસક્ત થાય તો સર્વનો નાશ જ થાય એવો નિશ્ચય કરીને, ઈન્દ્રિયો આપમાં રચીપચી રહેલી હોવાથી મન પણ આપમાં રચીપચી રહેલું થયું તેથી, શરીર પણ આપને અધીન કરવું એવા આશયથી (આ) મારો ઉદ્યોગ છે, એવો સિદ્ધાંત જણાવનારો અર્થ છે. અનુક્રમે ગુણો વર્ણવવામાં આવે છે, અને આ ભગવાનનું ઐશ્વર્ય છે એમ સૂચવેલું છે. ગુણો મારફત અથવા પોતાથી પણ ચિત્ત વશ કરવું એ ઐશ્વર્ય કરતાં પણ મોટું ઐશ્વર્ય છે.

ભગવાનનાં કાંતિ ગુણ અને સ્વરૂપના માહાત્મ્યનું વર્ણન કરવામાં આવે છે. 'હે ભુવનોમાં સુંદર !' ભુવનોમાં (આપ) એક જ સુંદર છો. આ(સંબોધન)થી (એમ) કહેલું છે કે (ભગવાનમાં) કાંતિ ઘણી હોવાથી સ્ત્રીઓનાં ચિત્તની વૃત્તિ પોતાની મેળે (ભગવાનમાં) થાય છે. આપના ગુણો શ્રવણ કરનારાઓના કાનના છિદ્રોથી (દેહની) અંદર પ્રવેશ કરી (તેઓના) અંગનો તાપ હરનારા છે, અને (આપનું) રૂપ ચક્ષુ-વાળાઓને સર્વ પુરુષાર્થનો લાભ થાય છે જેમાંથી તેવું છે, તેથી મારું ચિત્ત આપમાં ચોંટેલું છે. આંખ અને કાન (એ) બહારની બે જ ઇન્દ્રિયો અંદરની ઇન્દ્રિય (ચિત્ત)ને વશ રાખનાર છે. 'આંખવાળા કાનવાળા' એ શ્રુતિમાં પણ એમ જ કહેલું છે. (તે) બંને ઇન્દ્રિયો ઉપર આપના ગુણો અને આપનું રૂપ ઉપકાર કરે છે. તે પૈકી એક (કાન) અંદરનો તાપ મટાડે છે, અને બીજી (આંખ) બહારથી સર્વ પુરુષાર્થો આપે છે. માત્ર શ્રવણ જ કરવામાં આવે તો પણ, પ્રયત્ન વિના પણ આપના ગુણો પોતાની મેળે જ (દેહની) અંદર પ્રવેશ કરે છે. તેઓને પ્રવેશ કરવામાં પણ અડચણ થતી નથી એમ 'કાનના છિદ્રોથી' શબ્દથી કહેલું છે. ખુલ્લાં કાનનાં છિદ્રોની જરુર છે. તેમ (કાનના છિદ્રો ખુલ્લાં) ન હોય, તો તેઓ પ્રવેશ કરતા નથી, તેથી આટલું (ખુલ્લા કાન રાખવાનું) જ પુરુષનું કર્તવ્ય જણાવેલું છે. તેથી પાતાલના પોલાણ જેવા પ્રસિદ્ધ કાનના છિદ્રોથી (દેહની) અંદર પ્રવેશ કરી, આપના ગુણો અંગોના તાપને હરે છે. અથવા (ભગવાન્) આત્મા હોવાથી 'હે અંગ !' એવું સંબોધન કરેલું છે.

જેઓ 'દશિમન્તઃ' ચક્ષુઓવાળા છે, જેઓ ચક્ષુઓનું કાર્ય કરે છે, એટલે જેઓ રૂપના ભેદને જાણે છે એવી પહેલી કક્ષા છે (અને) જેઓને દર્શન કરવા યોગ્ય પદાર્થના ગુણોનું જ્ઞાન છે એવી છેલ્લી કક્ષા છે. તેઓના 'દશાં' ચક્ષુઓના સર્વ પુરુષાર્થોનો લાભ છે જેમાંથી, તેવું આપનું રૂપ છે. (૧) ચક્ષુની સૂર્યની (સૂર્યના જેવી) સ્થિતિ થાય તે મોક્ષ (૨) રૂપનું પાન કરે તે કામ (૩) રૂપ ગ્રહણ કરે (દર્શન કરે) તે અર્થ. (૪) તે (રૂપ)માં સ્નાન કરે તે ધર્મ. એવા ચાર પ્રકારના પુરુષાર્થો ચક્ષુઓને પ્રાપ્ત થાય છે. આ (પુરુષાર્થોના) ફલ ફલવાળાઓને મળે છે તેનો પણ વિચાર કરી લેવો તેમાં પણ પુરુષાર્થો પ્રાપ્ત કરવા પડતા નથી, પરંતુ ખજાનાની પેઠે અણધાર્યા પ્રાપ્ત થાય છે. જેથી આપના ધર્મો ઇન્દ્રિયો ઉપર એ પ્રમાણે ઉપકાર કરે છે, તેથી ચિત્ત પણ 'મને પણ તેવા (લાભ) થશે' એવા વિચારથી આપમાં ચોંટે છે. ચિત્તને રોકનાર બે છે (૧) લોક અને (૨) વેદ. તે પૈકી લોકનું ઉલ્લંઘન કરીને તે પ્રવૃત્તિ કરે છે એમ 'અપગતા' જતી રહી છે 'ત્રપા' લાજ જેમાંથી તેવું, 'લાજ વિનાનું' એ વિશેષણથી કહેલું છે. કારણ કે લોકમાં વશ રાખનારી લાજ છે. ૩૭.

નીચેના શ્લોકમાં વેદથી થતો દોષ રહેતો નથી, એમ કહે છેઃ

**કા ત્વા મુકુન્દ! મહતી કુલશીલરૂપવિદ્યાવયોદ્રવિણધામભિરાત્મતુલ્યમ્ ।।**
**ધીરા પતિં કુલવતી ન વૃણીત કન્યા કાલે નૃસિંહ! નરલોકમનોભિરામમ્ ।।૩૮।।**

હે મુકુંદ ! કઈ ઉત્તમ ધીર કુલવાન કન્યા કુલ, શીલ, રૂપ, વિદ્યા, વય, ધન, ઘરમાં પોતાની સમાન, (અને) નરલોકમાં મનને આનંદ આપનાર આપને હે નૃસિંહ! યોગ્ય સમયે પતિ તરીકે પસંદ ન કરે ? ૩૮.

વેદ પણ લોકને અનુસરનારો છે એમ જણાય છે. તેથી લોકમાં જે વિરુદ્ધ નથી, વ્યવહારમાં જેની જરાએ નિંદા થતી નથી, તે વેદમાં પણ વિરુદ્ધ નથી એમ (જણાય છે). આવું કાર્ય પણ મેં (લક્ષ્મીએ) જ કરેલ હોય, તો (તે વેદથી) વિરુદ્ધ થાય, પરંતુ બધાએ એમ કરે છે, એટલે આ વિષય વ્યતિરેકથી[1] સિદ્ધ કરે છે.

કઈ કન્યા આપને પસંદ ન કરે? જો કે મોક્ષને બધાએ ઈચ્છે છે, છતાં પણ સ્ત્રીની જાત ઘણી દુષ્ટ હોવાથી, તેનાથી છૂટાય તે માટે સ્ત્રી તેને ઘણો જ ઈચ્છે છે.

'લોકમાં મોક્ષ (પ્રાપ્ત કરવા)નું સાધન છે' એવી શંકા થાય, તેથી 'ઉત્તમ' વિશેષણ યોજેલું છે. જેણે ઉત્તમપણું પ્રાપ્ત કરેલું છે તેવી (સ્ત્રી), બહુ જ બાંધેલી (સ્ત્રી)ની પેઠે (ઘર, સગાં વિગેરે) સર્વનો ત્યાગ કરી શકતી નથી (એટલે મોક્ષના સાધન કરી શકતી નથી). તેથી જો તેના ઘરમાં જ મોક્ષ આપનાર હોય, તો જ (તેને) મોક્ષ પ્રાપ્ત થાય.

વળી 'કુલ, શીલ, રૂપ, વિદ્યા, વય, ધન ઘરમાં પોતાની સમાન' શબ્દથી એમ કહેલું છે કે ધર્મ, અર્થ અને કામને માટે પણ આપનું જ ભજન કરવું જોઈએ, કારણ કે આ સાત ગુણો જે બેમાં સરખા હોય તેમનો જ વિવાહ અને વિવાદ થઈ શકે. (૧) કુલ સરખું જોઈએ. આપણે બંને સોમવંશના હોવાથી તે આપણું સરખું છે. (૨) રૂપ પણ સરખું જોઈએ. આપે મારા માટે જ દેહ ધારણ કરેલો હોવાથી, આપનું રૂપ મારા (રૂપ) જેવું જ હોવું જોઈએ. હું પણ આપના માટે જ દેહ ધારણ કરું છું તેથી મારું રૂપ પણ આપના રૂપની સમાન છે. (૩) આપણા બંનેનું વય પણ યોગ્ય જ છે. (૪) 'ઘર' શબ્દથી અહિં પિતાનું ઘર કહેલું છે. આપ પ્રસિદ્ધ પુરુષના પુત્ર અને હું પ્રસિદ્ધ પુરુષની કન્યા હોવાથી ઘર સમાન થતાં ચાર નિર્વિવાદ રીતે સમાન થયાં. (૫) લોકની દૃષ્ટિથી ધન પણ (આપણા બેનું) સરખું છે. (૬) વિદ્યા માતા (લક્ષ્મી)

---

૧. 'બધીએ આવા પતિને પસંદ કરે છે' એમ સિદ્ધ કરવાનું છે. કોણે કોણે એ પ્રમાણે પસંદ કરેલ એમ સિદ્ધ ન કરતાં, 'ન પસંદ કરનારી કોઈ નથી' એમ સિદ્ધ કરવું, એ વ્યતિરેકથી સિદ્ધ કર્યું ગણાય.

હોવાથી તથા ચિદ્રૂપ[૨] હોવાથી, વિદ્યામાં પણ (આપણ બેમાં) સમાનપણું છે. (૭) (મને) ભગવાનમાં ઘણી શ્રદ્ધા છે તેથી, 'જેની જેનામાં શ્રદ્ધા છે તે તે જ છે' (ભગવદ્‌ગીતા ૧૭।૩) વચન પ્રમાણે (આપણ બેની) એકતા હોવાને લીધે અથવા (હું આપને) અનુસરતી હોવાને લીધે (આપણ બેનું) શીલ પણ સરખું છે. અથવા 'શીલ' એટલે શાંત, ઉગ્ર વિગેરે સ્વભાવ, અથવા આચાર. અહિં આ બંને બહારના તથા અંદરના લેવા.

'ભગવાન્ શાંત છે, અને વિલંબથી કાર્ય કરે છે, જ્યારે માયા તો ઉતાવળી છે, એવા ઉલટા ગુણ હોવાથી (બેનાં શીલમાં) સમાનપણું કેવી રીતે હોઈ શકે ?' એવી શંકા થાય, તેથી 'ધીર' વિશેષણ યોજેલું છે; એટલે ભગવાનનાં કાર્યને અનુસરીને મારે પણ ધૈર્ય ધારણ કરવાનું છે.

'ભગવાનના ભજનમાં (તેમની) સમાન ગુણોની જરુર નથી, પરંતુ ભગવાનનું ઉત્તમપણું જાણીને જ (ભક્ત ભજન કરવા) પ્રવૃત્ત થાય છે. તેથી એવી રીતે સમાનપણું કેમ કહેવામાં આવે છે ?' એવી શંકા થાય, તેથી 'પતિ તરીકે' શબ્દ યોજેલ છે. પતિ તરીકે સ્વીકારવાના હોય ત્યારે સમાનપણું કહેવું જોઈએ. તેમ ન કહે તો દાસી થાય.

'ભલે (દાસી થાય તેમાં) શું દોષ ?' એવી શંકા થાય, તેથી 'કુલવાન' વિશેષણ યોજેલું છે. તેમ (દાસી) થાય તો કુલમાં રહેલાઓ (પિતા, ભાઈ વિગેરે)ને ખેદ થાય એવો ભાવ છે. વળી (હું) કન્યા (છું). કન્યાએ અવશ્ય પતિ તરીકે કોઈને પસંદ કરવો જોઈએ. (કન્યા) પસંદ ન કરે તો (પતિ) પોતે (તેને) પરણે નહિ, અથવા મુખ્ય (પુરુષ)ના ઉપભોગમાં આવે તે માટે બીજાને સોંપી દે.

વળી યોગ્યતા હોય ત્યારે તેનો (વર પસંદ કરવાનો) ત્યાગ કરવાનું કાંઈ કારણ નથી એમ 'યોગ્ય સમયે હે નૃસિંહ !' શબ્દોથી કહેલું છે. અવસરે તે (વરની પસંદગી કરવા)નો ત્યાગ કરી, બીજાથી ઉચ્છિષ્ટ થઈ, પછી ભગવાનને (પ્રાપ્ત કરવા) માટે પ્રયત્ન કરવામાં આવે તે મૂર્ખાઈ થાય. (શ્રીકૃષ્ણમાં) અયોગ્યતા અથવા અશક્તિ નથી એમ 'હે નૃસિંહ' સંબોધનથી કહેલું છે, કારણ કે (આપ) 'નર' હોવાથી (મારા પતિ તરીકે) યોગ્ય છો, (અને) 'સિંહ' હોવાથી શક્તિવાળા છો. વળી નરલોકમાં મનને આનંદ આપનાર આ (શ્રીકૃષ્ણ) જ છે, તેથી (વર) પસંદ કરવામાં આનંદ આપનાર જ પસંદ કરવા યોગ્ય હોવાથી, યોગ્યતા વિગેરેના વિચાર વિના પણ આપ જ પસંદ કરવા યોગ્ય છો, એવો અર્થ છે. ૩૮.

૨. વિદ્યા માતા એટલે લક્ષ્મીરૂપ છે, અને ચિદ્રૂપ એટલે ભગવદ્રૂપ પણ છે. તેથી આપણ બંને તેમાં સમાન છીએ એવો ભાવ જણાય છે.

એ પ્રમાણે યોગ્યતાનું નિરૂપણ કરી, નીચેના શ્લોકમાં વિજ્ઞપ્તિ કરે છેઃ

**તન્ મે ભવાન્ ખલુ વૃતઃ પતિરંગ જાયામ્ આત્માર્પિતશ્ચ ભવતોઽત્ર વિભો વિધેહિ ।।**
**મા વીરભાગમ્ અભિમર્શતુ ચૈદ્ય આરાદ્ ગોમાયુવન્ મૃગપતેર્બલિમ્ અમ્બુજાક્ષ।૩૯।**

તેથી હે વહાલા ! આપને મેં ખરેખર પતિ પસંદ કરેલા છે, અને (મારો) આત્મા સમર્પણ કરેલો છે. હે પ્રભુ ! (મને) આપની પત્ની બનાવો. હે કમલનયન ! સિંહના બલિનો જેમ શિયાળ દૂરથી પણ સ્પર્શ ન કરે તેમ, (આપ) વીરના ભાગનો શિશુપાલ દૂરથી પણ સ્પર્શ ન કરો. ૩૯.

અહિં પણ ઘરમાં સદા હું કહું છું કે 'શ્રીકૃષ્ણ જ મારા પતિ છે, બીજો (કોઈ) નહિ'. બધાએ આ જાણે છે, છતાં પણ બલપૂર્વક (મને શિશુપાલને આપવાની) પ્રવૃત્તિ કરે છે, એવો 'ખરેખર' શબ્દનો અર્થ છે. વળી પહેલાં પણ જ્યારે અમૃત માટે (સમુદ્રનું) મંથન થયું અને લક્ષ્મીનો સ્વયંવર થયો, ત્યારે મેં આપને જ (પતિ તરીકે) પસંદ કરેલા, તે જ (લક્ષ્મી) હું છું, એવો ભાવ છે. બીજું કોઈ (પ્રકારનું) બંધન રાખવાનું નથી, એમ 'પતિ' શબ્દથી કહે છે.

એ પ્રમાણે પોતે કરેલ (કાર્ય) જણાવી, 'પત્ની બનાવો' એમ ભગવાનની પ્રાર્થના કરે છે. 'હે વહાલા !' એવું સ્નેહથી સંબોધન કરેલું છે, તેમ (સ્નેહ) ન હોય તો (પત્ની બનાવો એવી પ્રાર્થનાની) ઉદ્ધતાઈ અયોગ્ય થાય; અથવા 'અંગની પત્ની બનાવો' (એવી પ્રાર્થના છે). જો તેમ ન હોય તો ભગવાન્ સર્વના પતિ હોવાથી બીજા પ્રકારે સ્ત્રીપણું પ્રાપ્ત થાય. (આવી પ્રાર્થનાનો અર્થ એવો છે કે) 'પત્ની' શબ્દથી જેટલો અર્થ (કાર્ય) પ્રાપ્ત થાય છે તે સર્વ કરવો.

'ભગવાન્ ભગવચ્છાસ્ત્રથી વિરુદ્ધ અર્થ સ્વીકારતા નથી, તેથી તે તને કેમ પરણશે ?' એવી શંકા થાય, તેથી 'અને આત્મા સમર્પણ કરેલો છે'. શબ્દો યોજેલા છે. 'આત્મા' મારો દેહ આપને સમર્પણ કરેલો છે, તેથી આપની ઈચ્છા પ્રમાણે તેનો ઉપભોગ કરવામાં આવે તેમાં કાંઈ પણ ચિંતા નથી. 'ચ' 'અને' શબ્દથી (એમ કહેલું છે કે) મારા સંબંધવાળું બધુંએ (આપને) સમર્પણ કરેલું હોવાથી, સર્વ સ્થલે આપ ઈચ્છા પ્રમાણે કાર્ય કરી શકો છો. તેથી એમ કહેવાયું કે તેમની (બલપૂર્વક મને બીજે પરણાવવાની પ્રવૃત્તિ કરનારની) જરુર નથી તેમજ તેમનાથી અટકાવ થશે નહિ. (આ) આપનો જ આત્મા છે, તેથી આપને સમર્પણ કર્યો તેમાં કાંઈ અલૌકિક નથી.

ભગવાન્ પ્રાર્થનાનો અંગીકાર કરે, ત્યારે તરત પધારે તે માટે ઉત્તરાર્ધથી થનાર ભય જણાવે છે. હું વીરનો જ ભાગ છું. કારણ કે શૌર્યથી જ લક્ષ્મી પ્રાપ્ત થાય છે. તે (શૂરવીર) આપે ત્યારે જ બીજાને મળે છે. તેથી જ જે શૂર હોય છે તે જ રાજ્ય

ભોગવે છે. તે પ્રમાણે હોવાથી, શિશુપાલ શૂરવીર નહિ હોવાથી ભોગ કરી શકે નહિ, છતાં પણ કાગડાની પેઠે સ્પર્શ કરે ત્યારે પછી મોટા(ભગવાન્) પણ ભોગ ન કરે એટલે મારો જન્મ વ્યર્થ થાય. આથી એવો ભાવ જણાવ્યો કે મોટી આપત્તિ આવી પડી છે, તેથી મારા વચનમાં કાંઈ પણ દૂષણ માનવું નહિ. (અને તરત પધારવું).

'આરાદ્' 'દૂરથી' પણ, એટલે અભિમાનથી પણ (સ્પર્શ ન કરો). (મારું શિશુપાલને) દાન કર્યા પછી (આપ વડે) હરણ કરવામાં આવે તો (તેને) અભિમાન પણ થાય. વાણીથી કરેલું દાન તો 'વાણીથી અસત્ય બોલે છે' શ્રુતિ પ્રમાણે ખોટું જ છે. તેમ ન હોય તો પુણ્ય અને પાપની વ્યવસ્થામાં વાણી અને મનનું અસત્યપણું ન હોય. આ માટે જ 'વાણી અને મન અસત્ય છે' એમ શ્રુતિએ કહેલું છે.

'શિશુપાલ જાણે છે કે તું(રુક્મિણી) મારી(શ્રીકૃષ્ણની) છે, અથવા તારે તેને તેમ કહેવું. પછી તે (તારો) સ્પર્શ શા માટે કરશે ?' એવી શંકા થાય, તેથી 'શિયાળની પેઠે' (જેમ શિયાળ) શબ્દ યોજેલ છે. આપ નહિ પધારો તો દૈવે મુકરર કરેલો પોતાનો ભાગ માનીને તે મરેલીનો અથવા મરેલા જેવીનો (મારો) સ્પર્શ કરશે, એવો ભાવ છે.

'ભલે એમ થાય. તેમાં શું દોષ છે ?' એવી શંકા થાય, તેથી 'સિંહના' શબ્દ યોજેલ છે. જો કે (હું) મરણ (પામું) તેમાં કાંઈ પણ અયોગ્યતા નથી, છતાં પણ ત્યાર પછી (તે) સ્પર્શ કરે તેમાં ઘણી અયોગ્યતા છે, કારણ કે શિયાળ સિંહને તેના ભક્તોએ નિવેદન કરેલ (પદાર્થ)નું ભક્ષણ કરવા યોગ્ય નથી. 'હે કમલનયન !' સંબોધનથી (ભગવાન્) દૃષ્ટિ વડે જ દુઃખનો નાશ કરનારા છે એમ કહેલું છે. તેથી (દુઃખનો નાશ કરવાની) પ્રાર્થના (કરવી) પણ અયોગ્ય છે એવો ભાવ છે. ૩૯.

એ પ્રમાણે જાણેલી સામગ્રીથી ભગવાનની પ્રાર્થના કરી, નીચેના શ્લોકમાં પોતાના બધાએ ધર્મથી શપથ (સોગન) પણ આપતાં (ભગવાનની) પ્રાર્થના કરે છેઃ

**પૂર્તેષ્ટદત્તનિયમવ્રતદેવવિપ્રગુર્વર્ચનાદિભિરલં ભગવાન્ પરેશઃ ।।**
**આરાધિતો યદિ ગદાગ્રજ એત્ય પાણિં ગૃહ્ણાતુ મે ન દમઘોષસૃતાદયોઽન્યે ।।૪૦।।**

પૂર્ત, ઈષ્ટ, દત્ત, નિયમ, વ્રત તથા દેવ વિપ્ર અને ગુરુઓની પૂજા વિગેરેથી જો મેં ભગવાન્ પરમેશ્વરને સંપૂર્ણ રીતે પ્રસન્ન કર્યા હોય તો ગદના મોટા ભાઈ પધારીને મારો હાથ ગ્રહણ કરો, શિશુપાલ વિગેરે બીજા (તેમ) ન કરો. ૪૦.

બાલક અવસ્થામાં (કૂવા, વાવ વિગેરે) ખોદાવવાનું કરી શક્યા તેથી, 'ઈષ્ટ'ના પહેલાં 'પૂર્ત' (કૂવા વિગેરે ખોદાવવાનું) કહેલું છે. (૧) 'પૂર્ત' એટલે (કૂવા વિગેરે) ખોદાવવું વિગેરે. (૨) ઈષ્ટ એટલે યજ્ઞ વિગેરે (૩) 'દત્ત' એટલે પુરુષનો તોલ (સુવર્ણ વિગેરેથી) કરી તેનું દાન વિગેરે (૪) 'નિયમ' એટલે (અમુક પદાર્થોને)

તજવા રૂપ (કાર્ય) (૫) 'વ્રત' એટલે (અમુક કાર્ય) આચરવારૂપ. (૬) દેવોની (૭) વિપ્રોની અને (૮) ગુરુઓની પૂજા. એ પ્રમાણે આઠ પ્રકારનાં (કર્મ) લક્ષમાં રાખી, (કર્મ, જ્ઞાન અને ઉપાસના) ત્રણે કાંડોનો સંગ્રહ કરી. 'વિગેરે' શબ્દથી સ્મૃતિમાં કહેલા અને પુરાણોમાં કહેલા ધર્મોનો સંગ્રહ કરે છે. એવા બધાએ ધર્મોથી જો મેં ભગવાનને જ પ્રસન્ન કર્યા હોય, પરંતુ કાંઈ પણ (ધર્મ)નો કામના માટે ઉપયોગ કરેલો ન હોય, તો ભગવાન્ પોતે પધારીને (મારો) હાથ ગ્રહણ કરો. (મેં) માત્ર ભગવાનને જ પ્રસન્ન કરેલા હોવાથી, શિશુપાલ વિગેરે (મારો) સ્પર્શ કરવાને પણ યોગ્ય નથી.

'ગદના મોટાભાઈ' શબ્દથી ભગવાનને વિષય પ્રિય છે એમ કહેલું છે. ભગવાન્ ભૂતલ ઉપર પધાર્યા અને કંસને હણ્યો ત્યાર પછી ગદ ઉત્પન્ન થયો, એટલે ભગવાનનો આવિર્ભાવ થયા પછી પણ તેમણે પિતા વિગેરેનો વંશ કરાવેલ હોવાથી, (આ શબ્દથી) વંશ કરવાની તેમની ઈચ્છા સૂચવેલી છે. તેથી જ 'એત્ય' પોતે પધારીને, (મારો) હાથ ગ્રહણ કરો'', એવો પોતે આચરેલા ધર્મ ઉપર ભાર નાખે છે.

'' 'મારા ભક્તોની અધિક પૂજા' (ભાગ.પુરા.૧૧।૧૯।૨૧) એવું વાક્ય હોવાથી ભગવાનના ભક્ત (તમારો હાથ) ગ્રહણ કરે તો તેમાં શું દોષ ?'' એવી શંકા થાય, તેથી 'બીજા' શબ્દ યોજેલ છે. તેઓ ભગવાનના સામાવાળાઓ છે. તેમ ન હોય તો તો દાસના દાસની સ્થિતિથી પણ ભજન થતું હોવાથી (આપ જ હાથ ગ્રહણ કરો એવો) બહુ આગ્રહ ન હોય.

બીજી રીતે ('અન્યે' 'બીજા'નો અર્થ એવો છે કે) (આપ ન પધારવાના) અકસ્માતને લીધે (મારું) મરણ થાય, તો યમ વિગેરે (મારો હાથ) ગ્રહણ ન કરો, એમ બીજાઓ (હાથ) ગ્રહણ ન કરે, એમ કહેલું છે. ૪૦.

માત્ર વિવાહ માટે પ્રાર્થના કરી, નીચેના શ્લોકમાં (તેના) પ્રકાર માટે પણ પ્રાર્થના કરે છેઃ

**શ્વોભાવિનિ ત્વમજિતોદ્વહને વિદર્ભાન્ ગુપ્તઃ સમેત્ય પૃતનાપતિભિઃ પરીતઃ ।।**
**નિર્મથ્ય ચૈદ્યમગધેશબલં પ્રસહ્ય માં રાક્ષસેન વિધિનોદ્વહ વીર્યશુલ્કામ્ ।।૪૧।।**

હે અજીત ! આવતી કાલે થવાના વિવાહમાં આપ છૂપા વિદર્ભ પધારીને, સેનાના અધિપતિઓથી વીંટાએલા થઈ, શિશુપાલ અને જરાસંધના સૈન્યને હરાવી, બલ કરીને, વીર્ય જેની કિંમત છે તેવી મને રાક્ષસ વિધિથી પરણો. ૪૧.

કારણ કે સ્પષ્ટ રીતે (સર્વ જાણે તેમ) (ભગવાન્) પધારે તો (રુકમી વિગેરે મને) સંતાડી દે, અથવા લગ્ન પહેલાં જ શિશુપાલ પાસે મોકલી દે, અથવા વિધિ (પૂર્વક લગ્ન કર્યા) વિના (મને તેને) આપી દે. તેથી જે પ્રકારે તેઓને (આપના

પધારવાનું) જ્ઞાન ન થાય, તેવા જ પ્રકારે પધારીને (મને) લઈ જવી જોઈએ. તેમ કરવામાં ન આવે તો વચ્ચે આરંભના સમયથી ફલ (પ્રાપ્ત થતાં) સુધીમાં[1] કાલનો વિલમ્બ[1] થતાં (મારો) દેહ પડી પણ જાય, તેથી તેવી પ્રાર્થના (કરું છું).

દેશમાં પણ (લગ્નના સમય) પહેલાં ન પધારવું, એમ 'આવતી કાલે થવાના વિવાહમાં' શબ્દોથી કહેલું છે. આરંભમાં આપ એકલા છૂપા પધારીને, સૈન્યને (આપથી) છૂટું લાવીને-અને તે સૈન્ય પણ યાદવોનું જ લાવશો પણ બીજી જાતવાળાનું ન લાવશો, કારણ કે તેમ ન થાય તો છૂપી વાત જણાઈ જાય-, પછી શહેરમાં પ્રવેશ કરતાં તે (સૈન્યો)થી વીંટાએલા થશો, કારણ કે તેમ ન થાઓ તો પોતાને (મને) ચિંતા થાય.

જો કે આપ અજીત છો તો પણ, અથવા આપ અજીત હોવાથી બીજી સ્થિતિ થવાની નહિ હોવાથી, આપ શિશુપાલ અને જરાસંધના સૈન્યને હરાવી, (એટલે) વચ્ચે અટકાવ કરવા રહેલાને દૂર કરી, તે માટે બલ કરીને એટલે બલાત્કાર પણ કરીને મને પરણો.

'એમ થાય તો વિવાહ કામને માટે અથવા ભક્તિને[2] માટે થાય, પરંતુ ધર્મ માટે ન થાય' એવી શંકા થાય, તેથી 'રાક્ષસ વિધિથી' શબ્દ યોજેલ છે. તે જ ક્ષત્રિયોનો ધર્મ છે. 'આપને મેં ખરેખર (પતિ) પસંદ કરેલા છે' (પાછળ શ્લોક ૩૯) એમ ગાંધર્વ વિવાહ તો પહેલાં કહેલો જ છે. તેથી મારા વિવાહમાં (ગાંધર્વ અને રાક્ષસ) બંને (વિવાહ) થશે એવો ભાવ છે.

'એમ તારું હરણ કરું તો પારકું લઈ લીધું ગણાય' એવી શંકા થાય, તેથી 'વીર્ય જેની કિંમત છે તેવી' વિશેષણ યોજેલું છે, કારણ કે કિંમત આપવામાં આવે ત્યારે પારકું લઈ લીધેલું ગણાતું નથી. ક્ષત્રિયોમાં સર્વ પ્રસંગે વીર્ય જ કિંમત ગણાય છે. પરાક્રમ કરીને, હણીને, જે કોઈ કાંઈ લઈ જાય, તેનું જ તે થાય છે. તેથી ક્ષત્રિયો ના ધર્મ પ્રમાણે હરણ કરવામાં, પારકાનું લઈ લેવાપણું નથી, એવો અર્થ છે. ૪૧.

વિઘ્ન થવાના ભયથી (હરણ કરવાનો) પ્રકાર જણાવીને, નીચેના શ્લોકમાં તે (પ્રકાર)માં પણ જણાતી અડચણને કહી તેને દૂર કરે છેઃ

**અન્તઃપુરાન્તરચરીમનિહત્ય બન્ધૂંસ્ત્વામુદ્વહે કથમિતિ પ્રવદામ્યુપાયમ્ ।।**

---

૧-૧. લગ્નના આરંભના સમયથી ફલ પ્રાપ્ત થાય તેટલા સમયમાં આપ પધારી હરણ નહિ કરો અને વિલંબ કરશો, તો મારો દેહ પડશે. લગ્નના વિષયનો આરંભ થયા પહેલાં ન પધારવું તેમજ હરણ કરી શકાય નહિ તેટલું મોડું પણ ન પધારવું, એવો અર્થ જણાય છે.

૨. તેલીવાળાએ પ્રસિદ્ધ કરેલ 'ભક્ત્યર્થં' પાઠ લઈ અર્થ કરેલ છે. વૃંદાવન પ્રેસવાળા ગ્રંથમાં 'મુક્ત્યર્થં' 'મુક્તિ માટે' એવો પાઠ છે. 'ભુક્ત્યર્થં' 'ભોગ માટે' એવો સાચો પાઠ હોવો જોઈએ.

**પૂર્વેદ્યુરસ્તિ મહતી કુલદેવિયાત્રા યસ્યાં બહિર્નવવધૂર્ગિરિશામુપેયાત્ ॥૪૨॥**

'અંતઃપુરની અંદર ફરનારી તને સગાંઓને હણ્યા વિના કેવી રીતે હરી જાઉં' (એવી શંકા થાય) તેથી ઉત્તમ ઉપાય કહું છું. આગલે દિવસે મોટી કુલદેવી સુધીની યાત્રા છે જેમાં નવવધૂ બહાર ગિરિશા પાસે જાય છે. ૪૨.

જો આપને શંકા થાય કે 'અંતઃપુરની અંદર ફરવા યોગ્ય (બહાર નહિ જ નીકળનારી) તને તારાં સગાંઓને હણ્યા વિના કેવી રીતે હરી જાઉં ?' તો પણ ઘણા ઉપાયો છે, છતાં પણ કજીઓ ન થાય તેવો ઉપાય કહું છું, એમ 'ઉત્તમ ઉપાય કહું છું' શબ્દોથી કહેલ છે. (૧) કોઈ પણ બાનાથી (રુક્મિણી અંતઃપુરની) બહાર આવે અથવા (૨) ભગવાન્ વેશ ધારણ કરીને અંતઃપુરમાં પધારે અથવા (૩) રુક્મિણીને આકર્ષણ કરે અથવા (૪) બધાની બુદ્ધિને જૂદા પ્રકારે પ્રેરણા કરે. બધાએ ઉપાયમાં શ્રમ થાય, અને પરાક્રમ ન થાય. તેથી બીજું (કાંઈ) ન કરતાં ગૌરીનું પૂજન કરવા ગએલીનું જ (મારું) હરણ કરવું, એવી પ્રાર્થના (કરે છે). ત્યાં જવું જરુરી છે એમ (ઉત્તરાર્ધમાં) કહે છે. 'આગલે દિવસે' એટલે વિવાહની પહેલાના દિવસે મોટી યાત્રા છે. તે પડતી મૂકાય તેવી નથી. ત્યાં (અંતઃપુર)થી કુલદેવતાના (મંદિર સુધીની) 'મોટી', એમ આ (મોટી શબ્દ)થી દૂર જવાનું (છે એમ) કહેલું છે.

'એમ (દૂર જવાનું) હોય તેથી શું ?' એવો વિચાર આવે, તેથી 'જેમાં નવવધૂ (બહાર ગિરિશા પાસે જાય છે)' એમ કહેલું છે. 'નવવધૂ' એટલે નવી વહુ થનારી સંરક્ષણ કરવા યોગ્ય હોવા છતાં લોકમાં પ્રસિદ્ધિ થાય તે માટે (બહાર નીકળે છે). ભોગ થયા પહેલાંની ભોગ કરવા યોગ્ય હોય તે નવવધૂ છે. તે ગિરિશા એટલે પાર્વતીના દર્શન કરવા જાય એવો વિધિ છે. (પાર્વતી) પોતે પણ ગિરિઓની ઈશ બનેલી હોવાથી અંતે 'અ' વાળો શબ્દ હોવાથી (નારી જાતિ થતાં) 'આ' પ્રત્યય લાગેલો છે; અથવા ''નામ અને વેદમાં સદા ('આ' પ્રત્યય લાગે છે)'' (પાણિનિ ૪।૧।૨૯) એ નિયમ પ્રમાણે 'આ' પ્રત્યય લાગેલ છે. તેથી (પાર્વતીની પૂજા માટે) બહાર રહેલી (હોઉં ત્યારે) ત્યાંથી જ લઈ જવી, એવો ભાવ છે. તેથી વિવાહના દિવસે જ દ્વારકામાં વિવાહ થશે, એટલે જ્યોતિઃશાસ્ત્ર પણ ખોટું થશે નહિ. ૪૨.

એ પ્રમાણે (વિવાહના) સ્વરૂપ અને પ્રકારની પ્રાર્થના કરી, નીચેના શ્લોકમાં તે ન કરવાથી (થનારું) સંકટ જણાવે છેઃ

**યસ્યાઙ્ઘ્રિપઙ્કજરજઃસ્નપનં મહાન્તો વાઞ્છન્ત્યુમાપતિરિવાત્મતમોપહત્યૈ ॥**
**યર્હ્યમ્બુજાક્ષ! ન લભેય ભવત્પ્રસાદં જહ્યામસૂન્ વ્રતકૃશા શતજન્મભિઃસ્યાત્ ॥૪૩॥**

હે કમલનયન! ઉમાપતિ જેવા ઉત્તમ પુરુષો પોતાના તમોગુણનો નાશ

થાય તે માટે જેમના ચરણકમલની રજથી સ્નાન (કરવા) ઈચ્છે છે તેવા આપની કૃપા જો મને પ્રાપ્ત નહિ થાય, તો હું પ્રાણ તજીશ. (પછી) સેંકડો જન્મ સુધી વ્રતથી દૂબળી થએલીને (તે કૃપા) કદાચ પ્રાપ્ત થશે. ૪૩.

જો આપની કૃપા પ્રાપ્ત નહિ થાય, તો હું પ્રાણ તજીશ. 'આવો આગ્રહ શા માટે ?' એમ પૂછવામાં આવે, તો 'ઉત્તમ ફલ પ્રાપ્ત કરવા' એમ કહે છે. જે ભગવાનના ચરણકમલની રજથી સ્નાન કરવા ઉત્તમ પુરુષો પણ ઈચ્છે છે. તે વિષયમાં ઉદાહરણ ઉમાપતિ છે, કારણ કે માત્ર રજથી સ્નાન પ્રાપ્ત નહિ થવાથી, રજવાળાં ચરણનાં જલ(ગંગા)થી તે સ્નાન કરે છે. 'ઉમાપતિ' શબ્દથી એમ કહેલું છે કે ઉમાએ પણ શિવને પતિ તરીકે પસંદ કરેલા, તે શિવના પણ શ્રીકૃષ્ણ જ ઈષ્ટ છે, તેથી તે (શ્રીકૃષ્ણના ચરણકમલની રજથી સ્નાન) જ ઉત્તમ ફલ છે. વળી 'આત્મતમોપહત્યૈ' પોતાનો તમોગુણ જાય તે માટે (તે એવું સ્નાન ઈચ્છે છે). હું પણ ત્રણ ગુણોવાળી માયા છું. તેમાં પણ રુક્મિ વિગેરે સાથે (મેં) અવતાર લીધેલો હોવાથી તમોગુણના પ્રધાનપણાવાળી જ છું, અને તેથી જો આ તમોગુણને દૂર કરવામાં ન આવે તો ફરીથી (મારો) અધમ જન્મ થશે. તેથી તે (તમોગુણ દૂર કરવા) માટે પ્રયત્ન અવશ્ય કરવો જોઈએ. તે સંબંધમાં આ ઉપાય (આપના ચરણની રજથી સ્નાન) ઉત્તમ અને સહેલો છે. એ નહિ પ્રાપ્ત થાય તો તો આ (રુક્મિ વિગેરેનો) સંબંધ જાય તે માટે હું શરીરનો ત્યાગ કરીશ. વળી 'સો જન્મથી પોતાના ધર્મમાં સ્થિતિવાળો થાય છે' વાક્ય પ્રમાણે વ્રતથી દૂબળી રહેતાં એક પછી એક એમ સો જન્મથી આ પદાર્થ (આપના ચરણકમલની રજ) કદાચિત્ પ્રાપ્ત થશે. જે દૃષ્ટિથી જ દુઃખ હરનારા છે તે એવું કેમ કરશે એમ જણાવવા માટે 'હે કમલનયન !' એવું સંબોધન કરેલું છે. ૪૩.

એ પ્રમાણે (બ્રાહ્મણ) રુક્મિણીનાં વાક્યો કહી, ઉપસંહાર કરે છેઃ

બ્રાહ્મણ કહે છેઃ

**ઈત્યેતે ગુહ્યસન્દેશા યદુદેવ મયાહૃતાઃ ।।**
**વિમૃશ્ય કર્તું યચ્ચાત્ર ક્રિયતાં તદનન્તરમ્ ।।૪૪।।**

હે યદુદેવ ! આવા આ મેં આણેલા ગુપ્ત સંદેશા છે. આ પ્રસંગે જે કરવું (યોગ્ય) હોય તે વિચારીને પછી તરત જ કરો. ૪૪.

આ સંદેશા ગુપ્ત રાખવાના છે. 'હે યદુદેવ !' એ સંબોધનથી એમ સૂચવેલું છે કે વિવાહ કરવો જોઈએ. 'મેં જ આણેલા છે' એમ ગુપ્ત રાખવાપણું (જણાવેલું છે). 'કદાચ આ પત્ર બીજાએ કપટથી લખેલું હશે' એવી શંકા થાય, તેથી એમ કહે છે

કે આનો વિચાર કરીને આ પ્રસંગે જે કરવાનું નક્કી થાય, તે કરો. 'ચ' 'અને' શબ્દથી એમ (કહેલું છે કે) જે કહેવા યોગ્ય હોય તે કહો. વિચાર કર્યા પછી કરવું, અથવા 'શું કામ છે ? (તમારું) કામ કરીશ' એમ (પાછળ શ્લોક ૩૫માં ભગવાને) કહેલું, તેનો ઉત્તર છે કે તે (વિચાર કર્યા) પછી તરત જ કરવું, એવો અર્થ છે. ૪૪.

**ઇતિ શ્રીમલ્લક્ષ્મણભટ્ટના આત્મજ શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીભાગવતની સુબોધિનીમાં દશમા સ્કંધના વિવરણમાં ઓગણપચાસમો ઉત્તરાર્ધમાં ત્રીજો અધ્યાય સંપૂર્ણ.**

# ।। અધ્યાય પચાસમો ।।

## (રાજાઓને જીતી શ્રીકૃષ્ણ રુક્મિણીજીનું હરણ કરી લાવ્યા)

**શતાર્ધે વા ચતુર્થે ભગવાન્ ભાર્યયાર્થિતમ્ ।।**
**વિપ્રાર્થિતં ચ કૃતવાનિતિ સમ્યઙ્ નિરૂપ્યતે ।।૧।।**

પચાસમા[1] અથવા ચોથા[1] અધ્યાયમાં ભગવાને પત્નીએ પ્રાર્થના કરેલું તથા વિપ્ર પ્રાર્થના કરેલું કર્યું એમ સારી રીતે વર્ણવવામાં આવે છે. કા. ૧.

**પ્રસહ્ય કન્યાહરણમુદ્યોગાવધિ વર્ણ્યતે ।।**
**કાયવાઙ્મનસામત્ર હ્યૈકમત્યં નિરૂપ્યતે ।।૨।।**

ઉદ્યોગથી આરંભી[2] બલાત્કાર પૂર્વક કન્યાના હરણનું વર્ણન કરવામાં આવે છે, કારણ કે કાયા, વાણી અને મનનો સમન્વય અહિં જણાવવામાં આવે છે. કા. ૨.

ગયા અધ્યાયના અંતે બ્રાહ્મણની એવી વિજ્ઞપ્તિ કહેલી છે કે 'જે કાંઈ કરવા યોગ્ય અથવા કહેવા યોગ્ય હોય તે કરો અથવા કહો'. પછી ભગવાને તેને સંતોષ આપવા માટે પોતાનું મન અને વચન (તેને) જણાવવાનો આરંભ કર્યો, એમ નીચેના શ્લોકથી કહે છે:

।। શ્રીશુક ઉવાચ ।। શ્રીશુક કહે છે:

**વૈદર્ભ્યાઃ સ તુ સન્દેશં નિશમ્ય યદુનન્દનઃ ।।**
**પ્રગૃહ્ય પાણિના પાણિં પ્રહસન્નિદમબ્રવીત્ ।।૧।।**

તે યદુનંદને તો વૈદર્ભીનો સંદેશ સાંભળીને, શ્રીહસ્તથી હાથ પકડીને હસતાં (બ્રાહ્મણને) આ (નીચે પ્રમાણે) કહ્યું. ૧.

કારણ કે તે (વૈદર્ભી) ઘણી જ કુલીન અને ભક્તિપ્રધાન હતી. યદુ પણ ભક્તિપ્રધાન હતો. 'તુ' 'તો' શબ્દ શંકા દૂર કરાવવા (યોજેલો છે). આ વિષયમાં શંકા સંભવતી નથી, કારણ કે હું પણ (તેનામાં આસક્ત ચિત્તવાળો) થએલો છું એમ (શ્લોક બીજામાં) કહેશે. વળી સંદેશ અવશ્ય સાંભળવો જોઈએ. આ શ્રવણ વિચારપૂર્વક અને ધ્યાનપૂર્વક (કરવું જોઈએ), તેથી બ્રાહ્મણ ખાનગી મસલત કરનારો હોવાથી તેની સાથે જાણે કે મિત્રતા કરવા માટે શ્રીહસ્તથી (તેનો) હાથ પકડીને, 'આ પત્નીનો સંબંધી છે' એવા વિચારથી ઉદાસીનપણાનો ત્યાગ કરીને 'આ' એટલે નીચે કહેવામાં આવશે તે (ભગવાને તેને) કહ્યું. ૧.

આરંભમાં નીચેના શ્લોકમાં પોતાના મનની વાત કહે છે:

---

૧. સ્કંધના આરંભથી પચાસમો, ઉત્તરાર્ધનો ચોથો.

૨. ઉદ્યોગ જેનો પહેલાંનો છેડો છે તે 'ઉદ્યોગાવધિ' (લે)

શ્રીભગવાન્ કહે છે:

**તથાહમપિ તચ્ચિત્તો નિદ્રાં ચ ન લભે નિશિ ।।**

**વેદાહં રુક્મિણા દ્વેષાન્મમોદ્વાહો નિવારિતઃ ।।૨।।**

તેવી જ રીતે તેનામાં જ આસક્ત ચિત્તવાળા મને પણ રાત્રે નિદ્રા આવતી નથી. હું જાણું છું કે રુક્મીએ દ્વેષને લીધે મારો વિવાહ બંધ રખાવ્યો છે. ૨.

જેમ તે મારામાં આસક્ત ચિત્તવાળી છે તેવી રીતે હું પણ તેનામાં આસક્ત ચિત્તવાળો છું. આથી એમ જણાવેલું છે કે તેના બધાં વચનો મારા વચનો જેવાં છે. વધારાનું પણ 'રાત્રે નિદ્રા આવતી નથી' શબ્દથી કહે છે. રાત્રે નિદ્રા જરુરી છે, તે પણ ચિંતાને લીધે અથવા પત્નીને પ્રાપ્ત કરવાની ઈચ્છાને લીધે થતી આવતી નથી.

'એવી રીતે ચિંતા થવાનું કારણ શું ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. આ વિષયમાં કાંઈ સંદેહવાળું નથી, કારણ કે હું જાણું છું (કે), (મારામાં) સર્વ ગુણોની સંપત્તિ હોવા છતાં માત્ર દ્વેષને લીધે એકલા રુક્મીએ (વરને) બોલાવીને કન્યાનું દાન કરવારૂપ મારો વિવાહ પ્રયત્ન કરીને બંધ રખાવ્યો છે. ૨.

એવી રીતે પ્રમાણપણું[1] અને મન[2] (ની વાત) કહીને, નીચેના શ્લોકમાં (તેનું હરણ કરવાની) પ્રતિજ્ઞા કરે છે:

**તામાનયિષ્ય ઉન્મથ્ય રાજન્યાપસદાન્મૃધે ।।**

**મત્પરામનવદ્યાઙ્ગીમેધસોઽગ્નિશિખામિવ ।।૩।।**

અધમ રાજાઓને યુદ્ધમાં નસાડી મૂકીને જેમ કાષ્ઠમાંથી અગ્નિની શિખા કાઢવામાં આવે તેમ મારામાં આસક્તિવાળી દોષ વિનાના અંગવાળીને હું લાવીશ. ૩

(રુક્મિણી પોતાની) પત્ની છે એવો નિશ્ચય કરીને (ભગવાન્ તેનું) નામ લેતા નથી. (તેને લાવતાં) રોકનારાઓ નમાલા છે એમ જણાવવા 'અધમ રાજાઓને' (એમ) કહેલ છે. રાજાઓમાં અધમ 'અપગતા' જતી રહેલી છે 'સદ્' સભા જેમનામાંથી તે (અપસદાઃ) (એટલે) ક્ષત્રિયોની સભામાં જેઓની ગણના થતી નથી તેવા, અધમ. તેઓ ઘણાં નમાલા હોવાથી, (તેઓને) હણવાની જરુર નથી, પરંતુ નસાડી જ મૂક્વા જોઈએ. 'યુદ્ધમાં' શબ્દથી અલૌકિક (કાર્ય) કરીને (નસાડી મૂકવાના) નથી એમ (જણાવ્યું). યુદ્ધમાં જ તેઓને નસાડી મૂકીને (રુક્મિણીને) લાવીશ, એવો ભાવ છે.

એ પ્રમાણે કરવાનાં કારણો ઉત્તરાર્ધથી કહે છે. 'હું ભક્તોને પરાધીન છું'

---

૧. ભગવાનનાં વચન જેવાં રુક્મિણીનાં વચન હતાં એમ કહ્યું, તેથી તે રુક્મિણીના વચનનું પ્રમાણપણું કહેવાયું, એવો અર્થ છે. (લે)

૨. 'માનસમ્' એટલે મનની વાત, એવો અર્થ છે. (લે)

(ભાગ.પુરા.૯।૪।૬૩), તેથી ભક્તિમાર્ગ પ્રમાણે પણ તેને લાવીશ. 'અનવદ્યાઙ્ગીમ્' 'દોષ વિનાના અંગવાળી' હોવાથી પણ (લાવીશ), કારણ કે દોષ વિનાનું હોય તે જ ભગવાન્ ગ્રહણ કરે છે. 'અંગ' શબ્દથી વાણી, સંબંધી દોષ તેનો જણાવેલો છે, કારણ કે તેને (વચનથી બીજાને) આપેલી હતી. આ ધર્મ કરવા માટે ઉપયોગમાં આવે તેવી થશે, તેથી તેની સાથે હું રાક્ષસ વિવાહ કરીશ એમ 'જેમ કાષ્ઠમાંથી અગ્નિની શિખા કાઢવામાં આવે' શબ્દોથી કહેલું છે. કાષ્ઠમાં બળતી અગ્નિની શિખાનો બહુ પ્રકાશ થતો નથી. જો તેજ દીવટવાળી થાય તો દીવાના આકારવાળી થઈ ઘણી પ્રકાશે છે. તેવી રીતે તેને પ્રકાશવાળી કરીશ, એવો અર્થ છે. ૩

એ પ્રમાણે વાણીથી (રુક્મિણી હરણ) કહી, કાયાથી (હરણ કરવા) માટેનો પ્રયત્ન નીચેના શ્લોકમાં (શુક) જણાવે છેઃ

શ્રીશુક કહે છેઃ

**ઉદ્વાહર્ક્ષં ચ વિજ્ઞાય રુક્મિણ્યા મધુસૂદનઃ ।।**
**રથઃ સંયુજ્યતામાશુ દારુકેત્યાહ સારથિમ્ ।।૪।।**

રુક્મિણીના વિવાહનું નક્ષત્ર જાણીને મધુસૂદને સારથિને કહ્યું કે 'હે દારૂક ! રથ તરત જોડ. ૪.

વિવાહમાં સ્ત્રી મુખ્ય પદાર્થ હોવાથી નક્ષત્ર જ[1] મુખ્ય છે. તેથી લાભકારક ચંદ્ર અને ગ્રહોને મૂકી દઈ નક્ષત્રોનું મુખ્યપણું જણાવેલું છે. બ્રાહ્મણના મુખથી જ વિવાહનું નક્ષત્ર જાણીને, ભગવાને 'રથ જોડ' એમ કહ્યું. (સંયુજ્યતામ્' એમ) સારી રીતે જોડવાનું યુદ્ધ માટે કહેલું છે. તે(યુદ્ધ)નું કારણ 'રુક્મિણીના' શબ્દથી જણાવેલું છે, કારણ કે તે રુક્મીની બેન છે. 'મધુસૂદન' નામથી સૈન્યના સંગ્રહ વિના પોતામાં જ યુદ્ધ કરવાનું સામર્થ્ય છે એમ જણાવેલું છે. 'તરત જોડ' શબ્દોથી એમ જણાવેલું છે કે વિવાહનો સમય નજીક છે. 'હે દારૂક !' એવું સંબોધન છે. તેથી વૈકુંઠમાંથી આવેલો (સારથિ દારૂક) ચતુર છે અને તેને ભય નથી એમ દર્શાવેલું છે. ૪.

નીચેના શ્લોકમાં દારૂકે તરત જ કરેલું કાર્ય[1] કહે છેઃ

**સ ચાશ્વૈઃ સૈન્યસુગ્રીવમેઘપુષ્પબલાહકૈઃ ।।**
**યુક્તં રથમુપાનીય તસ્થૌ પ્રાઞ્જલિરગ્રતઃ ।।૫।।**

અને તે સૈન્ય સુગ્રીવ મેઘપુષ્પ અને બલાહક અશ્વો જોડેલા રથને લાવીને

---

૧. વિવાહમાં સ્ત્રી મુખ્ય પદાર્થ છે, તેથી નક્ષત્ર મુખ્ય છે, ચંદ્ર અથવા ગ્રહો મુખ્ય નથી. નક્ષત્રો ચંદ્રની સ્ત્રીઓ છે અને વિવાહમાં સ્ત્રી મુખ્ય પદાર્થ હોવાથી, લાભકારક નક્ષત્ર જોવું એ જરુરી છે. ચંદ્ર અથવા ગ્રહો કરતાં, નક્ષત્ર લાભકારક જોવું જરુરી છે એવો ભાવ જણાય છે.

૧. 'દારુકકૃત્યમ્' પાઠ વૃંદાવન પ્રેસવાળા ગ્રંથમાં છે તે વધારે સારો છે.

બે હાથ જોડીને આગળ ઉભો રહ્યો. ૫.

જો કે ભગવાનને રથો ઘણા છે અને અશ્વો પણ ઘણા છે, છતાં પણ 'સારથિ' શબ્દ યોજેલો હોવાથી તેણે ગરુડ જેની ધજા ઉપર હતો તે જ રથ લીધેલો. તેવાને[2] પણ સૈન્ય વિગેરે જ ચાર અશ્વો જોડ્યા. તેઓનાં નામ અર્થ[3] પ્રમાણે હતાં. તે પૈકી પહેલો સૈન્યરૂપ જ હતો, કારણ કે ઘણા જ મોટા સૈન્યથી જેટલું કાર્ય થાય તેટલું આનાથી જ થતું. બીજો સુગ્રીવ હતો, કારણ કે જેમ વાનરોનો રાજા સુગ્રીવ સીતાને લંકામાંથી લાવવામાં રામનું કાર્ય સાધનારો હતો, તેવો આ હતો. 'શોભના' સુંદર 'ગ્રીવા' ગરદન છે જેની તે સુગ્રીવ. એવા નામથી એમ સૂચવેલું છે કે કોઈ પણ સમયે આ પાછો ફરતો નહિ. ત્રીજો મેઘપુષ્પ હતો, કારણ કે વરસાદની પેઠે બધાયને ઢાંકી દઈ તે પડતો. ચોથો બલાહક[4] હતો. તે મેઘની[4] પેઠે અથવા પક્ષીની[4] પેઠે એક ક્ષણમાં આવતો અને જતો રહેતો. એ પ્રમાણે તેઓથી 'યુક્તં' સારી રીતે જોડેલો રથ લાવીને, ઉપયોગમાં લેવાય તેવો કરીને, પોતે કરેલું કાર્ય જણાવતો હોય તેમ બે હાથ જોડીને આગળ ઉભો રહ્યો. એ પ્રમાણે બ્રાહ્મણને પોતાના વચનનું સામર્થ્ય ભગવાને દેખાડ્યું. ૫.

પછી (ભગવાન્) કુંડિનપુર પધાર્યા, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**આરુહ્ય સ્યન્દનં શૌરિર્દ્વિજમારોપ્ય તૂર્ણગૈઃ ।।**
**આનર્તાદેકરાત્રેણ વિદર્ભાનગમદ્ધયૈઃ ।।૬।।**

શૌરિ રથમાં બેસી, બ્રાહ્મણને બેસાડીને, ઝડપથી જનારા અશ્વોથી એક રાતમાં આનર્તથી વિદર્ભ પધાર્યા. ૬.

'રથમાં' એટલે ઝડપથી જનારા (વાહન)માં. (ભગવાન્) અલૌકિક સામર્થ્ય દર્શાવવાના નથી એમ જણાવવા, 'શૌરિ' એમ દાદાના નામથી (તેમનો) નિર્દેશ કરેલો છે. તે બ્રાહ્મણને પણ તે (રથ)ના જ ઉપર બેસાડીને, જેમ વચ્ચે આવેલા દેશોમાં જાણ ન થાય તે પ્રમાણે એક જ રાતમાં પોતાના દેશમાંથી (ભગવાને) તે દેશમાં પ્રવેશ કર્યો. તેમ ન કર્યું હોત (વચ્ચે આવેલા દેશમાં જાણ થઈ હોત) તો ત્યાંના રહેવાસીઓએ ખબર આપતાં રુક્મી બ્રાહ્મણને[1] અથવા બેનને દુઃખ દેત. વળી

---

૨. 'તાદશો' બદલે 'તાદશે' પાઠ જોઈએ એમ જણાય છે. 'તાદશો' લઈએ તો તેવા (સારથિ) એ પણ, એવો અર્થ થાય.

૩. નામનો વ્યુત્પત્તિ પ્રમાણે જે અર્થ થાય તેવા અર્થવાળા (ગુણવાળા) તે અશ્વો હતા. તેમના ગુણ પ્રમાણે નામ હતાં.

૪-૪-૪. બલાહક એટલે (૧) મેઘ. (૨) એક પ્રકારનો બગલો (પક્ષી).

૧. બ્રાહ્મણ ત્યાં (વિદર્ભમાં) ન હોવા છતાં તેના ઘેર દુઃખ દે, એવો અર્થ છે. (લે) બ્રાહ્મણ ત્યાં જાય ત્યારે તેને દુઃખ દે, એમ પણ સંભવે છે.

રુક્મિણીએ તેવી જ (જાણ ન થાય તેમ જ પધારવાની) પ્રાર્થના કરેલી. ૬.

ભગવાન્ નગરમાં પ્રવેશ (કરે તે) કહેવા નગરનું વર્ણન કરવા માટે, નીચેના શ્લોકમાં રાજાની ભ્રમથી (નગર શણગારવાના) નિમિત્ત તરીકે થએલી પ્રવૃત્તિ જણાવે છેઃ

**રાજા સ કુણ્ડિનપતિઃ પુત્રસ્નેહવશં ગતઃ ।।**
**શિશુપાલાય સ્વાં કન્યાં દાસ્યન્કર્માણ્યકારયત્ ।।૭।।**

પુત્રના સ્નેહને વશ થએલો તે રાજા કુંડિનપતિ પોતાની કન્યા શિશુપાલને આપવા માટે કર્મો કરાવતો હતો. ૭.

(૧) રાજા હોવાથી (૨) ભીષ્મક હોવાથી (૩) 'કુણ્ડિનમ્' 'કુંડી[૧]' એવા નાના (પદાર્થ) જેવું નગરનું નામ કહ્યું, તેનો પતિ હોવાથી અને (૪) પુત્રના સ્નેહને વશ થએલો હોવાથી, 'શિશું' બાલકબુદ્ધિને જ 'પાલયતિ' વળગી રહે છે તેવા દુષ્ટ બુદ્ધિવાળા શિશુપાલને કન્યા આપવા માટે સેવકોથી નગરને શણગારવારૂપ કર્મો કરાવતો હતો. આથી એમ જણાવેલું છે કે (તે) દેશમાં ભગવાન્ પધાર્યા તો પણ તેઓ(દેશના લોકો)ને કાંઈ પણ અવળી શંકા થઈ નહિ. ૭.

૧. 'કુંડ', 'કુંડી' ખાબોચિયાં જેવાં હોઈ, નગર નાનું હતું એમ સૂચવેલું છે.

ભગવાન્ નગરમાં પ્રવેશ કરે તે માટે બે શ્લોકોથી નગરનું વર્ણન કરે છેઃ

**પુરં સંમૃષ્ટસંસિક્તમાર્ગરથ્યાચતુષ્પથમ્ ।।**
**ચિત્રધ્વજપતાકાભિસ્તોરણૈઃ સમલંકૃતમ્ ।।૮।।**
**સ્રગ્ગન્ધમાલ્યાભરણૈર્વિરજામ્બરભૂષિતૈઃ ।।**
**જુષ્ટં સ્ત્રીપુરુષૈઃ શ્રીમદ્ગૃહૈરગુરુધૂપિતૈઃ ।।૯।।**

શહેર સારી રીતે સાફ કરેલા અને સિંચન કરેલા રાજમાર્ગો શેરીઓ અને ચતુષ્પથોવાળું, જાતજાતની ધજા પતાકાથી અને તોરણોથી શણગારેલું, અને માલાઓ સુગંધી પદાર્થો અને આભરણોવાળા, સ્વચ્છ વસ્ત્રો અને ભૂષણોવાળા સ્ત્રી અને પુરુષોથી તથા અગરનો ધૂપ કરેલા સમૃદ્ધિવાળા ઘરોથી ભરપૂર હતું. ૮-૯.

આરંભમાં સારી રીતે સાફ કરેલું એટલે ધૂળ ખંખેરી નાખીને ઉજળું કરેલું, પછી ચંદન વિગેરેથી સિંચન કરેલું (હતું). 'માર્ગાઃ' રાજમાર્ગો, 'રથ્યાઃ' બજારની શેરીઓ, (અને) 'ચતુષ્પથાઃ' ચારે તરફ રસ્તા હોય તેવાં સ્થાનો, તે (સ્થલો)માં સિંચન કરેલું (શહેર હતું) એવો અર્થ છે. એ પ્રમાણે નીચેની શોભા વર્ણવી. (આઠમા શ્લોકના) ઉત્તરાર્ધથી ઉપરની શોભા વર્ણવે છે. જાતજાતની (ધજા વિગેરેથી) પણ સારી રીતે શણગારેલું (હતું). નવમા શ્લોકથી વચલા(ભાગ)નો શણગાર 'સ્ત્રીઓ

તથા પુરુષો અને ઘરોથી ભરપૂર હતું' એમ કહે છે. આથી એમ કહેલું છે કે તે નગરમાં (સ્ત્રી અથવા પુરુષ) એકલા ન હતા. 'માલાઓ સુગંધી પદાર્થો અને આભરણોવાળા' એટલે 'જેઓની ઉપર માલાઓ સુગંધી પદાર્થો અને પુષ્પોનાં જ આભરણો હતાં તેવા' અને 'સ્વચ્છ વસ્ત્રો અને ભૂષણો જેમના ઉપર છે' એમ (એ વિશેષણોથી) જેઓ ઘણા જ અમંગલરૂપ હતા તેઓ પણ શણગારેલા હતા એમ કહેલું છે. 'સમૃદ્ધિવાળા ઘરોથી' શબ્દથી ઘરમાં સર્વ (પ્રકારની) સમૃદ્ધિ જણાવેલી છે. 'અગરનો ધૂપ કરેલા' વિશેષણથી વધારે સંપત્તિ અને વિવાહના ઉત્સવનો પ્રસંગ જણાવેલા છે. ૮-૯.

એવી રીતે લૌકિક સમૃદ્ધિનું વર્ણન કરી, નીચેના શ્લોકમાં વૈદિક અર્થની સમૃદ્ધિ જણાવે છેઃ

**પિતૃન્દેવાન્ સમભ્યર્ચ્ય વિપ્રાંશ્ચ વિધિવન્નૃપઃ ||**
**ભોજયિત્વા યથાન્યાયં વાચયામાસ મઙ્ગલમ્ ||૧૦||**

રાજાએ પિતૃઓ દેવો અને બ્રાહ્મણોની વિધિ પ્રમાણે સારી રીતે પૂજા કરીને, બ્રાહ્મણોને નિયમ પ્રમાણે જમાડીને, મંગલ વંચાવ્યું. ૧૦.

(રાજાએ) પિતૃઓ અને દેવોની એટલે શુભ કાર્ય કરતાં આરંભમાં પૂજાતા દેવતાઓની સારી રીતે પૂજા કરી. તેમ ન કરે તો, આરંભમાં (નાંદીમુખ દેવતાની પૂજા પહેલાં) જ કન્યાનું હરણ થાય તો વિવાહ નમાલો થાય, તેથી કરવા યોગ્ય (કાર્ય) કર્યું, એમ કહેવું જોઈએ. વળી પુણ્યાહ (આ પવિત્ર દિવસ છે એમ) વંચાવતાં, 'વિધિ પ્રમાણે' એટલે વસ્ત્ર, અલંકાર વિગેરેનું દાન કરીને બ્રાહ્મણોની સારી રીતે પૂજા કરી. 'રાજાએ' શબ્દથી (તેનું તેમ કરવાનું) સામર્થ્ય જણાવ્યું. તેઓને (બ્રાહ્મણોને) સંતોષ થવામાં ભોજન મુખ્ય હોવાથી, 'નિયમ પ્રમાણે ભોજન કરાવીને' એમ કહેલું છે. દેવતાની પૂજા કરાવવાના સમયે નિયમ પ્રમાણે (બ્રાહ્મણોને) ભોજન કરાવીને ઉત્તમ 'મંગલ' એટલે પુણ્યાહ વંચાવ્યું. ૧૦.

જેને માટે ભગવાન્ પધારેલા તે (રુક્મિણી)ને (વિવાહમાં) આપવાની હોવાથી શણગારી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સુસ્નાતાં સુદતીં કન્યાં કૃતકૌતુકમઙ્ગલામ્ ||**
**અહતાંશુકયુગ્મેન ભૂષિતાં ભૂપણોત્તમૈઃ ||૧૧||**

કન્યાને સારી રીતે નવરાવેલી, દાંત રંગેલી, લગ્ન પ્રસંગનું મંગલ કરેલી, તાજાં જ બે રેશમી વસ્ત્રોથી અને ઉત્તમ આભૂષણોથી શણગારેલી કરી. ૧૧.

(કન્યાને) મંગલસ્નાન કરાવ્યું, પછી દાંતોનો સંસ્કાર (રંગ) પણ કરાવ્યો,

(કારણ કે) 'શ્વેત દાંતવાળી જોવી નહિ' એવો કેટલાકના દેશનો રીવાજ છે. 'કન્યા' શબ્દથી (એમ જણાવેલું છે કે તેને) આપેલી ન હતી. ઘણું કરીને શિશુપાલ (વર તરીકે) સૂચવેલો જ હતો. (કોને આપવાની છે તેવો) વાણી સંબંધી પણ નિશ્ચય ભવિષ્યમાં જ થવાનો હતો. તેઓ દક્ષિણના રહીશ હોવાથી વિવાહની પહેલાંની ક્ષણે જ કન્યા (વર) પસંદ કરવાની હતી. 'કૃતં' કરેલું છે 'કૌતુકરૂપં' લગ્ન પ્રસંગનું 'મઙ્ગલમ્' મંગલ જેના વિષે તેવી (કન્યા હતી). હળદરથી બે ગાલ ઉપર લીંટીઓ વિગેરે કરેલાં હતાં, તે વિવાહ સમયે જ થાય છે, બીજા પ્રસંગે થતાં નથી. 'તાજાં જ બે રેશમી વસ્ત્રોથી શણગારેલી' વિશેષણથી એમ કહેલું છે કે વસ્ત્ર પણ તેવાં જ (લગ્ન પ્રસંગને યોગ્ય) પહેરાવેલાં હતાં. 'અહતમ્' એટલે શાળ ઉપરથી ઉતારેલું, કાપ્યા વિનાનું. કેટલાક નવું (એવો તેનો અર્થ) કહે છે, કારણ કે તેઓના મત પ્રમાણે પાષાણ ઉપર પ્રહારનો અભાવ નવિનપણું સાચવે છે. બીજાઓ 'પહેર્યા વિનાનું' એવો (અર્થ કરે છે).

'અંશુકમ્' એટલે રેશમી વસ્ત્ર. એક પહેરાવેલું (અને) બીજું ઓઢાડેલું એમ (બે થયાં). આભૂષણોથી પણ શણગારેલી. (વરનો) સત્કાર કરીને શણગારેલી કન્યાનું જે દાન કરે છે તે 'કૂકુદ' કહેવાતો હોવાથી, (રાજા) કૂકુદ (થાય તે) માટે શણગારવાનું કહેલું છે. 'કૂ' સ્વર્ગ અને પૃથ્વી 'કુત્સિતે' હલકાં છે જેનાથી તેવી ('કૂકુઃ' શણગારેલી કન્યા). તેવી કન્યાનું દાન સ્વર્ગ અને પૃથ્વીના દાન કરતાં પણ ઉત્તમ છે એમ જણાવેલું છે. ૧૧.

નીચેના શ્લોકમાં વિવાહના દેવતાનું તે (કન્યા)ને સમીપપણું પ્રાપ્ત થયું એમ કહે છેઃ

**ચક્રુઃ સામર્ગ્યજુર્મન્ત્રૈર્વધ્વા રક્ષાં દ્વિજોત્તમાઃ ।।**
**પુરોહિતોઽથર્વવિદ્વૈ જુહાવ ગ્રહશાન્તયે ।।૧૨।।**

ઉત્તમ બ્રાહ્મણોએ સામ ઋક્ અને યજુર્વેદના મંત્રોથી પરણનાર કન્યાની રક્ષા કરી. અથર્વ (વેદ) જાણનાર પુરોહિતે ગ્રહોની શાંતિ માટે હોમ કર્યા. ૧૨.

ત્રણ વેદોના મંત્રોથી રક્ષાસૂત્ર બાંધીને, ઉત્તમ બ્રાહ્મણો એટલે મંત્ર જોનારા ઋષિઓએ, જેવી રીતે જણાય તેવા અથવા ન જણાય તેવા પ્રકારથી કોઈ પણ (કન્યાનો) સ્પર્શ ન કરે તેવી રીતે ભગવાનને માટે જ કન્યાની રક્ષા કરી. દેવો બે પ્રકારના છે. કેટલાક હોમેલું ભક્ષણ કરનારા છે અને બીજા હોમેલું ભક્ષણ કરતા નથી. તે પૈકી જેઓ હોમેલું ભક્ષણ કરતા નથી, તેમને (મંગલનું) વાંચન વિગેરેથી પ્રસન્ન કર્યા. હોમથી બીજાઓને પ્રસન્ન કર્યા એમ ઉત્તરાર્ધથી કહે છે. હોમ કરવામાં પુરોહિત

મુખ્ય છે, કારણ કે તે હિતનો જ વિચાર કરે છે. અથર્વવેદમાં નક્ષત્રકલ્પ* અને શાંતિકલ્પ કહેલા છે, તેથી અથર્વ (વેદ) જાણનાર શાંતિ (કરાવવાનું) જાણે છે. ભગવાનનો ત્યાગ કરાવીને, જે (ગ્રહો) કન્યાનો નીચની સાથે સંબંધ કરાવવા ઉદ્યમ કરતા હતા, તે ગ્રહોની શાંતિ માટે હોમ કર્યો. તેમ કરવામાં ન આવે તો ગ્રહોથી વિઘ્ન થાય, (કારણ કે) ભગવાન્ (કાંઈ) અલૌકિક કરતા (કરવાના) નથી. ૧૨.

દાનથી સર્વ દોષ મટી જાય છે, તેથી (રાજાએ) દાન પણ આપ્યાં એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**હિરણ્યરૂપ્યવાસાંસિ તિલાંશ્ચ ગુડમિશ્રિતાન્ ।।**
**પ્રાદાદ્ધેનૂશ્ચ વિપ્રેભ્યો રાજા વિધિવિદાંવરઃ ।।૧૩।।**

વિધિ જાણનારાઓમાં ઉત્તમ રાજાએ સોનું, રૂપું, વસ્ત્રો અને ગોળ ભેળવેલા તલ અને ગાયો વિપ્રોને આપ્યા. ૧૩.

'હિરણ્યમ્' સોનું સર્વ ઈચ્છાઓ પૂર્ણ કરનારું અને અગ્નિ દેવતાવાળું છે. રૂપું સોમ દેવતાવાળું છે, અને વસ્ત્ર સર્વ દેવતાવાળાં અથવા ગંધર્વ દેવતાવાળાં છે. તે (પદાર્થોનાં દાન)થી ત્રણ ભાગ માગનારાઓને[1] દૂર કરેલા છે. વળી તલના લાડુઓનું દાન તો સર્વ દોષોને મટાડનારું હોવાથી, 'ગોળ ભેળવેલા તલ' આપ્યા. 'ચ' 'અને' શબ્દથી (એમ કહેલું છે કે) એકલા (ગોળ ભેળવ્યા વિનાના તલ) પણ આપ્યા. વળી કન્યાને સર્વ સમૃદ્ધિ પ્રાપ્ત થાય તે માટે ગાયો આપી. વળી (આ સર્વ) વિપ્રોને (આપ્યું), કારણ કે તેઓ જ ઉત્તમ પ્રકારે પૂરું કરનારા છે. 'રાજા' હોવાથી ધનવાન (હતો). વિધિપૂર્વક આપેલું ફલ પ્રાપ્ત કરાવનારું થાય છે, તેથી તે (ફલની પ્રાપ્તિ) માટે, 'વિધિ જાણનારાઓમાં ઉત્તમ' એમ કહેલું છે. ૧૩.

એ પ્રમાણે શહેર અને કન્યા દોષ વિનાના હોવાનું જણાવીને, વચમાં જેઓને કાઢી મૂકવાના છે તેઓને ભગવાનના ગુણોથી જ કાઢી મૂકવાના છે એમ જણાવવા તેઓના વૃત્તાંત નીચેના શ્લોકથી આરંભી છ શ્લોકોથી કહે છેઃ

**એવં ચેદિપતી રાજા દમઘોષઃ સુતાય વૈ ।।**
**કારયામાસ મન્ત્રજ્ઞૈઃ સર્વમભ્યુદયોચિતમ્ ।।૧૪।।**

એવી રીતે ચેદિપતિ રાજા દમઘોષ પુત્રને માટે મંત્ર જાણનારાઓ પાસે ઉદયને યોગ્ય સર્વ (કાર્ય) કરાવતો જ હતો. ૧૪.

---

*. જુદા જુદા પ્રસંગે કરવાની વિધિઓનું જેમાં નિરૂપણ છે તે વેદનું અંગ 'કલ્પ' કહેવાય છે.

૧. સોનું, રૂપું અને વસ્ત્રનાં દાન કર્યાં તેથી તેમના દેવતા અગ્નિ, સોમ અને ગંધર્વે કન્યા ઉપરથી પોતાનો અધિકાર ઉઠાવી લીધો, એવો અર્થ જણાય છે.

આરંભમાં વિવાહ સંસ્કાર હોવાથી, પિતા જ તેના સંસ્કારો કરતો હતો એમ જણાવે છે. જેમ રુક્મિણીના (સંસ્કાર) તેના પિતાએ કર્યા, એવી રીતે ચેદીપતિ દમઘોષે પણ પુત્ર શિશુપાલના હિત માટે, 'તેનો વિવાહ થશે જ' એવા 'વ' નિશ્ચયથી (ઉદયને યોગ્ય કાર્ય) કરાવ્યાં. 'રાજા' શબ્દથી તેનું પણ સામર્થ્ય (જણાવેલું છે). 'દમઘોષ' શબ્દથી (એમ કહેલું છે કે તેનામાં) દમ એટલે શાંતિનો ઘોષ જ હતો, પરંતુ તેનામાં શાંતિ ન હતી. શાંતિ વગરનાએ કરેલું (કાર્ય) સફલ થતું નથી અથવા સિંહની[1] પેઠે અક્ષરોનો ફેરફાર કરવો (એટલે) 'મદઘોષ' એવો અર્થ (થાય) છે. તેથી ગાંડપણને લીધે ભગવાનનો વિચાર કર્યા વિના તેણે તેમ ઉદયને યોગ્ય જ (કર્મ) કર્યું, પરંતુ ઉદયવાળું (કર્મ) ન કર્યું. ૧૪.

એવો ઉન્મત્ત સેનાવાળો શહેર (કુંડિન) તરફ ગયો એમ કહે છેઃ

**મદચ્યુદ્ભિર્ગજાનીકૈઃ સ્યન્દનૈર્હેમમાલિભિઃ ।।**
**પત્ત્યશ્વસંકુલૈઃ સૈન્યૈઃ પરીતઃ કુણ્ડિનં યયૌ ।।૧૫।।**

મદ ઝરતા હાથીઓની સેનાઓ, સુવર્ણની માલાઓવાળા રથો, પાયદળ અને ઘોડેસ્વારથી ભરપૂર સૈન્યોથી વીંટાએલો તે કુંડિન ગયો. ૧૫.

(૧) સાઠ વર્ષના મદ ઝરતા હાથીઓ (હતા). હાથીઓ સેનારૂપ હતા એમ જણાવવા તે પ્રમાણે કહેલું છે. વળી (૨) સુવર્ણની માલાઓવાળા રથો હતા. (૩) પાયદળ અને (૪) ઘોડેસ્વારો. એ પ્રમાણે ચાર અંગવાળી સેના સહિત યુદ્ધ (કરવા) માટે જ તે કુંડિનપુર ગયો, પરંતુ વિવાહ માટે ગયો ન હતો. નહિ તો (વિવાહ માટે ગયો હોત તો) વિવાહની સામગ્રી પણ લઈ જાત. ૧૫.

ભવિષ્યમાં તેને ભગાડી મૂકવા માટે, નીચેના શ્લોકમાં આરંભમાં (તેનું) સન્માન (કર્યું) તે કહે છેઃ

**તં વૈ વિદર્ભાધિપતિઃ સમભ્યેત્યાભિપૂજ્ય ચ ।।**
**નિવેશયામાસ મુદા કલ્પિતે વાધિવેશને ।।૧૬।।**

વિદર્ભના અધિપતિએ નક્કી તેની પહેલાં જઈ અને પૂજા કરીને, આનંદથી બનાવેલા ઉતારામાં મુકામ કરાવ્યો. ૧૬.

વિદર્ભ દેશના અધિપતિ (એટલે) વધારે નહિ જાણનારાએ નક્કી 'સમભ્યેત્ય' તેની પહેલાં જઈ, જેમ ઘેર આવનારની પૂજા કરવી જોઈએ તેમ પૂજા કરીને, 'ચ' 'અને' શબ્દ હોવાથી વધારે (કાંઈ) નહિ કરીને, 'મુદા' આનંદથી બનાવેલા ઉતારામાં (મુકામ કરાવ્યો), પરંતુ કુદરતી ઉત્તમ (ઉતારામાં મુકામ કરાવ્યો)

૧. હિનસ્તિ હિંસા કરે છે તે સિંહ. 'હિંસ્' ધાતુ ઉપરથી અક્ષરોનો ફેરફાર કરવાથી 'સિંહ' શબ્દ થયો છે, તેમ અક્ષરોનો ફેરફાર કરવાનો છે, એટલે 'દમઘોષ'ને બદલે 'મદઘોષ' નામ થાય.

નહિ, અથવા 'આ' એટલે થોડા બનાવેલા (ઉતારા)માં, અથવા 'અકલ્પિતે' નહિ બનાવેલા વાડી વિગેરેમાં (તેનો) મુકામ કરાવ્યો. ૧૬.

ત્યાં જ બધા દુષ્ટો ભેગા થયા, એમ નીચેના શ્લોકોમાં કહે છેઃ

**તત્ર શાલ્વો જરાસંધો દન્તવક્રો વિદૂરથઃ ॥**
**આજગ્મુશ્ચૈદ્યપક્ષીયાઃ પૌણ્ડ્રકાદ્યાઃ સહસ્રશઃ ॥૧૭॥**
**કૃષ્ણરામદ્વિષો યત્તાઃ કન્યાં ચૈદ્યાય સાધિતુમ્ ॥**
**યદ્યાગત્ય હરેત્કૃષ્ણો રામાદ્યૈર્યદુભિર્વૃતઃ॥૧૮॥**
**યોત્સ્યામઃ સંહતાસ્તેન ઈતિનિશ્ચિતમાનસાઃ ॥**
**આજગ્મુર્ભૂભુજઃ સર્વે સમગ્રબલવાહનાઃ ॥૧૯॥**

ત્યાં શાલ્વ, જરાસંધ, દંતવક્ર, વિદૂરથ, પૌંડ્રક વિગેરે હજારો શિશુપાલના પક્ષવાળાઓ, શ્રીકૃષ્ણ અને બલભદ્રના શત્રુઓ શિશુપાલને કન્યા પ્રાપ્ત કરાવવા પ્રયાસ કરનારા આવ્યા. 'જો બલભદ્ર વિગેરે યાદવોથી વીંટાએલા શ્રીકૃષ્ણ આવીને (કન્યાનું) હરણ કરે તો (આપણે) એકઠા થઈ તેમની સાથે યુદ્ધ કરશું' એ પ્રમાણે મનમાં નિશ્ચય કરેલા બધા રાજાઓ (પોતાનાં) બધાં સૈન્ય અને વાહનો સાથે આવ્યા. ૧૭-૧૮-૧૯.

વિદૂરથ દંતવક્રનો ભાઈ હતો. ચાર મુખ્ય (શિશુપાલના પક્ષવાળાને) કહેલા છે. બીજા પણ શિશુપાલના પક્ષવાળાઓ આવ્યા; અને પૌંડ્રક એટલે મિથ્યાવાસુદેવ વિગેરેએ પણ ત્યાં જ મુકામ કર્યો. તેઓ એક સ્થલે રહ્યા તેનું કારણ તેમનો મુખ્ય ગુણ 'શ્રીકૃષ્ણ અને બલભદ્રના શત્રુઓ' શબ્દથી કહેલો છે, કારણ કે તેઓએ આવીને બીજું કાંઈ કાર્ય કરવાનું ન હતું. 'આપણે એકલા યુદ્ધ કરવા શક્તિવાળા નથી, હરકોઈ મિષથી ભગવાનને જીતવા જોઈએ' તે માટે, અને શિશુપાલ ઉપર પોતાનો ઉપકાર જણાવવા માટે, અરિમિત્ર (શત્રુનો શત્રુ મિત્ર એ) ન્યાય પ્રમાણે આવ્યા, એમ 'શિશુપાલને કન્યા પ્રાપ્ત કરાવવા પ્રયાસ કરનારા થઈ આવ્યા' શબ્દોથી કહેલું છે.

'(વરને) બોલાવીને કન્યા આપવાની છે. (શિશુપાલને આપશે) તેમાં શું સંદેહ ?' એવી શંકા થાય, તેથી 'જો (બલભદ્ર વિગેરે યાદવોથી વીંટાએલા શ્રીકૃષ્ણ) આવીને...' કહેલું છે. ભગવાને તેઓના હૃદયમાં તેમજ જણાવેલું, કારણ કે શ્રીકૃષ્ણ સ્ત્રીઓનું હિત કરનારા છે. 'બલભદ્ર વિગેરે યાદવો સહિત આવીને (શ્રીકૃષ્ણ) જો હરણ કરશે તો (આપણે) યુદ્ધ જ કરશું', પરંતુ બીજું સામર્થ્ય (આપણામાં) નથી, એવો ભાવ છે. (ભેગા થઈને યુદ્ધ કરશું) એવા નિશ્ચયવાળું મન છે જેઓનું તેવા (તેઓ હતા); તેથી જ બધા સમર્થ સૈન્ય અને વાહનોવાળા થઈને આવ્યા.

'રાજાઓ' શબ્દથી (એમ જણાવ્યું છે કે) તેઓને તે સંપત્તિ કુદરતથી પ્રાપ્ત થએલી હતી. ૧૭-૧૮-૧૯.

આ વાત પ્રસિદ્ધ થઈ એમ જણાવવા, ભગવાને કહેલ ન હોવા છતાં બલભદ્ર વિગેરે આવ્યા, એમ નીચેના બે શ્લોકથી કહે છેઃ

**શ્રુત્વૈતદ્ભગવાન્ રામો વિપક્ષીયબલોદ્યમમ્ ।।**
**કૃષ્ણં ચૈકં ગતં હર્તું કન્યાં કલહશઙ્કિતઃ ।।૨૦।।**
**બલેન મહતા સાર્ધં ભ્રાતૃસ્નેહપરિપ્લુતઃ ।।**
**ત્વરિતઃ કુણ્ડિનં પ્રાગાદ્ગજાશ્વરથપત્તિભિઃ ।।૨૧।।**

સામા પક્ષવાળાઓના સૈન્યનો આ પ્રયાસ સાંભળીને અને શ્રીકૃષ્ણ એકલા કન્યાનું હરણ કરવા ગયા છે એ સાંભળીને કજીઓ થશે એમ નિશ્ચય કરીને, ભાઈના સ્નેહથી તરબોળ થએલા ભગવાન્ રામ હાથી, ઘોડેસ્વાર, રથ અને પાયદળવાળા મોટા સૈન્ય સાથે ઉતાવળથી કુંડિન આવ્યા. ૨૦-૨૧.

સાંભળેલું સત્ય હતું એમ 'ભગવાન્' શબ્દથી (જણાવેલું છે). 'રામ' એટલે સાધનરૂપ[1]. વળી ભગવાન્ એકલા જ કન્યાનું હરણ કરવા ગયા હતા, તેથી કજીઓ થશે એવી તેમને શંકા થઈ. કજીઓ થશે એવો નિશ્ચય કરીને, મોટા સૈન્ય સાથે તે ઉતાવળથી કુંડિન આવ્યા.

'ભગવાન્ (યુદ્ધમાં જીતશે તે) વિષે શું સંદેહ હોય ? શા માટે (રામ) એ પ્રમાણે (કુંડિન) ગયા ?' એવી શંકા થાય, તેથી 'ભાઈના સ્નેહથી તરબોળ થએલા' વિશેષણ યોજેલું છે. લૌકિકની દૃષ્ટિ પ્રમાણે અને સ્નેહને લીધે ગયા, એવો અર્થ છે. ૨૦-૨૧.

એ પ્રમાણે બધી ગોઠવણનું વર્ણન કરીને, ઘણી જ ઈચ્છા થાય ત્યારે જ ભગવાન્ પધારતા હોવાથી, નીચેના શ્લોકથી આરંભી સાડાસાત શ્લોકોથી રુક્મિણીની (ભગવાન્ પધારે એવી) ઈચ્છાનું નિરૂપણ કરે છેઃ

**ભીષ્મકન્યા વરારોહ કાઙ્ક્ષન્ત્યાગમનં હરેઃ ।।**
**પ્રત્યાપત્તિમપશ્યન્તી દ્વિજસ્યાચિન્તયત્તદા ।।૨૨।।**

હરિના પધારવાની રાહ જોતી સુંદર નિતંબવાળી ભીષ્મકની કન્યા બ્રાહ્મણની પ્રત્યાપત્તિ નહિ જોતાં, તે સમયે (નીચે પ્રમાણે) વિચાર કરવા લાગી. ૨૨.

(રુક્મિણી) 'ભીષ્મકની કન્યા' હોવાથી સ્વતંત્રપણાથી રહી શકતી ન હતી; કારણ કે તે પિતા ભયાનક હતો અને કન્યા સ્વતંત્ર હોતી નથી. કન્યા હોવાથી જ

૧. રમણ કરાવે તે 'રામ' એ વ્યુત્પત્તિ પ્રમાણે રમણના સાધનરૂપ છે.

લોકમાં નિંદા થતી ન હતી. 'સુંદર નિતંબવાળી' વિશેષણથી ભોગ (કરવા) યોગ્ય અવસ્થા જણાવેલી છે, તેથી (કન્યાનું શિશુપાલને) દાન થયા પછી તરત જ સર્વનાશ (થવાનું) સૂચવેલ છે. તેથી ઘણી દુઃખી થએલી, બીજો ઉપાય નહિ મળતાં, હરિ એટલે સર્વ દુઃખ હરનારના જ પધારવાની રાહ જોતી થઈ. પછી પોતાની પ્રત્યાપત્તિ નહિ જોતાં તે સમયે 'દ્વિજસ્ય' એટલે દ્વિજનું ચિંતન કરવા લાગી, અથવા દ્વિજની પ્રત્યાપત્તિ (નહિ જોતાં વિચારવા લાગી). 'પ્રત્યાપત્તિ' એટલે 'પોતાનાં સ્થાનથી ભ્રષ્ટ થએલાને પાછી પોતાનાં સ્થાનની પ્રાપ્તિ થાય તે'. (રુક્મિણી) પોતે પણ ભગવાન્ પાસેથી વિખૂટી પડેલી હતી, અને ફરી ભગવાનની પ્રાપ્તિ નહિ થતાં, (ભગવાનની) પ્રાપ્તિ કરાવનાર બ્રાહ્મણનો જ વિચાર કરતી હતી. ૨૨.

તે ગુણોથી પણ અધિક હતી એમ જણાવવા, નીચેના શ્લોકથી આરંભી સાડાત્રણ શ્લોકોથી તેની ચિંતાનું નિરૂપણ કરે છેઃ

**અહો ત્રિયામાન્તરિત ઉદ્વાહો મે ડલ્પરાધસઃ ।।**
**નાગચ્છત્યરવિન્દાક્ષો નાહં વેદ્મ્યત્ર કારણમ્ ।।**
**સોડપિ નાવર્તતેડદ્યાપિ મત્સંદેશહરો દ્વિજઃ ।।૨૩।।**

અહો! અલ્પ ભાગ્યવાળીનો મારો વિવાહ રાત પછી જ થવાનો છે. કમલનયન પધારતા નથી, આનું કારણ હું જાણતી નથી. હજી સુધી પણ મારો સંદેશ લઈ જનાર તે બ્રાહ્મણ પણ પાછો આવ્યો નથી. ૨૩.

'ત્રિયામા' એટલે રાત. તે (રાત) પછી જ વિવાહ થવાનો છે. એક જ રાત (અત્યારના સમય અને વિવાહની) વચ્ચે છે, એવો અર્થ છે. 'ત્રિયામા[૧]' કહી, તેથી થોડો સમય (બાકી) હોવાનું સૂચવેલું છે. તેથી આવતા દિવસે મોટો પ્રલય જ (થવાનો) છે એવી ચિંતા છે. 'અલ્પ ભાગ્યવાળીનો' એટલે થોડું (ભાગ્ય) પ્રાપ્ત કરેલીનો, જો ઘણું ભાગ્ય પ્રાપ્ત કરેલું હોત, તો ઈચ્છેલું (કાર્ય) તરત જ પાર પડત. (ભાગ્ય સંબંધી) સંદેહને લીધે 'અલ્પ' શબ્દ કહેલો છે. 'કમલનયન પધારતા નથી' શબ્દોથી ચિંતાનો બીજો ભારે વિષય કહેલો છે. ('કમલનયન' એટલે) દૃષ્ટિથી જ દુઃખનો નાશ કરનાર. (તે પધારતા નથી), આનું કારણ હું જાણતી નથી.

'પધારવાનો સમય થયો નથી. એ પ્રમાણે ચિંતા કેમ કરે છે ?' એવી શંકા થાય, તેથી 'તે બ્રાહ્મણ પણ પાછો આવ્યો નથી' એમ કહેલું છે. બ્રાહ્મણ આવ્યો હોત તો ભગવાન્ પધારે છે એમ જાણવામાં આવતાં ચિંતા ન થાત. વળી પધારવાનો

૧.'યામ' એટલે ત્રણ કલાકનો સમય. ત્રણ યામના નવ કલાક થાય. તેથી રાતના બાર કલાકને બદલે નવ કલાકના સમયવાળો 'ત્રિયામા' શબ્દ યોજ્યો, તેથી સમય થોડો જ બાકી હોવાનું સૂચવ્યું.

સમય નજીક છે. તેથી ભગવાન્ પધારવાના નથી એવો એક પ્રકારનો નિર્ણય થાય તો મારી માંદગી ઉત્પન્ન કરવી જોઈએ, કે જેથી આવતી કાલે વિવાહ ન થાય.

'અપિ' '(બ્રાહ્મણ) પણ' શબ્દથી (એમ સૂચવેલ છે કે) ભગવાને બીજો (સંદેશનો ઉત્તર લાવનાર) મોકલ્યો હોય, તે પણ (ઉત્તર લાવેલ નથી). 'અદ્યાપિ' 'હજી સુધી' શબ્દથી (એમ જણાવ્યું છે કે) સમય નજીક આવ્યો છે.

'બ્રાહ્મણો ક્યાંક તપ કરતા હશે. તેમના આવવામાં નિયમ કેવો ?' એવી શંકા થાય, તેથી 'મારો સંદેશ લઈ જનાર' વિશેષણ યોજેલું છે. જે સંદેશ લઈ જાય છે (તે પાછો ઉત્તર આપવા આવવો જ જોઈએ). તેમાં પણ 'દ્વિજઃ' બ્રાહ્મણ એટલે સત્ય બોલનાર. બીજો જન્મ સત્ય (બોલવા)માટે જ (ધારણ કરે છે). ૨૩.

નીચેના શ્લોકમાં તે વિષયના કારણની પોતે જ કલ્પના કરે છેઃ

**અપિ મય્યનવદ્યાત્મા દૃષ્ટ્વા કિઞ્ચિજ્જુગુપ્સિતમ્ ।।**
**મત્પાણિગ્રહણે નૂનં નાયાતિ હિ કૃતોદ્યમઃ ।।૨૪।।**

એમ હશે કે મારો હાથ ગ્રહણ કરવાની તૈયારી કરેલા દોષરહિત (ભગવાન્) જરુર મારામાં કાંઈક દૂષણ જાણીને આવતા નથી. ૨૪.

'અપિ' 'એમ હશે' શબ્દ અટકળ દર્શાવવા યોજેલ છે. ભગવાન્ દોષરહિત છે. આરંભમાં મારો હાથ ગ્રહણ કરવાની તૈયારી કરીને પણ, બ્રાહ્મણને પણ '(મારી) સાથે લઈ જઈશ' એવા વિચારથી (પોતાની પાસે) રાખીને, ભાઈ તરફના પક્ષપાતરૂપ, અથવા તે(વા પક્ષપાતનું) કારણ બનેલ પહેલાંના જન્મમાં થએલ (મારું) કાંઈક દૂષણ જોઈને પછી આવ્યા નહિ. તેથી ઝડપથી આવવાની શક્તિ વિનાનો બ્રાહ્મણ પણ આવ્યો નથી, એવું (થયું હશે). 'મારો હાથ ગ્રહણ કરવાની તૈયારી કરેલા હોવા છતાં જરુર આવતા નથી' શબ્દોથી તે અર્થ કહેલો છે. ૨૪.

'કેટલીક દોષવાળી (કન્યા)ઓ પણ પરણવામાં આવે છે, કારણ કે સર્વ પ્રકારે દોષ વિનાની હોતી નથી. તેમ (સર્વ પ્રકારે દોષ વિનાની જ પરણાતી) હોય તો (ભગવાન્) કોઈને પણ પરણે નહિ' એવી શંકા થાય, તો તે સત્ય છે. ત્યાં (દોષવાળી કન્યાઓમાં) અદૃષ્ટ (પરણવાની) પ્રેરણા કરાવનારું હોય છે. મારે તો તેવું પણ નથી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**દુર્ભગાયા ન મે ધાતા નાનુકૂલો મહેશ્વરઃ ।।**
**દેવી વા વિમુખા ગૌરી રુદ્રાણી ગિરિશા સતી ।।૨૫।।**

મને દુર્ભાગિનીને બ્રહ્મા અનુકૂલ નથી, મહેશ્વર અનુકૂલ નથી, અથવા દેવી ગૌરી એટલે રુદ્રની પત્ની સતી ગિરિશા મારાથી વિમુખ છે. ૨૫.

(મારા) પતિ તો શ્રીકૃષ્ણ જ છે. (જો તે) નહિ પધારે તો હરકોઈ પ્રકારે ગાભરી થએલી પણ ત્યાં (તેમની પાસે) જઈશ, કારણ કે બ્રહ્માએ (મારા) પતિ તરીકે ભગવાનને જ નક્કી કરેલા છે. પરંતુ દુર્ભાગિની થઈશ. તેથી દુર્ભાગિની થાઉં તેવું (મારું) ભાગ્ય હોવાથી, બ્રહ્મા પણ (મને) અનુકૂલ થયા નથી. જો (બ્રહ્મા) અનુકૂલ હોત તો તો હમણાં જ ભગવાન્ પધારત, (અને) તેથી (હું) દુર્ભાગિની પણ ન થાત.

'સૌભાગ્ય શિવને અધીન છે, અથવા પાર્વતીને અધીન છે' એવી શંકા થાય, તેથી 'મહેશ્વર અનુકૂલ નથી' એમ કહેલું છે. અથવા દેવતારૂપ દુર્ગા, (તેની) આરાધના કરેલી નહિ હોવાથી (મારાથી) વિમુખ છે, કારણ કે તે ગૌરી એટલે ગુરુની પત્ની છે, (અને) ગુરુ ઉપદેશ કરે છે, (જ્યારે) તેમની શક્તિ ભાગ્ય પ્રાપ્ત કરાવે છે. 'રુદ્રની પત્ની (ગિરિશા)' શબ્દથી તે જ સંબધ પ્રકટ કરે છે, કારણ કે રુદ્ર ગુરુ છે, અને (ગૌરી) પોતે ગિરિશા છે. 'સતી' એ શબ્દથી તેના પતિવ્રતપણાનું બલ પણ સૂચવેલું છે. ૨૫.

એવી રીતે ચિંતામાં કેટલોક સમય વીત્યો ત્યારે વધારે ચિંતા થવા મંડી, એટલે તે (ચિંતા)નો નાશ કરનારું શુકન થયું એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**એવં ચિન્તયતી બાલા ગોવિન્દહૃતમાનસા ।।**
**ન્યમીલયત કાલજ્ઞા નેત્રે ચાશ્રુકલાકુલે ।।૨૬।।**

એવી રીતે વિચાર કરતી, ગોવિંદથી હરાએલાં મનવાળી, કાલ જાણનારી બાલાએ આંસુનાં બિંદુથી ભરાએલાં (પોતાનાં) નેત્રો મીંચી દીધાં. ૨૬.

'બાલા' એટલે મુગ્ધા, અને તે પણ ગોવિંદથી હરાએલાં મનવાળી હતી. (તે) વિહ્વલ થતાં, રૂદન આવવા મંડ્યું ત્યારે, જેનું મંગલ કરાએલું (વંચાએલું) છે તેવી (સ્ત્રી)એ તે (રૂદન) કરવું યોગ્ય નહિ હોવાથી, આંસુનાં બિંદુથી ભરાએલાં (પોતાનાં) નેત્રો તેણે મીંચી દીધાં.

'આવી સ્થિતિમાં રૂદન યોગ્ય છે, તેથી (નેત્રો) કેમ મીંચી દીધાં ?' એવી શંકા થાય, તેથી 'કાલ જાણનારી' વિશેષણ યોજેલું છે. (નેત્રો મીંચી દીધાં). કારણ કે 'આ શુભ કાલ છે' એમ તે ગ્રહો અનુકૂલ હોવાથી જાણતી હતી. તેથી ભગવાન જ પધારશે એવો નિશ્ચય કરીને, તેણે તેમ કર્યું (નેત્રો મીંચી દીધાં), એવો અર્થ છે. ૨૬.

વળી માત્ર કાલના જ્ઞાનને લીધે જ તે શાંત રહી ન હતી, પરંતુ અવયવોના સ્ફુરવાથી તેને શુકન પણ થયાં, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**એવં વધ્વાઃ પ્રતીક્ષન્ત્યા ગોવિન્દાગમનં નૃપ ।।**

**વામ ઊરુર્ભુજો નેત્રમસ્ફુરન્ પ્રિયભાષિણઃ ।।૨૭।।**

હે નૃપ ! એ પ્રમાણે પરણનારી રુક્મિણી ગોવિંદના પધારવાની રાહ જોતી હતી ત્યારે, પ્રિય સૂચવનારાં ડાબા (અંગના) સાથળ ભુજા અને નેત્ર ફરક્યાં. ૨૭.

'વધૂઃ' એટલે જેના વિવાહનો સમય આવેલ છે તેવી (પરણનારી), અથવા સર્વ તરફથી જેનું રક્ષણ થાય છે તેવી (તે) ગોવિંદના પધારવાની રાહ જોતી હતી ત્યારે ઉત્તરાર્ધમાં જણાવેલ શુકન થયું. (શરીર) ડાબા (ભાગ)માં સાથળ ભુજા અને નેત્ર ફરક્યાં. ડાબા અંગમાં સાથળ વિગેરે ત્રણનું ફરકવું સ્ત્રીઓને શુભ સૂચવનારું છે. 'પ્રિય સૂચવનારાં' એ ત્રણેનું વિશેષણ છે. શુભ સૂચવનારાં એવો (તેનો) અર્થ છે. આ હરકોઈનો (ગુણ) દર્શાવનાર હોવાથી, તે નપુંસક જાતિનું[1] નથી અથવા આ (સાથળ વિગેરે ત્રણ) પ્રિય બોલનારના સંબંધવાળાં (ફરક્યાં), એટલે હું પ્રિય (વૃત્તાંત) સાંભળીશ, એવો ભાવ છે. ૨૭.

તે પછી તરત જ બ્રાહ્મણ આવ્યો, એમ પછી નીચેના શ્લોકમાં કહે છેઃ

**અથ કૃષ્ણવિનિર્દિષ્ટઃ સ એવ દ્વિજસત્તમઃ ।।**
**અન્તઃપુરચરીં દેવીં રાજપુત્રીં દદર્શ હ ।।૨૮।।**

પછી શ્રીકૃષ્ણે મોકલેલો તે જ ઉત્તમ દ્વિજ અંતઃપુરમાં રહેનારી દેવી રાજપુત્રીને મળ્યો. ૨૮.

જો તે (બ્રાહ્મણ)નું તે જ સમયે આવવાનું કાકતાલીય[1] હોય, તો તે ભગવાન્ માટે જ રાહ જોતી હતી એવું વર્ણન કર્યું છે, એમ ન થાય. તેથી તેમ (બ્રાહ્મણનું તે જ સમયે આવવાનું કાકતાલીય) ન હતું એમ જણાવવા, 'જેમણે મારા માટે લોકના ધર્મો તજ્યા છે' (શ્રીમદ્ભાગવત ૧૦।૪૩।૪) વાક્ય પ્રમાણે ભગવાને જ તે સમયે (તેને) મોકલ્યો, એમ 'શ્રીકૃષ્ણે મોકલેલો' વિશેષણથી કહેલું છે. બંને પ્રકારના[2] તેમના (શ્રીકૃષ્ણના) નિશ્ચયને લીધે ખાસ તે આવ્યો એમ (કહેલું છે). જુદો આરંભ દર્શાવનારો 'અથ' 'પછી' શબ્દ પણ ભગવાને જ તેમ કર્યું (તેને

---

૧. 'ઊરુઃ' સાથળ 'ભુજઃ' ભુજ એ બે નરજાતિના શબ્દો છે, અને 'નેત્રમ્' નેત્ર નપુંસક છે તેથી વ્યાકરણના નિયમ પ્રમાણે ત્રણેનું એક વિશેષણ હોય તો તેનું નપુંસક રૂપ થવું જોઈએ, 'પ્રિયભાષિણઃ' ત્રણેનું વિશેષણ હોવા છતાં નરજાતિનું છે, તેથી આ ખુલાસો કરેલો છે. ઘણીવાર જે જાતિના શબ્દો વધારે હોય તે જાતિવાળું વિશેષણનું રૂપ લેવાય છે.

૧. કાગડાને તાડ ઉપર બેસવું અને તાડનું પડવું એક જ સમયે થાય તે અકસ્માત છે, કારણ કે કાગડાના ભારથી તાડ પડે જ નહિ. તેથી 'કાકતાલીય' એટલે 'અકસ્માતથી થએલું' એવો અર્થ છે.

૨. પાછળ શ્લોક ૩માં જણાવેલ રાજાઓને નસાડવાનો અને રુક્મિણીનું હરણ કરવાનો એવા બે પ્રકારના નિશ્ચયને લીધે.

મોકલ્યો) એમ જણાવવા યોજેલો છે. 'ઉત્તમ દ્વિજ'નો અર્થ (નીચે પ્રમાણે):- ભગવાનનો ભક્ત ઘણો જ પ્રિય છે. તેથી તેનાથી સર્વ દુ:ખો દૂર થાય તે યોગ્ય જ છે. દ્વિજ જ મિત્ર છે, તેમાં પણ સંદેશ લઈ જનારો વધારે સારો (મિત્ર) છે, અને તેમાં પણ ત્યાં (ભગવાન્ પાસે) ગએલો, ભગવાનની મિત્રતા પ્રાપ્ત કરેલો ઉત્તમ[3] હોય છે, તેથી જ અંતઃપુરમાં રહેનારી હોવા છતાં રાજપુત્રીને તે પોતે જ મળ્યો. (રુક્મિણીએ કરેલાં) ભગવાનનાં ચિંતનને લીધે, તેમના (ભગવાનના) આવેશથી તે દેવતા[4] જ થઈ. જેવા બ્રાહ્મણમાં ત્રણ ગુણો હતા, તેવા તેનામાં પણ હતા. આધ્યાત્મિક વિગેરે ત્રણ (રુક્મિણીના ગુણો કહેવા માટે (તેનાં) ત્રણ વિશેષણો (કહેલાં) છે. 'હ' શબ્દ આશ્ચર્ય દર્શાવવા યોજેલો છે. ૨૮.

પછી જે થયું તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**સા તં પ્રહૃષ્ટવદનમવ્યગ્રાત્મગતિં સતી ।।**
**આલક્ષ્ય લક્ષણાભિજ્ઞા સમપૃચ્છચ્છુચિસ્મિતા ।।૨૯।।**

તે લક્ષણ જાણનારી સતીએ તેને હર્ષ પામેલ મુખવાળો અને ગભરાટ વિનાની ચાલવાળો જોઈને, શુદ્ધ હાસ્યવાળી થઈ પ્રશ્ન કર્યો. ૨૯.

મનથી વિચારવાનું ક્યાં અને પદાર્થની પ્રાપ્તિ ક્યાં ? તેથી તેવા દુર્લભ હોય તેમ (વિચારતાં જ આવી પહોંચેલા) તેને જોઈને તેણે (રુક્મિણીએ) પ્રશ્ન કર્યો.

'(બ્રાહ્મણના) અંગની ચેષ્ટાઓના જ્ઞાનથી જ તેણે નિશ્ચય કેમ ન કર્યો ?' એવી શંકા થાય, તેથી 'હર્ષ પામેલ મુખવાળો...' કહેલ છે. બ્રાહ્મણના બે ગુણો જોઈને, (૧) (ભગવાને) વિવાહ (કરવા)નો સ્વીકાર કરેલ છે અને (૨) પધારવાના છે એમ તેણે જાણ્યું; કારણ કે (૧) મુખ ઉપરના હર્ષથી (વિવાહનો) સ્વીકાર (અને) (૨) ધીરે ધીરે (તેના) આવવાથી બીજું કાંઈ (કાર્ય) કરવાનું નથી એમ સૂચવનારી (ભગવાનની) પધરામણી (જણાયાં). તેને પણ લક્ષણથી જ્ઞાન થવાનાં બે કારણો 'લક્ષણ જાણનારી સતી' શબ્દોથી કહેલાં છે. (તેને) પતિવ્રતપણાનાં ધર્મને લીધે અને શાસ્ત્રથી પણ (તેવું) જ્ઞાન (થયું).

આ (ઉપર વર્ણવેલ જ્ઞાન) અનુમાનથી થએલું હતું, જાણેલું ન હતું, તેથી (તે) જાણવા છતાં સત્ય (ચોક્કસ) નિર્ણય થાય તે માટે પ્રશ્ન કર્યો. 'શુદ્ધ હાસ્ય (વાળી થઈ)' કારણ કે હર્ષને લીધે મંદ હાસ્ય થયું, અને બ્રાહ્મણ તરફ તે (હાસ્ય) શુદ્ધ જ હોય. અથવા '(વિપ્રે) ઈચ્છેલું પ્રાપ્ત કરાવેલ હોવાથી લૌકિક (પુરુષો) જેવું

૩. (૧) દ્વિજ હોવાથી મિત્ર (સત્) છે. (૨) સંદેશ લઈ જનારો હોવાથી તેથી વધારે સારો 'સત્તર' છે અને (૩) ભગવાનની મૈત્રી પ્રાપ્ત કરેલો હોવાથી 'સત્તમ' છે.

૪. આ 'દેવી' શબ્દનો અર્થ કરેલો છે.

હાસ્ય હશે' એવી શંકા થાય, તેથી તે દૂર કરવા (હાસ્યનું) શુદ્ધપણું કહેલું છે. ૨૯.

પછી નીચેના શ્લોકમાં બ્રાહ્મણે કહેલાં બે વચનો જણાવે છેઃ

**તસ્યા આવેદયત્ પ્રાપ્તં સરામં યદુનન્દનમ્ ।।**
**ઉક્તં ચ સત્યવચનમાત્મોપનયનં પ્રતિ ।।૩૦।।**

બલભદ્ર સહિત યદુનંદન પધારેલા (હોવાનું) અને (રુક્મિણીને) પોતાની પાસે લઈ જવાનું જે સત્યવચન કહેલું તે (તેણે) તેને કહ્યું. ૩૦.

ભગવાન્ પધારેલા હોવાનું કહ્યું. બીજા કોઈ માટે પણ પધારેલા હોવાનું સંભવે, તેથી તેમ ન હતું એમ જણાવવા ભગવાને જે કહેલું તે કહ્યું. લડાઈ થાય તો પણ ભય ન રહે અને તે (રુક્મિણી)નો મનોરથ પૂર્ણ થાય તે માટે 'બલભદ્ર સાથે' પધારેલા હોવાનું કહ્યું. તેમ કરવાનું (પધારવાનું) કારણ ભગવાનનો ભક્ત ઉપર કૃપા કરવાનો ગુણ હતો, એમ 'યદુનંદન' શબ્દથી કહેલું છે; કારણ કે પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર યદુને પણ (પોતાનો) ભક્ત હોવાને લીધે જેમણે આનંદ કરાવ્યો, તે (પોતાના) તે જ સ્વભાવને લીધે તને પણ આનંદ કરાવશે (એવો તેનો ભાવાર્થ છે).

'સ્ત્રીઓ પાસે, મશ્કરીમાં વિવાહમાં... (અસત્ય) નિંદાપાત્ર નથી' વાક્ય પ્રમાણે (ભગવાને) કદાચ અસત્ય કહેલું હોય, (તેથી) તેવું ન હતું એમ જણાવવા 'સત્ય વચન' શબ્દ યોજેલ છે. 'ચ' 'અને' શબ્દથી (એમ કહેલું છે કે) ભગવાને જે પોતાનો અભિપ્રાય (બ્રાહ્મણને) જણાવેલો, તે પણ (તેણે રુક્મિણીને) કહ્યું. માત્ર વિવાહ માટે જ (આવીશ એમ) નહિ, પરંતુ (મારી) પાસે લઈ જવા માટે (આવીશ) એટલે (મારી) પાસે જ લઈ જઈશ એટલે જેટલું ઈચ્છેલું તેટલું પ્રાપ્ત થશે. 'ઉપગમનમ્' પાઠ હોય ત્યારે પણ તે જ અર્થ થાય છે. ૩૦.

પછી જેના મનોરથ પૂરા થએલા છે તેવી તેણે તેને વર આપ્યો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તમાગતં સમાજ્ઞાય વૈદર્ભી હૃષ્ટમાનસા ।।**
**ન પશ્યન્તી બ્રાહ્મણાય પ્રિયમન્યન્નનામ સા ।।૩૧।।**

તેમને પધારેલા જાણીને મનમાં હર્ષ પામેલી તે વૈદર્ભી બ્રાહ્મણને પ્રિય (પોતે આપે તેવું) બીજું નહિ જોતાં (તેને) નમી. ૩૧.

ભગવાન્ પધારતાં, (વૈદર્ભી) પોતે ભગવાનની જ હોવાથી, તેણે (પોતાનું) સર્વ ભગવાનને સમર્પણ કરેલું હોવાથી, (પોતે) વૈદર્ભી[1] હોવાથી જ બ્રાહ્મણના કર્મને

૧. બ્રાહ્મણના (ભગવાનને લઈ આવવાના) કર્મને પશુ વિગેરેનાં દાનરૂપ તેનું ફલ આપીને સફલ કરી શકે તેમ ન હતું, કારણ કે તે 'વૈદર્ભી' હોવાથી કર્મનો તેને સંબંધ નહિ હોવાથી કર્મના ફલ

સફલ કરવાની ન હતી. 'મનમાં હર્ષ પામેલી' હોવાથી પોતાના માટે તેણે (બ્રાહ્મણ પાસે) કાંઈપણ માગ્યું નહિ કે જેથી કાંઈક (વૈદર્ભીને) આપીને પણ તે સંતોષ[2] પામે. જેણે મોક્ષ આપનાર[3] પણ (પોતાને) આપ્યા, તેને આપવાનું શું હોય ? તેથી (આપે તેવું નહિ જોતાં નમી). 'બ્રાહ્મણને' શબ્દથી (એમ જણાવેલું છે કે) વૈભવ[4] પણ (તેને) આપવા યોગ્ય ન હતો. તેથી જ (નમસ્કાર વિના) બીજું તેને પ્રિય (પોતે આપી શકે તેવું) નહિ હોવાથી તે નમી, કારણ કે નમસ્કાર કરવો એટલી સારા પુરુષોની વિદ્યા છે. જ્યાં કાંઈ પણ બદલો (વળાય તેમ) ન હોય ત્યાં નમસ્કાર કરવા એવી (વિદ્યા છે). વળી ભગવાન્ બ્રાહ્મણ જેમના દેવ છે તેવા છે, તેથી ભગવાનનાં પત્ની બ્રાહ્મણને નમસ્કાર કરે તે યોગ્ય જ છે. તેથી જ્યાં જ્યાં આપવા યોગ્ય કાંઈ ન હોય ત્યાં સર્વ પ્રસંગે એમ જ કરવું એવું સાધન જણાવ્યું. ૩૧.

ભગવાન્ નગરમાં પધાર્યા (અને) બ્રાહ્મણ અંતઃપુરમાં આવ્યો. પછી (નગરમાં) પધારેલા (ભગવાન્ અને બલભદ્ર) પ્રતિ વિવાહની પહેલાં જે કરવા યોગ્ય હોય તે કહેવું જોઈએ તેથી, અથવા પિતા (કન્યાનું) દાન કરે તો (તેનું) હરણ (કરવું) યોગ્ય હોવાથી, બલાત્કારથી હરણ કરવામાં આવે તો પણ માબાપ દાન ન કરે તો (વિવાહ) ધર્મ પ્રમાણે કરેલો ન થાય તેથી (તેમનું) દાન જરુરી હોવાથી, પિતા દાન કરે અને (તે) કાર્ય છૂપું રહે તે માટે, ત્રણ શ્લોકોથી તેવી કથા કહે છેઃ

**પ્રાપ્તૌ શ્રુત્વા સ્વદુહિતુરુદ્વાહપ્રેક્ષણોત્સુકૌ ।।**
**અભ્યયાત્તૂર્યઘોષેણ રામકૃષ્ણૌ સમર્હણૈઃ ।।૩૨।।**

પોતાની પુત્રીનો વિવાહ જોવાની ઈચ્છાવાળા બલભદ્ર અને શ્રીકૃષ્ણને પધારેલા સાંભળીને, (ભીષ્મક) વાજીંત્રોના અવાજ (અને) પૂજાની સામગ્રી સાથે સામો ગયો. ૩૨.

---

તરીકે પશુ વિગેરે તે આપવાની (આપી શકે તેવી) ન હતી, એવો અર્થ છે. (લે) ગયા અધ્યાયના છવીસમા શ્લોકમાં શ્રીસુબોધિનીમાં 'વૈદર્ભી'ની વ્યુત્પત્તિ કરી છે તે જૂઓ.

૨. વૈદર્ભી મનમાં હર્ષ પામેલી હોવાથી, બીજું કાંઈ તેને જોઈતું નહિ હોવાથી પોતાના માટે વૈભવ વિગેરે કાંઈ તેણે બ્રાહ્મણ પાસે માગ્યું નહિ. જો કાંઈ માગ્યું હોત તો તે પોતાના આશિર્વાદથી આપીને તેની દક્ષિણા તરીકે પોતાને દ્રવ્ય મળશે એવા નિશ્ચયને લીધે બ્રાહ્મણ સંતોષ પામત. (લે)

૩. આ પ્રમાણે મોક્ષ આપનાર ભગવાન્ પણ જેણે પોતાને (લાવી) આપ્યા તેને આપવા યોગ્ય શું હોય ? એવો અર્થ છે. (લે)

૪. ગામ વિગેરેનું અધિપતિપણું એ વૈભવ. 'માણસોમાં રાજા' એ વાક્ય પ્રમાણે તે ભગવાનની વિભૂતિરૂપ હોવાથી આપવા યોગ્ય ગણાય, પરંતુ બ્રાહ્મણને તેની જરુર ન હોય; એવો અર્થ છે. (લે)

સંબંધીઓ હોવાથી પોતાની પુત્રીનો વિવાહ જોવાની ઈચ્છાવાળા થઈ બલભદ્ર અને શ્રીકૃષ્ણ પધારેલા છે એવો લોકમાં ભ્રમ ઉત્પન્ન કરીને, ભીષ્મક પોતે કન્યા આપવા જ આવ્યો. પોતાની પુત્રીના આ બે, એક પતિ અને બીજો જેઠ, એક વિવાહ કરવાની ઈચ્છાવાળો, અને બીજો (તે) જોવાની ઈચ્છાવાળો, એવા 'પ્રાપ્તૌ' એટલે 'પ્રકર્ષેણ' ઘણાં જ નિકટનાં 'આપ્તૌ' સગાં હતા. તેથી જ નહિ બોલાવેલા હોવા છતાં તેઓ આવેલા હતા. લોકમાં પણ તીવ્ર ઈચ્છાવાળાઓને બોલાવવામાં આવતા નથી. છતાં પણ પછી કરવાનું કાર્ય કરવું જોઈએ, તેથી વાજીંત્રોના અવાજ (અને) પૂજાની સામગ્રી સાથે (ભીષ્મક તેમની) સામે ગયો. શિશુપાલના સંબંધમાં તો પાછળ શ્લોક ૧૬માં કહ્યા પ્રમાણે તે પહેલાં ગએલો, પછી 'આભિમુખ્યેન' સામે આવનારની જેવી (પૂજા થાય તેવી) પૂજા કરી, અને જેમ તેમ ઉતારો આપ્યો. તે પ્રમાણે બધાયને કર્યું એમ આગળ(શ્લોક.૩૫ માં) કહેશે. વચમાં ભગવાનના સંબંધમાં તો ઉત્તમ પ્રકારે જેમ વરની સરભરા થાય છે તેમ કરે છે. ભગવાન્ પધારતાં જ વાજીંત્રો સાથે વરની પૂજા માટે ભેગાં કરેલાં દ્રવ્યો સાથે સામો આવ્યો. ૩૨.

**મધુપર્કમુપાનીય વાસાંસિ વિરજાનિ સઃ ।।**
**ઉપાયનાન્યભીષ્ટાનિ વિધિવત્સમપૂજયત્ ।।૩૩।।**

તેણે મધુપર્ક, રજ વિનાનાં વસ્ત્રો, ઈચ્છેલી ભેટો આપીને, વિધિ પ્રમાણે પૂજા કરી. ૩૩.

પછી મધુપર્ક[1] આપ્યું. પછી રજ વિનાનાં વસ્ત્રો આપ્યાં. 'વિરજાનિ' 'રજ વિનાનાં' વિશેષણથી કહેલું છે કે શોભા માટે[2] આપેલાં, દાનમાં આપેલાં ન હતાં. બીજાઓને તો પોતાની પ્રસિદ્ધિ (થાય તે) માટે રાજસ ગુણને લીધે આપવામાં આવે છે. તેથી (તે) વસ્ત્રો રજ વિનાનાં હોતાં નથી. ધોએલાં નવાં (વસ્ત્રો) તો બધાયને આપવામાં આવે છે, તેથી (એવો અર્થ હોય તો) વિશેષણ નકામું થાય. અથવા કન્યાનું દાન કરવા પહેલાં આખાં શુદ્ધ જ વસ્ત્રો આપ્યાં. 'ભેટો' શબ્દથી એમ કહેલું છે કે જે ભવિષ્યમાં આપવા યોગ્ય હતું તે પણ આપી દીધું. 'ઈચ્છેલી' એટલે વરવહૂએ ઈચ્છેલી. 'વિધિ પ્રમાણે' એટલે જેવો વિવાહનો વિધિ છે તે પ્રમાણે. ૩૩.

**તતો નિવેશનં શ્રીમદુપકલ્પ્ય મહામતિઃ ।।**
**સસૈન્યયોઃ સાનુગયોરાતિથ્યં વિદધે યથા ।।૩૪।।**

---

૧. 'મધુપર્ક' એટલે દહીં, ઘી, જલ, મધ અને સાકર એ પાંચનું મિશ્રણ. વર પરણવા આવે ત્યારે આરંભમાં મધુપર્ક તેને અપાય છે.

૨. 'રજ વિનાનાં' હોવાથી રજનો સંબંધ નહિ હોવાથી, સાત્ત્વિક ભાવથી શોભા થાય તે માટે ભગવાનને આપેલાં, એવો અર્થ છે. (લે)

પછી ઘણી બુદ્ધિવાળા (ભીષ્મકે) શોભીતો ઉતારો નજીકમાં આપીને સૈન્ય સહિત સેવકો સહિત (તેમની) યથાયોગ્ય પરોણાગત કરી. ૩૪.

પછી ઉતારો પણ જેવો જમાઈને આપવામાં આવે તેવો શોભીતો, 'ઉપ' નજીકમાં જ આપ્યો, કે જેથી ભગવાન્ રુક્મિણી સહિત નજીકમાં જ રહે.

'એવું તેણે કેવી રીતે જાણ્યું ?' એવી શંકા થાય, તેથી 'ઘણી બુદ્ધિવાળા' વિશેષણ યોજેલું છે. પછી વરની સાથે આવેલાઓને ભોજન પણ આપ્યું એમ ઉત્તરાર્ધથી કહેલું છે. સૈન્ય સાથે જમનારું હોતું નથી, સેવકો તો સાથે જમનારા હોય છે; તેથી દરેકની ધર્મબુદ્ધિથી અથવા (તેમ કરવું) જરુરી હોવાની બુદ્ધિથી પરોણાગત કરી. ૩૪.

ત્યાર પછી તે (વિવાહ જોવા) માટે (આવેલા) બીજા (રાજા)ઓની પણ પૂજા કરી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**એવં રાજ્ઞાં સમેતાનાં યથાવીર્યં યથાવયઃ ।।**
**યથાબલં યથાવિત્તં સર્વૈઃ કામૈઃ સમર્હયત્ ।।૩૫।।**

એ પ્રમાણે એકઠા થએલા રાજાઓનો તેઓનાં વીર્ય, વય અને સૈન્ય પ્રમાણે, પોતાના ધનના પ્રમાણમાં સર્વ કામનાઓથી સત્કાર કર્યો. ૩૫.

જેવા રૂપમાં જેવાં વસ્ત્રો જેવાં વય પ્રમાણે જોઈએ, તેવો વેશ કરાવ્યો. વળી જેટલી 'બલં' સેના હતી તેટલી અધિક સામગ્રી, પોતાનું જેટલું ધન હતું તેના પ્રમાણમાં આપી. એવી રીતે યોગ્ય પ્રકારે ચાર રીતે સત્કાર કર્યો.

રાજપત્નીને (રુક્મિણી ભગવાનને આપવામાં આવે તે) ગમતું હશે કે નહિ તેવો સંદેહ રહે, તેથી તે દૂર થાય તે માટે નીચેના શ્લોકથી આરંભી ત્રણ શ્લોકોથી કાયા, વાણી અને મનની સંમતિના ભેદથી સામાન્ય રીતે સ્ત્રીઓને ભગવાન્ ઘણા જ ઈષ્ટ હોવાનું કહેવામાં આવે છે. તે પૈકી નીચેના શ્લોકમાં કાયાથી સંમતિ દર્શાવે છેઃ

**કૃષ્ણમાગતમાકર્ણ્ય વિદર્ભપુરવાસિનઃ ।।**
**આગત્ય નેત્રાઞ્જલિભિઃ પપુસ્તન્મુખપઙ્કજમ્ ।।૩૬।।**

શ્રીકૃષ્ણને પધારેલા સાંભળીને વિદર્ભ નગરના રહેવાસીઓએ આવી, નેત્રનાં પોલાણથી તેમના મુખરૂપી કમલનું પાન કર્યું. ૩૬.

શ્રીકૃષ્ણ જે સ્વભાવથી જ સ્ત્રીઓને પ્રિય છે, જેમનાં દર્શન તેમના ઘેર જઈ કરવાં જોઈએ, તે પોતાના ઘેર પધારેલા હોય ત્યારે (તેમનાં) દર્શન કેમ ન કરે ? તેથી બધાએ વિદર્ભ નગરના રહેવાસીઓએ (પોતાનાં) નેત્રનાં પોલાણથી તેમના મુખરૂપી કમલનું પાન કર્યું (તેમના દર્શન કર્યાં). ૩૬.

નીચેના શ્લોકમાં તેઓનાં વચન કહે છેઃ

**અસ્યૈવ ભાર્યા ભવિતું રુક્મિણ્યર્હતિ નાપરા ।।**

**અસાવપ્યનવદ્યાત્મા ભૈષ્મ્યાઃ સમુચિતઃ પતિઃ ।।૩૭।।**

રુક્મિણી આમની જ પત્ની થવા યોગ્ય છે. બીજી કોઈ (યોગ્ય) નથી. દોષ વિનાના દેહવાળા આ પણ રુક્મિણીના યોગ્ય પતિ છે. ૩૭.

હરકોઈ (રુક્મિણીને) ગમે તેને આપે, પરંતુ આમની જ પત્ની થવા તે યોગ્ય છે, આથી (શ્રીકૃષ્ણના) સ્વરૂપની યોગ્યતા જણાવી. યોગ્યનો યોગ્ય સાથે સંબંધ થાય છે, એવો તેઓનો અભિપ્રાય હતો.

'આને તો બીજાને આપેલી છે. તેમ (શ્રીકૃષ્ણ યોગ્ય) હોય તો બીજી (કન્યા) ભગવાનને આપવી જોઈએ' એવી શંકા થાય, તેથી 'બીજી કોઈ (યોગ્ય) નથી' શબ્દો યોજેલા છે. બીજી (કન્યા) તો (ભગવાનને) યોગ્ય નથી જ, કારણ કે લક્ષ્મી વિના બીજી ભગવાનને યોગ્ય નથી. વળી લોક પ્રમાણ હોવાથી, જેમ દૈવી વાણી થાય, તેમ બોલે છે. આ (ભગવાન્) પણ રુક્મિણીના જ (પતિ થવા) યોગ્ય છે, કારણ કે તે દોષ વિનાના દેહવાળા છે; પુરુષોત્તમ હોવાથી દોષ રહિત દેહવાળા છે. તે (રુક્મિણી) દોષ વિનાનાને જ (પોતાના) પતિ તરીકે માન્ય રાખે છે. ભગવાન્ ઈશ્વર તરીકે બધાયના યોગ્ય (રક્ષક) છે, પરંતુ પતિ તરીકે તો આના જ યોગ્ય (રક્ષક) છે, કારણ કે આનું મુખ્ય પ્રયોજન ભક્તિ[૧] છે. ૩૭.

એ પ્રમાણે વાણીની (સંમતિ) વર્ણવી, આ વિષયમાં વિઘ્ન થએલું છે એવી શંકા કરીને, તે દૂર કરવા માટે નીચેના શ્લોકમાં ભગવાનની પ્રાર્થના કરે છેઃ

**કિઞ્ચિત્સુચરિતં યન્નસ્તેન તુષ્ટસ્ત્રિલોકકૃત્ ।।**

**અનુગૃહ્ણાતુ ગૃહ્ણાતુ વૈદર્ભ્યાઃ પાણિમચ્યુતઃ ।।૩૮।।**

અમારું જે કાંઈ સત્કૃત્ય હોય તેનાથી ત્રણ લોકના રચનાર અચ્યુત પ્રસન્ન થાઓ, (અમારા ઉપર) કૃપા કરો, (અને) વૈદર્ભીનો પાણિ ગ્રહણ કરો. ૩૮.

જો અમારું કાંઈ પણ સત્કૃત્ય હોય, તેનાથી પ્રથમ ભગવાન્ પ્રસન્ન થાઓ. પછી ત્રણ લોકના રચનાર તે જ (હોવાથી) બીજા કોઈની જરુર નહિ હોવાથી, તે પોતે જ અમારા ઉપર કૃપા કરો. કૃપા કર્યા પછી (તેમણે) જે કરવાનું છે તે 'વૈદર્ભીનો પાણિ ગ્રહણ કરો' શબ્દોથી કહેલું છે. આ વિષયમાં એમ જ (થવું જોઈએ) એવા આગ્રહનું કારણ 'અચ્યુત' શબ્દથી કહેલું છે. આરંભમાં ધર્મથી અને સ્વરૂપથી ભ્રષ્ટ થએલ ન હોય તેવો પતિ શોધવામાં આવે છે, તેવી જ રીતે ભોગના સંબંધમાં પણ

---

૧. ભીષ્મક મહાદેવ હોવાથી ભક્તિપ્રધાન છે, તેથી ભૈષ્મી (તેની પુત્રી) પણ તેવી છે. (લે)

(ભ્રષ્ટ થએલ ન હોય તેવો પતિ હોવો જોઈએ). ૩૮.

એ પ્રમાણે તેઓનો (રુક્મિણી ઉપરનો) ઘણો પ્રેમ વર્ણવીને બધાની સંમતિ થતાં માતાની પણ સંમતિ થઈ, એવા અભિપ્રાયથી ઉપસંહાર કરે છેઃ

**એવં પ્રેમકલાબદ્ધા વદન્તિસ્મ પુરૌકસઃ ।।**
**કન્યા ચાન્તઃપુરાત્પ્રાગાદ્ભટૈર્ગુપ્તામ્બિકાલયમ્ ।।૩૯।।**

જાત જાતના પ્રેમના પ્રકારથી વશ થએલા નગરવાસીઓ એમ બોલતા હતા, અને સૈનિકોથી રક્ષાએલી કન્યા અંતઃપુરમાંથી અંબિકાના મંદિરે જવા ઉત્તમ પ્રકારે નીકળી. ૩૯.

'પ્રેમકલાબદ્ધાઃ' જાત જાતના પ્રેમના પ્રકારથી વશ થએલા (નગરવાસી-ઓ) એમ બોલતા હતા. 'સ્મ' શબ્દથી (તે વિષયની) પ્રસિદ્ધિ પ્રમાણ તરીકે કહેલી છે. (તેઓ) નગરવાસીઓ હોવાથી (તેઓના) મુખને બંધ રાખવાનું કોઈથી પણ બની શકે તેમ ન હતું.

એ પ્રમાણે (શ્રીકૃષ્ણ રુક્મિણીનું) હરણ કરે તેમાં સર્વની સંમતિ વર્ણવી, પૂજા કરવા માટે તે બહાર નીકળી એમ ઉત્તરાર્ધથી કહે છે. 'ચ' 'અને' શબ્દનો એવો અર્થ છે કે જેમ નગરવાસીઓ પોતાનું બધું કર્મ સમર્પણ કરીને ભગવાનને રુક્મિણી સાથે વિવાહ કરવા પ્રાર્થના કરતા હતા, તેમ રુક્મિણી પણ 'ભગવાન્ મને (પત્ની તરીકે) ગ્રહણ કરો' એવી મહાદેવને પ્રાર્થના કરવા માટે નીકળી. 'અંતઃપુરમાંથી' એટલે છૂપા સ્થાનમાંથી બહાર પ્રકટ સ્થાનમાં આવી, કે જેથી બંધુઓને હેરાન કર્યા વિના ભગવાન્ શાંતિથી તેને પકડી (લઈ જઈ) શકે. 'પ્રાગાત્' 'ઉત્તમ પ્રકારે નીકળી' શબ્દથી તેના મનનો સંતોષ દર્શાવેલો છે. 'સૈનિકોથી રક્ષાએલી' (નીકળી), કે જેથી (ભગવાન્ હરણ કરે) ત્યાં સુધી બીજો સ્પર્શ કરે નહિ. 'અંબિકાના મંદિરે' એટલે સ્ત્રી દેવતા હતી ત્યાં. ઘરમાં સ્ત્રીઓ જ અધ્યક્ષ હોય છે, તેથી ત્યાં પુરુષને (કાંઈ) સંબંધ ન હતો એમ કહેલું છે, અને 'અંબિકા' શબ્દથી માતાપણું કહેલું છે. ૩૯.

બીજા રથમાં રહેલાને રથમાં બેઠેલીને લઈ જવી કઠણ થઈ પડે, તેથી પગથી (ચાલતી) જ નીકળી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**પદ્ભ્યાં વિનિર્યયૌ દ્રષ્ટું ભવાન્યાઃ પાદપલ્લવમ્ ।।**
**સા ચાનુધ્યાયતી સમ્યઙ્ મુકુન્દચરણામ્બુજમ્ ।।૪૦।।**

ભવાનીના પાદપલ્લવનાં દર્શન કરવા પગથી (ચાલતી) નીકળી, અને તે મુકુંદના ચરણકમલનું સારી રીતે ધ્યાન ધરતી હતી. ૪૦.

'ભવાનીના પાદપલ્લવનાં' શબ્દથી (એમ કહ્યું છે કે) લોકમાં પોતે તેની

(ભવાનીની) ભક્ત હોવાનું જણાવતી હતી, પરંતુ ઈચ્છેલો પદાર્થ તો બીજો[1] જ હતો. તે જ (મનની) અંદર રહેલો વિષય ઉત્તરાર્ધથી કહેલો[2] છે. તેના સંબંધવાળી સ્ત્રીઓ અને તે મુકુંદના ચરણકમલનું જ ધ્યાન ધરનારી હતી. 'મુકુંદ' એટલે મોક્ષ આપનારનાં જ ચરણકમલનું (ધ્યાન ધરતી હતી). આથી ભગવાનની રાહ જોવાનું ખાસ કારણ કહેલું છે. પિતાના ઘેર પણ બંધન હતું, બીજે (શિશુપાલ જેવાને પરણવાથી તેને ઘેર) પણ જનાનામાં જ રહેવાનું થાય. તેથી મુકુંદ (મોક્ષ આપનાર)નાં પત્ની થવું તે મોક્ષરૂપ હોવાથી તે (પદ) તજવા યોગ્ય ન હતું. ૪૦.

એ પ્રમાણે કાયા અને મનનાં કાર્યોનું વર્ણન કરી, વાણી (કાંઈ) કાર્ય કરતી ન હતી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**યતવાઙ્ માતૃભિઃ સાર્ધં સખીભિઃ પરિવારિતા ।।**
**ગુપ્તા રાજભટૈઃ શૂરૈઃ સન્નદ્ધૈરુદ્યતાયુધૈઃ ।।૪૧।।**

મૌન ધારણ કરેલી, સખીઓથી ચારે તરફથી વીંટાએલી, અને શૂરવીર કવચવાળા તૈયાર આયુધોવાળા રાજાના સૈનિકોથી રક્ષાએલી (તે) માતાઓ સાથે (અંબિકાના મંદિરે જવા નિકળી. શ્લોક ૪૦) ૪૧.

'માતાઓ સાથે'નો (એવો અર્થ છે કે) જેમ કરવાથી ભગવાનના મનમાં અયોગ્યતા ન થાય (જણાય), તે માટે તેણે એમ કરેલું (માતાઓ સાથે નીકળેલી); અને (સખીઓની) સંમતિ મળે, હરણ થતાં (તેઓને) પશ્ચાતાપ ન થાય અને (પોતાની) શોભા થાય, તે માટે 'સખીઓથી ચારે તરફથી વીંટાએલી' (નીકળી). બહાર સૈનિકોથી રક્ષાએલી હતી. 'શૂરવીર' વિશેષણથી (તેઓનું) અંદરનું સામર્થ્ય (જણાવ્યું છે). 'કવચવાળા, તૈયાર આયુધોવાળા' વિશેષણોથી (એમ કહેલું છે કે) પોતાનું રક્ષણ કરવાનાં અને શત્રુને દુઃખ દેવાનાં સાધન તેઓની પાસે હતાં. એ પ્રમાણે સર્વ તરફથી (રુક્મિણીને) દોષ ન લાગે તે માટે તેને (હરણ થતાં) અટકાવનારાં ચાર[1] કહેલાં છે. ૪૧.

---

૧. 'બીજો' એટલે મુકુંદના ચરણકમલનું દર્શન. (લે)

૨. 'ધ્યાન ધરતી હતી' શબ્દથી કહેલો છે. ચરણકમલનું ધ્યાન ધરતી હતી એમ કહ્યું, તેથી મનમાં તેના દર્શનની જ ઈચ્છા હતી, એમ કહેવાયું. (લે)

૧. સૈનિકપણું, શૂરવીરપણું, કવચવાળા હોવાપણું અને તૈયાર આયુધોવાળા હોવાપણું. એ ચારથી ચાર પ્રકારનો અટકાવ કરવામાં આવ્યો, એવો અર્થ છે. (લે) આ ચાર માત્ર સૈનિકોને જ લાગુ પડે છે. (૧) મૌન ધારણ કરેલી (૨) માતાઓ સાથે (રહેલી) (૩) સખીઓથી વીંટાએલી અને (૪) સૈનિકોથી રક્ષાએલી એવાં ચાર રુક્મિણીનાં વિશેષણ કહ્યાં, તે ચાર હરણ થતાં અટકાવનારાં છે એમ જણાય છે. મૌન રાખવાનું વ્રત રાખવું જોઈએ, (જૂઓ શ્લોક ૫૦),

પછી મંગલ વાજીંત્રો પણ વગાડવામાં આવ્યાં, (એ) શુભના કારણરૂપ શુકન પણ થયું એમ કહે છેઃ

**મૃદઙ્ગશંખપણવાસ્તૂર્યભેર્યશ્ચ જઘ્નિરે ।।**
**નાનોપહારબલિભિર્વારમુખ્યાઃ સહસ્રશઃ ।।૪૨।।**
**સ્રગ્ગન્ધવસ્ત્રાભરણૈર્દ્વિજપત્ન્યઃ સ્વલંકૃતાઃ ।।**
**( ગાયન્તશ્ચ સ્તુવન્તશ્ચ ગાયકા વાદ્યવાદકાઃ ।। )**
**પરિવાર્ય વધૂં જગ્મુઃ સૂતમાગધ બન્દિનઃ ।।૪૩।।**

મૃદંગ, શંખ, ઢોલકાં, તૂરી અને નગારાં વાગવાં લાગ્યાં. જાતજાતના ખાવાના પદાર્થ અને પૂજાનાં સાધનો સાથે, હજારો વેશ્યાઓ, માલાઓ સુગંધી પદાર્થો વસ્ત્રો અને આભૂષણોથી સારી રીતે શણગારેલી બ્રાહ્મણની સ્ત્રીઓ, ગાન કરતાં ગાનારાઓ, સ્તુતિ કરતાં બંદીજનો ભાટ અને ચારણો તથા વાજીંત્ર વગાડનારાઓ પરણનારી કન્યાને વીંટાઈને જતા હતા. ૪૨-૪૩.

વળી જાત જાતના ખાવાના પદાર્થ અને પૂજાનાં સાધનો સાથે, વેશ્યાઓ પરણનારી કન્યાને વીંટાઈને જતી હતી, એવો (વાક્યનો) સંબધ છે. જાતજાતના ખાવાના પદાર્થ એટલે ભવાની માટેનાં ફલ વિગેરે, 'બલિઃ' પૂજાનાં સાધનો, આ (પદાર્થો) સાથે[1] ગએલાં, એમ 'સાથેના' અર્થમાં યોજેલી ત્રીજી વિભક્તિથી જાણવું. વેશ્યાઓ તો જૂદી ગએલી. 'વારમ્' એટલે વરોનો સમૂહ. 'વારમ્' છે મુખ્ય જેઓને તે ('વારમુખ્યાઃ' વેશ્યાઓ), કારણ કે વેશ્યાઓને જ દરરોજ ઘણા વર થાય છે. 'હજારો' શબ્દથી 'નિત્ય નવા (થતા) ભગવાનનાં દર્શન કરવાનાં છે' એવો તેઓનો ઉત્સવ જણાવેલો છે. બ્રાહ્મણની સ્ત્રીઓ પણ રીવાજ પ્રમાણે આશિષો આપવા માટે ભગવાનની ઈચ્છાથી (કન્યાની) સાથે જ ગઈ. ખાસ કરીને તેઓની પૂજા કરવી જોઈએ તેથી, 'માલાઓ, સુગંધી પદાર્થો, વસ્ત્રો અને આભૂષણોથી શણગારેલી' શબ્દથી, તેઓની જતાં પહેલાં જ કરેલી પૂજા જણાવેલી છે. ચારે પ્રકારનાં પદાર્થોથી તેઓ શણગારેલી હતી. 'પરણનારી કન્યાને વીંટાઈને' શબ્દથી બીજો પણ મોટો ઉત્સવ થયો, એમ કહેલું છે. (ભગવાનનાં) દર્શન માટે અને લાભ માટે જવાનું કહેલું છે. બંદીજનો વિગેરે વિદ્યા ઉપર આજીવિકા ચલાવનારા કહેલા છે. ૪૩.

**આસાદ્ય દેવસદનં ધૌતપાદકરામ્બુજા ।।**
**ઉપસ્પૃસ્ય શુચિઃ શાન્તા પ્રવિવેશામ્બિકાન્તિકમ્ ।।૪૪।।**

---

તેથી તે શ્રીકૃષ્ણને વાણીથી કાંઈ સૂચના આપી શકે તેમ નહિ હોવાથી એ પણ અટકાવનારું છે, બીજાં ત્રણ અટકાવનારાં છે એ સ્પષ્ટ જ છે.

૧. 'સાથે' એટલે કન્યાની સાથે ગએલાં, વેશ્યાઓ જૂદી ગએલી, એવો ભાવાર્થ જણાય છે.

દેવમંદિરે પહોંચી પગ તથા હસ્તકમલ ધોઈ, આચમન કરી પવિત્ર થઈ, શાંત રહી તે અંબિકા નજીક ગઈ. ૪૪.

પછી મર્યાદાને સાચવી રાખવા માટે, 'પૂજન (થયા) પછી જ આને લઈ (હરી) જઈશ' એવા વિચારથી ભગવાન્ શાંત રહ્યા. તે સમયે તે (રુક્મિણી) દેવમંદિરે પહોંચી, નજીક જઈ, હાથ પગ ધોઈ આચમન કરી, બહારથી અને અંદરથી શુદ્ધ થઈ. (આવા સમયે) ઉદ્વેગ વિગેરે સંભવે, તેથી તે (થયા) ન હતા, એમ જણાવવા 'શાંત રહી' શબ્દ યોજેલ છે, કારણ કે અંદરથી શાંતિવાળી હોય તે જ ફલ મેળવે છે. તે અંબિકા નજીક પૂજન કરવા ગઈ. તેથી જ ભાગવતમાં લૌકિક સૌંદર્યનું[1] વર્ણન કરવા ભાષા[2] ભેદો કહેલા છે. ૪૪.

**તાં વૈ પ્રવયસો બાલાં વિધિજ્ઞા વિપ્રયોષિતઃ ।।**
**ભવાનીં વન્દયાઞ્ચકુર્ભવપત્નીં ભવાન્વિતામ્ ।।૪૫।।**

વિધિ જાણનારી બ્રાહ્મણની વૃદ્ધ સ્ત્રીઓએ તે બાલાને ભવ સાથે રહેલી ભવની પત્ની ભવાનીને વંદન કરાવ્યું. ૪૫.

પછી જે વિધિ જાણનારી બ્રાહ્મણની સ્ત્રીઓ વૃદ્ધ હતી તેમણે ભવાનીને વંદન કરાવ્યું. 'ભવાની' શબ્દ જેને પુરુષનો સંબંધ થએલો છે તેવી સ્ત્રીનું માત્ર નામ છે, તેથી વિશેષ જણાવવા માટે 'ભવની પત્ની' શબ્દ યોજેલ છે. અથવા આ મહાદેવની ભોગ (કરવાની) સ્ત્રી નથી. તેમ હોય તો (તેનામાં) વર આપવાનો ગુણ ન હોય, તેથી 'ભવની પત્ની' એમ કહેલું છે. કારણ કે 'યજ્ઞનો સંબંધ હોય ત્યારે જ પતિનું (નારીજાતિ કરતાં) 'ન' લાગી ('પત્ની' રૂપ થાય છે)' (પાણિનિ ૪।૧।૩૩). તે પણ ભવની સાથે રહેલી, કારણ કે (ભવ અને ભવાની) બંને રૂપવાળા (હોય ત્યારે) તે સંપૂર્ણ છે. સ્ત્રી સહિત હોય તે જ સંપૂર્ણ હોય છે. ૪૫.

ભવાનીને નમસ્કાર કરતાં ભગવાનની ઈચ્છાથી તે જ સમયે તેને મંત્ર સ્ફુર્યો તેથી તે (મંત્ર) કહે છેઃ

**નમસ્યે ત્વાડમ્બિકે ડમીક્ષ્ણં સ્વસંતાનયુતાં શિવમ્ ।।**

---

૧. સમાધિભાષામાં અંદરની શાંતિથી જ ફલ મળે છે, પણ લૌકિક સૌંદર્ય વિગેરેથી મળતું નથી. તેથી જ તે (લૌકિક સૌંદર્ય) કહેવા જુદે જુદે સ્થલે જૂદી જ ભાષા કહેલી છે. (લે)

૨. (૧) વ્યાસજીએ સમાધિમાં જે અર્થ જોઈને વર્ણવ્યો તે સમાધિભાષા. (૨) તેનાથી વિરુદ્ધ અર્થ હોય તે મતાંતરભાષા અને (૩) લોકમાં પ્રસિદ્ધ અર્થનું વર્ણન કરેલ હોય તે લૌકિકી ભાષા (તત્ત્વદીપ ૩।૧૦ ઉપરનો પ્રકાશ). સમાધિભાષા જ પ્રમાણ છે. અહિં લૌકિકી ભાષા કહેલી છે, એટલે લોકમાં જેમ થાય છે તેવું વર્ણન છે. આ સમાધિભાષા નહિ હોવાથી પ્રમાણ નથી એવો ભાવાર્થ છે.

**ભૂયાત્પતિર્મે ભગવાન્ કૃષ્ણસ્તદનુમોદતામ્ ॥૪૬॥**

હે અંબિકા ! પોતાના સંતાનો સહિત તને (અને) શિવને વારંવાર નમન કરું છું. ભગવાન્ શ્રીકૃષ્ણ મારા પતિ થાઓ (અને) તેનું અનુમોદન કરો. ૪૬.

'પોતાના સંતાનો સહિત' એટલે ગણપતિ સહિત (તમને નમન કરું છું), શિવને પણ નમન કરું છું. 'ભગવાન્ શ્રીકૃષ્ણ મારા પતિ થાઓ' એવી પ્રાર્થના મંત્રમાં જ કરે છે. તે એટલે (ભગવાન્ શ્રીકૃષ્ણ મારા પતિ થાઓ) આનું શિવ અને ભવાની અનુમોદન કરો, અથવા શ્રીકૃષ્ણ અનુમોદન કરો, પરંતુ કોપ ન કરો; (એટલે) બીજા દેવને નમસ્કાર (કરું છું તે) અયોગ્ય ન માનો.

લોકની માન્યતા (પ્રમાણે) તો 'મને પતિ થાઓ' એટલું જૂદું (વાક્ય), અને 'તેનું શ્રીકૃષ્ણ અનુમોદન કરો' એ જૂદું વાક્ય છે. તેમ (શ્રીકૃષ્ણનું અનુમોદન ઈચ્છેલું) ન હોય તો મહાદેવ પોતાના જેવાને જ (પતિ) કરે, અને તે બીજાઓને ફલ વિનાનું થાય. તેથી સર્વ સ્થલે શ્રીકૃષ્ણનું અનુમોદન કહેવું (માગવું) જોઈએ. ૪૬.

માત્ર નમસ્કાર કરતાં જ આ મંત્ર (ઉચ્ચાર્યો) એમ ન હતું, પરંતુ તેણે બધીએ પૂજા આ મંત્રથી કરી એમ નીચેના શ્લોકમાં કહે છે:

**અદ્ભિર્ગન્ધાક્ષતૈર્ધૂપૈર્વાસઃસ્રઙ્માલ્યભૂષણૈઃ ॥**
**નાનોપહારબલિભિઃ પ્રદીપાવલિભિઃ પૃથક્ ॥૪૭॥**
**વિપ્રસ્ત્રિયઃ પતિમતીસ્તથા તૈઃ સમપૂજયત્ ॥**
**લવણાપૂપતામ્બૂલકણ્ઠસૂત્રફલેક્ષુભિઃ ॥૪૮॥**

જલોથી, સુગંધી પદાર્થો અને અક્ષતથી, ધૂપથી, વસ્ત્રો, માલાઓ, પુષ્પો અને ભૂષણોથી, જાતજાતના ખાવાના પદાર્થો અને પૂજાની સામગ્રીથી અને દીપમાલાઓથી તેણે જુદી જુદી પૂજા કરી. તે જ પ્રમાણે તે પદાર્થોથી અને લવણ, માલપુંવા, તાંબૂલ, કંઠસૂત્રો, ફલો અને શેરડીથી સધવા બ્રાહ્મણીઓની પૂજા કરી. ૪૭-૪૮.

પગ ધોવાના, પૂજાના, આચમનના અને સ્નાનના (જલો)થી, પછી સુંગધી પદાર્થો અને અક્ષતથી (પૂજા કરી). તેથી[1] પહેલાં વસ્ત્રો, માલાઓ, પુષ્પો અને આભૂષણોથી (પૂજા કરી). દેહ ભીનો હોય ત્યારે પહેરેલાં (વસ્ત્રો વિગેરે)નો પછી ત્યાગ કરવામાં આવે, તે માટે તેઓને (અક્ષતને) પછી[2] કહેલાં છે. 'અલંકાર ધારણ કર્યા વિના એક ક્ષણ પણ રહેવું ન જોઈએ'. તેથી અક્ષતોનો[3] શણગાર (કહેલો

૧. 'તેની' એટલે 'સુગંધી પદાર્થો અને અક્ષતની પહેલાં'. (લે)
૨. ભીનો દેહ હોય ત્યારે પહેરેલાં વસ્ત્રો ભીનાં થાય છે, તેથી ધૂપ વિગેરેથી ભીનાશ દૂર કરી, પછી તે (વસ્ત્રો) કાઢી નાખી, પાછાં નવાં પહેરાવ્યાં, એવો અર્થ છે. (લે)

છે). વળી 'દીપમાલાઓથી' પૂજા કરી, એમ જાત જાતની આરતીઓ વર્ણવેલી છે.

'જુદી જુદી' એ શબ્દનો પછીનાં અને પહેલાંનાં પણ (વાક્યો) સાથે સંબંધ છે. મહાદેવની અને ભવાનીની તેમ જ દરેક બ્રાહ્મણીની (જુદી જુદી પૂજા કરી). તેમ ન કરે તો (૧) પરિકર સાથે પૂજાએલા શિવ (૨) વિષ્ણુને (રુક્મિણી) આપે, પરંતુ (૩) બ્રહ્મા બાકી રહી જાય, તેથી તે (બ્રહ્મા) પ્રસન્ન થાય તે માટે બ્રાહ્મણીઓની પણ વસ્ત્ર વિગેરેથી જુદી જુદી પૂજા કરી. વળી 'લવણ....વિગેરે'થી વિવાહનો ખાસ પ્રકાર કહેલો છે. આ છ દ્રવ્યો મંગલ કરનારાં અને રસથી ભરેલાં છે. કંઠસૂત્રો એટલે નાલસૂત્રો[૪]. ફલો જુદી જુદી જાતનાં અને શેરડી કટકા કરેલી. છ (પદાર્થો)નું દાન એક સાથે જ (દરેક બ્રાહ્મણીને) કરેલું. ૪૭-૪૮.

**તસ્યૈ સ્ત્રિયસ્તાઃ પ્રદદુઃ શેષા યુયુજુરાશિષઃ ।।**
**તાભ્યો દેવ્યૈ નમશ્ચક્રે શેષાં ચ જગૃહે વધૂઃ ।।૪૯।।**

તે સ્ત્રીઓએ તેને આપ્યાં, શેષ આપી, આશિષો આપી. પરણનારી સ્ત્રીએ તેમને (અને) દેવીને નમન કર્યું અને શેષ લીધી. ૪૯.

વળી તે સ્ત્રીઓએ તે (રુક્મિણી)ને આપ્યાં. પતિવાળી (સ્ત્રી)ને જ આપવામાં આવે છે. તેથી જ આ લોકમાં વિવાહ પછી દાન પ્રસિદ્ધ છે. તે (વિવાહ પછીનું દાન) આ પ્રસંગમાં થશે નહિ તેથી, અને તે માતાઓનું કર્તવ્ય હોવાથી, મંત્રના પેઠે આ પણ (તેઓને) સ્ફૂર્યું, તેથી (વિવાહની) પહેલાં જ (તેઓએ) દાન કર્યું.

અથવા ભગવાન્ છૂપા રહીને જ (ત્યાં) પધારેલા. ભવાની અને શિવે (રુક્મિણીની) પ્રાર્થના સફલ થાય તે માટે ભગવાનને રુક્મિણી આપી. આ (વૃત્તાંત) આગળનું (વિવાહ પછી કરાય તેવું) દાન જણાવ્યું તેથી જણાય છે. તે (રુક્મિણીએ એ પદાર્થો) તે (બ્રાહ્મણીઓ માતાઓ)ને આપ્યા, અને તેમણે તેને આપ્યા. શેષ પણ આપી, આશિષો પણ આપી. 'શેષાઃ' એટલે લવણ વિગેરે જે પદાર્થો આપેલા તેમના અંશો પાછા આપ્યા. એ પ્રમાણે વિધિનું વર્ણન કરી, કર્મ પુરું થાય તે માટે, 'તેમને (અને) દેવીને નમન કર્યું' શબ્દોથી નમસ્કાર કહેલો છે. તે (બ્રાહ્મણીઓએ) આપેલી શેષ (રુક્મિણીએ) લીધી, પોતાની ગાંઠમાં મૂકી. એ પ્રમાણે આખોએ વૈધ

૩. (પૂજાના) સાધન (અક્ષત)ની સંબંધ દેખાડવાની ઈચ્છાથી છઠ્ઠી વિભક્તિ યોજી છે, જેથી એમ જણાવાય કે અક્ષત ઉત્તમ સાધન (અલંકાર) ન હતાં. સ્નાન કરાવ્યા પછી ભીનાશ દૂર કરી આભરણ પહેરાવવામાં આવે ત્યાં સુધી જ અક્ષતથી અલંકાર કરેલો, એવો અર્થ છે. (લે)

૪. 'કમલના દાંડાના તંતુઓ' એવો અર્થ જણાય છે, સુવર્ણની કંઠીઓ નહિ; કારણ કે સુવર્ણની કંઠીઓ રસથી ભરેલી હોતી નથી. વળી પાછળ 'ભૂષણો' કહ્યાં તેમાં આવી કંઠીઓનો સમાવેશ થઈ જતો હોવાથી પુનરુક્તિ દોષ થાય.

(પ્રકારના) વિવાહનો ઉત્સવ વર્ણવ્યો. આ (વિવાહ)માં ત્રણ દિવસ વ્રત રાખવું જોઈએ, તે પણ થયું (રખાએલું) એમ માનવું. ૪૯.

**મુનિવ્રતમથ ત્યક્ત્વા નિશ્ચક્રામામ્બિકાગૃહાત્ ।।**
**પ્રગૃહ્ય પાણિના ભૃત્યાં રત્નમુદ્રોપશોભિના ।।૫૦।।**

પછી મુનિવ્રત તજીને રત્નવાળી વીંટીથી શોભતા હાથથી દાસીને પકડીને તે અંબિકાના મંદિરમાંથી તરત બહાર નીકળી. ૫૦.

પછી મૌન તજીને, (એટલે) સખીઓ સાથે જે બોલવા યોગ્ય હતું તે બોલીને, અંબિકાના મંદિરમાંથી તરત બહાર નીકળી. ઝટ ભગવાનની પ્રાપ્તિ થાય તે માટે તરત બહાર નીકળી. સખીઓ અને બીજી સ્ત્રીઓને જૂદી પાડી દીધી. 'ભગવદ્ભાવને વા (હાથનું) રત્નવાળી વીંટીથી શોભતા હોવાપણું કહેલું છે. અથવા (તે) પહેલાના અવતારની વીંટી સૂચવે છે. ૫૦.

'જો હું રાજાઓ છે ત્યાં જઈશ નહિ, તો પહેલાના જેવી જ મારી સ્થિતિ થશે, ત્યાર પછી કોઈ પણ મને જોશે નહિ, અને વિવાહના સમયે જૂએ તેમાં દૂષણ નથી' એવા વિચારથી તે ગઈ એટલે બધાએ તેને જોઈ, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તાં દેવમાયામિવ વીરમોહિનીં સુમધ્યમાં કુણ્ડલમણ્ડિતાનનામ્ ।।**
**શ્યામાં નિતમ્બાર્પિતરત્નમેખલાં વ્યઞ્જત્સ્તનીં કુન્તલશંકિતેક્ષણામ્ ।।૫૧।।**
**શુચિસ્મિતાં બિમ્બફલાધરદ્યુતિશોણાયમાનદ્વિજકુન્દકુડ્મલામ્ ।।**
**પદા ચલન્તીં કલહંસગામિનીં સિઞ્જત્કલાનૂપુરધામશોભિના ।।૫૨।।**
**વિલોક્ય વીરા મુમુહુઃ સમાગતા યશસ્વિનસ્તત્કૃતહૃચ્છયાર્દિતાઃ ।।**

દેવમાયા જેવી, વીરોને મોહ કરનારી, સુંદર કેડવાળી, કુંડલોથી શોભતા મુખવાળી, નિતંબો પર ધારણ કરેલા રત્ન જડેલ કંદોરાવાળી, પ્રકટ થતાં બે સ્તનોવાળી, કેશને લીધે ભયવાળાં લોચનવાળી, પવિત્ર હાસ્યવાળી, બિંબફલ જેવા (લાલ) નીચલા હોઠની કાંતિથી લાલ દેખાતા ડોલરની કળી જેવા દાંતવાળી, અવાજ કરતી કણિકાવાળા ઝાંઝરોના તેજથી શોભતી, પગથી ચાલતી, હંસ પેઠે ચાલતી, તે શ્યામાને જોઈને (ત્યાં) આવેલા યશસ્વી વીરો મોહ પામ્યા, (અને) તેને લીધે થએલ કામથી દુઃખી થયા. ૫૨ાા.

રંગમંડપમાં ભગવાને પ્રવેશ કર્યો ત્યારે જેમ ઘણાઓને ઘણા પ્રકારે તેમનાં દર્શન થયાં(જુઓ ભાગ.પુરા.૧૦।૪૦।૧૭), તેમ આને પણ વીરોએ દેવમાયા જેવી જોઈ, એમ 'દેવમાયા જેવી' શબ્દથી કહેલું છે. દેવ એટલે ભગવાનની માયાની ઘણો મોહ કરનારી શક્તિ આ આવી, એમ બધા (વીરો)એ નિશ્ચય કર્યો, એવો

(અર્થ છે). તેમાં પણ (તે) વીરોને જ મોહ પમાડતી હતી. તેમ ન હોત તો તેઓ પોતે જઈને મરણ ન પામત. સોળ લક્ષણવાળીનું તેનું (અહિં) વર્ણન કરે છે, કારણ કે ભગવાન્ બત્રીસ લક્ષણવાળા છે, અને તે સોળ લક્ષણવાળી છે, એવી પ્રસિદ્ધિ છે.

(૧) સંબંધને લીધે (તેનામાં) અસાધારણ સામર્થ્ય હતું (તે) એક (લક્ષણ)[૨] (૨) શૌર્ય વિગેરેનો નાશ કરવો એ બીજું[૩] (૩) ઘણો મોહ કરવો એ ત્રીજું (૪) 'સુષ્ઠુ' સુંદર 'મધ્યમમ્' કેડ છે જેની એ ચોથું. અમૃતનો સંબંધ થાય તે માટે લંબિકા (જીભના કાકડા)ની પેઠે[૪] પાતળી કેડ વર્ણવેલી છે, તેથી[૫] જ કોઈને પણ રસનો સંબંધ થતો નથી, કારણ કે[૬] તે રસ પુરુષે જ ભોગવવાનો છે, (અને) જીભથી[૬] જ (ભોગવવાનો છે), તે નહિ હોવાથી પોતામાં રહેલો રસ પણ માખીનો સંબંધ થતાં જેમ જતો રહે છે તેમ જતો રહે છે, તેથી લોકમાં દુઃખ જ થાય છે.

(૫) બે કુંડલોથી શોભાવેલું છે મુખ જેની અંદરનું તેવી. એ (વિશેષણ)થી ઉપર રસનો ઉપભોગ કરવાનાં સ્થાન (ગાલ)ની શોભા દેખાડેલી છે, કારણ કે કુંડલો રસ દેખાડનારાં છે. (૬) 'શ્યામા' શબ્દથી વય પણ કહેલું છે. (શ્યામા એટલે) સોળ વર્ષની. (૭) 'નિતંબ ઉપર ધારણ કરેલો છે રત્ન જડેલ કંદોરો જેના' એ (વિશેષણ) થી રસનો આવિર્ભાવ કરવાના પ્રસંગે મુખ્ય સ્થાનમાં પણ રસનો પ્રકાશ જણાવેલો

---

૨. શ્લોક ૪૧માં આવેલા 'તામ્' 'તે' શબ્દનો આ અર્થ જણાય છે.

૩. આ 'દેવમાયામિવ' 'દેવમાયાના જેવી'નો અર્થ છે.

૪. લંબિકાયોગમાં યોગીઓ જીભને ટૂંકી કરી, બ્રહ્મરંધ્રમાં રહેલ અમૃતનો ભોગ કરે છે. જેમ ટૂંકી જીભ ન હોય તો એ અમૃતનો ભોગ કરી ન શકાય, તેમ પાતળી કેડ ન હોય તો આવા ભગવદ્રસનો ભોગ પણ થઈ શકે નહિ. ત્યાં જેમ 'જીભ' ભોગનું સાધન છે, તેમ અહિં (પાતળી) કેડ ભોગનું સાધન છે, એવો ભાવ છે. (લે)

૫. 'તેથી જ' એટલે પાતળી કેડ ન હોવાથી જ, યોગ્યતા નહિ રહેતાં ભગવદ્રસનો સંબંધ થતો નથી. (લે)

૬-૬. અહિંથી દૃષ્ટાંત સ્પષ્ટ કરે છે. તે બ્રહ્મરંધ્રમાં રહેલો રસ પુરુષ નાની જીભથી જ ભોગવી શકે છે. તેનો ભોગ કરવામાં સૂક્ષ્મ જીભ જ સાધન છે. એમ દર્શાવવા 'એવ' 'જ' શબ્દ યોજેલો છે. તેમ અહિં પણ પાતળી કેડ જ સાધન છે. એવો ભાવ છે. નાની જીભ ન હોય તો પોતાના બ્રહ્મરંધ્રમાં રહેલો રસ પણ દેહનો નાશ થાય ત્યારે જતો રહે છે, પરંતુ કોઈ સમયે ભોગવી શકાતો નથી. જેમ માખી ગળવામાં આવતાં, પહેલાં ખાધેલું અન્ન પણ ઓકી નખાય છે, તેમ નાશવંત દેહના સંબંધને લીધે તે (બ્રહ્મરંધ્રમાં રહેલો) રસ પણ જતો રહે છે, એટલા પૂરતું જ દૃષ્ટાંત છે. તેથી તેવી જીભ નહિ હોવાથી બધા તે રસનો અનુભવ કરી શકતા નથી અને તે કારણથી તેમને દુઃખ જ થાય છે, તે પ્રમાણે તેવી કેડ નહિ હોવાથી બધા ભગવદ્રસનો પણ ભોગ કરી શકતા નથી, અને તેથી લોકમાં દુઃખ જ થાય છે. એવો સંપૂર્ણ અર્થ છે. (લે)

છે. (૮-૯) 'પ્રકટ થતાં બે સ્તનોવાળી' વિશેષણથી (દેહના) મધ્યમાં રસનો પ્રકાશ કહેલો છે. એવી રીતે પાંચ[૭] રસરૂપ ગુણો વર્ણવ્યા.

(હવે રસનું) પોષણ કરનારા સાત ગુણો કહે છે. (૧૦-૧૧) 'કેશને લીધે ભયવાળાં બે લોચનો છે જેનાં' એ (વિશેષણ)થી અહિં કેશો અને ચપલ દૃષ્ટિ, એવા બે લક્ષણો જણાવેલાં છે. (૧૨) (તેનામાં) દોષ ન હતો એમ જણાવવા મંદ હાસ્ય પણ પવિત્ર પ્રકારનું છે. (૧૩) શ્વેત દાંત રસનો આવિર્ભાવ કરનારા નથી તેથી, અને દાંત રંગવાનું વિવાહ પછી કરવાનું હોવાથી, બનાવટી રંગ વિના પણ કુદરતી ગુણોથી જ તેમ થયું (દાંત રંગેલા થયા), એમ કહે છે, (કે) બિંબના ફૂલના જેવો લાલ જે નીચલો હોઠ, તેની 'દ્યુતિભિઃ' કાંતિથી લાલ દેખાતા જે દાંત, તેજ ડોલરની કલિ જેવા હતા જેનાં, (તેવી તે હતી). રંગનારા પદાર્થ કરતાં કાંતિથી થતી લાલાશ ઉત્તમ હોય છે. (૧૪) 'પગથી ચાલતી' એ એક પ્રકારનું લક્ષણ છે, કારણ કે બે પગથી ચાલવું (તે) પુરુષનું (અને) એક પગથી ચાલવું (તે) સ્ત્રીનું (લક્ષણ છે) (૧૫) તેમાં પણ ગતિ ફલરૂપ અને ફલ વિનાની એવી બે પ્રકારની હોય છે. આ (ગતિના પ્રકારનું) જ્ઞાન પ્રકટ લક્ષણથી જ થાય છે, તેથી 'હંસ પેઠે ચાલતી' વિશેષણથી તેની ગતિનું વર્ણન કરે છે. (૧૬) અવાજ કરતી 'કલાઃ' અંદર રહેલી ઝીણી કણિકા(કાંકરી)ઓ, તે જેમાં છે તેવાં બે ઝાંઝરો, તેમનું જે 'ધામ' તેજ, તેનાથી શોભતી, અથવા તેનાથી શોભતા (પગથી ચાલતી).

'આવી (રુક્મિણી)ને જોતાં જો વીરોને રસ ઉત્પન્ન થાય તો (અ)(તેને) દોષ લાગે, (અને રસ) ઉત્પન્ન ન થાય તો (બ) વિષય(રુક્મિણી) ઉત્તમ ન થાય (ગણાય), એમ બંને બાજુથી બંધન થાય છે' (એવી શંકા થાય), તે દૂર કરવા વીરોને બે પ્રકારે વિઘ્ન થયું એમ ત્રેપનમા શ્લોકમાં કહે છે. (બ) આરંભમાં તેને જોઈને વીરો 'મુમુહઃ' મોહ પામ્યા. 'આવેલા' હોવાથી (આ) આવવાનું ફલ કહ્યું, કારણ કે સુષુપ્તિની પેઠે મૂર્ચ્છામાં પણ કોઈ પ્રસંગે સુખ હોય છે; અને 'મૂર્ચ્છામાં અડધું ભાન હોય છે[૮]' એવો નિયમ છે. 'યશસ્વી' વિશેષણથી તેઓનું પુણ્ય પણ સૂચવેલું છે. 'તેને લીધે થએલ કામથી દુઃખી થએલા' એમ તેઓની ઈચ્છા પણ કહેલી છે. એવી રીતે ચાર (વિશેષણોથી જણાવેલા ચાર) ગુણોને લીધે તેટલું ફલ પામ્યા, એમ વિષય (રુક્મિણી)નું ઉત્તમપણું વર્ણવ્યું. ૫૨॥

---

૭. (૧) રસ દર્શાવનાર કુંડલથી પ્રકાશતું મુખ. (૨) સોળ વર્ષનું વય. (૩) રત્નજડિત કંદોરાથી શોભતા નિતંબ. (૪-૫) પ્રકટ થતાં બે સ્તનો, એ પાંચ.

૮. બ્રહ્મસૂત્ર. ૩।૨।૧૦.

(અ) (તેનામાં) દોષ ન હતો એમ નીચેના શ્લોકમાં જણાવે છેઃ

**યાં વીક્ષ્ય તે નૃપતયસ્તદુદારહાસવ્રીડાવલોકહૃતચેતસ ઉજ્ઝિતાસ્ત્રાઃ ।।૫૩।।**
**પેતુઃ ક્ષિતૌ ગજરથાશ્વગતા વિમૂઢા યાત્રાચ્છલેન હરયેઽર્પયતીં સ્વશોભામ્ ।।**
**સૈવં શનૈશ્ચલયતી પદપદ્મકોશૌ પ્રાપ્તિં તદા ભગવતઃ પ્રસમીક્ષમાણા ।।૫૪।।**
**ઉત્સાર્ય વામકરજૈરલકાનપાઙ્ગઃ પ્રાપ્તાન્ સમૈક્ષત નૃપાન્ દદૃશેઽચ્યુતં સા ।।**

યાત્રાના બાનાથી હરિને પોતાની શોભા અર્પણ કરતી જે (રુક્મિણી)ને જોઈને, તેના ઉદાર હાસ્ય, લજ્જા અને દૃષ્ટિથી હરાએલા ચિત્તવાળા, શસ્ત્રો તજેલા, હાથી, રથ અને અશ્વ ઉપર બેઠેલા તે રાજાઓ ભાન વિનાના થઈ ભૂમિ ઉપર પડ્યા, તે (રુક્મિણીએ) તે સમયે ભગવાનના પધારવાની રાહ જોતાં ચરણરૂપી ખીલેલાં કમલોને ધીરે ધીરે એ પ્રમાણે ચલાવતાં, ડાબા (હાથના) નખોથી કેશોને દૂર કરીને (ત્યાં) આવેલા રાજાઓને આડી આંખથી જોયા. તેણે અચ્યુતને જોયા. ૫૪।।.

જેટલા સમયમાં તેમની રસવાળી દૃષ્ટિ થાય, તે પહેલાં તેઓ પડી જ ગયા. તેનાં પણ કારણો (કહે છે). (૧) તેઓ ભગવાનથી વિમુખ[૧] હતા. (૨) તેમાં પણ (તેઓ) જરાસંધ વિગેરે રાજાઓ (એટલે રાજ્યના) અભિમાનવાળા હતા. (૩) રસનો અનુભવ કરવાનાં કારણરૂપ તેઓનાં બલ અને ઉત્સાહશક્તિ તે (રુક્મિણી)ના ભાવથી હરાઈ ગયાં હતાં એમ કહે છે (કે) તેનું જે ઉદાર એટલે સર્વ રસ આપવાની શક્તિવાળું હાસ્ય અને લજ્જાવાળી દૃષ્ટિ, અથવા લજ્જા અને દૃષ્ટિ, એ (હાસ્ય, લજ્જા અને દૃષ્ટિ) ત્રણે પ્રકારના ભાવોથી હરાએલાં ચિત્તવાળા થયા, કારણ કે ચિત્ત ત્રણ પ્રકારનું છે. 'તદભાવાત્' એટલે ચિત્ત વિનાના થતાં, શસ્ત્રો તજેલા થયા. પછી ભૂમિ ઉપર પડ્યા. 'હાથી, રથ અને અશ્વ ઉપર બેઠેલા' વિશેષણથી પડેલા ફરી ઉભા ન થાય તે માટે ઉંચાં સ્થાનો કહેલાં છે. જે ભગવાને કરવું યોગ્ય હતું તે આ (રુક્મિણીએ) જ કર્યું, એમ જણાવવા આ કહેલું છે. 'ભાન વિનાના' વિશેષણથી (એમ કહ્યું છે કે તેઓને) પડ્યા એવું જ્ઞાન પણ થયું નહિ.

'આ દુર્ગા પેઠે ઘણી ઉગ્ર હશે' એવી શંકા થાય, તેથી 'યાત્રાના બાનાથી (હરિને પોતાની શોભા અર્પણ કરતી)' વિશેષણ યોજેલું છે. તે હરિને પોતાની શોભા અર્પણ કરતી હતી, (ત્યાં) પ્રસંગને લીધે આ થયું. તે તો પોતાનું દુઃખ દૂર થાય તે માટે પોતાની શોભા પ્રકટ કરીને ભગવાનને અર્પણ કરતી હતી, તેટલામાં પ્રસંગને લીધે 'તે શોભા (અમે) પોતે ગ્રહણ કરીએ' એમ અયોગ્ય ઈચ્છનારા પડી ગયા, પરંતુ

---

૧. ત્રેપનમા શ્લોકમાં ઉત્તરાર્ધમાંના 'તે નૃપતયઃ' પૈકી 'તે' શબ્દનો આ અર્થ કરેલો જણાય છે.

રુક્મિણીએ પાડ્યા ન હતા.

'આ યાત્રા કરીને જ જતી હતી. ભગવાનને શોભા શા માટે અર્પણ કરતી હતી ?' એવી શંકા થાય, તેથી 'પોતાની શોભા' શબ્દ કહેલ છે. કારણ કે શોભા રુક્મિણીની પોતાની હતી, પોતે તો બીજાની[2] હતી. તેથી પોતાનું દાન કરવામાં આવે તેમાં પોતાની ગણતરી ન હોવા છતાં પણ, પોતાનું હોય તે તેણે ભગવાનને આપવું જ જોઈએ, તેથી (અર્પણ કરતી હતી). તેથી જ તે ભગવાનને શોધતી હતી એમ ચોપનમા શ્લોકના ઉત્તરાર્ધ અને પંચાવનમા શ્લોકના પૂર્વાર્ધમાં કહે છે. તે ઝડપથી જાય તો રથમાં બેસવાનું બને, તેથી ધીરે ધીરે ચરણરૂપી ખીલેલાં કમળોને 'ચલયતી' ચલાવતી હતી. ફૂલની કળી જેવાં હોવાથી ખીલેલાં કહેલાં છે. આથી એમ સમજાય છે કે કેટલેક દૂર ચાલવાથી ચરણોમાં પીડા થઈ છે એમ જાણે કે જણાવતી હોય, તેમ ખીલેલી કળીઓ જેવાં ચરણો જમીન ઉપર મૂકતી હતી. 'તે સમયે' તે જ ક્ષણે 'ભગવાનના પધારવાની રાહ જોતાં' શબ્દથી તેવો ઢોંગ કરવાનું કારણ કહેલું છે. ૫૪.

(જુદા જુદા રાજાઓમાં) ભેદ જણાવાય તે માટે (સ્વયંવર કરતી) કન્યાએ રાજાઓને પણ જોવા જોઈએ, તેથી તે (રાજાઓને જોવાનું) ભગવાન(ને શોધવા) માટે થયું એમ પંચાવનમા શ્લોકમાં પૂર્વાર્ધથી કહે છે. ડાબા હાથના નખોથી કેશોને દૂર કરીને, આવેલા રાજાઓને આડી આંખથી તેણે જોયા. પછી જેમના માટે તે તેઓને જોતી હતી, તે અચ્યુતને તેણે જોયા.

'પહેલી વાર જોતાં (તેણે અચ્યુતને) કેવી રીતે ઓળખ્યા ?' એવી શંકા થાય, તેથી 'તેણે અચ્યુતને' શબ્દો યોજેલા છે. બંનેને ઓળખાવનારો એક એક ગુણ કહેલો છે[3]. કારણ કે તેણે ભગવાનને ચિત્રમાં અને સ્વપ્નામાં ભમતા જોએલા, તેથી (ભગવાનનું) રૂપ તેણે પહેલાં જોએલું. ભગવાન્ પણ 'અચ્યુત' એટલે સર્વ સ્થલે રહેલા છે, પરંતુ ચિત્ર વિગેરેમાં જૂદા અને અહિં (પધાર્યા તે) જૂદા, એવું નથી; કારણ કે ભગવાન્ સર્વ સ્થલે અચ્યુત છે. ૫૪।।.

તેથી આગળ દૃષ્ટિ ગઈ નહિ એટલે જ્યારે તેમનાં જ દર્શન કરતી ઉભી રહી હતી, ત્યારે બધાએ તેને રથમાં બેસાડવા માંડી, તેટલામાં ભગવાને તેનું હરણ કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તાં રાજકન્યાં રથમારુરુક્ષતીં જહાર કૃષ્ણો દ્વિષતાં સમીક્ષતામ્ ।।૫૫।।**

૨. કન્યા પિતાની ગણાય. તે કન્યાને ગમે તેને આપે, તેમાં કન્યાને પૂછવાની જરુર નહિ. છતાં કન્યા પોતાનું જે હોય તે પોતાને ગમે તેને આપે, એવો આશય જણાય છે.

૩. ભગવાનમાં 'અચ્યુતપણું' અને રુક્મિણીમાં 'સા' 'તે' શબ્દથી સૂચવેલ ભગવાનને ચિત્રમાં જોવાપણું. (લે)

**રથં સમારોપ્ય સુપર્ણલક્ષણં રાજન્યચક્રં પરિભૂય માધવઃ ।।**
**તતો યયૌ રામપુરોગમૈઃ શનૈઃ સૃગાલમધ્યાદિવ ભાગહૃદ્ધરિઃ ।।૫૬।।**

રથ ઉપર ચઢવાની ઈચ્છાવાળી તે કન્યાને ગરુડના ચિહ્નવાળા રથમાં બેસાડીને, રાજાઓના સમૂહને હરાવીને, માધવ શ્રીકૃષ્ણે શત્રુઓ દેખતાં (તેનું) હરણ કર્યું. જેમ (પોતાનો) ભાગ લઈ જનારો સિંહ શીયાળો વચ્ચેથી જાય તેમ બલભદ્ર જેમના નાયક હતા તેઓની સાથે (હરિ) ત્યાંથી ધીમે ધીમે પધાર્યા. ૫૬.

'તામ્' 'તે' એટલે જેણે આત્મનિવેદન કરેલું છે તે (કન્યા)નું (હરણ કર્યું), કારણ કે રાજાની કન્યાનું હરણ કરવું એ યોગ્ય છે. જો તે રથ ઉપર ચઢી જાય, તો વળી સારથિ વિગેરેને હણવા પડે, તેથી જ્યારે તેણે રથ ઉપર ચઢવાની ઈચ્છા કરી, ત્યારે જ (તેનું) હરણ કર્યું; કારણ કે તે સમયે બધોએ સમૂહ (સાથેની માતાઓ, સખીઓ વિગેરે) દૂર રહેલાં હોય છે. તે વિષયમાં અડચણ કરનારાઓ સાક્ષી બન્યા, એમ 'શત્રુઓ દેખતાં' શબ્દોથી કહેલું છે, કારણ કે સ્ત્રીઓ શ્રીકૃષ્ણની છે. 'હરણ' એટલે હાથથી પકડવું, અથવા ઉપાડી લેવું, એવો અર્થ છે. ૫૫.

'ત્યાંથી રથમાં બેસાડીને પધાર્યા' એવો આગળના (પધાર્યા શબ્દ) સાથે સંબંધ છે. (કન્યા માટે) હાજર રહેલા રથને મૂકી દીધેલ એમ જણાવવા 'ગરુડના ચિહ્નવાળા' વિશેષણ યોજેલું છે. તે પ્રસંગે આસપાસ કુંડાળાના આકારે રહેલા રાજાઓ ઘેરીને ઉભા હતા, તે બધાને 'પરિભૂય' હરાવીને (હરણ કર્યું). (ભગવાનમાં તે કાર્ય માટે) જણાઈ આવે તેવું બલ હતું જ, ન જાણવામાં આવે તેવું બલ પણ તેમનામાં જ હતું એમ જણાવતાં 'માધવ' શબ્દ યોજેલો છે. ભગવાન્ લક્ષ્મીના પતિ છે, અને આ લક્ષ્મી છે. તેથી (આ) 'ભાર્યા' હોવાથી આનું રક્ષણ કરવામાં ભગવાન ને ધર્મ (પ્રાપ્ત) થતો હતો. તેઓ તો અધિકારી ન હતા, (છતાં) તે (રુક્મિણી)ની ઈચ્છા રાખતા હતા, તેથી તેમને પાપ જ પ્રાપ્ત થયું. તેથી (તેઓ) હારે તે યોગ્ય જ હતું, એવો અર્થ છે.

તેઓને હરાવ્યા ત્યારે (રુક્મિણીનું) રક્ષણ કરનારાઓ સાથે પણ યુદ્ધ (થવાનું) સંભવે તેથી, અને તેઓને હણવામાં આવે તો અમંગલ થાય તેથી, તે દોષ દૂર કરતાં છપ્પનમાં શ્લોકનો ઉત્તરાર્ધ કહેલો છે. તે સ્થાન વિકાર (ફેરફાર) વિનાનું રહેલું એમ જણાવવા, 'તતઃ' 'ત્યાંથી' એ અવ્યય દર્શાવેલ (યોજેલ) છે. ત્યાં કોઈ પણ હણાયું ન હતું, એવો (તેનો) અર્થ છે.

'ત્યારે શહેરની અંદર કેટલે દૂર હણવાનું (કાર્ય) થશે' એવી શંકા થાય, તેથી 'ત્યાંથી પધાર્યા' શબ્દો યોજેલા છે. ('યયૌ' ક્રિયાપદમાંનો) 'યા' ધાતુ 'પહોચાડવું'

અર્થવાળો હોવાથી, કુશલપણાથી (ભગવાન્) ઈચ્છેલા પ્રદેશ સુધી પધાર્યા, એવો અર્થ છે. 'તે (રુક્મિણીના એટલે ભીષ્મક)ના (સૈનિકો)ને અથવા બલભદ્ર વિગેરેને ઉપદ્રવ થયો હશે' એવી શંકા થાય, તેથી તેમ થયું ન હતું એમ જણાવવા 'બલભદ્ર જેમના નાયક હતા તેઓની સાથે' શબ્દ યોજેલ છે, કારણ કે સાધનશક્તિ 'બલભદ્ર (રામ) જેઓના નાયક હતા' એમ બધા (યાદવો) સાધનવાળા[1] અને રમણરૂપ હોઈ હિંસા કરતા ન હતા એમ સૂચવેલું છે.

'યુદ્ધને લીધે પણ તેવા(હિંસા કરનારા) થયા હશે' એવી શંકા થાય, તેથી 'ધીમે ધીમે' શબ્દ યોજેલ છે. કારણ કે નગરમાં રહેનારા લોકો ત્રણ-ચારને (નગરમાં) મૂકી (બધા) આવેલા હોવા છતાં પણ, 'લોકની વાતચિત પ્રમાણે રુક્મિણી શ્રીકૃષ્ણને આપેલી છે, તેથી ભગવાન્ (તેને) લઈ જાય છે' એમ સમજી માનપૂર્વક (વરઘોડો) જોનારા જ થયા, એમ આ 'ધીમે ધીમે' શબ્દથી સૂચવેલું છે.

સર્વનો સંદેહ દૂર કરવા 'ભગવાન્ ત્યાં જ કેમ ન રહ્યા ? પછી સાસરા વિગેરે તરફથી રજા મળતાં જવું જોઈતું હતું. એમ શા માટે જતા રહ્યા ?' એવી શંકા થાય તેથી '(જેમ ભાગ લઈ જનારો સિંહ) શીયાળો વચ્ચેથી (જાય)' દૃષ્ટાંત આપેલું છે. જો ત્યાં સારા પુરુષો હોત તો એમ થાત (ભગવાન્ રોકાત). તેઓ (જરાસંધ વિગેરે) દુષ્ટ ચિત્તવાળા ઠગારા સૃગાલો[2] હતા, અને તેઓની વચ્ચે પોતાનો ભાગ રાખવો જોઈએ નહિ, કારણ કે પડ્યો રહેલો ભાગ જ સૃગાલોનો હોય છે. તેમાં પણ જે ક્રૂરતા વગરનું પડી રહેલ હોય તે સાધ્યોનો (ભાગ) છે, જે ક્રૂર (પડી રહેલ) હોય તે સૃગાલોનો (ભાગ) છે એવો (નિયમ છે). જેમ કે મથન કરી ઉત્પન્ન કરેલો અગ્નિ અને પશુને બાંધવાના થાંભલાનો (તેને બાંધવાની) કડી ઉપરનો ભાગ સાધ્યોનો[3] છે, અને યતિઓ સૃગાલોનો[2] (ભાગ) છે, એવો શ્રુતિ પ્રમાણે નિર્ણય થએલો છે[4].

વળી લોકમાં પણ તે સૃગાલો વચ્ચે રાખવા યોગ્ય નથી, એવું '(જેમ) સિંહ' શબ્દથી સિંહનું દૃષ્ટાંત આપે છે. જેમ સિંહ પોતાનો ભાગ લઈ જાય છે, તેમ ભગવાન્ પણ ભાગ લઈ જનારા બન્યા. 'ભાગભૃત્' પાઠ હોય ત્યારે 'ભાગ

૧. સાધનવાળા હોવાથી ઉપદ્રવ પામે તેવા ન હતા; પોતાનું રક્ષણ કરી શકે તેવા હતા, રમણરૂપ હોઈ બીજાને હણતા ન હતા એવો અર્થ જણાય છે.

૨-૨. સૃગાલો એટલે (૧) લુચ્ચાઓ, ઠગારાઓ (૨) શીયાળો.

૩. 'સાધ્યો' એ એક દેવોની જાતિ છે.

૪. 'ન તુ સ્વભાગસ્ય' શબ્દો અહિં છે. તે મત્પ્રભુચરણની પ્રતમાં કાઢી નાખેલા છે, તેથી તેનો અર્થ કરેલ નથી. (ઉપર જે શ્રુતિ પ્રમાણે નિર્ણય કહ્યો તે પડ્યા રહેલ ભાગ સંબંધી જ છે). 'પરંતુ પોતાના ભાગ સંબંધી નથી' એવો તે શબ્દોનો અર્થ છે.

રાખનાર' એવો અર્થ થાય છે. જે ગ્રહણ કરેલ હોય તેને શુદ્ધ સ્થાનમાં જ રાખવું જોઈએ, તેથી ત્યાં (રુક્મિણીરૂપ પોતાનો ભાગ) ન રાખ્યો; કારણ કે તેમ ન કરે તો (ત્યાં રાખેલ હોય તો) તે અસુરોને પ્રાપ્ત થાય. ૫૬.

પછી જે થયું તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**તં માનિનઃ સ્વાભિભવં યશઃક્ષયં પરે જરાસન્ધવશા ન સેહિરે ।।**
**અહો ધિગસ્મદ્યશ આત્તધન્વનાં ગોપૈર્હૃતં કેસરિણાં મૃગૈરિવ ।।૫૭।।**

જરાસંધના તાબાના અભિમાની શત્રુઓ પોતાનો તે તિરસ્કાર અને યશનો ક્ષય સહન કરી શક્યા નહિ; (અને બોલ્યા કે) આશ્ચર્ય ! સિંહોનો યશ જેમ હરણો હરે તેમ ધનુષ્ય ખેંચી રહેલા આપણનો યશ ગોપોએ હર્યો. ધિક્કાર છે (આપણા તે) યશને. ૫૭.

(શત્રુઓ પોતાનાં) અભિમાનનું રક્ષણ કરવા માટે જ આવેલા હતા. તે 'જો શ્રીકૃષ્ણ આવીને હરણ કરે' એમ (પાછળ શ્લોક ૧૮માં) કહેલું છે. તે થયું (શ્રીકૃષ્ણે હરણ કર્યું), તેથી પોતાનો 'અભિભવં' તિરસ્કાર અને યશનો ક્ષય જોઈને, અને તે પણ સામાવાળાઓએ કરેલો (જોઈને, સહન કરી શક્યા નહિ), કારણ કે શત્રુઓએ કરેલું સહન કરી શકાતું નથી. જો તેઓ વિવાહ કરીને પણ લઈ જાય તો પણ સહન કરી શકાય નહિ, તો પછી બલથી લઈ જાય તે તો કેમ જ સહન કરાય ? તેમાં પણ જરાસંધના તાબાના, જેમણે પહેલાં (ભગવાન્ ઉપર) વિજયનો અનુભવ કરેલો (તેવા તે હતા), તેથી સહન કરી શક્યા નહિ, એટલે ધીરજ ધારણ કરી શક્યા નહિ, કારણ કે જરાસંધના તાબાના હોવાથી યશનો ક્ષય સહન કરી શક્યા નહિ, અને અભિમાનવાળા હોવાથી પોતાનો તિરસ્કાર સહન કરી શક્યા નહિ.

તે પ્રસંગે પોતાની નિંદા જણાવનારું ઉભય પ્રકારનું વાક્ય તેમણે કહેલું તે ઉત્તરાર્ધમાં જણાવેલ છે. (૧) 'ધનુષ્ય ખેંચી રહેલા આપણા યશને ધિક્કાર છે'. જો યશ હોત તો (રુક્મિણીને) લઈ જનારા યશથી ભય પામ્યા હોત, એવું અભિમાનવાળાઓનું વાક્ય કહ્યું. (૨) '(સિંહોનો યશ જેમ હરણો હરે તેમ) ગોપોએ હર્યો' એવું જરાસંધ જેમનો અગ્રેસર હતો તેમનું કહેલું વાક્ય છે, કારણ કે ગોપાલો જેની તેની ગાય લઈ જાય છે, તેમાં પણ સિંહની હરી એ ઘણું આશ્ચર્ય છે. સિંહ ગાયનું ભક્ષણ કરે છે, (અને) ગોપાલો (તેનું) પાલન કરે છે. તેથી (તેમણે) કરેલું યોગ્ય જ છે, પરંતુ આશ્ચર્યકારક છે એવી તેમની પ્રશંસા કરી છે, અને પોતાનું શૌર્ય જણાવ્યું છે. આથી એમ પણ સૂચવેલું છે કે હવે પછી (રુક્મિણીને પાછી લાવવાનો) પ્રયત્ન કરવો જોઈએ નહિ. (આવો પ્રયત્ન) કરવો પણ જોઈએ, તે બાબતનું કારણ

'સિંહોનો હરણો (હરે)' શબ્દોથી કહેલું છે. કારણ કે હરણો સાધારણ (જનાવર) છે, (અને) સિંહ જનાવરોનો રાજા છે. તે સંબંધમાં પણ 'આ ઘણા (હરણો)નો ભાગ છે' એવું અહિં દૃષ્ટાંત હોવાથી, (તેઓ હરી ગયા તે) અત્યંત આશ્ચર્યકારક નથી, એવું પોતાના મનનું સમાધાન તેઓએ કહેલું છે. ૫૭.

**ઈતિ શ્રીમલ્લક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીભાગવતની સુબોધિનીમાં દશમા સ્કંધના વિવરણમાં પચાસમો ઉત્તરાર્ધનો ચોથો અધ્યાય સંપૂર્ણ.**

# || અધ્યાય એકાવનમો ||

## (ભગવાને રુક્મિણીજી સાથે લગ્ન કર્યું)

**યાવન્નિવર્તતે ચિત્તં તદીયાનાં સ્વભાવતઃ ||**
**તાવદન્યસ્ય વિષયો ભગવાંસ્તં ન મન્યતે ||૧||**

જ્યાં સુધી તેના હરકોઈ પદાર્થના સંબંધીઓનું ચિત્ત પોતાનું હોવાપણાથી[1] નીકળી ન જાય ત્યાં સુધી (તે) બીજાનો પદાર્થ છે. ભગવાન્ તેની ગણના કરતા નથી. કા.૧.

**અતો વિધિવિવાહાર્થં તન્નિરાકરણં પુરા ||**
**ત્રિવિધાનાં નિરૂપ્યં હિ યુદ્ધમુણ્ડનબોધનૈઃ ||૨||**

તેથી વિધિ પ્રમાણે વિવાહ (કરવા)માટે પહેલાં યુદ્ધ, મુંડન અને બોધથી[2] ત્રણ પ્રકારના[3] (સંબંધીઓ)નું તે[4] દૂર કરવાનું જણાવવું જોઈએ. કા.૨.

**ઉદાસીનાઃ સ્વકીયાશ્ચ સ્વયં ચેત્યત્ર શત્રવઃ ||**
**મધ્યમં ભગવત્કાર્યમનુકલ્પો યતસ્તથા ||૩||**

આ વિષયમાં ઉદાસીનો, સગાંઓ અને પોતે[5] શત્રુઓ છે. વચલું[6] ભગવાનનું કાર્ય છે, કારણ કે તે પ્રમાણે (બાકીનું કરવા બલભદ્ર[6]) શક્તિમાન છે. કા.૩.

**ઉત્તરાર્ધે પઞ્ચમે તુ વિવાહો વર્ણ્યતે હરેઃ ||**
**રુક્મિણ્યા સર્વભાવેન તદ્દોષાન્ વિનિવર્ત્ય હિ ||૪||**

ઉત્તરાર્ધમાં પાંચમા (અધ્યાય)માં તો રુક્મિણીના દોષો દૂર કરીને તેની સાથે હરિના વિવાહનું અંતઃકરણપૂર્વક વર્ણન કરવામાં આવે છે. કા.૪.

---

૧. જ્યાં સુધી હરકોઈ પદાર્થમાં 'આ મારો છે' એવી કોઈની બુદ્ધિ હોય, ત્યાં સુધી તે પદાર્થ બીજાનો ગણાતો હોવાથી ભગવાન્ તેની ગણના કરતા નથી, એવો અર્થ છે.

૨. જરાસંધ વિગેરેની ('આ રુક્મિણી અમારા સંબંધવાળા શિશુપાલની છે' એવી) બુદ્ધિ યુદ્ધથી તેમને હરાવી દૂર કરી, રુક્મીની (આ મારી બેન છે એવી બુદ્ધિ) મુંડનથી દૂર કરી અને રુક્મિણીનાં અજ્ઞાનને બોધથી મટાડ્યું, એવો અર્થ છે. (લે)

૩. આ ત્રણ પ્રકારના સંબંધવાળા નીચે ત્રીજી કારિકાના પૂર્વાર્ધમાં કહ્યા છે.

૪. 'તે' એટલે 'રુક્મિણી અમારા સંબંધવાળી છે એવી બુદ્ધિ'

૫. ભગવાનનાં કાર્યનું અનુમોદન ન કરનાર પોતાનો આત્મા પણ શત્રુ છે, એવો ભાવ છે. (લે)

૬–૬. 'વચલું' એટલે રુક્મીનું મુંડન કરવાનું કાર્ય ભગવાને કર્યું. બાકીનાં બે યુદ્ધ અને રુક્મિણીને બોધ કરવાનાં કાર્ય ભગવાનને બદલે તેમના જેવા ગુણવાળા બલભદ્રે કર્યા, એવો ભાવ જણાય છે.

ગયા અધ્યાયના અંતે એમ કહેલું કે (જરાસંઘ વિગેરેએ) પોતાના યશની નિંદા કરી, પછી તે સાત્ત્વિકોએ બની શક્યું તેટલું પોતાનું પુરુષાતન કર્યું એમ નીચેના શ્લોકથી (આરંભી) કહે છેઃ

શ્રીશુક કહે છેઃ

**ઈતિ સર્વે સુસંરબ્ધા વાહાનારુહ્ય દંશિતાઃ ।।**
**સ્વૈઃ સ્વૈર્બલૈઃ પરિક્રાન્તા અન્વીયુર્ધૃતકાર્મુકાઃ ।।૧।।**

બધા એવી રીતે ઘણો ગુસ્સો કરી, વાહનો ઉપર બેસી, કવચો બાંધી, પોતપોતાનાં સૈન્યોથી વીંટાઈ, ધનુષ્ય ધારણ કરી પાછળ દોડ્યા. ૧.

બધાએ જ ભેગા થઈ ક્રોધ કર્યો. ભગવાનના (યોધાઓ) થોડા હતા તેથી અને ભગવાન્ સ્ત્રીનું રક્ષણ કરવામાં રોકાએલા હતા તેથી (તેઓએ) પોતાનો ઉદ્યમ કર્યો. તેમ ન હોય તો સાત્ત્વિકોની[૭] વિચારપૂર્વક પ્રવૃત્તિ ન થાય. (તેઓ) ક્રોધને લીધે અથવા એકબીજાના વચનથી ઘણા ગુસ્સે થયા. પછી રથ વિગેરે વાહનો ઉપર (બેસીને), 'દંશિતાઃ' કવચો બાંધી, એકઠા થઈને. યુદ્ધમાં એક પણ નાસભાગ કરે એટલે બધાની (નાસભાગ) થાય તેથી જુદા જુદા જ પોતપોતાનાં સૈન્યોથી ચારે તરફ વીંટાઈ, દૂરથી જ પ્રહાર કરવા માટે તેઓએ ધનુષ્ય ધારણ કર્યાં. ૧.

એ પ્રમાણે શત્રુઓનો ઉદ્યોગ વર્ણવી, નીચેના શ્લોકમાં તેને અટકાવવા માટે ભગવાનના (સૈનિકો)એ કરેલો ઉદ્યોગ પણ કહે છેઃ

**તાનાપતત આલોક્ય યાદવાનીકયૂથપાઃ ।।**
**તસ્થુસ્તસંમુખા રાજન્વિસ્ફૂર્જ્ય સ્વધનૂંષિ તે ।।૨।।**

હે રાજન્ ! તેઓને સર્વ તરફથી દોડી આવતા જોઈને, તે યાદવ સૈન્યના સેનાપતિઓ પોતાના ધનુષ્યનો ટંકાર કરીને તેઓની સામા ઉભા રહ્યા. ૨.

'આ' સર્વ તરફથી દોડી આવતા જોઈને સામા ઉભા રહ્યા. આ સ્થલે જે યાદવો હતા, તે બધા યાદવ સૈન્યોના સેનાપતિઓ જ હતા, પરંતુ કોઈ સૈનિક અથવા સાધારણ યોદ્ધો ન હતો, તેથી તેઓની સામા જ ઉભા રહ્યા. પોતાના પરાક્રમી સેનાપતિઓ જો થોડા હોય તો પણ પોતાનો જય થાય, તેથી શત્રુના ઘણા સૈનિકોની પણ સામા ઉભા રહ્યા. તેઓને પડકારતા હોય તેમ પોતાના ધનુષ્યોની 'વિસ્ફૂર્જ્ય' પણછીનો ટંકાર કરીને ઉભા રહ્યા, કારણ કે તે બલભદ્ર વિગેરે પ્રસિદ્ધ હતા. ૨.

પછી પહેલાં જણાવેલા (જરાસંઘ વિગેરે)એ યુદ્ધ માટે પહેલાં પ્રવૃત્તિ કરી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

૭. નીચે ૧૧ થી ૧૬ સુધીના શ્લોકથી જરાસંઘ વિગેરે શિશુપાલને જ્ઞાનનો બોધ કરશે. જ્ઞાન સત્ત્વમાંથી થતું હોવાથી તેઓ તેટલા અંશે સાત્ત્વિક છે એવો ભાવ છે. (લે)

**અશ્વપૃષ્ઠે ગજસ્કન્ધે રથોપસ્થે ચ કોવિદાઃ ।।**
**મુમુચુઃ શરવર્ષાણિ મેઘા અદ્રિષ્વપો યથા ।।૩।।**

જેમ વાદળાંઓ અદ્રિઓ (પર્વતો) ઉપર જલ નાખે તેમ (યુદ્ધમાં) પ્રવીણ (શત્રુઓએ) અશ્વોની પીઠ ઉપર, હાથીઓની કાંધ ઉપર અને રથના મધ્ય ભાગ ઉપર બાણોની વૃષ્ટિ કરી. ૩.

જ્યાં પ્રહાર થવાથી કોઈને પણ પીડા ન થાય, ત્યાં જ તેઓનાં બાણો પડતાં હતાં એમ જણાવવા 'અશ્વોની પીઠ ઉપર...' એમ કહેલું છે, કારણ કે (ત્યાં) ચામડી વિગેરે રક્ષણ કરનારાં હતાં. તે જ રીતે હાથીઓની કાંધ ઉપર પણ (અને) તે જ પ્રમાણે રથના મધ્ય ભાગ એટલે જ્યાં કોઈ બેઠેલું ન હોય ત્યાં પ્રવીણ હોવા છતાં પણ (તેમણે બાણોની વૃષ્ટિ કરી).

અથવા જ્યાં પીડા થવાનો સંભવ હતો ત્યાં જ તેઓએ બાણોની વૃષ્ટિ કરી, કારણ કે તેઓ પ્રવીણ હતા. 'ચ' 'અને' શબ્દથી (એમ કહેલું છે કે) સારથિના (બેસવાના) સ્થાન ઉપર પણ (તેઓએ બાણોની વૃષ્ટિ કરી). અટકાયત ન કરવા છતાં પણ તેઓ(યાદવો)ને કાંઈ પણ હાનિ થઈ નહિ, એ વિષયનું દૃષ્ટાંત '(જેમ) વાદળાંઓ અદ્રિઓ ઉપર (જલ નાખે)' શબ્દોથી કહેલું છે. 'ન દીર્યતે' ફાટતો નથી તે અદ્રિ. તેમ ન હોય તો ફાટતાં તેનાઓને દુઃખ થતાં, વિશેષણ[1] નકામું થાય. તેમાં પણ વાદળાંઓ સાધારણ (કહેલાં) છે, પરંતુ કાળાં (કહેલાં) નથી. તે પણ જલ (નાખે છે), પરંતુ ધારાઓ નાખતાં નથી. ૩.

ભગવાન્ ભક્તોને માટે જ સર્વ કરે છે એમ જણાવવા માટે, રુક્મિણીને પછી ભય થયો તે ભગવાને મટાડ્યો એમ કહેવામાં આવે છે. તેઓ (જરાસંઘ વિગેરેના સૈનિકો)નો માત્ર વધ કરવામાં આવે, (અને) રુક્મિણીની પણ તેમાં સંમતિ ન હોય તો, ભગવાને પોતાના માટે જ તે (કાર્ય) કરેલું હોવાથી તે ક્લેશવાળું કર્મ થાય. તેથી યુદ્ધ પહેલાં નીચેના બે શ્લોકથી તે[1] કહે છેઃ

**પત્યુર્બલં શરાસારૈશ્છન્નં વીક્ષ્ય સુમધ્યમા ।।**
**સવ્રીડમૈક્ષત્તદ્વક્ત્રં ભયવિહ્વલલોચના ।।૪।।**
**પ્રહસ્ય ભગવાનાહ મા સ્મ ભૈર્વામલોચને ।।**
**વિનઙ્ક્ષ્યત્યધુનૈવૈતત્તાબકૈઃ શાત્રવં બલમ્ ।।૫।।**

સુંદર કેડવાળીએ પતિના સૈન્યને બાણોની વૃષ્ટિથી ઢંકાએલું જોઈને,

૧. 'તેનાઓ' એટલે પર્વતમાં વસનારાઓને પર્વત ફાટતાં દુઃખ થાય. તેવું કાર્ય વાદળાંઓ કરે તો તેઓ 'કોવિદ' જલ નાખવામાં 'પ્રવીણ' ન ગણાય, એવો અર્થ જણાય છે.

૧. 'તે' એટલે રુક્મિણીને થએલો ભય ભગવાને મટાડ્યો તે.

ભયથી વિહ્વલ લોચનવાળી થઈ લજ્જાપૂર્વક તેમના મુખ સામે જોયું. ભગવાને હસીને કહ્યું કે 'હે વામ લોચનવાળી ! ભય ન પામ. આ શત્રુનું સૈન્ય હમણાં જ તારાં (સૈન્ય)થી નાશ પામશે. ૪-૫.

બાણોનાં 'આસારૈઃ' ધારા પેઠે પડવાથી સારી રીતે ઢંકાએલું. પતિ એટલે ભગવાનનાં સૈન્યને (એ પ્રમાણે) ઢંકાએલું જોઈને, (રુક્મિણીએ) લજ્જાપૂર્વક તેમનાં મુખ સામે જોયું. (રુક્મિણીએ પોતે ભગવાનને કરેલો પોતાનો) વિનિયોગ નકામો થશે એવા ભયથી, અથવા શુદ્ધ અંતઃકરણવાળી થઈ (એ પ્રમાણે તેમના મુખ સામે જોએલું એમ જણાવવા) 'સુંદર કેડવાળી' વિશેષણ યોજેલું છે, કારણ કે રાજસગુણ થાય ત્યારે શૌર્ય વિગેરે થાય (આવે) છે. આ[2] માટે જ ભગવદીઓએ સહન કરેલું. (ભગવાનના મુખનું) પહેલું દર્શન થતું હતું, તેથી લજ્જાપૂર્વક જોયું. વાસ્તવિક રીતે ભયપૂર્વક જોવું જોઈએ, છતાં પણ તેટલા સમયે આ[3] પલાયન પણ કરી શકે તેવા હતા તેથી, પરંતુ (તેમ કરવાથી) લજ્જા જ થાય તેથી, બંને પ્રકારે લજ્જાપૂર્વક જ જોયું. પછી એક ક્ષણમાં ભયથી વિહ્વલ છે લોચનો જેનાં, તેવી પણ થઈને તેમનાં એટલે ભગવાનનાં મુખ સામે જોયું. ૪.

પછી પાંચમા શ્લોકમાં (ભગવાને કરેલું તેનું) સાંત્વન કહે છે. એવી રીતે કામ પોતે પોતાના(સંબંધીઓ)ના વધની ઈચ્છા કરે છે, તેથી મોહ પમાડનારાં હાસ્યથી જ (ભગવાને) તેનો ભય વિગેરે મટાડ્યાં. તેણે મન અને દેહને સંદેશા માટે ભગવાન્ પાસે મોકલેલાં, પરંતુ વાણી મોકલેલી નહિ. તેમ ન હોત (વાણીને પણ મોકલી હોત) તો તે[4] જ રમણ કરત. ભગવાન્ પણ જેમ યોગ્ય હતું તેવી વાણી જ બોલ્યા. (તે) ભગવાન્ હોવાથી જ (તેમનામાં) અવિશ્વાસ ન હતો, અથવા (ભગવાને તેના) હૃદયમાં તે જ પ્રમાણે (વિશ્વાસ) ઉત્પન્ન કરેલો. 'ભય ન પામ' એમ (ભગવાને) કહ્યું; કારણ કે ભગવદીઓને ભય હોતો નથી એવી સર્વ સ્થલે પ્રસિદ્ધિ છે. 'હે વામ લોચનવાળી !' સંબોધનથી (એમ જણાવ્યું છે કે) વાંકી દષ્ટિ કરવી ન જોઈએ. ઘણા ભાગે જે પુરુષ ઉપર પણ જય મેળવે છે તેને ભય શું હોય ? અથવા '(તું) મનોહર દષ્ટિવાળી હોવાથી જ (તારું) શુભ થશે, તારી દષ્ટિથી જ

૨. યાદવો જરાસંઘ વિગેરેના સૈન્યનો નાશ કરે તેમાં રુક્મિણી એ પ્રમાણે ભગવાનના મુખ સામે જોઈ પોતાની સંમતિ આપે તે માટે જ ત્યાં સુધી યાદવોએ શત્રુઓનાં બાણ સહન કરેલાં, એવો ભાવ છે.

૩. 'આ' એટલે 'ભગવાન્'.

૪. 'તે' એટલે 'રુક્મિણી'. વાણી પણ તેણે મોકલી હોત તો સર્વભાવથી ભગવાનનું શરણ થતાં તેને ભય થાત જ નહિ, પણ તે રમણ જ કરત, એવો ભાવ જણાય છે.

(શત્રુઓનો) નાશ થશે' એમ જણાવવા સંબોધન કરેલું છે. 'હમણાં જ' શબ્દથી તેમાં સંદેહ નથી (એમ જણાવેલું છે). તે (રુક્મિણી)નો પોતાની તરીકે અંગીકાર કરીને, (તને) તજીને જઈશ નહિ એમ જણાવવા 'તારાં (સૈન્ય)થી' શબ્દ યોજેલ છે. 'શત્રુનું સૈન્ય' શબ્દોથી (ભગવાન્) સર્વરૂપ છે એવા નિર્ણય પ્રમાણે પણ (આ કાર્યની) યોગ્યતા જણાવેલી છે, કારણ કે શત્રુઓ હણવા યોગ્ય જ છે. ૫.

એ પ્રમાણે ભગવાનનાં વાક્યથી જ આજ્ઞા પ્રાપ્ત થતાં જ તેઓએ(યાદવો) સામર્થ્યવાળા થતાં જ શત્રુનાં સૈન્ય ઉપર સરસાઈ પ્રાપ્ત કરી, એમ કહે છેઃ

**તેષાં તદ્વિક્રમં વીરા ગદસંકર્ષણાદયઃ ।।**
**અમૃષ્યમાણા નારાચૈર્જઘ્નુર્હયગજાન્ રથાન્ ।।૬।।**

ગદ, સંકર્ષણ વિગેરે વીરોએ તેઓનું તે પરાક્રમ સહન નહિ કરતાં બાણોથી અશ્વો હાથીઓ અને રથોનો નાશ કર્યો. ૬.

(ગદ વિગેરેએ) તેવું પરાક્રમ સહન નહિ કરનારા થઈ, (અશ્વો વિગેરેનો) નાશ કર્યો. કયો શત્રુ તેવાં પરાક્રમ પ્રતિ બેદરકારી દર્શાવે ? ગદ અને સંકર્ષણ મુખ્ય હતા જેઓમાં તેવા (યાદવો હતા). એક (ગદ) (શત્રુના સૈન્યમાં) પ્રવેશ કરીને (તેને) હણતો, બીજો (સંકર્ષણ) તો (શત્રુના સૈન્યને) ખેંચીને (તેને હણતો). આથી હલકો (યાદવોમાં) કોઈ ન હતો, તેથી તેઓને મુખ્ય કહેલા છે. 'નારાચૈઃ' એટલે અમુક પ્રકારનાં બાણોથી, અશ્વો હાથીઓ અને રથો ત્રણ પ્રકારનાં (સેનાનાં અંગો) હણ્યાં તેથી (તે) ગણાવેલાં છે, કારણ કે શૂરવીરો નજીવાંને હણતા નથી, તેથી પગે ચાલનાર સૈનિકોની ગણના કરેલી નથી. ૬.

હણવાનું પરિણામ ફલમાં આવ્યું, તેથી નીચેના ત્રણ શ્લોકોથી (તેનું) ફલ કહે છે, કારણ કે (૧) અવયવવાળાઓનો અને (૨) અવયવોનો એવો વધ બે પ્રકારનો અને પછી (૩) પલાયન એમ ત્રણ પ્રકારનું ફલ થયુંઃ

**પેતુઃ શિરાંસિ રથિનામશ્વિનાં ગજિનાં ભુવિ ।।**
**સકુણ્ડલકિરીટાનિ સોષ્ણીષાણિ ચ કોટિશઃ ।।૭।।**
**હસ્તાઃ સાસિગદેષ્વાસાઃ કરભા ઉરવોઽઙ્ઘ્રયઃ ।।**
**અશ્વાશ્વતરનાગોષ્ટ્રખરમર્ત્યશિરાંસિ ચ ।।૮।।**
**હન્યમાનબલાનીકા વૃષ્ણિભિર્જયકાંક્ષિભિઃ ।।**
**રાજાનો વિમુખા જગ્મુર્જરાસન્ધપુરઃસરાઃ ।।૯।।**

કરોડોની સંખ્યામાં રથમાં બેઠેલા, અશ્વો ઉપર બેઠેલા અને હાથીઓ ઉપર બેઠેલા (યોધાઓ)નાં કુંડલો અને મુગટો સાથે અને પાઘડીઓ સાથેનાં માથાંઓ, તલવાર ગદા તથા ધનુષ્યો સહિત હાથો, હાથીની સૂંઢો, સાથળો, પગો અને

અશ્વોનાં, ખચ્ચરોનાં, હાથીઓનાં, ઉંટોનાં, ગધેડાઓનાં અને મનુષ્યોનાં માથાંઓ ભૂમિ ઉપર પડ્યાં. જરાસંધ જેઓનો અગ્રેસર હતો તેવા રાજાઓ, જેમનાં અનીકરૂપ સૈન્યો જયની ઈચ્છા રાખનારા વૃષ્ણિઓથી હણાતાં હતાં, તેઓ પીઠ દેખાડી જતા રહ્યા. ૭-૮-૯.

રથ ઉપર બેઠેલા (યોધા)ઓનાં કપાએલાં માથાંઓ રથનું સ્થાન તજી ભૂમિ ઉપર પડ્યાં. તે જ પ્રમાણે 'અશ્વિનામ્' અશ્વ ઉપર બેઠેલાઓનાં, અને હાથી ઉપર બેઠેલાઓનાં (માથાં ભૂમિ ઉપર પડ્યાં). આ તલવારથી કરાતા યુદ્ધમાં આશ્ચર્યકારક નથી, પરંતુ બાણોથી થતાં યુદ્ધમાં (આશ્ચર્યકારક) છે, તેથી વર્ણવેલું છે. 'કુંડલો અને મુગટો સાથે' વિશેષણથી તેઓ નમાલા ન હતા એમ જણાવેલું છે. પાઘડીઓ, કુંડલો અને મુગટો એ ત્રણ પ્રકારનાં (સાહિત્યોવાળાં માથાં પડ્યાં). થોડાં જ (તેવાં માથાં) પડ્યાં ન હતાં, એમ જણાવવા 'કરોડોની સંખ્યામાં' શબ્દ યોજેલ છે. ૭.

આઠમા શ્લોકમાં (ભૂમિ ઉપર પડેલા) અવયવો વર્ણવે છે. તલવાર સહિત અને ગદા સહિત જમણા (હાથો), ધનુષ્ય સહિત ડાબા (હાથો), 'કરભાઃ' હાથીની સૂંઢો, સાથળો અને પગો, અને અશ્વ વિગેરે બધાનાં માથાંઓ પણ ભૂમિ ઉપર પડ્યાં, એવો (વાક્યનો) સંબંધ છે. 'નાગાઃ' એટલે હાથીઓ. (આ આઠમા શ્લોકના ઉત્તરાર્ધમાં કહેલા) છએ પ્રકારના હણાયા, એવો અર્થ છે. 'ચ' 'અને' શબ્દથી (એમ જણાવ્યું કે) ધજા વિગેરે પણ ભૂમિ ઉપર પડ્યાં. ૮.

પછી નવમા શ્લોકમાં (રાજાઓએ કરેલાં) પલાયનનું વર્ણન કરે છે. બધુંએ અનીકરૂપ સૈન્ય હણાતું હતું જેઓનું, તેવા (રાજાઓ થયા). આ (રાજાઓ) તો (બાણની) વૃષ્ટિ જ કરતા હતા, પરંતુ હણતા ન હતા. તેઓ (યાદવો) તો હણતા હતા, તેનું કારણ 'જયની ઈચ્છા રાખનારા' વિશેષણથી કહેલું છે. કન્યા તો પ્રાપ્ત થઈ જ, માત્ર જય(પ્રાપ્ત કરવા)ની જ જરુર રહી, તેથી તેઓએ (હણવાનો) ઉદ્યોગ કર્યો. તેથી પોતાના દેશનો ભોગ કરવાની ઈચ્છાવાળા રાજાઓ, 'નકામું મરવાથી શું (લાભ) ?' એમ વિચારી, બધાએ પીઠ દેખાડી કુંડિનપુર ગયા. જરાસંધ અગ્રેસર હતો જેમનો, તેવા(તેઓ હતા), કારણ કે તેણે (જરાસંધે) પલાયન કરવાનો અભ્યાસ કરેલો હતો. ૯.

**શિશુપાલં સમભ્યેત્ય હૃતદારમિવાતુરમ્ ।।**
**નષ્ટત્વિષં ગતોત્સાહં શુષ્યદ્વદનમબ્રુવન્ ।।૧૦।।**

તેઓએ જેની પત્ની હરાએલી હોય તેની પેઠે વિચારમૂઢ થએલા કાંતિ વિનાના, ઉત્સાહ વિનાના, સૂકાતા મુખવાળા શિશુપાલ પાસે જઈ, તેને (નીચે પ્રમાણે) કહ્યું : ૧૦.

ભીષ્મને(ભીષ્મક!) આ વિષયમાં કાંઈ કહેવાપણું નથી તેથી, તથા તેને કાંઈ હાનિ થએલી નહિ હોવાથી, શિશુપાલ પાસે તેઓ ગયા. તે (પોતાનો) વિવાહ થએલો નહિ હોવા છતાં વિવાહ થએલો હોય તેવો (પોતાને) માની દુઃખી થતો હતો. પછી વિષ વિગેરેથી મરવાની ઈચ્છાવાળા થએલા, 'આતુરં' વિચારમૂઢ, હરાએલી સ્ત્રીવાળા તેની 'સમ્યગભ્યેત્ય' પાસે શાંત પાડવા માટે જઈને, જાણે કે મરવા પડેલો હોય તેમ સૂકાતા મુખવાળાને તરત જ દીલાસો આપવા લાગ્યા. 'કાંતિ વિનાના' વિશેષણથી એમ કહેલું છે કે શિશુપાલને ઓળખવામાં, (તેના) મરણનું સાધન જ ઓળખાવનારું હતું, પરંતુ બીજું (કાંઈ ઓળખાવનારું) ન હતું. બહાર તેનામાં કાંતિ ન હતી, (અને) અંદર ઉત્સાહ ન હતો. (દીલાસો આપવા લાગ્યા) કારણ કે બોધ આપવાનો જરાસંધને ઘણો જ અભ્યાસ હતો. ૧૦.

નીચેના શ્લોકથી આરંભી છ શ્લોકોથી દીલાસાના વચનો કહે છે; કારણ કે ભગવાનના ગુણોથી[1] જ દિલાસો મળે છે. આથી (દિલાસા)થી તેનું પણ રુક્મિણી વિષેનું અભિમાન દૂર થશે એમ કહેલું છેઃ

**ભો ભોઃ પુરુષશાર્દૂલ દૌર્મનસ્યમિદં ત્યજ ।।**
**ન પ્રિયાપ્રિયયો રાજન્ નિષ્ઠા દેહિષુ દશ્યતે ।।૧૧।।**

ઓ ઓ ઉત્તમ પુરુષ ! આ મનની ઉદાસીનતાનો ત્યાગ કર. હે રાજન્ ! દેહીઓમાં પ્રિય અથવા અપ્રિયનો નિશ્ચય જોવામાં આવતો નથી. ૧૧.

આરંભમાં (આ શ્લોકથી) સ્વસ્થપણું પ્રાપ્ત કરાવે છે. મૂર્ચ્છા પામેલાને ભાનમાં લાવવા માટે 'ભો ભોઃ' 'ઓ ઓ' એમ કહેલું છે. પ્રશંસા (થવા)થી (પોતાની) સરસાઈ હૃદયમાં આવે છે, તેથી 'ઉત્તમપુરુષ' એવું સંબોધન કરેલું છે. 'આ' એટલે વિવાહ ન થવારૂપ (મનની ઉદાસીનતાનો ત્યાગ કર), કારણ કે (તને કન્યા) પ્રાપ્ત થએલ નહિ હોવાથી, તારું કાંઈ ગયું નથી.

'વિવાહ થાત તો (મારું) પ્રિય થાત' એમ જો (શિશુપાલ) કહે તો, તે સંબંધમાં ઉત્તરાર્ધ યોજેલો છે. 'કોઈનું પણ સદા પ્રિય અથવા સદા અપ્રિય થાય' એવો દેહીઓમાં 'નિષ્ઠા' નિશ્ચય હોતો નથી, તેનું કારણ 'દેહીપણું' જ છે, કારણ કે 'દિહ્'[2] ધાતુ વૃદ્ધિના અર્થવાળો છે. જ્યારે વૃદ્ધિ થાય ત્યારે પ્રિય થાય છે, બીજા સમયે અપ્રિય (થાય છે), એવો અર્થ છે. ૧૧.

નીચેના શ્લોકમાં (મનની ઉદાસીનતા તજવાનાં) બીજા કારણો કહે છેઃ

૧. ભગવાનના ગુણોથી દિલાસો મળે છે. તે ગુણો છ હોવાથી છ શ્લોકોથી દિલાસાના વચનો કહે છે.

૨. 'દિહ્' એટલે વૃદ્ધિ થવી, એ ધાતુને 'ઘઞ્' લાગતા 'દેહઃ' શબ્દ થાય છે.

**યથા દારુમયી યોષિન્નૃત્યતે કુહકેચ્છયા ।।**
**એવમીશ્વરતન્ત્રોઽયમીહતે સુખદુઃખયોઃ ।।૧૨।।**

જેમ કાષ્ઠની પૂતળી મદારીની ઈચ્છા પ્રમાણે નાચે છે એ પ્રમાણે ઈશ્વરને અધીન રહી આ (માણસ) સુખ અને દુઃખ સંબંધી ચેષ્ટા કરે છે. ૧૨.

આ બોધનું કારણ અલૌકિક છે. કાષ્ઠની પૂતળી ખુલ્લાં અંગોવાળી હોવા છતાં, સભામાં વિરુદ્ધ રસવાળી હોવા છતાં 'કુહકસ્ય' મદારીની (ઈચ્છા પ્રમાણે નાચે છે). હરકોઈ દેવતાનું (તેનું) રૂપ બનાવી, તેને નચાવી (મદારી) પોતાનું પેટ ભરે છે, એ પ્રમાણે ઈશ્વર બધાયને પોતાની ક્રીડા માટે નચાવે છે. તેથી ઈશ્વરને અધીન (રહીને) જ આ લોક ભ્રમને લીધે સુખ અને દુઃખ સંબંધી ચેષ્ટા, એટલે સુખ મળો અને દુઃખ ન થાઓ તે માટે ચેષ્ટા કરે છે. હરકોઈ પ્રકારે પ્રવૃત્તિ થાય તે માટે ભગવાનમાં દોષ જોવામાં ન આવે, તેવા પ્રકારની બુદ્ધિ ઉત્પન્ન કરે છે. ૧૨.

એ પ્રમાણે શાસ્ત્રીય (કારણ) કહી, નીચેના શ્લોકમાં (મનની ઉદાસીનતા તજવાનું) પોતાના સંબંધી લૌકિક (કારણ) કહે છેઃ

**શૌરેઃ સપ્તદશાહં વૈ સંયુગાનિ પરાજિતઃ ।।**
**ત્રયોવિંશતિભિઃ સૈન્યૈર્જિગ્ય એકમહં પરમ્ ।।૧૩।।**

ત્રેવીસ (અક્ષૌહિણી) સૈન્ય સહિત હું શૌરિ સાથેના સત્તર યુદ્ધો જરુર હારેલો, એક છેલ્લા (યુદ્ધ)માં હું જીત્યો. ૧૩.

સત્તર દિવસોએ 'વ' નિશ્ચયપૂર્વક શૌરિના સંબંધવાળાં યુદ્ધોમાં હું હારેલો. આ (વાક્ય)માં 'જિ' ધાતુ બે કર્મવાળો[1] છે; અથવા યુદ્ધોમાં (હારેલો). 'ત્રેવીસ અક્ષૌહિત સૈન્ય સહિત' એવા સાધનવાળો હોવા છતાં, (જરાસંધ) એક વાર જ (પોતાનો) જય (થયાનું) માને છે. તેથી (હાર અને જીત) બંને મેં અનુભવેલા હોવાથી, (તેનો) નિશ્ચય હોતો નથી એ પ્રત્યક્ષ છે. ૧૩.

તેથી જ મને શોક (થતો) નથી. એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તથાપ્યહં ન શોચામિ ન પ્રહૃષ્યામિ કર્હિચિત્ ।।**
**કાલેન દ્રવ્યયુક્તેન જાનન્વિદ્રાવિતં જગત્ ।।૧૪।।**

છતાં પણ દ્રવ્યવાળા કાલથી જગતનો પરાભવ થાય છે એમ જાણતો હું કોઈ વાર શોક કરતો નથી, તેમ આનંદ પામતો નથી. ૧૪.

'કોઈવાર' એટલે 'તે(પરાજય)નું સ્મરણ થાય ત્યારે પણ, (વિધવા થએલી) પુત્રીઓને જોઉં ત્યારે પણ' સદા આનંદ ન પામવામાં અથવા શોક ન કરવામાં ધ્યાનમાં રાખવા યોગ્ય એક (કારણ) હોવાથી, પોતે તે (કારણ)નો નિર્ણય

૧. 'યુદ્ધો અને હું' એ બે કર્મો છે. સહ્યભેદ કરતાં 'હું' પ્રથમામાં યોજાએલું છે.

કરેલો, તેનો તે (શિશુપાલ)ને ઉત્તરાર્ધથી ઉપદેશ કરે છે. જો પોતાના બરોબરીઆથી પરાજય અથવા જય થતો હોય, તો હર્ષ અથવા શોક કરવા યોગ્ય ગણાય, પરંતુ તે (પરાજય અથવા જય)નો કરનાર કાલ છે, (અને) તે બધાનો અધિપતિ છે. વળી તે પણ 'દ્રવ્યવાળો' એટલે શરીર વિગેરેવાળો છે, (અને) શરીર દ્વારા જ પરાભવ કરે છે, પરંતુ પોતે આત્માનો પરાભવ કરતો નથી; અને તેનાથી જગતનો પરાભવ થાય છે એમ જાણતો હું શોક કરતો નથી. એવો (વાક્યનો) સંબંધ છે.

'દૈવયુક્તન' 'દૈવના સંબંધવાળા' એવો પાઠ હોય ત્યારે, કર્મને લીધે તે (કાલ) પણ તે પ્રમાણે (પરાજય અથવા જય) કરે છે, પરંતુ તેનો પણ કાંઈ પણ દોષ નથી એવો ભાવ છે. ૧૪.

બીજા સમયની વાત જવા દો. હમણાં જ આપણે બધા જીતાયા (હાર્યા). તેથી 'પાંચની સાથે દુઃખ થતું નથી' એ નિયમ પ્રમાણે શોક કરવો ન જોઈએ, એવા અભિપ્રાયથી નીચેનો શ્લોક કહે છેઃ

**અધુનાપિ વયં સર્વે વીરયૂથપયૂથપાઃ ।।**
**પરાજિતાઃ ફલ્ગુતન્ત્રૈર્યદુભિઃ કૃષ્ણપાલિતૈઃ ।।૧૫।।**

હમણાં પણ શૂરવીરોના નાયકોના નાયકો આપણે બધાએ શ્રીકૃષ્ણથી રક્ષાએલા થોડા સૈન્યવાળા યાદવોથી હાર્યા. ૧૫.

'આપણે' શબ્દ પ્રશંસા માટે યોજેલો છે. 'બધાએ' એ શબ્દ (આ વિષયમાં બધાની) સંમતિ માટે યોજેલો છે.

'ત્યારે (રાજાઓ બધા) નમાલા હશે' એમ ન માનવું. શૂરવીરોના નાયકોના પણ આપણે નાયકો છીએ. આપણે સદા એવા રહેલા છીએ, પરંતુ હમણાં હારેલા છીએ. વળી તેઓનું સૈન્ય મોટું ન હતું. પરંતુ થોડા સૈન્યવાળા જ યાદવોથી (આપણે) હાર્યા.

'ત્યારે તો તેઓનો પણ નાશ થશે' એવી આશા રખાય, તેથી 'શ્રીકૃષ્ણથી રક્ષાએલા' વિશેષણથી તે મનોરથને કાઢી નાખે છે. શ્રીકૃષ્ણથી રક્ષાએલા એટલે હણી ન શકાય તેવા, એવો અર્થ છે. આથી એમ પણ જણાવ્યું કે શ્રીકૃષ્ણ પાસેથી કન્યા લાવી શકીએ તેવો સંભવ નથી. ૧૫.

'એવું આશ્ચર્યકારક (કાર્ય) શા કારણથી થયું ?' એવી શંકા થાય, તેથી નીચેના શ્લોકમાં તેનું કારણ કહે છેઃ

**રિપવો જિગ્યુરધુના કાલ આત્માનુસારિણિ ।।**
**તદા વયં વિજેષ્યામો યદા કાલઃ પ્રદક્ષિણઃ ।।૧૬।।**

હમણાં કાલ પોતાને અનુકૂલ હોવાથી શત્રુઓ જીત્યા છે. જ્યારે કાલ

(આપણું) હિત કરનારો થશે ત્યારે આપણે જીતશું. ૧૬.

હમણાં કાલ પોતાને અનુકૂલ એટલે દેવોનું હિત કરનારો છે ત્યારે (આપણા) શત્રુઓ વૈષ્ણવો જીત્યા છે. જ્યારે આપણું હિત કરનારો તામસ અથવા રાજસ કાલ થશે ત્યારે આપણે દૈત્યો, અને 'ચ' 'અને[1]' શબ્દ હોવાથી રાક્ષસો પણ જીતશું, (એવો અર્થ છે). દૈત્યોના સિદ્ધાંત પ્રમાણે કાલ સર્વથી ઉત્તમ છે. તેનાથી ઉત્તમ (કોઈ)ને (તેઓ) સ્વીકારતા નહિ હોવાથી, તેઓની તેમાં સ્થિતિ છે. ૧૬.

**એવં પ્રબોધિતો મિત્રૈશ્ચૈદ્યોઽગાત્સાનુગઃ પુરમ્ ।।**
**હતશેષાઃ પુનસ્તેઽપિ યયુઃ સ્વં સ્વં પુરં નૃપાઃ ।।૧૭।।**

એ પ્રમાણે બોધ કરેલો શિશુપાલ મિત્રો અને અનુયાયીઓ સહિત (પોતાના) નગર ગયો. હણાતાં બાકી રહેલા તે રાજાઓ પણ ફરીથી પોતપોતાના નગર ગયા. ૧૭.

એ પ્રમાણે પોતાનો સિદ્ધાંત જણાવીને બોધ કરેલો શિશુપાલ, (પોતાનું) અહિત નહિ કરનારા (પોતાની) સમાન વ્યસનવાળા મિત્રો સાથે અને સેવકો સાથે પોતાના નગર ગયો. હણાતાં બાકી રહેલા તેઓ પણ તેના ઘર સુધી તેની સાથે જઈ, ફરીથી પોતપોતાના નગર ગયા. ૧૭.

એ પ્રમાણે સત્તર (શ્લોકો)થી, સાધારણ (સૈનિકો)ને (રુક્મિણીમાં) મમતા ન રહે તે માટે એક ઉપાખ્યાન કહ્યું. રુકમી વિગેરેની (રુક્મિણીમાં) મમતા ન રહે તે માટે હવે સાડા સત્તરથી અને રુક્મિણીની તેઓમાં મમતા ન રહે તે માટે સાડા સત્તર જ (શ્લોકો)થી વચલું રાજસ અને છેવટનું તામસ (ઉપાખ્યાન) કહેવામાં આવે છે. પછી (રુક્મિણીમાંથી) ત્રણે દોષ જતા રહેતાં આઠ ઐશ્વર્યરૂપ રુક્મિણીનો ભગવાન્ આઠ (શ્લોકો)થી અંગીકાર કરશે. તે પૈકી નીચેના શ્લોકથી આરંભી પ્રથમ તામસ (રુકમી)નો ઉદ્યોગ વર્ણવે છેઃ

**રુક્મી તુ રાક્ષસોદ્વાહં કૃષ્ણદ્વિડસહન્ સ્વસુઃ ।।**
**પૃષ્ઠતોઽન્વગમત્કૃષ્ણમક્ષૌહિણ્યા વૃતો બલી ।।૧૮।।**

શ્રીકૃષ્ણનો દ્વેષી બલવાન રુકમી તો બેનનો રાક્ષસ વિવાહ સહન નહિ કરતાં અક્ષૌહિણીથી વીંટાઈ શ્રીકૃષ્ણની પાછળ ગયો. ૧૮.

જો કે (જરાસંધે કરેલા) તત્ત્વના ઉપદેશમાં રુકમી (ત્યાં) હતો, અને તત્ત્વ (ના ઉપદેશ)થી બધા કાર્ય (યુદ્ધ) કરતાં અટક્યા; પરંતુ રુકમી અટક્યો નહિ એમ જણાવવા 'તુ' 'તો' શબ્દ યોજેલો છે.

'(રુક્મિણીનું હરણ કરવામાં શ્રીકૃષ્ણે) કયો અપરાધ કર્યો ? જે બલવાન

---

૧. 'યદા કાલશ્ચ દક્ષિણઃ' એવો શ્રીમદાચાર્યચરણે લીધેલ પાઠ હોવાનું જણાય છે.

ક્ષત્રિય (કન્યાને) લઈ જાય છે, તેની જ તે પત્ની થાય છે એવી ક્ષત્રિઓની સ્થિતિ છે' એવી શંકા થાય, તેથી 'બેનનો રાક્ષસ વિવાહ સહન નહિ કરતાં' શબ્દો યોજેલા છે. કારણ કે જેઓ કુલીન હોઈ દુર્બલ હોય છે, તેમની કન્યાનું રાક્ષસ વિધિથી હરણ થાય છે. (રુકમી) પોતે તો શૂરવીર હતો. તેથી (રુક્મિણીનો) રાક્ષસ વિવાહ અયોગ્ય હતો. વળી આ (રુકમી) 'શ્રીકૃષ્ણનો દ્વેષી' હતો. બીજો કોઈ હરી ગયો હોત, તો બોલત પણ નહિ. શત્રુ હરી જાય તેથી કોઈ પ્રસંગે ભલું થાય નહિ અને શત્રુપણું (તેને) જાળવવું છે, અને સંબંધ (બેન સાથે વિવાહ) થતાં તે રહી શકે નહિ, તેથી સંબંધ દૂર કરવા માટે તેણે પ્રવૃત્તિ કરી. અથવા કન્યા અને હવિષ્[1] સરખાં હોવાથી, 'શત્રુએ ભોગ કરેલું હવિષ્ હોય તે આ લોકમાં તથા પરલોકમાં (ભલું કરનારું) થતું નથી' એ વાક્ય પ્રમાણે શત્રુએ ભોગવેલી કન્યા પણ બંને લોકમાં હિત કરનારી થતી નથી, તેથી શ્રીકૃષ્ણ તેનો ભોગ ન કરે તે માટે તેણે પ્રવૃત્તિ કરી. તેથી જ શ્રીકૃષ્ણની પાછળ ગયો. જે માર્ગે શ્રીકૃષ્ણ પધારેલા, તે જ માર્ગે તે પોતે પણ ગયો.

અથવા જ્યારે ભગવાન્ (રુક્મિણીને હરીને) પધાર્યા ત્યારે જ આ નીકળેલો, પરંતુ બીજાઓ પાછા વળ્યા, પણ આ પાછો ન વળ્યો એવો ('તુ' 'તો' શબ્દથી જણાવેલો) ભેદ છે. એક અક્ષૌહિણીથી વીંટાએલો થઈ ગયો.

'ઘણાએ (શ્રીકૃષ્ણ પાછળ) ગએલા નિરાશ થઈ પાછા ફર્યા, આ એકલો કેમ ગયો ?' એવી શંકા થાય, તેથી 'બલવાન' વિશેષણ યોજેલું છે. આ ઘણો બલવાન હતો. ૧૮.

બલવાન હોવાથી જ તેણે ભારે પ્રતિજ્ઞા કરી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**રુવમ્યમર્ષી સુસંરબ્ધઃ શ્રૃણ્વતાં સર્વભૂભુજામ્ ।।**
**પ્રતિજજ્ઞે મહાબાહુર્દંશિતઃ સશરાસનઃ ।।૧૯।।**

ઘણો ક્રોધ કરેલા, યુદ્ધ માટે તૈયાર થએલા, મોટા બાહુવાળા કવચ પહેરેલા. ધનુષ્ય ધારણ કરેલા રુકમીએ સર્વ રાજાઓનાં સાંભળતાં નીચે પ્રમાણે પ્રતિજ્ઞા કરી. ૧૯.

'અમર્ષી' રોકી ન શકાય તેવા ક્રોધવાળા, સારી રીતે 'રબ્ધઃ' યુદ્ધ માટે તૈયાર થએલા રુકમીએ સર્વ રાજાઓ સાંભળતા હતા તેમની વચ્ચે પ્રતિજ્ઞા કરી. ક્રોધ અને જુસ્સાને લીધે કેવી પ્રતિજ્ઞા કરું છું તે જાણ્યું નહિ. સામગ્રી (યુદ્ધનાં સાધન) લીધેલી હતી તેથી તે નિર્ભય હતો, અને બધા(કોઈ)એ તેને રોક્યો નહિ. તેને મદદ કરનારની જરુર ન હતી, એમ 'મોટા બાહુવાળા' વિશેષણથી કહેલું છે. 'ઘણી ક્રિયાશક્તિ છે

---

૧. હવિષ્' એટલે 'યજ્ઞમાં હોમવાનો પદાર્થ, ઘી વિગેરે'

જેની' એવો તેનો અર્થ છે. પછી કવચ પહેર્યું અને ધનુષ્ય ધારણ કર્યું. ૧૯.

નીચેના શ્લોકમાં (તેણે કરેલી) પ્રતિજ્ઞા કહે છેઃ

**અહત્વા સમરે કૃષ્ણમપ્રત્યૂહ્ય ચ રુક્મિણીમ્ ।।**
**કુણ્ડિનં ન પ્રવેક્ષ્યામિ સત્યમેતદ્બ્રવીમિ વઃ ।।૨૦।।**

શ્રીકૃષ્ણને યુદ્ધમાં હણ્યા વિના અને રુક્મિણીને પાછી લાવ્યા વિના હું કુંડિનમાં પ્રવેશ કરીશ નહિ. હું તમને આ સત્ય કહું છું. ૨૦.

'પાછી લાવ્યા વિના' શબ્દનો એવો ભાવ છે કે તે રુક્મિણીને અગ્નિ સમાન માને છે. (તેથી) જેમ યજ્ઞકુંડમાંથી અગ્નિ બહાર નીકળે તો તેને પાછો યજ્ઞકુંડમાં લાવવામાં આવે છે, તેમ કુલમાંથી નીકળી ગએલીને પાછી કુલમાં લાવવી જોઈએ.

'આ અશક્ય છે' એવી શંકા થાય, તેથી 'હું કુંડિનમાં પ્રવેશ કરીશ નહિ' એમ કહેલું છે. આજ (મારું) પણ છે કે બંને (કાર્ય) કર્યા વિના હું કુંડિનમાં પ્રવેશ કરીશ નહિ. તેથી કુંડિનમાં પ્રવેશ ન કરવારૂપ જ ફલ તેને પ્રાપ્ત થશે. તેથી જ શ્રીકૃષ્ણની નિંદા નહિ હોવાથી[1], તેણે નિશ્ચય કરેલો તે કહેલ નહિ હોવાથી, શબ્દોનો બીજા પ્રકારે અર્થ કરવો યોગ્ય નથી. 'આ હું સત્ય કહું છું' શબ્દોથી પણ જણાવેલું છે. ૨૦.

**ઈત્યુક્ત્વા રથમારુહ્ય સારથિં પ્રાહ સત્વરમ્ ।।**
**ચોદયાશ્વાન્યતઃ કૃષ્ણસ્તસ્ય મે સંયુગં ભવેત્ ।।૨૧।।**

એમ કહી રથમાં બેસી સારથિને તરત કહ્યું કે જે દિશામાં શ્રીકૃષ્ણ છે તે તરફ તરત અશ્વોને હાંક, જેથી તેમનું અને મારું યુદ્ધ થાય. ૨૧.

પછી પિતા વિગેરેની સંમતિ વિના જ એ પ્રમાણે કહીને રથમાં બેસીને, પોતાના સારથિને તેણે (અશ્વો હાંક્યા) કહ્યું. તેમ ન કહે તો તે (સારથિ)ને (શ્રીકૃષ્ણ પ્રતિ) કુદરતી દ્વેષ નહિ હોવાથી તે તેમ કરે નહિ. 'તરત' શબ્દનો બંને બાજુએ સંબંધ છે. અશ્વોને હાંક કે જેથી તેમનું અને મારું યુદ્ધ થાય. પ્રાર્થનાના અર્થમાં વિધ્યર્થ (ભવેત્) યોજેલ છે, એટલે જે પ્રકારે મારું તેમની સાથે યુદ્ધ થાય તે પ્રમાણે અશ્વોને હાંક એવો અર્થ છે. અથવા (આ યુદ્ધ) અપૂર્વ હોવાથી 'ભવેત્' એ વિધ્યર્થ છે. ૨૧.

આ શ્રીકૃષ્ણને સ્ત્રિઓ પ્રિય છે તેથી તેમણે સ્ત્રીનું હરણ કરેલું છે. તેથી (તેમની પાસે) જઈને જે કરવાનું છે તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**અદ્યાહં નિશિતૈર્બાણૈર્ગોપાલસ્ય સુદુર્મતેઃ ।।**
**નેષ્યે વીર્યમદં યેન સ્વસા મે પ્રસભં હૃતા ।।૨૨।।**

આજે હું ઘણા દુષ્ટોનો પણ આદર કરનાર ગોપાલ જેમણે મારી બેનનું બલાત્કારે

---

૧. ભગવાનની નિંદાના વચનો હોય તો તેનો સ્તુતિ પરત્વે અર્થ કરવામાં આવે છે. અહિં તેવું નથી તેથી એવો અર્થ કરવાની જરુર નથી, એવો ભાવ છે.

હરણ કરેલું છે તેમના તીક્ષ્ણ બાણો સાથે વીર્યથી થતો મદ પ્રાપ્ત કરીશ. ૨૨.

'નિશ્ચિતૈઃ' શબ્દ 'સાથે'ના અર્થમાં ત્રીજી વિભક્તિવાળો છે. ઘણા જ દુષ્ટોમાં પણ છે આદર જેમનો તેવા (શ્રીકૃષ્ણ છે). 'ગોપાલ' હોવાપણું એ શબ્દથી દોષ નથી, અભિપ્રાયથી તેનું (દોષવાળું) છે. તે (અભિપ્રાય) ચાલુ પ્રસંગમાં સ્વીકારવામાં આવતો નથી. તેથી (તેનો) બીજા પ્રકારે અર્થ કરવો યોગ્ય નથી. વીર્યથી થતો જે મદ, તેને હું 'નેષ્યે' પ્રાપ્ત કરીશ, જે ભગવાનને લીધે હું મદ પ્રાપ્ત કરીશ એવો અર્થ છે. પહેલાં મને મદ ન હતો, હવે ભગવાનનો સંબંધ થવાથી 'મારા જેવા (કોઈ) શૂરવીરો નથી' એવો (મને) અહંકાર થશે. ક્ષત્રિયોને વીર્ય જ સરસાઈ સૂચવનારું હોવાથી, એકલો (વીર્ય વગરનો) મદ કહેલો નથી.

'ભગવાન્ મદનું કારણ કેમ થાય ?' એવી શંકા થાય, તેથી 'જેમણે મારી બેનનું બલાત્કારે હરણ કરેલું છે' શબ્દો યોજેલા છે. બલાત્કારે હરણ કરતાં ભગવાને મને વીર્ય અને ધનુર્ વિદ્યાનો ઉપદેશ કર્યો. કારણ કે હું બાણો અને વીર્ય (બંને) પ્રાપ્ત કરીશ. સાધન (બાણ) સહિત ફલ (વીર્ય)ની પ્રાપ્તિ ભગવાન્ સન્મુખ જવાનું ફલ છે, એવો અર્થ છે. તેથી (તેમની) સન્મુખ જ જવું યોગ્ય છે એવો આદેશ છે. ૨૨.

**વિકત્થમાનઃ કુમતિરીશ્વરસ્યાપ્રમાણવિત્ ।।**
**રથેનૈકેન ગોવિન્દં તિષ્ઠ તિષ્ઠેતિચાબ્રવીત્ ।।૨૩।।**

દુષ્ટ બુદ્ધિવાળો, ઈશ્વરનું પ્રમાણ નહિ જાણનારો સંબંધ વિનાનું બોલતાં એક રથથી ગોવિંદ પાસે (ગયો) અને 'ઉભા રહો ! ઉભા રહો !' એમ કહ્યું. ૨૩.

ઘણી જ બડાઈ મારતો એટલે સંબંધ વિનાનું હોય તેવું (તે) બોલતો હતો, કારણ કે ભગવાને (રુક્મિણીની) ઘણી પ્રાર્થનાને લીધે તેનું હરણ કર્યું હતું, પરંતુ બલને લીધે કર્યું ન હતું, તેથી (તેનું બોલવું) સંબંધ વિનાનું હતું.

'ભગવાનનું ચિંતન કરી ન શકાય તેવું ઐશ્વર્ય સાંભળીને અને જોઈને તે એ પ્રમાણે કેમ બોલતો હતો ?' એવી શંકા થાય, તેથી 'દુષ્ટ બુદ્ધિવાળો' વિશેષણ યોજેલું છે. (રુક્મિણીને) પાછી લાવવાની વિગેરે શક્તિ તેનામાં ન હતી; કારણ કે તે એમ માનતો હતો કે બધુંએ ભગવાનનું ચરિત જેમ તેમ થઈ ગયું[1]. તેનું પ્રમાણ 'ઈશ્વરનું પ્રમાણ નહિ જાણનારો' વિશેષણથી કહેલું છે. 'પ્રમાણ' શબ્દનો અર્થ આદર કરવા યોગ્ય પણ થાય છે અને કોઈ પ્રસંગે જેમ કે અહિં જ, તથા 'બલ અને

૧. શ્રીકૃષ્ણ સર્વશક્તિમાન છે એવું તે જાણતો ન હતો, તેમણે કરેલાં પરાક્રમ તેમની શક્તિથી નહિ, પરંતુ જેમ તેમ થઈ ગયાં એમ તે માનતો હતો, એવો ભાવાર્થ છે.

૨. 'પ્ર' ઉપસર્ગ 'પરિ' ઉપસર્ગના અર્થમાં યોજાએલ હોય, ત્યારે 'પ્રમાણ' અને 'પરિમાણ' શબ્દનો એક જ અર્થ થાય. એ બે શબ્દોના જુદા જુદા અર્થ થાય નહિ, એવો ભાવાર્થ જણાય છે.

વીર્યનું પ્રમાણ જાણતા હતા' એ વાક્યમાં 'પ્રમાણ' એટલે પરિમાણ, એમ પરિમાણ (માપ) એવો પણ અર્થ હોય છે. એક ઉપસર્ગ બીજા ઉપસર્ગના અર્થવાળો હોવાથી, આખો શબ્દ જૂદા અર્થવાળો થતો[2] નથી. દુષ્ટબુદ્ધિવાળા (રુકમી)એ એ પ્રમાણે એક જ રથથી ભગવાનની પાસે જઈને, 'ગોવિંદ' એટલે ભક્તો ઉપર કૃપા રાખનારા, બધાએ ભલા(મનુષ્ય)ના ઈન્દ્ર અને તેથી જ રુક્મિણીનું હરણ કરીને પધારતા (ભગવાન)ને 'ઉભા રહો ! ઉભા રહો !' એમ કહ્યું. માન આપવા અથવા તિરસ્કાર દર્શાવવા બે વાર કહેલું છે. સ્તુતિનાં વચનો અથવા બીજાં (નિંદાના વચનો) કહ્યાં, એમ 'ચ' 'અને' શબ્દથી કહેલું છે. ૨૩.

એમ કહ્યું ત્યારે ભગવાન્ ઉભા રહ્યા. તે સમયે તેણે જે કર્યું તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**ધનુર્વિદકૃષ્ય સુદઢં જઘ્ને કૃષ્ણં ત્રિભિઃ શરૈઃ ।।**
**આહ ચારે ક્ષણં તિષ્ઠ યદુનાં કુલપાંસન ।।૨૪।।**

(તે) ધનુષ્ય ખેંચીને ત્રણ શરોથી ઘણા જ દઢ શ્રીકૃષ્ણ પાસે (ત્રણ લોક) ઉંચા ચઢાવ્યા, અને કહ્યું કે હે યાદવોના કુલનું રક્ષણ કરનારાઓનો ક્રિયાશક્તિથી ઉદ્ધાર કરનાર ! હૃદયમાં એક ક્ષણ રહો. ૨૪.

સ્તુતિમાં અર્થ કરવામાં આવે ત્યારે, વાક્યોનો એવો અર્થ છે કે મારો (રુક્મીનો) ઉદ્ધાર કર્યા વિના માત્ર રુકિમણીનું જ હરણ કરવું યોગ્ય નથી.

'અધિકાર વિનાનાને શા માટે કૃતાર્થ કરવો ?' એવી શંકા થાય, તેથી પોતાનો અધિકાર જણાવવા માટે 'ધનુષ્ય ખેંચીને...' એમ યુદ્ધનું પ્રદર્શન કરે છે. 'સુદઢમ્' એટલે (પોતાની) પ્રતિજ્ઞામાં ઘણા જ દઢ ભગવાનને ધ્યાનમાં રાખીને, પોતાનું શૌર્ય દર્શાવતાં તેણે ત્રણ શરોથી, અર્થ પ્રમાણે (પ્રાપ્ત થતા) ત્રણ લોકને ઉંચા ચઢાવ્યા; કારણ કે શર રસોનું ઉપરનું આવરણ (વાડ, ઢાંકણ) થએલ છે. તે પૈકી પૃથ્વી જલનું શર છે, અંતરિક્ષ (આકાશ) પણ વાયુનું શર છે (અને) સ્વર્ગ પણ બ્રહ્માંડનું શર છે; અથવા (આ) સર્વ ભગવાનને નિવેદન કર્યાં, કારણ કે હાથ હણવાની ક્રિયા કરે છે, તેથી હાથથી આપ્યાં એવો અર્થ છે.

સર્વસ્વનું નિવેદન કર્યું એટલે જ નહિ, પરંતુ વચન પણ બોલ્યો. તેમ કર્યું ન હોત, તો વાણીથી આપેલ નથી, એમ થાત (કહેવાત). ભગવાન્ પ્રતિ વિજ્ઞપ્તિ કરવા ઉત્તરાર્ધથી વચન કહેલ છે. 'ચારે' એટલે (આપના) ચરણને યોગ્ય (મારા) સાત્ત્વિક હૃદયમાં એક ક્ષણ રહો.

'(ત્યાં) રહેવાથી શું થાય (વળે) ?' એવી શંકા થાય, તેથી 'યાદવોના (કુલનું

રક્ષણ કરનારાઓનો ક્રિયાશક્તિથી ઉદ્ધાર કરનાર)' એમ કહેલું છે યાદવોના 'કુલં' કુલનું 'પાન્તિ' રક્ષણ કરે છે તે 'યાદવકુલપાઃ' છે. અથવા 'કુલપા' એટલે માયા. તે (રક્ષણ કરનારાઓ)નો અથવા તે (માયા)નો 'અસેન' ક્રિયાશક્તિથી (ભગવાન્) 'નયતિ' ઉદ્ધાર કરે છે, તેથી તે તેવા (ઉદ્ધાર કરનારા) છે. જે કોઈ યાદવોનું રક્ષણ કરનારા છે તે બધા એને (ભગવાન્) વૈકુંઠ પ્રાપ્ત કરાવે છે. તેથી એ પ્રમાણે ભક્તો ઉપર પ્રેમ રાખનારા (ભગવાન્) અમારા હૃદયમાં પણ એક ક્ષણ રહે તો અમારા (સેવકો)ને અને અમારા ઉપર ઉપકાર કરનારાઓને વૈકુંઠ લઈ જાય. તેથી તે માટે પ્રાર્થના (કરેલી છે). ૨૪.

**કુત્ર યાસિ સ્વસારં મે મુષિત્વા ધ્વાંક્ષવદ્ધવિઃ ।।**
**હરિષ્યેઽદ્ય મદં મન્દ માયિનઃ કૂટયોધિનઃ ।।૨૫।।**

કાગડાને (તજી), હવિષ્ લઈ જાય તેમ મારી બેનને છૂપી રીતે લઈ જઈ ક્યાં પધારો છો ? મંદ માયાવાળા કપટથી યુદ્ધ કરનારા આપ છો ત્યારે હું (મારો) મદ તજીશ. ૨૫.

વળી આપ ક્યાં પધારો છો ? પોતાના અંશીનો સર્વ પ્રકારનો સંબંધ આનંદ હોવાથી, જીવોની બેન બ્રહ્માનંદ છે, પરંતુ (જીવને તેનો) કોઈ સમયે અનુભવ થતો નથી, તેથી તે બેન જ થાય છે (રહે છે). તેને લઈને, અમારો ઉદ્ધાર કર્યા વિના, ઉદ્ધાર કરેલા યાદવોનો જ ઉદ્ધાર કરવા આપ શા માટે પધારો છો ? એવો અર્થ છે. 'મુષિત્વા' એટલે છૂપી રીતે લઈ જઈને. બ્રહ્માનંદ જીવોની સમીપ રહેલો હોવા છતાં જીવોથી દેખાતો નથી, ભગવાન્ જ તેનો) અનુભવ કરે છે.

જેમ કાગડાને ભજી હવિષ્ લેવામાં આવે છે, કાગડો હવિષ્ થતો નથી, જગતમાં ઉત્પન્ન થએલું બીજું સર્વ હવિષ્ થાય છે. ભગવાન્ સર્વ યજ્ઞોના ભોક્તા છે. તે (યજ્ઞો)માં કાગડાને તજી (બાકીના) બધા (હોમવાના) પશુઓ થાય છે, તે પ્રમાણે આખા જગતનો ઉદ્ધાર કરવા પધારેલા (આપ) મને જ તજી શા માટે જાઓ છો ?' એમ 'ધ્વાંક્ષવત્' શબ્દથી પોતાના માટે ધિક્કાર (દર્શાવેલો છે). 'દેવો છૂપું પ્રિય હોય તેવા છે, પ્રત્યક્ષના દ્વેષી છે' વાક્ય પ્રમાણે હવિષનો પણ છૂપી રીતે જ અંગીકાર કરવામાં આવે છે.

'ત્યારે તે જ (તારા માટે) કાગડાનું દૃષ્ટાંત કહ્યું. તેથી તું સ્વીકારવા યોગ્ય નથી' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ યોજેલો છે. હે 'મન્દ' સ્વતંત્ર ! પોતાની (મારી) અંદર દોષરૂપ જે મદ, જેને લીધે આપ મારા ઉપર કૃપા કરતા નથી (તેને હું તજીશ).

અથવા 'મન્દમાયિનઃ' એટલે મંદ છે માયા જેમની, તેવા (ભગવાન્ છે).

આ માયાને મંદ જ કરે છે, (એટલે) તે કાર્ય કરવાની શક્તિવાળી રહેતી નથી. માયાવી ભગવાન્ કપટથી યુદ્ધ કરનારા છે. તે યુદ્ધ કપટથી જ કરે છે, વાસ્તવિક રીતે મુક્તિ આપે છે. આવા ભગવાન્ (મારી સામે) રહેલા છે, ત્યારે (તેમની પ્રાપ્તિમાં) પ્રતિબંધ કરનાર તરીકે આવતા મારા ગુણ (અહંકાર, મદ)ને હું તજીશ, એવું (રુકમીનું) વચન યોગ્ય જ છે. ૨૫.

'ત્યારે તારો ઉદ્ધાર કેવી રીતે કરવો ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી નીચેના શ્લોકમાં બ્રહ્માનંદ મને આપો એમ કહે છે:

**યાવન્ન મે હતો બાણૈઃ શયીથા મુઞ્ચ દારિકામ્ ।।**
**સ્મયન્ કૃષ્ણો ધનુશ્છિત્ત્વા ષડ્ભિર્વિવ્યાધ રુક્મિણમ્ ।।૨૬।।**

જ્યાં સુધી મારા બાણો આપને પ્રાપ્ત કરે નહિ, અથવા શયન કરો ત્યાં સુધી મોક્ષ આપો. શ્રીકૃષ્ણે હસતાં તેનું ધનુષ્ય છેદીને છ બાણોથી રુકમીને વીંધ્યો. ૨૬.

મારા બાણો એટલે મને હણનાર તરીકે આવેલી (મારી) ઈન્દ્રિયો, તે જ્યાં સુધી આપને પ્રાપ્ત કરે નહિ ત્યાં સુધી (મને) બ્રહ્માનંદ આપવો યોગ્ય છે, (કારણ કે) જો ઈન્દ્રિયો (આપને પ્રાપ્ત કરવાથી) આપના રસને પ્રાપ્ત કરશે તો તેઓ બ્રહ્માનંદની દરકાર કરશે નહિ અને તે સમયે ભક્તિ જ સ્વીકારશે (માગશે), એવો અર્થ છે; (તેથી બ્રહ્માનંદ આપો), કારણ કે તે 'દારિકા' મુક્તિ સંસારનો નાશ કરનારી છે. ભક્તિ (મળતાં) પહેલાં મુક્તિની પ્રાર્થના યોગ્ય જ છે.

'ફલ હમણાં જ દેવું એવો આ શો આગ્રહ ?' એવી શંકા થાય, તેથી 'શયન કરો' શબ્દ યોજેલ છે. જ્યારે પ્રલય સમયે બધું સંકેલી લઈ આપ શયન કરો તે પહેલાં મુક્તિ આપો, એવો અર્થ છે.

એ પ્રમાણે કહેલા ભગવાને હાસ્યથી તેને મોહ પમાડતાં 'આ દુષ્ટબુદ્ધિવાળો મરવાની ઈચ્છાથી આવે છે' એમ વિચારી, ભગવાન્ પોતે સ્ત્રીઓનું હિત કરનારા હોવાથી રુકિમણીનો ત્યાગ કરવો જોઈએ નહિ તેથી, તેનું ધનુષ્ય છેદીને, જેનાથી તેણે બાણો ફેંકેલા તે (ધનુષ્ય)ને દૂર કરીને, છ બાણોથી રુકમીને વીંધ્યો, કારણ કે પુરુષ છ પ્રકારે (છ અંગોનો) બનાવેલો છે. તેથી (તેના) સર્વ અંગોમાં (ભગવાને) પ્રહાર કર્યો. ૨૬.

**અષ્ટભિશ્ચતુરો વાહાન્ દ્વાભ્યાં સૂતં ધ્વજં ત્રિભિઃ ।।**
**સ ચાન્યદ્ધનુરાદાય કૃષ્ણં વિવ્યાધ પઞ્ચભિઃ ।।૨૭।।**

આઠ (બાણોથી) ચાર અશ્વોને, બેથી સારથિને અને ત્રણથી ધજાને વીંધ્યા. તેણે પણ બીજું ધનુષ્ય લઈ પાંચ (બાણો) શ્રીકૃષ્ણ ઉપર નાખ્યા. ૨૭.

પછી બબે (બાણો)થી એક એક 'વાહાન્' અશ્વને એટલે આઠ (બાણો)થી

ચાર અશ્વોને વીંધ્યા, અને બે (બાણો)થી સારથિને વીંધ્યો. આ (અશ્વો અને સારથિ) પાંચેના ત્રણ ત્રણ[1] કટકા થયા. એવી રીતે સાક્ષાત્[2] અને પરંપરાના બધા અંગો ભેદાયાં. તેઓનો છેદ કરવા પ્રવૃત્ત થએલા બાણે જ ધનુષ્ય પણ છેદ્યું, તેથી ધનુષ્ય ભાંગવાનાં જૂદાં બાણો કહેલાં નથી.

તે સમયે રુકમીએ પણ બીજું ધનુષ્ય લીધું. 'ચ'-'પણ' શબ્દથી એમ જણાય છે કે ભગવાને પણ પ્રાણીઓને હણનારું ધનુષ્ય તજી બીજું લીધું. ૨૭.

**તૈસ્તાડિતઃ શરોઘૈસ્તુ ચિચ્છેદ ધનુરચ્યુતઃ ।।**
**સ ચાન્યદ્ધનુરાદત્ત તદપ્યચ્છિનદચ્યુતઃ ।।**
**પુનરન્યદુપાદત્ત તદપ્યચ્છિનદચ્યુતઃ ।।૨૮।।**

તે બાણોના સમૂહોથી સ્પર્શાએલા અચ્યુતે તો ધનુષ્યને કાપી નાખ્યું, અને તેણે બીજું ધનુષ્ય લીધું તે પણ અચ્યુતે કાપી નાખ્યું. (તેણે) ફરીથી બીજું (ધનુષ્ય) લીધું તે પણ અચ્યુતે કાપી નાખ્યું. ૨૮.

તે (બીજા ધનુષ્ય)ને પણ પકડતાં વેંત જ (ભગવાને) કાપી નાખ્યું, તેનું કારણ 'અચ્યુત' શબ્દથી કહેલું છે. (ભગવાન્) પોતે અચ્યુત છે અને દેવના વરદાનથી પ્રાપ્ત થએલું (રુક્મીનું) ધનુષ્ય હતું. તેથી તેના (ઉપર ચડાવેલાં) બાણ નિષ્ફલ થાય તે પહેલાં જ તે કપાઈ ગયું. પછી તેણે બીજું પણ (ધનુષ્ય) લીધું એમ 'ફરીથી બીજું લીધું' શબ્દોથી કહેલું છે. 'દેવો ત્રણ વાર સત્ય થાય છે'. તેથી (રુક્મીએ) ત્રણવાર ધનુષ્ય ગ્રહણ કર્યાં. ૨૮.

**પરિઘં પટ્ટિશં શૂલં ચર્માસીશક્તિતોમરમ્ ।।**
**યદ્યદાયુધમાદત્ત તત્સર્વં સોઽચ્છિનદ્વિભુઃ ।।૨૯।।**

ભોગળ, ભાલું, ત્રિશૂલ, ઢાલ, તલવાર, ગદા જે જે આયુધ તેણે લીધું તે સર્વ તે સમર્થ (પ્રભુએ) કાપી નાખ્યું. ૨૯.

પછી ભોગળ વિગેરે તેણે લીધાં. 'ચર્માસી'માં વેદના નિયમ પ્રમાણે દીર્ઘ 'ઈ' છે. 'ચર્મ' 'ઢાલ'થી આરંભી 'તોમર' 'ગદા' સુધીનો એક શબ્દ (સમાસ) છે. વધારે કહેવાથી શું ? દેવતા વિગેરેની પ્રેરણાથી અથવા પોતાની મેળે જે જે આયુધ તેણે લીધું તે બધુંએ (ભગવાને) કાપી નાખ્યું. 'વિભુઃ' 'સમર્થ' વિશેષણથી (ભગવાનની) એ પ્રમાણે કરવાની શક્તિ કહેલી છે. ૨૯.

પછી ઘણો પ્રયત્ન કરીને તે અંતઃકરણપૂર્વક (ભગવાનની પાસે) આવ્યો,

---

૧. દરેક બાણોથી વચમાં બે સ્થલેથી કપાવાથી દરેકના ત્રણ કટકા થયા.

૨. 'સાક્ષાત્' એટલે રુક્મીના પોતાનાં છ અંગો (જૂઓ શ્લોક ૨૬). પરંપરાના અંગો એટલે અશ્વો, સારથિ, ધજા.

એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તતો રથાદવપ્લુત્ય ખડ્ગપાણિર્જિઘાંસયા ।।**
**કૃષ્ણમભ્યદ્રવત્ક્રુદ્ધઃ પતઙ્ગ ઈવ પાવકમ્ ।।૩૦।।**

પછી ક્રોધવાળો (તે) હાથમાં તલવાર લઈ (પોતે) પતંગીઉ પડે તેમ શ્રીકૃષ્ણ પાસે દોડી આવ્યો. ૩૦.

હાથમાં માત્ર તલવાર જ રાખેલી, પરંતુ ઢાલ પણ રાખી નહિ. 'જિઘાંસયા' એટલે જીવનની દરકાર વિનાનો, પોતે જ ભગવાન દ્વારા હણાય તે માટે, 'શ્રીકૃષ્ણં' પરમાનંદ શ્રીકૃષ્ણ પાસે દોડી ગયો, કારણ કે પ્રાકૃત (શરીર)ને તજી પરમાનંદ પ્રાપ્ત કરવો એ યોગ્ય જ છે.

'છતાં પણ શરીર બધાઓને પ્રિય હોય છે, તેથી તેવી રીતે કેમ આવ્યો ?' એવી શંકા થાય, તેથી 'જેમ અગ્નિમાં પતંગીઉં પડે તેમ' શબ્દો યોજેલા છે; કારણ કે તે ઝીણા પતંગીઆં પોતાને અગ્નિમાં નાખીને પરમાર્થ દષ્ટિ પ્રમાણે કૃતાર્થ થાય છે, (પરંતુ) બહારની દષ્ટિ પ્રમાણે તો 'અગ્નિનો અમે નાશ કરશું' એવી બુદ્ધિથી પ્રવૃત્તિ કરી પોતે મરણ પામે છે. તે પ્રમાણે આણે પણ પ્રવૃત્તિ કરી, એવો અર્થ છે. ૩૦.

પછી ક્લેશ વિના કર્મ કરનાર ભગવાને તેનું ઈચ્છેલું કરતાં, અને 'જેઓ મને જે પ્રમાણે ભજે છે...' (ભગ.ગીતા ૪।૧૧) વાક્યને સત્ય કરતાં, તેને હણવાની પ્રવૃત્તિ કરી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તસ્ય ચાપતતઃ ખડ્ગં તિલશશ્ચર્મ ચેષુભિઃ ।।**
**છિત્ત્વાસિમાદધે તિગ્મં રુક્મિણં હન્તુમુદ્યતઃ ।।૩૧।।**

ભગવાને દોડીને આવતા તેની તલવાર અને મ્યાનના બાણોથી તલતલ જેટલા કટકા કરીને, રુક્મીને હણવા તત્પર થઈ તીક્ષ્ણ તલવાર લીધી. ૩૧.

તેના (દોડીને આવતા)ની પણ તલવારના અને 'ચર્મ' મ્યાનના બાણોથી કટકા કર્યા. 'ચર્મ' ઢાલ પણ તેણે લીધેલી અથવા 'ચર્મ' એટલે તલવારનું મ્યાન. (ભગવાને પોતાનું) શૌર્ય દર્શાવવા તલ તલ જેટલા કટકા કર્યા. અથવા તે (રુક્મી)નું લોહી જ ત્યાં (તલવાર અને મ્યાન ઉપર) વહેતાં જલરૂપ થઈ તેને પરલોકમાં પ્રાપ્ત થાય તે માટે (ભગવાને) તેને તલવાળું કર્યું, એવો અર્થ થાય છે.

એ પ્રમાણે હણે તેવું ધનુષ્ય નહિ હોવાથી, તેનાથી નિર્જીવ તલવાર વિગેરેના કટકા કરી, તે (રુક્મી)ને હણવા (ભગવાને) તલવાર લીધી એમ 'તલવાર લીધી[1]' શબ્દોથી કહે છે. આને હણવામાં આવે ત્યારે જગતમાંથી સ્વરૂપાજ્ઞાન દૂર જ થાય,

૧. તલવાર અને ઢાલના તલતલ જેટલા કટકા કર્યા એમ કહ્યું તેથી લોહી જલરૂપ થયું એમ સૂચવાયું. તેથી પિતૃઓનું તર્પણ થાય તે માટે તલ અને જલ પ્રાપ્ત થયાં એવો ભાવ છે. (લે)

કારણ કે આ રુક્મી ભગવાનનો મુખ્ય શત્રુ હતો. તેથી ભગવાન્ તેને હણવા તત્પર થયા પણ તેને હણ્યો નહિ. ૩૧.

એ પ્રમાણે સ્વરૂપાજ્ઞાનનો નાશ થાય તે માયાનું હિત કરનારું નથી, તેથી રુક્મિણીએ (ભગવાનને) તેમ કરતાં અટકાવવાની પ્રવૃત્તિ કરી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**દૃષ્ટ્વા ભ્રાતૃવધોદ્યોગં રુક્મિણી ભયવિહ્વલા ।।**
**પતિત્વા પાદયોર્ભર્તુરુવાચ કરુણં સતી ।।૩૨।।**

ભાઈનો વધ કરવાની તત્પરતા જોઈને ભયથી વિહ્વલ થએલી સતી રુક્મિણી પતિના ચરણોમાં પડી દયા ઉપજાવે તેવી રીતે નીચે પ્રમાણે બોલી : ૩૨.

જો કે (રુક્મી) દુષ્ટ હતો, છતાં પણ તે પોતા(રુક્મિણી)ના માટે બધું કરતો હતો, તેથી (ભગવાનને) પ્રાર્થના કરવા માટે રુક્મિણી બોલી. જે જેને માટે પ્રયાસ કરતો હોય તેણે તેનો (તેવું રક્ષણ કરવાનો) ઉપાય કરવો જોઈએ, તેથી તેણે (રુક્મિણીએ) પ્રયાસ કર્યો. તેમાં પણ તે ભાઈ હતો, તેનો પણ વધ કરવાનું કાર્ય થતું હતું, તે પણ વધ પહેલાં પોતે જોયું અને પોતે પણ રુક્મિણી એટલે તે(રુકમી)ની સગી હતી. પછી તે ભયથી વિહ્વલ થઈ. (ભગવાનને) ક્રોધ થાય તો કદાચ પોતાને (રુક્મિણીને) પણ હણે, વળી પોતાની (રુક્મીની) ઈચ્છા વિરુદ્ધ ભગવાનને (રુક્મિણીએ) બોલાવી ભાઈનો વધ કરાવ્યો એમ લોકમાં અપકિર્તિ થાય, એવા ઘણાએ વિચારો ભયના કારણરૂપ હતા. તેથી ભયને લીધે (રુક્મિણી) પોતે પણ સૂકાએલા મુખવાળી વિહ્વલ થઈ. ઘણો જ વિચાર કરતાં, બીજો કોઈ ઉપાય નહિ મળતાં, 'આ મારા પતિ છે' એમ વિચારી પતિના ચરણોમાં પડી (નીચે પ્રમાણે) બોલી. ચરણોમાં પડવાથી, દેહ વડે (ભગવાનને રુક્મીનો વધ કરતાં) અટકાવવાનું કાર્ય કર્યું, વિહ્વલતાથી મન વડે તે કાર્ય કર્યું, અને વાણીથી તે કરે છે.

'ભગવાન્ ઈશ્વર છે. તે આનાથી અટકાવેલા કેમ અટકે ?' એવી શંકા થાય, તેથી 'દયા ઉપજાવે તેવી રીતે' શબ્દ યોજેલ છે. જેમ (ભગવાનને) દયા ઉપજે તેવી રીતે તે બોલી, પરંતુ દમામપૂર્વક બોલી નહિ. વળી સર્વ પ્રસંગે પતિને કરેલી પ્રાર્થના વિના પતિવ્રતાને બીજો કાંઈ ઉપાય નથી. તે (અર્થ) 'સતી' શબ્દથી કહેલો છે. ૩૨.

નીચેના શ્લોકમાં તે જે વાક્ય બોલી તે કહે છેઃ

**યોગશ્વરાપ્રમેયાત્મન્ દેવદેવજગત્પતે ।।**
**હન્તું નાર્હસિ કલ્યાણ ભ્રાતરં મે મહાભુજ ।।૩૩।।**

હે યોગશ્વર ! હે અકલ સ્વરૂપ ! હે દેવોના દેવ ! હે જગતના પતિ ! હે કલ્યાણ ! હે મોટી ભુજાવાળા ! મારા ભાઈને આપે હણવો યોગ્ય નથી. ૩૩.

'(રુક્મી) હણવા આવેલો. (ભગવાનને તેને હણતાં) શા માટે અટકાવે છે ?' એવી શંકા થાય, તેથી 'હે યોગશ્વર !' એમ કહેલું છે. ભગવાન્ યોગને વશ રાખનારા છે. (પોતાનું રક્ષણ કરવાના) અનેક ઉપાયો જાણે છે. (રુક્મીનો) વધ કરવાનું શું પ્રયોજન ? એવો ભાવ છે. આજ વાક્યને લીધે ભગવાને વધને બદલે (તેનું) મુંડન કર્યું, અને રુક્મિણીએ તેને 'મેં કહેલું જ કરેલું છે' એમ જાણી, મુંડન નહિ અટકાવતાં, વાણીથી પણ (કાંઈ) ન કહેતાં, (પોતાની) અંદર જ દુઃખ અનુભવ્યું. તે માટે (તે દુઃખ મટાડવા) બલભદ્રે (તેને) દિલાસો આપ્યો, તેથી કાંઈ દોષ નથી. આથી[1] 'હણવા આવેલો તારો ભાઈ જો હણત, તો તને સુખ થાત' એવું (રુક્મિણીને દેવાનું) મેંણું પણ દૂર થયું.

વળી 'હે અકલ સ્વરૂપ !' એટલે કલી શકાય તેવું પણ નથી 'આત્મા' સ્વરૂપ જેમનું તેવા ! (એ) તેથી વિરુદ્ધ શું ક્રિયાના[2] વિષય થશે, એવી શંકાનો પણ નાશ કરેલો છે, કારણ કે અનિષ્ટની શંકા ક્રિયાથી જ થાય છે. વળી આપ 'દેવોના પણ દેવ' છો. દેવો જ અમર છે તો પછી (રુક્મી) આપની પાસે આવે તો પણ (આપને) શું ચિંતા હોય ? વળી 'હે જગતના પતિ !' (જગતના પતિ હોવાથી) આપ તેનું પણ 'પતિઃ' રક્ષણ કરનારા છો, તેથી (તેને) બોધ જ આપવો જોઈએ. તેથી જ આપે તેને હણવો યોગ્ય નથી. ખાસ કરીને અત્યારે (હણવો યોગ્ય નથી), કારણ કે 'હે કલ્યાણ !' હમણાં જ (આપનો) વિવાહ થએલો છે, તેમાં પણ મારા ભાઈને (હણવો યોગ્ય નથી), કારણ કે વિવાહના દિવસે સાળો આદર કરવા યોગ્ય છે.

'પછી તે હેરાન કરશે' એવી શંકા થાય, તેથી 'હે મોટીભુજાવાળા !' સંબોધન કરેલું છે. મોટી 'ભુજઃ' ક્રિયાશક્તિ છે જેમની તેવા, એ સંબોધનથી (તે કરે તે હેરાનગતિ) દૂર કરવાની શક્તિનું સ્મરણ કરાવેલું છે. ૩૩.

એ પ્રમાણે વિજ્ઞપ્તિ કરેલા (ભગવાને) વધ કરતાં અટકી વધના જેવું (મુંડન) કર્યું, એમ નીચેના (બે) શ્લોકથી કહે છેઃ

શ્રીશુક કહે છેઃ

**તયા પરિત્રાસવિકમ્પિતાઙ્ગયા શુચાવિશુષ્યન્મુખરુદ્ધકણ્ઠયા ।।**
**કાતર્યવિસ્રંસિતકેશમાલયા ગૃહીતપાદઃ કરુણો ન્યવર્તત ।।૩૪।।**

ઘણા ત્રાસને લીધે કંપતાં અંગવાળી, શોકને લીધે સૂકાતાં મુખ અને રૂંધાતા કંઠવાળી, વ્યાકુલતાને લીધે ખરી ગએલા કેશ અને માલાવાળી તેણે જેમના ચરણો

---

૧. 'આથી' એટલે રુક્મીના મુંડનથી.
૨. જે ભગવાનનું સ્વરૂપ કલી પણ શકાતું નથી, તેમનું અનિષ્ટ કરવાનો પ્રયાસ પણ કેમ થઈ શકે ? જેમને મન પહોચતું નથી, તેમના વિષે ક્રિયા કેમ થઈ શકે ? એવો ભાવ છે.

પકડ્યા તે (ભગવાન્ વધ કરતાં) અટક્યા. ૩૪.

ઘણા ત્રાસને લીધે કંપતું હતું અંગ જેનું, અને શોકને લીધે સૂકાતું હતું મુખ અને રૂંધાતો હતો કંઠ જેનો, વ્યાકુલતાને લીધે ખરી ગયા હતા કેશો અને માલાઓ જેની (તેવી રુક્મિણી થઈ). ત્રણ ગુણોની અસર તેના ઉપર પૂરી થઈ એમ કહેવાયું, કારણ કે ત્રાસ સત્ત્વનું, શોક તમોગુણનું અને વ્યાકુલતા રજોગુણનું (કાર્ય છે). એ પ્રમાણે જે ગુણો હતા તે જતા રહેતાં તે કેવલ દીન થઈ, તેથી તેવી (દીને) જેમના ચરણો પકડ્યા તે દયાળુ (ભગવાન્) એ પ્રમાણે (વધ કરતાં) અટક્યા. ૩૪.

**ચૈલેન બદ્ધ્વા તમસાધુકારિણં સશ્મશ્રુકેશં પ્રવપન્વ્યરૂપયત્ ।।**
**તાવન્મમર્દુઃ પરસૈન્યમુદ્ધતં યદુપ્રવીરા નલિનીં યથા ગજાઃ ।।૩૪।।**

તે દુષ્ટ કાર્ય કરનારને વસ્ત્રથી બાંધી દાઢી અને વાળ સહિત મુંડતાં તેને કદ્રૂપો કર્યો. તેટલામાં જેમ હાથીઓ કમલના દાંડાનો નાશ કરે તેમ યાદવ યોધાઓએ શત્રુના ઉદ્ધત સૈન્યનો નાશ કર્યો. ૩૫.

કારણ કે વધના જેવું મુંડન અને દ્રવ્ય લઈ લેવું તે મુખ્ય છે. સ્થાનમાંથી કાઢી મૂકવાનું તો તેની પ્રતિજ્ઞાથી જ થયું. તેથી વસ્ત્રથી ચોરની પેઠે તેને બાંધ્યો, કારણ કે તે રુક્મિણીને લઈ જવા આવ્યો હતો, તેથી ચોરની પેઠે તેને સજા કરી. 'સશ્મશ્રુકેશં' દાઢી વાળ સહિત સારી રીતે તેને મુંડતાં, (ભગવાને) પ્રેરણાથી સેવક દ્વારા તેને કદ્રૂપો કર્યો. જે પ્રમાણે કદ્રૂપો થાય તે જ પ્રકારે કોઈ સ્થલે કેશ અને દાઢી રાખ્યાં, અને કોઈ સ્થલે મુંડાવી નાખ્યાં. ઘણું કરીને મરણ સુધી આવા રૂપવાળો જ તે સદાએ રહ્યો. તેમ (રહેવાનો) ન હોત, તો ભગવાન્ એ પ્રમાણે ન કરત. ભગવાન્ (તેને) કદ્રૂપો કરતા હતા તેટલા સમયમાં તે 'પરસ્ય' શત્રુના ઉદ્ધત સૈન્યનો (યાદવ યોધાઓએ નાશ કર્યો). માત્ર આ (રુક્મી)ના દોષથી જ સૈન્ય હણાયું એમ ન હતું, પરંતુ સૈન્ય પણ દુષ્ટ હતું તેથી તેઓએ તેમ કર્યું (તેનો નાશ કર્યો). અહિં (યાદવ સૈન્યમાં) રહેલાઓ પણ સમર્થ હતા એમ 'યાદવ યોધાઓએ' શબ્દથી કહેલું છે. પ્રયાસ વિના (સૈન્ય) હણવામાં દષ્ટાંત 'જેમ (હાથીઓ) કમલના દાંડાનો (નાશ કરે)' શબ્દોથી કહેલું છે. ગદ સંકર્ષણ વિગેરે ઘણા (યાદવ) યોધાઓ હતા, અને (શિશુપાલના સૈન્યમાં) અક્ષૌહિણી એક હતી, તેથી 'કમળનો દાંડો' એમ એકવચન યોજેલું છે. ૩૫.

એવી રીતે ભગવાને કરેલા રુક્મીના પરાજયનું વર્ણન કરી, નીચેના શ્લોકથી આરંભી સાડા સત્તર જ શ્લોકોથી ભગવાનની રૂબરૂ મોટા(ભાઈ) બલભદ્રે (રુક્મિણીને) આપેલા દિલાસાનું નિરૂપણ કરે છેઃ

**કૃષ્ણાન્તિકમુપવ્રજ્ય દદશુસ્તત્ર રુક્મિણમ્ ।।**
**તથાભૂતં હતપ્રાયં દષ્ટ્વા સંકર્ષણો વિભુઃ ।।**

**વિમુચ્ય બદ્ધં કરુણો ભગવાન્ કૃષ્ણમબ્રવીત્ ॥૩૬॥**

શ્રીકૃષ્ણની પાસે આવીને ત્યાં રુક્મીને જોયો. (તેને) તેવો થએલો, મરેલા જેવો જોઈને સમર્થ દયાળુ સંકર્ષણ ભગવાને બાંધેલાને છોડીને શ્રીકૃષ્ણને (નીચે પ્રમાણે) કહ્યું. ૩૬.

આ પ્રસંગે દિલાસો આપવામાં રુક્મિણી મુખ્ય છે, રુક્મી મધ્યમ છે, (તેને) મદદ કરનારા રાજાઓ હલકા છે. તેથી ભગવાનની નાની પણ સેનાથી તે (રાજા)ઓ પરાજય પામ્યા, અને ભગવાનથી વચલો રુક્મી (પરાજય પામ્યો), અને ભગવાન થી મોટા (બલભદ્રે) દિલાસો આપ્યો, એ પ્રમાણે આ પ્રસંગે ત્રણ પ્રકરણ યોગ્ય છે. બધાએ (યાદવ સૈનિકો) તેની સેનાનો પરાજય કરી આવ્યા. શ્રીકૃષ્ણની પાસે આવીને તેમણે કદ્રૂપ થએલા રુક્મીને જોયો.

વધારે વર્ણન કરવું યોગ્ય નથી, કારણ કે તે લગભગ મૂર્ચ્છા પામેલો ઉભો હતો, તેથી 'તેવો થએલો' કહેલો છે. (મુંડન) વધના જેવું હતું એ જણાવવા 'મરેલા જેવો' કહેલો છે. ખાસ કરીને બલભદ્રે તેને તેવો થએલો જોઈને, શિખાસહિત મુંડન સારી રીતે દુઃખ આપનારું કાર્ય હોવાથી, અને કર્મ (કરવા)ના અધિકારનો નાશ કરનારું હોવાથી, તેનો પણ કર્તા સંકર્ષણ જ હોવાથી અને ભગવાને તે કરવા યોગ્ય નહિ હોવાથી, પોતે સંકર્ષણ હતા અને હણવાને પણ 'વિભુઃ' સમર્થ હતા, તેમણે ભગવાને બાંધેલા (રુક્મી)ને છોડીને શ્રીકૃષ્ણને (નીચે પ્રમાણે) કહ્યું.

'ભગવાને કરેલું (સંકર્ષણે) કેમ ફેરવ્યું ?' એવી શંકા થાય, તેથી 'દયાળુ' વિશેષણ યોજેલું છે, કારણ કે દયાળુ (પુરુષો) જ ભગવાને જેમને દુઃખમાં નાખેલા હોય તેવા પુરુષોના જ દુઃખ દૂર કરવા દયાને લીધે પ્રયાસ કરે છે.

'છતાં પણ ભગવાનને પૂછીને તેમ કરવું યોગ્ય હતું. તેમણે પોતે જ એવી રીતે (તેને) કેમ છૂટો કર્યો ?' એવી શંકા થાય, તેથી 'ભગવાને' શબ્દ યોજેલ છે. બલભદ્રમાં આવિર્ભાવ પામેલા ભગવાને જ તેને છૂટો કર્યો, એવો અર્થ છે. અહિં સુધી વચ્ચે સંકર્ષણની કથા કહી. વધારે આગળ કહેવામાં આવશે. તેથી (સંકર્ષણમાં ભગવાનનો આવિર્ભાવ થએલો હોવાથી) જ તેમણે શ્રીકૃષ્ણને (નીચે પ્રમાણે) કહ્યું. અહિં 'શ્રીકૃષ્ણ' શબ્દ 'બીજા કેશવ કૃષ્ણ થયા' વાક્યમાં કહેલા 'કૃષ્ણ'ના અર્થમાં યોજાએલો છે, તેથી (બલભદ્ર) મોટા હોવાથી કાંઈ અયોગ્ય નથી. ૩૬.

નીચેના શ્લોકમાં (બલભદ્ર શ્રીકૃષ્ણે) જે કરેલું છે તે (પોતાને) પસંદ નથી, એમ ભગવાનને કહે છેઃ

**અસાધ્વિદં ત્વયા કૃષ્ણ કૃતમસ્મજ્જુગુપ્સિતમ્ ॥**
**વપનં શ્મશ્રુકેશાનાં વૈરૂપ્યં સુહૃદો વધઃ ॥૩૭॥**

હે કૃષ્ણ ! આ અયોગ્ય થયું. આપે કર્યું તે અમારાથી જ થયું, (કારણ કે) નિંદાયોગ્ય છે. સંબંધીથી દાઢી અને કેશના મુંડનરૂપ કદ્રૂપપણું વધ છે. ૩૭.

જે કર્યું તે આગળ (ઉત્તરાર્ધમાં) કહેશે. તે અયોગ્ય જ છે, કારણ કે મરણ પછી જ બધે મુંડન કરવામાં આવે છે. વળી જે (આપે) કર્યું તે અમે જ કરેલું છે, અમારાથી જ થએલું છે, તેનું કારણ સંકર્ષણરૂપ અમે જ છીએ; પરંતુ તે આપ સ્વામીનું કાર્ય નથી કારણ કે આ (કાર્ય) નિંદાયોગ્ય છે. વાસ્તવિક અર્થ આ જ છે.

વ્યવહાર પ્રમાણે પણ એવો અર્થ છે કે, જો કે આનું મુંડન કરવું યોગ્ય હતું, આ તેને જ યોગ્ય છે, તો પણ તે આપણી નિંદા કરાવનારું હોવાથી, આપણે તો (તે કરવું) યોગ્ય નથી. અધમ ભક્ષણ કરનારને પણ ઉત્તમ (પુરુષો) અધમ ખોરાક આપતા નથી. તે જ અર્થ ઉત્તરાર્ધથી કહે છે. સંબંધીથી પ્રાપ્ત થતું દાઢી અને કેશનું કદ્રૂપપણું વધ જ છે. તેથી સંબંધીથી વધ થાય તે અયોગ્ય છે. આ પણ રુક્મિણીને દિલાસો આપવા માટે જ (કહેલું છે) એમ જણાય છે, કારણ કે ઉપસંહાર[1] સર્વથી બલવાન છે, (અને) બંને[2] સંબંધી પ્રકરણ નથી. ૩૭.

તેથી નીચેના શ્લોકથી આરંભી તે (રુક્મિણી)ને જ દિલાસો આપે છેઃ

**મૈવાસ્માન્સાધ્વ્યસૂયેથા ભ્રાતૃવૈરૂપ્યચિન્તયા ।**
**સુખદુઃખદો ન ચાન્યોઽસ્તિ યતઃ સ્વકૃતભુક્પુમાન્ ।।૩૮।।**

હે પવિત્ર સ્ત્રી ! ભાઈ કદ્રૂપો થયાની ચિંતાને લીધે અમને દોષ ન જ દેશો, સુખ અને દુઃખ આપનાર બીજો નથી (થતો), કારણ કે માણસ પોતાના કરેલાં ભોગવનારો છે. ૩૮.

હે પવિત્ર સ્ત્રી ! પતિએ કરેલું માન્ય રાખવું, એવો પતિવ્રતાનો ધર્મ છે. તેથી જ અમો બધાએ 'માસૂયેથાઃ' દોષિત છીએ એમ ન માનશો. જો કે વિચારનારું (તમારું) ચિત્ત લાયક છે અને જેમનો વિચાર કરવાનો છે તે (ભગવાન્)માં કાંઈ પણ દોષ નથી, છતાં પણ ભાઈ કદ્રૂપો થયાની ચિંતાને લીધે તે ધર્મનો આરોપ કરીને કદાચ દોષ અપાય, (તેથી) તેમ ન કરવા જણાવે છે.

'લૌકિક દૃષ્ટિ પ્રમાણે દોષ ગણવો જ જોઈએ. જરાસંધને કેમ મૂકી દીધો, અને માત્ર આનું જ મુંડન કેમ કર્યું ?' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. પોતાના કર્મને લીધે જ સુખ અને દુઃખનો અનુભવ થાય છે. સંકર્ષણ જ્ઞાનને મુખ્ય માનનારા છે. તેમ ન હોત તો તે સર્વને હણત નહિ. (કારણ કે), તેમાં (જ્ઞાનમાર્ગમાં)

૧. ઉપસંહાર આગળ ઓગણપચાસમા શ્લોકમાં કરેલો છે, તેમાં રુક્મિણીને જ સ્વસ્થ થવાનું કહેલું છે. તેથી રુક્મિણીના દિલાસા માટે જ આ કહેલું છે.

૨. 'બંને' એટલે (૧) રુક્મિણીને દિલાસો આપવો તે અને (૨) ભગવાનને બોધ આપવો તે.

'આ હણતો નથી (અને) હણાતો નથી' એવો સિદ્ધાંત છે. તે પ્રમાણે અહિં (કર્મમાર્ગમાં) પણ કર્મથી જ સર્વ થાય છે (એવો સિદ્ધાંત) હોવાથી, અહિં તે પ્રમાણે બોધ આપે છે; કારણ કે આ[1] સાધારણ છે અને તે સાંભળે છે, તેથી કર્મમાર્ગનો જ બોધ કરે છે. તેથી જ પોતાને સુખ અને દુઃખ આપનારો (માણસ) પોતે જ છે, બીજો (તેવો) હોતો નથી, તેનું કારણ 'પોતાનાં કરેલાં ભોગવનારો છે' શબ્દથી કહેલું છે. કર્મ કરવામાં (માણસ) પોતે સ્વતંત્ર હોવાથી તે(કર્મ)નું ફલ (કર્મ) કરનારને જ મળે છે. તેમ ન હોત તો કરેલાં (કર્મ)ની હાનિ અને ન કરેલાં (કર્મ)ની પ્રાપ્તિ થવાનો પ્રસંગ (આવે). ૩૮.

એ પ્રમાણે (રુક્મિણીને) બોધ અપાતાં, 'બલભદ્ર માત્ર અમારો (રુક્મીનો) જ અપરાધ જણાવે છે. પરંતુ પોતાનો અપરાધ ગણતા નથી' એવો ભેદ જણાયો, તેથી ફરીથી તેને બોધ આપવા ભગવાનને નીચે પ્રમાણે કહે છેઃ

**બન્ધુર્વધાર્હદોષોઽપિ ન બન્ધોર્વધમર્હતિ ।।**
**ત્યાજ્યઃ સ્વેનૈવ દોષેણહતઃ કિં હન્યતે પુનઃ ।।૩૯।।**

બંધુ વધને પાત્ર દોષવાળો હોવા છતાં બંધુએ તેનો વધ કરવો યોગ્ય નથી, (પણ) તજવો યોગ્ય છે. (તે) પોતાના દોષથી હણાએલો છે, તેને ફરી શા માટે હણવો ? ૩૯.

જે દોષને લીધે વધને પાત્ર થાય, તેવો દોષ જેનો છે તે પુરુષ 'વધને પાત્ર દોષવાળો' છે. તેવાનો બંધુએ પોતે વધ કરવો યોગ્ય નથી, નહિ તો (વધ કરે તો) બંધુપણું ન રહે. વધ કરનાર શત્રુ જ છે. અયોગ્ય (કાર્ય) કરનાર સંબંધ વિનાનો જ થાય છે.

'જેમ તેને હણવો નહિ એવો પોતાનો ધર્મ છે. તેમ ચડાઈ ન કરવી એવો તેનો પણ ધર્મ હતો. તે પોતાનો ધર્મ ન આચરે તો પછી બીજો શા માટે આચરે ?' એવી શંકા થાય, તેથી 'તજવો યોગ્ય છે' શબ્દ યોજેલ છે. વાસ્તવિક રીતે તો તેણે પોતાનો ધર્મ તજ્યો, તેથી પોતે પણ પોતાનો ધર્મ તજવો યોગ્ય નથી. તેમ થાય (આપણે પણ ધર્મ તજીએ) તો બંને એકસરખા જ થાય.

'પણ તેના કર્મનું ફલ તેને મળે તે માટે આપણે પ્રવૃત્તિ કરીએ છીએ' એવી શંકા થાય, તે સંબંધમાં પણ 'પોતાના દોષથી જ હણાએલો છે. ફરી શા માટે હણવો ?' શબ્દો કહેલા છે; કારણ કે તેના કર્મથી પ્રેરાવું આપણને યોગ્ય નથી, તે કર્મ

૧. આ મત સાધારણ છે, એવો અર્થ છે. (લે) 'આ' એટલે રુક્મી, સાધારણ માણસ છે જ્ઞાનમાર્ગનો અધિકારી નથી, અને તે પણ સાંભળતો હોવાથી બલભદ્ર રુક્મિણીને કર્મમાર્ગ પ્રમાણે બોધ કરે છે એવો અર્થ જણાય છે.

પોતે જ બીજાને પ્રેરણા કરશે, તેથી કર્મથી જ તે હણાએલો છે. તે (કર્મ)ને આધીન થવાથી પોતાને હાનિ થાય છે. એવો (અર્થ છે).

જો આપણે તેને જૂદા પ્રકારે (તેના કર્મથી સ્વતંત્ર રીતે) હણીએ તો ખાંડેલું જ ખાંડવાનું થાય, એવો 'શા માટે હણવો ?' એ પ્રશ્નનો અર્થ અથવા સૂચવેલો અર્થ છે. 'ઝીણાં કરવાં' એમ ખાંડેલાને પણ ખાંડવાનું વેદમાં કહેલું છે, તેનું પ્રયોજન 'પવિત્રપણા માટે' એમ શ્રુતિમાં જ કહેલું છે. તે પ્રમાણે આ પણ પવિત્ર થાય અથવા મોક્ષ પ્રાપ્ત કરે, (તે માટે હણવો) એવો પ્રશ્નનો અર્થ થાય છે. 'એ પ્રમાણે જ છે' એવી શંકા થાય, તેથી 'શા માટે હણવો ?' એમ કહેલું છે. હણવો ન જ જોઈએ, પરંતુ મૂકી દેવો જોઈએ. કારણ કે દુષ્ટ પવિત્ર થતો નથી. આ (રુક્મી) તો દુષ્ટ જ છે, તેથી તે પવિત્ર થવા યોગ્ય નથી, એવો ભાવ છે. ૩૯.

એવી રીતે તે વધ કરવા યોગ્ય નથી એમ શાસ્ત્રના અર્થથી જણાવી નીચેના બે શ્લોકોથી તે લોકન્યાય પ્રમાણે પણ વધ કરવા યોગ્ય નથી એમ જણાવે છેઃ

**ક્ષત્રિયાણામયં ધર્મઃ પ્રજાપતિવિનિર્મિતઃ ।।**
**ભ્રાતાપિ ભ્રાતરં હન્યાદ્યેન ઘોરં તમસ્તતઃ ।।૪૦।।**
**રાજ્યસ્ય ભૂમેર્વિત્તસ્ય સ્ત્રિયો માનસ્ય તેજસઃ ।।**
**માનિનોઽન્યસ્ય વા હેતોઃ શ્રીમદાન્ધાઃ ક્ષિપન્તિ હિ ।।૪૧।।**

ભાઈ પણ ભાઈને હણે એવો ક્ષત્રિયોનો આ ધર્મ પ્રજાપતિએ નિર્માણ કરેલો છે, જેનાથી પછી ઘોર તમઃ (પ્રાપ્ત) થાય છે. લક્ષ્મીના મદને લીધે અંધ થએલા અભિમાનીઓ રાજ્ય, ભૂમિ, ધન, સ્ત્રી, માન, તેજ અથવા બીજા હેતુથી અપમાન કરે છે. ૪૦-૪૧.

''જે હણવા આવે છે તેને હણવામાં આવે છે. તેથી 'હણવા ઈચ્છનારને હણવો' એ લોક અને વેદ(ના સિદ્ધાંત) પ્રમાણે તેને હણવો એ યોગ્ય છે. (તેથી) હણવાની કેમ મના કરવામાં આવે છે ?'' એવી શંકા થાય, તે સંબંધમાં કહે છે કે (૧) શું હણાયા તેથી હણો છો ? અથવા (૨) અયોગ્ય (કાર્ય) કરે છે તેથી ? (૧) તે પૈકી પહેલો પક્ષ (ખોટો છે), કારણ કે (હણાયા) નથી અને ચાલુ પ્રસંગમાં તે સંભવતું નથી[1] (૨) (કાર્યનું) અયોગ્યપણું તો નથી એમ (આ શ્લોકમાં) કહે છે. ક્ષત્રિયોનો આ ઘોરરૂપ ધર્મ પ્રજાપતિએ જ નિર્માણ કરેલો છે. (૧) શાંત (૨) ઘોર અને (૩) વિમૂઢ એવા ત્રણ પ્રકારના ધર્મો છે. તે પૈકી શાંત (ધર્મ) બ્રાહ્મણોમાં રહેલો છે, ઘોર ક્ષત્રિયોમાં અને વિમૂઢ વૈશ્ય અને શૂદ્રોમાં (રહેલ છે). તેથી 'આ' (એમ) તીવ્ર શસ્ત્રો

૧. પ્રથમ પક્ષ ખોટો છે, કારણ કે તે હણવા આવેલ પણ તે કાર્ય થએલ નથી, વળી અહિં ભગવાનના સંબંધમાં તો તે થઈ શકે તેવો સંભવ જ નથી, એવો અર્થ છે.

ધારણ કરીને જાણે કે પોતાની પ્રવૃત્તિ દેખાડતો હોય તેવો દેખાતો, કહેલો છે. તેમાં સગપણની દરકાર નથી એમ 'ભાઈ પણ ભાઈને હણે' શબ્દોથી કહેલ છે.

'એમ હોવાથી (ભાઈ ભાઈને હણે એવું હોવાથી) આ જો ધર્મ જ હોય તો (તે) ઘોર કેમ થાય (ગણાય) ?' એવી શંકા થાય, તેથી 'જેનાથી ઘોર તમઃ (પ્રાપ્ત) થાય છે' શબ્દો યોજેલા છે. તેનાથી ઘોર તમઃ જ (પ્રાપ્ત) થાય છે. અહિં 'તમ'નો અર્થ અજ્ઞાન છે, અને તે પણ ભયાનક. એવા કર્મથી દૈત્યપણું (પ્રાપ્ત) થાય છે, એવો અર્થ છે. ૪૦.

'જો યુદ્ધ જ કરે તો (તેને) શસ્ત્ર વિનાનો કરી રથ ઉપરથી પાડી, શત્રુ તેનો ત્યાગ કરે એ ખરું; (પણ) આ તા ઘણું જ અસભ્ય બોલતો હતો, તેથી ગાળો દેતો હોવાથી હણવો યોગ્ય જ છે' એવી શંકા થાય, તેથી એકતાલીસમો શ્લોક કહેલો છે. તેઓનું અસભ્ય વચન પણ પ્રજાપતિએ જ નિર્માણ કરેલું છે. સાધારણ રીતે તેનાં છ પ્રયોજનો ગણાવે છે. (૧) જો કોઈનું રાજ્ય બીજાએ લઈ લીધું હોય, તો (જેનું રાજ્ય ગયું) તે ક્ષત્રિય મરવા માટે શત્રુઓનું અપમાન કરે છે, કારણ કે તેમ ન કરે તો આ (રાજ્ય લેનાર) હણે નહિ, અને રાજ્ય જાય ત્યારે (રાજ્ય વિનાનું) કેવલ જીવન અયોગ્ય છે. (૨) લક્ષ્મીના મદને લીધે અંધ થએલા પણ અપમાન કરે છે. પહેલાં લક્ષ્મીથી ઉત્પન્ન થએલો જે મદ હોય છે, તેનાથી અંધ એટલે વિવેકરહિત થાય છે. તેથી અપમાન (કરે તે) યોગ્ય જ છે. (૩) એવી રીતે ભૂમિ અથવા રાજ્યના એક ભાગ માટે, (૩) 'વિતસ્ય' ધન માટે, (૪) સ્ત્રી માટે અથવા (૫) માન માટે અથવા (૬) તેજને માટે, એ પ્રમાણે છ પ્રયોજન માટે અપમાન કરે છે. તેમાં પણ જેઓ અભિમાનવાળા છે (તેઓ અપમાન કરે છે). નહિ કહેલાં બધાં પ્રયોજનનો સમાવેશ કરવા 'અથવા બીજા હેતુથી' શબ્દો કહેલા છે. આ અર્થ યોગ્ય જ છે. તેથી આણે કરેલું અપમાન પણ યોગ્ય જ હોવાથી, તેને હણવો યોગ્ય નથી, એવો ભાવ છે. ૪૧.

'મેં પણ આ (રુક્મી)ને હણ્યો નથી જ. આ પ્રમાણે ઠપકો શા માટે આપો છો ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે.

**તવેયં વિષમા બુદ્ધિઃ સર્વભૂતેષુ દુર્હૃદામ્ ।।**
**યન્મન્યસે સદાભદ્રં સુહૃદાં ભદ્રમક્ષયમ્ ।।૪૨।।**

આ આપની વિષમ બુદ્ધિ છે જે સર્વપ્રાણીઓ પ્રતિ દુષ્ટ હૃદયવાળાઓનું આપ સદા અક્ષય અભદ્ર વિચારો છો અને સારા હૃદયવાળાઓનું ભદ્ર વિચારો છો. ૪૨.

આ હણાયો નથી એવી જે આપની બુદ્ધિ છે તે વિષમ છે, સમ નથી. જો

તેનો અપકાર(મુંડન) કર્યો ન હોત તો તેવી બુદ્ધિ સમ હોત, અથવા જો આનો વધ કર્યો હોત તોપણ લોકના નિયમ પ્રમાણે તે સમ હોત, પરંતુ આપ જે સગાંઓનાં ભદ્રને[1] અભદ્ર વિચારો છો અને તે પણ ક્ષય ન થાય તેવું અભદ્ર, જે માત્ર દિવસ જતાં નાશ પામતું નથી પરંતુ જીવે ત્યાં સુધી રહે તેવું (વિચારો છો તે આપની બુદ્ધિ સમ નથી).

'લોકમાં વિષમ બુદ્ધિ છે જ. (તેમાં) શું દોષ ?' એવી શંકા થાય, તેથી કહે છે કે સર્વ પ્રાણીઓ પ્રતિ દુષ્ટબુદ્ધિવાળાઓની જ વિષય બુદ્ધિ હોય છે, પરંતુ આપની હોતી નથી, તેમ જ (સર્વ પ્રાણીઓ પ્રતિ) સારી બુદ્ધિવાળાઓની હોતી નથી, કારણ કે જેઓનાં ચિત્તમાં કપટ હોય છે, તેઓ(ની બુદ્ધિ)ના આવા પ્રકારો હોય છે, પરંતુ શુદ્ધ ચિત્તવાળાઓના હોતા નથી, એવો અર્થ છે.

અથવા 'અસુરનાં દ્વેષી' વાક્ય પ્રમાણે આપ સર્વ પ્રાણીઓ પૈકી દુષ્ટ હૃદયવાળાઓનું અભદ્ર વિચારો છો, (એ આપની બુદ્ધિ વિષમ છે). અથવા દુષ્ટ હૃદયવાળાઓના 'સર્વભૂતેષુ' એટલે રુંવાડાં વિગેરે અવયવોમાં આપ અભદ્ર વિચારો છો એ (આપની બુદ્ધિ વિષમ છે). અથવા ભદ્રનું મુંડન પણ વિપરીત[2] લક્ષણાથી અભદ્ર જ છે. પ્રાણીઓ પૈકી દુષ્ટ હૃદયવાળાઓનું ભદ્ર અને સારા હૃદયવાળાઓનું અભદ્ર, એવું પણ (જે) મુંડન છે તેને પણ આપ અક્ષય (સદા રહે તેવું) વિચારો છો, એવી આપની બુદ્ધિ વિષમ છે.

અથવા આપ દુષ્ટ હૃદયવાળાઓનું અભદ્ર અને સારા હૃદયવાળાઓનું ભદ્ર સદા વિચારો છો એવી (બુદ્ધિ વિષમ છે). આપ બ્રહ્મને આ યોગ્ય નથી, કારણ કે તે વિષમ બુદ્ધિ છે, એવો અર્થ છે. ૪૨.

એવી રીતે ચાર (શ્લોકો)થી તે (રુક્મિણી)ને સંતોષ આપવા ભગવાનને ઠપકો આપી, તેટલાથી પણ સંતોષ નહિ પામેલી (રુક્મિણી)ને નીચેના શ્લોકથી આરંભી સાત (શ્લોક)થી જ્ઞાન(માર્ગ) પ્રમાણે બોધ આપે છે, કારણ કે ધર્મો સહિત ભગવાન્[1] આને બોધ આપવા શક્તિવાળા છે.

---

૧. રુક્મી સગો છે, તેનું વધને બદલે કરેલું મુંડન ભદ્ર છે છતાં તેને આપ સદા રહે તેવું અભદ્ર વિચારો છો, એવો અર્થ જણાય છે.

૨. વધને બદલે કરેલું મુંડન ભદ્ર જ છે, પરંતુ જે જે બોલીએ તેથી ઉંધો અર્થ મનમાં રાખીને ઉંધો અર્થ સમજાય તેવા હેતુથી બોલીએ તે પ્રમાણે તે અભદ્ર જ છે. વિપરીત લક્ષણનો અર્થ 'irony' જેવો છે.

૧. ભગવાનના છ ધર્મો અને ભગવાન્ મળી સાત થાય છે, તેથી સાત શ્લોકોથી જ્ઞાનનો બોધ કરે છે, એવો અર્થ છે.

**સ્વરૂપાજ્ઞાનનાનાત્વે દેહાદીનાં ચ શત્રુતા ।।**
**દોષત્રયં નિરૂપ્યાદૌ આત્મધર્મનિરૂપણમ્ ।।૫।।**

સ્વરૂપાજ્ઞાન જાત જાતનું હોય ત્યાં સુધી દેહ વિગેરે શત્રુઓ છે. આરંભમાં શ્લોક ૪૩માં ત્રણ દોષો જણાવી, (શ્લોક ૪૪માં) આત્માના ધર્મો કહેલા છે. કા.૫.

**સ્વપ્રકાશોઽયમાત્મા હિ અસંગશ્ચ નિરૂપ્યતે ।।**
**જન્માદિદોષાસ્ત્વન્યસ્ય અતસ્તૈર્નૈવ દુષ્યતિ ।।૬।।**

કારણ કે આ આત્માને (શ્લોક ૪૫) પોતાની મેળે પ્રકાશનાર અને (શ્લોક ૪૬) સંગરહિત કહેલો છે. (શ્લોક ૪૭) જન્મ વિગેરે દોષો તો બીજાના (દેહના) છે. તેથી તેમનાથી ( આત્મામાં ) દોષ થતો નથી જ. કા. ૬.

**અસંસર્ગાગ્રહો ભ્રાન્તઃ દૃષ્ટાંતૈર્વિનિરૂપ્યતે ।।**
**તદોપસંહૃતિર્યુક્તા જ્ઞાનેનાજ્ઞાનનુત્તયે ।।૭।।**

(શ્લોક ૪૮) (અસત્ પદાર્થ સાથે) સંસર્ગ થતો નથી એવો આગ્રહ ભૂલ ભરેલો હોવાનું દૃષ્ટાંતથી કહેલું છે. પછી (શ્લોક ૪૯) જ્ઞાનથી અજ્ઞાન દૂર કરવાનો યોગ્ય ઉપસંહાર કરેલો છે. કા.૭.

'આત્માને જાણનાર શોકને તરે છે' એ શ્રુતિ પ્રમાણે જ્ઞાનથી જ શોક તરાય છે. તેથી (બલભદ્ર) જ્ઞાનનો ઉપદેશ કરે છે. અહિં આત્મા દેહથી જૂદો છે એ જ્ઞાનને જ્ઞાન કહેલું છે, કારણ કે દેહ વિગેરેનો અધ્યાસ[2] હોય ત્યારે ઉત્પન્ન થએલો મોહ તેટલા (જ્ઞાન)થી જ દૂર થાય છે. તેથી તે (મોહ)નો નાશ કરવા નીચેના શ્લોકમાં તેની સામગ્રી જણાવે છે.

**આત્મમોહો નૃણામેષ કલ્પ્યતે દેવમાયયા ।।**
**સુહૃદ્દુર્હૃદુદાસીન ઈતિ દેહાત્મમાનિનામ્ ।।૪૩।।**

'(આ મારો) શત્રુ (આ) મિત્ર (આ) ઉદાસીન' એ પ્રમાણે દેહને આત્મા માનનારા માણસોનો આત્માનો આ મોહ દેવની માયાથી થાય છે. ૪૩.

આ આત્માનો મોહ છે. અજ્ઞાન પછી દોષનો આવિર્ભાવ થાય ત્યારે જે મૂર્ચ્છા થાય છે, તે 'મોહ' એમ કહેવાય છે. તેવી રીતે અહિં પણ આત્માનું જ્ઞાન ન હોય અને 'હું શરીર છું' એવી સ્થિતિ જણાય, ત્યારે '(આ મારો) મિત્ર, (આ) શત્રુ, (આ) ઉદાસીન' એવી બુદ્ધિ બોધ (કરનારાં વાક્ય)ને પણ ગ્રહણ કરતી નથી, એવો મોહ થાય છે અને તે (મોહ) પશુઓ વિગેરેમાં તેવા પ્રકારનો હોતો નથી, તેથી 'માણસોનો' શબ્દ યોજેલ છે. દેવો વિગેરેમાં તેવો (મોહ) હોવા છતાં પણ, (તેમનો)

૨. 'અધ્યાસ' એટલે ખોટું જ્ઞાન. દેહ આત્મા નથી, છતાં દેહને આત્મા માનવાથી આત્મામાં દેહનો અધ્યાસ થાય છે.

વ્યવહાર થતો નહિ હોવાથી (તેમના વિષે તેવું) કહેલ નથી. 'આ' શબ્દથી (મોહને) દર્શાવે છે. 'દેવ' એટલે ભગવાન'ની માયાથી' એ શબ્દથી માયાને મોહનું કારણ જણાવેલી છે. તેમ ન હોય તો પ્રત્યક્ષ વિગેરે અને શ્રુતિ વિગેરે પ્રમાણો હયાત છે ત્યારે દરરોજ આ (મોહ)ની વૃદ્ધિ ન થાય. જેમ માણસોની માયા પશુઓથી તરાય તેવી નથી, તેમ દેવોની માયા માણસોથી તરાય તેવી નથી. તેથી 'દેવ' શબ્દ (યોજેલ છે). તેથી પણ વધારે પુરુષોત્તમની માયા બધાએ (કોઈ)થી પણ તરાય તેવી નથી.

માયા ત્રણ ગુણોવાળી હોવાથી, '(આ મારો) મિત્ર, (આ) શત્રુ, (આ) ઉદાસીન' એ શબ્દથી મોહને પણ ત્રણ ગુણોવાળો કહેલો છે. ઉદાસીન સાત્ત્વિક છે, મિત્ર રાજસ છે.

માયાથી જ્યારે મોહ થાય છે, ત્યારે સર્વ પ્રસંગે જો નિમિત્ત વિના (જ્ઞાન) થતું હોય તો (તે) જ્ઞાન વ્યર્થ થાય, તેથી નિમિત્ત હોય ત્યારે જ (તે) થાય છે એમ 'એ પ્રમાણે દેહને આત્મા માનનારા' શબ્દોથી કહેલું છે. આ પ્રકારથી (માણસો) દેહને જ આત્મા માને છે. જ્યારે માયાથી અથવા બીજા (કારણ)થી દેહમાં 'આ આત્મા છે' એવી બુદ્ધિ દઢ થાય છે, ત્યારે આ દોષો ઉત્પન્ન થાય છે. પછી તે (મિત્ર તથા શત્રુએ) કરેલા ઉપકાર અને અપકારને લીધે હમણાં જેનો અનુભવ કરવામાં આવે છે તે મોહ ઉત્પન્ન થાય છે. તેથી દેહમાં 'આ આત્મા છે' એવી માન્યતા મુખ્યત્વે દૂર કરવા યોગ્ય છે, એવો અર્થ છે. ૪૩.

'દેહ આત્મા છે એવી માન્યતા ન હોય તો પણ આ કેમ થઈ શકે ? જેટલાથી આત્માની હદ બંધાય, એમ કારણ તરીકે પણ દેહને સ્વીકારવામાં આવતાં, ઉદાસીન વિગેરે ભેદો થાય જ. તેથી આત્મા દેહથી જૂદો છે એવું જ્ઞાન વ્યર્થ છે' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**એક એવ પરો હ્યાત્મા સર્વેષામપિ દેહિનામ્ ।।**
**નાનેવ ગૃહ્યતે મૂઢૈર્યથા જ્યોતિર્યથા નભઃ ।।૪૪।।**

કારણ કે બધાએ દેહીઓમાં વશ રાખનાર આત્મા એક જ છે. જેમ મૂર્ખો તેજને અને આકાશને જુદું જુદું જૂએ છે તેમ (તેને) જૂદો હોય તેવો જાણે છે. ૪૪.

બધાએ દેહોમાં આત્મા એક જ છે, કારણ કે તે 'પરઃ' વશ રાખનાર છે. તેમ ન હોય તો દેહથી હદ બંધાએલો (આત્મા) દેહને આધીન હોય, અને દેહમાં (આત્માની) સ્વતંત્રતાનો અનુભવ થાય છે. બીજા દેહમાં (આત્માની) સ્વતંત્રતા (જણાતી) નથી તે તો ત્યાં (તેનું) અનુસંધાન નહિ હોવાથી બને છે. એ પ્રમાણે સંપૂર્ણ અદ્વૈતનું ભાન થતાં, સર્વ સ્થલે આત્મા હોવાની બુદ્ધિ થાય છે.

અથવા 'આત્મા' શબ્દથી ભગવાન્ કહેલા છે. જીવો તેમના આભાસ જ છે,

તેથી વશ રાખનાર (ભગવાન્) એક જ છે. ભગવાન્ હોય ત્યારે આ કહેવું અયોગ્ય હોવાથી (તેમ કરતાં) અટકીએ છીએ.

'સર્વ દેહોમાં એક જ આત્મા છે' એ અર્થ યોગ્ય જ છે, કારણ કે 'અતતિ' વ્યાપે છે[1]. તેવો આ આત્મા છે. તેમ ન હોય તો આત્માપણાનો નાશ થાય. (જો તે) અણુ[1] કદનો હોય તો દેહમાં પણ બધે ન હોય. પ્રકાશની પેઠે ગુણથી બધે રહેતો હોય તો પણ ચૈતન્યરૂપ (આત્માનો) ગુણ સંકોચાય છે અને વિકાસ પામે છે એમ માનવું જોઈએ. તે (સંકોચ અને વિકાસ)માં પણ હદ બાંધનાર દેહ જ હોવાથી, તે ધર્મી (આત્મા)ની જ હદ બાંધનાર ભલે રહે, ધર્મની હદ બાંધનાર માનવાથી શું લાભ ? જેમ આ જગત્[2] બ્રહ્માંડ તરીકે એકપણું પ્રાપ્ત કરે છે. બીજા પ્રકારે તેને એક કહેવાય નહિ, તે પ્રમાણે આત્માનું પણ (એકપણું) કહેવાય છે. જેમ એક જ સુવર્ણ અથવા માટી કાર્યોમાં સમવાય[3] સંબંધથી રહેલ હોઈ (જુદા જુદા) ભાસે છે, એ પ્રમાણે આત્મા પણ દેહ વિગેરેના ભેદને લીધે દેવ, હલકાં પ્રાણીઓ, મનુષ્ય વિગેરેની સ્થિતિ પ્રાપ્ત કરે છે, તેથી કોઈ પણ દોષ (થતો) નથી.

'બધાએ દેહીઓમાં' શબ્દથી (એમ કહેલું છે કે) કારણ કે બધાએ દેહીઓ છે (અને) 'દિહ્' ધાતુનો અર્થ વૃદ્ધિ છે' તેથી બધાએ (દેહો) વૃદ્ધિ વિગેરેવાળા છે. તેથી આત્માનો વિકાસ અને સંકોચ (દેહની) હદથી ઘટે છે, તેથી (આત્માને) વ્યાપક[2] સ્વીકારવાથી, એક (આત્મા)થી જ કાર્ય પતતું હોવાથી જુદા જુદા (આત્મા) માનવા એ નકામું છે. 'વ્યવસ્થાને લીધે જુદા જુદા આત્માઓ (છે)' એ સ્મૃતિ તો ધર્મની મર્યાદા માટે જુદા જુદા આત્મા માનવા જોઈએ તેથી, ગુણ અને દોષની વ્યવસ્થાથી (જુદા જુદા આત્મા થતા હોય) તેમ વ્યવસ્થા જણાવનારી છે. જેમ બધા દેહોમાં પાંચ મહાભૂતો અને એક આત્મા સમાન છે, છતાં પણ કોઈક ચાંડાલ હોય છે (અને)

---

૧-૧. જે સર્વત્ર રહેલો હોય તેના કટકા થઈ શકે નહિ. તેથી તે નિત્ય અથવા નાશરહિત હોઈ શકે. આવાને 'વ્યાપક' કહે છે. જે સર્વથી ઝીણું હોય અને જેના કટકા થઈ શકે નહિ તે 'અણુ' અથવા 'પરમાણુ' કહેવાય છે. તેના કટકા થઈ શકતા નહિ હોવાથી તે પણ નિત્ય છે. આત્મા નિત્ય હોવાથી વ્યાપક હોવો જોઈએ, અથવા પરમાણુ હોવો જોઈએ. અહિં બલભદ્ર તે વ્યાપક હોવાનું કહે છે.

૨-૨. જગતના જુદા જુદા પદાર્થો ધ્યાનમાં લઈએ તો તે અનેક છે, પરંતુ આખું બ્રહ્માંડ ધ્યાનમાં લેતાં જગત્ એક છે, એવો ભાવ જણાય છે.

૩. 'સમવાય' એટલે કાયમનો સંબંધ. જે બે પદાર્થો પૈકી એક પદાર્થ પોતાનો નાશ ન થતો હોય ત્યાં સુધી બીજાનો આશ્રય કરીને જ રહે તે બે વચ્ચેનો સંબંધ સમવાય સંબંધ છે, જેમ કે ઘડો અને માટી. કુંડલ અને સુવર્ણ.

કોઈક બ્રાહ્મણ હોય છે, તેથી ધર્મનો વ્યવહાર થઈ શકે તે માટે જ વિભાગ કલ્પેલા છે. 'સામગ્રી(પાંચ મહાભૂતો)માં પ્રવેશ કરેલો ધર્મ અથવા અધર્મ જ તેમ કરે છે. બ્રાહ્મણ અથવા ચાંડાલ બનાવે છે' એ મત પ્રમાણે પણ, (શાસ્ત્રના) વાક્ય સિવાય વિષયમાં (પાંચ મહાભૂતોમાં) ધર્મ અથવા અધર્મ (હોવા)નો નિર્ણય કરાવનાર કાંઈ નહિ હોવાથી, (ધર્મ અને અધર્મની) વ્યવસ્થા માટે જ તેની કલ્પના (કરી છે એમ) કહેવું યોગ્ય છે. (આત્માનું દેહમાંથી) બહાર નીકળવું વિગેરે તો ન્યાયમત પ્રમાણે પણ (થતાં) નથી. ભગવન્મત પ્રમાણે તો 'ઈશ્વર જે શરીર પ્રાપ્ત કરે છે અને જેમાંથી બહાર નીકળે છે' (ભગ.ગીતા.૧૫।૮) વાક્ય પ્રમાણે તે (જીવાત્મા)ને માટે પણ 'ઈશ્વર' શબ્દ યોજાતો હોવાથી, ભગવાનની પેઠે તેનું પણ (દેહમાંથી) બહાર નીકળવાનું અને (તેમાં) પ્રવેશ કરવાનું સંભવે છે. બ્રહ્મવાદ[૪] પ્રમાણે પણ આજ સિદ્ધાંત છે. તેથી સર્વ સ્થલે (દેહોમાં) એક જ આત્મા હોવાનું યોગ્ય છે.

'ત્યારે (આત્માઓમાં) જુદાપણું કેમ જણાય છે ?' એવી શંકા થાય, તેથી 'મૂર્ખો જૂદો હોય તેવા જાણે છે' શબ્દો યોજેલા છે. ઘણા જ અજ્ઞાનીઓ (આત્માને) જુદા જુદા જાણે છે. પુત્રો વિગેરે[૫] અને અવયવો[૫] વિગેરેમાં જૂદાપણું જણાતું હોવા છતાં તેઓ પણ કોઈ સમયે જૂદાપણાંનો અનુભવ કરતા નથી. તેમ ન હોત (જૂદાપણાંનો અનુભવ કરતા હોત) તો 'દેહ એક છે' એવું (તેમને) ભાન ન થાત. તેથી 'ઈવ' '(જૂદો) હોય તેવો' શબ્દ યોજેલ છે. તે વિષય સ્પષ્ટ જણાય તે માટે આકારવાળાનું અને આકારવિનાનાનું દષ્ટાંત આપે છે. 'જેમ તેજને (જુદુ જુદુ જૂએ છે)' એ આકારવાળાનું દષ્ટાંત છે, જેમ કે ઘાસનો અગ્નિ અને પાંદડાનો અગ્નિ. 'જેમ આકાશને (જુદુ જુદુ જૂએ છે)' એ આકારવિનાનાનું દષ્ટાંત છે, જેમ કે ઘડામાં રહેલું આકાશ (અને) મઠમાં રહેલું આકાશ[૬]. ૪૪.

૪. 'બ્રહ્મવાદ' એટલે સ્માર્ત બ્રહ્મવાદ (લે).

૫-૫. જેમ પુત્રો વિગેરેમાં તેમ (હાથ પગ વિગેરે) અવયવો વિગેરેમાં જાડું પાતળું વિગેરે ભેદ છે, એવો અર્થ છે. (લે) 'આત્મા વૈ પુત્ર ઉત્પન્નઃ' 'પોતે જ પુત્ર થાય છે' શ્રુતિ પ્રમાણે પિતા અને પુત્ર એક હોવા છતાં તેમાં ભેદ જણાય છે. તેમ જ આ હાથ, આ પગ, એવો અવયવોમાં પણ ભેદ જણાય છે. છતાં અજ્ઞાનીઓ પણ કોઈ પ્રસંગે દેહને એક જ માને છે અને ભેદ જોતા નથી, એવો અર્થ જણાય છે.

૬. આ શ્લોકમાં 'જીવ વ્યાપક છે' એવો સ્માર્ત્તવાદ કહેલો છે. અસુર રુક્મી સાંભળે તેવી રીતે વૈદિક 'જીવ અણુ છે' એવો વાદ કહેવો યોગ્ય નથી તેથી કર્મમાર્ગનો બોધ કરેલો છે એમ પાછળ કહેલું છે. તેથી પૂર્વમીમાંસામાં પ્રસિદ્ધ 'જીવ વ્યાપક છે' એવો વાદ અહિં કહેલો છે. ચિત્‌ના સમૂહરૂપ જીવ વ્યાપક છે અને એક જ છે. જ્યારે વ્યષ્ટિરૂપ જીવો અનેક છે અને અણુ છે. એ પ્રમાણે આમાં વિરોધ રહેતો નથી (લે).

ત્યારે દેહમાં 'આત્મા છે' એવી બુદ્ધિ કેમ જાય દૂર થાય? એવી શંકા કરીને, (દેહ અને આત્માના) ભેદના અનુસંધાનથી તે જતી હોવાથી, નીચેના શ્લોકમાં દેહ આત્માથી જૂદો છે એમ કહેતાં, (તે) અપકાર કરનારો પણ છે એમ કહે છેઃ

**દેહ આદ્યન્તવાનેષ દ્રવ્યપ્રાણગુણાત્મકઃ ।।**
**આત્મન્યવિદ્યયા ક્લૃપ્તઃ સંસારયતિ દેહિનમ્ ।।૪૫।।**

આ દેહ આરંભવાળો અને અંતવાળો છે, દ્રવ્ય પ્રાણ અને ગુણરૂપ છે, આત્માની અંદર અવિદ્યાએ કલ્પેલો છે અને દેહીને સંસારમાં ભ્રમણ કરાવે છે. ૪૫.

(૧) આત્મા નિત્ય છે, કારણ કે જેને દેશની હદ નથી તેને કાલની જરાએ હદ નથી, કારણ કે દેશની હદ વિનાનું વ્યાપક હોય છે. તેથી (તે) આત્મા હોવાથી જ તેને કાલની હદ ન હોવાનું સિદ્ધ થાય છે. દેહ તો આરંભવાળો અને અંતવાળો, બંને હદવાળો છે. પ્રાગભાવ[1] અને પ્રધ્વંસાભાવ[1] જાણે કે (કારણ) ન હોય તેમ[2] કહેલું છે.

'આ' એટલે દેખાતો. મરેલા દેહનો અંત થાય છે અને અવયવ વિનાના દેહની ઉત્પત્તિ થાય છે[3], તેથી દેહ દેખાડવાની અગત્યતા છે. અથવા વિદ્યમાન દેહના જન્મ અને મરણ દેખાતાં નહિ હોવાથી, (દેહ આરંભ અને અંતવાળો છે કે નહિ તે વિષયમાં) પોતાના સિવાયના (દેહો) જ પ્રત્યક્ષ સાથે મળતા આવતા હોવાથી[4], જે શ્રુતિને પ્રમાણ માને છે તેને 'આ' (દેહ આદિ અને અંતવાળો છે) એમ કહે છે.

એ પ્રમાણે નિત્યપણા અને અનિત્યપણાનો ભેદ કહીને (૨) 'દ્રવ્ય (પ્રાણ અને ગુણરૂપ)' શબ્દથી ગુણાતીત અને ગુણવાળાપણાનો ભેદ કહે છે. દ્રવ્ય આધિભૌતિક છે, પ્રાણો અધ્યાત્મિક છે અને ગુણો આધિદૈવિક છે, એટલે અનુક્રમે દેહ,

૧-૧. કાર્ય (ઘડો) ઉત્પન્ન થાય તે પહેલાં તે ન હતું, એટલે તેનો અભાવ હતો. આ અભાવને પ્રાગભાવ (ઉત્પત્તિ પહેલાનો અભાવ) કહે છે. કાર્યનો ધ્વંસ (નાશ) થયા પછી તે જણાતું નથી એટલે તેનો અભાવ હોય છે, એ અભાવને પ્રધ્વંસાભાવ કહે છે. પ્રાગભાવનો આરંભ હોતો નથી, કારણ કે તે ક્યારે શરૂ થયો તે કહી શકાતું નથી. કાર્ય ઉત્પન્ન થાય એટલે તેનો અંત આવ્યો. આથી ઉલટું પ્રધ્વંસાભાવનો આરંભ કાર્યનો ધ્વંસ થાય ત્યારે થાય છે, પણ તેનો અંત હોતો નથી, કારણ કે તે કાર્ય ફરી જોવામાં આવતું નથી.

૨. તત્ત્વદીપનિબંધ ૨।૧૧૬માં આ અભાવો (કાર્યનાં) કારણરૂપ નથી પરંતુ પ્રાગભાવ કાર્યની કારણની અવસ્થા છે, અને પ્રધ્વંસાભાવ પણ કાર્ય ઘટનો નાશ કરનાર દંડ વિગેરેનું સ્વરૂપ જ છે એમ કહેલું છે. તેથી અહિં 'ઈવ' '(કારણ) ન હોય તેમ' કહેલું છે. (લે)

૩. મરણ પામેલા દેહનો અંત દેખાય છે, તેમ જ ગર્ભપાત થાય ત્યારે અવયવ વિનાનો દેહ ઉત્પન્ન થએલો દેખાય છે, તેથી દેહ સદા અવયવવાળો જ હોય એવું નથી, એવો ભાવ છે. (લે)

૪. પોતાના દેહની ઉત્પત્તિ અથવા મરણ કોઈથી જોઈ શકાતું જ નથી. બીજાના દેહોની ઉત્પત્તિ અને મરણ જ પ્રત્યક્ષ દેખાય છે. તેથી પોતાના દેહના શ્રુતિ પ્રમાણથી જ ઉત્પત્તિ અને મરણ જાણવામાં આવે છે, એવો ભાવ છે.

ઈન્દ્રિય અને દેવતારૂપ આ (દ્રવ્ય પ્રાણ અને ગુણ) જ સ્વરૂપ છે જેનું તેવો દેહ છે.

વળી 'આત્માની અંદર અવિદ્યાએ કલ્પેલો' વિશેષણથી ત્રણ ભેદો કહેલા છે કે (૩) આત્મા આધાર છે અને દેહ તેના ઉપર આધાર રાખનારો છે. (૪) આત્મા સિદ્ધ (પદાર્થ તરીકે પ્રસિદ્ધ) છે, દેહ પોતાથી કલ્પાએલો છે અને (૫) અવિદ્યાથી આત્માને ઠેકાણે મૂકાએલો છે (જ્યારે) આત્માની તો પોતાની પ્રવૃત્તિ થાય છે.

(૬) 'દેહીને સંસારમાં ભ્રમણ કરાવે છે' શબ્દોથી ખરાબ અને સારું ઉત્પન્ન કરનાર તરીકેનો ભેદ જણાવે છે કે, દેહ પોતાની અંદર માત્ર અભિમાન રાખવાથી આત્માને સંસારમાં નાખે છે (જ્યારે) આત્મા તો દેહનું હિત જ ઈચ્છે છે. એ પ્રમાણે છ પ્રકારનો ભેદ દર્શાવેલોછે. ૪૫.

વળી, 'આ પુરુષ સંગરહિત છે' એ શ્રુતિ આત્માને કોઈનો સંગ નથી એમ કહે છે, જ્યારે દેહ તો સર્વના સંગવાળો છે, એવો ભેદ જણાવવા માટે આત્માના જ ધર્મો કહે છેઃ

**નાત્મનોઽન્યેન સંયોગો વિયોગો વાસતા સતિ ।।**
**તદ્ધેતુત્વાત્તત્પ્રસિદ્ધેર્દગ્રૂપાભ્યાં યથા રવેઃ ।।૪૬।।**

હે સતિ ! જેમ દૃષ્ટિ અને દેખાતા પદાર્થ સાથે સૂર્યનો સંયોગ અથવા વિયોગ હોતો નથી, તેમ આત્માનો બીજા અસત્ પદાર્થ સાથે સંયોગ અથવા વિયોગ હોતો નથી, કારણ કે તે (અસત્ પદાર્થ)ની પ્રસિદ્ધનું તે (આત્મા) કારણ છે. ૪૬.

આ આત્માનો બીજાની એટલે દેહની સાથે સંયોગ અથવા વિયોગ હોતો નથી. ''પહેલાં સંયોગ થયા પછી વિયોગ થાય છે. તેથી 'સંયોગ નથી' એમ કહેવામાં આવે ત્યારે જુદા જુદા અવયવો વડે સંયોગ ન હોય અને સંયોગ પણ હોય, એવી ચમત્કારિક વાત (કહી હશે)'' એવી શંકા થાય, તેથી 'સંયોગ પણ હોતો નથી (અને) વિયોગ પણ હોતો નથી' એમ બંને ન હોવાનું કહેલ છે. 'વિયોગ (નથી)' એમ કહેવાથી સંયોગ કોઈપણ સમયે ન હતો એમ કહેવાયું.

''સંયોગ અને વિયોગ (અનુક્રમે) પદાર્થ અને તેના અભાવરૂપ હોવાથી, બંને ન હોય તેમ કેમ બને ? જે (થવાનું) સંભવતું હોય તે પણ 'નથી' એમ કહેવામાં આવતું હોવાથી, જે(થએલ) છે તે જ 'નથી' એમ કહેવાતું નથી, એવો નિયમ નથી'' એવી શંકા થાય, તેથી 'અસત્ સાથે' શબ્દ યોજેલ છે. જેમ દોરડું અને સર્પનો સંયોગ અથવા વિયોગ નથી, કારણ કે સર્પનો કોઈપણ અંશ દોરડામાં નથી, તેમ અસત્ દેહ સાથે આત્માનો સંયોગ અથવા વિયોગ હોતો નથી.

'દેહ પ્રત્યક્ષ અને શ્રુતિથી જણાય છે, આત્મા પણ અનુમાન પ્રત્યક્ષ અને

શ્રુતિથી જણાય છે, અને (તેઓનો) ભેદ કહેલો છે. તેથી (તેઓનો) વિયોગ ભલે હો, (સંયોગ અને વિયોગ) બંને ન હોવાનું કેમ સંભવે ?' એવી શંકા થાય, તેથી (દેહ) અસત્ હોવાથી (બંને ન હોવાનું સંભવે છે) એમ કહેલું છે.

'(દેહ) પ્રમાણથી સાબિત થએલ હોવાથી તે (દેહનું અસત્પણું) જ નથી' એવી શંકા થાય, તે વિષયમાં 'કારણ કે તેની પ્રસિદ્ધિનું તે કારણ છે' શબ્દોથી (દેહ અસત્ હોવાનું) કારણ કહેલું છે. તે દેહની પ્રસિદ્ધિ અથવા ઉત્પત્તિ અથવા જ્ઞપ્તિ (જ્ઞાન)નું કારણ આત્મા હોવાથી, એટલે આત્માના પ્રકાશને લીધે જ દેહ પ્રકાશતો હોવાથી અને (તેની આત્માથી) જૂદી (જૂદે સ્થલે) સ્થિતિ નહિ હોવાથી, તેમના સંયોગ તથા વિયોગ નથી. જુદા જુદા સ્થલે પ્રાપ્ત થતા હોય તેવા બે પદાર્થોનો જ સંયોગ અથવા વિયોગ થાય છે, એવો લોકમાં નિયમ છે. તેથી જ ઉત્પત્તિમાં જે જેને આધીન હોય છે, તેઓમાં સંયોગ સંબંધ હોતો નથી, જેમ કે દ્રવ્ય અને ગુણમાં, અથવા જ્ઞાન અને જેનું જ્ઞાન થાય છે તે પદાર્થમાં. છતાં પણ આ દષ્ટાંતમાં બંને પદાર્થો સત્ હોવાથી, (તેઓમાં) સમવાય સંબંધ અથવા સ્વરૂપ સંબંધ સ્વીકારેલો છે. અહિં દેહ અસત્ હોવાથી, એક (દેહ) અસ્તિત્વ વિનાનું હોવાથી, દોરડું અને સર્પની પેઠે તેમનામાં સ્વરૂપ સંબંધ નથી. તેમનામાં સમવાય સંબંધ પણ નથી એમ સિદ્ધ કરવામાં આવશે. સંયોગ અને વિયોગ તો કોઈપણ પ્રકારે નથી. બીજાથી પ્રકાશતા પદાર્થ અને તેનો પ્રકાશ કરનાર પદાર્થ વચ્ચે સંબંધ નથી એમ જણાવવા, 'દષ્ટિ અને (દેખાતા) પદાર્થ સાથે સૂર્યનો સંયોગ અથવા વિયોગ હોતો નથી' એવું દષ્ટાંત કહે છે. નેત્રના અધિષ્ઠાતા દેવ જે સૂર્ય, તેનાથી જેને સત્તા પ્રાપ્ત થાય છે તેવું નયન વિષય(પદાર્થ)ને જૂએ છે, પરંતુ તે સૂર્યની સાથે પણ તેઓનાં નયન અને તેનાથી જોવાતા પદાર્થના ) સંયોગ અને વિયોગ થતા નથી; કારણ કે મુખનો દર્પણ સાથે અથવા તેમાં પડતા પોતાના પ્રતિબિંબ સાથે કાંઈ પણ સંબંધ નથી[1]. આ અર્થનું જ્ઞાન અધિકારીને જ થાય છે, તેથી ઉપર કહ્યું તેમાં રુક્મિણીને વિશ્વાસ રહે તે માટે 'હે સતિ !' એવું સંબોધન કરેલું છે. આથી દેહ વિગેરેમાં આસક્તિ ન રહે તે માટે વૈરાગ્ય[2] પણ સૂચવેલ છે, કારણ કે પોતાની[3] આત્માની અંદર આસક્તિ રહેવાથી જ તે પ્રાપ્ત

૧. આ વાક્ય છપાયેલ શ્રીસુબોધિનીમાં આ વાક્ય પછીના વાક્ય પછી છાપેલું છે, પણ અર્થ જોતાં આ વાક્ય પહેલું જોઈએ એમ જણાતાં એ પ્રમાણે ભાષાંતર કરેલ છે.

૨. આ ઉપદેશ વૈરાગ્ય ઉત્પન્ન કરવા આપેલો છે, અને 'વૈરાગ્ય થાય તે માટે પુરાણોમાં માયિકપણું કહેલું છે'' એવો સિદ્ધાંત હોવાથી, અને રુક્મી અસુર હાજર હોવાથી બલભદ્રે અહિં માયાવાદ કહેલો છે, એવો ભાવ છે. (લે)

૩. આત્મામાં આસક્તિ થવાથી જ દેહ વિગેરેમાં આસક્તિ રહે નહિ. આત્મામાં આસક્તિ ન હોય

થાય છે, નહિ તો (પ્રાપ્ત) થતો નથી. ૪૬.

પ્રત્યક્ષ, અનુમાન અને શ્રુતિથી જીવના જન્મ વિગેરે જોવામાં (જાણવામાં) આવે છે, અને તેથી સંઘાત (જીવ અને દેહનો સમૂહ) જ તેવો (જન્મ વિગેરેવાળો) હોવાથી, દેહ જો અસત્ય (અસત્, અસ્તિત્વ વિનાનો) હોય તો (તે જન્મ વિગેરે) આત્માના જ થાય, તેથી (દેહ) અસત્ હોવાના કારણે (આત્મા અને દેહનો) સંયોગ નથી એમ સિદ્ધ કરતાં અનિષ્ટ પરિણામ આવે છે, બધા દોષો આત્મામાં જ આવે છે.' એવી શંકા થાય. તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**જન્માદયસ્તુ દેહસ્ય વિક્રિયા નાત્મનઃ ક્વચિત્ ।।**
**કલાનામિવ નૈવેન્દોર્મૃતિર્હ્યસ્ય કુહૂરિવ ।।૪૭।।**

જન્મ વિગેરે વિકારો તો જેમ કલાના છે, ચંદ્રના નથી જ, તેમ દેહના છે, ક્યારેય આત્માના નથી. કારણ કે આનું મૃત્યુ અમાવાસ્યા જેવું છે. ૪૭.

'તુ' 'તો' શબ્દ (ઉપર જણાવેલી) શંકાનો નાશ કરે છે. જન્મ વિગેરે દેહના જ થાય છે. જે પ્રકારથી દેહ સાબિત થાય છે તે જ પ્રકારથી (તેના) જન્મ વિગેરે સાબિત થાય છે, કારણ કે તે (જન્મ વિગેરે) અને તેઓ દેહના સંબંધી હોવાનું તે (પ્રકાર)થી જ સાબિત થાય છે. તેથી (દેહ અને તેના જન્મ વિગેરે) બંને અસત્ હોવાથી, જન્મ વિગેરે પણ દેહના જ છે, કારણ કે યોગ્યનો યોગ્ય સાથે સંબંધ થાય છે. જેમ સર્પ[1] 'હાલે છે આવે છે અને કરડે છે' વિગેરે પણ દેહના જ ગુણો છે, એ પ્રમાણે જન્મ વિગેરે પણ દેહના જ ધર્મો છે, કારણ કે (તે) વિકારો છે; કેમ કે સર્વ વિકાર વિનાના આત્માના વિકારો હોતા નથી.

'જ્ઞાન (પ્રાપ્ત થયા) પછી (જન્મ વિગેરે આત્માના ધર્મો) નથી એ ઈષ્ટ જ છે' એવો મત 'ક્વચિત્' 'ક્યારેય' શબ્દ ખોટો ઠરાવે છે, કારણ કે 'આ સર્પ નથી' એવું જ્ઞાન થયા પછી જ (તેમાં) સર્પ હોતો નથી, એવું નથી પરંતુ (સર્પ) દેખાતો હતો તે સમયે પણ (તેમાં સર્પ ન હતો).

ઉત્તરાર્ધથી તે વિષયમાં જ્યોતિઃશાસ્ત્રનું પ્રસિદ્ધ દૃષ્ટાંત કહે છે. પંદર સંખ્યાવાળી ચંદ્રની કલાઓમાંથી એક દિવસે એક (કલા)નો નાશ થાય છે. પરંતુ ચંદ્રનો (નાશ) થતો નથી. કારણ કે કાલ જાણનારાઓ કહે છે કે તે (ચંદ્ર જલમય છે, તેમાં સૂર્યના કિરણોનું પ્રતિબિંબ પડે છે અને (તે કિરણો ત્યાંથી) જાય[2] છે.

તો દેહ વિગેરેમાં આસક્તિ મટે નહિ. તેથી આત્મામાં આસક્તિ થાય માટે આત્મા દેહથી જૂદો છે એવો બોધ કરેલો છે, એવો ભાવ છે. (લે)

૧. 'સર્પ' એટલે 'દોરડામાં ભ્રમને લીધે કલ્પેલો સર્પ'. ૨. સૂર્યનાં કિરણો ચંદ્ર ઉપર પડે છે અને ત્યાંથી પ્રતિબિંબિત થઈ પૃથ્વી ઉપર આવે છે, તેથી ચંદ્રની જુદી જુદી કલાઓ થાય છે.

અમાવસ્યાના દિવસે આખા ચંદ્રનો ક્ષય થાય છે, અને પછી નવો નવો ઉત્પન્ન થતો જાય છે. તેથી કલાનો ક્ષય કેમ (કહો છો) ?' એવી શંકા થાય, તેથી કહે છે કે અમાવાસ્યા જ[3] આ જીવ અને ચંદ્રનું મરણ છે, પરંતુ અમાવાસ્યાના દિવસે તે દેખાતો નથી તેથી તેનું મરણ થતું નથી. તેવી રીતે આ (જીવ)નું કાલમાં જ મરણ[4] થાય છે, અને તે કાલ કોઈ સમયે ઉંચા અથવા હલકા પણ દેહના સંબંધથી જીવનો પ્રકાશ કરે છે, અને કોઈ સમયે પ્રકાશ કરતો નથી, એમ તેનાં મરણ વિગેરેનું વર્ણન કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિક રીતે તેનું મરણ થતું નથી. (જીવનું મરણ થતું હોય તો) મરણ થતાં જીવ અને દેહ બંનેનો વિયોગ થતો હોવાથી અને દેહ જીવથી છૂટો રહેતો હોવાથી, મરણ થતું નથી એમ સાબિત કરવાનો જૂદો શ્રમ લેવો ન પડત. ૪૭.

દોરડામાં કલ્પેલા સર્પની પેઠે કોઈવાર મિથ્યા બનેલા (અસત્) પદાર્થ સાથે સંબંધ થાય છે. દેહ સાથે તો (તેનો) મહાભૂતોમાં લય થાય ત્યાં સુધી સંબંધ હોય છે. તેથી દ્દષ્ટાંત વિષય (લાગુ ન પડતું) હોવાથી, દેહ ભલે સત્ય અથવા આત્માના સંબંધવાળો હોય' એવી શંકા થાય, તેથી નીચેના શ્લોક કહે છેઃ

**યથા શયાન આત્માનં વિષયાન્ ફલમેવ ચ ।।**
**અનુભુઙ્ક્તેઽપ્યસત્યર્થે તથાપ્નોત્યબુધો ભવમ્ ।।૪૮।।**

જેમ સૂતેલો પુરુષ પદાર્થ નહિ હોવા છતાં પણ દેહ, વિષયો અને ફલનો ભોગ કરે છે તેમ અજ્ઞાની સંસાર પ્રાપ્ત કરે છે. ૪૮.

'જે કોઈ સમયે જ હોય તે જ મિથ્યા હોય,' એવો કોઈપણ નિયમ નથી. તેથી ઉલટું દરરોજ જોવામાં આવે તે પણ અસત્ હોય છે. જેમ કે જ્યારે જ્યારે પુરુષ શયન કરે છે (સ્વપ્નમાં પડે છે) ત્યારે ત્યારે પદાર્થો ન હોવા છતાં તેને 'આત્માનં' દેહનો, માલા ચંદન વિગેરે વિષયોનો અને 'ફલમ્' સુખનો અનુભવ થાય છે. વળી આટલાથી તે (વિષયો) સત્ય હોવાનું સાબિત થતું નથી, કારણ કે બ્રહ્મસૂત્ર ૩।૨।૩માં (તે માયિક છે) તેવો નિર્ણય કરેલો છે. તેવી જ રીતે સૂતેલા (પુરુષ)ની પેઠે અજ્ઞાની 'ભવમ્' સંસાર પ્રાપ્ત કરે છે. અજ્ઞાન નિદ્રા જેવું છે એવો અર્થ છે[1]. ૪૮.

તેથી અજ્ઞાનથી દેહનું ભાન થતું હોવાથી, અને દેહ મિથ્યા હોવાથી દેહનો સંબંધ હોય ત્યારે જ આત્મા હદવાળો જણાય છે, અને (તે) હદવાળો જણાતો હોય ત્યારે જ (આ) શત્રુ, (આ) મિત્ર, વિગેરે ભાન થાય છે તેથી, (આ) પરંપરાનું મૂલ

૩. 'અમાવસ્યા' એટલે 'દેખાવું નહિ તે' એવા અર્થમાં યોજાએલ જણાય છે.

૪. 'મરણ' પણ 'અદર્શન, દેખાવું નહિ તે' એવા અર્થમાં યોજાએલ જણાય છે.

૧. જેમ નિદ્રાથી સ્વપ્ન થાય છે, તેમ અજ્ઞાનથી સંસાર થાય છે, એટલે 'અજ્ઞાની' શબ્દથી નિદ્રા જેવું અજ્ઞાન કહેલું છે એવો ભાવ છે. (લે)

અજ્ઞાન જ હોવાથી તત્ત્વજ્ઞાનથી તેનો નાશ કરવો જોઈએ એમ કહે છેઃ

**તસ્માદજ્ઞાનજં શોકમાત્મશોષવિમોહનમ્ ।।**
**તત્ત્વજ્ઞાનેન નિર્હૃત્ય સ્વસ્થા ભવ શુચિસ્મિતે ।।૪૯।।**

તેથી હે પવિત્ર હાસ્યવાળી ! અજ્ઞાનથી ઉત્પન્ન થએલા (અને) અંતઃકરણ માં દુઃખ અને મોહ કરનારા શોકને તત્ત્વજ્ઞાનથી દૂર કરી, સ્વસ્થ થા. ૪૯.

શોક તો વિષમ બુદ્ધિથી ઉત્પન્ન થતો હોવાથી અજ્ઞાનથી જ થનારો છે. શોકનો ત્યાગ કરવા માટે, '' 'આત્મનઃ' અંતઃકરણમાં દુઃખ અને મોહ થાય છે જેનાથી'' એમ તેના બે દોષો કહે છે. તેથી તે અજ્ઞાન ઘણું નુકશાન કરનારું હોવાથી, તેને તત્ત્વજ્ઞાનથી દૂર કરી તું સ્વસ્થ થા, એવો ઉપદેશ અથવા એવી પ્રાર્થના છે. 'હે પવિત્ર હાસ્યવાળી !' એ સંબોધનથી એમ સૂચવેલું છે કે તને શાંતિ કુદરતી જ હોવાથી, કૃત્રિમ(આવી ચડેલાં) શોકનો નાશ કરવામાં ઘણો ક્લેશ કરવો પડશે નહિ. ૪૯.

એવી રીતે ઉપદેશ કરેલું જ્ઞાન ભગવાનની સંનિધિને[1] લીધે ફળ્યું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

શ્રીશુક કહે છેઃ

**એવં ભગવતા તન્વી રામેણ પ્રતિબોધિતા ।।**
**વૈમનસ્યં પરિત્યજ્ય મનો બુદ્ધ્યા સમાદધે ।।૫૦।।**

ભગવાન્ સામે એવી રીતે બોધ કરેલી સુંદરીએ શોકનો ત્યાગ કરી મનનું બુદ્ધિથી સમાધાન કર્યું. ૫૦.

'ભાગવત સિદ્ધાંતનો[2] ત્યાગ કરી (બલભદ્રે) જ્ઞાનના સિદ્ધાંતનો[3] એવી રીતે કેમ બોધ કર્યો ?' એવી શંકા થાય, તેથી 'સુંદરી' અને 'ભગવાન્' શબ્દો યોજેલા છે, કારણ કે (૧) ભગવાન્ (પોતાના સિદ્ધાંતથી) વિરુદ્ધ (વર્તન)વાળાને પોતાનો સિદ્ધાંત કહેતા નથી. કેમ કે તે (સિદ્ધાંત)માં મુક્ત (જીવો)નો જ અધિકાર છે. (૨) વળી આ સુંદરી વિષયોમાં આસક્તિવાળી છે, અને (૩) બલભદ્ર સાધનમાં મચ્યા રહેનારા છે. તેથી ત્રણે પ્રયોજનો તેવા પ્રકારના હોવાથી જ્ઞાનથી જ બોધ કર્યો, અને જ્ઞાનનું ફલ માત્ર તેના શોકનો ત્યાગ જ થયું, (એટલે) ભગવાનમાં દોષ હોવાની તેની જે બુદ્ધિ હતી તે (મટી) ગઈ. પછી વ્યાકુલ થએલા મનનું બુદ્ધિથી સમાધાન પણ

૧. આ અજ્ઞાન પણ અસુર (રુક્મી)ની હાજરીને લીધે ફળે નહિ, કારણ કે અસુરો દેહને આત્મા માનનારા છે એમ છાંદોગ્યમાં જણાવેલું છે. છતાં પણ ભગવાન્ સમીપ હોવાથી આ જ્ઞાન ફળ્યું એવો અર્થ છે. (લે)

૨. 'શ્રીકૃષ્ણ પેઠે સર્વ અખંડ છે' એવો સિદ્ધાંત. (લે)

૩. ભગ.ગીતા ૧૬।૮માં જણાવેલ સર્વનું અસત્ય તરીકે જેમાં ભાન થાય છે તે સિદ્ધાંત. (લે)

કર્યું. એક[૪] ભગવાનના સંબંધમાં દોષ (તેના મનમાં) હતો, બીજો[૫] વ્યાકુલતાને લીધે તેને જ દુઃખ આપનારો હતો. બંને દોષ દૂર થયા એ જ્ઞાનનું ફલ (મળ્યું). ૫૦.

એ પ્રમાણે રુક્મિણીના સમાધાનનું વર્ણન કરી, રુક્મીને છોડી દેવો એ જ (રુક્મી અને રુક્મિણી) બંનેને સુખ કરનાર હોવાથી તેને છોડી દીધાનું કહે છેઃ

**પ્રાણાવશેષ ઉત્સૃષ્ટો દ્વિડ્ભિર્હતબલપ્રભઃ ।।**
**સ્મરન્વિરૂપકરણં વિતથાત્મમનોરથઃ ।।૫૧।।**

જેના માત્ર પ્રાણ જ બાકી રહેલા હતા, જેના બલ અને કાંતિનો નાશ થયો હતો અને જેનો પોતાનો મનોરથ નિષ્ફલ થયો હતો તેવા, શત્રુઓએ મૂકી દીધેલા તેણે પોતાને કદ્રૂપ કરેલો તેનું સ્મરણ કરતાં ભોજકટ નામનું મોટું શહેર વસાવ્યું. ૫૧.

બલભદ્ર (રુક્મીને) મૂકી દે તો પણ (તેને) મદદ કરનાર કોઈ નહિ હોવાથી બીજો તેને હણે એવું સંભવે, તેથી 'શત્રુઓએ મૂકી દીધેલો' કહેલો છે. શત્રુઓથી જ 'નાશ થયો હતો બલ અને કાંતિનો જેનાં' તેવો(તે હતો). તે બીજું ભૂલ્યો પરંતુ (તેને) કદ્રૂપ કરેલો તેનું સ્મરણ કરતો હતો. કદ્રૂપ થવા છતાં પણ જો પોતે ઈચ્છેલું કાંઈક (પ્રયોજન) સિદ્ધ થાત. તો તે તેવી રીતે ઉદાસ ન થાત, પરંતુ 'નિષ્ફલ થયો છે પોતાનો મનોરથ જેનો' તેવો (તે હતો). ૫૧.

છતાં પણ ભગવાને તેની બેન ઉપર કૃપા કરી (પત્ની તરીકે સ્વીકારી) તેથી પોતાની પ્રતિજ્ઞાનો તેણે ભંગ કર્યો નહિ. તેથી જ કુંડિનપુરનો ત્યાગ કરી બીજેજ રહ્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**અહત્વા દુર્મતિઃ કૃષ્ણમપ્રત્યૂહ્ય યવીયસીમ્ ।।**
**ચક્રે ભોજકટં નામ નિવાસાય મહત્પુરમ્ ।।**
**કુણ્ડિનં ન પ્રવેક્ષ્યામીત્યુક્ત્વા તત્રાવસદ્રુષા ।।૫૨।।**

શ્રીકૃષ્ણને હણ્યા વિના, નાની (બેન)ને પાછી લાવ્યા વિના (તે) દુષ્ટ બુદ્ધિવાળાએ રહેવા માટે ભોજકટ નામનું મોટું શહેર વસાવ્યું. 'હું કુંડિનમાં પ્રવેશ કરીશ નહિ' એમ કહીને ક્રોધથી ત્યાં રહેવા લાગ્યો. ૫૨.

આ (રુક્મી) દુષ્ટ બુદ્ધિવાળો હતો, તેથી જ્યાં તેને મુંડેલો ત્યાં જ રહ્યો, કારણ કે ભોજો મરેલાનું કાપડ લેનારા છે. જાતિ હલકી થતાં ભોજમાંથી યવન થાય છે, એમ (ભોજને) યવન પહેલાં કહેલો છે. તે (ભોજ)નું (કટઃ) સ્મશાન, એટલે મરણ સુધી હું ત્યાં જ રહીશ એવા વિચારથી તે ગામનું નામ 'ભોજકટ' એવું (રુક્મીએ) પાડ્યું. જો કે (એમ કરવાથી) કોઈપણ પુરુષાર્થ સરવાનો ન હતો, કારણ કે દુષ્ટ પ્રતિજ્ઞાનું પાલન ન કરવાથી કાંઈપણ દોષ થતો નથી, છતાં પણ (તે રુક્મિનો)

---

૪. શોક. (લે)　　૫. મનની વ્યાકુલતા. (લે)

ભાઈ હોવાથી ક્રોધથી ત્યાં જ રહ્યો. ૫૨.

પછી ભગવાને જે કર્યું તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**ભગવાન્ ભીષ્મકસુતામેવં નિર્જિત્ય ભૂમિપાન્ ।।**
**પુરમાનીય વિધિવદુપયેમે કુરુદ્વહ ।।૫૩।।**

હે કુરુના પુત્ર ! એવી રીતે રાજાઓને જીતીને, ભીષ્મકની પુત્રીને શહેરમાં લાવીને ભગવાને વિધિ પ્રમાણે (તેની સાથે) વિવાહ કર્યો. ૫૩.

જ્યારે બધાએ (રુક્મિણીમાંથી) મમતાનો ત્યાગ કરવાથી (તે) સર્વ પ્રકારે દોષ વિનાની થઈ, ત્યારે પણ (તેની સાથે) વીર્યરૂપી મૂલ્યથી વિવાહ કરવા માટે ભગવાને એવા પ્રકારે રાજાઓને જીતી, ગાંધર્વ નિયમ પ્રમાણે તેને નહિ પરણતાં, ઉપનયન પેઠે વિવાહ પણ સંસ્કાર હોવાથી, સર્વની સંમતિ થાય તે માટે (તેને) પોતાના શહેરમાં લાવીને 'ઉપયેમે' (તેની સાથે) વિધિ પ્રમાણે વિવાહ કર્યો. 'ઘણું કરીને ક્ષત્રિયો એ પ્રમાણે કરતા નથી તેથી ભગવાને પણ કર્યું નહિ જ હોય, પરંતુ (સાંભળનારને) સદ્‌બુદ્ધિ થાય તે માટે (શુક એમ) કહે છે' એવી શંકા થાય, તેને 'હે કુરુના વંશજ !' એ સંબોધનથી દૂર કરે છે. ૫૩.

બધાની સંમતિથી (ભગવાને) વિવાહ કર્યો એમ દેખાડવા માટે મોટો ઉત્સવ થયો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તદા મહોત્સવો નૃણાં યદુપુર્યાં ગૃહે ગૃહે ।।**
**અભૂદનન્યભાવાનાં કૃષ્ણે યદુપતૌ નૃપ ।।૫૪।।**

હે નૃપ ! તે સમયે યાદવોની નગરીમાં ઘેર ઘેર યાદવોના પતિ શ્રીકૃષ્ણમાં અનન્ય પ્રેમવાળા માણસોને મોટો ઉત્સવ થયો. ૫૪.

'નૃણામ્' 'માણસોને' શબ્દથી એમ કહેલું છે કે માત્ર સગાંઓને જ નહિ, પરંતુ બધાઓને જ (ઉત્સવ થયો). યાદવોની નગરી એટલે દ્વારકામાં, તે વિષયમાં કોઈપણ વિરુદ્ધ મતનો ન હતો એવો અર્થ છે.

યાદવોમાં પણ પરસ્પર અણબનાવ સંભવે છે, તેથી તે (તેમ ન હતું એમ જણાવવા) માટે 'અનન્ય પ્રેમવાળા' વિશેષણ યોજેલું છે.

'યાદવો સ્વભાવથી ઉદ્ધત હતા. તેઓ અનન્ય પ્રેમવાળા કેમ થયા ?' એવી શંકા થાય, તેથી 'યાદવોના પતિ શ્રીકૃષ્ણમાં' શબ્દો યોજેલા છે. જ્યારે ભગવાન્ યાદવોના પતિ થયા, ત્યારે તેઓ તેવા (શ્રીકૃષ્ણમાં અનન્ય પ્રેમવાળા) થયા, એવો અર્થ છે. 'હે નૃપ !' એ સંબોધન (પરિક્ષિતને આ વાતમાં) વિશ્વાસ થાય, તે માટે યોજેલું છે. જેમ તું (પરિક્ષિત) (શ્રીકૃષ્ણમાં અનન્ય પ્રેમવાળો) થયો, (તેમ તેઓ પણ થયા), એવો અર્થ છે. ૫૪.

આ વિવાહમાં ભગવાનને (કાંઈ) ભેટ મળી નહિ, અને તે (ભેટ મળેલી) ન હોય ત્યારે વિવાહની તેવી શોભા થાય નહિ, તેથી તે (ભેટ મળી તે જણાવવા) માટે નીચેનો શ્લોક કહે છેઃ

**નરાઃ નાર્યઃ પ્રમુદિતાઃ પ્રમૃષ્ટમણિકુણ્ડલાઃ ।।**
**પારિબર્હમુપાજહ્રુર્વરયોશ્ચિત્રવાસસોઃ ।।૫૫।।**

સાફ કરેલા મણિ જડેલાં કુંડલો પહેરેલાં માણસો અને સ્ત્રીઓ આનંદ પામી જુદા જુદા રંગના વસ્ત્રોવાળાં વરકન્યાને ભેટ આપતા હતા. ૫૫.

પોતે અલંકાર ધારણ કરેલા (માણસો અને સ્ત્રીઓ) જુદા જુદા રંગના વસ્ત્રોવાળાં અલંકાર ધારણ કરેલા પણ વરકન્યાને ભેટે આપતા હતા, કારણ કે જેવો દક્ષિણના લોકોનો રીવાજ છે તે પ્રમાણે વરકન્યાને તે પ્રમાણે (ભેટ આપવાનું) કરવું જ જોઈએ. ૫૫.

વિવાહ તરત જ આવ્યો તેથી, અને ભગવાન્ ઓચિંતા પધાર્યા તેથી (દ્વારિકાને) ખાસ તે માટે શણગારેલી નહિ હોવા છતાં (તે) સ્વભાવથી જ શણગારેલી હતી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સા વૃષ્ણિપુર્યુત્તભિતેન્દ્રકેતુભિર્વિચિત્રમાલ્યામ્બરરત્નતોરણૈઃ ।।**
**બભૌ પ્રતિદ્વાર્યુપક્લૃપ્તમઙ્ગલૈરાપૂર્ણકુમ્ભાગુરુધૂપદીપકૈઃ ।।૫૬।।**

તે વૃષ્ણિઓની નગરી ઉંચા કરેલા ઈન્દ્રકેતુઓથી, જુદા જુદા રંગવાળા પુષ્પો વસ્ત્રો અને રત્ન જડેલાં તોરણોથી, ઘેર ઘેર કરેલાં મંગલોથી, ભરેલા કુંભો અગરના ધૂપો અને દીપકોથી શોભતી હતી. ૫૬.

'ઉત્તભિતૈઃ' ઉંચાં કરેલા ઈન્દ્રથી પણ ઉંચે સ્વર્ગ સુધી પહોંચેલા 'કેતુભિઃ' ધજાના ચિહ્નોથી અને બીજાં (શોભાના સાધનોથી) તે દ્વારકા શોભતી હતી. ઈન્દ્રકેતુ એટલે પારિજાત, સુધર્મા વિગેરે અને બીજાં કલ્પવૃક્ષો. જુદા જુદા રંગવાળા પુષ્પો, વસ્ત્રો અને રત્નો જડેલાં તોરણો સ્વભાવથી જ હતાં (સદાએ ત્યાં રહેતાં). વધારામાં પણ ઘેર ઘેર મંગલો કરેલાં હતાં. ભરેલા કુંભો અગરના ધૂપો અને દીપકો (પણ હતા). એ પ્રમાણે રહેવાનાં સ્થાનોની ઉપરના મધ્યના અને નીચેના ભાગની શોભાનું વર્ણન કર્યું. ૫૬.

નીચેના શ્લોકમાં રસ્તાઓની (શોભા) કહે છેઃ

**સિક્તમાર્ગા મદચ્યુદ્ભિરાહૂતપ્રેષ્ઠભૂભુજામ્ ।।**
**ગજૈર્દ્વાસ્સુ પરામૃષ્ટરમ્ભાપૂગોપશોભિતા ।।૫૭।।**

નિમંત્રેલા પ્રિય રાજાઓના મદ ઝરતા હાથીઓથી સિંચાએલા રસ્તાઓ વાળી, આંગણાઓમાં સિંચાએલી, ચારે તરફ રોપેલી કેળો અને સોપારીનાં વૃક્ષોથી

(દ્વારિકા) શોભતી હતી. ૫૭.

નિમંત્રેલા જે 'પ્રેષ્ઠાઃ' ઘણા પ્રિય રાજાઓ હતા, તેઓના 'મદચ્યુદ્ભિઃ' હાથીઓના ગંડસ્થલમાંથી ઝરતા મદથી જ સિંચાએલા રસ્તાઓવાળી (દ્વારકા) થઈ. તેથી વધારે (જલનું) સિંચન વિગેરે કરવા અવકાશ ન હતો એવો અર્થ છે. 'આંગણાઓમાં (સિંચાએલી)' શબ્દથી આંગણામાં તો છંટકાવ કરેલો એમ કહેલું છે. 'પરિમૃષ્ટાઃ' ચારે તરફ રોપેલાં જે કેળ વિગેરે, તેમનાથી શોભતી હતી. વિવાહ થયા પછી, (કેળ વિગેરે) લાવીને કરેલ (રોપેલ) એવું અનુમાન થાય છે. ૫૭.

**કુરુસૃઞ્જયકૈકેયવિદર્ભયદુકુન્તયઃ ।।**
**મિથો મુમુદિરે તસ્મિન્સંભ્રમાત્પરિધાવતામ્ ।।૫૮।।**

કુરુઓ અને સૃંજ્યો, કૈકેયો અને વિદર્ભો, યાદવો અને કુંતિઓ પરસ્પર આનંદ પામ્યા. તે ઉત્સવમાં ઉત્સાહને લીધે દોડધામ કરનારાના સંબંધી થયા. ૫૮.

ભગવાન્ રુક્મિણી સાથે થયા (જોડાયા) ત્યારે છએ પ્રકારના ક્ષત્રિયો સ્વભાવથી દ્વેષવાળા હોવા છતાં એકબીજાના વેરનો ત્યાગ કરી પરસ્પર આનંદ પામ્યા. (૧) દુર્યોધન વિગેરે કૌરવો, અને સૃંજ્યો એટલે પાંડવો અથવા ધૃષ્ટદ્યુમ્ન વિગેરે પાંચાલો; કારણ કે તે બે પરસ્પર શત્રુઓ હતા. (૨) (તેવી જ રીતે) કૈકેયો અને વિદર્ભો, અને (૩) તે પ્રકારે યાદવો અને કુંતિઓ તે ત્રણે પ્રકારના પરસ્પર દ્વેષ કરનારાઓએ પરસ્પર આનંદ જ કર્યો. વળી ઉત્સાહને લીધે દોડધામ કરનારાના સંબંધીઓ પણ થયા. ઉત્સવની તૈયારીઓ કરવા માટે તેમના (ભગવાનના) સેવકો બધાએ કામમાં રોકાઈ ગયા, એવો અર્થ છે. ૫૮.

માત્ર યાદવોની નગરીમાં જ ઉત્સાહ હતો એમ ન હતું, પરંતુ લોકમાં સર્વ સ્થલે ઉત્સાહ થયો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**રુક્મિણ્યા હરણં શ્રુત્વા ગીયમાનં તતસ્તતઃ ।।**
**રાજાનો રાજકન્યાશ્ચ બભૂવુર્વિસ્મિતા ભૃશમ્ ।।૫૯।।**

ઠેકઠેકાણે ગવાતાં રુક્મિણીનાં હરણનું શ્રવણ કરીને રાજાઓ અને રાજાઓની કન્યાઓ ઘણો વિસ્મય પામતાં હતાં. ૫૯.

ઠેકઠેકાણે ગવાતાં, સર્વ સ્થલે સંભળાતું હોવાથી અસંભવિત નહિ તેવાં, ભગવાને કરેલાં (રુક્મિણીનાં) આશ્ચર્યકારક હરણનું શ્રવણ કરીને, 'એ પ્રમાણે કેવી રીતે હરણ કર્યું હશે ?' એમ રાજાઓ આશ્ચર્ય પામ્યા; અને '(ભગવાન્) આપણને પણ લઈ જશે' એમ રાજાઓની કન્યાઓ આશ્ચર્ય પામી. ૫૯.

એ પ્રમાણે ઉત્તમ(પુરુષો)ના મોટા ઉત્સવનું વર્ણન કરી, નીચેના શ્લોકમાં સાધારણ(પુરુષો)ના મોટા ઉત્સવનું વર્ણન કરે છેઃ

**દ્વારકાયામભૂદ્રાજન્ મહામોદઃ પુરૌકસામ્ ।।**
**રુક્મિણ્યા રમયોપેતં દષ્ટ્વા કૃષ્ણં શ્રિયઃપતિમ્ ।।૬૦।।**

હે રાજા ! લક્ષ્મીના પતિ શ્રીકૃષ્ણને રુક્મિણીરૂપ લક્ષ્મી સાથે જોડાએલા જોઈને દ્વારકામાં શહેરીઓને ઘણો આનંદ થયો. ૬૦.

શહેરીઓ એટલે નગરના કામકાજમાં જ મચ્યા રહેલા નગરના સાધારણ રહીશો. તેઓને પણ ઘણો આનંદ થયો. જો કે તેઓમાં વિવેક હોતો નથી, છતાં પણ વસ્તુની શક્તિથી જ તેઓ તેવા (આનંદી) થયા. તે અર્થ 'લક્ષ્મીના પતિ' સ્ત્રીઓના જ હિત માટે અવતરેલા ''શ્રીકૃષ્ણને રુક્મિણીરૂપ 'રમયા' લક્ષ્મી સાથે 'ઉપેતં' જોડાયેલા જોઈને'' શબ્દોથી કહેલો છે. હરિ સદા લક્ષ્મી સાથે જોડાએલા છે, પરંતુ આવિર્ભાવ એકલા(લક્ષ્મી વિનાના હરિ)નો જ થાય છે, તેથી સદા સ્ત્રી જેમને મુખ્ય છે તેવા શહેરીઓને તેવો (ઘણો) આનંદ ન થાય. હાલમાં તો પૂરેપૂરી શક્તિ (લક્ષ્મી સહિત હરિ) એક જ સ્થલે (પ્રકટ) થઈ, તેથી (તેઓને) ઘણો જ 'મોદઃ' સંતોષ (આનંદ) થયો. ૬૦.

**ઈતિ શ્રીમલ્લક્ષ્મણ ભટ્ટના પુત્ર શ્રીમદ્‌વલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીમદ્‌ભાગવતની સુબોધિનીમાં દશમા સ્કંધનાં વિવરણમાં એકાવનમો**
**ઉત્તરાર્ધનો પાંચમો અધ્યાય સમાપ્ત.**

# ।। અધ્યાય બાવનમો ।।

## (પ્રદ્યુમ્નની ઉત્પત્તિ)

**નિરૂપિતો ભગવતો ભાર્યાયાસ્તુ પરિગ્રહઃ ।।**
**ષષ્ઠાધ્યાયે તુ પુત્રસ્ય સ્વીકારોઽત્ર નિરૂપ્યતે ।।૧।।**

ભગવાને ભાર્યાનો સ્વીકાર કર્યો તે તો વર્ણવ્યું. અહિં છઠ્ઠા અધ્યાયમાં તો પુત્રના સ્વીકારનું વર્ણન કરવામાં આવે છે. કા. ૧.

**લોકે હિ પુત્રભાર્યાણાં સમ્બન્ધે સ્યાદ્ધિ સંસૃતિઃ ।।**
**દુષ્ટભાવેષુ સંસૃષ્ટાસ્ત્વત્ર કૃષ્ણેન મોચિતાઃ ।।૨।।**

કારણ કે લોકમાં પુત્ર અને ભાર્યાનો સંબંધ થાય ત્યારે સંસાર થાય. અહિં તો દુષ્ટ સ્વભાવવાળા સાથે સંબંધમાં આવેલા, તેઓને શ્રીકૃષ્ણ સંસારમાંથી મુક્ત કરાવ્યા[૧] છે. કા. ૨.

**ન ચાપિ ભગવાન્ કૃષ્ણઃ કમપ્યત્ર નિવારયેત્ ।।**
**ભાગિનં યત્ર યો ભાગી નિવૃત્તે હરિસાદ્ભવેત્ ।।૩।।**

વળી આ વિષયમાં કોઈપણ ભાગવાળાને હરિ અટકાવતા પણ નથી. જેમાં ભાગવાળો હોય છે તે(નો ભાગ) નીકળી જતાં (તે પદાર્થ) હરિનો થાય છે. કા. ૩.

**અતઃ શમ્બરનિર્મુક્તઃ પુત્રો જાત ઈતીર્યતે ।।**
**પુત્રત્વં ચ ન કાલાદેઃ કિન્તુ સ્વેચ્છાત એવ હિ ।।૪।।**
**તાદૃશસ્ય હિ જીવસ્ય તતઃ કામકથોચ્યતે ।।**

તેથી શંબરે મૂકી દીધેલો (મૂકી દીધેલ છે ભાગ જેમાંથી તેવો) પુત્ર થયો એમ કહેલું છે, કારણ કે તેવો જીવ કાલ વિગેરેને લીધે પુત્ર થતો નથી, પરંતુ પોતાની ઈચ્છાથી જ (પુત્ર) થાય[૨] છે. પછી કામની કથા કહેવામાં આવે છે. કા.૪।।.

(આ) પહેલાનાં (ત્રણ) અધ્યાયોથી પત્નીની ઈચ્છાથી ભગવાને પત્ની કરી (એમ કહ્યું), અહિં પણ પુત્ર(કામદેવ)ની ઈચ્છાથી ભગવાને કામને પુત્ર કર્યો એમ નીચેના શ્લોકથી આરંભી કહે છેઃ

શ્રીશુક કહે છેઃ

---

૧. સંસારમાં પડેલાઓનો ઉદ્ધાર કરવા માટે જ ભગવાનને સંસારમાં પધારવું પડ્યું છે, અને તે માટે સ્ત્રી અને પુત્રોનો તેમણે સ્વીકાર કરેલો છે. જૂઓ શ્રીમદ્ભાગવત ૧૦।૩૦।૩૭.

૨. પ્રદ્યુમ્ન જેવો જીવ કાલ વિગેરેને લીધે પુત્ર થાય, તેવું સંભવતું નથી, પરંતુ પોતાની એટલે પ્રદ્યુમ્નની ઈચ્છાથી જ તે પુત્ર થયો, એવો અર્થ છે. (લે)

**કામસ્તુ વાસુદેવાંશો દગ્ધઃ પ્રાગ્રુદ્રમન્યુના ।।**
**દેહોપપત્તયે ભૂયસ્તમેવ પ્રત્યપદ્યત ।।૧।।**

પહેલાં રુદ્રના ક્રોધથી બળેલા, વાસુદેવના અંશરૂપ કામે તો ફરીથી દેહ પ્રાપ્ત કરવા માટે તેમનો જ આશ્રય કર્યો. ૧.

'કામની ઉત્પત્તિ સંભવતી નથી, કારણ કે કામને લીધે પત્નીમાં પ્રવૃત્તિ થાય છે. તેથી પોતાની ઉત્પત્તિનું પોતે કારણ થવાતું નહિ હોવાથી, કામની ઉત્પત્તિ અસંભવિત છે' એવી શંકા થાય, તેનો 'તુ' 'તો' શબ્દથી નિરાસ કરે છે. 'વાસુદેવના અંશરૂપ' શબ્દથી તેનું કારણ કહેલું છે, કારણ કે તે જીવ નથી, પરંતુ વાસુદેવ એટલે મોક્ષ આપનારનો અંશ જ છે. વાસુદેવમાંથી ભક્તિ તોડી પાડવા માટે કામ અને માયા એ બે અંશો નીકળ્યા, અને અનુક્રમે પુરુષ તથા સ્ત્રીમાં રહી, જે પ્રકારે ભગવાનમાં ભક્તિવાળું ન થાય તેવી જ રીતે જગતને મોહ ઉત્પન્ન કરે છે. તે(કામે)તો સર્વને મોહ ઉત્પન્ન કરતાં મુખ્ય અધિકારી મહાદેવને પણ મોહ ઉત્પન્ન કરવાની પ્રવૃત્તિ કરી. પછી 'રુત્' બધાએ રોગોનો 'દ્રાવયતિ' નાશ કરે છે એવા સર્વ રોગનો નાશ કરનારા રુદ્રે કામને પણ રોગ માની, ક્રોધથી બાળી નાખ્યો. ત્યારથી કામનો ઉદ્ભવ થતો ન હતો, કારણ કે લોકમાં પ્રવૃત્તિવાળો અધિષ્ઠાતા શક્તિ વિનાનો થયો. વળી મોક્ષ આપનાર ભગવાન્ પણ અવતરેલા ન હતા, કે જેમના(મોક્ષ આપવાના કાર્ય)માં આ (કામ) વિઘ્ન કરે; પરંતુ જ્યારે શ્રીકૃષ્ણનો આવિર્ભાવ થયો ત્યારે તેવો અક્ષય દેહ પ્રાપ્ત કરવાને માટે કે જેથી રુદ્ર બાળે નહિ, તે માટે તે ભગવાનનો જ તેણે દેહ પ્રાપ્ત કરવા માટે આશ્રય કર્યો; એટલે 'તેમનામાંથી દેહસહિત જ[3] હું બહાર નિકળીશ' એવા વિચારથી, તેમનામાં ફરી[4] પ્રવેશ કર્યો. તેણે[5] ગોપિકાઓ દ્વારા શ્રીકૃષ્ણમાં પ્રવેશ કર્યો, કારણ કે તેઓ પહેલાં પુરુષરૂપથી રહેલાં હતાં. પછી તેઓ સ્ત્રીઓ થયાં ત્યારે તેમનામાં પ્રવેશ પ્રાપ્ત નહિ થતાં, તેમની દ્વારા તેણે ભગવાનમાં પ્રવેશ કર્યો[5]. ૧.

૩. બળેલા દેહવાળા કામદેવે, 'હું ભગવાનને પ્રાપ્ત થઈ તેમની પાસેથી દેહ સહિત બહાર નીકળીશ' એવા વિચારથી ફરીથી ભગવાનમાં પ્રવેશ કર્યો. તેથી જ તેનો દેહ ભગવાનના (દેહ) જેવો હતો, એવો ભાવ છે. (લે)

૪. કામ વાસુદેવનો અંશ હોવાથી પહેલાં પણ ભગવાનમાં હતો. તેમનામાંથી નીકળ્યા પછી મહાદેવે તેને બાળી દીધો, પાછો ફરીથી તેણે તેમનામાં પ્રવેશ કર્યો, એમ જણાવવા 'પુનઃ' 'ફરી' શબ્દ યોજેલો છે.

૫-૫. ભગવાનમાં કામે કેવી રીતે ફરી પ્રવેશ કર્યો તે અહિં કહેલું છે. ભગવાનના બે અંશોમાંથી કામ પુરુષોમાં રહ્યો, અને માયા સ્ત્રીઓમાં રહી. ગોપિકાઓ પહેલાં અગ્નિકુમાર હતી. તે પુરુષ હોવાથી કામ તેમનામાં રહેલ. પછી તેઓ સ્ત્રી (ગોપીઓ) થયાં, એટલે તેમનામાં રહી નહિ

તેઓ (ગોપિકાઓ) સ્વભાવથી પુરુષરૂપ હોવાથી, તેમનામાંથી ઉત્પત્તિ પ્રાપ્ત નહિ થતાં, જ્યારે રુક્મિણીનો (ભગવાન્ સાથે) સંબંધ થયો[1], ત્યારે જ તે તેમનાથી (રુક્મિણીથી) ઉત્પન્ન થયો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સ એવ જાતો વૈદર્ભ્યાં કૃષ્ણવીર્યસમુદ્ભવઃ ।।**
**પ્રદ્યુમ્ન ઈતિ વિખ્યાતઃ સર્વતોઽનવમઃ પિતુઃ ।।૨।।**

શ્રીકૃષ્ણના વીર્યમાં ઉત્પન્ન થએલો તે જ વૈદર્ભીથી જન્મ્યો, (અને) કોઈ રીતે પિતાથી ઉતરે નહિ તેવો 'પ્રદ્યુમ્ન' નામથી પ્રસિદ્ધ થયો. ૨.

કારણ કે રુક્મિણી ભક્તિપ્રધાન હતી. અહિં ક્રિયાશક્તિને ભગવાનનું વીર્ય કહેલ છે, અન્નમય(વીર્ય) કહેલું નથી, કારણ કે ક્રિયા 'સત્'ની શક્તિ[2] છે. કામદેવ પોતે[3] ચિદ્રૂપ હતો, અને તેને 'સત્' અંશની જ જરુર હતી. 'સત્' અંશમાં પડેલું રૂપ ક્રિયાશક્તિ છે એટલે ક્રિયાશક્તિમાં (તેનો) આવિર્ભાવ થયો. તે (અર્થ) 'શ્રીકૃષ્ણના વીર્યમાં થઈ છે ઉત્પત્તિ જેની' એ વિશેષણથી કહેલો છે. 'એવ' 'જે' શબ્દ બીજા જીવનો તેમાં પ્રવેશ (થતો) નથી એમ જણાવવા (યોજેલો છે). તેથી જ લોકમાં '' 'પ્રકૃષ્ટં' ઘણી જ 'દ્યુમ્નં' શક્તિ (થાય છે) જેનાથી'' એવા 'પ્રદ્યુમ્ન' નામથી પ્રસિદ્ધ થયો. તેને રુક્મિણીના અંશનો સંબંધ થએલો હોવાથી 'આનંદ' અંશ પણ તેનામાં હતો. ઉત્પન્ન કરનાર પણ 'પ્રદ્યુમ્ન' હતા, તેથી તેનું ઈચ્છેલું જ નામ થયું, એમ કહેલું છે. એમ (હોવા) છતાં, જો ભગવાનની ઈચ્છા અનુકૂલ ન હોત તો (તેને) અક્ષય દેહ પ્રાપ્ત થાત નહિ, તેથી 'કોઈ રીતે પિતાથી ઉતરે નહિ તેવો' શબ્દથી તેણે ભગવાનની સમાનતા પ્રાપ્ત કરી હતી એમ કહેલું છે. 'અવમઃ' એટલે ક્ષય. ('અનવમઃ' એટલે) કોઈ પણ અંશથી હલકો નહિ તેવો, એવો અર્થ છે. ૨.

---

શકવાથી તેમની દ્વારા તેણે ભગવાનમાં પ્રવેશ કર્યો. (લે)

૧. જ્યારે ભગવાનનો રુક્મિણી સાથે સંબંધ થયો ત્યારે રુક્મિણી દ્વારા તેનો જન્મ થયો. શ્રુતિરૂપ ગોપીઓ સાથે ભગવાને રમણ કરેલું હોવા છતાં, તેમણે પતિપણાના સંબંધપૂર્વક પ્રથમ રુક્મિણીને જ સ્વીકારેલાં, તેથી આ પ્રમાણે કહેલું છે. ગોપીઓએ કાત્યાયનીને ભગવાનને પોતાના પતિ કરવા વિનંતિ કરેલી, તેથી ભગવાન્ તેમના પતિ હતા એવી સંભાવના થાય, તેથી તેઓ સ્વભાવથી પુરુષરૂપ હોવાથી, તેમની દ્વારા ઉત્પત્તિ થાય તેમ ન હતું એમ જણાવેલું છે. (લે)

૨. 'શક્તિ' શબ્દ અધ્યાહાર છે. ક્રિયા 'સત્' અંશની શક્તિ છે એવો અર્થ થાય છે (લે)

૩. કામ પોતે ચિદ્રૂપ હતો. દેહ 'સત્' અંશવાળો હોવાથી, 'સત્' અંશનો સંબંધ થાય ત્યારે તે દેહવાળો થાય, તેથી તેને 'સત્' અંશની જરુર હતી. (તે ભગવાનથી પ્રાપ્ત થયો). તેથી આ (કામનો નવો) દેહ ભગવાનનો 'સત્' અંશ હોવાથી, તે (પ્રદ્યુમ્ન) ભગવાન્ હોવાનો ભ્રમ થયાનું આ અધ્યાયના ૨૮મા શ્લોકમાં કહેશે. (લે)

આટલા સમય દરમ્યાન નારદે શંબરને જણાવ્યું કે ' આ કામ દશ દિવસથી મોટો ન થાય, તેટલામાં (આને) હણવો જોઈએ. તેમ કરવામાં નહિ આવે તો (તેને) ભગવાનના શ્રીહસ્તનો સ્પર્શ થતાં તે હણી ન શકાય તેવો થશે.' એ પ્રમાણે જણાવવાનું કારણ કે તે (શંબર) કામનો શત્રુ હતો, અને જ્યારે બધાએનો ભાગ છૂટો પડી (નીકળી) જાય, ત્યારે જ ભગવાન્ (કામને) પુત્ર તરીકે સ્વીકારે. એ પ્રમાણે જેને (નારદે) કહેલું છે તેવા શંબરનો વૃત્તાંત નીચેના શ્લોકમાં કહે છેઃ

**તં શમ્બરઃ કામરૂપી હૃત્વા તોકમનિર્દશમ્ ।।**
**સ વિદિત્વાત્મનઃ શત્રું પ્રાસ્યોદન્વત્યગાદ્ગૃહમ્ ।।૩।।**

ઈચ્છા પ્રમાણે રૂપ ધારણ કરનાર તે શંબર પોતાના શત્રુને ઓળખીને, દશ દિવસથી નાના તે બાલકને લઈ જઈને સમુદ્રમાં નાખીને (પોતાના) ઘેર ગયો. ૩.

ઈચ્છા પ્રમાણે રૂપ ધારણ કરનાર (શંબરે) સ્ત્રીના રૂપથી (અંતઃપુરની) અંદર પ્રવેશ કર્યો. 'કામરૂપમ્' ઈચ્છા પ્રમાણેનું રૂપ આ (શંબર)માં છે તેથી, સજાતીય સજાતીયને[1] લઈ જતો હોવાથી રક્ષણ કરનાર દેવોએ તે(કામ)નું રક્ષણ કર્યું નહિ. તેથી જ 'અનિર્દશમ્' દશ દિવસનો થયાં પહેલાં જ 'તોકં' બાલકને લઈ જઈને (તેણે સમુદ્રમાં નાખ્યો). 'ન નિર્ગતાનિ' થયાં નથી 'દશાહાનિ' દશ દિવસો 'યસ્ય' જેને, એમ (એ સમાસમાં) 'અહનઃ' 'દિવસ' શબ્દનો લોપ (થએલો છે). 'પોતાના શત્રુને ઓળખીને' શબ્દોથી લઈ જવાનું પ્રયોજન કહેલું છે. બીજાં વાક્યથી નારદ દ્વારા (ઓળખ્યો), એમ જાણવું. બાલકને હણવો ન જોઈએ એવા વિચારથી, (તેને) 'ઉદન્વતિ' સમુદ્રમાં નાખીને ઘેર ગયો. કાલ જેને ખાઈ જતો નથી તે બધાએથી આદર કરવા યોગ્ય થાય છે, તેથી (શંબરે) તે (બાલક)ને પ્રાકૃત માની સમુદ્રમાં નાખ્યો. સમુદ્ર પોતે જ તેનું ભક્ષણ કરશે એવા (વિચારથી), સમુદ્રમાં નાખ્યો. ૩.

પછી સમુદ્રે (શંબરે વિચારેલું તેથી) ઉલટું કરવા માટે (તેને) માછલા પાસે ગળાવી તે (શંબર)ના જ ઘેર મોકલ્યો એમ નીચેના (બે) શ્લોકથી કહે છેઃ

**તં નિર્જગાર બલવાન્મીનઃ સોડપ્યપરૈઃ સહ ।।**
**તતો જાલેન મહતા ગૃહીતો મત્સ્યજીવિભિઃ ।।૪।।**

તેને બલવાન માછલાંએ ગળ્યો. પછી માછીમારોએ તેને પણ બીજાં (માછલાં) સાથે મોટી જાળમાં પકડ્યો. ૪.

ચેતનવાળો બાલક ગળવામાં અડચણ કરે તેથી તે (ગળી શકાય તે) માટે

૧. 'સજાતીય' એટલે એકજાતના. કામદેવ અને શંબર બંને 'કામરૂપી' ઈચ્છા પ્રમાણે રૂપ ધારણ કરનારા હોવાથી સજાતીય હતા, અથવા શંબર કામરૂપ હોવાથી, કામનો સજાતીય હતો એવો ભાવાર્થ છે.

'બલવાન' વિશેષણ યોજેલું છે. તેને પણ બીજાં માછલાંઓ એટલે દુર્બલ માછલાંઓ સાથે તે (શંબર)ના સેવકોએ મોટી જાળમાં પકડ્યો. તે (મોટાં માછલાં)થી પણ જાળ મોટી અને મજબુત હતી. 'માછીમારોએ' શબ્દથી તેઓનો તે કુદરતી ઉદ્યમ (ધંધો) હતો, તેથી આ (કામ)માં તેમના વધારે પ્રયાસનું વર્ણન કરવાની જરુર નથી (એમ જણાવ્યું). ૪.

પછી નીચેના શ્લોકમાં એમ કહે છે કે શંબર માછીમારોનો અધિપતિ હતો તેને, જેમણે મોટાં માછલાં પ્રાપ્ત કરેલાં તે માછીમારોએ તે (મોટું) માછલું આપ્યુંઃ

**તં શમ્બરાય કૈવર્તા ઉપાજહ્રુરુપાયનમ્ ।।**
**સૂદા મહાનસં નીત્વાવદ્યન્સ્વધિતિનાદ્ભુતમ્ ।।૫।।**
**દૃષ્ટ્વા તદુદરે બાલં માયાવત્યૈ ન્યવેદયન્ ।।**

માછીમારોએ તે શંબરને ભેટ આપ્યું. રસોઈઆઓએ રસોડામાં લઈ જઈ પોતાની છરીથી (તેને) કાપ્યું. તેના ઉપરમાં અદ્ભુત બાલકને જોઈને માયાવતીને આપ્યું. ૫.

'ઉપાયનમ્' એટલે ઉત્તમ ભેટ. તે (શંબરે) પણ વિચાર કર્યા વિના જ 'સૂદેભ્યઃ' રસોઈઆઓને અથવા ખાટકીઓને (તે) આપ્યું. રસોઈઆઓએ વળી (તેને) રસોડાના સ્થાનમાં લઈ જઈ કાપ્યું. પછી તેના ઉદરમાં અદ્ભુત બાલકને જોઈને માયાવતીને આપ્યું, કારણ કે તે કામની સ્ત્રી રતિ હતી. પછી કામ બળી જતાં, જ્યારે તેની સ્ત્રીને શંબર લઈ જતો હતો ત્યારે તે (સ્ત્રી)ની અંદર માયાએ પ્રવેશ કર્યો, ત્યારથી તેનું નામ 'માયાવતી' પડ્યું; અને ક્ષણે ક્ષણે માયાથી મોહ પામેલા તે (શંબરે) રસોઈની અધ્યક્ષ તરીકે પસંદ કરી. પછી (રસોઈઆઓ બાલક કામને લાવ્યા ત્યારે) માયાવતીએ બાલકને જોયો. 'વળી આ કોઈક મને કપટથી લઈ જશે' એવા ભયથી (તેના) મનમાં શંકા થઈ. ૫.

પછી નારદે ફરી આવી તેને જણાવ્યું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**નારદોઽકથયત્સર્વં તસ્યાઃ શઙ્કિતચેતસઃ ।।**
**બાલસ્ય તત્ત્વમુત્પત્તિં મત્સ્યોદરનિવેશનમ્ ।।૬।।**

બાલકનું તે(કામ) હોવાપણું, ઉત્પત્તિ (અને) માછલાનાં ઉદરમાં પ્રવેશ (એ) સર્વ નારદે શંકાવાળા મનવાળીને તેને કહ્યું. ૬.

(૧) બાલકનું તે હોવાપણું એટલે કામ હોવાપણું (૨) શ્રીકૃષ્ણથી ઉત્પત્તિ (અને) (૩) નારદની પ્રેરણાને લીધે શંબર દ્વારા માછલાનાં ઉદરમાં પ્રવેશ (એ ત્રણ કહ્યાં). ત્યાં (માછલાંના ઉદરમાં)થી અહિં (માયાવતી પાસે રસોડામાં) આવવાનું તો

સ્પષ્ટ જ હતું, તેથી (અનુક્રમે) સાત્ત્વિક, રાજસ અને તામસ ત્રણ કહ્યાં. જો આ (કામ) માછલાંના ઉદરમાં રહ્યો ન હોત તો ભવિષ્યમાં કામને લીધે ભગવાનના સ્ત્રીઓ સાથેના વિવાહો અયોગ્ય થાત. ૬.

પછી તેણે ઓળખીને તેને રાખ્યો એમ કહેવા નીચેના શ્લોકમાં તે (માયાવતી)નું સ્વરૂપ કહે છેઃ

**સા ચ કામસ્ય વૈ પત્ની રતિર્નામ યશસ્વિની ।।**
**પત્યુર્નિર્દગ્ધદેહસ્ય દેહોત્પત્તિં પ્રતીક્ષતી ।।૭।।**

તે પણ 'રતિ' નામની કામની યશસ્વિની સ્ત્રી જ હતી (અને) બળી ગએલ દેહવાળા પતિના દેહની ઉત્પત્તિની રાહ જોતી હતી. ૭.

તે જેની આકાંક્ષા રાખતી હતી તે જ આ હતો. 'ચ' 'વળી' શબ્દ તો 'નારદે (તે) કહ્યું, અને માયાવતી પણ આકાંક્ષા રાખતી હતી' એમ એકત્ર અર્થ દર્શાવનારો છે. તે કામની જ સ્ત્રી હતી, પરંતુ કામને લીધે જેની તેની (બીજા કોઈની) થઈ ન હતી. 'રતિ' એવું તેનું નામ હતું. એમ તે પ્રસિદ્ધ થઈ હતી. આથી એમ કહેલું છે કે લોકમાં પણ તેની નિંદા થઈ ન હતી. જેમ કામ પુરુષોમાં રહેલો છે તેમ રતિ સ્ત્રીઓમાં રહેલી છે, એવી પ્રસિદ્ધિ છે. વળી તે યશસ્વિની હતી એટલે તેણે યશ પ્રાપ્ત કર્યો હતો. તેથી તેને યશનો સંબંધ હોવાથી તેની અપકીર્તિ થવાનો સંભવ ન હતો.

'પતિનું મરણ થતાં આવી (સ્ત્રી) વૈધવ્યના ધર્મો પાલન કરવા યોગ્ય હતી, તેણે બીજા રૂપમાં રહેલા પતિને કેમ સંઘર્યો ?' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ યોજેલ છે. તેનો પતિ મરણ પામેલ ન હતો. તેમ ન હોય (મરણ પામ્યો હોય) તો જગતની ઉત્પત્તિ જ ન થાય[૧]; પરંતુ તેનો દેહ જ[૨] બળી ગયો હતો, અને તે દેહની ઉત્પત્તિની જ તે રાહ જોતી હતી. ૭.

તે (માયાવતી)ને ત્યાં (શંબરના રસોડામાં) આવવાનું કારણ નીચેના શ્લોકમાં કહે છેઃ

---

૧. કામ મરી ગએલ હોય તો કામ નહિ હોવાથી કોઈની ઉત્પત્તિ જ થાય નહિ; કારણ કે કામને લીધે જ જગતની (જગતમાં સર્વની) ઉત્પત્તિ થાય છે. માત્ર તેના દેહને જ શંકરે બાળેલ હતો.

૨. 'જ' શબ્દનો સંબંધ 'દેહ' સાથે લેવો. 'દગ્ધ એવ' એટલે બળતો જ તેનો દેહ હતો, પરંતુ બળીને રાખ થઈ ગયો ન હતો, એમ બીજાથી તે(ના દેહ)નો ભેદ જાણવો, તેથી મરણ પામેલ ન હતો, એવો અર્થ છે. (લે) અહિં 'દગ્ધઃ' બળી ગએલો શબ્દ છે 'દહન્' બળતો શબ્દ નથી. તેથી આવો અર્થ લેવાનું યોગ્ય નથી. વળી દેહ બળતો જ હોય તો તેને જ ઠારવો યોગ્ય હતો, બીજા દેહની ઉત્પત્તિની રાહ જોવાનું કારણ પણ ન હતું.

**નિરૂપિતા શમ્બરેણ સા સૂપૌદનસાધને ।।**
**કામદેવં શિશું બુદ્‌ધ્વા ચક્રે સ્નેહં તદાર્ભકે ।।૮।।**

શંબરે તેને માંસરસવાળો ભાત રાંધવા રાખેલી. પછી બાલકને કામદેવ જાણી (તે) બાલક ઉપર તે પ્રેમ રાખવા લાગી. ૮.

માંસરસવાળો ભાત રાંધવા (તેને રાખેલી), કારણ કે તે માંસરસ રાંધનારા-ઓના કપટને જાણતી હતી. તેઓનું કપટ પ્રાણ હરનારું થતું હોવાથી, તેની (પોતાની) રક્ષા થાય તે માટે રસોઈના સ્થાનમાં તેને રાખી હતી. આથી ખાવાની તથા ખોરાકીની સામગ્રી તેને પ્રાપ્ત થઈ. લોકો તે (બાલક)ને તેનો પુત્ર જાણતા હતા, પરંતુ તે તેનું પુત્ર તરીકે પાલન કરતી ન હતી, પરંતુ તે (તેને) કામ જ જાણીને, અને તેમાં પણ 'દેવં' બાલક તરીકે આવેલો પતિ જ જાણીને, (તેના ઉપર) પ્રેમ રાખવા લાગી. ૮.

પછી માછલાનાં ઉદરના સંબંધને લીધે અને ભગવાનના સંબંધને લીધે થોડા જ સમયમાં, સાતમા જ વર્ષમાં, (તેનામાં) જૂવાની દેખાઈ એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**નાતિદીર્ઘેણ કાલેન સ કાર્ષ્ણી રૂઢયૌવનઃ ।।**
**જનયામાસ નારીણાં વીક્ષન્તીનાં ચ વિભ્રમમ્ ।।૯।।**

થોડા જ સમયમાં જૂવાનીમાં આવેલ શ્રીકૃષ્ણનો તે પુત્ર (પોતાને) જોનારી સ્ત્રીઓને મોહ ઉત્પન્ન કરવા લાગ્યો. ૯.

સોળમા વર્ષમાં જૂવાની આવે છે, કોઈને બારમા (વર્ષ)માં અને કોઈને આઠમા જ વર્ષમાં (જૂવાની આવે છે). આ (સાત વર્ષ જૂવાની માટે) થોડો સમય છે. (સાત વર્ષમાં જૂવાની આવી) કારણ કે શ્રીકૃષ્ણનો પુત્ર, એટલે પિતાનો પુત્ર હતો. 'રૂઢમ્' આવેલી છે. 'યૌવનં' જૂવાની જેને તેવો (તે થયો), ત્યારે (પોતાને) જોનારી (સ્ત્રી)ઓને મોહ ઉત્પન્ન કરવા લાગ્યો, જ્યારે સ્ત્રીઓના મનમાં મોહ (ઉત્પન્ન) થાય. ત્યારે જૂવાની પ્રસિદ્ધ થાય. તેમ (સ્ત્રીઓના મનમાં મોહ ઉત્પન્ન થતો) ન હોય તો જૂવાની અલૌકિક જ હોય, વધારે કહીને શું ? (તેને) જોનારી દેવની સ્ત્રીઓને પણ તે (મોહ) ઉત્પન્ન કરવા લાગ્યો. ૯.

**સા તં પતિં પદ્મદલાયતેક્ષણં પ્રલમ્બબાહું નરલોકસુન્દરમ્ ।।**
**સવ્રીડહાસોત્તભિતભ્રુવેક્ષતી પ્રીત્યોપતસ્થે રતિરઙ્ગ સૌરતૈઃ ।।૧૦।।**

હે અંગ ! તે રતિ કમલના પત્ર જેવાં વિશાળ નેત્રવાળા, ઘણા લાંબા બાહુવાળા, નરલોકમાં સુંદર તે પતિને પ્રેમથી લજ્જાયુક્ત હાસ્યને લીધે ઉંચી થએલી

ભ્રમરવાળી આંખથી જોતી, કામભાવથી સેવવા લાગી. ૧૦.

પછી તે પતિ હોવાથી, ઘણાં સમયથી ઇચ્છેલો હોવાથી અને જૂવાનીને માટે થએલા વિલંબને લીધે (તેને) જૂવાની પ્રાપ્ત થતાં, (રતિ) તેને સેવવા લાગી. ભવિષ્યમાં થવાનાં કાર્ય માટે આ કહેલું છે.

'કમલના પત્ર જેવા વિશાળ નેત્રવાળા' વિશેષણથી તે કામને જાગ્રત કરનાર હોવાથી અને કામરૂપ હોવાથી તેના સંગ વિના રહેવાની તે(રતિ)ની અશક્તિ કહેલી છે. 'ઘણાં લાંબા બાહુવાળા' વિશેષણથી (રતિના) સર્વ અંગોને સુખ થાય તે માટે તેને આલિંગન કરવાનું સામર્થ્ય કહેલું છે. 'નરલોકમાં સુંદર' વિશેષણથી તેનો સ્વભાવ પ્રકટ થાય તે માટે, 'તેવા (પતિ)ની અંદર મોહ યોગ્ય જ છે' એવું કારણ કહેલું છે. આરંભમાં લજ્જા નવીન સંગમ કરે છે, પછી રસ ઉત્પન્ન થતાં હાસ્ય થાય છે, (લજ્જા અને હાસ્ય) બંનેથી ઉંચી થએલી ભ્રમરથી સંગની ઇચ્છા, અને કટાક્ષથી જોવાથી પતિવ્રતાપણું સૂચવતી પ્રેમથી સેવવા લાગી. આ સેવન દેવતાના આરાધન જેવું કરતી ન હતી, પરંતુ 'સૌરતૈઃ' કામભાવથી કરતી હતી, કારણ કે આ રતિ હતી. ૧૦.

પછી પ્રદ્યુમ્નનો ભગવાનની માત્ર ક્રિયાશક્તિથી આવિર્ભાવ થએલો હોવાથી, ભગવાનથી તેનો ભેદ જણાય તે માટે તેનામાં જ્ઞાન ન હતું એમ નીચેના શ્લોકમાં જણાવવામાં આવે છે. તેમ ન હોય, જો પ્રદ્યુમ્નમાં જ્ઞાનશક્તિ પણ હોય, તો (ભગવાન્ અને તેનામાં) સમાનપણું જ થાયઃ

**તામાહ ભગવાન્ કાર્ષ્ણિર્માતસ્તે મતિરન્યથા ।।**
**માતૃભાવમતિક્રમ્ય વર્તસે કામિની યથા ।।૧૧।।**

તેને ભગવાન્ કાર્ષ્ણિએ કહ્યું કે 'હે માતા! તારી બુદ્ધિ બગડી છે. તું માતાપણાનો ત્યાગ કરીને સ્ત્રીની પેઠે વર્તન કરે છે'. ૧૧.

(તે) 'ભગવાન્' એટલે ધર્મમાં આસક્તિવાળો હતો, કારણ કે કાર્ષ્ણિ (શ્રીકૃષ્ણનો પુત્ર) હોઈ, મર્યાદા (સાચવવા) માટે અવતરેલ હતો. અથવા સદાનંદનો અંકુર પણ સદાનંદ જ હોય, તેથી (પોતે ભગવાન્ હોવાથી તેને રતિની) જરુર નહિ હોવાથી તેણે તેમ (આ શ્લોકમાં કહે છે તેમ) કહેલું છે. 'હે માતા !' એ સંબોધનથી તેનું અજ્ઞાન (જણાવેલું છે), કારણ કે વ્યવહારમાં તેમ હતું (તે માતા ગણાતી). આથી એમ કહેલું છે કે કામ કુદરતથી ધર્મનો વિરોધી છે. તેમ ન હોત તો 'માતા' શબ્દ બોલી, પછી તેની સાથે તે સંગ ન કરત. આ લૌકિકી ભાષા હોવાથી (આમાં) વાસ્તવિક વિરોધ નથી.

માતા પોતાનું અને બીજાનું માન સાચવે છે. અંગો ખુલ્લાં થાય ત્યારે માન રહેતું નથી. તેથી બધાએ પ્રાણીઓને માતા સંરક્ષણ કરવા યોગ્ય છે. તેથી 'માતાપણાનો ત્યાગ કરીને' એટલે છૂપા (માતાના) પ્રેમને દૂર કરીને, જેમ પ્રકટ કામવાળી સ્ત્રી વર્તન કરે તેમ 'તું વર્તન કરે છે' એમ (કહેલું છે). ૧૧.

તે સમયે 'આનું જ્ઞાન જતું રહેલું છે' એમ માની, અજ્ઞાનને લીધે કહેલું ન કહેલા (બરાબર) હોવાથી, નીચેના શ્લોકમાં તેને (સત્ય સ્થિતિ) જણાવે છેઃ

રતિ કહે છેઃ

**ભવાન્નારાયણસુતઃ શમ્બરેણ હૃતો ગૃહાત્ ।।**
**અહં તે દયિતા પત્ની રતિઃ કામો ભવાન્ પ્રભો ।।૧૨।।**

તમે શંબરે ઘરમાંથી હરેલા નારાયણના પુત્ર છો. હે પ્રભો ! હું તમારી વહાલી સ્ત્રી રતિ છું. તમે કામ છો. ૧૨.

કારણ કે તે (કામ) શંબરને પિતા અને તે(રતિ)ને માતા માનતો હતો. તે ખોટું છે એમ જણાવવા '(તમે) નારાયણના પુત્ર (છો)' એમ કહે છે. એક ખોટું કહેવાથી જ બીજું (ખોટું) ઠરતું હોવાથી, અને (પોતાનું) સ્વરૂપ આગળ (ઉત્તરાર્ધ–માં) કહેવાનું હોવાથી એમ કહેલું છે.

'નારાયણનો પુત્ર અહિં કેમ આવ્યો ?' એ વિષયની યોગ્યતા 'શંબરે ઘરમાંથી હરેલા' વિશેષણથી કહેલી છે.

'સાધારણ ધાવનું પણ માતાની પેઠે સંરક્ષણ કરવું જોઈએ' એવી શંકા થાય, તેથી 'હું તમારી વહાલી સ્ત્રી છું' એમ કહેલું છે. 'વહાલી' હોવાથી લોકના નિયમ પ્રમાણે ત્યાગ કરવા યોગ્ય નથી. 'સ્ત્રી' હોવાથી વેદના નિયમ પ્રમાણે (ત્યાગ કરવા યોગ્ય) નથી.

છતાં પણ લોકમાં મારી સ્ત્રી તરીકે તારી પ્રસિદ્ધિ નહિ હોવાથી એમ કેમ વર્તન થાય? એની શંકા થાય, તેથી 'હું રતિ છું' અને 'તમે કામ છો' એમ કહેલું છે. ૧૨.

'કામ અહિં શત્રુના ઘરમાં કેમ આવ્યો ?' એ જાણવાની ઇચ્છા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**એષ ત્વાઽનિર્દશં સિન્ધાવાક્ષિપચ્છમ્બરોઽસુરઃ ।।**
**મત્સ્યોઽગ્રસીત્તદુદરાદિહ પ્રાપ્તો ભવાન્ પ્રભો ।।૧૩।।**

હે પ્રભો ! દસ દિવસથી નાના તમને આ શંબર અસુરે દરીઆમાં નાખી દીધેલા. માછલું ગળી ગયું. તેના ઉદરમાંથી તમે અહિં નીકળ્યા. ૧૩.

(શંબર) અસુર હોવાથી તેણે તેમ કરેલ; કારણ કે માછલું પોતાની જાતનાને (પણ) હણનારું છે. 'તેના ઉદરમાંથી અહિં નીકળ્યા' એમ કહ્યું, તેથી તે (માછલું) પણ મરાયું એમ જણાવ્યું. ૧૩.

પરંતુ શંબર બાકી(જીવતો) રહ્યો. તેથી તેને હણો એમ કહે છેઃ

**તમિમં જહિ દુર્ધર્ષં દુર્જયં શત્રુમાત્મનઃ ।।**
**માયાશતવિદં ત્વં ચ માયાભિર્મોહનાદિભિઃ ।।૧૪।।**

તે હુમલો કરી ન શકાય તેવા, જીતી ન શકાય તેવા, સેંકડો માયા જાણનારા તમારા આ શત્રુને મોહ કરનારી વિગેરે માયાઓથી તમે જીતો. ૧૪.

'હુમલો કરી ન શકાય તેવા, જીતી ન શકાય તેવા, સેંકડો માયા જાણનારા શત્રુ' શબ્દોથી (પ્રદ્યુમ્ન) સાવધાન થાય તે માટે તે (શંબર)ના ગુણો કહેલા છે. (તે) 'હુમલો કરી ન શકાય તેવો' હોવાથી લૌકિક ઉપાયથી હણી શકાય તેવો ન હતો. આથી ઝેર દેવું વિગેરે પ્રકારો પણ (તેને હણવામાં) નકામા જણાવેવા છે. (તે) 'જીતી ન શકાય તેવો' હોવાથી ક્ષત્રિયના ધર્મ(યુદ્ધ)થી પણ હણી શકાય તેવો ન હતો. 'શત્રુ' હોવાથી અવગણના કરાય તેવો ન હતો. 'આત્મનઃ' 'તમારા' શબ્દથી એમ સૂચવેલું છે કે તે હણવાથી જ (શત્રુવટ દાખવતો) અટકશે, બીજા પ્રકારે અટકશે નહિ.

'ત્યારે અલૌકિક યુદ્ધથી તેણે હણવો જોઈએ' એવો વિચાર 'સેંકડો માયા જાણનારા'થી ખોટો ઠરાવે છે.

'ત્યારે હણી ન શકાય તેવાને કેમ હણવો ?' એવી શંકા થાય, તેથી 'મોહ કરનારી વિગેરે માયાઓથી' યુક્ત થઈ 'આ (શત્રુ)ને તમે હણો' શબ્દોથી (તેને હણવાનો) ઉપાય કહે છે. આરંભમાં તેને મોહ ઉત્પન્ન કરો, પછી સામી માયાઓથી તેની માયાઓને દૂર કરો, કારણ કે અસુરોની માયા ભગવાન્ હોવાથી, 'તેથી એ પ્રમાણે જાણનારે બધાએ પ્રકારોથી ઉપાસના કરવી' એ વાક્ય પ્રમાણે ઉપાસના (દેવોને અને અસુરોને) સમાન હોવાથી અને અનેક પ્રકારે ઉપાસના કરનારો ઉત્તમ હોવાથી, મોહ ઉત્પન્ન કરે તેવી વિગેરે માયાઓથી તેની માયાઓને દૂર કરવી એ યોગ્ય જ છે. ૧૪.

'જેમ (તે મારો શત્રુ છે એમ) હું જાણતો નથી, તેમ તે પણ જાણતો નથી. જાણ થાય ત્યારે જ અપકાર કરનારો થાય, તેથી તેને હણવો ન જોઈએ' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**પરિશોચતિ તે માતા કુરરીવ ગતપ્રજા ।।**
**પુત્રસ્નેહાકુલા દીના વિવત્સા ગૌરિવાતુરા ।।૧૫।।**

ગૂમ થએલી પ્રજાવાળી તમારી માતા પુત્ર ઉપરના પ્રેમથી વ્યાકુલ થઈ મરેલાં વાછરડાંવાળી ગાયની પેઠે દુઃખી થઈ, ટીટોડીની પેઠે શોક કરે છે. ૧૫.

કારણ કે માતા દયાને યોગ્ય છે, તેથી તેનું દુઃખ દૂર કરવા માટે (આને) હણવો જ જોઈએ એવો ભાવ છે. 'તમારી માતા' એમ માનથી કહે છે. તે (માતા)નું રુક્મિણી હોવાપણું અથવા વૈદર્ભી હોવાપણું શોકને દૂર કરનારું[1] હોવાથી તે કહેલ નથી. ટીટોડી વિવેક વિનાની હોય છે. તે રાત્રે શોક કરે છે. આ (દૃષ્ટાંત)થી (માતાને) ઉંઘ (આવતી) નથી એમ સૂચવેલું છે . 'ગૂમ થએલી પ્રજાવાળી' વિશેષણથી શોકનું કારણ કહેલું છે. 'ગતા' કોઈએ હરી લીધેલી છે 'પ્રજા' પ્રજા જેની તેવી (તે છે). (પ્રજાનો) નાશ થએલ હોય તો તે પાછી આવવાની શંકા રહેતી નહિ હોવાથી, તેવો (ઘણો) શોક થતો નથી. તે પ્રજા પણ પુત્રરૂપ હોવાથી, માત્ર અંદર (અંતઃકરણમાં) શોક ઉત્પન્ન કરે છે એટલું જ નહિ, પરંતુ આખા દેહ અને બધી ઇન્દ્રિયોને ક્રિયારહિત કરે છે એમ 'પુત્ર ઉપરના પ્રેમથી વ્યાકુલ' વિશેષણથી કહેલું છે. પુત્ર ઉપરનો પ્રેમ ઘણું જ વ્યાકુલપણું કરે છે એમ લોકમાં પ્રસિદ્ધ છે. વળી વિરોધને લીધે પિતાએ અને ભાઈઓ વિગેરેએ (તેને) તજેલી હતી. એ પ્રમાણે બંધુઓના વિરોધને લીધે માતાના પક્ષના કોઈ સાહાય્ય કરનારા ન હોય તેવી બાપડી(ના મન)નું પુત્રથી જ સમાધાન થાય. તેથી તે (તેના મનનું સમાધાન કરવા)માટે પણ જવું જોઈએ, એવો અર્થ છે.

વળી વિવાહ પછી મનનો સંતોષ નહિ હોવાથી, પુત્ર ઉત્પન્ન થાય ત્યારે પિતા વિગેરે ગણના કરે, તે (પુત્ર) પણ (ખોવાઈ) જાય ત્યારે ચિંતાને લીધે દુઃખી પણ થાય, એમ 'દુઃખી' વિશેષણથી કહેલું છે. 'દુઃખી' એટલે (મનના) તાપવાળી.

'વિવેકથી સર્વ (દુઃખ)નું સમાધાન થશે' એવી શંકા થાય, તેથી એ વિષયમાં 'ગાયની પેઠે' એવું દૃષ્ટાંત કહે છે. વાછરડાં વિનાની જેવી ગાય (તેવી તે છે), કારણ કે તેવી (ગાય)ની ક્યાંય મમતા હોતી નથી, બધીએ મમતા વાછરડામાં જ હોય છે. બીજાઓની મમતા તો (ઘણામાં) વહેંચાએલી હોય છે. તેથી સર્વ સ્થલે ગાયનું દૃષ્ટાંત આપવામાં આવે છે. આ (માતા)એ તો બધા સ્થલેથી મમતાને ખેંચી લઈ તમારામાં જ રાખેલી તેથી તે ગાય જેવી છે. ૧૫.

**પ્રભાષ્યૈવં દદૌ વિદ્યાં પ્રદ્યુમ્નાય મહાત્મને ।।**
**માયાવતીં મહામાયાં સર્વમાયાવિનાશિનીમ્ ।।૧૬।।**

૧. માતાને 'રુક્મિણી' કહેવામાં આવે તો રુક્મ (સુવર્ણ)ના સંબંધને લીધે તેની પાસે સર્વ સંપત્તિઓ હોવાથી, તેને તેવો શોક થવો સંભવે. જો તેને 'વૈદર્ભી' કહેવામાં  આવે તો તે ભક્તિને મુખ્ય માનનારી હોવાથી, તેને શોક થવાનું સંભવે નહિ તેથી સામાન્ય રીતે 'માતા' એમ જ કહ્યું, પરંતુ રુક્મિણી, અથવા વૈદર્ભી, એવું ખાસ (ગુણવાળું કાંઈ નામ) કહેલું નથી, એવો અર્થ છે.(લે)

એમ કહીને માયાવતીએ મહાત્મા પ્રદ્યુમ્નને સર્વ માયાઓનો નાશ કરનારી મહામાયા નામની વિદ્યા આપી. ૧૬.

એમ માત્ર કહેવાથી પ્રયોજન સિદ્ધ થાય નહિ, તેથી પરિણમતો વિષય પણ જાણવો[1] જોઈએ, તેથી એ પ્રમાણે કહીને (માયાવતીએ) વિદ્યા પણ આપી. સ્ત્રીએ આપેલી વિદ્યા[2] તરત જ ફલે છે. પ્રદ્યુમ્ન પણ નામથી જ પ્રસિદ્ધ હોવાથી વિદ્યા ગ્રહણ કરવા યોગ્ય જ હતો. 'મહાત્મા' વિશેષણથી એમ સૂચવેલું છે કે વિદ્યા ફલશે. તે વિદ્યા પોતાની (રતિની) અંદર આવેલી માયા જ હતી એમ જણાવવા 'માયાવતી' એવું (નામ) કહેલું છે.

'દૈત્યોની (માયા) જેવી સાધારણ માયા હશે' એવી શંકા થાય, તેથી તેવી ન હતી એમ જણાવવા 'મહામાયા' શબ્દ યોજેલ છે, કારણ કે ભગવાનના બધાએ અંશોને મોહ (ઉત્પન્ન) કરવા પ્રવૃત્ત થએલી આ[3] મહામાયા હતી.

'દૈત્યોની માયા ભગવાન જ થાય છે, તેથી આ મહામાયા કેમ હોઈ શકે ?' એવી શંકા થાય, તેથી 'સર્વ માયાઓનો નાશ કરનારી' વિશેષણ યોજેલું છે, કારણ કે તે (દૈત્યોની માયા)માં સ્વધા વિગેરેમાં[4] થાય છે તેમ (ભગવાનનો) થોડો જ પ્રકાશ થાય છે. બીજાઓને મોહ ઉત્પન્ન કરતા ભગવાન્ તેવા રૂપવાળા થઈ પાલન કરે છે, પરંતુ તેઓને મોક્ષ આપતા નથી. તેથી પીડા કરનારાઓમાં જેમ જીવનું ચૈતન્ય

---

૧. વૃંદાવન પ્રેસવાળી પ્રતમાં 'ન સિધ્યતીતિ' પછી 'ફલિતોઽર્થો જ્ઞાતવ્ય એવેતિ' શબ્દો વધારે છે, તેનો અહિં અર્થ કરેલો છે. 'જ્ઞાતવ્ય'ને બદલે 'દાતવ્ય' પાઠ વધારે યોગ્ય જણાય છે. તેથી પરિણમતો અર્થ 'સર્વ માયાઓનો નાશ કરનારી મહામાયા' પ્રદ્યુમ્નને આપવી જોઈએ, તેથી આ શ્લોક કહેલ છે એવો થાય છે.

૨. કારણ કે સ્ત્રી ઉત્તમ મિત્ર અને પોતાનું અર્ધ (અંગ) છે. તેથી તે વિદ્યા આપે કે તરત જ ફલે છે. તેથી સ્ત્રી બોધ આપે તે તરત જ હૃદયમાં ચોટે છે એમ લોકમાં પણ પ્રસિદ્ધ છે. (લે)

૩. અનેક પ્રકારે ઉપાસના કરનાર ઉત્તમ છે એમ કહેલું છે. તેવી ઉપાસનાથી પ્રાપ્ત થએલી આ માયા છે, એવા હેતુથી આમ કહેલ છે. ભગવાનના અંશોને એટલે માયારૂપ ભગવાનના બધા અંશોને (મોહ ઉત્પન્ન કરવા આ પ્રવૃત્ત થએલી છે) એવો અર્થ છે. (લે)

૪. જેમ 'સ્વધા' કહીને દ્રવ્ય આપે (અગ્નિમાં હોમે) ત્યારે ભગવાન્ પિતૃનું રૂપ ધારણ કરી (તે દ્રવ્ય આપનાર) પુત્રનું પાલન કરે છે, પરંતુ ભગવાન્ પ્રકટ થતા નથી, અને તેટલાં (કાર્ય)થી એ પુત્રને મોક્ષ આપતા નથી, અથવા દેહમાં આત્મા હોવાથી તેની બુદ્ધિનો નાશ કરતા નથી, તે પ્રમાણે 'ફટ્' 'જહિ' શબ્દો કહી (ભગવાનની) ઉપાસના કરવામાં આવે ત્યારે ભગવાન્ બીજાને મોહ ઉત્પન્ન કરવા માયારૂપ થઈ, એ પ્રમાણે ઉપાસના કરનાર ભક્ત (અસુર)નું પાલન કરે છે, પરંતુ બીજી માયાનો નાશ કરતા નથી, કારણ કે તેટલા કાર્ય માટે જ તે પ્રકટ થએલા હોય છે, એવો અર્થ છે. (લે)

તિરોહિત રહે છે તેમ તે[5] પણ તિરોહિત રહે છે. તેથી (આ માયા) સર્વ માયાનો નાશ કરનારી છે. ૧૬.

પછી 'વિદ્યા મેળવેલો, ક્લેશ વિના કર્મ કરનાર હું (તેને) જાણ કરાવીને જ હણીશ' એવા વિચારથી, વિદ્યાનું ઘણું બલ જણાવવા તેણે (શંબરને) પડકાર કર્યો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સ ચ શમ્બરમભ્યેત્ય સંયુગાય સમાહ્વયત્ ।।**
**અવિષહ્યૈસ્તમાક્ષેપૈઃ ક્ષિપન્ સંજનયન્ કલિમ્ ।।૧૭।।**

અને તેણે શંબર પાસે જઈ, સહન ન થાય તેવી ગાળોથી તેનો તિરસ્કાર કરી કજીઓ ઉત્પન્ન કરતાં યુદ્ધ માટે (તેને) પડકાર્યો. ૧૭.

'ચ' 'અને' શબ્દથી તે(પ્રદ્યુમ્ન)ની અંદર પ્રવેશેલા ભગવાન્ (કહેલા છે), અથવા પહેલાંની ક્રિયા (વિદ્યા પ્રાપ્ત કરી તે) તેનામાં ભળી એમ કહેલું છે. તેમ થતાં (ક્રિયા ભળતાં) એવું પરિણામ થાય છે કે તેને હણવા માટે જ વિદ્યા ગ્રહણ કરી. 'અભ્યેત્ય' 'પાસે જઈ' શબ્દથી (તેને) ભય ન હતો એમ જણાવેલું છે. 'યુદ્ધ માટે પડકાર્યો' શબ્દોથી (એમ કહ્યું છે કે પ્રદ્યુમ્ને) છલથી પ્રવૃત્તિ કરી ન હતી.

બાલકનું વાક્ય છે એમ માની (શંબર યુદ્ધ કરવા) પ્રવૃત્ત થાય નહિ, તેથી 'સહન ન થઈ શકે તેવી (ગાળો)થી' (તેનો) તિરસ્કાર પણ કર્યો એમ (કહેલું છે). 'તં' 'તેનો' એટલે પ્રસિદ્ધ (શંબર)નો (તિરસ્કાર કર્યો એમ કહ્યું), કારણ કે પ્રસિદ્ધ (પુરુષ) થોડો પણ તિરસ્કાર સહન કરતો નથી. તેમાં પણ બીજાએ કરેલો (તિરસ્કાર) કહી જણાવતો નથી, પરંતુ પોતે જ તિરસ્કાર કરે છે. સ્નેહને લીધે પુત્ર વિગેરે પણ કોઈ વાર એમ કરે છે, તેથી (આ તિરસ્કાર) તેવો ન હતો એમ જણાવવા 'કજીઓ ઉત્પન્ન કરતાં' શબ્દો યોજેલ છે. કજીઓ ઉત્પન્ન કરતાં (તિરસ્કાર કર્યો),

૫. જેમ જીવમાં રહેલું ભગવાનના અંશરૂપ ચૈતન્ય પીડા કરનાર દૈત્યોમાં હોવા છતાં તિરોહિત રહે છે, અને તેમનાં જીવન સિવાય કર્મ, જ્ઞાન વિગેરેની તેમને પ્રાપ્તિ કરાવતું નથી, તેથી બીજા જીવો પેઠે તેઓ પણ જીવો હોવા છતાં તેઓને અધર્મમાં જ રુચિ થાય છે. (અને) દૈવી જીવોમાં તો ભગવાનનો અંશ પ્રકટ હોવાથી તેઓનાં સર્વ કાર્યો સિદ્ધ થાય છે. તે પ્રમાણે શંબરની માયામાં ભગવત્પણું હોવા છતાં તે તિરોહિત હોવાથી તેનાં પાલન સિવાયનું બીજી માયાઓનો નાશ કરવાનું વિગેરે કાર્ય તે કરતું ન હતું. તેથી પ્રદ્યુમ્નના જેવી શંબરની માયા હોવા છતાં, શંબરની માયા માત્ર તેનું પાલન કરતી. પ્રદ્યુમ્નની માયામાં તો ભગવત્પણું પ્રકટ હોવાથી તેનાં સર્વ કાર્ય સિદ્ધ થયાં. તેથી તેનો જય થશે. પ્રદ્યુમ્નમાં એવું ભગવત્પણું પ્રકટ થવાનું કારણ અનેક પ્રકારે ઉપાસના કરનાર હોવાપણું છે એમ પહેલાં કહેલું છે. શંબરની માયા માત્ર તેનું પાલન કરતી હોવા છતાં, પ્રદ્યુમ્નની માયાથી તે માયાનો જ નાશ થવાથી શંબરનું પાલન પણ થયું નહિ, એવો ભાવ છે. (લે)

એટલે 'હું પ્રદ્યુમ્ન કામ છું તું (મારો) શત્રુ છે, હું તને હણીશ' વિગેરે વાક્યો કહ્યાં એવો અર્થ છે. ૧૭.

પછી (શંબર) યુદ્ધ કરવા તૈયાર થયો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સોઽધિક્ષિપ્તો દુર્વચોભિઃ પાદાહત ઈવોરગઃ ॥**
**નિશ્ચક્રામ ગદાપાણિરમર્ષાત્તામ્રલોચનઃ ॥૧૮॥**

પગથી ચગદાએલા સાપની પેઠે દુષ્ટ વચનોથી તિરસ્કારેલો તે ક્રોધને લીધે લાલ નેત્રવાળો થઈ હાથમાં ગદા લઈ બહાર નીકળ્યો. ૧૮.

જેમ પ્રદ્યુમ્ન માટે તેનામાં સ્નેહ[1] હતો, તેમ દ્વેષ પણ થયો. તેથી યુદ્ધ માટે તેણે કેમ પ્રવૃત્તિ કરી? એવી શંકા થાય, તેથી 'દુષ્ટ વચનોથી' શબ્દથી તિરસ્કાર ખરાબ (કરેલો એમ) કહેલ છે. દુષ્ટ વચનોથી તિરસ્કારેલો પિતા પણ પુત્રને હણે છે, તેથી પુત્રપણું બનાવટી થએલ હોય ત્યારે યુદ્ધ માટે કેમ પ્રવૃત્તિ ન કરે ? એવો અર્થ છે.

'આ (પ્રદ્યુમ્ન) (મારું) મૃત્યુ એવા ખાસ પ્રકારથી આવેલ છે' એવા ભયથી (શંબર યુદ્ધ કરતાં) કેમ અટક્યો નહિ ?' એવી શંકા થાય, તેથી 'પગથી ચગદાએલા સાપની પેઠે' એવું દષ્ટાંત આપેલું છે, કારણ કે ઘણા રોષવાળો સર્પ મરણ પણ પામે છે પરંતુ (યુદ્ધથી) અટકતો નથી; કેમ કે તેને સાચવવા યોગ્ય ક્રોધ જ છે, પરંતુ બીજાઓ (સાચવવા યોગ્ય) નથી. પછી 'એકની સાથે એકલાએ જ યુદ્ધ કરવું જોઈએ' એવા વિચારથી હાથમાં ગદા લઈને જ બહાર નીકળ્યો, પરંતુ કવચ પણ પહેર્યું નહિ, તેમ જ કોઈ સાહાય્ય કરનાર પણ સાથે રાખ્યો નહિ તે પ્રમાણે (બહાર) નીકળવાનું કારણ 'ક્રોધને લીધે લાલ નેત્રવાળો' વિશેષણથી કહેલું છે. ક્રોધને લીધે (તેને આ મારું મૃત્યુ છે એવું) કાંઈ જાણવામાં આવ્યું નહિ. નેત્ર પણ લાલ હોવાથી, (પ્રદ્યુમ્નને) જોઈને પણ ખબર પડી નહિ. ૧૮.

પછી આરંભમાં જ (શંકરે) પોતે (પ્રદ્યુમ્નને) હણવા માટે પ્રવૃત્તિ કરી. એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ગદામાવિધ્ય તરસા પ્રદ્યુમ્નાય મહાત્મને ॥**
**પ્રક્ષિપ્ય વ્યનદન્નાદં વજ્રનિર્ઘોષનિષ્ઠુરમ્ ॥૧૯॥**

ગદા ફેરવીને ઝડપથી મહાત્મા પ્રદ્યુમ્ન ઉપર ફેંકીને તેણે વજ્રના કડાકાથી

૧. (પ્રદ્યુમ્ન તેનો પુત્ર લોકમાં ગણાતો હોવાથી જેમ સ્નેહ હતો, તેમ દ્વેષ પણ થયો), એટલે સ્નેહ હતો તેટલો દ્વેષ થયો, પણ તેથી વધારે દ્વેષ થયો નહિ. તેથી (સ્નેહ અને દ્વેષ) બંને સરખા હોવાથી, સ્નેહને દાબી દઈ દ્વેષનું કાર્ય (યુદ્ધ માટે પ્રવૃત્તિ) કેમ થયું ? એવો અર્થ છે. (લે)

ભયંકર ગર્જના કરી. ૧૯.

ક્રોધને લીધે મોટી ગદાને પણ તોળી રાખીને અથવા ફેરવીને, ઝડપથી એટલે (પ્રદ્યુમ્ન) સાવધાન થાય નહિ તે પહેલાં (તેણે પ્રદ્યુમ્ન ઉપર ફેંકી). આથી એમ સૂચવેલું છે કે (આ) અપરાધને લીધે પણ તેનો પરાજય થશે. 'મહાત્મા' વિશેષણથી તે (પ્રદ્યુમ્નને) પલાયન કર્યું નહિ એમ સૂચવેલ છે. (ગદાના) માત્ર ફેંકવાથી જ (પ્રદ્યુમ્નને) હણેલ છે એમ માની તેણે ગર્જના કરી. મૂર્છા પામેલો તે ગર્જનાથી સંપૂર્ણ રીતે મરણ પામે એમ જણાવવા, 'વજ્રના કડાકાથી ભયંકર' એવું તેનું વિશેષણ કહેલું છે. 'વજ્રસ્ય' વજ્રનો 'નિતરાં ઘોષઃ' પડવા સમયનો મોટો કડાકો, તેનાથી પણ 'નિષ્ઠુરમ્' ભયંકર, એવો (એ વિશેષણનો અર્થ છે). ૧૯.

આવો (શંબરનો) ઉદ્યમ પણ પ્રદ્યમ્નના પરાક્રમને લીધે વ્યર્થ ગયો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તામાપતન્તીં ભગવાન્ પ્રદ્યુમ્નો ગદયા ગદામ્ ।।**
**અપાસ્ય શત્રવે ક્રુદ્ધઃ પ્રાહિણોત્ સ્વગદાં નદન્ ।।૨૦।।**

ભગવાન્ પ્રદ્યુમ્ને તે દોડી આવતી ગદાને ગદાથી ભાંગી નાખી, ક્રોધ કરી ગર્જના કરતાં પોતાની ગદા શત્રુ ઉપર ફેંકી. ૨૦.

પોતાની ગદાથી (પોતા તરફ) આવતી તે ગદાને 'અપાસ્ય' દૂરથી જ ભાંગી નાખી, પછી ક્રોધ કરી, 'શત્રુને હણવો જ જોઈએ' એવા, અથવા 'ન હણવામાં આવે તો તે હણશે' એવા વિચારથી, તેની પેઠે પોતે પર ગર્જના કરતાં પોતાની ગદા ફેંકી. 'ભગવાન્' શબ્દથી આ (એમ કરવાનું) સામર્થ્ય હોવાનું કારણ કહેલું છે. (આ) ભગવાનનું કાર્ય હોવાથી, અથવા ભગવાનના આવેશવાળો (પ્રદ્યુમ્ન) હોવાથી, (તેને માટે) 'ભગવાન્' શબ્દ યોજેલ છે. ૨૦.

પછી લૌકિક (ઉપાય)થી જય થશે નહિ એમ વિચારી, 'ભગવદ્રૂપ માયાથી હું યુદ્ધ કરીશ' એવા વિચારથી તે (યુદ્ધ કરવા) લાગ્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સ ચ માયાં સમાશ્રિત્ય દૈતેયીં મયદર્શિતામ્ ।।**
**મુમુચેઽસ્ત્રમયં વર્ષં કાર્ષ્ણૌ વૈહાયસોઽસુરઃ ।।૨૧।।**

અને તે અસુર મયે દેખાડેલી દૈત્યોની માયાનો સારી રીતે આશ્રય કરીને આકાશમાં રહી શ્રીકૃષ્ણના પુત્ર ઉપર અસ્ત્રોનો વરસાદ કરવા લાગ્યો. ૨૧.

'દૈત્યોની' વિશેષણથી ભગવત્પણું[1] કહેલું છે. 'સારી રીતે આશ્રય' એટલે મનપૂર્વક ભક્તિથી (આશ્રય). સિદ્ધ પાસેથી (ગ્રહણ કરેલો) ઉપદેશ સફલ થાય છે

૧. 'માયાનું' શબ્દ અહિં અધ્યાહાર છે. (લે)

એમ જણાવવા 'મયે દેખાડેલી' શબ્દ યોજેલ છે. પછી અદૃશ્ય રહી 'અસ્ત્રમયં' (વર્ષં) આગ્નેય વિગેરે અસ્ત્રોનો જથ્થો શ્રીકૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્ન ઉપર (નાખવા લાગ્યો અને) પોતે 'વિહાયસિ' આકાશમાં જ 'સ્થિતઃ' રહ્યો, એટલે આકાશમાં રહી (અસ્ત્રોનો વરસાદ કરવા લાગ્યો). અસુરોની અંતરિક્ષમાં પણ ગતિ છે એમ જણાવવા તેમ (આકાશમાં રહેલો) કહેલ છે. ૨૧.

પછી માયા ભગવદ્રૂપ હોવાથી (પ્રદ્યુમ્નને) કાંઈક પીડા થઈ, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**બાધ્યમાનોઽસ્ત્રવર્ષેણ રૌક્મિણેયો મહારથઃ ।।**
**સત્ત્વાત્મિકાં મહાવિદ્યાં સર્વમાયોપમર્દિનીમ્ ।।૨૨।।**

અસ્ત્રોના વરસાદથી પીડાતા રુક્મિણીના પુત્ર મહારથીએ સર્વ માયાઓનો નાશ કરનારી સત્ત્વ (ગુણ)રૂપ મહાવિદ્યાનો (આશ્રય કરી, અસ્ત્રોનો વરસાદ વરસાવ્યો). ૨૨.

હલકાઈ જણાવવા 'રુક્મિણીના પુત્ર' એમ કહેલ છે, કારણ કે શ્રીકૃષ્ણના પુત્રને પીડા (થવાનું) સંભવતું નથી. છતાં પણ 'મહારથી' એટલે ક્ષત્રિય જાતિનો હોવાથી પ્રાપ્ત કરેલ શક્તિવાળાએ સાક્ષાત્[૧] તેણે (માયાવતીએ) ઉપદેશ કરેલી સત્ત્વરૂપ સામી વિદ્યારૂપ (માયા)નો આશ્રય કરીને, પોતે પણ અસ્ત્રોનો વરસાદ વરસાવ્યો, એવો (ગયા શ્લોક સાથે) સંબંધ છે. ૨૨.

પછી તે(શંબરે) પણ ઘણી માયાઓ દેખાડી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તતો ગૌહ્યકગાન્ધર્વપૈશાચોરગરાક્ષસીઃ ।।**
**પ્રાયુઙ્ક્ત શતશો દૈત્યઃ કાર્ષ્ણિર્વ્યધમયત્સ તાઃ ।।૨૩।।**

પછી દૈત્યે ગુહ્યકોની, ગંધર્વોની, પિશાચોની, સર્પોની અને રાક્ષસોની (માયાઓ)નો સેંકડો પ્રકારે પ્રયોગ કર્યા. તે શ્રીકૃષ્ણના પુત્રે તે (માયાઓ)નો નાશ કર્યો. ૨૩.

આ (ગુહ્યકોની વિગેરે) પાંચ ('અંગમાયાઃ') પેટા-માયાઓ છે, કારણ કે તેણે અંગ સહિત ભગવાનની સેવા કરેલી એમ જણાય છે. ગંધર્વો પણ દૈત્યોનો પક્ષ લેનારા છે. તેઓના પેટા-ભેદો છે, એમ 'સેંકડો પ્રકારે' શબ્દથી કહેલું છે. 'તે' એટલે

---

૧. માયાનો (માયાવતીએ) ઉપદેશ કર્યો ત્યાં (સોળમા શ્લોકમાં) 'સર્વમાયાનો નાશ કરનારી' એમ કહેલું છે. અહિં પણ તે જ વિશેષણ જણાવેલું હોવાથી, આ તે જ માયા છે એમ જણાવવા આમ કહેલું છે. ઉપદેશ કરનાર માયાવતી હોવાથી અને તેણે સાક્ષાત્ (પોતે જ) ઉપદેશ કરેલો હોવાથી, માયા સાક્ષાત્ જ (પ્રદ્યુમ્નને) પ્રાપ્ત થઈ, પણ તેને મંત્ર વિગેરેની જરુર રહી નહિ એવો ભાવ છે. (લે)

પહેલાં જેણે માયા પ્રાપ્ત કરેલી છે તે 'શ્રીકૃષ્ણના પુત્રે તેમનો નાશ કર્યો' એમ બધીએ (માયાઓ)નો તરત જ નાશ કર્યો એમ કહેલું છે. ૨૩.

પછી (શંબરના) બંને પુરુષાતનનો નાશ થતાં, (પ્રદ્યુમ્ને) તેને મારી નાખ્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**નિશાતમસિમુદ્યસ્ય સકિરીટં સકુણ્ડલમ્ ।।**
**શમ્બરસ્ય શિરઃ કાયાત્તામ્રશ્મશ્રોજસાહરત્ ।।૨૪।।**

ધારદાર તલવાર ઉંચી કરીને શંબરનું મુગટવાળું, કુંડલોવાળું અને લાલ દાઢીવાળું માથું બલથી કાપી લીધું. ૨૪.

જેમ બાજ દેખાતાં પક્ષીઓ લીન (કાંતિ વિનાના) થાય છે તેમ તે (પ્રદ્યુમ્ન) દેખાતાં શંબર લીન થયો, એટલે કાંતિ વિનાના થએલા તેના ઉપર પોતાની ઈચ્છા પ્રમાણે તલવાર ઉંચી કરીને મુગટ અને કુંડલોવાળું, એટલે ઉપર અને બંને બાજુએ શોભાવાળું અને નીચે પણ લાલ દાઢીવાળું ભયંકર (તેનું માથું પ્રદ્યુમ્ન) બલથી 'અહરત્' કાપી લઈ ગયા, એવો અર્થ છે. ૨૪.

આ કર્મ નિંદાપાત્ર ન હતું એમ જણાવવા દેવોએ (પ્રદ્યુમ્નને) માન આપ્યું એમ પચીસમા શ્લોકમાં કહે છેઃ

**આકીર્યમાણો દિવિજૈઃ સ્તુવદ્ભિઃ કુસુમોત્કરૈઃ ।।**
**ભાર્યયામ્બરચારિણ્યા પુરં નીતો વિહાયસા ।।૨૫।।**
**અન્તઃપુરવરં રાજન્ લલાનાશતસંકુલમ્ ।।**
**વિવેશ પત્ન્યા ગગનાદ્વિદ્યુતેવ બલાહકઃ ।।૨૬।।**

હે રાજન્! સ્તુતિ કરતા દેવો વડે પુષ્પોના ઢગલાથી વૃષ્ટિ કરાતા, આકાશમાં ફરનારી પત્નીથી આકાશમાર્ગે પુરમાં આણેલા (પ્રદ્યુમ્ને) આકાશમાંથી જેમ વીજળી સાથે મેઘ પ્રવેશ કરે તેમ પત્ની સાથે સેંકડો સ્ત્રીઓથી ભરપૂર ઉત્તમ અંતઃપુરમાં પ્રવેશ કર્યો. ૨૫-૨૬.

'આકીરણં' એટલે સર્વ તરફ વૃષ્ટિ. કાયાથી થતી, અને વાણીથી થતી (સ્તુતિ) કહી, મનથી થતી (સ્તુતિ) અર્થથી કહી. તેથી સર્વ પ્રકારે દેવોએ (આપેલું) માન જણાવ્યું. પછી આકાશમાં ફરનારી માયાવતી 'વિહાયસા' આકાશમાર્ગે પ્રદ્યુમ્નને દ્વારકા એવા હેતુથી લઈ ગઈ કે, પહેલાં ભગવાનના ઘરમાં પુત્રપણું પ્રસિદ્ધ થાય (અને) પછી બીજે સ્થલોએ પુત્રપણું જાણવામાં આવે. 'પુર' શબ્દથી અંતઃપુર કહેલું છે. પ્રદ્યુમ્નને ઓળખાવવા માટે શ્રીકૃષ્ણના અંતઃપુરમાં લઈ ગઈ. ૨૫.

અંતઃપુરોમાં (તે) ઉત્તમ હતું. સેંકડો સ્ત્રીઓથી ભરપૂર હતું. '(જેમ)

વિજળી સાથે મેઘ' શબ્દોથી શોભા (વર્ણવી) અને દોષ ન હતો એમ કહ્યું. આકાશમાર્ગથી (અંતઃપુરમાં) પ્રવેશ થતાં, (માણસોને તે પ્રવેશ કરે છે એવો) વિચાર પણ થયો નહિ. આધિદૈવિકો તો (પ્રદ્યુમ્ન ભગવાનના પુત્ર છે એમ) જાણે છે, તેથી તેઓએ (પ્રવેશ કરવામાં) વિરોધ કર્યો નહિ. 'પત્ની સાથે પ્રવેશ કર્યો' તેથી (પ્રવેશ કરવામાં) લૌકિક દોષ પણ ન હતો. ૨૬.

પછી નીચેના શ્લોકથી આરંભી આઠ (શ્લોકો)થી અંતઃપુરમાં પ્રવેશ કરેલા (પ્રદ્યુમ્ન)ના સંબંધમાં (કરેલા) વિચાર કહે છે. ત્રણ (શ્લોકો)થી બધી (સ્ત્રીઓ)ના વિચાર, અને પાંચ (શ્લોકો)થી રુક્મિણીના વિચાર કહે છેઃ

**તં દૃષ્ટ્વા જલદશ્યામં પીતકૌશેયવાસસમ્ ।।**
**પ્રલમ્બબાહું તામ્રાક્ષં સુસ્મિતં રુચિરાનનમ્ ।।૨૭।।**
**અલંકૃતમુખામ્ભોજં નીલવક્રાલકાદિભિઃ ।।**
**કૃષ્ણં મત્વા સ્ત્રિયો હ્રીતા નિલિલ્યુસ્તત્ર તત્રહ ।।૨૮।।**
**અવધાર્ય શનૈરીષદ્વૈલક્ષણ્યેન યોષિતઃ ।।**
**ઉપજગ્મુઃ પ્રમુદિતાઃ સસ્રીરત્નં શુચિસ્મિતાઃ ।।૩૯।।**

તેને મેઘના જેવો શ્યામ, પીળાં રેશમી વસ્ત્રોવાળો, લાંબા બાહુઓવાળો, લાલ નેત્રવાળો, સુંદર સ્મિતવાળો, સુંદર મુખવાળો, કાળા વાંકા વાળ વિગેરેથી શોભતા મુખકમલવાળો જોઈને, શ્રીકૃષ્ણ માનીને સ્ત્રીઓ લજ્જા પામીને જ્યાં ત્યાં સંતાઈ ગઈ. ધીરે ધીરે થોડા ભેદથી (આ શ્રીકૃષ્ણ નથી એવો) નિશ્ચય કરીને આનંદ પામેલી પવિત્ર હાસ્યવાળી સ્ત્રીઓ ઉત્તમ પત્નીવાળા(તે)ની પાસે આવી. ૨૭-૨૮-૨૯.

સાધારણ (સ્ત્રીઓ)ના વિચારના સંબંધમાં પ્રયોજન કહેવા માટે આરંભમાં (તેમને થએલ) મોહ કહે છે.

અંતઃપુરમાં જેટલા માણસો, ખાસ કરીને સ્ત્રીઓ હતી તેઓ પ્રદ્યુમ્નને ભગવાનના જેવો જોઈને, શ્રીકૃષ્ણ માનીને, આરંભમાં 'હ્રીતાઃ' લજ્જા પામી, (અને) શ્રીકૃષ્ણની સ્ત્રીઓ સંતાઈ ગઈ, કારણ કે તેઓ પોતાની ઈચ્છા પ્રમાણે ક્રીડા કરતી હતી, તેથી 'ભગવાન્ અમને જોઈ ગયા' એવા વિચારથી (તેમને) લજ્જા થઈ.

(પ્રદ્યુમ્ન) ભગવાનની સમાન હતો એમ કહેવા 'મેઘના જેવો શ્યામ' વિગેરે વિશેષણો કહે છે, કારણ કે ભગવાન્ પોતે છ ગુણો સહિત (સાત થયા) છે, (અને) આ (પ્રદ્યુમ્ન) પણ સાત પ્રકારે (તેમની) સમાન છે. શ્રીવત્સ અને કૌસ્તુભ વિના બીજા (ગુણો)ને જણાવનારું વર્ણન છે. (૧) 'મેઘના જેવો શ્યામ' વિશેષણથી રૂપનું

સમાનપણું (જણાવેલું છે). (પ્રદ્યુમ્ન ભગવાનનો) પુત્ર હોવાથી જ આકૃતિ તો સમાન હતી. (૨) 'પીળાં રેશમી વસ્ત્રવાળો' વિશેષણથી વસ્ત્રોનું સમાનપણું (જણાવેલું છે). (૩) 'લાંબા બાહુઓવાળો' વિશેષણથી સ્ત્રીઓએ સારી રીતે જાણેલા અવયવનું સમાનપણું (કહ્યું) (૪) 'લાલ નેત્રવાળો' વિશેષણથી (એમ કહેલું છે કે સ્ત્રીઓની પોતાની ઈચ્છા પ્રમાણે ક્રીડારૂપ) અયોગ્યતાને લીધે, ક્રોધવાળા હોય તેવા (તે) જણાયા. આ ભેદ આગળ કહેશે. (૫) 'સુંદર સ્મિતવાળો' વિશેષણથી તેઓનો વિચારેલો ગુણ (કહેલો છે). (૬) 'સુંદર મુખવાળો' વિશેષણથી સર્વથી ઉંચા પ્રકારની શોભા (કહેલી છે). (૭) 'કાળા વાંકા વાળ વિગેરેથી શોભતું છે મુખકમલ જેમનું' વિશેષણમાં 'વિગેરે' શબ્દથી કુંડલ, મુગટ વિગેરે (જણાવેલાં છે). વધારે (લખવા)થી શું ? (આ વિગેરે શબ્દથી) ભગવાનની બધીએ સામગ્રી જાણવી; કારણ કે બધામાં ભેદ ઉત્પન્ન કરનારું મુખ છે, તે જ સમાન થયું, તેથી ભ્રમ (થાય એ) યોગ્ય છે. સંતાઈ રહીને દર્શન (કરવાનું) સંભવે છે, તેથી 'જ્યાં ત્યાં સંતાઈ ગઈ' એમ કહેલું છે. પછી જાણવાની ઈચ્છા થતાં અને શ્રીવત્સ વિગેરે ભગવાનમાં કાંઈક અધિક (ગુણ) છે એમ જોઈને, થોડા ભેદને લીધે 'આ સાક્ષાત્ ભગવાન્ નથી' એવો નિશ્ચય કરીને, 'તેમની સમાનતાને લીધે તેમનો (પુત્ર) છે' એવો નિશ્ચય કરીને, આ પુત્ર જ હોવો જોઈએ એવા વિચારથી આનંદ પામીને, ઉત્તમ સ્ત્રી સાથે તેને જોવાને બધીએ સ્ત્રીઓ આવી. '' 'શુચિ' પવિત્ર 'સ્મિતં' હાસ્ય છે જેમનું'' એ વિશેષણથી (એમ કહેલું છે કે) તેઓમાં બીજો (શૃંગારનો) ભાવ ન હતો. ૨૭-૨૮-૨૯.

ત્યાં રુક્મિણી પણ આવેલી. પહેલાં જે ગુણો વર્ણવ્યા તે તે (સ્ત્રી)ઓમાં અને તે (રુક્મિણી)માં સમાન હતા. (રુક્મિણીના) ખાસ (ગુણ) કહેવા માટે નીચેના શ્લોકમાં જૂદી રીતનો આરંભ કરે છેઃ

**અથ તત્રાસિતાપાઙ્ગી વૈદર્ભી વલ્ગુભાષિણી ।।**
**અસ્મરત્સ્વસુતં નષ્ટં સ્નેહસ્નુતપયોધરા ।।૩૦।।**

પછી ત્યાં શ્યામ કટાક્ષવાળી મધુર બોલનારી વૈદર્ભીએ ગૂમ થએલા પોતાના પુત્રનું સ્મરણ કર્યું (અને) સ્નેહને લીધે (તેનાં) સ્તનો ઝરવા લાગ્યા. ૩૦.

(પ્રદ્યુમ્ન) ભગવાનનો પુત્ર છે એમ અનુમાનથી સિદ્ધ થયું. 'આ અમારો પુત્ર નથી' એવો તે (ભગવાનની બીજી સ્ત્રી)ઓનો તો નિશ્ચય હતો. આ (રુક્મિણી)ને તો સંદેહ હતો, તેથી જૂદી રીત ('અથ' શબ્દથી) કહેલી છે.

'પુત્ર (છે એવો) નિશ્ચય થયા પછી, મારો અથવા બીજી (પત્ની)નો (પુત્ર છે) એવો વિચાર અયોગ્ય છે' એવી શંકા થાય, તેથી (આ શ્લોકમાં) એમ કહેલું છે કે

ભગવાનનો પુત્ર છે એમ નિશ્ચય કરવા માટે, આરંભમાં એક સાથે પોતાના જેવા પણ ગુણ તેણે (પ્રદ્યુમ્ન)માં જોયા.

'ત્યાં' એટલે સ્ત્રીઓના સમૂહમાં 'અસિતાપાઙ્ગી' સુંદર દેખાવવાળી અથવા 'અસિતે' શ્યામ 'અપાનૌ' કટાક્ષ છે જેના તેવી (વૈદર્ભી હતી). તેથી આની જ્ઞાનદષ્ટિ બીજીઓ કરતાં જૂદા પ્રકારની હોવાથી, આણે જ સમાનતાને લીધે પુત્રનું સ્મરણ કર્યું, કારણ કે (આ) 'વૈદર્ભી' અત્યંત ભક્ત હતી. અંતઃકરણ અને દેહનું ઉત્તમપણું કહીને, વચમાં 'વલ્ગુ' મધુર 'ભાષતે' બોલે છે તે 'મધુર બોલનારી' એ વિશેષણથી વાણીનું પણ ઉત્તમપણું કહેલું છે, કારણ કે તે ન કહે તો કાયા, વાણી અને મનમાંથી એક વાણી બીજાની સમાન ન થાય (હલકી ગણાય). સમાનપણાને લીધે સંસ્કાર જાગ્રત થયો, તેથી તેણે ગૂમ થએલા પોતાના પુત્રનું સ્મરણ કર્યું. જો કે ઘણા જ નાના બાલક અને મોટા થએલામાં અવયવ વિગેરેમાં સમાનતા હોતી નથી, છતાં પણ તે (રુક્મિણી)નું ત્રણે પ્રકારનું ઉત્તમપણું કહેલું હોવાથી, તેવા (નાના બાલક)ની જ મોટો થતાં આવી સ્થિતિ થાય છે એવો નિશ્ચય કરીને, તેણે પોતાના ગૂમ થએલા પુત્રનું સ્મરણ કર્યું. 'સ્નેહને લીધે ઝરતાં છે સ્તનો જેનાં' એ વિશેષણથી આધિભૌતિક[1] દેહનું અને તે પ્રાપ્ત કરાવનાર આધિદૈવિકનું[1] પણ મળતાપણું કહેલું છે. આના ચાર[2] ગુણો કહ્યા, એક અંદરનો અને ત્રણ બહારના. ૩૦.

(વિચાર કરવામાં) આરંભમાં જે દેખાય છે તે સંબંધી વિચાર કરે છેઃ

**કોન્વયં નરવૈડૂર્યઃ કસ્ય વા કમલેક્ષણઃ ।।**
**ધૃતઃ કયા વા જઠરે કેયં લબ્ધા ત્વનેન વા ।।૩૧।।**

આ ઉત્તમ પુરુષ કોણ હશે? અથવા કમલ જેવાં નયનવાળો કોનો પુત્ર હશે? અથવા કોણે જઠરમાં ધારણ કરેલો હશે ? આણે વળી આ કઈ સ્ત્રી પ્રાપ્ત કરી ? ૩૧.

'નુ' શબ્દ તર્ક જણાવવા (યોજેલ) છે. આ કોણ એટલે દેવો પૈકી કયો (દેવ) છે એવો અર્થ છે. વૈડૂર્યમણિ શ્યામ અને પીળો હોય છે. આ (પ્રદ્યુમ્ન) મેઘ જેવો શ્યામ હોવા છતાં તે (રતિ)ની સાથે હોવાથી તેની કાંતિને લીધે વૈડૂર્ય જેવો બનેલો છે. 'જો વૈડૂર્યમણિ પુરુષના આકારવાળો કુદરતી જ ઉત્પન્ન થયો હોય અને તે

૧-૧. સ્તનો આધિભૌતિક દેહ છે, તેમાં દૂધ પ્રાપ્ત કરાવનાર સ્નેહ આધિદૈવિક છે. એ બંનેનું મળતાપણું થયું, એવો અર્થ છે. (લે)

૨. પૂર્વાર્ધમાં કહેલા ત્રણ વિશેષણોથી અનુક્રમે કાયા, મન અને વાણીનું ઉત્તમપણું કહ્યાં. એ બહારના ત્રણ ગુણો. સ્નેહ અંદરનો ગુણ ઉત્તરાર્ધમાં કહ્યો. અથવા કાયા અને વાણીનું ઉત્તમપણું અને સ્તનમાંથી દૂધ ઝરવું એ ત્રણ બહારના ગુણો કહ્યા, અને 'વૈદર્ભી' નામથી ઉત્તમ ભક્તિ અથવા અંતઃકરણનું ઉત્તમપણું અંદરનો ગુણ કહ્યો.

પણ ચેતન હોય તો (તે) પ્રદ્યુમ્નના જેવો થાય', એવો વિચાર કરીને 'નરવૈડૂર્યઃ' 'ઉત્તમ પુરુષ' શબ્દ યોજેલ છે.

'જેમ અમુક દેશમાં હીરારૂપ પથ્થરો થાય છે, તેમ કોઈકના વંશમાં આવા જ (પુરુષ) ઉત્પન્ન થાય છે, તેથી (આવો પુરુષ હોવો એ) આશ્ચર્ય નથી' એવી શંકા થાય, તેથી 'અથવા કમલ જેવાં નયનવાળો કોનો પુત્ર હશે ?' એમ કહેલ છે. એવા કોણ હશે કે જેમનો આ પુત્ર હોય ? કમલ જેવાં નયનોવાળો હોવાથી (આ) સ્થાવર (પદાર્થ)નો (પુત્ર) નથી. વળી સ્ત્રીની લાગણી પણ આનામાં દેખાય છે, તેથી સ્થાવર (પદાર્થ)માંથી ઉત્પન્ન થએલો નથી. મનમાંથી પણ ઉત્પન્ન થએલો નથી, તેમ જ માત્ર પુરુષથી પણ ઉત્પન્ન થએલો નથી. તેથી તેવા પુરુષને યોગ્ય કઈ (સ્ત્રી) હશે એમ, 'કોણે જઠરમાં ધારણ કરેલો હશે ?' શબ્દોથી તે (સ્ત્રી) સંબંધી વિચાર કરે છે. અથવા 'આ સ્ત્રી(રતિ) આ (પ્રદ્યુમ્ન)ને યોગ્ય ભલે હોય, આણે તેને પ્રાપ્ત કેવી રીતે કરી ?' એમ 'આણે આ કઈ પ્રાપ્ત કરી ?' શબ્દોથી કહે છે. આણે પણ આ કઈ (સ્ત્રી) પ્રાપ્ત કરી ? (ચોથા ચરણમાં) 'વા' શબ્દ તિરસ્કાર દર્શાવવા (યોજેલ છે), કારણ કે રુક્મિણીના હૃદયમાં તે (રતિ) સારી રીતે (અનુકૂલ) જણાતી નથી, કારણ કે તે પૂર્વ જન્મના સંબંધવાળી હતી. ૩૧.

આ (પ્રદ્યુમ્ન)ને જોઈને પોતાના પુત્રનું સ્મરણ થયું તેથી, (અને) સમાનપણું જ સ્મરણ કરાવનારું હોવાથી, નીચેના શ્લોકમાં સમાનપણું જણાવે છેઃ

**મમ ચાપ્યાત્મજો નષ્ટો નીતો યઃ સૂતિકાગૃહાત્ ।।**
**એતત્તુલ્યવયોરૂપો યદિ જીવતિ કુત્રચિત્ ।।૩૨।।**

મારો પણ પુત્ર જેને સુવાવડીના મકાનમાંથી લઈ જવામાં આવેલ તે ગૂમ થએલો છે. જો તે ક્યાંક પણ જીવતો હોય તો આની સમાન વય અને રૂપવાળો હોય. ૩૨.

કારણ કે જેમ આ કોઈક (સ્ત્રી)નો પુત્ર છે, તેમ મારો પણ પુત્ર આવો છે. 'આત્મજઃ' શબ્દથી (એમ કહ્યું છે કે) ગર્ભમાંથી ઉત્પન્ન થએલો છે.

'જૂદા રહેલા ચારૂદેષ્ણ અથવા બીજા પુત્રની સમાનપણાને લીધે વાત કરે છે' એવી શંકા થાય, તે 'ગૂમ થએલો' વિશેષણથી દૂર કરે છે.

'ત્યારે મરણ પામેલામાં સમાનપણું ક્યાંથી હોય ?' એવી શંકા થાય, તેથી 'લઈ જવામાં આવેલ' વિશેષણ યોજેલું છે. (તે અમને) દેખાય નહિ તે માટે આ ગૂમ કરવાનું થએલું. 'સુવાવડીના મકાનમાંથી' શબ્દથી (એમ સૂચવ્યું કે) દશ દિવસનો થયાં પહેલાં કોઈ તેને લઈ ગએલ.

ત્યારે રાક્ષસ અથવા બીજો હણનાર જેને લઈ ગએલ તે (આની) સમાન કેમ હોઈ શકે? એવી શંકા થાય, તેથી 'જો ક્યાંક પણ જીવતો હોય' શબ્દો યોજેલા છે. (જો જીવતો હોય) તો 'આની સમાન વય અને રૂપ છે જેનાં' તેવો હોય. આટલાથી જે જીવતો હોવાનું સંભવે છે તેવા પોતાના પુત્રને આની સમાન કહ્યો. ૩૨.

અહિંથી નીચેના બે શ્લોકથી (આ પોતાના પુત્રથી) જૂદો હોવાનું ખોટું ઠરાવી, આ તે જ હોવાનું યોગ્ય છે એવો ખાસ ગુણ કહે છેઃ

**કથં ત્વનેન સંપ્રાપ્તં સારૂપ્યં શાર્ઙ્ગધન્વનઃ ।।**
**આકૃત્યાવયવૈર્ગત્યા સ્વરહાસાવલોકનૈઃ ।।૩૩।।**
**સ એવ વા ભવેન્નૂનં યો મે ગર્ભે ધૃતોડર્ભકઃ ।।**
**અમુષ્મિન્પ્રીતિરધિકા વામઃ સ્ફુરતિ મે ભુજઃ ।।૩૪।।**

આકાર, અવયવો, ગતિ, સ્વર, હાસ્ય અને દૃષ્ટિમાં આણે શાંર્ગધનુષ્ય-વાળાનું સમાનપણું કેવી રીતે પ્રાપ્ત કર્યું? અથવા જે બાલક મારા ગર્ભમાં ધારણ કરાએલો તે જ આ નક્કી હોવો જોઈએ. આના ઉપર મારી ઘણી પ્રીતિ થાય છે. મારો ડાબો હાથ ફરકે છે. ૩૩-૩૪.

આ ભલે ઉત્તમ હોય. છતાં પણ શાંર્ગધનુષ્યવાળાનો પુત્ર ન હોય તો આણે તેમનું સમાનપણું કેવી રીતે પ્રાપ્ત કર્યું? 'શાંર્ગધનુષ્યવાળા' શબ્દથી ભગવાનના પણછ અથડાયાના ચિહ્નો જણાવેલા છે. તે ચિહ્નો આના ઉપર પણ છે એમ કહેલું છે.

'આકાર, અવયવો, ગતિ...' વિગેરેથી સમાન છ ગુણો કહેલા છે. અવયવો અને અવયવવાળા(દેહ)ના કાર્યો સરખાં જણાવેલાં છે. કારણ કે સ્વર વાણીનું કાર્ય છે, હાસ્યવાળી દૃષ્ટિ લાગણી સૂચવનારું મનનું કાર્ય છે. જો આ તેમના પુત્રથી જૂદો હોય, તો આ (મનનું કાર્ય સરખું હોવાનું) તો સંભવતું નથી એમ કહેલું છે. ૩૩.

અથવા આ તે જ હોવો જોઈએ એમ વિચારે છે. 'નૂનમ્' એટલે નક્કી. જે ભગવાનનો પુત્ર હતો અને જેને મેં ગર્ભમાં ધારણ કરેલ (તે જ આ હોવો જોઈએ).

'ભગવાનને ઘણી સ્ત્રીઓ છે. તેથી કોઈ બીજા દ્વીપમાં અથવા બીજા દેશમાં ભગવાનથી કોઈ સ્ત્રીમાં ઉત્પન્ન થએલો હશે. તેથી (તેમ માનવાથી) સર્વ ઘટે છે. તેથી તેં ગર્ભમાં ધારણ કરેલો કેમ હોઈ શકે ?' એવી શંકા થાય, તેથી 'મારો ડાબો હાથ ફરકે છે' એમ કહેલું છે. ડાબા હાથનું ફરકવું, કોઈ ઘણો જ પ્રિય જેનાથી પરમ આનંદ થાય તેને સારી રીતે ભેટવાનું સૂચવે છે. તેવો (ઘણો જ પ્રિય) પુત્ર જ છે. ૩૪

એવી રીતે તે પોતાનો પુત્ર છે એવો નિશ્ચય કરેલ હોવા છતાં, લોકથી સારી રીતે તેવું જ્ઞાન થાય નહિ ત્યાં સુધી તેવા પ્રકારનો વ્યવહાર કરી શકાય નહિ, તેથી

જાણે કે સંદેહવાળી હોય તેવી રહી. પછી ભગવાન્ નિર્ણય (કરાવવા) માટે બધા સાથે પધાર્યા, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**એવં મીમાંસમાનાયાં વૈદર્ભ્યાં દેવકીસુતઃ ।।**
**દેવક્યાનકદુન્દુભ્યામુત્તમશ્લોક આગમત્ ।।૩૫।।**

વૈદર્ભી એ પ્રમાણે વિચાર કરતી હતી ત્યારે દેવકીજી અને આનકદુંદુભિ સાથે, ઉત્તમ પુરુષો જેમની સ્તુતિ કરે છે તેવા દેવકીપુત્ર પધાર્યા. ૩૫.

કારણ કે આ દેવકીપુત્ર ભક્તોનું, (અને) ખાસ કરીને સ્ત્રીઓનું હિત કરનારા છે, અને રુક્મિણી ભક્ત હતી અને વિચાર કરતી એવી રીતે દુઃખથી (ત્યાં) રહી હતી. તેથી તેનું દુઃખ દૂર કરવા માટે, પુત્રનો સ્વીકાર(કરવા)માં માતા અને પિતા (સ્વીકાર) કરાવનારા હોવાથી દેવકીજી અને આનકદુંદુભિ (વસુદેવ) સાથે (ભગવાન્ ત્યાં) પધાર્યા; કારણ કે આ (ભગવાન્) ઉત્તમ પુરુષો જેમની સ્તુતિ કરે છે તેવા છે. (તે પધાર્યા) કારણ કે તેમ ન કરે તો નિંદા થાય.

જેમ 'રક્તાક્ષ' (લાલ આંખવાળા)ને 'રાક્ષઃ' કહે છે, તેમ અહિં (આ શ્લોકમાં) 'ભિ' એ પડેલો[1] અક્ષર અક્ષરચ્યુતક અલંકાર હોવાનું જણાવે છે અને એમ સૂચવવા પડેલો (પડતો મૂકેલો) છે, કે આ પુત્ર (પોતાના) સ્થાનથી પડેલો જ હતો તે ફરી પ્રાપ્ત થયો. (ભગવાન્) 'આ' બધાની સાથે 'અગમત્' પધાર્યા. ૩૫.

પધાર્યા પછી પણ જો (ભગવાન્) પોતે (આ મારો પુત્ર છે એમ) કહે તો બહિર્મુખો લોભી કહે, તેથી (ભગવાન્) શાંત રહ્યા એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**વિજ્ઞાતાર્થોઽપિ ભગવાંસ્તૂષ્ણીમાસ જનાર્દનઃ ।।**
**નારદોઽકથયત્સર્વં શમ્બરાહરણાદિકમ્ ।।૩૬।।**

ભગવાન્ જનાર્દને વૃત્તાંત જાણેલ હોવા છતાં શાંત રહ્યા. શંબરે કરેલ હરણ વિગેરે સર્વ (વૃત્તાંત) નારદે કહ્યો. ૩૬.

(શ્રીકૃષ્ણને) જ્ઞાન હોવાનું કારણ 'ભગવાન્' શબ્દથી (કહેલું છે). (તે) શાંત રહેવાનું કારણ 'જનાર્દન' શબ્દથી કહેલું છે, કારણ કે તે 'જનાનામ્' માણસોની અવિદ્યાનો 'અર્દયતિ' નાશ કરે છે, (અને) પોતાની નિંદા (તેઓ) કરે તો તો તેઓની અવિદ્યા દૂર થાય નહિ. તે સમયે ભગવાનની ઈચ્છાથી નારદે આવીને કહ્યું એમ ઉત્તરાર્ધથી કહે છે. આ (નારદે) પોતે જ કરેલું, તેથી આણે (પોતાનો) દોષ પણ દૂર

૧. 'દેવક્યાનકદુન્દુભિભ્યામ્' શબ્દને બદલે 'દેવક્યાનકદુન્દુભ્યામ્' છે, એટલે 'ભિ' અક્ષર પડતો મૂકેલ છે. આ અક્ષરચ્યુતક એટલે જેમાં અક્ષર પડ્યો મૂકેલો છે તેવો અલંકાર છે. અલંકાર જેમ દેહને શોભાવનારા છે, તેમ ભાષાને શોભાવનારા 'અલંકારો' (figures of speech) છે, તે અલંકારશાસ્ત્ર (કાવ્યપ્રકાશ) વિગેરેમાં કહેલા છે.

કર્યો. શંબરે કરેલ હરણથી આરંભી (પ્રદ્યુમ્નનો) સમાગમ (થયો ત્યાં) સુધીનો બધો (વૃત્તાંત) કહ્યો, કારણ કે નારદનું વાક્ય બધાયને માન્ય હતું. ૩૬.

પછી બધાએ (તે) સ્વીકારવું જોઈએ. તેથી રુક્મિણી સિવાયની શ્રીકૃષ્ણની બીજી પત્નીઓ શોકો હોવાથી, તેમણે તે પહેલાં સ્વીકાર્યું એમ કહે છેઃ

**તચ્છ્રુત્વા મહદાશ્ચર્યં કૃષ્ણાન્તઃપુરયોષિતઃ ।।**
**અભ્યનન્દન્ બહૂનબ્દાન્નષ્ટં મૃતમિવાગતમ્ ।।૩૭।।**

તે ઘણું આશ્ચર્યકારક (વૃત્તાંત) સાંભળીને શ્રીકૃષ્ણના અંતઃપુરની સ્ત્રીઓએ ઘણાં વર્ષોની ગૂમ થએલા મરેલા પાછા આવેલાની પેઠે (બાલક)નું અભિનંદન કર્યું. ૩૭.

આ રાજસી (સ્ત્રીઓ) હતી. 'માછલાંએ ગળેલો (બાલક) કેમ જીવતો રહ્યો અને સંપૂર્ણ અવયવોવાળો રહ્યો, વળી (માછલું) કપાતાં કેમ ઘવાયો નહિ અને સમુદ્રમાં નાખવા છતાં કેમ મરણ ન પામ્યો ?' એવું ઘણું આશ્ચર્યકારક (વૃત્તાંત) સાંભળીને (અભિનંદન કર્યું). 'શ્રીકૃષ્ણના અંતઃપુરની સ્ત્રીઓએ' શબ્દથી તેઓ (પ્રદ્યુમ્નને પુત્ર તરીકે) સ્વીકારે નહિ, તો (તેથી) થતી હરકત જણાવેલી છે. (તેમના) પોતાના પુત્રને પણ એવી રીતે લઈ જવામાં આવે, તો બીજીઓ પણ (તેનો પુત્ર તરીકે) સ્વીકાર કરે નહિ, એવો ભાવ છે. 'આ અમારો પુત્ર છે' એમ અભિનંદન કર્યું, (પણ) શોકની સ્થિતિને લીધે દોષ જોનારી થઈ નહિ. વળી ઘણા સ્નેહને લીધે સંપૂર્ણ પ્રકારે આનંદવાળી પણ થઈ, તેનું કારણ 'બહૂનબ્દાન્નષ્ટમ્' 'ઘણાં વર્ષોથી ગૂમ થએલા એટલે નહિ જોએલા' વિશેષણથી કહેલું છે. અત્યંત સંયોગને લીધે બીજી (વિભક્તિ)નો પ્રયોગ કરેલો છે[1]. તે (આનંદવાળા થવા)માં ઘણા સમયે જોવામાં આવ્યો તે જ કારણ નથી, પરંતુ મરણ પામેલો જો તરત જ પાછો આવે તો પણ ઘણો આનંદ થાય છે એવો (અર્થ છે). મરેલા અને પછી સ્વસ્થ પાછા આવેલાનું જેમ લોકો માનપૂર્વક અભિનંદન કરે છે (તેમ અભિનંદન કર્યું). દેહની હયાતી હોય ત્યારે જ[2], જીવતું હોય તેનું અભિનંદન થાય છે. ૩૭.

નીચેના શ્લોકમાં સાત્ત્વિકોએ કરેલું અભિનંદન જણાવે છેઃ

---

૧. 'બહૂન્ અબ્દાન્'માં બીજી વિભક્તિ યોજેલી હોવાનું કારણ કહે છે. આ ઘણાં વર્ષો તેનો સમાગમ થયો તે સમયની ઘણાં જ નજીકમાં એટલે તે સમયથી તરત જ પહેલાનાં હોવાથી, બીજી વિભક્તિ યોજેલી છે.

૨. શંકરે કામદેવને બાળી નાખ્યા પછી, દેહ વિના તે રહેતો. તેનું જીવન હતું, પરંતુ દેહ ન હતો. તે સમયે તેનું અભિનંદન થઈ શકતું ન હતું. હવે દેહવાળો થયો અને જીવન હતું તેથી અભિનંદન થઈ શક્યું, એવો ભાવ જણાય છે.

**દેવકી વસુદેવશ્ચ કૃષ્ણરામૌ તથા સ્ત્રિયઃ ।।**
**દમ્પતી તૌ પરિષ્વજ્ય રુક્મિણી ચ યયુર્મુદમ્ ।।૩૮।।**

દેવકીજી અને વસુદેવ, શ્રીકૃષ્ણ અને બલભદ્ર, તેમજ સ્ત્રીઓ અને રુક્મિણી તે પતિપત્નીને ભેટીને આનંદ પામ્યાં. ૩૮.

'તેમજ સ્ત્રીઓ' એટલે સાત્ત્વિક સ્ત્રીઓ 'તે પતિપત્નીને' એટલે પુત્ર અને પુત્રની પત્ની હોવાથી પ્રદ્યુમ્ન અને માયાવતીને ભેટીને આનંદ પામ્યાં. 'અને રુક્મિણી' એ એમ જણાવવા જૂદા પ્રકારથી કહેલું છે કે બધાને જેટલું સુખ થયું તેટલું (રુક્મિણી) એકલીને જ થયું. ૩૮.

નીચેના શ્લોકમાં સાધારણ તામસ (પુરુષો)ની સંમતિ જણાવે છેઃ

**નષ્ટં પ્રદ્યુમ્નમાયાતમાકર્ણ્ય દ્વારકૌકસઃ ।।**
**અહો મૃત ઈવાયાતો બાલો દિષ્ટ્યેતિ હાબ્રુવન્ ।।૩૯।।**

અહા ! ગૂમ થએલા પ્રદ્યુમ્નને આવેલો સાંભળીને દ્વારકાના રહેવાસીઓએ કહ્યું : 'અહો ! મરેલો પાછો આવે તેમ (આપણાં) ભાગ્યથી બાલક પાછો આવ્યો'. ૩૯.

તેઓને ઉલટો વિચાર[૧] આવ્યો ન હતો, એમ જણાવવા 'અહો ! મરેલો પાછો આવે તેમ...' એવું તેઓનું વચન કહેલું છે. લૌકિક ભાષામાં અસભ્ય વચનથી દોષ થતો નથી. 'અહા !' અને 'અહો!' શબ્દો આશ્ચર્ય દર્શાવવા યોજેલા છે. (પ્રદ્યુમ્નનું) જવું (ગૂમ થવું) અને આવવું બંને આશ્ચર્યકારક છે એમ (તે શબ્દોથી) કહેલું છે. ૩૯.

કામે ઘણા પ્રયાસથી દેહ પ્રાપ્ત કર્યો. તેનું ફલ પ્રાપ્ત થયું કે નહિ, એ સંદેહ દૂર કરવા નીચેનો શ્લોક કહે છેઃ

**યં વૈ મુહુઃ પિતૃસરૂપનિજેશભાવાસ્તન્-**
**માતરો યદભજન્ રહરૂઢભાવાઃ ।।**
**ચિત્રં ન તત્ખલુ રમાસ્પદબિમ્બબિમ્બે**
**કામે સ્મરેઽક્ષિવિષયે કિમુતાન્યનાર્યઃ ।।૪૦।।**

જેને તેની માતાઓ પિતાના સમાનરૂપ હોવાને લીધે વારંવાર પોતાના પતિ માનતી હતી અને કામ જાગ્રત થવાથી એકાંતમાં રહેતી હતી, તેવા રમાના ધામરૂપ મૂર્તિની પ્રતિમાના વિષે તે ખરેખર આશ્ચર્યકારક ન હતું. તો પછી કામ હોય અને સ્મર જોવામાં આવે ત્યારે બીજી સ્ત્રીઓનું તો કહેવું જ શું ? ૪૦.

૧. ઉલટો એટલે પ્રદ્યુમ્ન શ્રીકૃષ્ણનો પુત્ર નથી એવો વિચાર.

'પિતૃસરૂપતયા' પિતા સમાન જે રૂપ, તેને લીધે 'નિજેશભાવાઃ' 'આ શ્રીકૃષ્ણ જ છે' એમ (પ્રદ્યુમ્નની માતાઓ) માનતી હતી. 'નિજેશઃ' એટલે શ્રીકૃષ્ણ. તે (પ્રદ્યુમ્ન)ની માતાઓ પણ તેને જોઈને 'રૂઢભાવાઃ' જાગ્રત થએલ કામવાળી થતાં 'રહઃ' એકાંતમાં રહેતી હતી એટલે સંતાઈ જતી હતી. આ આશ્ચર્યકારક નથી, કારણ કે 'રમાયાઃ' રમાના 'આસ્પદરૂપં' ધામરૂપ જે 'બિમ્બં' મૂર્તિ એટલે લક્ષ્મીનું સ્થાન ભગવાન્, તેનું 'બિમ્બં' કાર્ય એટલે પ્રતિબિંબ (પ્રદ્યુમ્ન હતો). બિંબના જેવી જ પ્રતિબિંબના સંબંધમાં બુદ્ધિ થાય છે, એટલે (તેમાં) કાંઈ પણ દોષ ન હતો. 'રમાસ્પદમ્' 'રમાના ધામરૂપ' શબ્દ તે (પ્રદ્યુમ્ન)ની અંદર લક્ષ્મીનાં પણ દર્શન થતાં હતાં એમ જણાવવા (યોજેલ છે). તેથી 'જો લક્ષ્મી તેની અંદર છે તો અમે કેમ ન હોઈએ ?' એવું તેઓને ભ્રમ[1] થવાનું મુખ્ય કારણ કહેલું છે.

વળી કામ હોય ત્યારે (બીજી સ્ત્રીઓનું તો કહેવું જ શું ?) કારણ કે કામને લીધે સર્વ સંભવે છે. વળી સ્મર જોવામાં આવે ત્યારે (કહેવું જ શું ? કારણ કે તેનું) સ્મરણ થતાં જ તે અનર્થ કરે છે, તો પછી જોવામાં આવે ત્યારે તો કેટલો બધો અનર્થ કરે ? જ્યારે ભગવાનની પત્નીઓની જ આ (પૂર્વાર્ધમાં જણાવી તે) સ્થિતિ છે ત્યારે બીજી સ્ત્રીઓમાં તે ઘણો જ કામ ઉત્પન્ન કરે તેમાં કહેવું જ શું ? એવો અર્થ છે. આ પ્રમાણે કામ સર્વ લોકોમાં રહેલો છે એમ કહેલું છે. સ્ત્રીઓમાં રહેલો સુખ ઉત્પન્ન કરે છે, પરંતુ પુરુષોમાં (રહેલો સુખ ઉત્પન્ન) કરતો નથી, તેથી તે પ્રમાણે કહેલું છે. ૪૦.

૧. લક્ષ્મીનું ધામ હોવાથી લક્ષ્મીજી પણ શ્રીકૃષ્ણમાં દેખાય. પ્રદ્યુમ્ન તેમનું પ્રતિબિંબ હોવાથી તેનામાં પણ દેખાય. પ્રદ્યુમ્નને શ્રીકૃષ્ણ માનનારી ભગવાનની પત્નીઓને એવો વિચાર થાય છે કે આ શ્રીકૃષ્ણ છે તેમની પાસે લક્ષ્મી છે તો આપણે કેમ ન જઈએ ? આમ તેઓને ભ્રમ થાય છે, એવો ભાવાર્થ જણાય છે.

**ઈતિ શ્રીમલ્લક્ષ્મણ ભટ્ટના પુત્ર શ્રીમદ્‌વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્‌ભાગવતની સુબોધિનીમાં દશમા સ્કંધનાં વિવરણમાં બાવનમો છઠ્ઠા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

# ।। અધ્યાય ત્રેપનમો ।।

## (જામ્બવતી સત્યભામાની સાથે શ્રીકૃષ્ણનો વિવાહ)

**સપ્તમે કામતઃ પ્રોક્તો વિવાહસ્તામસઃ પરઃ ।।**
**સાત્ત્વિકશ્ચ પ્રસઙ્ગેન ક્લેશેનોભે નિવારિતે ।।૧।।**

સાતમા (અધ્યાય)માં કામથી થએલો તામસ વિવાહ, અને પ્રસંગથી થએલો બીજો[1] સાત્ત્વિક (વિવાહ) કહેલ છે. ક્લેશથી બંનેનું રક્ષણ[2] કરેલું છે. કા. ૧.

**ક્લેશાપનોદનાર્થાય ચૌર્યમત્ર નિરૂપ્યતે ।।**
**વાચિકં કાયિકં ચૈવ કાયેન વચનેન ચ ।।૨।।**

અપકીર્તિ દૂર કરવા માટે અહિં ચોરીનું[3] નિરૂપણ કરેલું છે. વાણીની અને કાયાની (અપકીર્તિ અનુક્રમે) કાયાથી[4] અને વાણીથી જ[4] (દૂર કરેલી છે). કા. ૨.

---

૧. જાંબવતીનો વિવાહ તામસ છે. બીજો સત્યભામાનો વિવાહ સાત્ત્વિક છે, અને તે ચોરીના પ્રસંગને લીધે કહેલ છે, એવો અર્થ છે. રુકિમણીનો વિવાહ બાકી રહેલ હોવાથી જ રાજસ સિદ્ધ થાય છે એવો ભાવ છે. (લે) આ અધ્યાયમાં પહેલાં સત્યભામાનો વિવાહ કહેલ છે અને પછી જાંબવતીનો વિવાહ કહેશે. તેથી સત્યભામાનો વિવાહ તામસ અને જાંબવતીનો સાત્ત્વિક હોવાનો શ્રીમદાચાર્યચરણનો આશય જણાવે છે. સ્યમંતકની ચોરીના આક્ષેપને લીધે ભગવાન્ જાંબવતીની ગુફામાં પધાર્યા અને ત્યાં જાંબવતીનો વિવાહ થયો, તેથી તે ચોરીના પ્રસંગને લીધે કહેવાયો.

૨. ક્લેશથી રુકિમણી અને જાંબવતીને તેમના પિતાના ઘેરથી ભગવાન્ પોતાના ઘેર લઈ ગયા, એવો અર્થ છે. તેથી તેમના વિવાહ સાત્ત્વિક નથી. પરંતુ (સત્રાજિતે ભગવાનને) બોલાવીને સત્યભામા આપી. તેથી તેનો વિવાહ જ સાત્ત્વિક છે એવો ભાવ છે. (લે) સત્યભામા અને જાંબવતીના વિવાહનું પ્રકરણ છે. આ બંનેને ક્લેશથી ભગવાન્ તેમના પિતાના ઘેરથી પોતાના ઘેર લાવેલ છે. સત્યભામાને લાવવા માટે જ ભગવાને સિંહને હણ્યો, જાંબવાન સાથે યુદ્ધ કર્યું અને ભગવાન્ ઉપર ચોરીનું આળ આવ્યું. તેથી સત્યભામાના વિવાહમાં તો ઘણો જ ક્લેશ થયો છે.

૩. સત્યભામાના વિવાહના પ્રકરણમાં ક્લેશ દૂર કરવા ચોરીનું નિરૂપણ કરેલું છે. તેથી (તેમાં) ક્લેશ નહિ હોવાથી (તે વિવાહ) સાત્ત્વિક છે એવો અર્થ છે. (લે) ક્લેશ તો આ વિવાહમાં ઉપર જણાવ્યું તેમ ઘણો જ થયો છે.

૪-૪. સત્રાજિતે ભગવાનની નિંદા કરેલી(શ્લોક ૧૬) તે વાણીની નિંદા ભગવાને પોતે જાંબવાનની ગુફામાં પધારી, તેની સાથે યુદ્ધ કરી મણિ પાછો લાવી આપી દૂર કરી. (યુદ્ધ કરી દૂર કરી તેથી કાયાથી દૂર થઈ). 'શતધનુ પાસેથી ભગવાને મણિ લીધો છે' એવો ખોટો આરોપ ભગવાન્ ઉપર આવેલ (જૂઓ ઉત્તરાર્ધના આઠમા અધ્યાયના શ્લોક ૨૩,૨૪ ઉપરનાં શ્રીસુબોધિની અને શ્લોક ૩૮) શતધનુને હણીને તેની પાસેથી મણિ લઈ લીધો એવો આરોપ હોવાથી આ કાયાથી થતી નિંદા થઈ). તે ભગવાને અક્રૂરને લાવી, તેને બોધ કરનારાં વચનોથી

**સમ્બન્ધી ચ તથા ભક્તઃ સ્વાપરાધાપનુત્તયે ।।**
**સત્યભામા જામ્બવતી તાભ્યાં સમ્યક્ નિરૂપિતે ।।૩।।**

સંબંધીએ[૫] અને તે પ્રમાણે ભક્ત તે બેએ પોતાના અપરાધ દૂર થાય તે માટે સત્યભામા અને જાંબવતીને પરણાવી. કા. ૩.

**ગુણા એતાસ્તતોઽગ્રે તુ વિદ્યારૂપા નિરૂપિતાઃ ।।**
**એવમષ્ટૌ મહિષ્યો હિ સાત્ત્વિક્યસ્તુ તતઃ પરાઃ ।।૪।।**

આ ગુણરૂપ[૬] છે. પછી આગળ તો વિદ્યારૂપ (પત્નીઓ) કહેલી છે. એવી રીતે આઠ મહારાણીઓ છે. પછી બીજી તો સાત્ત્વિક (પત્નીઓ) છે. કા. ૪.

**વિવાહાઃ સપ્ત કામેન કૃપયા તુ સહસ્રશઃ ।।**
**વિધિતસ્ત્વેક એવોક્તો દ્વયોરત્ર નિરૂપ્યતે ।।૫।।**

સાત વિવાહો કામથી થએલા છે. કૃપાથી તો હજારો થયા છે. વિધિ પ્રમાણે તો એક જ કહેલો છે. અહિં[૭] બેનું વર્ણન કરવામાં આવે છે. કા. ૫.

રુક્મિણીનો વિવાહ અને (તેને થએલ) પુત્રની પ્રાપ્તિ કહીને, નીચેના શ્લોકમાં નિમિત્તને લીધે સત્યભામાનો વિવાહ (થયાનું) કહે છેઃ

શ્રીશુક કહે છેઃ

**સત્રાજિતઃ સ્વતનયાં કૃષ્ણાય કૃતકિલ્બિષઃ ।।**
**સ્યમન્તકેન મણિના સ્વયમુદ્યમ્ય દત્તવાન્ ।।૧।।**

જેણે અપરાધ કર્યો હતો તેવા સત્રાજીતે પોતે ઉદ્યમ કરીને સ્યમંતક મણિ સાથે પોતાની પુત્રી શ્રીકૃષ્ણને આપી. ૧.

'સત્રાજીત્' શબ્દ જેને અંતે 'ત્' હોય તેવો, અને અંતે 'અ' (સત્રાજીત) હોય તેવો પણ છે. 'સત્રાન્' રક્ષણ કરનારા જેમની સાથે છે તેવાઓને પણ 'જયતિ' જીતે (તે 'સત્રાજિત્') એ અર્થમાં 'ક્વિપ' પ્રત્યય લાગે છે[૮]. 'સત્રાનામ્' જેમને રક્ષણ

---

દૂર કરી. એ પ્રમાણે આ અને આની પછીના એ બે અધ્યાયોથી અનુક્રમે બંને પ્રકારની નિંદા દૂર કરી, એવો અર્થ છે. (લે)

૫. સત્રાજિત સંબંધી હતો, જાંબવાન ભક્ત હતો, તે બંને 'તાભ્યામ્' શબ્દથી જણાવેલા છે.

૬. રજઃ, તમઃ અને સત્ત્વગુણરૂપ છે, એવો અર્થ છે. (લે)

૭. 'અહિં' એટલે આ ચોરીના પ્રકરણમાં સત્યભામા અને જાંબવતી બંનેના વિવાહનું નિરૂપણ કરેલું છે, એવો અર્થ છે. (લે)

૮. 'ત્રાયન્તિ' રક્ષણ કરે છે ''ઈતિ ત્રાઃ તે 'ત્રાઃ' ત્રૈ'' ધાતુના કર્તાના અર્થમાં 'ક્વિપ્' પ્રત્યય લાગવાથી આ શબ્દ થયો. અંતે 'આ' વાળો નરજાતિનો આ શબ્દ છે. 'ત્રાભિઃ સહિતાઃ સત્રાઃ' તેમને જીતે તે 'સત્રાજિત્' (લે).

કરનારાઓ છે તેઓનો 'જિતં' જય જેને લીધે થાય છે (તે 'સત્રાજિત') એમ અંતે 'ક્ત' પ્રત્યયવાળા શબ્દથી બહુવ્રીહિ સમાસ કરતાં અંતે 'અ' વાળો શબ્દ થાય છે. મોટા પુરુષોનો પણ જય આને આધીન જ છે; એવો બીજો (આ બીજા શબ્દનો) અર્થ છે. તેવા સત્રાજીતે પોતે ઉદ્યમ કરીને પોતાની પુત્રી આપી. ભગવાને તેની પાસે પ્રાર્થના કરી ન હતી તેમ જ ઈચ્છા જણાવી ન હતી, છતાં પણ પુત્રી આપવાનું કારણ 'જેણે અપરાધ કર્યો હતો' વિશેષણથી કહેલું છે. તેણે અપરાધ કર્યો હતો. તે અપરાધ દૂર કરવા માટે, જેને માટે અપરાધ કરેલો તે અપરાધનાં કારણરૂપ સ્યમંતક મણિ અને તેની સાથે દંડને બદલે કન્યા આપ્યાં. કેટલાક એમ કહે છે કે આ ટૂંકી કથા કહી. વાસ્તવિક રીતે તો(વિસ્તાર[૯]) સમાધિભાષા નથી; કારણ કે ઉદાર લીલાવાળા ભગવાન્‌ની અપકીર્તિ વિગેરે સમાધિભાષાનું કાર્ય નથી, કેમ કે ભક્તિ પ્રાપ્ત કરાવે તેવાં જ ચરિત્રો કહેવાં યોગ્ય છે. 'જેણે અપરાધ કર્યો હતો' વિશેષણથી એમ સૂચવેલ છે કે હરકોઈ પ્રકારે અપરાધ થવાનું પણ સંભવે છે. તેથી તે ઈચ્છેલું નહિ હોવાથી અથવા બીજા કલ્પમાં થએલ હોવાથી શુકે પોતાની મેળે કહેલ નથી. વાસ્તવિક રીતે સત્યભામા સરસ્વતીના અંશરૂપ અથવા ભૂમિના અંશરૂપ હતી, તેથી તેના તેની સાથે પોતાના વિવાહ માટે તેવો ઉદ્યોગ ભગવાને પોતે જ કરેલો. અહિં રાજસોનો ભગવાને કરેલ સ્વીકાર કહેવાનો છે. તે માટે સ્ત્રી પ્રકરણમાં સત્યભામા વિગેરેનો માત્ર[૧૦] પત્ની તરીકે સ્વીકાર જ કહેવો જોઈએ. ૧.

'આ પહેલા શ્લોકથી જાણવાની ઈચ્છા પૂરી થતી નહિ હોવાથી, પછીનો ભાગ ટૂંકી કથાનો જ કેમ નહિ ?' એવી શંકા થાય, તો એમ ન માનવું, કારણ કે મિત્રવિંદાના વિવાહ (ઉત્તરાર્ધ અધ્યાય ૯ શ્લોક ૩૦-૩૧) પેઠે જેટલું કહેલ હોય તેટલાથી જ જાણવાની ઈચ્છા પૂરી થવાનું સંભવે છે. વધારાનું રાજા પૂછે છેઃ

રાજા કહે છેઃ

**સત્રાજિતઃ કિમકરોદ્ બ્રહ્મન્! કૃષ્ણસ્ય કિલ્બિષમ્ ।।**
**સ્યમન્તકઃ કુતસ્તસ્ય કસ્માદ્ દત્તા સુતા હરેઃ ।।૨।।**

હે બ્રહ્મન્! સત્રાજિતે શ્રીકૃષ્ણનો શું અપરાધ કર્યો હતો ? તેની પાસે સ્યમંતક ક્યાંથી ? (તેણે) હરિને પુત્રી શા પ્રયોજનથી આપી ? ૨.

'હે બ્રહ્મન્!' એ સંબોધન (શુકને આ સર્વ વિષયનું) જ્ઞાન છે એમ જણાવવા કરેલું છે. સદાનંદ શ્રીકૃષ્ણનો અને તેમાં પણ રક્ષણ કરનારનો[૧] અપરાધ કોઈ પણ કેવી રીતે કરી શકે ? વળી ભગવાનના ભક્તો પાસે અપરાધના કારણરૂપ

૧. શ્રીકૃષ્ણે દ્વારકા બનાવી સર્વ (યાદવો)નું રક્ષણ કરેલ. તેવાનો અપરાધ કોણ કરે ? (લે)

સ્યમંતક ક્યાંથી હોય? બીજા દેવનું ભજન કરવાથી સ્યમંતકની પ્રાપ્તિ થએલ હોય, તો તેનો (અન્યનું ભજન કરનારનો) નિરોધ સાથે સંબંધ કેવી રીતે હોય ? એવો પ્રશ્નનો અભિપ્રાય છે. વિરોધીઓ અપકાર કરે તે યોગ્ય છે. તેમ (સત્રાજિત વિરોધી) હોય તો તેઓ પોતાનાં સર્વસ્વ સાથે કન્યાનું દાન કરે તે ઘટતું નથી. તેથી આ (સત્રાજિત) (વિરોધી અને સર્વસ્વ સાથે કન્યાનું દાન કરનાર એવા) બંને પ્રકારનો કેમ હતો એવો (પ્રશ્ન છે). તેણે શા પ્રયોજનથી પુત્રી આપી ? કન્યા પણ સૂર્યથી જ વરદાનથી પ્રાપ્ત થઈ હતી, પરંતુ તેની ઔરસ[2] (પુત્રી) ન હતી. ભગવાન્ નંદના પુત્ર હતા તેની પેઠે તેની પણ (આ) કન્યા હતી, એવી બીજા પુરાણમાં જણાવેલી સ્થિતિ છે. તેથી જ યાદવો (પરસ્પર) વિવાહ કરતા એવો દોષ માનવો નહિ. અહિં[3] પણ 'સ્ત્રીરત્ન અને રત્ન પણ (આપીશ)' (શ્લોક ૪૨માં) કહેલું હોવાથી, (સ્ત્રીરત્ન) દેવ પાસેથી જ (તેને) પ્રાપ્ત થએલ એમ સૂચવેલું છે. ક્લેશ વિના કર્મ કરનારાં ભગવાન્ પણ તે (પોતાની) સમાન ગોત્રની હોય તો (તેની સાથે) વિવાહ ન કરે. ૨.

વિસ્તારથી (ઉત્તર) કહેવામાટે નીચેના શ્લોકથી કથાનો આરંભ કરે છેઃ

શ્રીશુક કહે છેઃ

**આસીત્ સત્રાજિતઃ સૂર્યો ભક્તસ્ય પરમઃ સખા ।।**
**પ્રીતસ્તસ્મૈ મણિં પ્રાદાત્સૂર્યસ્તુષ્ટઃ સ્યમંતકમ્ ।।૩।।**

સત્રાજિત થઈ ગયો. સૂર્ય ભક્તનો પરમ મિત્ર હતો. સૂર્યે પ્રસન્ન થઈ તેને મણિ આપ્યો. સારી રીતે પ્રસન્ન થએલા ઉત્પન્ન કરનારે સ્યમંતક ઉત્તમ પ્રકારે આપ્યો. ૩.

'થઈ ગયો' એ શબ્દથી એમ પણ સૂચવેલું છે કે આ સ્વતંત્ર (સમાધિમાં નહિ જોએલી) કથા છે. 'સત્રાજિત થઈ ગયો' એ જૂદું વાક્ય છે. 'સૂર્ય પણ ભક્તનો પરમ મિત્ર હતો', એમ તેની સરસાઈ જણાવવા કહેલું છે. ભક્તને મિત્રતાનું તરત દાન કરે છે, એમ સૂર્યના સ્વભાવનું વર્ણન કરેલું છે. આથી એમ કહેલું છે કે સૂર્ય ઘણો દયાલુ છે અને થોડું ભજન (કરતાં) પણ ઘણું આપે છે. પછી શું થયું તે 'પ્રસન્ન થઈ તેને મણિ આપ્યો' શબ્દોથી કહેલું છે. મણિ એટલે સ્યમંતક (મણિ). 'કયાંથી મણિ (આવેલો) ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'સૂર્યઃ' 'ઉત્પન્ન કરનારે' શબ્દ યોજેલો છે, કારણ કે તે મણિ ઉત્પન્ન કરે છે. બધુંએ સૂર્યમાંથી ઉત્પન્ન થએલું છે, તેથી તે માત્ર મણિ ઉત્પન્ન કરે તેમાં દોષ નથી. તે (સત્રાજિત)ના માટે જ મણિ ઉત્પન્ન કરેલો એવું અનુમાન થાય છે, કારણ કે પ્રસન્ન થઈને, તેની ભક્તિથી સારી રીતે

૨. પતિ પોતાની ધર્મપત્નીમાં સંતાન ઉત્પન્ન કરે તે ઔરસ કહેવાય છે. જૂઓ યાજ્ઞવલ્ક્યસ્મૃતિ ૨-૧૨૮.

૩. 'અહિં' એટલે શ્રીમદ્ભાગવતમાં. (લે)

પ્રસન્ન થઈને, તેણે સ્યમંતક ઉત્પન્ન કર્યો. ઉત્પન્ન કર્યા પછી પણ, તેથી પણ વધારે પ્રસન્ન થઈને ઉત્તમ પ્રકારે આપ્યો, એટલે તેનામાં શક્તિ મૂકીને આપ્યો. ઉત્તમ પ્રકારે આપેલ હોવાથી જ તે (દાન) ભોગ આપનારું એટલે ભોગનાં સાધન પ્રાપ્ત કરાવનારું થયું, એવું અનુમાન થાય છે. ૩.

તેથી આરંભમાં નીચેના શ્લોકમાં તેનો ભોગ (કર્યાનું) કહે છેઃ

**સ તં બિભ્રન્મણિં કણ્ઠે ભ્રાજમાનો યથા રવિઃ ।।**

**પ્રવિષ્ટો દ્વારકાં રાજંસ્તેજસા નોપલક્ષિતઃ ।।૪।।**

હે રાજન્ ! તે મણિને કંઠમાં ધારણ કરીને, સૂર્યની પેઠે પ્રકાશતો દ્વારકામાં પ્રવેશેલો તે તેજને લીધે ઓળખાયો નહિ. ૪.

(સૂર્યે) પોતાનું તેજ તે (મણિ)માં મૂકેલું, તેથી તેને ધારણ કરવાથી સૂર્ય જ ધારણ કરાયો. તેથી જ તે (મણિ)ના પ્રભાવને લીધે જેમ સૂર્ય (પ્રકાશે) તેમ પ્રકાશતો થયો. જો તે બીજા સ્થલમાં રહે તો કાંઈ અયોગ્યતા ન થાય, અને સૂર્ય (તેનું) રક્ષણ કરનાર થાય; પરંતુ તે તેને ધારણ કરીને દ્વારકામાં રહેતા ભક્તોને જાણે કે ઠગતો હોય તેમ (દ્વારકામાં) આવ્યો, તેથી સૂર્યે (તેની) દરકાર કરી નહિ એવો અભિપ્રાય જણાવવા, 'દ્વારકામાં પ્રવેશેલો' શબ્દોથી તેણે દ્વારકામાં પ્રવેશ કર્યો એમ કહેલું છે. બીજા (રાજા)ના પ્રદેશમાં બીજો રક્ષણ કરતો નથી એમ જણાવવા, 'હે રાજન્ !' એવું સંબોધન કરેલું છે. 'તેજને લીધે ઓળખાયો નહિ' શબ્દોથી તેનો મનોરથ ફળ્યો એમ કહેલું છે. ૪.

તેનો પ્રભાવ સર્વના જાણવામાં આવ્યો એમ કહેવા, નીચેના શ્લોકમાં લોકોને (થએલ) ભ્રમનું વર્ણન કરે છેઃ

**તં વિલોક્ય જના દૂરાત્તેજસા મુષ્ટદષ્ટયઃ ।।**

**દીવ્યતેઽક્ષૈર્ભગવતે શશંસુઃ સૂર્યશઙ્કિતાઃ ।।૫।।**

તેને દૂરથી જોઈને, તેજને લીધે નાશ પામેલી દષ્ટિવાળા સૂર્યથી ભય પામેલા માણસોએ પાસાથી રમતા ભગવાનને (નીચે પ્રમાણે) કહ્યું. ૫.

(તે) નજીક હોય તો ઓળખાય પણ ખરો. દૂરથી જ (તેને જોયો અને) તેમાં પણ તેજને લીધે નાશ પામેલી દષ્ટિવાળા થયા. પોતાના સ્વામીના રહેઠાણે મોટા (પુરુષો) પણ આવે છે એવા સંતોષને લીધે તેઓ ભગવાનના રહેઠાણે આવ્યા. 'ભગવાન્ પણ બીજા (કાર્ય)માં રોકાએલા હોઈ આનું સન્માન કરશે નહિ, તેથી ખોટી થએલો આ તેજથી આપણને દુઃખ દેશે' એમ સૂર્યથી ભય પામેલા (તેઓ)એ પાસાથી લૌકિક વ્યસનરૂપ દ્યૂત રમતા ભગવાનને (નીચે પ્રમાણે) કહ્યું. 'સો (પુરુષ) પાસાની રમત જાણે છે,' તેથી વચમાં જૂગાર ખેલવાના દિવસે જ સારા પુરુષ(ની

રમત)માં પાસાની રમત (ગણાય છે)* એવો નિર્ણય થાય છે, તેમ ન હોય તો ધર્મનું સ્થાપન કરવા અવતરેલા (ભગવાન્) પાસાની રમત કેમ રમે, કારણ કે તે (રમત) અધર્મનું મુખ્ય સ્થાન છે. (સૂર્યનું) આવવું વિઘ્ન કરનારું (થશે એમ) માની 'ભગવાન્' શબ્દ યોજેલો છે. ૫.

સૂર્યના આવવાથી પોતાની મેળે ભગવાનની સરસાઈ જાણી, (તેમની) સ્તુતિ કરી, નીચેના શ્લોકથી આરંભી ત્રણ શ્લોકોથી તેમની પ્રાર્થના કરે છેઃ

**નારાયણ નમસ્તેઽસ્તુ શઙ્ખચક્રગદાધર ।।**
**દામોદરારવિન્દાક્ષ ગોવિન્દ યદુનન્દન ।।૬।।**

હે નારાયણ ! હે શંખ, ચક્ર અને ગદા ધારણ કરનારા ! હે દામોદર ! હે કમલ જેવાં નયનવાળા ! હે ગોવિંદ ! હે યદુનંદન ! આપને નમસ્કાર હો. ૬.

'નારાયણ' શબ્દ(નો અર્થ એવો છે કે) નારાયણ સૂર્યના અંતર્યામી છે એટલે તે (અંતર્યામી ભગવાન્) (ભૂતલ ઉપર) પધારતાં અંતર્યામીની પ્રેરણા વિના કાર્ય સિદ્ધ થાય નહિ, તેથી (અંતર્યામીને) વિજ્ઞપ્તિ કરવા સૂર્ય આવવાનું સંભવે છે એમ (સૂર્ય આવવાનું) કારણ કહેલું છે. તેથી 'આપને નમસ્કાર હો', અથવા અમારાથી માત્ર નમસ્કાર થઈ શકે તેમ છે, એવો (અર્થ છે). 'શંખ ચક્ર અને ગદાને ધારણ કરનારા' શબ્દથી (એમ જણાવ્યું છે કે) (આ) શેષ ઉપર શયન કરનાર નારાયણ નથી, અથવા (આ શબ્દથી શ્રીકૃષ્ણમાં) નારાયણપણું સિદ્ધ કર્યું. 'દામોદર' શબ્દથી ભક્તો ઉપર કૃપા રાખનારપણું (જણાવી) તેવા (ભગવાન)ને અહિં પધારવાનું કારણ કહેલું છે. 'કમલ જેવાં નયનવાળા' શબ્દથી (ભૂતલ પર) પધારેલા (ભગવાન)નું (બીજાના) દુઃખ દૂર કરવાનું કાર્ય કહેલું છે. 'ગોવિંદ' શબ્દથી તેમ (દુઃખ દૂર) કરવાનું આવશ્યક છે (એમ કહેલું કે), કારણ કે આ ઈન્દ્ર[1] બન્યા છે. વળી 'યદુનંદન' શબ્દથી તે માટે જ અવતરેલા છે, એમ (કહેલ છે). ૬.

તેથી જ અહિં આપને ઘણું કાર્ય હોવાથી (આપ) પોતે (સૂર્ય પાસે) પધાર્યા નહિ, તેથી (તે) પોતે આવ્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**એષ આયાતિ સવિતા ત્વાં દિદક્ષુર્જગત્પતે ।।**
**મુષ્ણન્ ગભસ્તિ ચક્રેણ નૃણાં ચક્ષૂંષિ તિગ્મગુઃ ।।૭।।**

હે જગત્‌ના પતિ ! માણસોનાં નયનોને કિરણોનાં સમૂહથી આંજી દેતો તીક્ષ્ણ કિરણોવાળો આપનાં દર્શન કરવાની ઈચ્છાવાળો આ સૂર્ય આવે છે. ૭.

---

*. સભાને યોગ્ય (માનવંતા) સો પુરુષોમાં જૂગાર રમવાના દિવસે પાસાની રમત રમવાની મના નથી, એવો નિર્ણય છે એવો અર્થ છે.(લે)

૧. જુઓ ૧૦-૨૪-૧૯ થી ૨૩.

આવીને તેને વિજ્ઞપ્તિ કરવાની છે, એમ 'સૂર્ય' શબ્દથી કહેલું છે. આ ઉત્પન્ન કરનારો છે, અને હમણાં ભગવાન્ લીલાથી રહે છે, એટલે તે (લીલા)ને અનુકૂલ (પદાર્થો)ની ઉત્પત્તિ થાય તે માટે (અનુકૂલ કયા પદાર્થો છે એમ) પૂછવા આવે છે, એવો અર્થ છે.

પ્રશ્ન તો દૂત દ્વારા પણ થઈ શકે, તેથી વધારાનું (આવવાનું કારણ), 'આપનાં દર્શન કરવાની ઈચ્છાવાળો' વિશેષણથી કહે છે. (આપના ઉપર) સ્નેહ ન હોય, છતાં પણ દર્શન (કરવા)ની જરૂર છે, એમ 'હે જગત્ના પતિ' એ સંબોધનથી કહેલું છે. 'કિરણોના સમૂહથી આંજી દેતો' શબ્દોથી પોતે (ભગવાનને આ) નિવેદન કરવાનું કારણ કહેલું છે. દૂર રહેલા (સૂર્ય)નાં કિરણો થોડાં હોય છે, સમીપમાં તો કિરણોના સમૂહથી પીડા કરે છે. 'માણસોનાં' શબ્દથી (પોતે) થોડા સત્ત્વવાળા હોવાનું કહેલું છે.

'ત્યારે (તેનો) આ દોષ દૂર કરવો જોઈએ' એવી શંકા થાય, તેથી 'તીક્ષ્ણ કિરણોવાળો માણસોનાં નયનોને (આંજી દેતો)' શબ્દોથી તેનો આ (દોષ) સ્વાભાવિક છે એમ કહેલું છે. જ્ઞાન આપનાર ભગવાન્ અહિં પધારેલા છે, (ત્યારે સૂર્ય) જ્ઞાનનાં સાધન (નયન)ને જ દૂર કરે છે, તેથી (તેનો) ઉપાય કરવો જોઈએ. ૭.

'છતાં પણ તમે અંતરંગ (સેવકો) છો. તેમને[૧] (પીડા કરતાં) અટકાવો' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે:

**નન્વન્વિચ્છન્તિ તે માર્ગં ત્રિલોક્યાં વિબુધર્ષભાઃ ।।**
**જ્ઞાત્વાદ્ય ગૂઢં યદુષુ દ્રષ્ટું ત્વાં યાત્યજઃ પ્રભો ।।૮।।**

ખરેખર! ઉત્તમ દેવો ત્રણ લોકમાં આપના માર્ગને શોધે છે. હમણાં યાદવોમાં છૂપાએલા જાણીને આવે છે, અથવા બ્રહ્મા(આપના) દર્શન કરવા આવે છે. ૮.

દેવો આવે છે તેમને કેવી રીતે અટકાવવા ? તેમાં પણ પોતાના પ્રભુનાં દર્શન કરવા આવતા, અને તે પણ ઉત્તમ દેવો, (તેમને કેવી રીતે અટકાવવા ?) વળી હમણાં (આપને) યાદવોમાં છૂપાએલા જાણીને આવે છે તેમાં જો કોઈ અટકાવે, તો 'આ જ (અમને) ઠગે છે' એમ માની તેને જ તેઓ હણે.

છતાં પણ સૂર્ય નહિ આવતો હોય, કારણ કે તે સદા (આકાશમાં ફરવાના) કામમાં રોકાએલો હોય છે એવી શંકા થાય, તેથી 'અથવા[૨] બ્રહ્મા (આપનાં) દર્શન કરવા આવે છે' શબ્દો કહેલા છે. અથવા બ્રહ્મા દર્શન કરવા આવે છે. 'અવતરેલા

૧. અહિં 'તાન્નિવારયત' ને બદલે 'તન્નિવારયત' પાઠ હોવો જોઈએ. 'સૂર્યને અટકાવો' એવો અર્થ થાય. બહુવચન હોવાથી 'કિરણોને નયન આંજતાં અટકાવો' એવો અર્થ લેવો જોઈએ.

૨. 'દ્રષ્ટું ત્વાં'ને બદલે 'દ્રષ્ટું વા' પાઠ આચાર્યશ્રીએ લીધો હોય એમ જણાય છે.

(ભગવાન્) બીજું રૂપ ધારણ કરવાથી જૂદા પ્રકારના થતાં, પહેલાનો વ્યવહાર યોગ્ય નથી' એવી શંકા થાય, તેથી 'હે પ્રભુ!' એવું સંબોધન કરેલું છે. હે સર્વ (કરવા) શક્તિવાળા! (એવો અર્થ છે). ૮.

તે સમયે કર્મનો ત્યાગ કરવો ન જોઈએ એવા વિચારથી ભગવાને તે જ સ્થિતિમાં રહી પ્રજાના મોહને દૂર કર્યો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

શ્રીશુક કહે છેઃ

**નિશમ્ય બાલવચનં પ્રહસ્યામ્બુજલોચનઃ ।।**
**પ્રાહ નાસૌ રવિર્દેવઃ સત્રાજિન્મણિના જ્વલન્ ।।૯।।**

અજ્ઞાનીઓનું વચન સાંભળીને કમલ જેવાં નયનવાળા (ભગવાને) હસીને કહ્યું (કે) આ સૂર્યદેવ નથી, મણિથી પ્રકાશતો સત્રાજિત્ છે. ૯.

'બાલાનાં' અજ્ઞાનીઓનું (તે) વચન હતું, કારણ કે તે (અજ્ઞાની)ઓ પોતાની સરસાઈનો જ વિચાર કરે છે, પરંતુ કારણ જાણતા નથી. તે પ્રમાણે આ (દ્વારકાના લોકો) પણ મારી સરસાઈને જ પોતાની સરસાઈ તરીકે જાણે છે. તેથી જે કોઈ આવતો હોય તેને મોટો અને મારો સંબંધી માને છે. તેથી પોતાની સરસાઈમાં મચ્યા રહેનારા અજ્ઞાનીઓને જોઈને (ભગવાને) હસીને, તેમને (પોતાની) દૃષ્ટિથી જ સુખ આપ્યું એમ 'કમલ જેવાં નયનવાળા' શબ્દથી કહેલું છે. આ દેવરૂપ સૂર્ય નથી, પરંતુ સૂર્યનું તેજ છે, અને આ (સત્રાજિત્) સૂર્યનો ભક્ત છે તેથી 'દેવ' શબ્દ બરાબર ઘટે[1] છે. પરંતુ આ સત્રાજિત્ છે. 'આવો (પ્રકાશતો) કેવી રીતે થયો ?' એવી શંકા થાય, તેથી 'મણિથી પ્રકાશતો' વિશેષણ યોજેલું છે. ૯.

તેના ભોગનું નિરૂપણ કરી, નીચેના શ્લોકથી મણિથી તેને ધનની પ્રાપ્તિ થવાનું જણાવે છેઃ

**સત્રાજિત્સ્વગૃહં શ્રીમત્કૃતકૌતુકમઙ્ગલમ્ ।।**
**પ્રવિશ્ય દેવસદને મણિં વિપ્રૈર્ન્યવેશયત્ ।।૧૦।।**

જેમાં ઉત્સવ અને મંગલ કરાવેલ છે તેવાં સંપત્તિવાળા પોતાના ઘરમાં પ્રવેશ કરીને સત્રાજિતે દેવમંદિરમાં મણિને બ્રાહ્મણો પાસે મૂકાવ્યો. ૧૦.

ભગવાનની કૃપાથી મણિ રખાવ્યા પહેલાંથી જ સંપત્તિવાળું હતું, અને જેમાં ઉત્સવ અને મંગલ કરાવેલ છે તેવું સત્રાજિતનું ઘર થયું. આથી ધર્મ અને કામ જણાવ્યા. એવી રીતે (અર્થ, ધર્મ અને કામ એ) ત્રણનો સમૂહ જેને પોતાની મેળે પ્રાપ્ત થએલો છે તેવા ઘરમાં પ્રવેશ કરીને, સત્રાજિતે તે મણિમાં પોતાની ભક્તિ

૧. આ સૂર્ય દેવ નથી. સૂર્યનું તેજ અને સૂર્યનો ભક્ત છે, પણ સૂર્ય 'દેવ' નથી, એમ જણાવવા 'દેવ' શબ્દ યોજેલો છે.

ઘણી હોવાને લીધે 'દેવસદને' દેવની પૂજા કરવાના મંદિરમાં દૈત્યો ત્યાં પ્રવેશ કરે નહિ તે માટે બ્રાહ્મણો પાસે મંત્રપૂર્વક મણિને 'ન્યવેશયત્' સારી રીતે મૂકાવ્યો. ૧૦.

નીચેના શ્લોકમાં (ત્યાં) રાખેલ (મણિ)થી થતું ફલ કહે છેઃ

**દિને દિને સ્વર્ણભારાનષ્ટૌ સ સૃજતિ પ્રભો ।।**
**દુર્ભિક્ષમાર્યરિષ્ટાનિ સર્પાધિવ્યાધયોઽશુભાઃ ।।**
**ન સન્તિ માયિનસ્તત્ર યત્રાસ્તેઽભ્યર્ચિતો મણિઃ ।।૧૧।।**

હે પ્રભુ ! દિવસે દિવસે તે આઠ ભાર સોનું ઉત્પન્ન કરતો. જ્યાં પૂજેલો મણિ રહેતો ત્યાં દુકાળ, મારી, અનિષ્ટ, સર્પ, મનના રોગ, દેહના રોગ, અશુભ અને માયાવાળાઓ રહેતા નહિ. ૧૧.

'ભાર' એટલે બરાબર પાંચ મણ-ચાલીસ શેર મણ કહેવાય છે. તે અમુક તોલાનું માપ છે; અને તે ભાર આઠ, એટલે ચાલીસ મણ સોનું મણિ દરરોજ ઉત્પન્ન કરતો, કારણ કે તે મણિની ઉત્પત્તિ સૂર્યમાંથી થએલી. તેથી આ મણિ પણ 'પ્રસવિતા' ઘણું ઉત્પન્ન કરનારો હતો. તેની[1] ઈચ્છા ન હતી એમ જણાવવા 'હે પ્રભુ !' એવું સંબોધન કરેલું છે. મણિ માત્ર ઈચ્છેલું પ્રાપ્ત કરાવનાર જ ન હતો, પરંતુ અનિષ્ટને દૂર પણ કરતો, એમ છેલ્લી બે લીંટીઓથી કહેલું છે. 'દુકાળ' એટલે વરસાદ ન વરસવાથી થતી (અનાજની તંગી), 'મારી' એટલે શીતલા વિગેરે દેવોની સત્તાના વ્યાધિથી થતાં મરણ, 'અરિષ્ટ' એટલે મનના અને દેહના રોગનાં કારણરૂપ બીજા (મરણનાં ચિહ્નો), મનના રોગો, દેહના રોગો, વળી સ્વપ્ન વિગેરે અશુભ, અને રાક્ષસો પૂતના વિગેરે માયાવાળાઓ-જ્યાં પૂજેલો આ મણિ રહેતો ત્યાં આ (બધા) રહેતા નહિ, એમ મણિનું જણાય તેવું અને ન જણાય તેવું સામર્થ્ય વર્ણવેલું છે. ૧૧.

અયોગ્ય (પુરુષ)માં મોટો ધર્મ (સ્યમંતક જેવો કિંમતી મણિ) યોગ્ય નથી એમ વિચારી, આ મણિને લીધે સત્રાજિતનો નાશ થશે. અને પોતાના શહેરમાં (તેનો) નાશ થાય તે ઠીક નહિ, (વળી) બીજા દેવોની અહિં (દ્વારકામાં) સત્તા નહિ હોવાથી તેમની કૃપા પણ નકામી છે, એવા હેતુથી બંને લોકમાં ઈચ્છેલા પદાર્થોની પ્રાપ્તિ થાય તે માટે જેટલું દ્રવ્ય તે (મણિ)માંથી ઉત્પન્ન થાય તેટલું ગામો વિગેરેનાં (દાન) મારફત તે (સત્રાજિત)ને અપાવી ઉગ્રસેનને મણિ અપાવવા માટે ભગવાને સત્રાજિતને કાંઈક કહ્યું એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સ યાચિતો મણિં ક્વાપિ યદુરાજાય શૌરિણા ।।**
**નૈવાર્થકામુકઃ પ્રાદાદ્ યાચ્ઞાભઙ્ગમતર્કયત્ ।।૧૨।।**

---

૧. પરિક્ષિતની ઈચ્છા તેવો મણિ પ્રાપ્ત કરવાની ન હતી, એમ જણાવવા.

કોઈ સમયે શૌરિએ યાદવોના રાજા માટે તેની પાસે મણિ માગ્યો, ધનની કામનાવાળાએ તે ન જ આપ્યો, અને માગણી ન થાય તેવા વિચાર કરવા લાગ્યો. ૧૨.

'કોઈ સમયે' શબ્દથી ભગવાનનો એવો અભિપ્રાય જણાવેલો છે કે જેટલા સમયમાં (તારું) મૃત્યુ દૂર થાય તેટલા સમય માટે (તું મણિ) આપ, (અને) પછી (તું) પોતે જ રાખજે.

'જેની પાસે મણિ હોય તેનું જ મૃત્યુ થશે' એવી શંકા થાય, તેથી 'યાદવોના રાજા માટે[1]' શબ્દ યોજેલ છે. 'શૌરિએ' એ શબ્દથી (મણિ ઉગ્રસેનને) અપાવવાનું સામર્થ્ય અને લૌકિક પક્ષપાત કહેલાં છે.

છતાં પણ તેણે (મણિ) આપ્યો નહિ, એમ 'ધનની કામનાવાળાએ ન જ (આપ્યો)' શબ્દોથી કહેલું છે, કારણ કે તે પ્રાપ્ત થએલાં ધનની જ કામના રાખતો હતો, પરંતુ મૃત્યુ દૂર કરવાની (કામના) પણ રાખતો ન હતો, તેથી તેણે ન આપ્યો, અને જે પ્રકારે આ (ભગવાન્) માગે નહિ તેવા જ ઉપાયનો વિચાર કરવા લાગ્યો. 'સૂર્યને કહેવું, અને તે (સૂર્ય)ની મારફત ઉપદ્રવ કરાવવો, પછી માગશે નહિ' એમ માગણી ન થાય, તેવા વિચાર કરવા લાગ્યો. ૧૨.

એવી રીતે (૧) (ભગવાનની) આજ્ઞાનું ઉલ્લંઘન અને (૨) અપકારનું ચિંતન એવા બે તેના દોષો કહ્યા. તેને લીધે તેને પોતાને જ નુકશાન થયું, અને આજ્ઞાના ઉલ્લંઘનનું ફલ મરણ પણ પ્રાપ્ત થયું એમ બે અધ્યાયોથી કહે છે. ભગવદ્ભાવ વિનાનો આવો કિંમતી મણિ પણ નુકશાનકારક થયો એમ જણાવતાં, ભગવાનની આજ્ઞાના ઉલ્લંઘનથી તેમના સેવકની બુદ્ધિ જ દુષ્ટ થઈ તેથી, ભગવાનના ગુણો ભક્ત ઉપર જ ઉપકાર કરનારા હોવાથી માત્ર સત્રાજિતે જ પહેરવા યોગ્ય તે પૂજ્ય મણિને પણ સામાન્ય મણિ જાણીને, તેનો ભાઈ પ્રસેન પણ તેની પોતાની કીર્તિ થાય તે માટે કંઠમાં મણિ રાખીને (મૃગયા કરવા) ગયો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તમેકદા મણિં કણ્ઠે પ્રતિમુચ્ય મહાપ્રભમ્ ।।**
**પ્રસેનો હયમારુહ્ય મૃગયાં વ્યચરદ્વને ।।૧૩।।**

એક સમયે તે ઘણા તેજસ્વી મણિને કંઠમાં પહેરીને ઘોડા ઉપર બેસીને પ્રસેન વનમાં મૃગયા કરતો હતો. ૧૩.

---

૧. આભાસમાં કહ્યું તેમ અયોગ્ય પુરુષ પાસે આવો મણિ હોય તેથી અનિષ્ટ થાય, પરંતુ યાદવોના રાજા (રાજા હોવાથી) યોગ્ય પુરુષ હોઈ તેમની પાસે મણિ રહે તેથી તેમનું મૃત્યુ થવાનો ભય નથી, એવો ભાવ છે.

'આના તેજથી જનાવરો આંધળા થશે, (અને) પછી પકડાશે' એવા વિચારથી સૂર્યની પેઠે પ્રકાશતા ઘણા તેજસ્વી મણિને કંઠમાં પહેરી, પ્રસેન ઘણી સેનાવાળો હોવા છતાં એકલો ઘોડા ઉપર બેસીને મૃગયા કરવા ફરતો હતો. 'મૃગાઃ' જનાવરો 'યાન્તિ' નાશ પામે છે આમાં તે મૃગયા એટલે જનાવરોનો નાશ કરનારી રાજાઓની રમત; તે (કરવા)ના પ્રયોજનથી વનમાં ફરતો હતો. ૧૩.

(મણિ) ઘણાં તેજવાળો હોવાથી, (તેના તેજનો વિરોધ કરનાર સિંહ, તે (પ્રસેન)ને હણી મણિ લઈ ગયો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**પ્રસેનં સહયં હત્વા મણિમાચ્છિદ્ય કેસરી ।।**
**ગિરિં વિશઞ્જામ્બવતા નિહતો મણિમિચ્છતા ।।૧૪।।**

પ્રસેનને ઘોડા સાથે હણી, મણિ પડાવી લઈ સિંહ પર્વતમાં પ્રવેશ કરતો હતો ત્યારે મણિની ઈચ્છાવાળા જાંબવાને (તેને) હણ્યો. ૧૪.

અલૌકિક ઉપાયથી જનાવરોને હણવા ન જોઈએ, કારણ કે ભગવાને તેઓને અલૌકિક (કાંઈ) આપેલ નથી. તે (તેમને હણવા) માટે મૃગયા જ (મુકરર) કરેલી છે. મણિથી તેઓનો વધ (કરવાનો) વિચાર કરતાં, તે (મણિ)ને લીધે જ પોતે મરણ પામ્યો. તે મણિ દેવરૂપ હોવાથી, કોપેલો મણિ જેની પાસે રહેલ હોય તેની જ હત્યા કરાવે છે, એમ પરંપરાથી ઘણાના વધ કહેવામાં આવે છે. ઘોડા સાથે પ્રસેનને હણીને સિંહે મણિ લીધો. હલકાં સ્થાનમાં મણિને લઈ જતાં, પર્વતમાં પ્રવેશ કરવા ઈચ્છતાં ગુફામાં પ્રવેશ કરતાં તેને પણ જાંબવાને હણ્યો.

'તે (જાંબવાન) મોટા (મનવાળો) હતો. તેણે એ પ્રમાણે સિંહને કેમ હણ્યો ?' એવી શંકા થાય, તેથી 'મણિની ઈચ્છાવાળા' વિશેષણ યોજેલું છે. (તેણે સિંહને હણ્યો), કારણ કે હણાયા વિના સિંહ મણિ મૂકતો ન હતો. ૧૪.

તે (જાંબવાન)ને મણિનું (જે) પ્રયોજન (હતું તે) નીચેના શ્લોકમાં કહે છેઃ

**સોઽપિ ચક્રે કુમારસ્ય મણિં ક્રીડનકં બિલે ।।**
**અપશ્યન્ ભ્રાતરં ભ્રાતા સત્રાજિત્પર્યતપ્યત ।।૧૫।।**

તેણે પણ ગુફામાં મણિને કુમારનું રમકડું બનાવ્યું. ભાઈને નહિ જોતાં, ભાઈ સત્રાજિત દુઃખી થયો. ૧૫.

ગુફામાં એટલે પોતાને રહેવાની ગુફામાં 'કુમારસ્ય' ઘણા બાલકના રહેવાના સ્થાનમાં (મણિને) 'ક્રીડનકં' રમવાનું સાધન (રમકડું) બનાવ્યું. આટલું એક જ દિવસમાં થયું. પછી ભાઈને શોધવા માટે સત્રાજિતે માણસોને મોકલ્યા. પછી (તે) ક્યાંય પણ મળ્યો નહિ. તેથી ભાઈના સ્નેહને લીધે ભાઈને નહિ જોતાં, સત્રાજિત

દુઃખી થયો; કારણ કે મણિ પણ ગૂમાવ્યો અને ભાઈ પણ ગૂમાવ્યો. ૧૫.

પછી 'શું થયું ?' એવો વિચાર કરતાં, ભાઈની પેઠે આ (સત્રાજિત)ને પણ દુષ્ટ બુદ્ધિ થઈ, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**પ્રાયઃ કૃષ્ણેન નિહતો મણિગ્રીવો વનં ગતઃ ।।**
**ભ્રાતા મમેતિ તચ્છ્રુત્વા કર્ણે કર્ણેઽજપજ્જનઃ ।।૧૬।।**

કંઠમાં મણિ રાખીને વનમાં ગએલા મારા ભાઈને ઘણું કરી શ્રીકૃષ્ણે મારી નાખ્યો છે એમ (તેણે કહ્યું). તે સાંભળીને જન (એક બીજાના) કાનમાં કહેવા લાગ્યા. ૧૬.

'આ (પ્રસેન) પણ (મૃગયા કરવા) ગએલો. ભગવાન્ પોતે પણ મૃગયા (કરવા) પધારેલા, ત્યાં તેમણે પોતે (તેને) હણ્યો અથવા બીજા પાસે હણાવ્યો,' એમ (તેણે કહ્યું). 'ઘણું કરી' શબ્દથી (એમ કહેલું છે કે આ) ઉત્તમ માન્યતા (નિર્ણય) છે, કારણ કે શ્રીકૃષ્ણ જ મણિના ગુણોને હઠાવવા શક્તિવાળા છે. વળી પહેલાં તેમણે મણિ માગેલો એવું, અને વનમાં હણવાથી કોઈને પણ ખબર નહિ પડે એવું (તેને હણવાનું) કારણ પણ છે. એવો નિર્ણય કરીને ભગવાન્ ઉપર તેણે ખોટું તહોમત મૂક્યું.

'કોઈ પણ (એમ) કહેતું નથી. તેં કેમ (એવો) વિચાર કર્યો ?' એવી શંકા થાય, તેથી 'મારો ભાઈ' શબ્દ યોજેલ છે. મને તો (પ્રસેન) વહાલો હતો, તેથી હું કહું છું, બીજો શા માટે (એમ) કહે ? એવો ભાવ છે. વહુ વિગેરેને રહેવાના સ્થાનમાં ઘરમાં (તેણે) તે કહેલું. પછી એક બીજાના કાને (વાત) આવતાં લોક ધીરેથી બોલતા હતા. મંત્રની પેઠે ધીરે ધીરે ભગવાનની અપકીર્તિ બોલતા હતા, કારણ કે 'જનઃ' જન્મ લેનાર હતા, (અને) હલકા દોષથી જન્મમરણ વિગેરે (દુઃખ) પ્રાપ્ત થતાં નથી. ૧૬.

ભગવાન્ પહેલાં (આ) વૃત્તાંત જાણતા હતા, છતાં પણ લોકના નિયમ પ્રમાણે વ્યવહાર કરતાં, વિશ્વાસપાત્ર (પુરુષ)ના મુખથી પોતે પણ સાંભળીને પછી તેમણે તેનો ઉપાય કરવા પ્રયત્ન કર્યો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ભગવાંસ્તદુપશ્રુત્ય દુર્યશો લિપ્તમાત્મનિ ।।**
**માર્ષ્ટું પ્રસેનપદવીમન્વપદ્યત નાગરૈઃ ।।૧૭।।**

ભગવાન્ તે સાંભળીને પોતાને ચોટેલું કલંક દૂર કરવા નગરવાસીઓ સાથે પ્રસેનના પગલે પગલે પધાર્યા. ૧૭.

તે વૃત્તાંત વિશ્વાસપાત્ર (પુરુષ)ના મુખથી અથવા અકસ્માત્ સાંભળીને

(ભગવાન્ પ્રસેનના પગલે પગલે પધાર્યા). ઉપશ્રુતિ (વૃત્તાંત) સર્વને જણાવે છે. તેથી તેનો ઉપાય કરવા (ભગવાને) પ્રવૃત્તિ કરી એમ કહેવા, 'પોતાને ચોંટેલું કલંક દૂર કરવા' શબ્દોથી (તેનો) ઉપાય કરવાનું પ્રયોજન કહેલું છે. કલંકનું 'આલિપ્તં' ચોંટવું એટલે લેપની પેઠે (પોતાની) ઉપર દેખાવું. 'પોતાને' શબ્દથી (એમ કહેલું છે કે) જો ભગવાન્ તેને દૂર ન કરે તો (ભગવાન્) પોતે સર્વના આત્મા હોવાથી, તે દોષ (ભગવાનને એટલે સર્વના આત્માને) રહેવાથી, કોઈની પણ મુક્તિ થાય નહિ. તેથી તેને દૂર કરવો એ યોગ્ય જ છે. તે (દૂર કરવાનું કાર્ય) લોકના નિયમ પ્રમાણે જ કરવું જોઈએ, તેથી (ભગવાન્) નગરવાસીઓ સાથે પ્રસેનના પગલે પગલે પધાર્યા, એટલે પગલાંના ચિહ્ન જાણનાર (લોકો) સાથે તે (પ્રસેન) ગયો હતો તે માર્ગે 'અન્વપદ્યત', તે જ માર્ગે પોતે નગરવાસીઓ સાથે પધાર્યા. તેમ ન કરે તો લોક બનાવટ (ઢોંગ) જાણે (માને). ૧૭.

પછી તેને જોયો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**હતં પ્રસેનમશ્વં ચ વીક્ષ્ય કેસરિણા વને ।।**
**તં ચાદ્રિપૃષ્ઠે નિહતમૃક્ષેણ દદૃશુર્જનાઃ ।।૧૮।।**

લોકોએ પ્રસેનને અને ઘોડાને વનમાં સિંહથી હણાએલા જોયા અને તેને પર્વત ઉપર રીંછે હણેલો જોયો. ૧૮.

સિંહના નખોનાં ચિહ્નો દેખાયાથી, સિંહે જ હણેલો જાણ્યો. પછી મણિ પણ આ (સત્રાજિત)ને આપવાનો હતો તેથી, (અને સિંહે) પોતાના ગોત્રમાં ઉત્પન્ન થએલા યાદવ(પ્રસેન)ને હણ્યો હતો તેથી, (ભગવાન્) પગલાંના ચિહ્નો જાણનારાઓ સાથે જ સિંહ ગયો હતો તે માર્ગે પધાર્યા, તેને પણ બધાએ લોકોએ 'આદ્રિપૃષ્ઠે' પર્વત ઉપર હણાએલો જોયો, અને તે પણ રીંછથી (હણાએલો જોયો), રીંછનાં પગલાંના ચિહ્નોથી તે જણાયું. ૧૮.

રીંછને શોધવા ભગવાને પ્રવૃત્તિ કરી એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ઋક્ષરાજબિલં ભીમમન્ધેન તમસાવૃતમ્ ।।**
**એકો વિવેશ ભગવાનવસ્થાપ્ય બહિઃ પ્રજાઃ ।।૧૯।।**

પ્રજાને બહાર રાખીને રીંછરાજની ભયંકર અને ગાઢ અંધકારથી છવાએલી ગુફામાં ભગવાન્ એકલા પધાર્યા. ૧૯.

જો કે ભગવાન્ ભક્તને માટે જ ત્યાં પધાર્યા હતા, છતાં પણ મણિને (લાવી આપવા) માટે (ભગવાને) દુઃખદાયક (કાર્ય) પણ કર્યું એમ લોકમાં જણાવવા, તેમણે તે ગુફામાં પ્રવેશ કર્યો.

'રીંછ હલકો પશુ છે. ભગવાન્ ત્યાં (તેની ગુફામાં) શા માટે પધાર્યા ?' એવી શંકા થાય, તેથી 'રાજ' શબ્દ યોજેલો છે. રીંછનો રાજા મોટો જ હોવો જોઈએ. બીજો (ત્યાં) જઈ શકે તેમ ન હતું એમ જણાવવા, 'ભયંકર અને ગાઢ અંધકારથી છવાએલી' એવાં (ગુફાનાં) વિશેષણો કહેલાં છે. (ત્યાં) અંતઃકરણ અને ઈન્દ્રિયોનાં કાર્ય થઈ શકે તેમ ન હતાં એમ જણાવવા (એ) બે વિશેષણો (યોજેલાં) છે. (ત્યાં) ગાઢ અંધકાર હતો એટલે કોઈ સમયે સૂર્યનું તેજ (પહોચ્યું) ન હતું. આથી એમ સૂચવેલું છે કે મણિએ પણ ત્યાં પ્રકાશ કરેલો ન હતો. તેથી ભગવાન્ બીજાઓને બહાર રાખીને એટલે પોતે દયાળુ હોય તેમ જણાવીને (એકલા ગુફામાં પધાર્યા). (બીજા સાથે હતા તે) સાધારણ (પુરુષો) હોવાથી, શક્તિ વિનાના હોવાથી અને રોકી શકે તેવા નહિ હોવાથી તેમણે ભગવાનને (ગુફામાં પધારતાં) અટકાવ્યા નહિ એમ જણાવવા, (તેમને માટે) 'પ્રજા' શબ્દ યોજેલો છે. સાધારણ (પુરુષો) તો ત્યાંથી પાછા (દ્વારકા) ગયા એમ જણાવવા પ્રજાને જ બહાર રાખ્યાનું કહેલું છે. 'પ્રાયશ્ચિત્ત એકલાએ જ કરવું જોઈએ' એવી મર્યાદાનું જાણે કે પાલન કરતા હોય તેમ, ભગવાન્ એકલા જ (ગુફામાં) પધાર્યા. યાદવો પણ ભગવાનની ઈચ્છાથી અને અપકીર્તિના પણ ભયથી સાથે ગયા નહિ. ૧૯.

ત્યાં પ્રવેશ કર્યા પછી (ભગવાને) મણિ જોયો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તત્ર દૃષ્ટ્વા મણિશ્રેષ્ઠં બાલક્રીડનકં કૃતમ્ ।।**
**હર્તું કૃતમતિસ્તસ્મિન્નવતસ્થેઽર્ભકાન્તિકે ।।૨૦।।**

ત્યાં ઉત્તમ મણિને બાલકનું રમકડું બનાવેલું જોઈને, (તેને) હરવાનો વિચાર કરી (ભગવાન્) તે બાલકની નજીકના સ્થલમાં ઉભા રહ્યા. ૨૦.

જો કે ત્યાં બીજા પણ દિવ્ય નાગલોકના મણિઓ હતા, (અને) તેથી સ્યમંતકને ઓળખવો એ કઠણ હતું, છતાં પણ (તે પોતે) સ્વભાવથી જ ઉત્તમ હતો, તેથી લૌકિક પ્રકારથી પણ ઓળખી શકાય તેમ હતું એમ જણાવવા 'ઉત્તમ મણિને' શબ્દ યોજેલ છે.

'છતાં પણ મણિ છૂપાં જ સ્થલે રાખવામાં આવે છે. તેથી ભગવાને લૌકિક પ્રકારથી તેને કેવી રીતે જોયો ?' એવી શંકા થાય, તેથી 'બાલકનું રમકડું (બનાવેલું)' શબ્દ યોજેલ છે. બાલક રમે તે માટે (પારણાં) ઉપર બાધેલો હતો, એવો અર્થ છે. બીજા પુરાણમાં તો એમ કહેલું છે કે (ભગવાને) સ્યમંતકને ઓળખાવનારું વચન પણ સાંભળ્યું. 'સિંહે પ્રસેનને હણ્યો, જાંબવાને સિંહને હણ્યો. હે સુંદર બાલક ! તું રડ નહિ, કારણ કે આ સ્યમંતક તારો છે' એમ ત્યાં (તો પુરાણમાં) બાલકનું લાલન

કરતી ધાવ કહે છે. તેથી લૌકિક પ્રકારથી પણ (સ્યમંતકને) ઓળખીને, 'અપકીર્તિ દૂર કરવા આ (સ્યમંતક) લઈ જવો જોઈએ, અને આ (જાંબવાન અથવા બાલકનો) કુદરતથી* નથી, (આને મણિનો) તેવો ઉપયોગ નથી, બાલકને સમજાવવાનું તો માત્ર રંગથી પણ થાય, (મણિની) પૂજા થતી નહિ હોવાથી ધનની ઉત્પત્તિ થતી નથી, (આ જાંબવાન અથવા બાલકને) સુવર્ણનો પણ ઉપયોગ નથી, અને પામર (જીવો)ને પૂછવું ન પડે એમ ક્લેશ વિના કાર્ય પણ થાય' એવા અભિપ્રાયથી (ભગવાને) પોતે જ (મણિને) લઈ જવાનો વિચાર કર્યો. પછી (ભગવાનના એ) વિચારે જ ક્લેશ વિના કાર્ય થાય તે માટે બધી સામગ્રી પ્રાપ્ત કરાવી એમ કહે છે. આરંભમાં ભગવાન્ બાલક પાસે કેટલાક સમય સુધી શાંત જ ઉભા રહ્યા, પરંતુ (મણિ) લઈને ત્યાંથી બહાર ન પધાર્યા. ૨૦.

(જાંબવાન) મોટો હતો, ભક્ત હતો, છતાં પણ ચોરી વિગેરેથી જીવન ચલાવતાં વિષયોમાં આસક્તિવાળો થવાથી પ્રાકૃત થએલો. તેથી તેના સંબંધને લીધે તેના સેવકો પણ પ્રાકૃત જ બનેલા. તેથી સદ્બુદ્ધિ નહિ હોવાથી અને વિષયમાં આસક્તિ હોવાથી ભગવાનને જોઈને વિચાર પણ કર્યા વિના, ધાવે રાડ પાડી એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તમપૂર્વં નરં દૃષ્ટ્વા ધાત્રી ચુક્રોશ ભીતવત્ ।।**
**તચ્છ્રુત્વાભ્યદ્રવત્ક્રુદ્ધો જામ્બવાન્બલિનાં વરઃ ।।૨૧।।**

તે નવા નરને જોઈને ભય પામેલીની પેઠે ધાવે રાડ પાડી. તે સાંભળીને બલવાનોમાં ઉત્તમ જાંબવાન કોપ કરીને દોડી આવ્યો. ૨૧.

જો (આ દેખાય છે તે પુરુષ) દેવોમાંનો કોઈ હોત તો વાચા બંધ કરવાનું વિગેરે કાંઈ કરત. (તેમ કરેલ નથી) તેથી તે (કોઈ દેવ) નહિ હોવાથી, (અને) ભગવાન્ ક્લેશ વિના કર્મ કરનારા છે એમ જાણીને[૧], આ નર છે એમ (ધાવે) જાણ્યું. અથવા 'નર' શબ્દ આકૃતિ જણાવનારો[૨] છે.

સ્વસ્થ હોય તે પણ રાડ પાડે એવું સંભવે છે તેથી તેમ ન હતું એમ જણાવવા, અથવા (આ નર) પુત્રને મારશે એવા વિચારથી (અને) જાંબવાન પણ મોટો (બહાદૂર) હોવાથી તેવો ભય નહિ હોવાથી, ભય પામેલીની પેઠે તેણે રાડ પાડી,

---

*. વાસ્તવિક રીતે મણિ જાંબવાનની અથવા બાલકની માલીકીનો નથી, એવો અર્થ જણાય છે.

૧. ભગવાન્ ક્લેશ વિના કર્મ કરનારા છે, અને આ છૂપાઈ ચોરી કરવા આવેલ હોય તેવા હોવાથી ભગવાન્ નથી, માટે 'નર' જ છે એવો ભાવ છે.

૨. 'નર' એટલે 'માણસની આકૃતિવાળા' એવા અર્થમાં યોજાએલ છે.

કારણ કે તે બાલકનાં રક્ષણમાં રચીપચી રહેલી ધાવ હતી. પછી (ઘરની) અંદર બીજા કામમાં રોકાએલો હોવા છતાં, તે ધાવનું વચન સાંભળીને જાંબવાન આવ્યો એમ ઉત્તરાર્ધથી કહે છે 'મારા રહેઠાણે પણ મણિ માટે કોણ આવ્યો ?' એવા વિચારથી (તેને) ક્રોધ થયો. રામાયણમાં ઉત્તમ બુદ્ધિ માટે 'જાંબવાન' એવા નામથી પ્રસિદ્ધ થએલો, તેવો (ઉત્તમ બુદ્ધિવાળો) પણ વિચાર કર્યા વિના આવ્યો. તેનું કારણ (તેને) બલનું અભિમાન હતું, એવા અભિપ્રાયથી 'બલવાનોમાં ઉત્તમ' વિશેષણ યોજેલું છે. બલવાનોએ પણ પસંદ કરવા યોગ્ય (તે હતો) એવો અર્થ છે. ૨૧.

આવા (ઘણી બુદ્ધિવાળા)એ પણ કાલ વિગેરેને લીધે અજ્ઞાની થઈ ભગવાન્ સાથે યુદ્ધ કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સ વૈ ભગવતા તેન યુયુધે સ્વામિનાત્મનઃ ॥**
**પુરુષં પ્રાકૃતં મત્વા કુપિતો નાનુભાવવિત્ ॥૨૨॥**

કોપ પામેલા અને પ્રભાવ નહિ જાણનારા તેણે પોતાના તે સ્વામીને પ્રાકૃત પુરુષ માનીને તેમની સાથે યુદ્ધ કર્યું જ. ૨૨.

(જાંબવાન) પોતે પણ પ્રસિદ્ધ[1] હતો. (આ શબ્દથી) એમ સૂચવેલું છે કે તેમ (યુદ્ધ) કરતાં તેની લોકમાં અપકીર્તિ પણ થશે. તેમાં પણ નિશ્ચય પૂર્વક (યુદ્ધ કર્યું). જીવે શરીરથી ભગવાનની આરાધના કરવાની છે, તેમાં પણ પોતાના સ્વામી એટલે પોતે જ જેમની ઉપાસના કરતો હતો તે સ્વરૂપ સાથે (યુદ્ધ કર્યું).

'તે (શ્રીકૃષ્ણ જાંબવાન જેમની ઉપાસના કરતો હતો તે સ્વરૂપ) કેવી રીતે ?' એવી શંકા થાય, તેથી 'તમ્' 'તે' શબ્દ યોજેલો છે. તેમની એટલે રઘુનાથની સાથે (યુદ્ધ કર્યું). કારણ કે શ્રીકૃષ્ણ જ રઘુનાથ હતા, તે જ બધી સામગ્રી લઈને (ફરી ભૂતલ ઉપર) પધાર્યા હતા. બલભદ્ર તે જ લક્ષ્મણ હતા. રુક્મિણી તે જ સીતા હતાં, યાદવો તે વાનરો હતા, દ્વારકા તે જ અયોધ્યા હતી, અને ગોમતી તે જ સરયૂ હતી.

'ત્યારે તેણે (તેમની સાથે) યુદ્ધ કેમ કર્યું ?' એવી શંકા થાય, તેથી '(પ્રાકૃત) પુરુષ (માનીને)' શબ્દ યોજેલ છે. પ્રાકૃત પુરુષ એટલે પ્રકૃતિના અધિષ્ઠાતા (દેવ) માનીને (યુદ્ધ કર્યું), પરંતુ પુરુષોત્તમ (જાણીને કર્યું ન હતું).

'મોટા (જાંબવાન)માં પણ આવું અજ્ઞાન કેમ ?' એવી શંકા થાય, તેથી 'કોપ પામેલા અને પ્રભાવ નહિ જાણનારા' વિશેષણો યોજેલાં છે. જોઈને ક્રોધને લીધે તેણે અલૌકિકપણું ન જાણ્યું, (અને) પહેલાં કરેલ ગોવર્દ્ધન(નો ઉદ્ધાર) વિગેરે (લીલા)નો પ્રભાવ તો સત્સંગ નહિ હોવાથી અને ગુફામાં રહેનારો હોવાથી તેણે

---

૧. શ્લોકમાંના 'સ' શબ્દનું આ વ્યાખ્યાન છે.

સાંભળ્યો ન હતો. તેથી પ્રભાવ નહિ જાણતો હોવાથી અને કોપથી ભરપૂર હોવાથી પોતાના સ્વામી તરીકે (તેમને) નહિ જાણતાં (તેમની સાથે) યુદ્ધ કર્યું; અને ભગવાન્ ક્લેશ વિના કર્મ કરનારા છે. તેમણે (કાંઈ પણ) કીધા વિના જ યુદ્ધ કર્યું, કેટલાક એમ કહે છે કે પ્રકૃતિ કાલ વિગેરે ભગવાનની (જાંબવાન)નો ઉદ્ધાર[2] કરવાની લીલા સહન કરી શક્યા નહિ, તેમને પીડવા માટે જેમ ચાલીને ચરણો કોમલ કરે તેમ પુરુષને મૂકી દેતાં (બાકીનાં) સત્તાવીશ તત્ત્વો જેમ કઠણાઈ તજી દે તેવી રીતે સેવક (જાંબવાન) ઉપર કરેલા મુક્કીના પ્રહારોથી ભગવાને તેમને કોમલ કર્યા. બીજાઓ એમ કહે છે કે 'લાંબા સમયની મલ્લયુદ્ધ કરવાની ઈચ્છાથી ભગવાને તેમ (યુદ્ધ) કર્યું.'

(ભગવાને એ પ્રમાણે યુદ્ધ કર્યું), કારણ કે રામાવતારમાં રામે 'તારી પૂજા હું ગ્રહણ કરીશ' એવું તેને વરદાન આપેલું. પછી તેણે 'મારું બલ વ્યર્થ જાય છે' એવી વિજ્ઞપ્તિ કરતાં, ભગવાને પછી કહેલું કે 'હમણાં બુદ્ધિ પ્રકટ કર, બલ પછી તું પ્રકટ કરજે, કારણ કે કોઈપણ જીવ તારું પરાક્રમ (બલ) સહન કરવાની શક્તિવાળો નથી.' તેથી તે (જાંબવાન)માં મૂકેલી જ્ઞાનશક્તિ પહેલાના (રામના) અવતારમાં ગ્રહણ કરીને, અત્યારે (શ્રીકૃષ્ણાવતારમાં) બલશક્તિ પણ ગ્રહણ કરીને, (તેની) પૂજા ગ્રહણ કરીને ભગવાન્ તેને મુક્તિ આપશે. એવા અભિપ્રાયથી ભગવાને તે પ્રમાણે (ગુફામાં પધારી યુદ્ધ કરવાનો) ઉદ્યોગ કરેલો છે. ૨૨.

'ગ્રહો વિગેરેના કારણથી જય થતો નથી' એવી કદાચ તે (જાંબવાન)ને શંકા થાય, તેથી તે દૂર કરવા માટે બધાએ નક્ષત્રોમાં નિરંતર યુદ્ધ કર્યું,[1] એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**દ્વન્દ્વયુદ્ધં સુતુમુલમુભયોર્વિજિગીષતોઃ ।।**
**આયુધાશ્મદ્રુમૈર્દોર્ભિઃ ક્રવ્યાર્થે શ્યેનયોરિવ ।।૨૩।।**

જેમ માંસને માટે બે બાજ લડે તેમ જીતવા ઈચ્છનાર બંનેનું હથીઆરો,

૨. અહિં લોકના ધર્મને આગળ કરી લીલા કરવામાં આવે છે. તેમાં 'પ્રકૃતિ' એટલે લોકના ધર્મોને અનુસરવું તે. 'કાલ' સત્તાવીશ નક્ષત્રરૂપ છે. 'વિગેરે' શબ્દથી કર્મ અને સ્વભાવ કહેલા છે, આ બધા સહન કરી શક્યા નહિ, એવો અર્થ છે (લે). 'ઉત્તરાર્ધલીલાયામ્' પાઠ લેખકારે લીધેલ છે. દેવકીનંદન પ્રેસવાળી પ્રતમાં 'ઉદ્ધારાર્થલીલાયામ્' પાઠ છે, તે સારો જણાયાથી તે પ્રમાણે અર્થ કરેલ છે. ભગવાન્ ભક્ત જાંબવાનનો ઉદ્ધાર કરવા માટે ગુફામાં પધારેલા છે. શા માટે તેની સાથે તેમણે યુદ્ધ કર્યું તે આ શ્લોકના શ્રીસુબોધિનીના અંતે જણાવેલું છે. ૨૮ તત્ત્વો શ્રીમદ્ભાગવત ૧૧।૨૨।૧માં કહેલા છે, તેમજ તે જ અધ્યાયમાં શ્લોક ૧૪થી ગણાવવા માંડેલ છે. અઠાવીસમાં 'પુરુષ'નો પણ સમાવેશ થાય છે.

૧. આ (ત્રેવીસમા તથા ચોવીસમા) એ બે શ્લોકોનો આભાસ છે એમ જાણવું (લે).

પથરા, વૃક્ષો અને બાહુઓથી સારી રીતે તુમુલ દ્વન્દ્વયુદ્ધ થયું. ૨૩.

બેનું જ યુદ્ધ તે દ્વન્દ્વયુદ્ધ, સારી રીતે એટલે સારા પ્રકારે થયું, પરંતુ નટોની પેઠે માત્ર (નાટક) ભજાવવાનું (થયું) ન હતું. તુમુલ એટલે ઘણું. પ્રહાર કરતાં બધા બલનો ઉપયોગ એ (યુદ્ધનું) તુમુલપણું. 'જીતવા ઈચ્છનારા બંનેનું' શબ્દોથી તેમ (યુદ્ધ) કરવાનું પ્રયોજન કહેલું છે. '(ભગવાન્) તરત જ પ્રહારથી દુઃખ પામી યુદ્ધ પડતું મૂકે' એવી અજ્ઞાનને લીધે જાંબવાનની જીતવાની ઈચ્છા હતી. 'હારેલો જ (જાંબવાન મને) ઓળખશે[2]' એમ (પોતાને) ઓળખાવવાની ભગવાનની (ઈચ્છા હતી). 'હથીઆરો (પથરા, વૃક્ષો અને બાહુઓથી)' શબ્દથી ત્યાં યુદ્ધ (કરવા)નાં ઘણાં સાધનો (હતાં એમ) કહેલ છે. આરંભમાં જુદા જુદા પ્રકારના સાધનો હતાં. કેટલાક એમ કહે છે કે (જાંબવાન) ઘણો શૂરવીર હોવાથી ભગવાનને પણ (હથીઆરો) આપીને યુદ્ધ કરતો હતો. બીજાઓ એમ કહે છે કે જે હથીઆર જાંબવાન લેતો તે જ ભગવાન્ પ્રકટ કરતા. સાચો વૃત્તાંત એવો છે કે જે (હથીઆર જાંબવાન) ફેંકતો, તે જ પકડીને તેનાથી (ભગવાન્ તેને) પ્રહાર કરતા. પથરા અને વૃક્ષો તો સ્હેલાઈથી મળે તેવા હતા. બધાએ (હથીઆરો) ભાંગી ગયા ત્યારે બાહુઓથી (યુદ્ધ કરવા મંડ્યા).

'આ યુદ્ધ કયા પ્રકારનું હતું' એવી શંકા થાય, તેથી 'જેમ માંસ માટે બે બાજ લડે' એવું દષ્ટાંત કહેલું છે. માંસને ઠેકાણે સ્યમંતક મણિ હતો, (અને) બાજ પક્ષીઓમાં સર્વથી બલવાન છે જ. જ્યાં સુધી સ્યમંતક મળે ત્યાં સુધી યુદ્ધ (કરવાના હતા), એવો અર્થ છે. (યુદ્ધ માટે સ્યમંતક) ઘણો આગ્રહ ઉત્પન્ન કરતો હતો, તેથી તેને માંસની સમાન (કહેલો) છે. 'ક્રવ્યમ્' ઉત્તમ કાચું માંસ સદા જીવન માટે જરુરી હોય છે, તેમ લોકમાં અપકીર્તિ દૂર કરવા માટે ભગવાનને (સ્યમંતકની) જરુર હતી. તે (જાંબવાન)ને પણ પ્રકાશતો (મણિ સિંહ ઉપરના) વિજયથી પ્રાપ્ત કરેલો છે. એવા મોહને લીધે જોઈતો હતો. બાજ જાતના (પક્ષી)ઓને અને શીયાળોને ભૂખની પીડા થતી નથી, તેથી ઘણાં વિષયો (આ યુદ્ધ કરનારા અને બાજમાં) સમાન જોઈને, બે બાજનું દષ્ટાંત આપેલું છે. ૨૩.

એ પ્રમાણે (થએલાં) યુદ્ધનો સમય નીચેના શ્લોકમાં કહે છેઃ

**આસીત્તદષ્ટાવિંશાહમિતરેતરમુષ્ટિભિઃ ।।**
**વજ્રનિષ્પેષપરુષૈરવિશ્રમમહર્નિશમ્ ।।૨૪।।**

વજ્રના પ્રહારથી કઠોર એક બીજાની મુક્કીઓથી અટક્યા વિના રાતદિવસ

૨. મારાથી જીતાએલો મારો ભક્ત જ મારું સ્વરૂપ જાણે છે, એવો અર્થ છે. (લે)

અઠ્ઠાવીસ દહાડા સુધી તે ચાલ્યું. ૨૪.

અઠ્ઠાવીસમા દિવસે (જાંબવાનને આ ભગવાન્ છે એવું) જ્ઞાન થયું, તેથી તે ફલરૂપ દિવસનો પણ યુદ્ધની અંદર સમાવેશ કરેલો છે. વજ્રના પ્રહારથી પણ કઠોર એકબીજાની મુક્કીઓથી વચ્ચે અટક્યા વિના તે યુદ્ધ (રાતદિવસ) ચાલ્યું. 'રાતદિવસ' શબ્દથી એમ સૂચવેલું છે કે આ લોકમાં જરુરી કાલને લીધે થતો વિસામો (રાતનો આરામ) પણ રહેતો નહિ. જેટલો પ્રહાર તે કરતો તેટલો ભગવાન્ કરતા. તે પણ બલરૂપ હોવાથી વજ્રના પ્રહારથી પણ તેનો પ્રહાર કઠોર હતો. તેથી (બંનેના પ્રહાર) સરખા હોવાથી, (કોઈ) અટકતું ન હતું, તેમ જ કોઈનો પરાજય થતો ન હતો. (જાંબવાન) ભક્ત હોવાથી ભગવાને હણવા યોગ્ય ન હતો, ભગવાનને તો મારવાનું અશક્ય જ હતું, અહિં[1] કાંઈક ખોટી કથા કહેલી છે. માહામાયાનું પૂજન આગળ[1] કહેલું છે તેનાથી (તે) વિરુદ્ધ હોવાથી તે ધ્યાનમાં લેવી નહિ. બીજાઓ (તેને) જૂદા કલ્પની ગણી સમાધાન કરે છે. ૨૪.

તે (જાંબવાન)નું બલ કાલે કરેલું (આપેલું) હોવાથી સત્તાવીશ પ્રકારનો કાલ (૨૭ નક્ષત્રો)[1] થઈ, જતાં, (અને) પ્રકૃતિએ કરેલું બલ હતું એવા મત પ્રમાણે પણ તે બલ અઠ્ઠાવીસ પ્રકારનું હોવાથી જ્યારે(અઠ્ઠાવીસમો) પુરુષનો[2] પ્રકાર આવ્યો, ત્યારે તરત જ તેને વિવેક[2] ઉત્પન્ન થયો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**કૃષ્ણમુષ્ટિવિનિષ્પાતનિષ્પિષ્ટાઙ્ગોરુબન્ધનઃ ।।**
**ક્ષીણસત્ત્વઃ સ્વિન્નગાત્રસ્તમાહાતીવ વિસ્મિતઃ ।।૨૫।।**

શ્રીકૃષ્ણની મુક્કીના પ્રહારથી જેના અવયવો અને તેમના ઘણાં સાંધાઓ ઢીલા થઈ ગએલા હતા, જેનાં સત્ત્વનો ક્ષય થયો હતો અને જેનાં અયવયોમાં પરસેવો થએલ હતો તેવા જાંબવાને ઘણો વિસ્મય પામી તેમને નીચે પ્રમાણે કહ્યું. ૨૫.

તેનાં બલનો ક્ષય થયો ત્યારે પણ ભગવાનનાં બલનો ક્ષય થયો ન હતો એમ (કહેલું છે). પછી થોડા પ્રહારથી પણ જેના અવયવો ભાંગી ગએલા છે અને

---

૧-૧. 'અહિં' એટલે આ પ્રસંગમાં હરિવંશમાં ખોટી કથા એવી કહેલી છે કે શ્રીકૃષ્ણે ગુફામાં પ્રવેશ કર્યો ત્યારે લોકોએ વસુદેવને આગળ કરી દ્વારકા આવી શ્રીકૃષ્ણનું અનિષ્ટ થયાનું જાહેર કર્યું. આ અધ્યાયના શ્લોક ૩૩ થી ૩૫ સુધીમાં કહેલા વૃત્તાંતથી તે વિરુદ્ધ હોઈ ખોટી છે, તેથી તે ધ્યાનમાં લેવી નહિ.

૧. દરરોજ ચંદ્ર એક નક્ષત્રનો ભોગ કરે છે, તેથી ૨૭ દિવસે ૨૭ નક્ષત્ર થઈ ગયો.

૨-૨. પ્રકૃતિના ૨૮ તત્ત્વો પૈકી પુરુષ સિવાયના તત્ત્વોમાં યુદ્ધ કર્યું. પુરુષ તત્ત્વનો પ્રસંગ આવ્યો ત્યારે તેને વિવેક એટલે સત્ય જાણવાની બુદ્ધિ આવી, અને આ ભગવાન્ છે એવું જ્ઞાન થયું. ૨૮ તત્ત્વો સંબંધી પાછલા બાવીસમા શ્લોક ઉપરના શ્રીસુબોધિની જૂઓ.

અવયવોના ઘણાં સાંધાઓ ઢીલા થઈ ગએલા છે તેવો એટલે જેના સર્વ અવયવો ભાંગી ગએલા છે તેવો થયો, એવો અર્થ છે. હાથ પગ વિગેરે ભાંગી ગયા. પછી (યુદ્ધ કરવા) અશક્ત થઈ વિચાર કરવા લાગ્યો એમ કહેવા માટે, 'જેના સત્ત્વનો ક્ષય થયો હતો, અને જેના અવયવોમાં પરસેવો થએલ હતો' એ વિશેષણોથી (તેની) બહારની અને અંદરની[3] અશક્તિ જણાવેલી છે. અંતઃકરણમાં વિવેકનો અને ધૈર્યનો ક્ષય થયો, અવયવોમાં પરસેવો થતાં શરીર પણ નબળું નીચોવી નાખેલું હોય તેવું થયું. પછી તે વિસ્મય પામ્યો. વિચાર કરતાં સમાગમ વિગેરે પ્રાકૃત ગુણોથી 'આ જીવ છે' એમ જણાતાં, 'કોઈપણ (જીવ) મારી સમાન બલવાળો જ નથી, તો પછી (આ મારાથી) વધારે બલવાળો કેવી રીતે થયો ?' એવું આશ્ચર્ય થયું. અથવા (આ જો) ભગવાન્ હોય તો આવા સ્વરૂપથી કેમ પધાર્યા ? એમ બંને (વિષય)માં વિરોધ હોવાથી ઘણો જ વિસ્મય પામ્યો. ૨૫.

પછી વિરોધ મટાડવાનો વિચાર કરતાં, (ભગવાનની) લીલાને લીધે પણ પ્રાકૃત (પુરુષ)ના જેવી ચેષ્ટા થાય છે, એવો નિશ્ચય કરીને, અને બલ (ભગવાનનું હોવાનું) પ્રત્યક્ષ સાબિત થએલ હોવાથી 'આ ભગવાન જ છે' એમ જાણીને, પોતાનો પરાજય મનની બહુ પીડા કરતો નથી એમ જણાવતાં, નીચેના (શ્લોકથી આરંભી) ત્રણ શ્લોકોથી ભગવાનની સ્તુતિ કરે છેઃ

**જાને ત્વાં સર્વભૂતાનાં પ્રાણ ઓજઃ સહો બલમ્ ।।**
**વિષ્ણું પુરાણપુરુષં પ્રભવિષ્ણુમધીશ્વરમ્ ।।૨૬।।**

હું આપને સર્વ પ્રાણીઓના પ્રાણ, ઈન્દ્રિયોની શક્તિ, અંતઃકરણની શક્તિ (અને) બલ, વિષ્ણુ, પુરાણપુરુષ, ઉત્પન્ન કરનાર અને વશ રાખનાર જાણું છું. ૨૬.

**રાજસૈઃ સાત્ત્વિકૈશ્ચૈવ તામસૈશ્ચ ત્રિભિર્ગુણૈઃ ।।**
**સમ્પૂર્ણૈઃ સહિતો વિષ્ણુર્ભગવાનેવ નાન્યથા ।।૬।।**

રાજસ તેમજ સાત્ત્વિક અને તામસ ત્રણ સંપૂર્ણ ગુણો સાથે (આપ) ભગવાન્ વિષ્ણુ જ છો, (તે) ખોટું નથી. કા. ૬.

'(જાંબવાન યુદ્ધ કરતાં) કેમ અટક્યો ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'જાણું છું' શબ્દથી એમ કહેલું છે કે (ભગવાનને) ઓળખીને અટક્યો. જ્ઞાનમાર્ગ પ્રમાણે પણ (ભગવાનું) જ્ઞાન થવાનું સંભવે છે, તેથી 'ત્વામ્' 'આપને' શબ્દ યોજેલો છે. હું આપને ઓળખું છું. 'સર્વ પ્રાણીઓના પ્રાણ, ઈન્દ્રિયોની શક્તિ, અંતઃકરણની શક્તિ (અને) બલ' શબ્દોથી તે (જ્ઞાન)ના પ્રકારો કહે છે. પ્રાણ એટલે

૩. સત્ત્વનો ક્ષય થવાથી અંદરની અશક્તિ થઈ. અવયવોમાં પરસેવો થવાથી બહારની અશક્તિ થઈ.

આસન્ય, 'ઓજઃ' ઈન્દ્રિયોની શક્તિ, 'સહઃ' અંતઃકરણની શક્તિ (અને) શરીરનું 'બલમ્' બલ તેની શક્તિ છે. એવી રીતે કાર્ય અને કારણના વિભાગથી સર્વ પ્રાણીઓમાં જેમનું વીર્ય વહેંચાએલું છે તેવા બલરૂપ આસન્ય આપ છો.

એ પ્રમાણે ઉત્તમ નરપણાનું[1] વર્ણન કરી, ઉત્તરાર્ધથી પુરુષોત્તમપણું[1] જણાવે છે. (આપ 'વિષ્ણુ' છો). વિષ્ણુ (સત્ત્વગુણના અધિષ્ઠાતા) અધિકારી પણ છે, તેથી આપ માત્ર તેટલા નથી એમ જણાવવા 'પુરાણપુરુષ' એમ વધારામાં કહે છે. (પુરાણપુરુષ એટલે) પુરુષોત્તમ. વળી તેવા પણ (આપ) 'ઉત્પન્ન કરનાર' છો. લોકોને ઉત્પન્ન કરો છો અથવા (તેઓનું) સારી રીતે પાલન કરો છો. વળી (આપ) 'વશ રાખનાર' છો, કાલરૂપ હોઈ સર્વને વશ રાખો છો. પહેલાં (પૂર્વાર્ધમાં) રૂપના વિભાગથી ચાર પ્રકારે ક્રિયાશક્તિનું નિરૂપણ કર્યું. હવે (ઉત્તરાર્ધમાં) ચાર પ્રકારે જ્ઞાનશક્તિનું નિરૂપણ કરે છે, અને જ્ઞાન ચાર પ્રકારનું છે (૧) એક વશ રાખનાર તરીકેનું (૨) બીજું ઈચ્છેલા (પદાર્થ)નું સાધન જણાવીને પ્રવૃત્તિ કરાવનાર તરીકેનું (૩) પછી ફલ આપનાર તરીકે રહેલ હોવાનું ત્રીજું (૪) પછી સર્વનો નિર્વાહ કરનાર સર્વરૂપ હોવાનું ચોથું. તે 'વિષ્ણુ' શબ્દથી અને બીજા શબ્દોથી ઉલટા ક્રમથી[2] જણાવેલું છે. ૨૬.

પહેલાં (ગયા શ્લોકમાં) પૂર્ણ ક્રિયાશક્તિવાળા અને પૂર્ણ જ્ઞાનશક્તિવાળા તરીકે ભગવાનને જણાવીને, નીચેના શ્લોકમાં જગતના જન્મથી આરંભી મોક્ષ સુધીનાં ચાર તેમનાં કાર્યોનું નિરૂપણ કરે છેઃ

**ત્વં હિ વિશ્વસૃજાં સ્રષ્ટા સૃજ્યાનામપિ યચ્ચ સત્ ।।**
**કાલઃ કલયતામીશઃ પરમાત્મા તથાત્મનામ્ ।।૨૭।।**

આપ નિશ્ચય તત્ત્વોના રચનાર છો, અને રચવાના (પદાર્થો)નું જે સત્ તે છો, ગણનારાઓના કાલ છો. ઈશ્વર છો, તેમ જ આત્માઓના પરમાત્મા છો ૨૭.

('હિ' નિશ્ચય' શબ્દથી) સંમતિ માટે શ્રુતિઓ (શ્રુતિઓની સંમતિ) જણાવેલી છે, 'વિશ્વસૃજાં' તત્ત્વોના પણ આપ રચનાર છો. ઘડો વિગેરે રચવાના પદાર્થોનું 'સત્' સ્વરૂપ પણ આપ જ છો. આ (સત્ સ્વરૂપ)થી સ્થિતિ કહી. કાલ, મહાદેવ, યમ વિગેરે ગણનારાઓના પણ આપ 'કાલ' એટલે નાશ કરનારા છો. એ

૧-૧. 'નરપણું' એટલે ઉત્તમ દેહવાળા હોવાપણું. 'પુરુષોત્તમપણું' એટલે ઉત્તમ આત્માવાળા હોવાપણું. તે (જાંબવાન)ના જ્ઞાન પ્રમાણે દેહ અને આત્માનો ભેદ કહેલો છે. (લે). 'નરપણું' એટલે આત્મા (જીવ)પણું, 'પુરુષોત્તમપણું' એટલે ઈશ્વર હોવાપણું એવો અર્થ યોગ્ય જણાય છે.

૨. 'ઉલટા ક્રમથી' એટલે વિષ્ણુ, પુરાણપુરુષ, ઉત્પન્ન કરનાર અને વશ રાખનાર શબ્દોથી અનુક્રમે ઉપર જણાવેલા ચાર પ્રકારો પૈકી, ચોથા, ત્રીજા, બીજા અને પહેલા પ્રકારનું જણાવેલું છે.

પ્રમાણે સૃષ્ટિ, સ્થિતિ અને પ્રલયનું નિરૂપણ કરીને, 'પરમાત્મા' શબ્દથી મોક્ષ આપનારપણું જણાવે છે. 'આત્મનાં' બધાએ જીવોના (આપ) ફલરૂપ પરમાત્મા છો, એટલે સાયુજ્યનું સ્થાન છો એવો અર્થ છે. અથવા 'તથાત્મનામ્' એટલે પરમાત્મા તરીકે આપની સેવા કરનારના આપ 'પરમાત્મા' મોક્ષ આપનાર છો. અથવા ભગવાન્ સર્વરૂપ છે એમ કહેવા માટે 'સત્' અંશની ઉત્પત્તિ વિગેરે કરનાર તરીકે (તેનું) સ્વરૂપ ભગવાન્ છે એમ કહીને, 'ચિત્' અંશ પણ ભગવાન જ છે એમ 'આત્મા' શબ્દથી કહીને, (ભગવાન્) આત્મા હોવાથી જ (તેમનું) સ્વરૂપ સિદ્ધ થએલ હોવાથી તે (આત્માઓ)ને વશ રાખનાર અંતર્યામી સ્વરૂપ તરીકે ભગવાનની 'પર' શબ્દથી સ્તુતિ કરે છે. ૨૭.

એવી રીતે મૂલરૂપ અને કાર્યરૂપ (આપ છો એમ) જણાવીને, 'જે રામ મારા સ્વામી હતા તે જ આપ છો' એમ કહેવા, રામાવતારનું પુરુષાતન વર્ણવે છેઃ

**યસ્યેષદુત્કલિતરોષકટાક્ષમોક્ષૈઃ**
**વર્ત્માદિશત્ ક્ષુભિતનક્રતિમિઙ્ગિલોઽબ્ધિઃ ।।**
**સેતુઃ કૃતઃ સ્વયશસોજ્જ્વલિતા ચ લંકા**
**રક્ષઃશિરાંસિ ભુવિ પેતુરિષુક્ષતાનિ ।।૨૮।।**

જેમના સહેજ જણાએલા ક્રોધવાળા કટાક્ષોના છૂટવાથી ખળભળી ઉઠેલા મઘર અને મઘરમચ્છવાળા સમુદ્રે માર્ગ બાંધવા જણાવ્યું, (જેમણે) પૂલ બાંધ્યો, પોતાના યશથી લંકાને ઉજ્જવલ કરી (અને જેમના) બાણથી ઘવાએલા રાક્ષસના માથાંઓ ભૂમિ ઉપર પડ્યાં (તે આપ છો). ૨૮.

સહેજ 'ઉત્કલિતઃ' ખીલેલા જણાએલા ફૂલ જેવો ક્રોધ, અને તેમાં પણ ઉપર(બહાર) માત્ર કળી જ આવેલી, તે (ક્રોધ) પણ મનમાં જ હતો એમ 'કટાક્ષોના છૂટવાથી' શબ્દથી કહેલું છે. મનમાં જરા ક્રોધ થયો એટલે દૃષ્ટિ (નજર) તેવી થઈ. તે પણ આખી દૃષ્ટિ નહિ, પણ કટાક્ષરૂપ જ, અને વળી તે દૃષ્ટિના અવયવો મોક્ષરૂપ હતા એમ જણાવવા 'ક્ટાક્ષોના મોક્ષો (છૂટવું તે)' કહેલા છે. જીવતા હલકા જીવો તે (કટાક્ષોના મોક્ષો)થી ભય પામે તેમાં કહેવું જ શું ? (કારણ કે) તેમને લીધે સમુદ્રે પણ માર્ગ બાંધવા જણાવ્યું, એટલે 'મારા ઉપર માર્ગ બાંધીને જાઓ' એમ કહ્યું.

'(સમુદ્રે) માર્ગ આપવો જ જોઈએ, (સામે પાર જવાનો) ઉપાય જ કેમ જણાવ્યો ?' એવી શંકા થાય, તેથી 'ખળભળી ઉઠેલા મઘર અને મઘરમચ્છવાળા' વિશેષણ યોજેલું છે. મઘરો અને મઘરમચ્છોનો ખળભળાટ જોઈને તેણે એમ કહ્યું, એવો અર્થ છે. વળી 'આપઃ' જલ 'ધીયન્તે' રહે છે 'અસ્મિન્' આની અંદર,

'અબ્ધિઃ' સમુદ્ર, તેથી (જો માર્ગ આપે તો) જલની ઉત્પત્તિ સદા ટળી જાય. તેથી મર્યાદાનું રક્ષણ થાય તે માટે પણ (સમુદ્રે) તેમ કહ્યું. જલનો (સમુદ્રમાં રહેવાનો) સ્વભાવ ભગવાને કરેલો છે, તેથી તે ફેરવી શકાય નહિ. તેથી (સમુદ્રને સામે કિનારે જવા) માર્ગ જ કરવો જોઈએ, તેથી (તે માટે તેણે) ભગવાનને જ પ્રાર્થના કરી.

આકાશ રસ્તે જવાથી પણ (લંકા) જઈને (રાવણને) હણી શકાત, (પણ) તેમ થાય (કરવામાં આવે) તો રાક્ષસોનું સમાનપણું થાય તેથી, અલૌકિક કરવાનું થયું ત્યારે પથ્થરોને જ સમુદ્રમાં તરવાનું જણાવ્યું, વાંદરાઓને (સમુદ્રને) કૂદી જવાનું ન (સૂચવ્યું). તેથી ભગવાને 'પૂલ બાંધ્યો' એમ કહેલું છે.

(૧) પૂલ બાંધવો એ રાજસ (૨) (લંકાને) બાળવી એ સાત્ત્વિક અને (૩) રાક્ષસોનો વધ એ બાકીનું (તામસ). એવાં ત્રણ ચરિત્રો અનુક્રમે વર્ણવે છે, અથવા જલ, અગ્નિ અને આસન્ય (પ્રાણ) (આ ચરિત્રોનાં) નિમિત્ત હોવાથી સત્ત્વ વિગેરે ક્રમ જાણવો[૧].

પોતાના યશથી લંકાને ઉજ્વલ કરી, એટલે ઉંચે સળગી, અથવા સળગાવી અથવા ઉજળી કરી. આથી એમ જણાવ્યું કે રઘુનાથે જ લંકા પ્રસિદ્ધ કરી. નહિ તો (તેમણે તેમ કર્યું ન હોત તો) લંકાને કોણ ઓળખત ? કારણ કે રાક્ષસોનાં (રહેવાનાં) બીજાં સ્થલો લોકમાં પ્રસિદ્ધ નથી.

બાણોથી ઘવાએલાં (રાક્ષસના માથાંઓ) પોતે જ ભૂમિ ઉપર પડ્યાં. માત્ર ઘવાતાં જ ભગવાનનાં સામર્થ્યને લીધે જ (ભૂમિ ઉપર) પડી ગયાં. ૨૮.

એ પ્રમાણે (જાંબવાને) સ્તુતિ કરી ત્યારે ભાંગી ગએલ સર્વ અવયવોવાળા (તેને) પહેલાનાં જેવો કરીને, ભગવાને (તેને) કહ્યું એમ બે શ્લોકમાં કહે છેઃ

**ઈતિ વિજ્ઞાતવિજ્ઞાનમૃક્ષરાજાનમચ્યુતઃ ।।**
**વ્યાજહાર મહારાજ ભગવાન્ દેવકીસુતઃ ।।૨૯।।**
**અભિમૃશ્યારવિન્દાક્ષઃ પાણિના શંકરેણ તમ્ ।।**
**કૃપયા પરયા ભક્તં મેઘગમ્ભીરયા ગિરા ।।૩૦।।**

હે મહારાજ ! એવી રીતે સર્વ જ્ઞાન જેને સારી રીતે થએલું છે તેવાં રીંછના રાજાને કમલના જેવા નયનવાળા દેવકીજીના પુત્ર ભગવાન્ અચ્યુતે ઘણી કૃપાથી સુખ આપનાર શ્રીહસ્તથી તે ભક્તનો સ્પર્શ કરીને મેઘના જેવી ગંભીર વાણીથી (નીચે પ્રમાણે કહ્યું). ૨૯-૩૦.

સર્વ જ્ઞાન જેને સારી રીતે થએલું છે તેવા, રીંછના રાજાને અચ્યુતે કહ્યું.

---

૧. આ ત્રણ ચરિત્રો અનુક્રમે સાત્ત્વિક, રાજસ અને તામસ છે એમ જાણવું.

તેમના ગુણો પણ સર્વ તરફથી તેવા (અચ્યુત) જ હતા, તેથી તે અચ્યુત છે. આ કહેવાનું પ્રયોજન ત્રીસમા શ્લોકમાં કહેશે. 'અથવા તે (જાંબવાને) કરેલા (પ્રહારો)થી (ભગવાનને) પીડા થઈ ન હતી, એમ જણાવવા ('અચ્યુત' શબ્દ યોજેલ છે).

'વ્યાજહાર' એટલે સ્પષ્ટ રીતે કહ્યું. રીંછ જાત નિંદેલી હોવાથી કદાચ તેને છલથી પણ કહે, (એવી શંકા રહે) તેથી આ કહેલું છે. સેવકના અપરાધની ગણના ન કરવી, એમ જણાવવા 'હે મહારાજ !' એવું સંબોધન (શુકે પરિક્ષિતનું) કરેલું છે.

'સ્પષ્ટ વચન કેમ કહ્યું ? અને આજ્ઞા કેમ ન કરી ?' એવી શંકા થાય, તેથી 'ભગવાન્' શબ્દ યોજેલ છે (તે) સર્વ કરવા શક્તિવાળા છે. તેવા (શક્તિવાળા) પણ દેવકીજીના પુત્ર (હોઈ) ભક્ત ઉપર કૃપા રાખનારા હતા. તેથી આ (ભગવાન્) સ્પષ્ટ વચન કહે તે યોગ્ય જ છે, એવો ભાવ છે. ૨૯.

'વળી કહેતાં પહેલાં જ'[1] તેનું હિત કર્યું એમ ત્રીસમા શ્લોકમાં કહે છે. તેમનો (ભગવાનનો) એક વાર કરેલો સ્પર્શ પણ સદા રહે છે. અથવા સામાન્ય (માણસ)નો સ્પર્શ જ તે જ ક્ષણે સુખ આપનારો હોય છે, તો પછી આનંદમયના (સ્પર્શ)નું કહેવું જ શું ? તેમાં પણ જે ક્ષણે તે કરવામાં આવ્યો ત્યારથી પછી (તે) તેવો જ રહે છે, તેથી (આ સ્પર્શથી જાંબવાને) પહેલાંની અથવા તેથી પણ અધિક સ્થિતિ પ્રાપ્ત કરી. (તેની) મનની પીડા દૂર કરી એમ જણાવવા 'કમલના જેવા નયનવાળા' વિશેષણ યોજેલું છે. (ભગવાન્) દૃષ્ટિથી જ સર્વને સુખ આપનારા છે. 'સુખ આપનાર શ્રીહસ્તથી' શબ્દથી એમ કહેલું છે કે તેનામાં શ્રેષ્ઠપણું એવા હેતુથી સ્થાપ્યું કે ભવિષ્યમાં તેને સદ્‌બુદ્ધિ થાય. એવી રીતે કાયાથી અને મનથી સાંત્વન (કર્યું એમ) કહીને, 'મેઘના જેવી ગંભીર (વાણીથી)' શબ્દોથી વાણીથી પણ સાંત્વન કર્યું એમ કહેલું છે, કારણ કે મેઘો શબ્દથી જ (ભવિષ્યમાં) થનારા વરસાદને સૂચવીને ચિંતા વિગેરે સર્વ દુઃખો દૂર કરનારા હોય છે.

'છતાં પણ ભગવાને અયોગ્ય[2] કેમ કહ્યું ?' એવી શંકા થાય. તેથી 'ઘણી કૃપાથી' શબ્દ યોજેલા છે. અથવા આ (શબ્દ)થી મનનું સાંત્વન (કહેલું છે). 'તમ્' 'તે' એટલે તેવી રીતે સ્તુતિ કરનાર, સાંત્વન (કરવા) યોગ્ય (જાંબવાન). ત્રણે પ્રકારથી સાંત્વન કરવાનું પ્રયોજન 'ભક્ત' શબ્દથી કહેલું છે. ૩૦.

**નીચેના શ્લોકમાં (ભગવાનનું) વચન કહે છે :**

---

૧. ૨૯મા શ્લોકમાં 'કહ્યું' એમ કહેલું છે. ૩૦મામાં હિત કર્યું, તે કહેલું છે. છતાં 'સ્પર્શ કરીને' એમ (૩૦મા શ્લોકમાં) કહેલ હોવાથી, પહેલાં હિત કર્યું અને પછી કહ્યું. (લે)

૨. અપરાધ કરનાર (યુદ્ધ કરનાર)નું સાંત્વન યોગ્ય નથી (તેથી તેવું અયોગ્ય કાર્ય કેમ કર્યું) ? એવી શંકા છે. (લે)

**મણિહેતોરિહ પ્રાપ્તા વયમૃક્ષપતે બિલમ્ ।।**
**મિથ્યાભિશાપં પ્રમૃજન્નાત્મનો મણિનામુના ।।૩૧।।**

હે રીંછના રાજા ! આ મણિથી પોતાની ઉપરનો ખોટો આરોપ દૂર કરવા મણિના નિમિત્તને લીધે અમે અહિં ગુફામાં આવ્યા છીએ. ૩૧.

અહિં આવવાનું પ્રયોજન મણિ જ છે, મણિ લેવા માટે આવ્યા છીએ. (‘વયમ્’ ‘અમે’ એ) બહુવચન પહેલાં જોએલા સર્વની સાથે (આવ્યા છીએ) એમ સૂચવે છે. અથવા ‘હેતુઃ’ શબ્દ નિમિત્તના અર્થમાં યોજાએલો છે. મણિના નિમિત્તને લીધે અમે આવ્યા છીએ, એવો અર્થ છે. ‘હે રીંછોના રાજા !’ સંબોધનથી (તને) ઓળખીને આવ્યા છીએ, એમ જણાવેલું છે. તેમ (ઓળખતા) ન હોત તો ગુફામાં મળવાનું ન થાત. ‘ખોટો આરોપ દૂર કરવા’ શબ્દોથી મણિનું પણ પ્રયોજન કહેલું છે. આ (મણિ લેવાનું પ્રયોજન ભગવાને જાંબવાનને) વિસ્તારથી કહેલું એમ જણાય છે. ‘ખોટો આરોપ’ એટલે નહિ કરેલા (કાર્ય) માટે નિંદા ગવાવી તે. ‘લોકો સત્ય જાણનારા હોતા નથી, તેથી જોએલાને જ માનતા હોવાથી આ મણિથી આરોપ દૂર કરવા હું અહિં પધારેલ છું’ એવો (વાક્યનો) સંબંધ છે. જો કે ખોટો આરોપ ભવિષ્યમાં દૂર થશે, છતાં પણ (તેને દૂર કરવાની) ક્રિયાનો પ્રારંભ કરેલો હોવાથી (પ્રમૃજન્ શબ્દમાં) વર્તમાનકાલનો પ્રયોગ જ યોગ્ય છે. (એ શબ્દ) એકવચનમાં તો એટલા માટે યોજેલો છે કે ખોટો આરોપ એક (ભગવાન)ના ઉપર જ હતો. ‘આત્મનઃ’ ‘પોતાની ઉપરનો’ શબ્દથી (તે દૂર કરવાનું) આવશ્યકપણું જણાવેલું છે, કારણ કે તેમ ન હોય (તે દૂર કરવામાં ન આવે) તો ભક્તોનો ઉદ્ધાર (કરવાનું) સંભવે નહિ(જુઓ શ્લોક ૧૭ ની સુબોધિની) એવો ભાવ છે. ૩૧.

એવી રીતે (ભગવાને) પોતાનો અભિપ્રાય જણાવ્યો ત્યારે ‘(મણિ) શી રીતે આપવો’ એનો વિચાર કરીને, માત્ર તેટલું (મણિ) જ આપવામાં આવે તો પોતાનું સેવકપણું ઠરે નહિ, (કારણ કે) માગેલું બધાએ આપે છે એવા વિચારથી (મણિ) અને પોતાની કન્યા તેણે (ભગવાનને) આપ્યાં એમ કહે છેઃ

શ્રીશુક કહે છેઃ

**ઈત્યુક્તઃ સ્વાં દુહિતરં કન્યાં જામ્બવતીં મુદા ।।**
**અર્હણાર્થં સ મણિના કૃષ્ણાયોપજહાર હ ।।૩૨।।**

એમ કહેવાએલા તેણે શ્રીકૃષ્ણને સત્કાર માટે મણિની સાથે પોતાની પુત્રી કન્યા જાંબવતી આનંદથી આપી. ૩૨.

‘જામ્બવતઃ’ જાંબવાનનું ‘અપત્યમ્’ સંતાન તે જાંબવતી આ (શબ્દ)થી

એમ સુચવેલું છે કે (આ બીજાની પુત્રી પોતે) પાલન કરેલી કન્યા ન હતી. રીંછોને (કન્યાદાનની) બીજી વિધિ નહિ હોવાથી, તેણે દાન જ કર્યું, તે પણ તે સમય પહેલાં (કોઈને) નહિ આપેલી કન્યા જ રહેલી. 'આનંદથી' શબ્દથી (એમ જણાવ્યું છે કે જાંબવાનનું) ભાગ્ય ખૂલ્યું, કારણ કે ભગવાનની પૂજા પણ થઈ, અને કન્યાના વર પણ મળ્યા. પછી તે જ કન્યાના દાનના સમયે સત્કાર માટે તેણે મણિ પણ આપ્યો. તેણે આ બંને કુશવાળા જલથી પ્રતિજ્ઞા કરીને[1] આપ્યાં નહિ, પરંતુ 'ઉપજહાર' પાસે લાવીને મૂક્યાં, એવો અર્થ છે. ૩૨.

એ પ્રમાણે (ગુફાની) અંદરની સ્થિતિ વર્ણવીને, નીચેના (શ્લોકથી આરંભી) ત્રણ શ્લોકોથી (ગુફાની) બહારની સ્થિતિ જણાવે છેઃ

**અદૃષ્ટ્વા નિર્ગમં શૌરેઃ પ્રવિષ્ટસ્ય બિલં જનાઃ ।।**
**પ્રતીક્ષ્ય દ્વાદશાહાનિ દુઃખિતાઃ સ્વપુરં યયુઃ ।।૩૩।।**

ગુફામાં પ્રવેશ કરેલા શૌરિ બહાર પધાર્યા નહિ તે જોઈને બાર દિવસ રાહ જોઈને દુઃખી થઈ લોકો પોતાના શહેર ગયા. ૩૩.

(ગુફામાં) પ્રવેશ કરેલા (ભગવાન્) તે જ દિવસે (બહાર) પધારશે એમ માનીને ત્યાં (ગુફા સુધી) ગએલા બહાર રહ્યા. (ભગવાન્ હમણાં પધારશે એવી) ચાલુ ઈચ્છાને લીધે ભોજન વિગેરે વિના બાર દિવસ સુધી રહીને, (પોતાના) બારે અંગો ક્ષીણ થતાં વિવેક ગૂમાવી બેઠા. (એટલે) ભગવાન્ શૌરિ (શૂરના પુત્ર) છે એવો તેમનો ઉત્તમ પ્રભાવ ભૂલી, દુઃખી થઈ, બાર દિવસ રાહ જોઈને પોતાના શહેર ગયા, કારણ કે 'બાર રાત્રિઓ સંવત્સરની સમાન છે.' ૩૩.

પછી જેઓ ગુફા સુધી આવ્યા ન હતા, તે દ્વારકામાં રહેલાઓ પણ ભગવાન્ ગુફાની બહાર પધાર્યા નથી એ સાંભળીને દુઃખી થયા, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**નિશમ્ય દેવકી દેવી રુક્મિણ્યાનકદુન્દુભિઃ ।।**
**સુહૃદો જ્ઞાતયોઽશોચન્બિલાત્કૃષ્ણમનિર્ગતમ્ ।।૩૪।।**

શ્રીકૃષ્ણ (ગુફામાંથી) બહાર પધાર્યા નથી એ સાંભળીને દેવકીજી, દેવી રુક્મિણી, વસુદેવ, મિત્રો અને સગાંઓએ શોક કર્યો. ૩૪.

સ્ત્રીઓમાં અવિવેક વધારે હોય છે તેથી, (અને) તેમાં પણ પુત્ર માટે ઘણો સ્નેહ હોય છે તેથી, દેવકીજી વિગેરે ક્રમ[1] જણાવેલો છે. (દેવકીજી, રુક્મિણી અને

૧. રીંછોમાં મનુષ્યો પેઠે કન્યાદાનની કાંઈ વિધિ કરવાની નહિ હોવાથી, કાંઈ વિધિ કરી ન હતી.

૧. 'વિવેક' એટલે સત્ય જાણવાની શક્તિ. સ્ત્રીઓમાં આ શક્તિ વધારે ઓછી હોવાથી તેઓ વધારે શોક કરે. તેથી પ્રથમ સ્ત્રીઓ કહી. સ્ત્રીઓમાં પણ પુત્ર માટે સ્નેહ વધારે હોય છે તેથી માતા વધારે શોક કરે તેથી પ્રથમ દેવકીજી કહ્યાં, એવો ભાવ છે.

વસુદેવ) ત્રણ મુખ્ય છે. બીજાઓ મિત્રો એટલે સંબંધીઓ અને સગાંઓ એટલે કુટુંબીઓએ પણ શ્રીકૃષ્ણ ગુફામાંથી બહાર પધાર્યા નથી એ સાંભળીને '(ભગવાને ગુફામાંથી બહાર પધારવામાં) વિલંબ શા માટે કર્યો ?' એમ શોક કર્યો. કારણ કે શ્રીકૃષ્ણે ભક્તનું હિત (કરવા)માટે જ અવતાર લીધેલો છે એ વસ્તુના તત્ત્વને તેઓ જાણતા ન હતા. ૩૪.

એ પ્રમાણે બધાના શોક એટલે રાજસ દુઃખનું વર્ણન કરીને, નીચેના શ્લોકમાં તામસ અને સાત્ત્વિક દુઃખ જણાવે છેઃ

**સત્રાજિતં શપન્તસ્તે દુઃખિતા દ્વારકૌકસઃ ।।**
**ઉપતસ્થુર્મહામાયાં દુર્ગાં કૃષ્ણોપલબ્ધયે ।।૩૫।।**

દુઃખી થએલા તે દ્વારકાના રહેવાસીઓએ સત્રાજિતને શાપ આપતાં શ્રીકૃષ્ણ પ્રાપ્ત થાય તે માટે મહામાયા દુર્ગાની ઉપાસના કરી. ૩૫.

'આ દુષ્ટ સત્રાજિત્ પ્રસેનની પેઠે મરણ પામો.' એવો શાપ આપ્યો. એવી રીતે શાપ (આપવા)નું કારણ 'દુઃખી થએલા' વિશેષણથી (જણાવેલું છે), દુઃખી થવાનું પણ મુખ્ય કારણ 'દ્વારકાના રહેવાસીઓ' શબ્દથી (જણાએલું છે). મથુરાનો ત્યાગ કરીને દેશના છેડે દ્વારકામાં રહેલા શ્રીકૃષ્ણ એકલા જેમનું શરણ છે તેવા (લોકો) ભગવાન્ ન પધારતાં દુઃખી થાય તે યોગ્ય જ છે, એવો અર્થ છે. 'દ્વારકાના રહેવાસીઓ' (કહ્યા), તેથી એમ સૂચવેલું છે કે તેમનો શાપ પણ સત્રાજીતને ફલશે.

ઉત્તરાર્ધથી સાત્ત્વિક દુઃખ કહે છે, કારણ કે ભગવાનના પ્રકટ થવામાં અડચણ કરનારી માયા છે, અને '(મનુષ્યો તારી) પૂજા કરશે' (૧૦।૨।૧૦) એવું ભગવાને તેને વરદાન કરેલું છે. તેથી ભગવાને જે વર આપેલ તે અવશ્ય તેમણે (ભગવાને) જ સાચો કરવો જોઈએ, તેથી ભગવાન્ પ્રકટ થાય તે માટે બીજા દેવનું ભજન કરવા કરતાં, દુર્ગાનું જ પૂજન કરવું જોઈએ. ૩૫.

એવી રીતે ભક્તોનું ત્રણ પ્રકારનું દુઃખ પોતે જોઈને પોતે પ્રકટ જ થતાં, અર્ધ માસ સુધી તેઓએ વ્રત (દુર્ગાનું પૂજન) કર્યું તેટલામાં જ કાર્ય જેમણે સાધેલું છે તેવા ભગવાન્ પોતે પ્રકટ થયા, અને પોતાનું વચન પણ સત્ય કર્યું (ઠરાવ્યું) એમ નીચેના શ્લોકમાં કહે છે.:

**તેષાં તુ દેવ્યુપસ્થાનાત્પ્રત્યાદિષ્ટાશિષાસવઃ ।।**
**પ્રાદુર્બભૂવ સિદ્ધાર્થઃ સદારો હર્ષયન્હરિઃ ।।૩૬।।**

દેવીના સ્થાનમાંથી જણાવેલી આશિષ સાથે પ્રકટ કરેલા છે પ્રાણ જેમણે તેવા, અર્થ પ્રાપ્ત કરેલા હરિ પત્ની સહિત હર્ષ ઉત્પન્ન કરતાં તેઓની અંદર પ્રકટ થયા. ૩૬.

પ્રકટ કરેલા છે આશિષ સાથે પ્રાણ જેમણે તેવા ભગવાન્ પોતે જ (ત્યાં) પધાર્યા. 'અસુ' શબ્દ હોવાથી સમાસના અંતે 'અચ્' (અ) પ્રત્યય[1] લગાડેલો છે. 'આશિષા' એમાં ત્રીજી વિભક્તિના પ્રત્યયનો લોપ[2] થયો નથી. 'પ્રત્યાદિષ્ટમ્' એટલે જણાવેલી. 'પ્રતિ' ઉપસર્ગ અનુકૂલતાના[3] અર્થમાં (લાગેલ છે). દેવીના સ્થાનમાંથી જે આશિષ (નીકળી) તેની સાથે ભગવાને પ્રાણો પણ આપ્યા[4] એવો અર્થ છે. અથવા દેવીના સ્થાનમાંથી જણાવેલી આશિષને લીધે એટલે દુર્ગાના આશીર્વાદથી 'સવઃ' યજ્ઞરૂપ (ભગવાન્) પ્રકટ થયા. અથવા 'પ્રત્યાદિષ્ટાશિષાં સવા'[5] એવો પાઠ લેવો. અથવા (શુક) રાજાને કહે છે (કે) 'વઃ' તમો ભક્તોના 'સઃ'[6] કામ કરનારા (ભગવાન્) અર્થ પ્રાપ્ત કરેલા થઈ પ્રકટ થયા, એવો (અર્થ લેવો). અથવા દુર્ગાની આશિષોનો તિરસ્કાર કરીને, સર્વ કામનાઓ પૂરી કરનાર યજ્ઞસ્વરૂપ (ભગવાન્) પોતે જ પ્રકટ થયા. 'અર્થ પ્રાપ્ત કરેલા' એટલે સ્યમંતક સાથે, 'સદારઃ' પત્નીની પણ સાથે 'હર્ષ ઉત્પન્ન કરતાં' હરિ પ્રગટ થયા. 'હર્ષ ઉત્પન્ન કરતા એટલે સર્વ આભરણોથી શોભતા અને ભોજન વિગેરેથી પુષ્ટ થએલા. પરંતુ થાકેલા નહિ, (તેવા પ્રકટ થયા)' કારણ કે 'હરિ' સર્વનું દુઃખ હરનારા છે. ૩૬.

પછી (સર્વને) પરમાનંદ થયો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ઉપલભ્ય હૃષીકેશં મૃતં પુનરિવાગતમ્ ।।**
**સહપત્ન્યા મણિગ્રીવં સર્વે જાતમહોત્સવાઃ ।।૩૭।।**

મરણ પામેલ ફરીથી પ્રાપ્ત થાય તેમ કંઠમાં મણિવાળા હૃષીકેશને પત્ની સાથે પ્રાપ્ત કરીને સર્વે મોટો ઉત્સવ કર્યો. ૩૭.

---

૧. 'અસુ' આ શબ્દ સમાસના અંતે છે. શબ્દના અંતે 'ઉ' હોવાથી તેને 'અચ્' (અ) પ્રત્યય લાગ્યો. તે પ્રત્યય પહેલાં 'ઉ'નો ગુણ 'ઓ' થતાં 'અસો+અ=અસવઃ' શબ્દ થયો.

૨. 'આશિપા' ત્રીજી વિભક્તિનું એકવચનનું રૂપ છે. તે એમને એમ રહે છે, તેના પ્રત્યયનો તે શબ્દ સમાસની વચ્ચે આવવા છતાં લોપ થએલ નથી તેથી તે 'અલુક્' છે.

૩. સામાન્ય રીતે 'પ્રતિ' ઉપસર્ગ પ્રતિકૂલતા એટલે વિરોધના અર્થમાં લાગે છે. અહિં અનુકૂલતાના અર્થમાં લાગેલ છે. 'પ્રત્યાદિષ્ટાશિષા' એટલે આશિષોનો 'તિરસ્કાર કરીને' એવો અર્થ આગળ લીધો છે તેમાં 'પ્રતિ' ઉપસર્ગ પ્રતિકૂલતાના એટલે વિરોધના અર્થમાં લીધો છે.

૪. ભગવાન્ ગુફામાંથી બહાર ન પધારવાથી ભક્તો દુર્ગાની ઉપાસના કરતાં ચેષ્ટારહિત થએલા, તેમને ભગવાને પોતે પધારી પ્રાણ એટલે ચેતન આપ્યું એવો અર્થ જણાય છે.

૫. 'સઃ' પછી હરકોઈ વ્યંજન આવતાં, તેના વિસર્ગનો લોપ થાય છે.

૬. 'તેષામ્'નું વિશેષણ લેવું. જેમને આશિષો જણાવેલી છે તેવા તે (ભક્તોની) અંદર હરિ પ્રકટ થયા, એવો અર્થ એ પ્રમાણે પાઠ લેવાથી થાય.

લૌકિક ભાષામાં અસભ્ય દૃષ્ટાંત દોષ કરનાર થતો નથી. સાસરાએ જ તે મણિ (ભગવાનના) શ્રીકંઠમાં બાંધેલો; તેથી તેની (ઇચ્છા) પ્રમાણે મણિ પોતાનો જ છે એમ જણાવતાં કંઠમાં મણિવાળા પોતે સ્ત્રીસહિત પધાર્યા. (ત્યાં) પધારવાથી અપકીર્તિ દૂર થઈ એટલું જ નહિ, પરંતુ આ (પધારવાથી) નિરોધ પણ થયો, એમ 'સર્વે મોટો ઉત્સવ કર્યો' શબ્દોથી કહેલું છે. (ભગવાન્) હૃષીકેશ[1] હોવાથી (તેમણે) તેઓને તેવી જ (ઉત્સવ કરવાની) પ્રેરણા કરી. ૩૭.

આરંભ (જેને માટે આરંભ કરેલ તે કાર્ય) વધારે સારી રીતે થાય તે માટે, (સત્રાજિત માટે મણિ) લાવવા (ભગવાન્) નીકળેલા તેથી, એ પ્રમાણે મણિ પ્રાપ્ત કરીને પણ (ભગવાને તે) સત્રાજિતને જ આપ્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સત્રાજિતં સમાહૂય સમાયાં રાજસન્નિધૌ ।।**
**પ્રાપ્તિં ચારવ્યાય ભગવાન્મણિં તસ્મૈ ન્યવેદયત્ ।।૩૮।।**

ભગવાને સત્રાજિતને સભામાં રાજાની રુબરુ બોલાવીને અને (મણિની) પ્રાપ્તિ કહીને, મણિ તેને આપ્યો. ૩૮.

ભગવાન્ આરંભમાં જે (કરવાનો) વિચાર કરે છે તે જ કરે છે. આરંભમાં સ્યમંતક તે (સત્રાજિત)નો છે એવા વિચારથી (ભગવાને તે લાવવા માટે) પ્રવૃત્તિ કરેલી. કોઈપણ ઉપાયથી (ભગવાન્) તેને પોતાનો માનતા નથી. તેથી જ ભવિષ્યમાં પણ (તે) લેશે નહિ. નિબંધમાં તો

**''સર્વાત્મનાન્યહૃદયં ન ગૃહ્ણાતિ હરિઃ સ્વયમ્ ।।**
**સર્વાત્મનાઽપ્રપન્નં ચ નાશાયેવ સુયોધનમ્ ।।૭।।''**

જેની અંદર બીજાનું હૃદય (મન) છે[1] તે હરિ પોતે કોઈપણ પ્રકારે ગ્રહણ કરતા નથી. જેમ સુયોધનનો નાશ માટે વિચાર કર્યો તેમ જે સંપૂર્ણ રીતે શરણ આવેલો નથી[2] તેને (પોતાના તરીકે) ગણતા નથી. કા. ૭. એવું (મણિ ન લેવાનું) બીજું પણ કારણ કહેલું છે.

પાછળથી દુષ્ટ (સત્રાજિત) ખોટું બોલશે એમ માની અને તેને શરમ થાય તે

---

૧. 'હૃષીકેશ' એટલે ઇન્દ્રિયોના સ્વામી. ઇન્દ્રિયોને પ્રેરણા કરનાર.

૧. જેની અંદર બીજાનું હૃદય (મન) છે તે વસ્તુ કોઈ પ્રકારે ભગવાન્ ગ્રહણ કરતા નથી. તેથી ભગવાને મણિ લીધો (રાખ્યો) નહિ. (લે)

૨. ભગવાને સત્રાજિતને પણ પોતાનો ગણ્યો નહિ, કારણ કે તે સંપૂર્ણ રીતે શરણે આવેલ ન હતો. સુયોધન ભગવાનની સાહાય્ય માગવા તેમની પાસે આવેલો છતાં પણ (તે સંપૂર્ણ રીતે શરણે આવેલો નહિ હોવાથી) ભગવાને તેનો નાશ થાય તેવો જ વિચાર કર્યો, પરંતુ અર્જુન પેઠે તેને પોતાનો માન્યો નહિ, એવો અર્થ છે. (લે)

માટે (તેને) સભામાં બોલાવ્યો, તેમાં પણ તેને ભય થાય નહિ તે માટે, અથવા રાજા પણ (તારો મણિ) લઈ લેશે નહિ એમ જણાવવા રાજાની રુબરુ (બોલાવ્યો). (મણિની) પ્રાપ્તિનો ઉપાય[3] અને પ્રકાર[4] (તેને) સારી રીતે કહીને, તેની માલિકી દૂર કરીને[5], તેને મણિ આપ્યો, કારણ કે ભગવાન્ પોતાની ઈચ્છા પ્રમાણે (વર્તનાર છે) અથવા (તેને) હણાવવા (મણિ તેને આપ્યો), કારણ કે (ભગવાને તેને) મણિ શા માટે આપ્યો તે કોઈએ જાણ્યું નહિ. 'આ તારો મણિ લાવ્યો છું તે લે' એમ કહ્યું. ૩૮.

પછી તે (સત્રાજિતે) જે કર્યું તે પાંચ શ્લોકથી કહે છેઃ

**સ ચાતિવ્રીડિતો રત્નં ગૃહીત્વા વાઙ્મુખસ્તતઃ ।।**
**અનુતપ્યમાનો ભવનમગમત્સ્વેન પાપ્મના ।।૩૯।।**

અને ઘણો શરમાએલો તે રત્ન લઈ, તેથી નીચું મોઢું રાખી, પોતાના પાપથી દુઃખી થતો ઘેર ગયો. ૩૯.

લોભને લીધે અને શિક્ષા (થવા)ના ભયને લીધે (રત્ન) લઈને શરમાયો. 'લોકમાં (મેં) અપકીર્તિ કરાવી' એમ 'તતઃ' તેથી એટલે પહેલાં કહેલાં અપકીર્તિ કરાવ્યાનાં કારણને લીધે જ નીચું મોઢું કર્યું. દુઃખ પણ તેથી જ થયું. તેથી એમ સૂચવેલું છે કે પ્રાયશ્ચિત્ત થતાં (આની) પરલોકમાં શુદ્ધિ થશે. તેનો કોઈ પણ બંધુ ન હતો, તેથી કોઈને પણ પૂછ્યા વિના પોતાના ઘેરજ ગયો.

'રત્ન મેળવીને સંતોષ કરવો (દેખાડવો) જોઈએ, દુઃખ કેમ થયું ?' એવી શંકા થાય, તેથી 'પોતાના પાપથી' શબ્દ યોજેલા છે, કારણ કે બીજા દેવની કૃપા કરતાં ભગવાનનો અપરાધ મોટો છે[1]. ૩૯.

બલવાન સાથે (સંભવતા) વિગ્રહને લીધે મુંઝાઈ તે તેજ વિષયનો વિચાર કરવા લાગ્યો, એમ નીચેના શ્લોકમાં કહે છે.ઃ

**સોઽનુધ્યાયંસ્તદેવાઘં બલવદ્વિગ્રહાકુલઃ ।।**
**કથં મૃજામ્યાત્મરજઃ પ્રસીદેદ્વાચ્યુતઃ કથમ્ ।।૪૦।।**

બલવાન સાથે (સંભવતા) વિગ્રહને લીધે મુંઝાએલો તે જ પાપનું ચિંતન

---

૩. 'પ્રાપ્તિનો ઉપાય' એટલે 'ગુફામાં જવું' એવો અર્થ છે (લે). પ્રસેનના અશ્વની પાછળ જવાની આરંભી જાંબવાન સાથે યુદ્ધ કર્યું તે સર્વ પ્રાપ્તિનો ઉપાય જણાય છે.

૪. '(પ્રાપ્તિનો) પ્રકાર' એટલે યુદ્ધ (લે).

૫. મણિની પ્રાપ્તિનો ઉપાય અને પ્રકાર જણાવ્યા, એટલે મણિ ઉપર સત્રાજિતની માલિકી ન હતી એમ સ્પષ્ટ થયું.

૧. બીજા દેવની ગમે તેટલી કૃપા હોય, છતાં ભગવાનનો જરા પણ અપરાધ હોય તો તે કૃપા નકામી થાય, અને અપરાધનો દંડ ભોગવવો પડે, એવો ભાવ જણાય છે.

કરતો તે (વિચારવા લાગ્યો કે) 'મારું પાપ કેવી રીતે દૂર કરું ? અથવા અચ્યુત કેમ પ્રસન્ન થાય.' ૪૦.

પ્રયાસ વિના પણ* તે જ વિષયનું ચિંતન થવા લાગ્યું. જો કે સત્રાજિતે પોતે વિગ્રહ કર્યો ન હતો, (તેમ તે) કરવાનો પણ ન હતો, ભગવાન્ પણ (વિગ્રહ) કરતા નથી, છતાં બલવાન ભગવદીઓ સાથે વિગ્રહ (થવા)નો સંભવ થશે. એમ (તેને) મુંઝવણ થઈ. જો ભગવાન્ પ્રસન્ન થાય તો આ દોષ દૂર થાય, ઉત્તરાર્ધથી તેનો જ વિચાર કરે છે, કારણ કે તે દેવની ઉપાસના કરનારો હોવાથી તેની બુદ્ધિ પ્રાયશ્ચિત્ત કરવામાં હતી 'રજઃ' એટલે પાપ (કેવી રીતે એટલે કયું પ્રાયશ્ચિત્ત કરી દૂર કરું?) 'અચ્યુતસ્ય' એટલે સંપૂર્ણ પ્રકારે નિત્યધર્મવાળા ભગવાનનો અવશ્ય પ્રાપ્ત થનાર નરકના કારણરૂપ અપરાધ કરેલો હોવાથી, તેમની પ્રસન્નતા થાય તો જ અપરાધ દૂર થાય, એવો 'અથવા અચ્યુત કેમ પ્રસન્ન થાય?' શબ્દોથી વિચાર કરે છે. ૪૦.

'જેમ વાક્યથી(બોલવાથી) અપકીર્તિ થઈ હતી. તેમ હવે ક્રિયાથી કીર્તિ કેવી રીતે થાય ?' એવો વિચાર કર્યો, તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**કિં કૃત્વા સાધુ મહ્યં સ્યાન્ન શપેદ્વા જનો યથા ।।**
**અદીર્ઘદર્શનં ક્ષુદ્રં મૂઢં દ્રવિણલોલુપમ્ ।।૪૧।।**

શું કરવાથી મારું ભલું[1] થાય અથવા લાંબી દૃષ્ટિ વગરના, નજીવા મૂર્ખ (અને) દ્રવ્યના લોભી મને લોક શાપ ન આપે ? ૪૧.

અથવા કીર્તિ ભલે (પ્રાપ્ત) ન થાય, કયા પ્રકારે (શું કરવાથી) લોક શાપ ન આપે, કારણ કે શાપ (આપવા)નું કારણ વાણીનો દોષ જ છે, પણ બીજું કાંઈ નથી.

ઉત્તરાર્ધથી પોતાના દોષો ગણાવે છે. સ્યમંતકથી અથવા (મારી) વાણીથી (મને) ઈષ્ટ અથવા અનિષ્ટ થશે એવી લાંબી દૃષ્ટિ (મારે) કરવી જોઈતી હતી. તે કરી નહિ, એવો સાત્ત્વિક દોષ (થયો). તે (દોષ થવાનું) પણ કારણ 'નજીવો' વિશેષણથી (કહેલું છે). હું નજીવો રાજસ છું, કારણ કે મોટા પુરુષો ગંભીર[2] હોય છે. વળી (ભગવાનની) પહેલી વાણી (આજ્ઞા)નું ઉલ્લંઘન જ[3] મારો દોષ થયો, તેનું કારણ 'દ્રવ્યનો લોભી' વિશેષણથી કહેલું છે. ૪૧.

એવા ત્રણ દોષો થતાં, કયો ઉપાય (કરવો) એવો વિચાર કરતાં, (દોષનું)

---

*. શ્લોકમાંના 'એવ' 'જ' શબ્દનો અર્થ આથી કહેલો છે. (લે)

૧. 'ભલું' શબ્દથી આભાસમાં કહેલ કીર્તિ જણાવે છે.

૨. 'ગંભીર' એટલે વિચાર કરનારા, ડાહ્યા. આ મૂર્ખથી ઉલટું છે.

૩. ભગવાને યાદવોના રાજા માટે મણિ માગ્યો ત્યારે ન આપ્યો તે.

કારણે બનેલ મણિ જ (ભગવાનને) આપવો એવો (ઉપાય) પોતાને (સત્રાજિતને) સ્ફુર્યો. ત્યારે સૂર્યે (જણાવ્યું) કે મણિ ન આપવો, પરંતુ કન્યા (હરકોઈને) આપવાની છે માટે તે જ આપવી. તે સમયે 'બંને આપવા. તેમ થતાં ભગવાન્ પણ પ્રસન્ન થશે (અને) લોકો પણ નિંદાના વચન બોલશે નહિ' એવો નિશ્ચય કરીને, નીચેના શ્લોકમાં પોતાનો નિર્ણય જણાવે છેઃ

**દાસ્યે દુહિતરં તસ્મૈ સ્ત્રીરત્નં રત્નમેવ ચ ।।**
**ઉપાયોऽયં સમીચીનસ્તસ્ય શાંતિર્ન ચાન્યથા ।।૪૨।।**

તેમને સ્ત્રીઓમાં રત્નરૂપ પુત્રી અને રત્ન પણ આપીશ. આ યોગ્ય ઉપાય છે. તે શાંતિ બીજી રીતે થશે નહિ. ૪૨.

તેમને એટલે પ્રસિદ્ધ શ્રીકૃષ્ણને મારી પુત્રી આપીશ. તે સર્વ પ્રકારે મારી પુત્રીને ગ્રહણ કરશે, તે વિષયનું કારણ 'સ્ત્રીઓમાં રત્નરૂપ' શબ્દથી કહેલું છે. 'જેમ કાયાથી અપરાધ કર્યા પછી પણ જાંબવાન ભગવાનને મણિ અને પુત્રી આપીને કૃતાર્થ થયો, તેમ હું પણ કૃતાર્થ થઈશ' એવા અભિપ્રાયથી 'અને રત્ન પણ' શબ્દો કહેલા છે.

'ભક્તિમાર્ગને અનુસરતો બીજો (કોઈ) ઉપાય કેમ ન કર્યો ?' એવી શંકા થાય, તેથી 'આ યોગ્ય ઉપાય છે' એમ કહેલું છે. આ વિષયમાં વ્યવહારમાં આ જ ઉપાય યોગ્ય છે, કારણ કે (આ ઉપાય વિના) બીજા પ્રકારે તે (અપરાધ)ની શાંતિ થશે નહિ. (આ વિચારથી) તેની અડધી દુષ્ટબુદ્ધિ (જણાય છે). કારણ કે જો ભગવાન્ મણિ ગ્રહણ કરે તો એમ (અપરાધની શાંતિ) થાય; અને સંપૂર્ણ રીતે (ભગવાનનું) શરણ કર્યું નહિ. ૪૨.

તેણે એ પ્રમાણે વિચાર કર્યો એટલું જ નહિ, પણ કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છે.:

**એવં વ્યવસિતો બુધ્યા સત્રાજિત્સ્વસુતાં શુભામ્ ।।**
**મણિં ચ સ્વયમુદ્યમ્ય કૃષ્ણાયોપજહાર હ ।।૪૩।।**

અહો ! બુદ્ધિથી એ પ્રમાણે નિશ્ચય કરીને, સત્રાજિતે પોતે પ્રયાસ કરીને પોતાની સુંદર પુત્રી અને મણિ શ્રીકૃષ્ણને આપ્યાં. ૪૩.

(પોતાની) બુદ્ધિથી જ એ પ્રમાણે નિશ્ચય કર્યો, પરંતુ કોઈને પૂછ્યું નહિ. 'શુભામ્' શુભસ્વરૂપવાળી (સુંદર), વિવાહ માટે શણગારેલી પુત્રીને પોતે શ્રીકૃષ્ણના મહેલે લઈ જઈ, પોતાના દોષ દૂર કરવા સદાનંદરૂપ શ્રીકૃષ્ણને આપી. 'હ' 'અહો !' શબ્દ તેણે એ પ્રમાણે કેમ કર્યું ? એવું આશ્ચર્ય દર્શાવે છે. ૪૩.

પછી નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકોથી એમ કહે છે કે ભગવાને એક (પુત્રી)ને ગ્રહણ કરી, એક (મણિ)ને ગ્રહણ ન કર્યોઃ

**તાં સત્યભામાં ભગવાનુપયેમે યથાવિધિ ।।**
**બહુભિર્યાચિતાં શીલરૂપૌદાર્યગુણાન્વિતામ્ ।।૪૪।।**

બહુ (પુરુષો)એ જેને માટે માગણી કરેલી તેવી, શીલ, રૂપ, ઉદારતા (વિગેરે) ગુણોવાળી તે સત્યભામાને ભગવાન્ વિધિ પ્રમાણે પરણ્યા. ૪૪.

'સત્યેન' સત્યથી જ 'ભાસતે' પ્રકાશે તેવી સત્યરૂપ અને કાંતિરૂપ (સત્યભામા) હતી. જો કે તે (સત્રાજિતે) માત્ર (સત્યભામા) આપી જ હતી, છતાં પણ (ભગવાન્) પોતે (તેને) વિધિ પ્રમાણે પરણ્યા, કારણ કે તેમ ન કરે તો બીજાને પરણાવવા આવતાં તેનો પાત થાય. 'બહુ (પુરુષો)એ જેને માટે માગણી કરેલી તેની' વિશેષણથી તેનું (વિધિ પ્રમાણે પરણાવાનું) કારણ કહેલું છે, કારણ કે પહેલાં બીજાની સાથે તેનું સગપણ કરેલ છે કે નહિ તેવો સંદેહ હતો. તેથી (તે) કજીઆનું ધામ હોવાથી વિધિ પ્રમાણે વિવાહ કરવો જ યોગ્ય હતો. વળી તેનામાં ગુણો પણ હતા એમ 'શીલરૂપ ઉદારતા (વિગેરે) ગુણોવાળી' વિશેષણથી જણાવેલું છે. 'શીલ' એ અંતઃકરણનો ગુણ છે, અથવા ઈન્દ્રિયોનો ક્રિયારૂપ (ગુણ) છે. રૂપ શરીરનો ગુણ છે. ઉદારતા અંતઃકરણનો ગુણ છે. એવી રીતે ઉત્તમ ગુણોવાળી (તે) હતી. ૪૪.

એકનું ગ્રહણ કરીને, ભગવાન્ બીજાને લેવાની ના પાડે છેઃ

**ભગવાનાહ ન મણિં પ્રતીચ્છામો વયં નૃપ ।।**
**તવાસ્તુ દેવભક્તસ્ય વયં ચ ફલભાગિનઃ ।।૪૫।।**

હે રાજા ! ભગવાને કહ્યું કે અમે મણિ લેશું નહિ. દેવના ભક્ત તને તે ભલે રહે, અને અમે ફલ ભોગવશું. ૪૫.

(શ્રીકૃષ્ણ) ઈશ્વર હોવાથી અહિં (તેમની પાસે) સંનિયોગ શિષ્ટનો[૧] નિયમ લાગુ પાડી શકાય નહિ. વિવાહમાં (મારો વિવાહ મારે કોની સાથે કરવો તેમાં) તો હું જ નિર્ણય કરનાર છું, પરંતુ મણિમાં (મણિ લેવો એ વિષયમાં) તો બધાની સંમતિની જરુર છે, તેથી 'અમે મણિ લેશું નહિ' એમ (ભગવાને) કહેલું છે. તેથી (બધાની સંમતિની જરુર હોવાથી) જ 'વયમ્' 'અમે' એમ બહુવચન યોજેલું છે. 'હે રાજા !' એ પરિક્ષિતનું સંબોધન (શુકે કરેલું) છે 'ભગવાને કહ્યું' એ વાક્ય સાથે તેનો સંબંધ છે. પરંતુ ભગવાને જે કહ્યું તેની સાથે (તેનો સંબંધ) નથી. રાજાઓ (ભગવાને બહુવચનના પ્રયોગથી કહ્યું) તે પ્રમાણે કહે છે એમ જણાવવા (એ સંબોધન કરેલું

૧. જે આપવામાં આવે તે બધું લેવું જોઈએ અથવા તે બધું લેવાની ના પાડવી જોઈએ, પણ થોડું લઈ બાકીનું લેવાની ના પાડવી ન જોઈએ, એવો નિયમ હોવાનું જણાય છે.

છે). વળી (તે સત્રાજીતે) બે આપ્યાં, તે પૈકી એક મારું હો અને બીજું તને ભલે રહે એમ 'તને ભલે રહે' શબ્દોથી કહે છે. તેનું કારણ 'દેવના ભક્ત' શબ્દથી કહેલું છે. નહિ તો (તું મણિ નહિ રાખ તો) સૂર્ય (તારા ઉપર) ક્રોધ કરશે, એવો ભાવ છે.

'છતાં પણ આપેલ (મણિ) કેમ તજો છો ?' એવી શંકા થાય, તેથી 'અને અમે ફલ ભોગવશું' શબ્દો યોજેલા છે, મણિનું ફલ અમને પણ મળશે, કારણ કે સાસરાને ઘણું ધન હોય ત્યારે જમાઈ જ તે ભોગવનાર થાય છે. 'ચ' 'અને' શબ્દથી (બીજા) કોઈને (ભોગવનારમાં) ભેળવેલો છે. સત્રાજિતની તો એવી માન્યતા થાય છે કે (ભગવાન્ ધન ભોગવનારમાં) પોતાનો સમાવેશ કરે છે. ભગવાનનો અભિપ્રાય તો અક્રૂરનો (સમાવેશ કરવાનો) છે. તે (અક્રૂર) સાથે પહેલાં તેણે (સત્રાજીતે) કન્યાનું સગપણ કરેલું. (ભગવાન્ કન્યા અને મણિ) બંને લે તો તે (અક્રૂર)ને દુઃખ થાય તેથી ભક્તનું હિત કરવા અને ભક્તિમાર્ગને સત્ય કરવા ભગવાને તેમ કહ્યું, એવો અર્થ છે. ૪૫.

**ઈતિ શ્રીમલ્લક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીભાગવતની સુબોધિનીમાં દશમા સ્કંધના વિવરણમાં ત્રેપનમો ઉત્તરાર્ધનો સાતમો અધ્યાય સમાપ્ત.**

**રાજસ સાધન પ્રકરણ સમાપ્ત.**